સ્વાનુભવ ચિંતન

ચિંતક અને લેખક

શ્રી ફતેહચંદ ઝવેરભાઈ

આશીર્વચન

પૂ. વિદ્વદ્રત્ન મુ. શ્રી ચંદ્રપ્રભસાગરજી (ચિત્રભાનુ)

તથા

દ્વાદશારનયચક્ર મહાન્ ગ્રંથ

સંપાદક

પૂ. મુ. શ્રી જંબૂવિજયજી

આમુખ

સૌજન્યમૂર્તિ શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા

પ્રમુખ

શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ

પ્રકાશક

શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ-મુંબઈ.

ઈ. સ. ૧૯૬૨ વી. સ. ૨૪૮૮ વિ. સં. ૨૦૧૮

મુદ્રક

અંબાલાલ હીરાલાલ પટેલ એન. એમ. પ્રિન્ટિંગ પ્રેસ,

દરિયાપુર ડબગરવાડ, અમદાવાદ ૧



શાહ ઝવેરભાઇ ભાઇચંદ

જન્મ સં ૧૯૨૦
કાર્તિક શુક્લ ત્રયોદશી

સ્વ સં ૧૯૬૭
ફાગણ કૃષ્ણા અષ્ટમી

સમર્પણ

સ્વ પૂ પિતાશ્રીના અમર આત્મા પ્રતિ

આપશ્રી ભૌતિક દૃષ્ટિએ જન્મ આપનાર મારા પિતાશ્રી હતા પરંતુ તે સાથે આધ્યાત્મિક દૃષ્ટિએ મારામાં બાળપણથી ધાર્મિક સંસ્કારો સિંચન કરનાર ધર્મગુરુ પણ હતા તે સંસ્કારો દ્વારા ધાર્મિક દૃષ્ટિએ અનેક લેખોના અને કાવ્યોના યથામતિ લેખક તરીકે, ધાર્મિક પુસ્તકોનાં વાચનને અંગે તેમજ પૂ ગુરુવર્યોના વ્યાખ્યાન શ્રવણને અંગે પ્રગતિ કરી રહ્યો છું તે આપશ્રીએ રોપેલાં બીજોને આભારી છે આપશ્રીનો સુડતાળીશ વર્ષની ઉંમરે સમાધિ મૃત્યુ પૂર્વક સ્વર્ગવાસ થયો વિ સં ૧૯૫૯ માં અનેક દુકાનો સાથે આપણી પણ દુકાન ભયંકર અગ્નિથી ભસ્મીભૂત થવાના સંકટ સમયે જે અદ્ભુત ધૈર્ય રાખી સ્થિતપ્રજ્ઞ રહ્યા હતા સં ૧૯૬૭ વૈ. સુદી ૯મે જીવનની કટોકટીના પળે, અનેક વર્ષોથી અનુગમન કરતા ચોવિહારની ટેવનું પાલન કર્યું હતું —જે દૃષ્ટાંત આપશ્રીની જીવન રેખામાં ભાવનગર શ્રી જૈન આત્માનંદ સભાએ સં ૧૯૭૨ માં પ્રગટ કરેલી છે સં ૧૯૬૭ આ૦ વદી ૮ થયેલા આપના અવસાનને પચાસ વર્ષ થઈ ગયા છે તેની સ્મૃતિ-સૌરભ તરીકે સુવર્ણ મહોત્સવના મંગલમય પ્રસંગે આપશ્રીના અમર આત્મા પ્રતિ પ્રસ્તુત સમર્પણ સાદર કરી ભાવાંજલિ પૂર્વક અર્પણ કૃતાર્થ થઉં છુ

સુવર્ણ વિ સં ૨૦૧૭	ફતેહચંદ ઝવેરભાઈ
આશ્વિન શુક્લ દશમી	ના
(વિજયા દશમી)	આત્મિક નમન

आशीर्वचन

માનવીનું જીવન એટલે અનુભવનો સમૂહ

માનવીનું એટલા માટે

માનવી અનુભવમાંથી કંઈક સુધરી શકે છે મેળવી શકે છે ભૂતોનું પુનરાવર્તન ન થાય એ રીતે એ ઉપર ચડી શકે છે

ત્યારે પશુ અને પંખીઓ માટે એ વાત શક્ય નથી

અનુભવ તો એમને પણ છે ઠોકરો તો એ પણ ખાય છે પણ તેમાંથી તે કંઈ તારવી કે મેળવી ઉપર આવી શકતા નથી એ હતા ત્યાં જ રહે છે

પણ માનવી માટે એમ નથી

દાખલા તરીકે – કાગડો હજારો વર્ષ પહેલાં જે રીતે માળો બાંધતો હતો તે જ રીતે આજે પણ બાંધે છે

પણ માણસ ?

હજાર વર્ષ પહેલાં બાંધતો હતો એવું મકાન આજ નથી બાંધતો

પહેલાં એ ઝુંપડીમાં રહેતો હતો પણ આજે એણે બાંધકામની કળામાં કેવો વિકાસ સાધ્યો કે આજ એઓને આઠ માળનું મકાન બાંધી ગગન સુધીની ઉંચાઈમાં મહાલી શકે છે

ભૌતિક રીતે આમ માનવીએ ઘણું ઘણું મેળવ્યું છે મેળવતો જાય છે

પગે ચાલનારો માનવી યંત્રોની પાંખથી હજારો ફીટની ઉંચાઈએ ગગનમાં ઉડી શકે છે

ધરતી પર ચાલતી સબમરીન દ્વારા માનવી સાગરના પેગળમાં પહોંચી શકે છે

પણ અફસોસ એ છે કે – માનવે માનવ સાથે કેમ જીવવું અને જ્યાં રહે છે ત્યાં સહઅસ્તિત્વની ભાવના કેમ કેળવવી એ માટે એના અનુભવનો જાણે એ ઉપયોગ જ કરતો નથી અને તેથી માનવ આજે વિજ્ઞાન દ્વારા શોધાયેલી શક્તિઓની ટોચે પહોંચવા છતાં જીવનની ભૂમિકામાં તો વામણો માનવ જ છે જાણે આદિ માનવ જ જોઈ લો

એ જ એના રાગ અને એ જ એના દ્વેષ

એ જ એના લોભ અને એ જ એના મોહ

એ જ એનો સ્વાર્થ અને એજ એની શત્રુતા

ભગવાન **શ્રી મહાવીર સ્વામી** જેવા મહાપુરુષોએ મૈત્રી અને પ્રેમની અમૃત–સરિતા વહાવી પણ માનવીએ તો જાણે એમાંથી એક પવાલુ પણ નથી ભર્યું – નથી પીધુ

આજનુ આપણું જીવન જોતાં એમ નથી લાગતું ?

આજે આપણે આપણા જીવનમાં કેટલા ખડા નહીં કર્યાં ? કયા કયા પ્રમાદોથી આપણે આપણા જીવનને નથી છેદ્યુ ?

—દેશના સીમાડાઓથી

—ભાષાના ભેદથી

—જ્ઞાતિના ઘમંડથી

—વાડાઓની વાડથી

—અને સંપ્રદાયની જડતાથી

અને આ માનવ માનવથી વેગળો બન્યો એ નજીક આવવાના બદલે દૂર ગયો

કારણ કે એણે બધુ મેળવ્યુ પણ વિચારોની નિશાળના ન મેળવી. અનુભવમાંથી અનેમાન ન તાર યુ અને દષ્ટિમાં સ્યાદ્વાદનુ અમી ભર્યું અજન ન આજ્યુ અને તેથી તે દેખે છે, પણ એક આખે બેથી નહિ તે સભળે છે પણ એક કાનથી બે થી નહિ એ જીવે છે પણ જ્ઞાન અને ક્રિયાના બે પગથી નહિ, પણ એક પગથી કહો કે જીવનને લકવો તો નથી થયો ને ?

આનો આ રોગનો ઉપાય એક જ છે અને તે ભગવાન શ્રી મહાવીર પ્રભુના ઉપદેશનુ ઔષધ એટને કે એકાંત નહિ પણ અનેકાંત એકાંગી નહિ પણ સર્વાંગી સ્વોપ નહિ પણ સર્વોદય

આ ભાવનાના પાયા ઉપર આપણા જીવનની ઈમારત ચણાય તો જ આપણને જીવનનુ તેજોમય દર્શન લાધે વિશાળતાની ભાવના જાગે પણ આ મેળવવા માટે આપણી આસપાસ જે સકુચિતતાના કોચલા છે તે તોડવા જ પડશે

જેમ ઇડામા રહેતાં પખીને પૂછો કે—જગત્ કેટનુ છે ? તો કહેશે કે ઇડાં જેટનુ

કારણ એના દર્શનની આસપાસ ઈંડાંનુ કોચનુ—આવરણ બનીને ઉભુ છે

કોચનુ તૂટતા માળામાં આવેલા એ જ પખીને પૂછો કે હવે જગત કેટનુ છે ?

તો એ કહેશે કે—માળા જેટનું

પણ એને પાંખો અને આંખો આવતાં—એ જ્યારે ગગનમાં ઉડ્ડયન કરે છે ત્યારે પૂછો કે જગત કેટનુ ?

તો કહેશે કે—અનત અનત અનત

જીવન માટે પણ એમ જ

આપણી આસપાસ – જડતાના કોચલાં છે અને મમતાના માળા છે ત્યાં સુધી અનંતતાનું દર્શન કેમ લાધે?

અનંતતાનું દર્શન લાધે – આંખો અને પાંખોથી

આંખ એટલે અનેકાંત

પાંખ એટલે ચારિત્ર

આવી આંખો અને પાંખોની વાતો – શ્રી ફતેહચંદ દભાઈએ જે પોતાના લાંબા જીવનના અનુભવમાંથી મેળવી અને કેળવી તેનો આ એક સમૃદ્ધ જીંદગીની ત્રણ – ત્રણ પચ્ચીશીઓ પૂરી કરનાર જીવનના લાંબા પથ અને પ્રવાસને કાપનાર, ખાડા અને ટેકરામાંથી પ્રવાસ કરનારની પ્રવાસકક્ષાનો આ એક અનુભવ નિચોડ

આને માટે વધારે કહેવું એના કરતાં વાંચીને માણવું—એમાં વધારે શ્રેય છે

આજ તો એટલું જ ઇચ્છું છું કે —

આ અનુભવની સરિતા'માંથી સૌ પવાલું ભરીને પીધા કરો પોતાના દીર્ઘ જીવનમાં શ્રી ફતેહચંદ દભાઈએ દર્શન જ્ઞાન અને ચારિત્ર સબંધમાં એનાં વિશિષ્ટ કાર્યો કર્યાં છે હજી પણ અનેક શુભ કાર્યો કરવા શ્રી ફતેહચંદ દભાઈ દીર્ઘાયુ થાઓ

મુલુન્ડ
માગશર વદિ ૧૦
શ્રી પાર્શ્વજન્મ કલ્યાણક

મુનિ શ્રી ચંદ્રપ્રભસાગર
[ચિત્રભાનુ]

(२) आशीर्वचन

॥ श्री शंखेश्वरपार्श्वनाथाय नम ॥
॥ सद्गुरुदेव मुनिराज श्री भुवनविजयजी पादपद्मेभ्यो नम ।

ધર્મ એ વિશ્વની સૌથી શ્રેષ્ઠ કળા છે જે મનુષ્ય એ કળાને જીવનમાં ખીલવે છે તેનું જીવન અને મરણ બને ધન્ય બની જાય છે જીવન દરમ્યાન મનુષ્યે એ રીતે જીવવુ જોઈએ કે જગતના કોઈ પણ પ્રાણીઓને એ મન વચન કે કાયા દ્વારા પીડા ન ઉપજાવે અને જગતમાં અનેક રીતે ઉપકારક બનીને જીવે જીવન જીવવાની આ સાચી કળા છે કારણ કે મનુષ્યે જો પોતે સુખી થવુ હોય તો બીજાને પીડા ન ઉપજાવી અને બીજાના હિતમાં-સુખમા સહાયભૂત થવુ એ જ સુખી થવાનો અમોઘ ઉપાય તેજ પ્રમાણે અતસમયે હ્રદયમાં પરમશાંતિ હોય પાછળ સુવાસ પ્રસરે અને પુનર્જન્મમાં આત્મવિકાસની ઉત્તમ સામગ્રીયુક્ત નવજીવન પ્રાપ્ત થાય—એવા પડિતમરણને પ્રાપ્ત કરવુ એ મૃત્યુને ભેટવાની કળા છે ચદન બળે તો પણ પ્રકાશને અને સુવાસને ફેલાવતું જાય છે તેમ આપણું મરણ પણ પ્રેરણાનો પ્રકાશ અને પવિત્રતા તથા સત્કાર્યોની સુગધ પાછળ મૂકતું જાય એવુ બને તો એ ખરેખર પડિતમરણ છે જે માણસ જીવનમાં ધર્મકળાને ખીલવે છે તેજ માણસ જીવી પણ જાણે છે એવા મનુષ્યનુ મૃત્યુ એ ખરેખર ઉચ્ચગામિ નવજીવન જ હોય છે વ્યક્તિનો સમાજનો દેશનો અને વિશ્વનો સર્વાંગીણ અભ્યુદય ધર્મથી જ થાય છે

१

પરમાત્મપદની પ્રાપ્તિ એ ભારતવર્ષના આસ્તિક દર્શનોનો મુખ્ય આદર્શ છે આત્મા જ્યારે પરમાત્મા બને છે ત્યારે એનો સર્વ દુ ખોનો અને અજ્ઞાનનો સર્વથા વિલય થાય છે અને અવ્યાબાધ

અપરિમિત અક્ષય સુખની પ્રાપ્તિ થાય છે આત્માનું સાચુ સ્વરૂપ આ અવસ્થામા જ પ્રગટ થાય છે દુખો અને દુખોનાં સર્વ કારણોમાથી આ સચ્ચિદાનંદ સ્વરૂપ અવસ્થામાં મુક્તિ થતી હોવાને લીધે એને મોક્ષ કહેવામાં આવે છે અને એમાં આત્માનું પરમશ્રેય થતું હોવાથી એને નિઃશ્રેયસ પણ કહેવામાં આવે છ ભારતવર્ષના તત્ત્વજ્ઞાનીઓએ સ્વીકારેલા જે નિઃશ્રેયસ પ્રાપ્તિનો પરમ આદર્શ તે પણ ધર્માચરણથી જ સિદ્ધ થઈ શકે છ

આ પ્રમાણે અભ્યુદય અને નિઃશ્રેયસની (મોક્ષની) પ્રાપ્તિ ધર્મદ્વારા જ થતી હોવાથી 'यतोऽभ्युदयनिःश्रेयससिद्धिः स धर्मः' જેનાથી અભ્યુદય અને નિઃશ્રેયસ-મોક્ષની પ્રાપ્તિ થાય તેનુ નામ ધર્મ એવુ ધર્મનુ લક્ષણ તત્ત્વજ્ઞાનીઓએ સ્વીકાર્યુ છે

ધર્મ અનુયનુ બાહ્ય અને અભ્યતર સમગ્રજીવન એવુ પવિત્ર હોય છે કે એનાથી એ પોતે તો પરમશાન્તિ અને આનંદ અનુભવે છે જ, તે ઉપરાંત એનુ જીવન જગતને અનરાતે ઉપકારક હોવાથી એનુ અસ્તિત્વ પણ જગતને-માટે આશીર્વાદરૂપ થઈ પડે છ અને અનેક રીતે પ્રેરણાદાયક બને છે આથી જ ભારતવર્ષના તત્ત્વચિતકો અને મહાપુરુષોએ ધર્મ ઉપર હમેશા વિશેષ ભાર મૂકયો છે

ધર્મનો પ્રાદુર્ભાવ અતઃકરણમા થાય છે અને પછી વચન અને વર્તન દ્વારા બહાર પ્રગટ થાય છે પરમાત્મપદની પ્રાપ્તિ પણ હૃદયમાં ઉંડા ઉતરવાથી જ થઈ શકે છે तमात्मस्थं येऽनुपश्यन्ति धीरास्तेषां सुखं शाश्वतम् - આત્મામાં જે ધીર પુરુષો પરમાત્માનાં દર્શન કરે છે તેઓ શાશ્વત સુખને પ્રાપ્ત કરે છે" આથી જે મનુષ્ય અતઃકરણમાં પ્રવેશ કરીને એનુ નિરીક્ષણ તથા શુદ્ધિકરણ કરે છે તે મનુષ્ય જ જીવનમાં ધર્મજ્ઞાને યથાર્થરૂપે ખીલવી શકે છે અને અભ્યુદય તથા પરમાત્મપદને પ્રાપ્ત કરી શકે છે

મોક્ષ એ પરમ પુરુષાર્થ છે માટે તેના ઉપાયભૂત ધર્મદ્વારા જીવનનું ઘડતર કરવા માટે પ્રયત્ન પણ પરમ હોવો જોઈએ તે માટે જીવનનું સૂક્ષ્મ નિરીક્ષણ કરવું જોઈએ પરંતુ અનાદિ કાળના મિથ્યા સંસ્કારોથી ભરેલા અંતઃકરણનું આભ્યંતર નિરીક્ષણ કરવું એ એવું અત્યંત અટપટું કામ છે કે હમેશાં એમાં તત્ત્વચિંતકોના માર્ગદર્શનની અપેક્ષા રહે છે જગતના ભલભલા માણસો પણ આ વિષયમાં ભૂલ-થાપ ખાઈ જાય છે શું વિચારવું કેમ વિચારવું શું બોલવું કેમ બોલવું જગતમાં કેમ વર્તવું વગેરે વિષયો બહુ જ વિચારણા માગી લે છે પૂર્વના તત્ત્વચિંતક મહર્ષિઓએ આ વિષયમાં ઘણું ઘણું માર્ગદર્શન આપેલું છે તેમાં પણ વિવેકોની ઘણી જરૂર પડે છે આત્માના બાહ્ય તથા અભ્યંતર જીવનનો વિકાસ અને ઉત્કર્ષ કેમ સધાય એ વિષે પ્રસ્તુત પુસ્તકમાં શ્રી ફતેહચંદભાઈ તરફથી અનેક લેખોમાં ઝીણવટથી વિચારણા કરવામાં આવેલી છે નજીકમાં આત્માનંદ સભા (ભાવનગર) તરફથી પ્રકાશિત થનારા **નયચક્ર મહાશાસ્ત્ર** અંગેની કેટલીક કાર્યવાહીમાં મારું ચિત્ત રોકાયેલું હોવાથી આ પુસ્તક સાદ્યંત વાંચવાનો મને સમય મળ્યો નથી છતાં જે કંઈ મેં વાંચ્યું છે તે ઉપરથી મને આ પુસ્તકનું લખાણ ઘણું ગમ્યું છે જીવનના અનેક પ્રશ્નો વિષે આમાં ચિંતાપૂર્વક વિશદ રીતે વિચારણા કરવામાં આવી છે બાહ્ય અને અભ્યંતર બંને પ્રકારના જીવનના વિકાસ અને ઉત્કર્ષમાં ઉપયોગી થાય એવી અનેક વાતો આ પુસ્તક દ્વારા વાચકોને મળી શકશે **શ્રી આનંદઘનજી** જેવા મહાન આધ્યાત્મિક યોગીશ્વરના કેટલાક પદોને કાવ્યરૂપે સુબોધભાષામાં લેખકે જે ઉતાર્યા છે તે લેખકના કવિત્વ માટે ખરેખર આનંદ ઉપજાવે છે ભાષા પ્રૌઢ છતાં સુગમ છે વિષયોનું પ્રતિપાદન વ્યવસ્થિત વિશદ અને રોચક છે લગભગ ૫૦ વર્ષ પૂર્વે લખેલું

લખાણ પણ તાજું જ લખ્યું હોય એવું જણાય છે લેખક શ્રી ફતેહચંદભાઈ ધંધાદારી વ્યક્તિ હોવા છતાં યે ધંધો કરતાં કરતાં ભર યુવાવસ્થામાં અંતર્મુખ બનીને જે સ ગ વિચારધારાઓ તેમણે રજુ કરી છે તે ખાસ પ્રશંસાપાત્ર છે ભૂતકાળના શ્રાવકો ગૃહસ્થાવસ્થામાં પણ જે આત્મચિંતનપરાયણ રહેતા હતા તેની ઉજ્જવલ પરંપરાનું આ યુગમાં શ્રી ફતેહચંદભાઈ એક ઉદાહરણ પુરું પાડે છે આજે લગભગ સત્તોતેર વર્ષની વયે પણ અનેક ધાર્મિક સંસ્થાઓની સેવા કરવાની તેમની ધગશ અને શારીરિક તથા માનસિક સ્ફુર્તિ યુવાનને પણ શરમાવે તેવાં છે ફતેહચંદભાઈ માત્ર શુષ્ક વિચારક કે શુષ્ક લેખક જ નથી એમણે જીવનમાં કરેલાં સંઘયાત્રા પ્રતિષ્ઠા આદિ અનેકવિધ ધર્મ માર્ગો એમનો વિવિધવિષયક ધાર્મિક અભ્યાસ વગેરે વગેરે જોતાં આપણને સૌને સ્પષ્ટ રીતે એ જણાઈ આવે છે કે, તેઓ શ્રદ્ધા જ્ઞાન અને આચરણ ત્રણેના અનુરાગી શ્રમણોપાસક છે આ લેખોના સંગ્રહદ્વારા અને વિવિધ રીતે ધર્મની સેવા કરવા દ્વારા સ્વ-પર ઉપકાર કરવામાં ફતેહચંદભાઈને ખૂબ ફતેહ મળે-એ જ શુભેચ્છા અને અભિનંદન

વિક્રમ સં ૨ ૧૮ પોષ વદિ ૪ ગુરુવાર શેરીસા તીર્થ	પૂજ્યપાદ ગુરુદેવ મુનિરાજ શ્રી ભુવનવિજયાન્તેવાસી મુનિ જંબૂવિજય

નિવેદન

પ્રસ્તુત મંડળની સં ૧૯૬૫ માં માણસામાં ૨૨ પૂ આ શ્રી બુદ્ધિસાગરજીએ સ્થાપના કરી હતી તેઓશ્રી મહાન, યોગી, પ્રખર વક્તા અને શીઘ્રકવિ હતા તેમનું અખિલ જીવન લોકભોગ્ય વિદ્દભોગ્ય, અને રચનાત્મક સાહિત્યસર્જક તરીકે સુવિખ્યાત છે ત્યાગી અવસ્થામાં એકસો અગીઆર ઉપરાંત ગ્રંથો તેમણે લખ્યા છે લગભગ ૬થ વર્ષ પહેલા પૂ આ શ્રી કીર્તિસાગરજી મુંબઈમાં ચાતુર્માસ હતા ત્યારે લગભગ ચાલીશ હજારનું ભંડોળ તેમની નિશ્રામાં થયું હતું આટલા વર્ષમાં તેમના ગ્રંથો લગભગ છપાઈ ગયા છે કર્મયોગ અને આનંદઘનપ૦ સંગ્રહની લગભગ ત્રણ આવૃત્તિઓ થઈ છે એમની સ્વર્ગારોહણ તિથિ દર વર્ષે ઉત્સવપૂર્વક ઉજવાય છે હાલમાં આ મંડળના પ્રમુખ શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા ઉપપ્રમુખ શ્રી હીરાલાલ જુઠાભાઈ શાહ અને મંત્રીઓ ગૌતમભાઈ એ શાહ B \ I I B રમણલાલ ચીમનલાલ શાહ (પ્રો૦ સેંટ ઝેવીઅર્સ કોલેજ) અને શ્રી જયંતિલાલ લલ્લુભાઈ શાહ છે સ્વ શ્રી લલ્લુભાઈ કરમચંદ અને સ્વ શ્રી મણીલાલ પાદરાકર પ્રથમથી જ મંડળના આત્માઓ હતા હાલમાં નાની ટ્રેક્ટો છપાવવાનું કામ ચાલુ છે જ્ઞાનામૃત અને કર્મયોગ' ની ટીકાનો એક વિભાગ પ્રકાશિત થઈ ગયો છે અને બીજો વિભાગ છપાય છે વિજાપુરમાં સ્વ આચાર્યશ્રીના વિવિધ પુસ્તકો માટેનું સંગ્રહસ્થાન "અધ્યાત્મ ભુવન" તૈયાર થઈ ગયું છે ઉદ્ઘાટન વૈશાખમાસમાં ચાલુ વર્ષમાં થવા સંભવિત છે

ભાઈશ્રી ફૈત્તહચંદ ઝવેરભાઈ બે વર્ષ સુધી ઉપપ્રમુખ હતા અને ત્રણ વર્ષ મંડળના પ્રમુખ હતા તેમાં તેમણે "કર્મયોગ" તથા "આનંદઘનપદ સંગ્રહ"ના વિશાળકાય ગ્રંથોનું સંશોધન

કરી આમુખો લખી આપ્યા છે "આત્મપ્રકાશ" અને "સાંવત્સરિક ક્ષમાપના" તથા પૂ આ શ્રી કીર્તિસાગરજી કૃત આંતરજ્યોતિ ભાગ ૧-૨ અને ભજનપદસંગ્રહ ભાવાર્થની પ્રસ્તાવનાઓ પણ વિદ્વદ્‌ભોગ્ય શૈલીથી તેમણે લખી આપી છે, તેમજ મંડળને માટે અવારનવાર લાઈફ મેમ્બરો, પેટ્રન તથા સીરીઝ માટે આર્થિક સહાય મેળવતા રહ્યા છે—એ તેમની સેવાને લક્ષ્યમાં લઈને પ્રસ્તુત મંડળ પોતાની ફરજ તરીકે તેમના ભાવનગર—આત્માનંદ પ્રકાશમાં ચાલીસ પચાસ વર્ષ પહેલાં આવેલા વિવિધ લેખોનો સંગ્રહ તથા એમના કાવ્યોનું સાદર પ્રકાશન કરે છે

પ્રસ્તુત લેખો પરત્વે પૂ વિદ્વદ્રત્ન પ્રખરવક્તા મુ શ્રી ચંદ્રપ્રભસાગરજી તથા દ્વાદશારનયચક્ર જેવા મહાન્ ગ્રંથના સંપાદક પૂ મુ શ્રી જંબૂવિજયજીના આશીર્વચન શ્રી ફતેહચંદભાઈને મળ્યાં છે તે આ પુસ્તકમાં આપવામાં આવ્યા છે

પ્રસ્તુત પુસ્તકને સ્વાનુભવ-ચિંતન નામ આપવામાં આવ્યું છે તે યથાર્થ છે તેમનું આત્મ-નિદર્શન, તેમનો જીવન-પરિચય તથા અભ્યાસના વિષયો વિગેરેના પરિશિષ્ટો, પાછળ જુદાં આપવામાં આવ્યા છે

વાચકવર્ગ તેનો અવશ્ય લાભ લેશે એવી શુભેચ્છા સાથે વિરમીએ છીએ

મુંબઈ, તા ૧૯-૧૨-૧૯૬૧

વિ સં ૨૦૧૮ શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ

માગશર સુદી ૧૨ સોમવાર

સાહિત્યરસિક સૌજન્યમૂર્તિ

શ્રી ફત્તેહચંદભાઇ

[જીવન – પરિચય]

લેખક – સાહિત્યવારિધિ શતાવધાની પંડિત


શ્રી ધીરજલાલ ટોકરશી શાહ

*

ઉપક્રમ

ગ્રંથની વસ્તુને સારી રીતે સમજવા માટે તેના પ્રારંભે પ્રાક્ કથન, પ્રસ્તાવના, પુરોવચન, ઉપોદ્ઘાત આમુખ આદિ લખવામાં આવે છે આજ રીતે તેના પ્રારંભમાં ગ્રંથ લેખકનો ટુંક જીવન-પરિચય આપવો જોઈએ એમ હું માનુ છુ કારણ કે તેથી ગ્રંથમાં રજૂ થયેલા વિચારો કે અનુભવોનું વાસ્તવિક મૂલ્યાંકન કરવાની પાઠકોને તક મળે છે અને તે એમનાં જીવનમાં-જીવન ઘડતરમાં ઘણી ઉપયોગી નીવડે છે આ કારણે પ્રસ્તુત ગ્રંથના પ્રકાશકો તરફથી તેના પ્રારંભમાં ગ્રંથ લેખક **શ્રી ફત્તેહચંદ ઝવેરભાઇનો** જીવન-પરિચય આપવાનો નિર્ણય લેવાયો તેને હું ઉચિત સમજુ છુ અને તે માટે ગ્રંથ પ્રકાશકોને અભિનંદન આપુ છુ

શ્રી ફત્તેહચંદભાઇને હું વર્ષોથી ઓળખુ છું છેલ્લા બે દશકામાં તો તેમના ગાઢ પરિચયમાં આવવાનો પ્રસંગ પણ સાંપડયો છે તેમની સરલતા, નમ્રતા અને સાહિત્યરસિકતા કોઈને પણ મુગ્ધ કરે એવી છે વળી તેઓ સૌજન્યમૂર્તિ છે અને થોડા પરિચયે પણ મનુષ્યને સ્નેહતંતુથી બાંધી લેવાનું અજબ નૈપુણ્ય ધરાવે છે એટલે 'આ જીવન-પરિચય મારે લખવો' એવો સંસ્થાના કાર્યવાહકો તરફથી



ગ્રથના લેખક

દ ઝવેરભાઇ

પ્રસ્તાવ થયો તેને મે સહર્ષ સ્વીકાર કર્યો અને આ કાર્યમાં પ્રવૃત્ત થયો

જીવન રેખા આલેખવાનુ કાર્ય કેટલાક માને છે તેવુ સરળ નથી જો એમાં માત્ર હકીકતોનો ઢારડો જ રજૂ કરવો હોય તો એ સરલ–સહેલુ બની શકે ખરૂ પણ એવી જીવનરેખાની ઉપયોગિતા શી? જીવન એક મહાન વન સમું છે તેમાં વિવિધ પ્રવૃત્તિઓ રૂપી વિટપો અને વેલીઓ ઉગે છે, વિવિધ ભાવનાઓ રૂપી કળીઓ અને કુસુમો ખીલે છે તથા અનેક રંગી પુરૂષાર્થનાં ઝરણાં દ્રુત–વિલમ્બિત ગતિએ વહે છે લેખકે તેનુ યથાર્થ દર્શન કરવુ જોઈએ અને તેમાં પ્રવર્તી રહેલા સૌંદર્યને સારી રીતે માણવું જોઇએ એમાંથી જે ભાવસંવેદન જાગે તેના આધારે જીવનની વિવિધ રેખાઓને અંકિત કરી એક ભાવપ્રધાન સુલલિત ચિત્ર ખડુ કરવુ જોઇએ શું આ કામ કઠિન નથી?

પરંતુ જ્યાં ઉત્સાહ છે પ્રયત્ન છે, ત્યાં કઠિનતા પોતાની કઠિનતા ત્યજી દે છે અને સરલતામાં પરિણમે છે–આ મારો જાતિ અનુભવ છે એટલે આ જીવન–પરિચયની સામગ્રી મેળવવા માટે મે ઉત્સાહભેર પ્રયત્ન આદર્યો શ્રી ફતેહચંદભાઇએ પોતાનાં જીવનસબંધી કેટલીક ઉપયોગી નોંધો લખી નાખી છે, એ હું જાણતો હતા તેને મે પ્રાપ્ત કરી અને પૂરા પ્રેમથી વાંચી એ નોંધના કાગળો સામાન્ય હતા, પણ તેનાં પર ટપકેલી સામગ્રી ઉચ્ચ કોટિની હતી તેમાં જીવન–ઘડતરનો સુંદર સભાર ભર્યો હતો તેણે મને ખૂબ જ આનંદ આપ્યો અને 'આ જીવન–પરિચયને કંઈક ન્યાય આપી શકીશ' એવી આશાનો દીપ મારા હૃદયમાં પ્રકટ થયો

ત્યાંથી મારી નજર શ્રી પ્રાણજીવનભાઈ હ ગાંધી ઉપર પડી કે જેઓ મુબઈ જૈન ધાર્મિક શિક્ષણસંઘના વર્ષોથી મંત્રી છે

અને બીજી પણ અનેક સસ્થાઓમા પોતાની સેવાઓ આપી રહેલા છે તેઓ શ્રી ફતેહચદભાઇના સારા પરિચયમાં આવેલા છે અને તેમના સાત્વિક સેવાભાવી જીવનથી પ્રભાવિત છે તેમણે શ્રી ફતેહચદભાઈનાં જીવન અંગે કેટલુક ટાંચણ કરી રાખેલુ અને કેટલીક માર્મિક નોંધો પણ કરેલી, વળી તેમના વશનુ એક વૃક્ષ પણ બનાવેલુ તે બધુ મે રસપૂર્વક અવનોકી લીધુ તેણે મારા આશા દીપને વધારે તેજસ્વી બનાવ્યો

આ બાબતમાં હું શ્રી મનસુખલાલ તારાચદ મહેતાને પણ કેમ ભૂલી શકુ ? તેઓ શ્રી ફતેહચદભાઈના ચિરપરિચિત મિત્ર છે, અને તેમના પ્રત્યે ભારે સમાનની લાગણી ધરાવે છે, તેમની સાથેનો પરામર્શ પણ મને આ વિષયમા ઘણો ઉપયોગી નીવડયો

પ્રાપ્ત સામગ્રીથી સતુષ્ટ થતા મે આ વિષય પર ચિંતન કરવા માંડયુ અને એક મગલ પ્રભાતે બ્રાહ્મ મુહૂર્તે શ્રી ફતેહચદભાઈનો જીવન-પરિચય આલેખવાનો આરભ કર્યો તેનુ જે પરિણામ આવ્યું તે પાઠકો સમક્ષ રજૂ થાય છે



જન્મ અને જન્મદાતા

ઉષા દૂર ઊભી મીઠું મીઠુ હસી રહી હતી વાયુ મદ મદ વહી રહ્યો હતો રજનીએ ચતુર્થ પ્રહરમાં પ્રવેશ કર્યો હતો અને તેનો ત્રીજો ભાગ વગાવી દીધો હતો સધળુ શાંત હતું સર્વત્ર નીરવતા છવાઈ રહી હતી એવામાં કાંસાની થાળી રણકવા લાગી એ પાલીતાણાના નગરશેઠ કુટુબમા વાગી રહી હતી અને સહુને પુત્ર જન્મની વધાઈ આપી રહી હતી એ હતી વિ સ ૧૯૪૧ની સાલ એ હતો શરદ ઋતુનો આસો માસ, એ હતી શુક્લ પક્ષની (નવમી,

પર) દશમીની તિથિ વ્યવહારમા એ વિજ્યા દશમીના શુભ દિવસ તરીકે અંકિત થયેલ છે એટલે શ્રી ફતેહચંદભાઇનો જન્મ શુભ અવસરે શુભ દિવસે થયેલો છે

શ્રી ફતેહચંદભાઇનુ દીર્ઘ આયુષ્ય સાત્વિક જીવન અને ધર્મ તથા સાહિત્ય પ્રત્યેનો ગાઢ પ્રેમ જોતાં મારા મનમાં વિકલ્પ ઉઠયો હતો કે આ બધી પૂર્ણાંકની અસરો છે, શું તે જન્મ સમયના વર્ષ માસમાં છૂપાયેલી હશે? અને મારા આશ્ચર્ય વચ્ચે હું જોઈ શક્યો કે એ અસરો તેમા બરાબર છૂપાયેલી છે ૧૯૪૧ નો અંક ૧ + ૯ + ૪ + ૧ = ૧૫ = ૧ + ૫ = ૬ હોઈ તે ૧ + ૨=૩ નો ધડક રજૂ કરે છે આમ ૬ અને ૩ નો ધડક બરાબર ૯ નો અંક રજૂ કરે છે જે પૂર્ણતાનો સૂચક છે

પાલીતાણા શ્રી ફતેહચંદભાઇનુ મોસાળ હતું તેમનુ મૂળ વતન ભાવનગર છે છેલ્લા સૈકામાં ભાવનગરે જૈન સમાજને કેટલીક અગ્રગણ્ય વ્યક્તિઓ આપી તેમાના તેઓ એક છે

તેમના પિતા શ્રી ઝવેરભાઈ ભાઇચંદ વીસાશ્રીમાળી જ્ઞાતીય ભાવનગરના એક આદર્શ જૈન ગૃહસ્થ હતા ત્યાંની શ્રીમદ્ વૃદ્ધિચંદ્રજી જૈન વિદ્યાશાળા અને સામાયિક શાળાને લોકપ્રિય બનાવવામાં તેમણે અગત્યનો ભાગ ભજવ્યો હતો જૈન સૂત્ર-સિદ્ધાંતની સેંકડો ગાથાઓ તેમને કંઠસ્થ હતી અને રોજ પ્રાત કાળમાં તેમાંની અગત્યની ગાથાઓનુ તેઓ સ્મરણ કરતા હતા વળી તેમણે જૈન ધર્મનો મર્મ પ્રકાશતા અનેક ગ્રંથોનુ અવલોકન-અધ્યયન કર્યું હતું અને વ્યાપારમાંથી થોડી પણ ફુરસદ મળે કે સદ્ગ્રંથોનુ વાંચન ચાલુ કરવાની ટેવ પાડી હતી સં ૧૯૭૧માં ભાવનગરની શ્રી જૈન આત્માનંદ સભાએ નવાણુ પ્રમારી પૂજા-અંતર્ગત તેમના જીવનની જે રૂપરેખા રજૂ કરી છે, તે આપણા મન પર ભવ્યતાની છાપ અંકિત

કરે છે અને આપણાં મસ્તકને તેમના પ્રત્યે નમાવી દે છે શ્રી ફતેહચંદભાઇને આ આદર્શ પિતા પામેથી સરકારનો ભ ય વારસો મળ્યો છે જે માટે તેમને ભાગ્યશાળી માનવા જોઇએ, તે સાથે એ નોંધ પણ કરવી જોઇએ કે માતાનુ સુખ તેમના નસીબમાં લખાયેલુ ન હતું માતા ઝબલ બહેન તેમને માત્ર આઠ માસના મૂકી સ્વર્ગે સીધાવી ગયા હતા જેમ સાગરમાં ભરતી અને ઓટ બંને આવે છે અથવા દિવસમાં તડકો અને છાંયો બંને હોય છે, તેમ જીવનમાં પણ સુખ અને દુ ખ બંને હોય છે, તેને સમભાવે વેદી લેવા એ જીવનની સફળતા છે જો સુખમાં છકયા કે દુ ખમાં લથડ્યા તો જીવન નિષ્ફળતાના રંગે રંગાવાનુ—એ નિશ્ચિત છે

પ્રેમની હુંફ

એ વખતે શ્રી ફતેહચંદભાઇના દાદી પ્રેમબા જીવતા હતા તેઓ નામ જેવા ગુણવાળા હતા તેણે શ્રી ફતેહચંદભાઇને ખૂબ મમતાથી ઉછેર્યા અને કદી માતાની ખોટ જણાવા દીધી નહિ. બાર વર્ષ સુધી તેઓ પોતાની પ્રેમભરી હુંફ શ્રી ફતેહચંદભાઇને આપી શક્યા એને પણ આપણે કુદરતનો એક ગૂઢ સંકેત જ સમજવો જોઈએ

બંધુઓ

ઝબલ બહેનનાં સ્વર્ગગમન પછી પછી શ્રી ફતેહચંદભાઇના પિતાશ્રીએ બીજીવાર લગ્ન કર્યાં હતાં પણ એ પત્ની અને તેની પુત્રીઓ અવસાન પામ્યા હતા ત્રીજા લગ્નનુ' પરિણામ પણ આવુ જ આવ્યું હતુ છેવટે તેમણે કમળેજવાળા મહેતા મગનલાલના પુત્રી હેમબા સાથે લગ્ન કર્યાં હતાં તેમનાથી તેમને ત્રણ પુત્રરત્નો પ્રાપ્ત થયાં હતાં (૧) શ્રી જાદવજીભાઇ (૨) શ્રી અનોપચંદ

આંબળતા, ચૂંટી ખણુતા કે સોટીનો ઉપયોગ કરતા પરંતુ શ્રી ફતેહચંદ દેસાઈનો કાન કોઈવાર આમળાયો ન હતો કે તેમને સોટી ખાવાનો પ્રસંગ આવ્યો ન હતો

આ વખતે તેમની જીવનચર્યા કેવી હતી? તેનુ પણ એક આછુ અવલોકન કરી લઈએ સવારે પાંચ વાગે તેમના પિતા શ્રી તેમને નિદ્રામાંથી જાગૃત કરતા અને પોતાની સાથે ગામથી દૂર શૌચક્રિયા માટે લઈ જતા એથી ચાલવાની કસરત થતી ખુલ્લી હવાનો લાભ મળતો પક્ષીઓનો મધુર કલરવ સભળાતો અને કેટલાક ચિરપરિચિત ચહેરા પણ જો । જતા આજના સડાંસો મનુષ્યની સગવડ સાચવે છે પણ તેને આ બધા લાભોથી વચિત રખે છે દરેક સગવડમા લાભની સાથે હાનિ પણ રહેલી છે–એ આપણે ભૂલવાનુ નથી

ઘરે આવીને હાથ-પગ ધોઈને પિતા-પુત્ર બને પૂજા અને અને સામાયિક કરવા દહેરાસર સાથે જતા ભાવનગરના જૈન સમાજમાં તે વખતે ધાર્મિક જ્ઞાન તથા ધાર્મિક અનુષ્ઠાનો માટે અનહદ પ્રેમ હતો અને તે બાળકથી માંડીને વૃદ્ધ સુધી દેખાઈ આવતો હતો તેનુ મુખ્ય કારણ **સામાયિકશાળા** હતી આજે પણ એ સામાયિક શાળા વિદ્યમાન છે અને ત્યાં પુરુષો તથા બાળકો પોતાના નિત્ય નિયમ મુજબ એક બે કે ત્રણ સામાયિકો કરે છે

સામાયિકની મુખ્ય ક્રિયા સ્વાધ્યાય છે તે અહી બરાબર કરાવવામાં આવતી દરેક જણાને તેની શક્તિ મુજબ એક, બે કે ત્રણ સૂત્રોની ગાથાઓ આપવામાં આવતી, તેના અર્થ પણ શીખવાતા અને તે અંગે જે પ્રશ્નો ઉઠે તેનુ સમાધાન પણ કરવામાં આવતુ વધુ અભ્યાસ કરનાર ઓછા અભ્યાસવાળાને શીખવતા અને તેથી પોતાનુ કર્તવ્ય અદા થયુ સમજતા અહી વિદ્યાર્થીની હાજરી

નોધાતી મહિનામાં કેટલો અભ્યાસ થયો તેની નોધ રખાતી સમયે સમયે પરીક્ષાઓ લેવાતી તેમાં આગળ આવનારને ઇનામો અપાતાં અને સર્વ વિદ્યાર્થીઓને ધાર્મિક શિક્ષણના ઉત્તેજનાર્થે પ્રભાવનાઓ અપાતી તથા જમાડવામાં પણ આવતા આથી વિદ્યાર્થીઓને ધાર્મિક શિક્ષણ લેવા માટે હોંશ રહેતી અને વાતાવરણ ઉત્સાહ ભર્યું જણાતું

શ્રી ફત્તેહચંદભાઈએ જ્ઞાનની પરબ સમી આ પાઠશાળાનો યોગ પામીને બાર વર્ષની ઉમર સુધીમાં પંચપ્રતિક્રમણ નવસ્મરણ જીવવિચાર નવતત્ત્વ દંડક અને લઘુસંઘયણી આદિ પાયાની વસ્તુઓ કંઠસ્થ કરી લીધી ત્યાર પછી તેમણે મુનિરાજો આગળ કર્મગ્રંથોનો અભ્યાસ કર્યો શ્રી ફત્તેહચંદભાઈના જીવનમાં ધાર્મિક શિક્ષણ અને સાહિત્ય પ્રત્યે જે અસાધારણ પ્રેમ દેખાય છે, તેનાં મૂળ આ રીતે નખાયા હતાં બાલ્યાવસ્થામાં જે કંઈ વાવ્યું હોય તે જ યુવાનીમાં ઉગે છે અને તેનાં મધુર કે કડવાં ફળો આવે છે

માધ્યમિક શિક્ષણ

આજે જેને માધ્યમિક શિક્ષણ કહેવામાં આવે છે તે શ્રી ફત્તેહચંદભાઈએ પૂરે પૂરું લીધું છે સં ૧૯૫૭ સુધી તેમનો વિદ્યાભ્યાસ ચાલુ રહ્યો હતો અને તેઓ મેટ્રીક સુધી પહોંચ્યા હતા. ત્યાર બાદ તબિયતના કારણે તેમને પોતાનો વિદ્યાભ્યાસ છોડી દેવો પડયો હતો એમ છતાં તેમનો વિદ્યાભ્યાસ અંત તો કદીએ પામ્યો નથી. આજે સત્તોતેર વર્ષની ઉમરે પણ તે એવો ને એવો જ રહ્યો છે તેઓ ઘણી વખત કહે છે કે 'જીવન એ મોટી નિશાળ છે ટેમ્પ રોજે દરેક પ્રસંગે કંઈ ને કંઈ શીખવાનુ હોય છે હું ચોક્કસ વિદ્યાર્થી જ છું અને જીવનની છેલ્લી ઘડી સુધી નિરન્તર માનું છું કેવી નમ્રતા! કેવી નિખાલસતા!

સાંસારિક જીવન

એ જમાનો બાળ લગ્નનો હતો જેમનાં છોકરા છોકરી વહેલા વરે તે વધારે ખાનદાન એવી એ વખતની માન્યતા હતી અને તેથી કેટલાક છોકરા-છોકરીના સગપણ તો પોડિયામાં જ થઈ જતા અને તેઓ તેરચૌદ વર્ષની ઉમરના થાય કે તેમનાં લગ્ન કરી નાખવામાં આવતા આજે આ દેશમાં બાળ લગ્નનો કાયદાથી નિષેધ છે અને લગ્નની વય મર્યાદા વધવા પામી છે હજીએ વય મર્યાદા વધારવાની કોશીશ થઈ રહી છે પણ તેમાં રહેલાં ભય સ્થાનોથી દેશના અગ્રગણ્ય પુરુષો વાકેફ છે એટલે તેમ થવાનુ સંભવિત લાગતું નથી

આ સંયોગોમાં શ્રી ફત્તેહચંદ દલાઈના પ્રથમ લગ્ન જ્યારે તેઓ ચૌદ વર્ષની ઉમરના હતા અને પાંચમી અંગ્રેજીનો અભ્યાસ કરતા હતા, ત્યારે વલભીપુર વાળા મહેતા લલ્લુભાઇ કાલિદાસની પુત્રી કસ્તૂરી બહેન સાથે થયા હતા આ લગ્નજીવનનાં ફળરૂપે તેમને જસુમતી તથા લીલાવતી નામનાં બે પુત્રીરત્નો પ્રાપ્ત થયા હતાં, જે આજે વિદ્યમાન છે તેમાં જશુમતીબહેન જૈન મહિલાઓના ઉદ્ધારની પ્રવૃત્તિમાં સારો રસ દાખવી રહેલ છે શ્રી કસ્તૂર બહેન સં ૧૯૮૩ માં સ્વર્ગે સીધાવ્યા હતા કેટલાક વિષ્ટ પ્રસંગોને લઈ શ્રી ફતેહચંદ દલાઇના બીજા લગ્ન સં ૧૯૬૯ ની સાલમાં ભાવનગરી ફોટોગ્રાફર શ્રી પ્રભુદાસ રામચંદ્રની પુત્રી હરકોર બહેન સાથે થયાં હતાં તેમનાથી હિંમતલાલ નામના એક પુત્રરત્નની અને કુસુમ નામની એક પુત્રીરત્નની પ્રાપ્તી થઈ હતી તે બંને આજે વિદ્યમાન છે અને ... રહેલ છે

શ્રી હિંમતલાલ સ્વ... છે તે મનો મુખ્ય રસ વ્યાપાર ... ભવનવો

અનુભવ લઈને પ્રવર્તિ કરી રહેલ છે દરેક વ્યક્તિને પોતાના સસ્કાર હોય છે પોતાની રુચિ હોય છે અને તે પ્રમાણે જ તેનુ વલણ ઘડાય છે પિતાને જે જે બાબતોમાં રસ હોય તે સઘળી બાબતોમાં પુત્રને પણ રસ હોવો જ જોઇએ એવુ નથી કદાચ રસની સમાનતા હોય તો પણ બન્નેની ધગશ કે આવડત સરખી હોતી નથી અહી પુનર્જન્મના અને કર્મના કાયદાને યાદ કરવો પડે છે

ફત્તેહચદ દલાઇ અજિત તથા મયક નામના બે પુત્રોના તથા સુહાસિની અને ઈંદિરા નામની બે પુત્રીઓના દાદા છે અને તેમનાં શિલ્પ તથા વિમાસમાં સારો રસ લઈ રહ્યા છે

શ્રીમતી હરકોર બહેન મિતભાષી આતિથ્યપ્રેમી અને ખૂબ શાંત સ્વભાવના હતા તેઓ પતિની દીર્ઘ સમય સુધી સેવા કરીને સ ૨૦૧૩ની સાલમાં સ્વર્ગ સીધાવ્યા છે

વ્યાપારી જીવન

શ્રી ફત્તેહચદ દલાઇના પિતાશ્રી પ્રથમ નોકરી કરતા, તે છોડીને તેમણે હિમતથી કાપડના ધધામાં ઝુકાવ્યુ અને સ્વાશ્રય--પ્રમાણિકતા તથા ખલમનસાઈ વગેરે ગુણોથી થોડા જ વખતમાં તેની સારી જમાવટ કરવામાં સફળ થયા તેમનુ નામ આખાયે સૌરાષ્ટ્રમાં જાણીતુ થયુ અને અમદાવાદ સુરત તથા મુબઈ જેવા વ્યાપારી કેન્દ્રોમાં પણ પહોચ્યુ આ ધધાથી તેઓએ પૈસા કમાયા અને ધીમે ધીમે ઉન્નત સ્થિતિએ પહોંચ્યા

ફત્તેહચદ દલાઇ વિદ્યાભ્યાસ છોડીને સ ૧૯૫૭ની સાલમાં દુકાને બેઠા અને ધધાની તાલીમ લેવા લાગ્યા જ્યાં બુદ્ધિની ચપળતા છે, કામ કરવાનો ઉત્સાહ છે અને આગળ વધવાની નમના

છે ત્યાં કોઈ કામ અઘરૂં કે અશક્ય લાગતું નથી શ્રી ફત્તેહચંદ ભાઈને આ ધંધામાં રસ પડવા લાગ્યો અને થોડા વખતમાં તેની સારી જાણકારી કરી લીધી પણ એવામાં એક ગમખ્વાર બનાવ બન્યો ભાવનગરની કાપડબજારમાં મોટી આગ લાગી અને ઝવેરભાઇ ભાઇચંદની કાપડની દુકાન પણ તેમાં સપડાઈ ગઈ એ વખતે આગ ઓલવવાનાં આવાં ઝડપી સાધનો ન હતાં એટલે આવા પ્રચંડ આગોને ઓલવવાનું કામ ઘણું અઘરું હતું પરંતુ લોકોના અદમ્ય ઉત્સાહ અને પ્રશંસનીય સહકારથી તે પાર પડ્યું

ઝવેરભાઇ ઘણા હિંમતવાન અને સાહસિક હતા તેમણે આ હિંમત અને સાહસ વૃત્તિનો ઉપયોગ કરીને પેઢીના ચોપડા બચાવી લીધા શ્રી ફત્તેહચંદભાઈએ એ કામમાં મદદ કરી હતી જીવનમાં આફતો આવે છે અને તે અણધારી આવે છે પણ એ વખતે હિંમત હારે નહિ, બુદ્ધિ સ્વસ્થ રાખે અને આત્મા પર શ્રદ્ધા રાખીને સામનો કરે તો તેમાં સફળ થાય છે આ આફતથી ઝવેરભાઇ નાસીપાસ ન થયા તેમણે ખૂબ હિંમત રાખી કામ લીધું અને બે વર્ષ સુધી સતત મહેનત કરતાં થયેલી નુકશાનીની કળ વળી ગઈ

શ્રી ફત્તેહચંદભાઇ ધીમે ધીમે આ ધંધામાં નિપુણ થયા અને તેમણે પિતાના સ્કંધ પરથી જવાબદારીનો ઘણોખરો બોજો ઉઠાવી લીધો સં ૧૯૬૭ના શ્રાવણ વદી ૮ ને રોજ તેમના પિતાશ્રીનો દેહાંત થયા પછી એ પેઢીનો સઘળો ભાર તેમના માથે આવ્યો અને તે એમણે બરાબર ઉપાડયો

સં ૧૯૬૯ માં સહકુટુંબ શ્રી કેસરિયાજી વગેરે તીર્થસ્થાનોની યાત્રા કર્યા પછી તેમણે મુંબઈમાં આ જ ધંધાની શરૂઆત કરી અને રેશમી કાપડના એક જાણીતા વ્યાપારી તરીકેનું સ્થાન પ્રાપ્ત કર્યું સં ૧૯૮૬માં ભાઇઓએ મઝિયારો વહેંચી લેતાં મુંબઈની દુકાન

તેમના ભાગમાં આવી અને યાગથી તેઓ ફ્તેહચંદ ઝવેરભાઇના નામથી ધંધો કરવા લાગ્યા અને હમણાં જ તેમાથી નિવૃત્ત થયા છે હવે તેઓ પોતાનો બધો સમય મુખ્યવે ધર્મધ્યાન તથા સમાજસેવામાં ગાળે છે

શ્રી ફતેહચંદભાઇના વ્યાપારી જીવનની મારા મન પર જે છાપ પડી છે, તે પણ મારે અહીં વ્યક્ત કરવી જોઇએ

વ્યાપારીઓમા પ્રાય ધનની મૂર્ચ્છા હોય છે તેથી તેઓ અનેક પ્રકારની સાહસભરી યોજનાઓ ઘડે છે અને તેને પાર પાડવા માટે ધમાલ કરે છે શ્રી ફતેહચંદભાઇના જીવનમાં મે આવી ધન મૂર્ચ્છા જોઇ નથી અને તેમણે કોઇ સાહસભરી યોજનાઓ ઘડી હોય એવુ જાણ્યુ નથી ધમાલ તેમના સ્વભાવથી વિરુદ્ધ છે તેઓ દરેક કામ શાંતિથી કરવામા માને છે અને કામ ગમે તેવુ મોટું હોય તો પણ તેઓ એજ એ રીતે જ પાર પાડે છે

શ્રી ફતેહચંદભાઇની માતબારેદી પરની દુકાને જવાના પ્રસંગો મારે અનેક વખત આવતા ત્યાં હું જ્યારે જતો ત્યારે મોટા ભાગે તેઓ કોઇ લેખ લખવામાં પુસ્તકોનાં પ્રૂફો જોવામાં કોઇના તરફથી આવેલા જ્ઞાનગર્ભિત પત્રો વાચવામા કે કોઇ મિત્રો અથવા સસ્થાના કાયવાહકો સાથે સમાજ-સાહિત્યવિષયક કથા ગોષ્ઠી કરી રહેલા જોતો ત્યારે મને એમ થતુ કે કુદરતની કંઈક ભૂલ થઇ છે તેણે બ્રાહ્મણ સ્વભાવને વાણિયાનો દેહ પહેરાવી દીધો છે આમને તો વ્યાપારના થડે બેસાડવાને બદલે કોઇ ગુરુકુળનાં કુલપતિ સ્થાને કે કોઇ પ્રચારક સસ્થાના નિયામકસ્થાને જ બેસાડી દેવા જોઇતા હતા

શ્રી ફતેહચંદભાઇએ વ્યાપારી જીવનમાં એકધારી સફળતા જ અનુભવી છે એવુ નથી તેમને કપરી કસોટીમાથી પસાર થવાના

પ્રસંગો પણ આવ્યા છે પરંતુ એ બધા પ્રસંગોમાં તેમણે મનનું સ્વાસ્થ્ય જાળવી રાખ્યું છે અને ધૈર્યનો લોપ થવા દીધો નથી, જે પ્રસંગોમાં બીજાને અનિદ્રાનો રોગ થઇ જાય-એ પ્રસંગોમાં પણ તેઓ શાંતિથી ઊંઘી શકયા છે

મારે કહેવું જોઇએ કે શ્રી ફતેહચંદભાઇએ જૈન ધર્મના કર્મવાદને તેના સાચા સ્વરૂપે જાણ્યો અને પોતાના જીવનમાં આચર્યો છે તેમણે સંપત્તિના સમયમાં અભિમાન કે સંકટના સમયમાં નાસી ભાગી અનુભવી નથી સર્વ અવસ્થાને કર્મજનિત માની પોતાની પ્રવૃત્તિ અંતર્મુખ રાખી છે બીજા શબ્દોમાં કહેવું હોય તો એમ પણ કહી શકાય કે ભગવદ્ગીતામા સ્થિતપ્રજ્ઞનું જે વર્ણન કર્યું છે, તે શ્રી ફતેહચંદભાઇમાં બરાબર જોવામાં આવે છે આવા એક સ્થિતપ્રજ્ઞ પુરુષને મિત્ર તરીકે પ્રાપ્ત કરતાં કોને આનંદ ન થાય ? તાત્પર્ય કે તેમને મળતાં મને હમેશાં આનંદ જ થયો છે

ધાર્મિક જીવન

શ્રી ફતેહચંદભાઇમાં ધર્મભાવના બાલ્યવયથી જ હતી ધર્મપરાયણ પિતાના યોગે એ વૃદ્ધિ પામી અને ત્યારબાદ અનેક મુનિરાજોના સત્સંગ-સમાગમમાં આવતા તેમાં ઘણો ઉમેરો થયો પ્રસિદ્ધ આચાર્યો અને મુનિવરોમા ભાગ્યે જ કોઇ એવું હશે કે જેમનો સમાગમ શ્રી ફતેહચંદભાઇએ કર્યો નહિ હોય ઉપરાંત તેમણે ધાર્મિક અભ્યાસ અને સદ્ગ્રંથોનું વાંચન ચાલુ રાખ્યાં તથા મિત્રો-દોસ્તદારો પણ એવા જ કર્યા કે જેમને ધર્મ અને ધાર્મિક સંસ્થાઓમાં ઘણો રસ હતો તે પણ તેમની ધર્મભાવનાનો સુંદર વિકાસ થવામાં ઉપકારક નીવડયો

શ્રી ફતેહચંદભાઇ માત્ર જ્ઞાન કે માત્ર ક્રિયામાં નહિ પણ ઉભયમાં માનનારા છે એટલે તેમણે ધર્મનો ઊંડો બોધ પ્રાપ્ત કરવા

ઉપરાંત ક્રિયાઓમાં પણ સારો રસ દાખવ્યો છે જિનપૂજા, સામા
યિક નમસ્કાર મંત્રનો જપ એ તેમની ચાલુ ક્રિયાઓ છે મોટી
પર્વતિથિએ તેઓ તપ કરે છે અને નાના મોટા અનેક નિયમોથી
યુક્ત છે અંતિમ સમય સુધી ધર્મભાવના જળવાઈ રહે એ એમના
જીવનની મોટી ઉમેદ છે જે પાર પડશે જ એમાં મને શંકા નથી
પિતાજી પાસે તેમના અવસાન પહેલાં છેલ્લાં ત્રણ માસ સુધી એમણે
સ્તવનો પદો સઝાયો તેમની સમક્ષ વાંચી બનાવ્યાં હતાં તેમાં તેમની
ધર્મભાવના તથા તેમના પ્રત્યેની ઉત્કટ બંને વસ્તુનાં દર્શન ભક્તિએ
થાય છે

તેમના પિતાશ્રી કેવા સરકારી અને ધર્મપ્રિય હતા તે તેમણે
પોતાની નોંધપોથીમાં **શ્રી ફુલેહચંદભાઈ** માટે લખેલા નિમ્ન
શબ્દોથી જણાઈ આવે છે

મારો અને તમારો સમાગમ પૂર્વભવજનિત સ્નેહ સંબંધથી
થયેલો છે હું ચારગતિમાથી કઈ ગતિમાંથી આવ્યો હોઈશ અને
તમો કઈ ગતિમાંથી આવ્યા હશો એ જ્ઞાની સિવાય ચોક્કસ થઈ
શકે તેમ નથી જ પરંતુ એટલું તો ચોક્કસ છે કે જેમ પક્ષીઓ
જુદી જુદી દિશામાંથી સાંજે એક વૃક્ષ ઉપર એકઠાં થાય છે રાતે
સહુ ભેગા રહે છે અને સવાર થતાં જુદી જુદી દિશામાં ઉડી જાય
છે પછી તેમનો સંયોગ કાળાંતરે નિમિત્ત હોય તો થાય છે તેમ
મારી સ્થિતિ અને તમારી સ્થિતિ પણ તેવી જ સમજવાની છે હું
અહીંથી કઈ ગતિમાં જઈશ તેની ખબર નથી તો પણ મારા વડે
આચરણ કરાયેલા ધર્મનો પ્રભાવ હશે તો સારી ગતિ મળશે,
પરંતુ તમો મારા પ્રત્યે સ્નેહભાવ તજી દેજો કેમકે સર્વ જીવો સ્વ
કર્મવશ હોવાથી ચૌદ રાજલોકમાં ભમે છે મારો અને તમારો જ્યાં
સુધી સાંસારિક સંબંધ હતો ત્યાં સુધી સાથે રહ્યા, સંબંધ પૂરતાં

સહુ સહુના માર્ગે ચાલ્યા જાય તેમ હું પણ મારાં શુભાશુભ કર્મને અનુસાર, ચાલ્યો જઉં છું તમારે મારા નિમિત્તે કંઈ પણ દિલગિરી કરવી નહિ જો કે શોકસ્થાના અંગે એકદમ મસ્તક ઉપર મોટો ભાર પડે છે તમો સમજુ હોવાથી દિલગીરી લાગશે, પરંતુ જ્ઞાનદૃષ્ટિ વાપરી દિલગીરી દૂર કરજો કારણ કે હું તમોને યોગીઓ રમતા મૂકી પરલોક જતો નથી તમારે માટે હવે લઘુ બંધુઓને સાચવવાની ફરજો નિર્માણ થઇ ચૂકી છે, તમારે મારા સ્થૂળ દેહનું સ્મરણ નહિ કરતા યથાશક્તિ મે સારું કામ કર્યું છે, તે ઉપર લક્ષ્ય રાખી પોતાની શક્તિવડે મારા કરતા વિશેષ પ્રમાણમા કરવા મારી તમોને ખાસ ભલામણ છે

તમારા નાના ત્રણ બંધુઓને ખબર પડવી ન જોઇએ કે આપણા પિતાજીનો અભાવ છે એવી રીતે તેમની સાથે વર્તવું હું તમો સર્વની સાથે સંબંધ મૂકી મારા વડે થયેલી પુણ્યકરણી વડે મને અન્ય જન્મમા ધર્મ પ્રાપ્ત થાઓ—આ સિવાય અન્ય ઇચ્છતો નથી તમારે હિંમત રાખી આ સર્વ કામ ઉપાડી લેવાના છે "

' મારે સિદ્ધાચળનો સંઘ છ—રી પાળતો કાઢવાની ઇચ્છા હતી તે મારા શરીરની આ સ્થિતિ થવાથી મારા ભાગ્યમાં પૂર્ણ થવાની નહિ હોય તેમ મને લાગે છે તો મારી ઉમેદ મારા અભાવે પણ તમો જેમ બને તેમ વેલાસર પૂર્ણ કરજો અને હું અત્યારથી તે ઉત્તમ પુણ્યપ્રાપ્ય સ્થિતિની અનુમોદના કરી સતોષ માનુ છુ '

આ ચરિત્ર મે આત્માનંદસભા તરફથી પ્રગટ થયેલ નવાણું પ્રકારી પૂજા-અંતર્ગત શ્રીયુત ઝવેરભાઇ ભાઇચંદની જીવન રેખ માંથી નકલ્યું છ

શ્રી ફતેહચંદભાઇએ તેમના પિતાશ્રીના સ્વર્ગવાસ નિમિત્તે સં ૧૯૬૮માં ભાવનગર ખાતે અઠ્ઠાઈ મહોત્સવ કર્યો હતો અને

નવકારસીનુ સ્વામી વાત્સલ્ય પણ કર્યું હતુ વળી પિતાશ્રીની અધૂરી રહેલી ઈચ્છા પૂર્ણ કરવા ભાવનગરથી છ-રી પાળતો શ્રી સિદ્ધાચળજીનો સઘ પણ કાઢ્યો હતો આ સઘમાં આશરે તેરસો માણસોએ ભાગ લીધો હતો ઉપરાંત પૂ. વીરવિજયજી ઉપાધ્યાય પ શ્રી દાનવિજયજી મહારાજ, પૂ શ્રી પ્રેમવિજયજી મહારાજ પૂ મુનિશ્રી રામભદ્રવિજયજી વગેરે મુનિગણો તથા સાધ્વી સમુદાય મળી આશરે પચોતેર ઠાણાં સાથે હતા ગણો મુકામે પૂજામાં પૂ ઉપા શ્રી વીરવિજયજી મહારાજે પૂજાનુ એક પદ આરોહ-અવરોહમાં અધા કલાક સુધી મધુર કઠે ગાયુ હતુ, તેથી આખો સઘ અતિ પ્રભાવિત થયો હતો પાલીતાણામા શેઠ આણદજી કલ્યાણજી તરફથી ભવ્ય સામૈયુ થયુ હતું આ વખતે પાલીતાણામા તેમના વીશ જેટલા આડતિયાઓ હતા તેમણે તથા બીજા વ્યાપારીઓએ કીનખાબ મોળિયા ગજિયાણીઓ વાસણો વગેરેના તોરણો કમાનો અને ધ્વજાની ઠેર ઠેર સજાવટ કરીને આ સઘનુ બહુમાન કર્યું હતું સિદ્ધગિરિજી ઉપર ઉલ્લાસ પૂર્વક રથ-યાત્રા-પૂજા કર્યા બાદ પૂ ઉપા શ્રી વીરવિજયજી તથા પ શ્રી દાનવિજયજી મહારાજની નિશ્રામાં શ્રી ફતેહચદભાઇ તથા તેમના કુટુબીજનોને તીર્થમાળ પહેરાવવામાં આવી હતી પાલીતાણામાં તેમના તરફથી નવકારસી સઘ જમણ થયુ હતું એટલે શ્રી ફતેહચદભાઇએ તેમનાં જીવનમાં સઘવી બનવાનો લ્હાવો પણ લીધેલો છે

સ ૧૯૭૪માં શ્રી ફતેહચદભાઇના લઘુબધુ શ્રી જાદવજી-ભાઇના લગ્ન પ્રસગે હાથી ઉપર પ્રભુજીને પધરાવી વરઘોડો કાઢવામાં આવ્યો હતો અને સ ૧૯૮૧માં શ્રી ચીમનલાલભાઇના લગ્ન પ્રસગે અઠ્ઠાઈ મહોત્સવ મેરુ પર્વતની રચના શાતિસ્નાત્ર આદિ ધર્મ કાર્યો કરવામા આવ્યાં હતાં અને નવપદની પૂજાના અર્થો

વાનુ પુસ્તક તેમના તરફથી શ્રી જૈન આત્માનંદ સભા- ભાવનગર દ્વારા પ્રકટ થયું હતું

આ શુભ પ્રસંગે પાનીતાણાથી પૂ પ શ્રી ભક્તિવિજયજી (રાધનપુરવાળા) લગભગ એકવીસ સાધુઓ સાથે તથા પૂ દર્શનવિજયજી-ત્રિપુટીએ ખાસ ઉત્સવમાં ભાગ લેવા માટે તેમ જ શાંતિસ્નાત્ર ભણાવવા માટે ભાવનગરમાં પધારવા કૃપા કરી હતી

સ ૧૯૯૨માં તેમના પુત્ર શ્રી હિંમતલાલના લગ્નપ્રસંગે વીશસ્થાનક પદ પૂજા-અર્થ સાથેનુ પ્રકાશન કરવામાં આવ્યું હતુ અને ત્યારબા૦ શ્રીવિજયકેસરસૂરિજી રચિત 'આત્મવિશુદ્ધિ' નામના ગ્રથનુ પ્રકાશન પણ તેમના તરફથી થયુ હતુ

શ્રી ફતેહચંદ દભાઈએ શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર, જૈન ધાર્મિક શિક્ષણસઘ મુબઈ શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મડળ તથા બીજી પણ અનેક સસ્થાઓને માટે ફડાગો એકત્ર કરી આપવામાં ઘણો ઉત્સાહભર્યો પરિશ્રમ કર્યો છે તે હૃદયસરોવરમાં ધર્મભાવનાનો નિર્મલ સ્રોત પરિસ્ફુટ થયા વિના કેમ બની શકે?

આજે આટલી પાકટ વયે પણ ધાર્મિક પ્રસગો અને ઉત્સવ મહોત્સવોમા તેમની હાજરી અવશ્ય હોય છે અને કોઈ વિદ્વાન મુનિવર-આચાર્યનુ વ્યાખ્યાન હોય તો તેમાં ઉપસ્થિત થવાનું પણ તેઓ ભાગ્યે જ ચૂકે છે

શ્રી ફતેહચંદભાઇનુ આ ધર્મપરાયણ જીવન શું આપણા બધાને માટે બોધરૂપ નથી?

સામાજિક સેવા

સામાજિક સેવાનુ ક્ષેત્ર ઘણુ કઠિન છે તેમાં પ્રશસા થવાને બદલે નિંદા કે ટીકા થવાનો સભવ અધિક હોય છે ગમે તેવી

અને તેનુ કામ કરવા તત્પર થઈ જાય છે જો તેને કોઈને ત્યાં લઈ જવાની જરૂર હોય તો સાથે જાય છે અને ભલામણપત્ર લખી આપવાની જરૂર હોય તો ભલામણ પત્ર લખી આપે છે કદી સલાહ કે આશ્વાસનની જરૂર હોય તો તેઓ સલાહ અને આશ્વાસન આપે છે અને થોડા પૈસે તેમા કામ થતુ હોય તો મજવામાંગી પૈસા કાઢીને આપતા પણ અચકાતા નથી સસ્થાઓનાં કામ પણ તે આગ્રહી જ હોવાથી કરે છે અને તેની સભાઓ કે તેનાં સમેલનને પ્રમુખ–યોજના–નાણાં જે કોઈ વસ્તુની જરૂર હોય તે લાવી આપે છે

ઘણા માણસો અન્ય સેવાઓ આપવા તયાર હોય છે, પણ કોઈને ત્યા ફંડફાળા માટે સાથે જવાનુ પસદ કરતા નથી વધારે સ્પષ્ટ કહીએ તો ચોકખી ના પાડે છે પરતુ શ્રી કુન્તેયદભાઈને એ બાબતનો કટાળો નથી તે ફંડફાળા માટે સામાજિક કાર્ય કર્તાઓની સાથે જાય છે અને પોતાની બહોળી લાગવગનો ઉપયોગ કરી તેને એ પૈસા જરૂર અપાવે છે નોંધપાત્ર તો એ છે કે આ કાર્ય માટે કદી ચાર દાદરની ચડ ઉતર કરવી હોય તો પણ તેઓ ના પાડતા નથી અને અને એ પરિશ્રમ હોંશે હોંશે ઉઠાવે છે

તેઓ શ્રી જૈનશ્વે એજ્યુકેશન બોર્ડ કે જેની સ્થાપનાની શરૂઆતમાં પરીક્ષા આપી એકનાળીશ રૂપીઆનુ ઈનામ તેમણે મેળવ્યુ હતુ–તેના તથા ધાર્મિક શિક્ષણ સઘ શ્રી મહાવીર જૈન વિદ્યાલય મુબઈ વગેરે તરફથી લેવાતી ધાર્મિક પરીક્ષાના અનેક વર્ષોથી પ્રશ્નપત્રો કાઢે છે અને તેના ઉત્તરો પણ વાંચે છે વળી નિબધલેખન અગે હરિફાઈ હોય તો પણ લાગ ભાગે પરીક્ષા સમિતિમાં તેમનુ નામ જોવામાં આવે છે અને તેઓ એને ન્યાય આપે છે

આવી વ્યાપક સેવા કરનારનુ જાહેરમાં બહુમાન થવુ જોઈતું હતુ તે હજી જન સમાજ તરફથી થયુ નથી એને હું જૈન સમાજની

કાર્યકર્તાઓ તરફની એક અક્ષમ્ય ઉપેક્ષા સમજું છું જીવતા માણસની કદર કરવી અને મર્યા પછી આંસુ સારવાં એ કંઈ ડહાપણ ભરેલું કામ નથી કેમકે માટે તો આંસુ સારવાનું પણ બનતું નથી એ જોઈને હૃદય કમકમે છે જેમણે પરદેશમાં જઈ જૈન ધર્મનો ડંકો વગાડ્યો, જેમણે જીવનભર સાહિત્યની ઉપાસના કરી સમાજને સદ્‌વિચારો આપ્યા અને એ રીતે તેની ઉન્નતિમાટે પ્રયાસો કર્યા, જેમણે જૈન શાસનની પ્રભાવના કરવા માટે પોતાની તમામ શક્તિઓ તેને ચરણે ધરી દીધી તેના કુટુંબનું શું થશે તેમના બાળબચ્ચાંઓની શી હાલત થઈ? તે જાણવાની પણ આપણા સમાજે દરકાર કરી નથી પરિણામે આજે કાર્યકર્તાઓને ધોળે દિવસે મશાલ લઈને શોધવા પડે છે અને તેમ છતાં તેઓ હાથ લાગતા નથી! શ્રી ફતેહચંદભાઈએ અંગત રીતે કદી માનની દરકાર કરી નથી કે ભવિષ્યમાં તેમને માન આપવા માટેનો આ આડકતરો પ્રસ્તાવ નથી, પણ માત્ર હૃદય આ સ્થિતિ જોઈને રડે છે અને તેથી જ સજળ નયને ધ્રુજતા હાથે આ શબ્દો હું લખી રહ્યો છું

શ્રી ફતેહચંદભાઈએ ટ્રસ્ટી તરીકે પણ કામ કર્યું છે જેમાં વારૈયા ધરમશી ઝવેરભાઈ તથા શ્રીમતી મણિબહેન નાનાલાલ હરિચંદ ટ્રસ્ટ વગેરે મુખ્ય છે

સાહિત્યસેવા

શ્રી ફતેહચંદભાઈએ સાહિત્યના ક્ષેત્રે પણ સારી સેવા કરી છે તેમણે કોઈ મહાન ગ્રંથો આપ્યા નથી, પણ મહાન ગ્રંથોનો અભ્યાસ કરીને તથા તેના પર ચિંતન-મનન કરીને જે અનુભવ મેળવ્યો તેની પ્રસાદી આપી છે આ પ્રસાદી આત્માનંદ પ્રકાશ તથા અન્ય સામયિકોમાં સમયે સમયે પીરસાતી રહી છે, આત્માનંદ

પ્રકાશમાં નૂતન વર્ષનું મંગળમયવિધાન તેઓ વર્ષો સુધી લખતા રહ્યા હતા અને તે ઘણું લોકપ્રિય નીવડયું હતું

જૈનજ્યોતિ શિક્ષણાંક, શ્રી વિજયાનંદ અંક, શ્રી આત્મારામજી શતાબ્દિ અંક, શ્રી યશોવિજયજી સ્મારક ગ્રંથ, શ્રી વલ્લભ સ્મારક અંક, શ્રી દેવાનંદ અંક, શ્રી યતીન્દ્રસૂરિ અભિનંદન ગ્રંથ, શ્રી વિજયવલ્લભસૂરિ સ્મારક કલ્યાણાંક-વગેરે કૃતિઓ તેમના ચિંતન-મનનપૂર્ણ લેખોથી અલંકૃત છે

વળી તેમણે નાની મોટી અનેક કૃતિઓ પર પ્રસ્તાવનાઓ લખેલી છે જે આ પુસ્તકના પરિશિષ્ટમાં આપેલી છે

મારો અનુભવ એવો છે કે કોઈ લેખક કે પ્રકાશકને પ્રસ્તાવ નાની ભીડ પડી તો એ શ્રી ફતેહચંદભાઈ પાસે આવે અને તે એની ભીડ જરૂર ભાગે આ રીતે તેમને ભીડભંજન કહીએ તો પણ કંઈ ખોટું નથી

શ્રી ફતેહચંદ ભાઈના લેખો તો માસિક વગેરેમાં નાનપણથી જ મારા જોવામાં આવતા અને તેઓ જૈન સમાજના એક સારા વિદ્વાન છે એમ હું જાણતો હતો પરંતુ તેઓ કવિતા પણ રચતા અને માસિકોમાં પ્રકટ થતી એ વાત તો મેં હમણાં જ જાણી અને તેથી મારા આનંદમાં ઘણો વધારો થયો સાહિત્યની વાટિકામાં અપ્રતિમપણે વિચરનાર કાવ્યનો આસ્વાદ લીધા વિના કેમ રહી શકે? કવિતા એ હૃદયનું સત્વ છે અંતરનું નવનીત છે અને તે વિરલ પુરુષોને જ પ્રાપ્ત થાય છે જોડકણાં જોડનારા તો આ જગતમાં ઘણા છે પણ કલ્પનાની પાંખે ઉડી નવા નવા ભાવપ્રદેશોને સ્પર્શ કરનારા અને શબ્દસાહિત્યને સાચવી ઉપમાઓને વાણીમાં વણી લેનારા વિરલ છે

કાવ્યોમાં છંદોબદ્ધ રચના કરવાનું કામ કઠિન છે અને તેમાં પણ વર્ણમેળનું કામ અધિક કઠિન છે તે શ્રી ફતેહચંદભાઈએ કરેલું છે તેમનાં કાવ્યોમાં શાર્દૂલવિક્રીડિત, મંદાક્રાન્તા, શિખરિણી, અને તોટક જેવા-વર્ણમેળ છંદો દેખાય છે માત્રામેળમાં તેમની પસંદગી હરિગીત છંદ પર વધારે હોય તેમ દેખાય છે જો કે તેમણે ઝૂલણા ગઝલ વગેરેમાં પણ હાથ અજમાવેલો છે પરંતુ આ કાવ્યોની સંખ્યા અધિક નથી તેનું કારણ એ છે કે તેમણે સં ૧૯૭૭ સુધીમાં જ કાવ્યો લખ્યાં અને પછી ગમે તે કારણે એ પ્રવૃત્તિ છોડી દીધી તેમના મનના વિચારો સર્વાંશે આધ્યાત્મિક જ રહ્યા છે એટલે તેમનું આન્તરિક વલણ હમેશાં અધ્યાત્મ તરફ જ રહેતું રહેતું—એની આપણને પ્રતીતિ થાય છે

શ્રી ફતેહચંદભાઈના લેખો અને કાવ્યો વાચકો આ પુસ્તકમાં વાંચી શકશે અને તે વિષે પોતાનો અભિપ્રાય બાંધી શકશે, એટલે અહીં તેની આલોચના કરવાનું ઈષ્ટ માન્યું નથી આમ છતાં એટલું જણાવીશ કે આ લેખો તથા કાવ્યો શાંત ચિત્તે પુનઃ પુનઃ વાંચવા વિચારવા જેવા છે અને તત્ત્વને આપણા જીવનનું અમૃત માનતા હોઈએ તો એ અમૃતને આપનારાં છે

શરીર સ્વાસ્થ્ય

શ્રી ફતેહચંદભાઈ આજે ૭૭ વર્ષની પાકી વયે પહોંચ્યા છે તેમની આ દીર્ઘ આયુષ્યની યાત્રા તેમના સંયમી સંતોષી અને નિયમિત જીવનમાં રહેલી છે છેલ્લાં પચીસ વર્ષથી તેઓ શીર્ષાસન વિગેરે આસનો પ્રાણાયામ વગેરે ક્રિયાઓ નિયમિત કરે છે તેથી બિમાર ભાગ્યે જ પડે છે અને કદાચ બિમાર પડવાનો પ્રસંગ આવે તો પણ તેમાંથી જલ્દી સાજા થઈ જાય છે સં ૨૦૧૭ સાલમાં પર્વાધિરાજ પર્યુષણની આરાધનામાં અઠ્ઠમ તપની આરાધના

પછી, તેઓ બિમાર પડી ગયા હતા, ત્યારે ઘણાને એમ લાગ્યુ હ
કે તેઓની માંદગી ગભીર નીવડશે પણ તેમાંથી તેઓ થોડા
દિવસમાં મુક્ત થઈ ગયા હતા

ઉપસંહાર

મનુષ્ય માત્ર ગુણદોષના સયુક્તપણાથી જોડાયલા હોય છે ગુણે અને તેમાં ખાસ કરી તે અનુકરણીય ગુણો વિશાળ પ્રમાણમાં દેખ એવી વ્યક્તિનો જીવન પરિચય સમાજ સમક્ષ મુકાય-તે ઉચિત હોઈ ને શ્રી દુલેહચંદભાઈનો જીવન પરિચય તટસ્થ દૃષ્ટિએ આલેખ્યો છે

શ્રી દુલેહચંદભાઈને મે સાહિત્ય રસિક અને સૌજન્યમૂર્તિ કહ્યા છે તે પ્રાધાન્ય ગુણોની અપેક્ષાએ છે બાકી તેમનામાં સત્યપ્રેમ નમ્રતા સરલતા ઉદારતા સહનશીલતા, સેવાપરાયણતા આદિ અનેક ગુણોનો વિકાસ થયેલો છે અને તે જ એમના જીવનને ઉજ્જવલ તથા આદર્શ બનાવી રહેલ છે આવા ગુણમૂર્તિ દુલેહચંદભાઈ શતાયુ બનો અને શેષ જીવનમાં તેમનામાં દર્શન-જ્ઞાન-ચારિત્રની ત્રિપુટીનો વધારે પ્રભાવ થાઓ, એટલુ ઇચ્છી આ જીવન-પરિચય સમાપ્ત કરુ છુ

વિ સ ૨૦૧૮ તા ૧૦-૨-૧૯૬૨
વસંત પંચમી,
જુન્નાર

आमुख

શ્રી સ્નેહચંદ ઝવેરભાઈએ, આજથી લગભગ પચાસ વરસો પહેલાં લખેલા અભ્યાસ અને અનુભવપૂર્ણ લેખોનો સંગ્રહ 'અનુભવ ચિંતન' નામનો પ્રગટ થાય છે. 'અનુભવ ચિંતન' એ જોકે ભારેખમ અને જવાબદારી ભર્યું મથાળું છે પરન્તુ આ બધા લેખો વાંચ્યા પછી, વાંચનારને એમ જરૂર લાગશે કે આ પુસ્તકનું આવું નામ યથાર્થ છે કારણ કે અનુભવ, અભ્યાસ, અને ચિંતન વિના આવા લેખો લખી શકાય જ નહીં

પ્રથમ દૃષ્ટિએ કોઈને એમ સ્વાભાવિક શંકા થાય કે, જ્યારે જગતમાં છેલ્લા પચાસ વરસોમાં મહાન ક્રાંતિકારક ફેરફારો થઈ ગયા છે, ત્યારે આ જુના લેખોનો સંગ્રહ પ્રગટ કરવાથી આજની પ્રજાને તેમાંથી મેળવવા જેવું શું મળી શકે? પરન્તુ આ બધા લેખો વાંચ્યા પછી આવી શંકાને સ્થાન રહેશે નહીં, કારણ કે આ લેખોમાં જે વિચારો દર્શાવવામાં આવ્યા છે તે આજથી લગભગ પચાસ વરસો પહેલાં લખાયેલા હોવા છતાં વર્તમાન કાળની પ્રજા માટે આ લેખો તે વખતની દુનિયાના માનવીઓ કરતાં પણ વધુ ઉપયોગી અને સમજવા જેવા છે. લેખકે દીર્ઘદૃષ્ટિ પૂર્વક ભવિષ્યમાં ઉત્પન્ન થવાની પરિસ્થિતિનો ગંભીરતા પૂર્વક ખ્યાલ કરીને જ એ જમાનામાં આ બધા લેખો લખ્યા છે અને આચાર્ય મહારાજ સાહેબો તેમજ તે જમાનાના જ્ઞાની પુરુષોની સાથેના વિચાર વિનિમય પછી વિવેક દૃષ્ટિએ આ બધા લેખો લખેલા છે, અને તેમાં અનુમાન, તર્ક, કલ્પના કે શ્રદ્ધા કરતાં નરી વાસ્તવિકતાને જ પ્રધાનતા આપવામાં આવ્યું છે

આધ્યાત્મિક અને ભૌતિક એ માનવ જીવનના મહત્ત્વનાં મુખ્ય બે પાસાં છે ધર્મશાસ્ત્રો કહે છે કે બધી યોનિઓમાં માનવયોનિ મળવી એ અતિ દુર્લભ છે, પણ સાથે સાથ એમ પણ કહે છે કે માનવ યોનિમા ઉત્પન્ન થયા પછી જો માનવતા પ્રાપ્ત ન કરી શકા તો માનવ ભવ એળે ગયો કહેવાય માનવીની મહાનમાં મહાન જો કોઈ સિદ્ધિ હોય તો તે માનવતાની પ્રાપ્તિ છે ચિત્તની શુદ્ધિ અને સદ્‌ગુણોની વૃદ્ધિ એ માનવતાનો પાયો છે, અને આ પુસ્તકમાંના લગભગ તમામ લેખો લેખકે આ મહત્ત્વની બાબત પર પોતાનું લક્ષ રાખીને જ લખ્યાં છે—એમ આ બધા લેખો વાંચ્યા પછી લાગ્યા વિના રહેતું નથી

બાલ્યાવસ્થા યૌવન અવસ્થા, પ્રૌઢ અવસ્થા, વૃદ્ધાવસ્થા તેમજ જીવનના વિધ વિધ વિભાગો જેવા કે માનસિક, આધ્યાત્મિક તેમજ શારીરિક અવસ્થા સબધે આ બધા લેખોમાં મનન અને ચિંતન પૂર્વકના વિચારો દાખલા દલીલો સાથે સમજાવવામા આવ્યા છે, અને માનવ જાતિનો ઉત્કર્ષ અને ઉન્નતિ સાધવામાં આ બધા લેખો અનેક રીતે ઉપયોગી થઈ પડશે—એવી છાપ મારા ઉપર પડી છે

આ પુસ્તક અંદિના મહત્ત્વના લેખો વિષે આમ કહી શકાય.—

'પવિત્ર જીવન અને તેની પ્રતિજ્ઞાઓ' ના પ્રથમ લેખમાં પવિત્ર અને નિર્મળ જીવન જીવવા માટેનું સુંદર માર્ગદર્શન આપવામાં આવ્યું છે જીવનમાં જેમ શરીર શુદ્ધિ અને આંતરિક શુદ્ધિ જરૂરી છે તે જ રીતે, અર્થ શુદ્ધિની પણ તેટલી જ મહત્ત્વતા છે અર્થ શુદ્ધિ વિના કેવળ શરીર શુદ્ધિ કે આંતરિક શુદ્ધિની શક્યતા પણ નથી આજે જગતમાં પૈસા વધ્યા છે વૈભવ અને વિલાસના સાધનો વધ્યાં છે, વિજ્ઞાનના કારણે જાત જાતની શોધો થઈ છે પરંતુ તેમ છતાં જગતની આજની પ્રજામાં એકંદરે તો શાંતિને બદલે અશાંતિ

જ વધતી રહી છે આનુ એક મૂળ કારણ અર્થની અશુદ્ધિ છે બુદ્ધિનો વિકાસ એ સારી વસ્તુ છે, પરન્તુ બુદ્ધિના વિકાસના મૂળમાં જો નીતિ –પ્રામાણિકતાનુ તત્ત્વ પાયારૂપે ન હોય તો એ બુદ્ધિ માનવ જાતનો વિકાસ કરવાને બદલે પતનનુ કારણ બને છે શ્રીમદ્ હરિભદ્ર સૂરિજીએ તેથી સાચુ જ કહ્યુ છે કે ''न्यायोपार्जित वित्त समय लोक हितायतन् '

'મનુષ્ય જીવનનો દૃષ્ટિકોણ ' ના લેખમાં સારા વિચારોની મહત્ત્વતા તેમજ વિચારને અનુરૂપ આચાર હોવાની જરૂરિયાત વિષે સમજાવવામાં આવ્યુ છે જેના વિચાર ભ્રષ્ટ હોય તેના આચાર ભ્રષ્ટ થતાં વાર લાગતી નથી શરીર પરના મેલને જેમ આપણે રોજ દૂર કરીએ છીએ, તેમ મલિન વિચાર આવે કે તુરત વિદાય આપવી જોઈએ

'સાત્ત્વિકી વૃત્તિનુ ઝરણ ' માં સમજાવવામાં આવ્યુ છે કે પ્રકૃતિથી ઉદ્ભવતી સાત્ત્વિક રાજસી અને તામસી વૃત્તિઓનો આધાર મુખ્યત્વે ખોરાક સ્થાન અને સગતિ પર અવલબે છે આ ઉપરથી તીર્થયાત્રા, સારા પુસ્તકોનુ વાચન તેમજ સાધુ સતોના પરિચયને જીવનમા કેટલુ ઉચ્ચ સ્થાન હોવુ જોઈએ તે હકીકત સમજી શકાય છે

'માનસ કેળવણીનું સસ્કૃત સ્વરૂપ શુ ?' આ લેખ વાસ્તવિક રીતે અભ્યાસપૂર્ણ એક નિબધ છે માનવી અને પ્રાણી વચ્ચે એક મહત્ત્વનો ભેદ છે અને તે બન્નેની વિચારશક્તિ સ્વાવે ને છે પ્રાણીઓને જ્યારે પોતાની પ્રેરણા અને પ્રકૃતિને આધીન રહી વર્તન કરવાનુ હોય છે, ત્યારે માનવી પોતાની પ્રેરણા અને પ્રકૃતિનુ સસ્કારી સ્વરૂપમાં રૂપાંતર કરવાની શક્તિ અને મનોબળ

धरावे છે આ કારણે માનવી વિચારશક્તિ દ્વારા પોતાની આધ્યા ત્મિક ઉન્નતિ સાધી શકે છે ત્યારે અન્ય પ્રાણીઓની સામનમાં આ વસ્તુ શક્ય નથી ગૃહમસ્મર, સત્સંગ, પુસ્તકોનો પરિચય શ્રદ્ધા, મન સંયમ અને સદ્વિચારોનું પરિશીલન–આ બધા માનસિક કેળવણીના મુખ્ય અંગો છે લેખકે આ નિબંધમાં સાચુ જ કહ્યું છે કે 'માનસિક ખીલવણી એ રોટના ખાખરા, રોટની અમર બાટી નથી પરન્તુ લોગના કેળવાઈને થયેલા ખાજા અથવા સુરમુ છે'

'પ્રભુ પૂજન જેવા ઉત્તમ પ્રસંગે એકાગ્રમનાની શૂન્યતા હોવામાં ઇષ્ટ પ્રાપ્તિ સંભવિત છે?' આ લેખમાં જ્ઞાન અને ક્રિયાનુ મહત્ત્વ સમજાવી પ્રભુ પૂજન કેવા પ્રકારે કેવા પ્રકારે કેવી શાન્તિ અને ચિત્ત સ્થૈર્યથી કરવુ જોઈએ એ હકિકત સમજાવવામાં આવી છે

આ સંબંધમાં શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિએ કલ્યાણ મંદિર સ્તોત્રના એક શ્લોકમાં બહુ સુંદર વાત કહેતાં કહ્યુ છે કે

આકર્ણિતોऽપિ મહિતોऽપિ નિરીક્ષિતોऽપિ
નૂનં ન ચેતસિ મયા વિધૃતોऽસિ ભક્ત્યા
જાતોऽસ્મિ તેન જનબાન્ધવ! દુઃખ પાત્રં
યસ્માત્ક્રિયા પ્રતિફલન્તિ ન ભાવ શૂન્યા

અર્થાત્ હે પ્રભુ! મે તમને સાંભળ્યા પણ છે તમોને પૂજ્યા પણ છે તમને દેખ્યા પણ છે પરંતુ ભક્તિ વડે તમો મારા ચિત્તમાં નિશ્ચયે ધારણ કરાયેલા નથી અને તે જ કારણ માટે હે જગતના બાન્ધવ! હું દુઃખનુ પાત્ર થયો છુ, કારણ કે ભાવ રહિત ક્રિયાઓ ફલ આપી શકતી નથી

'આહાર વિશુદ્ધિમાં જીવન પ્રવાહ' લેખમાં કહેવામાં

આવ્યું છે કે જૈન દર્શન પ્રવૃત્તિ માત્રને વ્યવહાર કહે છે પ્રવૃત્તિના મૂળ બે વિભાગો છે—શુભ અને અશુભ

માનવીએ પ્રયત્ન પૂર્વક પોતાના અશુભ વિચારોનું શુદ્ધિકરણ કરી તેને શુભ માર્ગે દોરવવા જોઈએ જીવનમાં આથી વધુ બીજું કોઈ મહાન કર્તવ્ય નથી નિદ્રા, પ્રયત્ન અને ભક્તિના માર્ગે, માણસ અશુભ વિચારોમાથી મુક્ત બની શુભ માર્ગે જઈ શકે છે અને આ રીતે શુભ માર્ગે જવું એ જ વ્યવહાર વિશુદ્ધિનો મુખ્ય હેતુ છે જીવન શુદ્ધિ કે જીવનની સાચી સફળતાનો મુખ્ય આધાર તો વિશુદ્ધ વ્યવહાર ઉપર અવલંબે છે વ્યવહાર શુદ્ધિ અને જીવન શુદ્ધિ વચ્ચે કોઈ જ ફરક નથી કારણ કે માનવીનું જીવન આખરે તો નાનાં મોટાં કાર્યોનું જ બનેલું હોય છે

'વિવેક બુદ્ધિનો વિનિપાત' આ લેખ આજની જનતા માટે બહુ મહત્ત્વનો અને ઉપયોગી છે નાની પુરુષોએ વિવેકને મુક્તિનુ મૂળ કહ્યું છે મહર્ષિ ભર્તૃહરિએ પણ કહ્યું છે કે વિવેક ભ્રષ્ટાનાં ભવતિ વિનિપાત શતમુખ—અર્થાત્ વિવેક ભ્રષ્ટ માનવીનું અનેક રીતે પતન થાય છે

વિવેક દષ્ટિ એટલે ગુણગ્રાહી દષ્ટિ ગુણગ્રાહી દષ્ટિવાળા [illegible] સર્વ માનવીમાં સર્વ પ્રાણીઓમાં કાંઈને કાંઈ ગુણો જ દેખે [illegible] જીમાં એક કહેવત છે કે Beauty lies partly in [illegible] sees in it આપણા કવિઓએ પણ આવા પ્રકારનું [illegible] કહ્યું છે કે 'સૌ ધર્મ પ્રાપ્ત કરતાં પહેલાં સૌ ધર્મ [illegible] શ્રીકૃષ્ણે એક સભામાં એક વખતે યુધિષ્ઠિર અને [illegible] આ સભામાં કેટલા ગુણી જનો અને કેટલા દુષ્ટ [illegible] યુધિષ્ઠિરે ચારે તરફ દષ્ટિ ફેરવી જવાબ આપ્યો [illegible] જ માણસો ગુણીજનો છે ત્યારે દુર્યોધને [illegible]

કહ્યું આ સભામાં બધા જ દુષ્ટ જનો છે વિવેક અને વિવેકભ્રષ્ટ દૃષ્ટિ વચ્ચે આવો જ ભે૦ રહેલો છે

'નિઃસ્વાર્થ વૃત્તિ કેની હોઇ શકે ?' એક પ્રાણી પોતાના પૌદ્‌ગલિક સર્વ લાભોની પરહિતયજ્ઞની વેદિકા ઉપર આહુતિ આપી જગતનું કલ્યાણ થાય એવી પવિત્ર ભાવના પૂર્વક જીવન જીવે, અને સતત જાગૃત રહી આજ ધ્યેયને પોતાની સમક્ષ રાખી સર્વ કાર્યો કરે, તો તે સાચી નિઃસ્વાર્થ વૃત્તિ છે જીવનના સાક્ષાત્કારનો પણ આજ અર્થ છે દર્શનની ભાષામાં આને આત્મૌપમ્ય કહેવાય. વિશ્વાત્મૈક્યનો અર્થ પણ આવો જ છ આવા ધ્યેયયુક્ત જીવનમાં 'પર' જેવો શબ્દ હોતો નથી, કારણ કે એને તો ભૂતમાત્રમાં આત્મ વત્ બુદ્ધિ હોય છે માતા પોતાના બાળક ખાતર પોતાની ભૂખ તરસ ભૂલી જાય છે અને તેમ છતાં તેને માત્ર આનંદનો જ અનુભવ થાય છે આમ કરવામાં તેને પોતાને બાળક અર્થે પરોપકાર કરે છે તેવું નથી લાગતું કારણ કે આ તો તેની સ્વાભાવિક વૃત્તિ છે જગતના જીવો માત્ર પરત્વે આવી સ્વાભાવિક દૃષ્ટિ કેળવાય ત્યારે તેની વૃત્તિને શુદ્ધ નિઃસ્વાર્થ વૃત્તિ કહેવાય

'સમયોચિત સેવા' સેવાના વિવિધ પ્રકારોમાં વડીલ જનો તરફ પૂજ્ય બુદ્ધિ સમોવડીયા તરફ સમાન ભાવ ગુણી જનો તરફ પક્ષપાત અને દુઃખી જનો તરફ અનુકંપાનો સમાવેશ થાય છે જીવનમાં ત્યાગ અપનાવ્યા સિવાય સેવા વૃત્તિનો ગુણ પ્રાપ્ત થઈ શકતો નથી માનવ જીવનમાં ભૌતિક તેમજ આત્મિક સુખનો આધાર પિતૃજન સેવા ગુરુ સેવા શાસ્ત્ર સેવા, સમાજ સેવા, તેમજ આત્મ સેવા પર અવલંબે છે સેવાના આવા પવિત્ર આદર્શ અર્થે વારંવાર ગંભીર તત્ત્વોનું ચિંતન કરવું પ્રત્યેક શુભ વિચારને આચારમાં મૂકવા, ઉદારચરિત મનુષ્યોનો સમાગમ કરવો, તેમજ કથાનુયોગના ઉત્તમ

ચરિત્રોનુ વાચન કરવુ એ આ લેખનો મુખ્ય સાર છે

'દિવ્ય ભાવના બળ' દાન, શીલ, તપ અને ભાવના રૂપ ધર્મના અગોમાં ભાવનાની મહત્ત્વતા સૌથી અધિક છે, અને તેથી જ કહેવામા આવ્યુ છે કે 'ભાવના ભવનાશિની'—ભાવના બળનુ મૂળ તત્ત્વ શ્રદ્ધા છે, પરતુ શ્રદ્ધા સમજણ પૂર્વકની અને જ્ઞાનયુક્ત હોવી જોઇએ ભાવનામાંથી વિચાર આકાર લે છે, વિચારમાંથી વાણી પ્રગટે છે, અને વાણીમાંથી વર્તન નીપજે છે આ રીતે ઉચ્ચ આચાર અને ઉચ્ચ ભાવના વચ્ચે અવિચ્છિન્ન સબધ હોવાનુ આ લેખમા સમજાવવામાં આવ્યુ છે

'સમાજજીવનનુ અધ પતન' લગભગ અર્ધી સદી પહેલાં લખાયેલા આ લેખને વાંચતાં તે કેમ જાણે વર્તમાનકાળની પ્રજાને માર્ગદર્શન આપવા અર્થે ન લખાયો હોય તેવુ લાગે છે

વર્તમાનકાળમાં પ્રજાનો મોટો વર્ગ દુ ખ અને વ્યાધિના વમળમાં સપડાયલો જોવામાં આવે છે તેનુ મુખ્ય કારણ પશ્ચિમના વૈભવ, વિલાસ અને મોજનુ આંધળુ અનુકરણ છે ભૌતિક સુખના અનેક સાધનો વધ્યા છે અને હજુ વધી રહ્યાં છે, પરતુ અનુભવમાં તો આ બધા સાધનો સુખ અને શાંતિ વધારવાને બદલે દુ ખ અને સતાપ વધારતાં જોવામાં આવે છે આ પરિસ્થિતિ માટે સાધનો ખરાબ છે એમ કહેવાનો આશય નથી, પરન્તુ માનવીની અજ્ઞાનતાને કારણે આ પરિસ્થિતિ સર્જાયેલી છે, અને તેથી જ સુખ-શાતિ અર્થે ઉભા કરાયેલાં સાધનો પરિણામે દુ ખનાં નિમિત્તરૂપ બની ગયા છે

વિજ્ઞાને સાબિત કર્યુ છે કે શારીરિક રોગોના મૂળમાં પ્રાય માનસિક બિમારી જવાબદાર હોય છે માનસિક બિમારીના મૂળ

નરવો માનવીની અજ્ઞાનતામાંથી આકાર ધારણ કરે છે. 'આપણી' પ્રજાએ પોતાની હાજતો અને જરૂરિયાતોનું પ્રમાણ એકદમ વધારી દીધું છે અને જીવન ધોરણ ઊંચું લાવવાના 'ભ્રમજનક' વિચારોના કારણે માનવીને શાની જરૂર છે એ વિષે 'કોઈ વિચાર કરતું' નથી. જગતના બધા દેશોમાં અમેરિકા સૌથી વધુ સમૃદ્ધ ગણાય છે, પરંતુ વસતિના પ્રમાણમાં 'ગાંડા લોકોની સંખ્યા' 'ત્યાં' સૌથી વધારે છે. અંગ્રેજીમાં એક કહેવત છે કે 'The less I have the more I am' એનો તાત્ત્વિક 'અર્થ' એવો 'થાય છે' કે માણસને જેટલી જરૂરિયાતો ઓછી, તેટલા પ્રમાણમાં તેનું સુખ પણ અધિક. અભ્યાસ અને ચિંતનથી આપણે આપણી હાજતો ઘટાડી શકીએ છીએ અને જેટલા પ્રમાણમાં હાજતો ઓછી થશે, તેટલા પ્રમાણના સુખનો અનુભવ પણ અધિક થશે. માણસની પાસે જેમ અધિક ધન અને વૈભવના વિપુલ સાધનો, તેમ તેનું આંતરિક જીવન દુઃખમય સમજવું. શહેરો તેમજ ગામડાઓમાં, ડૉક્ટરોને જો પુછવામાં આવે છે કે તેઓના દરદીઓની વધુ સંખ્યા ધનવાનોની છે કે શ્રમ કરનાર માણસોની છે? તો આ કથનની સત્યતા સમજી શકાશે.

આજે અનીતિ, અસત્યના ભેળસેળ, કાળાબજારો અને લાંચ રૂશ્વતો વધ્યા છે, અને પ્લેગ રૂપી આ ચેપી રોગના જંતુઓ માત્ર શહેરો કે પ્રજાના અમુક વર્ગમાં નહીં પણ સર્વત્ર ફેલાઈ ગયાં છે. સમાજજીવનના આવા અધઃપતનના મૂળમાં જીવન પ્રત્યેની આપણી દોષિત દૃષ્ટિ જવાબદાર છે. ત્યાગ, તપ અને સંયમના માર્ગે જીવનમાં શાંતિ પ્રાપ્ત થાય છે, જ્યારે ભોગ વિલાસ અને વૈભવના કારણોથી જીવનમાં અશાંતિ ઉત્પન્ન થાય છે. લોકો આ હકીકત સમજતા હોવા છતાં તેને અનુરૂપ આચરણ કરતાં નથી અને પરિણામે જગતમાં સર્વત્ર અશાંતિ અને ક્લેશનું વાતાવરણ જોવામાં આવે છે.

'પવિત્ર અધિવાસન'—દુઃખમાં પણ પ્રસન્નતાનો અનુભવ કરવો અને સુખને સમાન દૃષ્ટિએ મધ્યસ્થ પણે વેદવું, એ માર્ગનો જ્ઞાનીઓએ પ્રબોધેલો ઉત્તમ ઉપદેશ આ લેખમાં સમજાવવામાં આવ્યો છે

'ભૌતિક જીવનમાં ઉદ્યમને જ સર્વ સ્થિતિનો નિયંતા માનનારાઓ પોતાની માન્યતામાં કેવી ભૂલ કરે છે?' આ લેખમાં જૈન દર્શનના કાર્ય-કારણ સિદ્ધાંતની સમજણ આપવામાં આવી છે દરેક કાર્યનો આધાર કાળ સ્વભાવ નિયતિ ઉદ્યમ અર્થાત્ પુરુષાર્થ અને કર્મ પર અવલંબે છે અલબત્ત, આ તમામ કારણોમાં પુરુષાર્થની મુખ્ય મહત્ત્વતા તો છે જ પરંતુ પુરુષાર્થની સાથોસાથ સ્થિતિની પરિપક્વતા તેમજ સંભારની યોગ્યતા પરત્વે દુર્લક્ષ આપવું ન જોઈએ સમજણપૂર્વકના પુરુષાર્થ વડે જ કાર્યની સિદ્ધિ થાય છે

'સુખદુઃખની ઘટનાથી ઘડાતું જીવન' લેખમાં સુખ દુઃખ એ વેદનીય કર્મના અણુઓના બે જુદાં જુદાં સ્વરૂપો હોવાનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે સુખ દુઃખની અસરોને નિર્માલ્ય ગણી તે તરફ મધ્યસ્થ દૃષ્ટિ રાખીએ તો જ આત્માનો સંપૂર્ણ વિકાસ શક્ય બને

'વિશ્વની વિચિત્ર ઘટનાઓ' કાર્ય અને કારણની સંકલના જે સમજી શકે છે તેને મન આ વિશ્વની કોઈ પણ ઘટના ચમત્કાર કે વિચિત્રરૂપે નહિ લાગે શરીરબળ મનોબળ અને ચારિત્રબળ કેળવવાથી વિશ્વની વિચિત્ર ઘટનાઓ વિચિત્ર ન રહેતાં સામાન્ય બની જાય છે

'કાળ અને આત્માનુ બળાબળ ' ત્રણે જગતના પ્રાણી પદાર્થોની વ્યવસ્થા સમજવાને માટે કાળની કલ્પના થયેલી છે પ્રાણી માત્રને કાળના નિયમને આધીન રહેવુ પડે છે, એટલુ જ નહી પરંતુ કાર્ય કારણના નિયમને આધીન રહેના જગતની પ્રત્યેક વસ્તુની પણ કાળથી જ મપાય છે

'જીવન અને મૃત્યુ'—મૃત્યુના બે પ્રકારો છે, એક બાળ મૃત્યુ અને બીજુ પંડિત મૃત્યુ પશુજીવન ગાળી દેહ પ્રાણથી વિમુક્ત થવુ એ બાળ મૃત્યુ છે જ્યારે આધ્યાત્મિક જીવન જીવતાં બાહ્ય પ્રાણનો ત્યાગ થવો એ પંડિત મૃત્યુ છે માનવીનુ સ્થૂળ શરીર નાશવત છે, પરંતુ પ્રત્યેક માનવની માનવતા તો આ જગતમાં અમર રહે છે જગતમાં થઈ ગયેલાં મહાન પુરુષો સ્થૂળ દૃષ્ટિએ આપણી સાથે નથી, પરન્તુ તેઓ પોતાના ગુણો વડે આજે પણ આપણી વચ્ચે જીવન્ત છે જીવન જીવવુ એ પણ એક કળા છે, જેણે આ કળા જાણી તેના માટે તો મૃત્યુ એ સત્કાર કરવા લાયક અતિથિ છે

'સાધનો અને આદર્શ'—ધાર્મિક ક્રિયાઓ જેવી કે પ્રભુપૂજન, સામાયિક પ્રતિક્રમણ તીર્થયાત્રા, તપશ્ચર્યા ઉપધાન જીવનમાં જરૂરના તેમજ ઉપયોગી છે પરંતુ આ બધી ક્રિયાઓની સાથો સાથ આપણો વ્યવહાર પણ શુદ્ધ હોવો જોઈએ, આપણા આચાર વિચારો વિનયયુક્ત હોવા જોઈએ મૃદુતા નિરભિમાનતા અનુકંપા દયા એ બધા ગુણો પણ ધાર્મિક ક્રિયાઓની સાથોસાથ આપણામાં વિકસવા જોઈએ આભ્યંતર તપ રહિત માત્ર બાહ્યતપ કર્મક્ષયનુ કારણ બનવાને બદલે કેવળ કાયા ક્લેશનુ કારણ બને છે એટલે ધાર્મિક ક્રિયાઓની સાથો સાથ જીવનમાં શુદ્ધિ અને પવિત્રતાનો આવિર્ભાવ —એ સાધનો અને આદર્શ બન્ને વચ્ચે સુમેળ સંધાવો

fr

જોઈ એ—ધાર્મિક ક્રિયા અને જીવન વ્યવહાર વચ્ચે નિકટનો સબંધ હોવો જોઈએ

લેખકે આ લેખમાં એક સ્પષ્ટ હકિકત જાહેર કરતાં લખ્યુ છે કે. 'જે હેતુ માટે પ્રસ્તુત સુન્દર ક્રિયાઓ કરીએ છીએ તે હેતુ વર્તમાન કાળના આપણા વતનથી વિમુખ હોવાથી ભાવિમાં કલ્યાણ સાધવાને બદલે માત્ર કરોડની કિંમત કોડીમાં ખરચી નાખીએ છીએ' વ્યવહાર અને ધર્મને જુદા જુદા માનવા એ વસ્તુ જ અયોગ્ય છે વ્યાવહારિક ધર્મ અને ધાર્મિક વ્યવહાર વડે જ ધર્મની યોગ્યતા સિદ્ધ કરી શકાય

'સૃષ્ટિના જીવન્ત રચો' ના લેખમાં લેખક જગતના બનાવો અને પદાર્થો પ્રત્યે જોવાની એક વિશિષ્ટ અનોખી દૃષ્ટિ રજુ કરી છે શ્રી ભરત ચક્રવર્તીને આવી દૃષ્ટિ આરીસા ભુવનમાં કેવળ જ્ઞાન પ્રાપ્ત થવામા નિમિત્તરૂપ બની દૃષ્ટિને કેળવવાથી શુભ-અશુભ બનાવો અને પદાર્થોમાથી માણસને અદ્ભુત સત્યની પ્રતીતિ થાય છે ભગવાન નેમિનાથે લગ્નનો રથ પાછો ફેર યો ત્યારે રાજુલને પ્રથમ તો ભાર શોક અને અચત થયો પરંતુ વિશિષ્ટ દૃષ્ટિએ વિચારતાં તેને અદ્ભુત સત્ય પ્રાપ્ત થયુ અને તે ભગવાનની શિષ્યા બની આ રીતે મુક્તિના સગ્રામમા ભગવાન નેમિનાથ કરતાં પણ તેણે પ્રથમ વિજય પ્રાપ્ત કર્યો

'મનુષ્યની વ્યાખ્યાનરથા' સમાજ અને ધર્મ-ઉભયની ઉન્નતિ માટે વ્યાખ્યાનસ્થા એ ઉત્તમોત્તમ મૂળભૂત સાધન છે અને તે તરફ આપણી પ્રજાએ ગભીરતા પૂર્વક વિચાર કરવાની જરૂર છે લેખકે અહિ કડવી [illegible] સત્ય વાત કહેતાં લખ્યુ છે કે ' આપણુ ઝાડ [illegible] જેની કાળજી લે છે,

પણ આપણે દેશની ભવિષ્યની પ્રજાને કેળવવા તરફ રાખતા નથી આપણી સરકાર પ્રજાનો વધારો અટકાવવા પાછળ જે કાળજી લે છે તેનાથી વધુ કાળજી આપણા બાળકોને કેળવણી આપવા પાછળ દે તે અત્યંત જરૂરી છે

'વિશ્વમા આત્માનુ સ્થાન' આમા ય રીતે માનવ સમાજમ એક એવી સમજણ પ્રવર્તે છે કે આ જગત અને સસાર,જરા-મરણ કષ્ટ-કલેશ અને ઉપાધિઓથી જ ભરેલો છે' આ સસારને ભયક દાવાનળની ઉપમા પણ આપવામાં આવે છે પરંતુ લેખકે આ લેખમાં સચોટ રીતે સમજાવ્યું છે કે આ બધી માન્યતી અને બાલિશ માન્યતા છે આત્મબળ પ્રાપ્ત કરનાર મનુષ્ય માટે તો સસાર અને જગત એ મોક્ષ માર્ગના પ્રવેશદ્વારો છે બહિરાત્મા અતરઆત્મા અને પરમ આત્માની ઓળખાણ આપી લેખક સાચુ જ કહે છે કે સંસારના અનેક સુખ દુખના પ્રસગો ઉપર આત્મબળનો નિરતર ઉપયોગ અને તે વડે ઉત્પન્ન થતી શાંતિ—એ જ સાચી રીતે આ વિશ્વમાં આત્માનુ યોગ્ય સ્થાન છે

'વિચાર, વાણી અને આચારમા અસાધારણ અતર' આજના જગતમાં સર્વત્ર વિચાર વાણી અને વર્તનમા ભિન્નતા જોવામાં આવે છે જગતના લગભગ બધા દેશોના મોવડીઓ એક તરફ શાંતિની મોટી મોટી વાતો કરે છે, ત્યારે બીજી બાજુથી લશ્કરી શસ્ત્ર સામગ્રીઓ પણ તૈયાર કરી રહ્યા છે ઉપદેશકો ધર્માચાર્યો તેમજ સાહિત્યકારો સરસ રીતે ઉપદેશ આપે છે ધર્મના સિદ્ધાંતો સમજાવે છે, અને સુંદર સાહિત્ય કૃતિઓ સમાજને ચરણે મૂકે છે પરતુ તેમ છતાં લોકોમાં અનીતિ, અપ્રમાણિકતા અને ઉતરપિંડીનુ પ્રમાણ દિનપ્રતિદિન ઘટવાને ... વધતું જતું જોવામાં આવે છે આવી વિષમ દશાનુ કારણ ... કે ઉપદેશ પ્રમાણે પોતાના જીવનમાં આચરણ નથી

કરતા, અને તેથી પ્રજા કે સમાજ પર તેઓની કશી અસર થતી નથી. જેના વિચાર–વાણી–વર્તનમાં સમાનતા હોય તેને જ સત્પુરુષ કહેવાય અને આવા પુરુષો જે બોલે કે કહે તેની અસર પ્રજા પર થયા સિવાય ન રહે

ઉપર જણાવેલા મહત્ત્વના લેખો ઉપરાંત આ પુસ્તકમાં બીજા પણ કેટલાક નાના મોટા લેખો છે જૈનદર્શન મીમાંસા વિગેરે તેમના પાંચ લેખો ભાવનગર શ્રી જૈન આત્માનંદ સભા તરફથી પણ પ્રકાશિત થઈ આ બધા લેખો જીવન સુધારણા વ્યવહાર શુદ્ધિ, કેળવણી, સમાજ જીવન ધર્મ અને વિજ્ઞાન તેમજ આધ્યાત્મિક વિકાસમાં સૌને માર્ગ દર્શન રૂપ થાય તે રીતે લખાયેલા છે લેખો ઉપરાંત કાવ્ય વિભાગમાં તેમના તરફથી પ્રથમ પ્રગટ થઈ ગયેલા કાવ્યોનો સંગ્રહ પણ પ્રસ્તુત પુસ્તકમાં સામેલ કરવામાં આવે છે આ તમામ લેખો તથા કાવ્યો આત્માનંદ પ્રકાશમાં અગાઉ પ્રગટ થઈ ગયેલ છે અને તેની માહિતી દરેક લેખના અંતે સવંત સાથે આપવામાં આવેલી છે આ બધા લેખો વાંચતાં વાંચનારની ઉપર જીવન [illegible] ભવ્ય આદર્શની એક કલ્પના ઉપસ્થિત થયા વિના રહેતી [illegible] ફતેહચંદભાઈની સાહિત્ય પ્રત્યેની અભિરુચિના મૂળ તો [illegible] વસ્થામાંથી જ રોપાયા છે તેમના વડિલો તેમજ [illegible] આચાર્ય મહારાજ સાહેબો, તેમજ અન્ય મુનિ [illegible] પાણીનું સિંચન કર્યું છે આજે જન સમૂહ પણ [illegible] વૃક્ષનાં ફળ રૂપી લેખો પુસ્તકના રૂપમાં પ્રગટ [illegible] પ્રસારક મંડળી એક પ્રકારનું ગૌરવ અનુભવે છે.

પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિ[illegible] વ્યાખ્યાનમાં થી ફતેહચંદભાઈ ને [illegible] હતા, અને તેમનો આ લેખસંગ્રહ [illegible]

એ સંશોધન યથાર્થ છે એમ લાગ્યા વિના રહેતું નથી લેખકની પ્રકૃતિ અને સ્વભાવમાં કુદરતી રીતે વણાયેલી સમન્વય વૃત્તિનો—ઊંડાણ તેમજ વિસ્તારની દૃષ્ટિએ—તેમના લેખોમાંથી ડગલે અને પગલે અનુભવ થાય છે જૈન તેમજ જૈનેતર વર્ગ સૌના માટે આ લેખો અભ્યાસ, ચિંતન અને મનન કરવા જેવા છે, અને માનવીના આધ્યાત્મિક વિકાસના કાળામાં આ બધા લેખો બહુ મૂલ્યવાન ઔષધિની ગરજ સારે તેવા છે, તેમાં મને શંકા નથી

ચારના સદન
મનભાવ સ્ટ્રીટ
કોટ, મુંબઈ
તા. ૧૦-૩-૧૯૬૨

મનસુખલાલ તારાચંદ મહેતા
પ્રમુખ
શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ

વિષયાનુક્રમ

કાવ્ય વિભાગ

શુદ્ધિપત્રક

પાનુ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૧	૫	સુગધનો	સુગધનો
૫	૧૫	वित्त	वित्त
૮	૮	પૌદ્ગાલિક	પૌદ્ગલિક
૧૦	૧૯	પૂર્વેક્તિ	પૂર્વોક્તિ
૧૩	૧૮	,,	,
૧૪	૨૧	પદાર્થો પણ	પ ાર્થો કરતાં પણ
૧૫	૧૧	હેવાથી	હોવાથી
૨૧	૨	નિવિવાદ	નિર્વિવાદ
૨૫	૧૦	द्विरेपु	द्वारेपु
૨૭	૨૦	કરવામાં પ્રબળ	કરવામાં બુદ્ધિનુ પ્રબળ
૩૧	૧૧	નિર્દોપપણે	નિર્દોષપણે
૩૩	૧૩	સુબુદ્ધિ	સુબુદ્ધિમાન
૩૬	૯	स गम्	सत्यम्
૩૯	૯	પુદગલ	પુદ્ગલ
,,	૧૬	સાત્મર્થ	સામર્થ્ય
૪૧	૪	તે-પ્રકારની ખીલવણીના	તે ખીલવણીના
૪૨	૧૧	એવા	એવી
૪૫	૨૦	વિક્ષિપ્તુ	નિક્ષિપ્ત
૪૭	૧૦	કેમકે	કેમકે જડચેતનના

૪૮	૧૧	પશ્ચિમાત્યો	પાશ્ચિમાત્યો
,,	૧૭	વ્યવહારપયોગી	વ્યવહારોપયોગી
૪૯	૧૨	પ્રપ્તિ	પ્રાપ્તિ
૫૧	૧૫	ખલવણી	ખીલવણી
૬૮	૨૪	વિચારન્તરીને	વિચારીને
,,	૨	ધિનિપા	धिनिपात
૭૪	૫	गत	गता
૭૮	૯	कमक्लेशाभाया	कर्मक्लेशाभावो
૮૨	૨૧	પૂઞ	પૂઞા
૮૫	૪	गहने येगिना	गहना योगिना
,	૧૨	परथमय	पराथमय
૮૯	૧૭	અત કરણ	અત કરણ
૯૪	૧૨	સરખી	સરખા
૧૦૨	૧૮	ઓધી	બાધી
૧૦૫	૪	સ્થલના	સ્ખલના
૧૦૬	૧૨	माक्षया	माक्षया
૧૧૧	૧૧	પ્રપ્ય	પ્રાપ્ય
૧૧૪	૧૮	બળભૂમિકા	સ્થૂળ ભૂમિકા
૧૧૭	૧૭	ध्रव्ययुक्त	ध्रौव्ययुक्त
૧૧૮	૪	ચતન્ય	ચૈતન્ય
૧૨૭	૨૦	અતરાવતોકન	અતરાવલોકન
૧૪૪	૩	આવિંભાવ	આવિર્ભાવ

૪૮	૧૧	પશ્ચિમાત્યો	પાશ્ચિમાત્યો
,,	૧૭	વ્યવહારપયોગી	વ્યવહારોપયોગી
૪૯	૧૨	પ્રપ્તિ	પ્રાપ્તિ
૫૧	૧૫	ખલવણી	ખીલવણી
૬૮	૨૪	વિચારમ્તરીને	વિચારીને
,,	૨	વિનિપા	વિનિપાત
૭૪	૫	गत	गता
૭૮	૯	वमक्लेशाभाया	कर्मक्लेशाभावो
૮૨	૨૧	पूअ	पूआ
૮૫	૪	गहने यगिना	गहना यागिना
,	૧૨	परथमेय	पराथमेय
૮૯	૧૭	અ ત કરણ	અ ત કરણ
૯૪	૧૨	સરખી	સરખા
૧૦૨	૧૮	બોધી	બાધી
૧૦૫	૪	સ્ચલના	સ્ખલના
૧૦૬	૧૨	माक्षयो	मोक्षयो
૧૧૧	૧૧	प्रप्य	प्राप्य
૧૧૪	૧૮	ખળભૂમિકા	સ્થૂળ ભૂમિકા
૧૧૭	૧૭	ध्रव्ययुक्त	ध्रौव्ययुक्त
૧૧૮	૪	ચતન્ય	ચૈતન્ય
૧૨૭	૨૦	અતરાવનોકન	અ તરાવનોકન
૧૪૪	૩	આવિ ભાવ	આવિર્ભાવ

૧૪૪	૧૮	મિચ્છાઇ	મિચ્છઇ
૧૪૭	૨૦–૨૨	દુર્ગંધ	દુર્ગંધ
,,	૨૩	ઘરમા	ઘરમાં
૧૫૪	૨૦	માયિન	માયિત
૧૬૦	૧	સિદ્ધાન	સિદ્ધાંત
૧૬૧	૧૫	બીજાશુભ	બીજા આત્માઓની
૧૭૧	૧	સ્તુભઘે	સ્તુબ્ધે
૧૯૮	૧૭	ગ જૈન	અજૈન
,,	૨૦	દેવમેવા	દેવસેવા
૨૦૯	૧૮	૧૯૦૨	૧૯૭૨
૨૧૩	૧૧	વખને	વખતે
,,	૨૧	સહેવાની જ	રહેવાની જ
૨૧૫	૧૪	મૃયુજયની	મૃત્યુજયની
૨૧૭	૮	નિમિન	નિમિત
,,	૧૧	સર્વોકૃષ્ટ	સર્વોત્કૃષ્ટ
૨૧૮	૩	નિમશ્રણો	નિમશ્રણે
૨૨૦	૩	જનેદ્રશાસ	જિનેદ્રશાસ
	૫	પરિભ્રમે	પરિભ્રમે
૨૨૨	૧	નિમગ્ગા	નિમગ્ગા
૨૨૬	૨૦	ક્ષાપોગશમિક	ક્ષાયોપશમિક
૨૨૮	૧૨–૧૪–૧૫–૧૬	પડદર્શનના	ષડ્દર્શનના
૨૨૯	૫	અરણ્યારણ્યાનુયોગ	અરણ્ય રણ્યાનુયોગ, રણ્યાનુયોગ

૨૩૩	૨૦	મહતા	મહત્તા
૨૩૮	૧૩	चिद्यसि	चिद्य सि
૨૪૦	૧૨	તત્વોને દોષોને	તત્ત્વોને-દોષોને
૨૪૧	૮	પરિણામ	પરિણામ
૨૪૭	૬-૧૪	(કાવ્યવિભાગ)	
		પડગુણહનિ	પડ્ગુણહાનિ
૨૪૮	૫	હન્મદિર	કુન્મ
૨૫૬	૧૦	જ્યા	જ્યાં
૨૬૦	૯	सिहहमणीय	चिरस्मरणीय
૨૮૨	૮	વિષ્ણુ	વિષ્ણુ
૨૯૩	૨૯	પગ્ત્રિ શિખ	પટ્ત્રિ શિકા
૩૦૬	૪	જન	જૈન
૩૧૯	૭	શત્રુંજય	શત્રુ જ્ય
૮	૨	प दपद्मभ्या	पादपद्मेभ्यो
૩૧	૧૬	અપાત્મ	અધ્યાત્મ
,,	૨૧	શક્ષણિક	શૈક્ષણિક

N B (૧) પા ૭૦ નિ સ્વાર્થવૃત્તિ કેવી હોઇ શકે ? તથા પા ૫૭ વ્યવહાર વિશુદ્ધિમા જીવન પ્રવાહ-એ બન્ને લેખો પા ૧૬૨ પા ૧૩૬ અનુક્રમે બેવડાયા છે

(૨) પા ૧૦૧ થી લેખોના મથાળામાં સખ્યા ૫ ને બદલે ૧૩ થી અનુક્રમે વાચકોએ સુધારી લેવાની વિનતિ છે

પોતાના આસપાસના સંયોગો અને પોતાની તુલના શક્તિ વગેરે બરાબર તપાસી તેને અનુકૂળ કયો માર્ગ ગ્રહણ કરવાથી ક્રમશ પ્રગતિ થશે તેનો બરાબર વિચાર કરી ઉન્નતિ માર્ગમા આગળ વધાય તો જેવુ સંગીન ફળ પ્રાપ્ત કરી શકાશે તેવુ કૂદકો મારવાના માર્ગમાથી પ્રાપ્ત થઈ શકવાનુ નથી પ્રત્યેક વ્યાપારીના વાર્ષિક સરવૈયાની માફક પ્રત્યેક રાત્રિએ નિદ્રામા શયન કરતા પહેલા મન વચન અને કાયાવડે થયેલા પવિત્ર અથવા અપવિત્ર કાર્યોને તપાસી જવાની અનિવાર્ય આવશ્યકતા રહેલી છે, એ બહુજ ઓછા મનુષ્યો સમજતા હોય છે, કેમકે આપણને અન્ય મનુષ્યો માટે પૂછે કે તમે પેલા મનુષ્યોમા કેટલા દોષો જોઇ શકો છો ? તરત જ આપણને તે મનુષ્યમા ઈર્ષા, મદ, મત્સર, ક્રોધ, વિષયવાસના વિગેરે થોડા પ્રમાણમા કદાચ લાગતા હશે તો પણ મોટા પ્રમાણમા આપણે બતાવ્યા સિવાય રહેશુ નહિ, તે સાથે જ આપણને કોઈ પ્રશ્ન કરે કે તમો તમારામાં કેટલા દોષો જોઇ શકો છો ? ઉત્તરમા આપણે કહીશુ કે આવતી કાલે વિચારીને કહીશ આમ ઉત્તર દેવાનુ કારણ આપણે આપણા દોષો જોવામા, તેના ઉપાય શોધવામા અને તેનો પ્રતિકાર તૈયાર કરવામા કદાપિ સમીક્ષા કરી નથી, વર્તમાનમા કરતા નથી આમ હોવાથી ગુણદોષના હિસાબને તપાસવાનો સમય આવતા આપણે તેને શોધવા પડે છે ત્યાર પછી બીજે દિવસ વિચારતા દોષોની તપાસ કરતા આપણને આપણામા લગાર ક્રોધ, સહેજ અપ્રરળતા, અલ્પ અસંતોષ

વૃત્તિ અને વિષય વાસનાની મદ પ્રબળતા વિગેરે વિગેરે દોષો પર્વત તુલ્ય હોય તો પણ પરમાણુ તુલ્ય ભાસે છે

વસ્તુ સ્થિતિ આવી હોવાથી સત્સગ અથવા ગુરુના ઉપદેશ વડે જે વખતે આપણે પ્રતિજ્ઞા લેવા તૈયાર થઇએ છીએ એટલે કે અમુક વખત સુધી અમુક મનુષ્યોના સબધમા ક્રોધ ઉત્પન્ન નહી થવા દેવો, અમુક વખત ખાવાની લાલસા ઓછી કરી તપશ્ચરણ કરવુ, અમુક વખત સુધી બ્રહ્મચર્યની પાલના કરવી, અમુક મર્યાદા સુધી વચન ગુપ્તિ કરવી-વિગેરે અગીકાર કરવા તત્પર થઈએ છીએ ત્યારે સહેજ વખતને માટે પણ આપણને બહુ કઠિન ભાસે છે તે વખતે આપણામા આપણે અલ્પ પ્રમાણમા જોયેલા દોષો જબરજસ્ત પણે ઘર કરી રહેલા હોય તેમ અનુભવ સિદ્ધ કરાવી આપે છે, અને એમ સમજાય છે ત્યારે જ અપવિત્ર જીવનથી થયેલી આપણી પરતત્રતાનુ વિશાળ પ્રમાણ દૃષ્ટિ માર્ગમા આવે છે, જેથી પૂર્વપ્રાપ્ત અપવિત્ર સસ્કારીજીવનને દૂર કરી અટકાવવા અને પવિત્ર જીવન વહન કરવા, દરેક મનુષ્યે સાત પ્રતિજ્ઞાઓ પોતાના અધિકાર પરત્વે અનુક્રમે ગ્રહણ કરવાની છે અને તેનુ પાલન કરી ઉત્તરોત્તર પોતાના આત્માનો ઉન્નતિ ક્રમ વધારવાનો છે અને છેવટે આત્માની અનતશક્તિને પ્રાપ્ત કરવા યોગ્ય જે ઉચ્ચતમ દૃષ્ટિબિદુ રહેલુ હોય છે તેને પ્રાપ્ત કરવાનુ છે, તે પ્રતિજ્ઞાઓ આ પ્રકારે છે

૧ માર્ગાનુસારિપણુ ૨ શરીરશુદ્ધિ ૩ વાસનાશુદ્ધિ ૪ નીતિમાનપણુ ૫ જનસમાજસેવા ૬ આત્મસાક્ષાત્કાર ૭ અભેદભાવ

સૌથી પ્રથમ સ્થિતિમા દરેક મનુષ્યમા સામાન્ય ગુણો હોવા જોઈ એ, એટલે તેમણે સૌમ્યપણુ, લજ્જા, દયાલુતા, ભદ્રપણુ વિગેરે શાસ્ત્રોક્ત પાત્રીશ ગુણોના અધિકારી થવું જોઇએ. આમા ખાસ કરીને ગૃહસ્થાશ્રમની શરૂઆતનો પ્રસગ હોવાથી અર્થશુદ્ધિની અગત્યતા છે દ્રવ્યશુદ્ધિને માટે એક સક્ષિપ્ત દષ્ટાત યોગ્ય થઈ પડશે

શિખ પ્રજાના—ગુરુ નાનક જગલોમા ફરતા ફરતા એક વખત એક નગરમા આવી પહોચ્યા તેઓએ પોતાનો ઉતારો એક સુતાર કે જે તદ્દન સામાન્ય સ્થિતિનો માણુસ હતો, તેને ઘરે રાખ્યો તે સુતારને ત્યા સુકા રોટલાનું ભોજન કરતા એક બે દિવસ વીત્યા પછી તે નાનકગુરુને તે નગરના પૈસાપાત્ર મનુષ્યોએ દરરોજ છુટ્ટુ છવાયુ જમવાને માટે આમત્રણ કરવા માડયુ એક વખત એક શ્રેષ્ઠીને ત્યા જમવાનો વારો આ યો, તે દિવસે સુદર રસવતી તેમને પીરસવામાં આવી ભોજનપાત્રો સપૂર્ણ રીતે થઈ રહ્યા પછી તે શ્રેષ્ઠીએ શરૂ કરવા વિનતી કરી, તેવામા નાનક ગુરુ બોલ્યા, 'જો તેરી રસવતી તૈયાર હો ચૂકી હૈ સો ખૂન ઔર ગરૂકે ટીપાસે હી બની હુઈ હૈ ' ત્યારે શ્રેષ્ઠીએ પૂછ્યું કે આશ્ચર્ય લાગે છે આપ શુ કહો છો ? હુ કાઈ જોઈ શકતો

નથી. કોઈની રસોઈ દૂધથી બનેલી હશે અને તે કોની છે ? તે અત્યારે જ દર્શાવવા કૃપા કરશો. ગુરુએ કહ્યુ 'જો સુતાર કે ઘેર હમને વાસ કિયા ગયા હૈ ઉસકી રોટી દૂધસે બનતી હૈ ઔર ઉસમે સર્વત્ર દૂધ હૈ' શ્રેષ્ઠી સાહેબે કહ્યું સાબીત કરી આપશો તો જ સતોષ થશે ગુરુએ તરત જ તે સુતારને ઘરથી સફેદ રોટલો મ ગાવ્યો, અને એક હાથમા તે રસવતી અને બીજા હાથમા રોટલી રાખીને મુષ્ટિ વડે દાબતાં પેલી રસવતીમાથી લોહીના ટીપા પડવા માડયા અને રોટલામાથી દૂધ નીકળવા માડયુ તે શ્રેષ્ઠી આશ્ચર્યમા ગરકાવ થયો અને પુછયુ આનુ કારણ શુ હશે ? નાનક ગુરુએ કહ્યુ અનેક પ્રકારના વિશ્વાસઘાત, અપ્રમાણિકપણુ અને અનેક મનુષ્યોના ગળા રહેંસીને ઉત્પન્ન કરેલા દ્રવ્યવડે નિષ્પન્ન થયેલા અન્નમા દૂધની આશા કયાથી આવી શકે ? તેનો વિચાર કર !

આ દષ્ટાત ઉપરથી શ્રીમદ્ હરિભદ્રસૂરિએ પ્રબોધેલા "न्यायोपार्जित वित्त उभय लोक हिताय तत' સૂત્રનુ વાર વાર સ્મરણ કરી તદનુસાર વર્તન કરવાની પ્રથમ આવશ્યક્તા છે વ્યાપાર વકીલાત હુન્નર ઉદ્યોગ અથવા નોકરી વિગેરે દરેક ધ ધાને માટે ખાસ કરીને અર્થશુદ્ધિની આવશ્યક્તા છે તેની અશુદ્ધિ હોવાથી પ્રથમ પાયો મૂળમા સડેલો બને છે અને પછીનુ ચણતર સ્થાયી રહેવુ મુશ્કેલ છે આથી માર્ગાનુસારી થવાની પ્રથમ આવશ્યક્તા છે અને તેને માટે તેના ગુણો પ્રાપ્ત કરવા પ્રયત્ન સેવવાની અગત્ય છે

મનુષ્ય પ્રાણીને ર્બીજી જરૂરિયાત શરીર શુદ્ધિની.

પ્રાપ્તિ પરત્વે છે આ શુદ્ધિ માત્ર પાણી વડે કરવાની છે તેમ નથી તે તો જલમત્સ્યો પોતાની શરીરની શુદ્ધિ જળ વડે અહોનિશ કર્યા કરે છે, પરંતુ પોતાના શરીરને કોઈ પણ અપવિત્ર માર્ગમા જવા દેવું નહિ તેવી શુદ્ધિને માટે કહેવાનું છે ખાસ કરીને જીવનની પવિત્રતા અથવા અપવિત્રતાનો આધાર મન અને બુદ્ધિ ઉપર રહેલો છે શરીર જે જે સ્થળે જાય છે, અને પોતાની પવિત્રતા ગુમાવી બેસે છે, તે પ્રથમ તપાસવાનુ છે દૃષ્ટાંત તરીકે આપણને અમુક અભક્ષ્ય ખાવાની લાલસા ઉત્પન્ન થઈ તે વખતે મને વિચાર કર્યો, બુદ્ધિએ નિર્ણય કર્યો પરંતુ આત્માને આધીન થઈ શરીર જો તે ખાવાને માટે પ્રયત્ન ન કરે તો મન અને બુદ્ધિને શાંત બેસી રહેવું પડે છે પરંતુ શરીર જો તત્કાળ તેને અનુસરે તો શારીરિક અપવિત્રતા થઈ ચૂકી તેવી જ રીતે એક મનુષ્યને વ્યભિચાર કરવાની ઈચ્છા મન વડે થઈ બુદ્ધિ વડે નિર્ણીત થયું પરંતુ તે વખતે શરીરથી જો તે મનુષ્ય પાછો હઠે-શરીરને તે માર્ગમા પ્રવર્તાવે નહિ તો અવશ્ય તે શરીર દોષથી બચવાનો આમ હોવાથી પ્રથમ શરીરની પવિત્રતા પ્રાપ્ત કરવાની છે આમ થાય ત્યારે જ મન શાંત થતા તેવા સસ્કારોની અસર વારવાર થાય છે અને પોતાનુ વર્તન બધાય છે શરીર વડે પવિત્ર રહેવાનું સામર્થ્ય પ્રાપ્ત થશે ત્યારે મન અને બુદ્ધિને થાકીને પવિત્ર રહેવું પડશે અને ધીમે ધીમે ઉભયને સમજાશે કે જે વિચારો અમુક વખત પહેલાં આપણે કરેલા હતા તે દોષવાળા અને અપવિત્ર હતા આમ હોવાથી શરીરને અયતનામા

પ્રવર્તાવવા માટે સૌથી પ્રથમ સાચવવાનુ છે આ ટેવ બધાયા પછી ત્રીજી પ્રતિજ્ઞા વાસના શુદ્ધિની પ્રાપ્તિ કરવા તૈયારી કરવી પડે છે

વાસના શુદ્ધિને માટે જૈન દર્શનમા કહેલી અતરાત્મા પણાની સ્થિતિ પ્રાપ્ત કરવાની છે દેહ એ જ હું, મારુ ઘર મારા સ્વજનો, મારી મીલકત વિગેરે જે મારા પણાની બુદ્ધિ આ મનુષ્ય પ્રાણીઓ કરી રહેલા છે તે વાસ્તવિક રીતે પોતે અને પોતાના નહી હોવાથી માનસિક અપવિત્રતાથી ભરેલા છે હું, આ શરીર, મીલક્ત, સ્વજનો અને સગા વ્હાલાઓથી જુદો અન્ય છુ, મારે અને તેને કાઈ લાગતુ વળગતુ નથી, ઉપચાર વડે મારા પોતાના માની લીધેલા છે, પરતુ વાસ્તવિક રીતે મારો સ્વભાવ મારી પરિસ્થિતિ અને મારો ધર્મ તેઓથી ભિન્ન હોવાથી મારો અને તેમનો સબધ ક્ષીર નીર જેવો છે, આમ વિચારવાથી અને પોતાને ભ્રાતિમાથી બહાર આણી બરાબર ઓળખી લેવાથી બહિરાત્મ ભાવની મૂઢતા દૂર થઈ અતરાત્મપણુ પ્રગટે છે અહીથી સર્વ જીવોની સાથે ભ્રાતૃભાવ શરૂ થાય છે પોતાના જેવા જ અન્ય જીવો લાગે છે, પોતાને દુખ થાય તો પોતે કેટલી પીડા અનુભવતો હતો તે સમજતા અન્ય પ્રાણીઓ પણ તેવી જ ભૂલ કરતા હશે તેમ સમજાય છે આવો વિવેક પ્રગટ થતા આપણે આપણા સમાનબધુ તરફ પ્રીતિભાવ, વડીલ તરફ પૂજ્યબુદ્ધિ અને લઘુબધુઓ તરફ અનુકપા શીખીએ છીએ જે પ્રસગે આપણને કોઈ વડિલ

શીખામણુ આપે તે વખતે ક્રોધ કરતા હતા, અભિમાન વૃત્તિ ધારણ કરી પોતાનામા દોષ નથી, એવું ભાન લાવતા હતા, તે દૂર થઈ પોતપોતાની ફરજમા પ્રવૃત્ત થવા માંડીએ છીએ 'કોઈ પણ પ્રાણીનો આત્મા અમર હોવાથી તેને હણવામા પાપ નથી' એવી માન્યતાવાળુ અ તરાત્મપણુ પ્રાપ્ત કરવાનુ નથી પરતુ તેને થતું દુ ખ અને તે વડે પ્રાપ્ત કરાવતી આપણા આત્માની મલિનતાનો વિચાર કરવાનો છે તેમજ અન્ય પ્રાણીને પૌદ્ગલિક ભાવજન્ય દુ ખ હોવાથી તે પણ દુ ખ વાસ્તવિક નથી-એવી માન્યતા વાળુ અ તરાત્મ પણુ પ્રાપ્ત કરવાનુ નથી કિંતુ પોતાના સદ્વિચારો વડે ભ્રાતૃભાવ શરૂ કરવાનો છે આ શરૂઆત પછી જે મનને આધીન આત્મા અત્યાર સુધી વર્તતો હતો, લગભગ મને કહેલો દરેક હુકમ ઊઠાવતો હતો અને તેનો અમલ કરવા શરીરને પ્રેરણા કરતો હતો તે હવે મનને પોતાના સ્વાધીનમા પોતાના દોર ઉપર ચલાવવા પ્રયત્નબળ મેળવે છે અ તરાત્મવાન્ મનુષ્ય સર્વ પદાર્થોને, તેથી પ્રાપ્ત થતા સ યોગોને અને આકસ્મિક પ્રસ ગોના અનેકરગીપણાને સાક્ષી રૂપે જાણે છે અને જુએ છે જગતની આસપાસના બનાવોનો દૃષ્ટા હોવાથી તેમજ જે આત્મા તેને દેખે છે તેને પણ પોતે ઓળખતો હોવાથી તે મનુષ્ય ક્રોધાદિ સ્વરૂપમા પલટાઈ જતો નથી, અહ કાર વડે અક્કડ થતો નથી, માયાનુ સેવન કરતા ડરે છે અને અસ તોષવૃત્તિને દાબી દેવા માડે છે આ અસર ઇંદ્રિયોના વિષયો ઉપર થતા માનસિક વાસનાઓ ઓછી થતી જાય છે અને વિકાર-વિષ

અંદરથી મંદ પડતુ જાય છે આ વાસના શુદ્ધિને માટે દાન શીલ તપ અને ભાવનાની જરૂરિયાત પડે છે દાન વડે લક્ષ્મીની અશુદ્ધિ દૂર થાય છે, શીલ અને તપ વડે શરીર અને મનનુ ઝેર ઉતરે છે અને ભાવ વડે આત્માની પૌદ્‌ગલિક ભાવના નષ્ટ થાય છે આમ હોવાથી જિનેદ્ર પૂજા અને ગુરુ સેવા, પ્રાણીઓ ઉપર અનુકંપાબુદ્ધિ વિગેરે સદ્‌ગુણોનો સતત અભ્યાસ કરવાની જરૂર છે જો તેમ કરવામા આવે તો જ વાસના શુદ્ધિ ટકી શકે છે અન્યથા ક્ષણવારમા પલટાઈ જાય છે આ શુદ્ધિ વડે ભ્રાતૃભાવ અને પવિત્રતાનુ માનસિક બળ પ્રાપ્ત થતા બુદ્ધિની મલિનતા ઓછી થાય છે આ દેહદ્વય (Phisical & mental body) થી પવિત્ર થયેલું જીવન પછીથી ચતુર્થ કોટીમા આવવા માટે અધિકારી બને છે

શારીરિક અને માનસિક પવિત્રતા દેહદ્વયદ્વારા પ્રાપ્ત થયા પછી તેના કાર્યરૂપે સંકલ્પબળથી આચાર બંધાય છે જે આચાર નિર્માણ કરવા માટે પૂર્વોક્ત સાધન પ્રાપ્ત થયેલા છે તે હવે ગતિમાન થતા સાધ્ય રૂપે ચોક્કસ ફલને મૂર્તિમાન કરે છે એક મનુષ્યનો આચાર–સદાચાર ઘડાવો તે તેના વિચારની નિર્મળતા ઉપર આધાર રાખે છે જેવો સમાગમ, જેવા આસપાસના વિચારો, તેવુ ચારિત્ર ઘડાય છે કહેવાય છે કે બુદ્ધિ એ મનુષ્યનુ મસ્તક છે પરંતુ સદાચાર એ તેનુ હૃદય છે-આ મર્યાદામાં સત્ય છે હૃદય વગરનો પ્રાણી ગ[illegible]ક વિદ્વાન કે તત્ત્વજ્ઞાની

તે વિચારોને અમલમા મુકવાનુ સ્વબળ નહી હોવાથી તે કાંઈ કરી શકતો નથી, એટલે કે પરિણામ ઉપજાવી શકતો નથી બલ્કે વિચારોના વમળમા ગુચવાઈ જઈ અયોગ્ય ક્રિયા વિલાસી બને છે વિચારોની અસર મગજ ઉપર દબાણ કરે છે, અને અમલ કરવાની સ્વતત્ર શક્તિ નહી હોવાથી શુદ્ધ વિચારો હોવા છતા 'ઓઠનુ ઝાડ' વેતરાઈ જઈ જનસમાજમા કલકિત થાય છે, આથી માર્ગાનુસારીપણે ઉચ્ચ જીવન વહન કરવા અધિકારી-પાત્ર થયા પછી, શરીર અને વિચાર બળની બન્ને કોટિઓ મજબૂત કર્યા પછી, નીતિમાનપણાની ચતુર્થ કોટિની પ્રતિજ્ઞા માટે તૈયારી કરવી પડે છે વિચારોનુ વાતાવરણ શુદ્ધ કરેલુ હોવાથી પૌદ્ગલિક સ્થિતિઓને તેના સાચા રૂપમા જાણવા પછી તેમજ મન ઉપર વાસનાઓની સામે કાબુ પ્રાપ્ત થયેલો હોવાથી, હૃદયબળને પ્રકટાવતાં આચાર શુદ્ધિ અવશ્ય પ્રાપ્ત થાય છે આચાર શુદ્ધિને જૈન પરિભાષામા દેશ વિરતિ અને સર્વ વિરતિ એ વિભાગમા વહેચવામા આવી છે દેશવિરતિમા આ આચારશુદ્ધિના એક અશથી માંડી અસખ્ય અશો સુધી વિભાગ થઈ શકે છે અને યથાશક્તિ તેટલા મનુષ્યો આચારની પરિપાલના કરનાર હોઈ શકે છે, છતા મુખ્યતાએ પૂર્વોક્ત બે વિભાગ દર્શાવેલા છે જેમા પ્રથમ હિસ્સો ગૃહસ્થને માટે છે ગૃહસ્થનુ વર્તન સર્વાશે શુદ્ધ થઈ શકે તેમ નહિ હોવાથી તેને અર્થ અને કામ પુરુષાર્થ ઉપાર્જન કર્યા સિવાય રહેવાનુ નથી, જે સ્વાર્થ પરાયણતાનુ મૂળ હોવાથી તેને માટે ઉચ્ચ વર્તનના અશોથી નાચે પગથીએ રહેવુ પડે છે, અને ત્યાર

આચારની ઉચ્ચકોટિ પ્રાપ્ત થઈ શકતી નથી; પરતુ જ્યારે સ્વાર્થની સર્વાંશે આહુતિ અપય છે, ત્યારે આચારની પરિપૂર્ણતા સર્વ વિનતિ અવસ્થામા લભ્ય થાય છે ભ્રાતૃભાવનુ બીજ જે વાસનાદેહની નિર્મળતાની બીજી કોટિમા આરૂઢ થયુ હતુ તેનો હવે વૃક્ષરૂપે આવિર્ભાવ થવા માટે છે

અહિસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને નિર્મમત્વ આ સર્વ વિશુદ્ધ સ્થિતિમા અત્ર પ્રાપ્ત થાય છે નિમ્ન સ્થિતિમા આત્મધ્યાન, તપ, જપ, શીલ, વિગેરે અલ્પ મર્યાદામાં થનુ તે હવે પ્રતિબધ રહિત વિશાળ કાળ પર્યંત તથા વિશાળ મર્યાદામા અચાર રૂપે પ્રાપ્ત થાય છે વર્તનની આ [illegible] પરિસ્થિતિમા જો મનુષ્ય પોતાના ઉત્ક્રાતિક્રમને [illegible] બાજુથી નહિ તપાસતા સસર્ગમાં રહેતા મનુષ્યોના [illegible] ચારોને આધીન થાય અથવા સન્માર્ગમા પ્રતિ[illegible] [illegible] તૈયાર રહેલા અતરગ શત્રુઓનુ પોષણ કરવા [illegible] કારી રાખવામા આવતા જો સાધ્ય દૃષ્ટિ-[illegible] છે તો ક્ષણવારમા અધ પતન થાય છે [illegible] રાખવાની ખાસ આવશ્યકતા છે નીતિમય [illegible] જેટલી પોતાને માટે જવાબદાર છે [illegible] કે જેઓ હજી તેના અધિકારી થય[illegible] અને [illegible] કર્યો જાય છે તેમને માટે જવાબ[illegible] આચરણ કરતા અન્ય પ્રાણીઓને [illegible] પણ પ્રયત્ન નહી થવો જોઈએ [illegible] અન્ય પ્રાણીઓ તરફ નિર્દોષ [illegible] સધાય [illegible]

મુખ્ય આધાર ખાસ કરીને આ કોટી ઉપર લટકી રહેલો છે એક સદાચારી મનુષ્ય જેટલી છાપ ઉપદેશ અથવા લેખનને અગે અન્ય ઉપર જેવી પાડી શકે છે તેવી સદાચાર હીન પરતુ માનસિક બુદ્ધિબળ અને વાગ્બળ યુક્ત મનુષ્ય પાડી શકતો નથી કેમ કે વર્તનનો એક એ અલૌકિક ગુણ છે કે જે લોહચુબકની જેમ અન્યના હૃદયને અને પછીથી વર્તનને ખેચે છે અને પોતાની જેવું કરી મૂકે છે આમ હોવાથી વસ્તુ વિષયક જ્ઞાન અને તેને આચારમા મૂકવાનુ સકલ્પ બળ–ઉભય આચારનુ પરિપાલન અવશ્ય કરાવે છે આચારશુદ્ધિ દ્વારા વ્યવહાર શુદ્ધિ થાય છે, અને આત્મા અસત્ય માર્ગનુ સેવન કરતા ડરે છે જનસમાજમા જ્ઞાની ગણાતા અસદ્ વર્તનવાળા મનુષ્ય ઓછા દૃષ્ટિગોચર થતા નથી છતા ખાસ કરીને શ્રદ્ધાવાન ગ્રામ્યલોકો વર્તનમા એવા ચુસ્ત હોય છે કે કુદરતી હૃદયબળ તેમને પ્રાપ્ત થયેલું હોવાથી તેઓ મહાજ્ઞાનીપણાનો દાવો ધરાવતા નથી પરતુ શારીરિક માનસિક પવિત્રતા જાળવવાની તેઓ સપૂર્ણ પણે ટેક પાળી શકતા હોય છે શ્રીમદ્ દેવચદ્રજી કહે છે કે 'રુચિ અનુયાયી વીર્ય ચરણધારા સધે' એ વાકયનુ સાર્થકય આ વિષયને વિચારતા સ્પષ્ટ પણે સમજી શકાશે, તે વાકય સાબીત કરે છે કે શ્રદ્ધા અને તેની પછી આવતુ સકલ્પબળ અને પછીથી આચાર એ અનુકૂળ–યોગ્ય અને સુઘટિત છે

પવિત્ર જીવન વહન કરવાની પચમ પ્રતિજ્ઞા પ્રાણી માત્રની સેવા તરફ આકર્ષે છે આ જનસમાજ સેવા તે મનુષ્ય વર્ગ પ્રતિનુ પોતાનુ સ્વાર્પણ છે જેમ જેમ આ

સેવાને વિસ્તાર થતો જાય છે, તેમ તેમ ઉત્તમ સંસ્કારોની જમાવટ થતી જાય છે, અને અન્ય અનેક મનુષ્યોને સંકલ્પબળ વડે સન્માર્ગસ્થિત કરે છે જેમ ધનિક મનુષ્ય અન્યને દાન આપી શકે છે તેમ સદાચારી આત્મા પોતાના વિચારો, સંકલ્પબળ અને આચાર ઉચ્ચ હોવાથી અન્યની સેવા કરવાનો અવસર પ્રાપ્ત થતા તેને પોતાના જેવો બનાવી શકે એ નિર્વિવાદ સત્ય છે પોતાના સમાન બંધુઓ તરફ મિત્રભાવ, ગુણીજનોના ગુણો જોઈ તેમના પ્રતિ હર્ષ, દુખીજનો ઉપર દયા અને પાત્રતાથી રહિત અને કુકર્મોમા રચીપચી રહેલા પ્રાણીઓ તરફ ઉપેક્ષા ભાવ--એ જનસમાજ સેવાના અંગો છે અત્રે ઉપેક્ષા ભાવ અથવા અન્ય શબ્દોમા મધ્યસ્થપણુ એવુ દર્શાવે છે કે સ્વશક્તિનો સંપૂર્ણપણે પ્રયોગ કરવા છતા દુષ્કર્મને આચરનાર પ્રાણીઓ સરળ માર્ગમા ન આવે, તો તેની ઉપેક્ષા કરી સ્વોચિત માર્ગ ઉપર ચાલ્યા કરવુ, જેથી તે રીતે નિરપેક્ષ પ્રેમ અને આત્મસત્તા પ્રકટ કરાવવાનુ અનંતર પ્રયોજન બને છે સ્વજન સેવા, રાષ્ટ્ર સેવા, ગુરુસેવા વિગેરેનો સમાવેશ પૂર્વોક્ત અંગોમા આવી જાય છે પ્રત્યેક અધિકારમા જુદી જુદી રીતે નિયુક્ત થયેલા મનુષ્યોને તે કાર્ય ફતેહમંદ કરવાના છે વ્યાવહારિક દૃષ્ટિએ આ સેવાને બજાવતો મનુષ્ય કયા ઉપાયોથી રાષ્ટ્ર ધનાઢ્ય બને, સ્વદેશી હુન્નર ઉદ્યોગને કેવી રીતે ઉત્તેજન મળે, દેશની સમૃદ્ધિ કેવી રીતે જળવાઈ રહે,

વ્યસન ~ ~ સંસ્કારથી ૯ ~

કઈ રીતે ઉત્સાહી બ નિને પ્રમાદ—આપમાંથી મુક્ત થ.ય તેના ઉપાયો શોધવા તત્પર બને છે તેમજ આધ્યાત્મિક દૃષ્ટિએ, સેવા તત્પર થયેલો મનુષ્ય, પ્રાણીઓના કઈ રીતે જન્મ, જરા, મરણ, આધિ, વ્યાધિ અને ઉપાધિના કલેશો શાંત થાય અને આ સંસારરૂપ દાવાનળમાંથી બળતા મનુષ્યોનો કઈ રીતે ઉદ્ધાર થઈ શકે ? તેના ઉપાયોમા મશગુલ હોય છે આ સેવામા અન્ય પાસેથી કોઈ પણ સ્વાર્થના બદલાની આશા રખાતી નથી પરંતુ સ્વકર્તવ્યની પરિપાલનાની ખાતર થાય છે અને એ રીતે આત્માને વિશિષ્ટ પ્રકારે ઉન્નત કરે છે પોતાના જેવા જ અન્ય આત્માઓને માનતો, વિજાતીય ભેદોને દૂર કરી વસ્તુ સ્થિતિ ઉપર દૃષ્ટિને સ્થાપનાર મનુષ્ય, કર્તવ્યનુ પાલન કરતા આત્માનો સંપૂર્ણપણે સાક્ષાત્કાર કરે છે જે મનુષ્યે પૂર્વોક્ત કોટિઓના અનુક્રમ વગર પોતાને કેવળ ભિન્નભિન્ન અવસ્થામા જ પરિબદ્ધ અથવા મર્યાદાબદ્ધ કરી રાખેલો હોય છે તેનો એ આત્મા પશુની સૃષ્ટિના રૂપમા દૃષ્ટિ ગોચર થાય છે જે મનુષ્યોએ વધારે ઉચ્ચ અને ઉન્નત સંસ્કારોથી આધ્યાત્મિક પ્રદેશમા પ્રવેશ કરેલો હોય છે, તેમને આ આત્મા અનંતજ્ઞાનમય દેખાય છે આત્મા ચંદ્ર અને સૂર્યના કરતા અધિક ઉચ્ચતર છે, સ્વર્ગીય દેવો કરતા પણ વિશેષ શક્તિમાન છે, અને આ જગતના તમામ પદાર્થો પણ વિશેષ મહત્તર છે જેથી મારા પોતાના આત્મા વિના અન્યની કોઈની પણ ઉપાસના કરવાની આવશ્યકતા નથી—એ અહી સ્વરૂપદર્શન પ્રકટ થાય છે તે એક પ્રકારની દિવ્ય જ્યોતિ છે, આ દિવ્ય જ્યોતિ જેને

જૈન પરિભાષામા કેવળ જ્ઞાન-દર્શન કહે છે તે વડે જગતને ત્રિકાલિક દ્રવ્ય ગુણ પર્યાયદ્વારા જાણે છે અને જુએ છે 'સોઽહ'ના સાક્ષાત્કાર એ જ આત્મસાક્ષાત્કાર છે અને તમે અને હું ભિન્ન છીએ એમ માનવુ એ જેમ વ્યવહારમાં અક્ષમ્ય અપરાધ છે, તેમ પ્રાણીમાત્રને પોતાના આત્માથી અભેદપણે નિહાળતા આ આત્મામા ગર્દાબપણાનુ અસ્તિત્વ રહેતુ જ નથી એક દીપકની જ્યોતિથી જેમ અનેક દીપકો પ્રગટાવી શકાય છે, તેમ તેઓ સસર્ગમા રહેલા અનેક મનુષ્યોને સ્વમય કરતા જાય છે, આથી આ બે પ્રતિજ્ઞાઓને પરસ્પર નિકટ સબધ છે વિષયની શરૂઆતમા દર્શાવ્યુ છે તેમ આ કોટિ ઉન્નતિપહાડમા શિખર ઉપર રહેલી હોવાથી પ્રત્યેક અધિકારી મનુષ્યે પોતાના કેન્દ્રમા રહી શરૂઆતથી તૈયારી કરવા કટિબદ્ધ થવુ જોઈએ અને એમ ન કરવામાં આવે તો અતો ભ્રષ્ટ, તતો ભ્રષ્ટ જેવી સ્થિતિ પ્રાપ્ત થાય છે અમૂલ્ય માનવ દેહ એળે ગુમાવી દેવામા આવે છે, એટલુ જ નહિ પરતુ જેને પાશવ જીવન અને આસુરી સપત્તિ કહેવામા આવે છે, તેના ભોક્તા થવુ પડે છે આ ઉપરથી પ્રત્યેક મનુષ્યોએ જીદગીના સૂત્રરૂપે આ પ્રતિજ્ઞાઓ ગુથી રાખવાની જરૂર છે તે પ્રમાણે ક્રમશ પોતાની શક્તિ, સયોગ, ધર્મ અને જ્ઞાનના તારતમ્ય અનુસાર પ્રયાસ કરતા ઉચ્ચતર કોટિમા પ્રવેશ કરી પ્રગતિ મય થતા कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन-શ્રી કૃષ્ણે કહેલા સૂત્રાનુસાર ઉદ્યમને આગળ કરી પ્રત્યેક પગથીએ ચડતા જવુ એ જીવનનુ સાફલ્ય છે 'ખાનપાનને ખાતર જીદગી નથી, પરતુ

જીદગીને માટે ખાનપાન છે' એ વાકયની પેઠે જીવનના અધઃપાતને કરનારા અન્ય કાર્યોની આહુતિ આપી પ્રતિજ્ઞારૂપ માનસિક વાચિક અને કાયિક કાર્ય એ જીવનનો આત્મા છે–એવુ ભાન–સાધ્યબિંદુ વર્તનમા મૂકવુ–એમ જ્ઞાનિયો સ્પષ્ટ પણે જણાવે છે જેથી પવિત્ર જીવન વહન કરવા. ઇચ્છનાર પ્રત્યેક પ્રાણીએ આ પ્રતિજ્ઞા ઉપર વિશાળ પ્રમાણમા વિચાર ચલાવવાની જરૂર છે, અને જીવનની પ્રત્યેક ભાવનાઓમા તે ઉતારવાની અને સંકલ્પદ્વારા આચારરૂપે મૂર્તિમાન કરવાની તેટલી જ અનિવાર્ય આવશ્યકતા છે

વિ સં ૧૯૭૨



૨—મનુષ્ય જીવનનો દૃષ્ટિકોણ

ખાસ કરીને બીજા સામાન્ય પ્રાણી કરતા મનુષ્યને વિચાર શક્તિનો વિકાસ અધિક પ્રાપ્ત થયેલો હોવાથી પોતાના ક્ષયોપશમ અનુસાર તે બુદ્ધિ પૂર્વક વિચારી શકે છે પરંતુ જ્યા સુધી મનુષ્યે એ વિચારને આચારના સ્વરૂપમા મૂકયો નથી ત્યા સુધી, સુખ, સંપત્તિ, સામર્થ્ય વિગેરે કાંઈ પણ પ્રાપ્ત થઈ શકતુ નથી જે સુખ પોતે અમુક મર્યાદામા કલ્પેલુ હોય છે, તે કર્તવ્યના આચારમા હોવાથી જીવન

પર્યંત શું કર્તવ્ય છે એ વિચારોનુ વારવાર પરિપાલન કર્યા પછી તેને આચારમા યથાયોગ્ય રીતે મુકવામા જીવનનુ સાફલ્ય છે

બાહ્ય નિમિત્તોને જોઈ સુખદુ ખાદિનો અનુભવ કરવાને ટેવાયેલુ મન આ વિષયમા બહુ જ અગત્યનો ભાગ ભજવે છે મન કોઈ પણ પરિસ્થિતિનો નિર્ણય વિચારરૂપ વ્યાપાર વડે કરે છે તેથી વિચારમા સાવધ રહેનાર મનુષ્ય દુ ખાદિને અલ્પ પ્રમાણમા અનુભવી શકે છે મન જે નિર્ણય કરે છે, તે કોઈ ફેરવી શકતુ નથી ને તેવા નિર્ણયનુ ફળ મનુષ્યને અવશ્ય મળે છે

આમ હોવાથી જે ફળ પ્રાપ્ત કરવાને આપણો આત્મા ઉત્સુક થયો હોય તે મેળવવાને મનને અમુક નિર્ણયવાળુ કરવુ જોઈએ મન જ્યારે પોતાના ઇચ્છિત વિચારોને અખડ સેવે છે ત્યારે તેની ભૂમિકામાં આચારરૂપ બીજ વવાય છે અને કર્તવ્યથી ઉત્પન્ન થતુ ફળ પછી જ મળી શકે છે

સારૂ કે ખોટુ જે મનુષ્યને મળ્યુ હોય છે તે તેના વિકાસક્રમની તેટલી ભૂમિકાને જ યોગ્ય છે વસ્તુસ્થિતિથી અજ્ઞાન મનુષ્યો એમ માને છે કે 'મને અમુક યોગ્ય રીતે મળ્યુ છે' ખરૂ જોતા તેમ નથી જે વિવિધ પરિસ્થિતિઓ પૂર્વ કાળમા મનુષ્યે એકઠી કરેલી છે તેનુ જ વર્તમાન કાળમા અનુભવાતુ પરિણામ છે સ્વભાવ, વિચારો, નિશ્ચયો, સમાગમ અને પૂર્વ સસ્કારોને અનુસાર જેટલી લાયકાત

પ્રાપ્ત થયેલી હોય તેટલી જ વર્તમાનમાં દેખાય છે તેથી કશું ગભરાવા જેવુ હોતુ નથી, પરંતુ જેટલી જેટલી અપૂર્ણતા વિકાસક્રમમા વધેલા અન્ય મનુષ્યના મુકાબલે જણાતી હોય તે દૂર કરવા મનોબળ દૃઢ કરવુ જોઈએ અને કર્તવ્ય ક્ષેત્રમા ઉત્સાહ પૂર્વક ગતિ કરવી જોઈએ

કોઈને ભયવાળુ અત કરણ તો કોઈને નિર્ભય, કોઈને ક્રોધ-શોકવાળુ તો કોઈને અક્રોધ અને શોક રહિત, કોઈને કલેશ અને ચિંતા વાળુ તો કોઈને આનદના નિશ્ચય પણાવાળુ, કોઈને વિકારવાળુ કોઈને તે વિનાનુ, એ પ્રકારે વિવિધ પ્રકારના પ્રત્યેકની યોગ્યતા પ્રમાણે અત કરણ મળ્યા હોય છે આ સર્વ પોત ના પૂર્વકૃત ઉદ્યમનુ-કર્મનુ પરિણામ છે જેની જેની સાથે સબધ થવા યોગ્ય હોય છે તેનો જ તેની સાથે સબધ થયેલો હોય છે કર્મના અવિચળ નિયમને જૂઠો પાડવા ઘણી વખત મનુષ્યના વિચાર પ્રેરાય છે, તે સૂક્ષ્મ વિચારના અભાવનુ પરિણામ છે

કોઈ મનુષ્યના સબધમા આવતા આપણને તેના ઉપર પ્રીતિ કરવાનુ મન થાય છે અથવા પ્રસગે તેનાથી જેમ છુટા થવાય તેમ ઈચ્છા થાય છે પ્રસગે કોઈનાથી આપણને નિર્ભયતા સ્વાભાવિક રીતે પ્રતીત થાય છે, અથવા પ્રસગે કોઈને જોતા જ ભય ઉત્પન્ન થાય છે કોઈ મહાન વ્યક્તિને જોતા આપણો ક્રોધ શમી જાય છે અથવા કોઈને જોતાં ક્રોધ ઉત્પન્ન થાય છે આ પ્રમાણે જુદા જુદા મનુષ્યોના સબધમા આવતા આપણને જુદી જુદી લાગણીઓ થાય છે

દૃષ્ટાંત તરીકે નિર્દોષ સાધુ જીવનને વહન કરનારા પંચ મહાવ્રતધારી મહાત્માની સમીપતા માત્ર થતા સમાગમમા આવનાર મનુષ્યોના અંતર વિકાર કેવા દબાઈ જાય છે! કેવી અપૂર્વ શાંતિ એકાએક પ્રકટે છે! આ પ્રમાણે શાંતિ પ્રિય મનુષ્યોના સમાગમમા આવતા અંતરવૃત્તિઓ જુદુ જ સ્વરૂપ ધારણ કરે છે

દુષ્ટમનુષ્યોના સહવાસમા અલ્પ સમય પણ ન આવવુ— એવી જે શાસ્ત્રકારોએ નીતિ સ્થાપી છે, તેમા પણ એ જ રહસ્ય રહેલું છે તેમના સંબંધમા અલ્પ સમય આવતાં તેમના વિરોધી સ્વભાવની અસર આપણા ઉપર થાય છે અને પરિણામે હાનિ શિવાય કશું દૃષ્ટિ ગોચર થતુ નથી. સત્પુરૂષના સહવાસનુ વાતાવરણ આપણા ઉપર અસર કરી, આપણને તેની જેવા કરી મૂકે છે

જેમ આ જગતમા જુદા જુદા પદાર્થને જુદા આકાર અને રંગ હોય છે તેમ વિચારને પણ આકાર અને રંગ હોય છે એ જૈનદર્શન અનાદિ કાળથી સિદ્ધ કરતુ આવ્યુ છે—તે હાલમા નૂતન વિજ્ઞાને પૂરવાર કર્યું છે કૃષ્ણલેશ્યા નીલલેશ્યા વિગેરે ઉપનામોથી માનસિક વિચારોને રંગેલા છે આથી મનુષ્ય જેવા વિચારો સેવે છે, તેવી જ અસર તેના બાહ્ય શરીર ઉપર થાય છે એ વિજ્ઞાનશાસ્ત્રીઓ અચ્છી રીતે જાણે છે

માનસિક વિચારો ઉપરથી આચારો અને કર્તવ્યનું ગુંથન થાય છે એ સ્પષ્ટ [illegible] બંનેની સંકલનાને સૌ

નાર જ્યા સુધી પ્રયત્ન અને ઉત્સાહ પ્રકટ થતા નથી, ત્યા સુધી બને અલગ રહે છે, અને કાર્યસિદ્ધિ પ્રકટાવી શકતા નથી

સર્વનો પ્રયત્ન એક જ હોતો નથી કોઈ ને માટે એક જ પ્રયત્ન નિર્ણય થયેલો નથી અધિકાર પ્રમાણે પ્રયત્નોનો ભેદ હોવાથી સર્વને એક જ પ્રયત્ન બોધ કરી શકતો નથી, તેથી શો પ્રયત્ન કરવો તે બુદ્ધિમાને બુદ્ધિથી અને વિચારથી નિર્ણય કરતા કદાચ ખોટો થશે તો તેથી ભય ધરવાનુ કારણ નથી, એ ખોટો નિર્ણય પ્રયત્નના અનુભવથી યોગ્ય નિર્ણયમા આવશે મહાત્માના વચનો વિશેષ વાચી-વિચારવાની સૂક્ષ્મદૃષ્ટિ પ્રાપ્ત થતા સત્ય નિર્ણયો સ્વયમેવ મળતા રહેશે.

આ ઉપરથી ફલિત થાય છે કે વિચારો સારા કરવા, મનોબળ દઢ કરવુ અને શાસ્ત્રવચનરૂપ ટાકણાથી વર્તન ઘડવુ—એ મનુષ્યજીવનનો દૃષ્ટિકોણ અથવા સાધ્યબિંદુ છે ખોટામાથી સારૂ પ્રકટાવવાનો મનને સ્વભાવ પાડવો—એ પરમ રહસ્યને સદા દૃષ્ટિ સન્મુખ રાખવુ જોઈએ

गृहीत इव केशेषु मृत्युना धर्ममाचरेत् ।

એ સૂત્રને નિરતર સ્મરણમા રાખવાની અગત્ય છે કેમકે જે દષ્ટિબિંદુઓ માનસિક વિચારણાના માર્ગમા આવ્યા હોય તેમાથી આચારમા કેટલા મૂકાયા અને મુકાય છે તે લક્ષ્યમા રહેશે જેથી પ્રયત્ન નિરતર બળવાન થતો જશે.

જીવનનુ લક્ષ્યબિંદુ અનેક રીતે વહેચાયેલુ છે, છતા વિચાર અને આચાર ઉપર તે લટકેલુ છે એ નિર્વિવાદ છે જેમ જેમ લક્ષ્યો ઉચ્ચ કોટિના થશે તેમ તેમ કર્તવ્યની દિશાના જણાશે અને પરિણામે મનુષ્યજીવન તુચ્છમાત્ર નિરર્થક નહિ બનતા સાત્ત્વિક અને અનુકરણીય બનશે

વિ સ ૧૯૭૦

૩. સાત્ત્વિકી વૃત્તિનુ ઝરણુ

જેમ લક્ષણ ઉપરથી લક્ષ્ય લેવાય છે, તેમ ગુણો ઉપરથી મનુષ્ય સ્વભાવની વૃત્તિઓ ઘડાય છે આ વૃત્તિઓ જ્યારે સ્થૂલ સ્વરૂપે અનુકૂળ કે પ્રતિકૂળપણે દ્રષ્ટિગોચર થાય છે ત્યારે તે મનુષ્યોની પ્રવૃત્તિઓરૂપે સબોધાય છે મનુષ્યની પ્રત્યેક પ્રવૃત્તિઓનુ મૂળ કારણ આત્માના ગુણો હોઈ તે ગુણ સીધી દશામા છે કે આડકતરી દિશામાં છે તે માટે વિચારવાનો યોગ્ય તપાસ વડે વિચારી શકે છે કેમકે જે ગુણ આત્માને ઉપકારક બને, તેની શુદ્ધ સ્થિતિનું ભાન કરાવી શુભ પ્રવૃત્તિમા જોડે, તે ગુણ સરલ દિશામાં ગણાય છે અને તેથી ઉલટુ જે ગુણ આત્માને વિષય કષાયમા, અનુચિત પ્રવૃત્તિઓમા અને સકુચિત મર્યાદામા યોજે તે પ્રતિકૂળ દિશામા ગણાય છે ઉભય આત્માના ગુણો છે પરતુ પ્રથમનો ગુણ સ્વાભાવિકપણે ઉત્પન્ન થાય છે જ્યારે અન્ય ગુણ પરસયોગવડે ઉ[illegible] વિભાવિક ગુણ છે

સાંખ્ય દર્શન કહે છે કે सत्वरजस्तम इति गुणा प्रकृति सम्भवा ॥ સત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણ ગુણો પ્રકૃતિથી ઉદ્ભવેલા છે તેમ માની सर्वारम्भपरित्यागी गुणातीत स उच्यते—'સર્વારંભોનો ત્યજનશીલ પુરૂષ ગુણાતીત બને છે' આ હકીકત જૈનદર્શન સાથે સરખાવતા જગતની દ્રષ્ટિએ તે વિશિષ્ટ પ્રકારની નવીનતા બતાવે છે, સાંખ્યો પ્રકૃતિ (કર્મ) થી ઉત્પન્ન થયેલા ત્રણ ગુણો માને છે જ્યારે જૈન દર્શન આત્માના સ્વભાવિક ગુણોવાળી માન્યતાવાળુ છે, સત્વગુણનુ જેમ અધિક પોષણ થાય તેમ તેમ સાત્વિક વૃત્તિ વધારે સામર્થ્યવાળી ઘડાય છે અને છેવટે તેના ગુણો પરાકાષ્ઠાએ પહોચે છે

જૈન દર્શનના કથનાનુસાર વિચારતા રજોગુણ અને તમોગુણનો અપ્રશસ્ત રાગ અને દ્વેષમા અંતર્ભાવ થાય છે જ્યારે સત્ત્વ ગુણ એ પ્રશસ્ત રાગમા સમાય છે પોતાના શુભ અનુષ્ઠાનો તરફ આત્માનો પ્રેમ એ તેનો સત્ત્વ ગુણ છે, જ્યારે અન્ય અવસ્થામા તે રજોગુણી અથવા તમોગુણી કહેવાય છે આત્માની આ જુદી જુદી અવસ્થાઓમા નજીક સંયોગોને લઈને જ્યારે જ્યારે તે ગુણોમા પ્રવૃત્ત થાય છે ત્યારે ત્યારે તદનુકૂળ વૃત્તિઓનુ સ્વામિત્વ તેના ઉપર થાય છે, વિચારો પણ તેવાજ બંધાય છે અને કાર્ય પણ તેવુ જ દ્રષ્ટિ ગોચર થાય છે

ખાસ કરીને આ ત્રણે વૃત્તિઓનો આધાર ખોરાક, સ્થાન અને સંગતિ ઉપર આધાર રાખે છે પૂર્વના પરિચિત

સસ્કારો એ પણ અગત્યનો ભાગ ભજવે છે છતા આ ત્રણ બાબતો ઉપર સવિશેષે લક્ષ અપાય અને ઉદ્યમવડે સાત્ત્વિક ખોરાક, ઉત્તમ મિત્ર અને સસગતિ ઉપર જીવન વ્યવહાર ચલાવાય તો સાત્ત્વિક ગુણ પ્રકટવાની સાથે સાત્ત્વિકી વૃત્તિઓનું પોષણ થઈ જગતને પણ ઉપકારી કાર્યો કરવા શક્તિમાન બને છે

રાજસી વૃત્તિવાળા મનુષ્યનું વર્તન કામરાગ, સ્નેહરાગ, અને દૃષ્ટિરાગમાં અજાઈ ગયેલું હોય છે, તામસી પ્રકૃતિ વાળા મનુષ્યનુ વર્તન ક્રોધના આવેશવાળુ, રૌદ્રધ્યાનથી પરિપૂર્ણ, અને અહકારમા આરૂઢ હોય છે, જ્યારે સાત્ત્વિકી વૃત્તિવાળા મનુષ્યનુ વર્તન દાન-શીલ-તપ અને શુદ્ધ ભાવ નામા આદરવાળુ તેમજ ગુણી જનોને જોઈ ગુણો તરફ સગ્રાહક વલણની (Collective tendency) પ્રેરણાવાળુ અને વિશ્વબધુત્વ (Universal brotherhood) મા પ્રવૃત્તિવાળુ હોય છે

આ ઉપરથી જોઈ શકાશે કે આ સાત્ત્વિક ગુણોનો મુખ્ય આધાર બહારના પરિચય સાથે છે તે ગુણની વૃદ્ધિ કરવા માટે પવિત્ર વાતાવરણવાળા સ્થાનકોનો આશ્રય કરવો ઈષ્ટ છે, તીર્થ સ્થાનમા જઈ જીવનનો મોટો ભાગ વીતાવવાની જરૂર છે, પુસ્તકો પણ તેવી જ વૃત્તિને ઉત્તેજિત કરે તેવા વાચવાની આવશ્યકતા છે મનુષ્યનો મોટો ભાગ રાજસી [illegible] પ્રકૃતિને ઉત્તેજક [illegible]ધતા

હોય છે અને કૂવાના દેડકાની માફક તેમાજ આનંદ માનતા હોય છે, કેમકે તેઓને સાત્ત્વિક વૃત્તિના આનંદનો સ્વાદ પ્રાપ્ત થયેલો હોતો નથી સત્ત્વગુણને મદદ કરનાર ખોરાકમા પણ સાવચેતી રાખવાની ઓછી અગત્ય નથી, કહેવાય છે કે આહાર તેવો ઓડકાર—જેવો આહાર તેવી બુદ્ધિ થાય છે તમોગુણ અને રજોગુણ ઉત્પન્ન કરાવે તેવો ખોરાક સદંતર ત્યજી દેવાની આવશ્યકતા છે મનુષ્યોએ પોતાનું આત્મબળ, તામગી અને રાજસીવાળા સ્થાન, ખોરાક અને સગતમા ગુમાવવાને બદલે જો તેનો સાત્ત્વિકી વૃત્તિને ઉત્તેજક કાર્યમા વ્યય કરવામા આવે તો પોતાને અનુકૂળ ફળ પ્રાપ્તિ થાય એટલું જ નહિ પરંતુ જગતના અનેક પ્રાણીઓના અનુગ્રહનુ નિમિત્તભૂત બને છે, અને સાત્વિકી વૃત્તિમાથી નીકળતી જીવન સુવાસ ઉભય સસર્ગીઓને અપૂર્વભૂત આનંદ અર્પે છે

સાત્ત્વિકી વૃત્તિનું લક્ષ્યબિંદુ પૂર્વોક્ત ત્રણ પરિસ્થિતિનો સંગમ સ્થાન ઉપર છે, પૂર્વકાળના ઇતિહાસ, ચિત્રો કે જેમા સત્ત્વપ્રધાન ગુણ વૃદ્ધિ પામે છે તેને ગુણ દૃષ્ટિએ અવલોકવા, શ્રી જિનેશ્વરની પ્રતિમામા મૂર્તિમાન ગુણોરૂપ શ્રી જિનેશ્વરનુ સ્વરૂપદર્શન કરવું, નિર્દોષ પ્રવૃત્તિમા નિરંતર ઉત્સુક રહેવું અને દયાનો ઝરો નિરંતર વહેતો રાખવો—એ સાત્વિકી વૃત્તિને આત્મા સાથે ઓતપ્રોત કરવાની કળા છે

આ સક્ષિપ્ત નિવેદન અનુસાર મુમુક્ષુ પ્રાણીઓએ સાત્ત્વિકી વૃત્તિ ઉપર સ્વામિત્વ મેળવવા પ્રયાસ કરવાની

આવશ્યકતા છે, સત્શાસ્ત્ર પુન પુન એમજ સબોધે છે, સર્વ શુભ અનુષ્ઠાનો તે વૃત્તિ ઉપર સ્વામિત્વ પ્રાપ્ત કરવા માટે જ છે, એજ હકીકતને સ્તુતિના રૂપમા શ્રી આનદ ઘનજી કહે છે કે,

શુદ્ધ આલબન આદરે, તજી અવર જ જાલ રે,
તામસી વૃત્તિ સવિ પરિહરી, ભજે સાત્ત્વિકી શાલ રે

એટલે કે-જેઓ અપ્રશસ્ત આલબનને તજી પ્રશસ્ત આલબનનું સેવન કરે છે તેમની તામસી વૃત્તિ દૂર થઈ મનોહર સાત્ત્વિકી વૃત્તિ તેમને પ્રાપ્ત થાય છે શ્રી ભગવદ્ ગીતા પણ આ સબધમા કહે છે કે,

सर्व द्विरेषु देहेस्मिन् प्रकाश उपजायते ।
ज्ञान यदातदा विद्याद्विवृद्ध सत्त्वमित्युत ॥

જ્યારે આ શરીરના સર્વ દ્વારમા જ્ઞાન પ્રકાશ થઈ રહે છે ત્યારે હે કૌન્તેય ? સત્ત્વગુણની વૃદ્ધિ થયેલી તું જાણ !

સારાશ કે સત્ત્વગુણની પ્રાપ્તિ પ્રબળ ઉદ્યમ વગર બની શકતી નથી, સાત્ત્વિકી વૃત્તિનો પ્રવાહ અપૂર્વ છે પરતુ તે ઝરણારૂપે પ્રાપ્ત થવી એ કાઈ અલ્પ પુણ્ય પ્રકૃતિનું પરિણામ નથી, સન્માર્ગના વાચક પ્રાણીને ગુરુ પ્રસાદ, ઉત્તમ સ્થાન અને સત્સગતિનુ તેવુ ફળ-પરિણામ નિષ્પન્ન કરાવી આપે તેવુ ઇચ્છી આ લઘુ લેખ સમાપ્ત કરવામા આવે છે

૪. માનસ કેળવણીનુ સંસ્કૃત સ્વરૂપ શુ?

માનસિક ખીલવણી

પરિચય:

જનહિતવાદની દૃષ્ટિએ ચર્ચાતા આધુનિક વિષયો ભિન્ન ભિન્ન રીતે ત્રણ કોટિના હોય છે કેટલાએક સામાન્ય પ્રગતિમા પ્રવેશ કરવાનુ સૂચવનારા છે, અમુક વિષયો સન્માર્ગ પ્રતિ પ્રેરનારા હોઈ ઉન્માર્ગગામીપણાનો અભાવ શીખવે છે, પરતુ આ બન્નેથી ઉચ્ચ કોટિને પ્રતિપાદન કરનારા વિષયો વાચકોને શરૂઆતથી પ્રથમ ભૂમિકાનુ ભાન કરાવી રસ્તે રસ્તે છેક ઉન્નત ભૂમિકાનુ સ્વરૂપ ગોચર કરે છે અને અધિકારીજનોને ત્યા દોરી જાય છે આ છેલ્લી કોટિના વિષયો પૈકી પ્રસ્તુત વિષય જે મુખપૃષ્ઠ ઉપર નિવેદિત થયેલો છે, તે માનસશાસ્ત્રના ઊડા મૂળ તત્ત્વો વડે સચિત થયેલો હોવાથી સર્વ અવસ્થાઓનુ દર્શન કરાવવા સમર્થ થશે, એટલુ જ નહિ પરતુ આત્મા સાથે તેનો કાઈ સબધ છે? આત્માને તે કેટલા પ્રમાણમા ઉપકારક છે? વિગેરે પણ અતર્ગત સૂચવશે અને કેળવણી અને ખીલવણીની જુદી જુદી અવસ્થાઓને વ્યક્ત કરવા સાથે મનોબળનુ વિશાળ સ્વરૂપ અભિલક્ષિત કરશે

પદાર્થજ્ઞાનની અગત્યતા

સૌથી પ્રથમ કોઈ પણ વસ્તુનો સદુપયોગ કરવા માટે તે વસ્તુ અને તેના સ્વભાવનુ યથાર્થ જ્ઞાન થવુ

જોઈએ. તે થયા પછી મનુષ્ય પ્રાણી સ્વશક્તિ અનુસાર તે ઉપર ચાહે તેટલી કરામત કરી શકે છે એ પદાર્થનો પૂર્ણપણે વિચાર કરીને તેની ઉપયોગિતા અને ગુણદોષોનુ જ્ઞાન સપાદન કરવાવાળો મનુષ્ય પછીથી તેની ઘટતી વ્યવસ્થા કરી શકે છે પદાર્થશાસ્ત્રનો આ પ્રકારે નિયમ હોવાથી પ્રસ્તુત સ્થિતિમાં મન એ શું વસ્તુ છે ? અને તેના ગુણદોષની ઉપયોગિતા કેટલા પ્રમાણમા છે તે જાણવાની પ્રથમ આવશ્યકતા છે

મનની અમૂલ્યતા અને દુર્લભતા

જગતમા અનત પ્રાણીઓનુ જન્મમરણ નિરતર થયા કરે છે તેઓમા કેટલાક પ્રાણીઓ જેવા કે એકેદ્રિય, બેઇદ્રિય, ત્રીદ્રિય, ચતુરિદ્રિય અને અસજ્ઞીપંચેદ્રિય–આ સર્વ પ્રાણીઓને પોતાના જન્મને આશ્રીને તેઓ મનરૂપ અમૂલ્ય વસ્તુને પ્રાપ્ત કરવા ભાગ્યશાળી થતા નથી, કેમકે મન એ એક જાતની અપ્રતિમ શક્તિ છે તે તેમના નસીબ મા જ નથી, તેથી તેમની પાસે મનરૂપ અમૂલ્ય ખજાનો નહિ હોવાથી આત્મિક ઋદ્ધિની મહત્વતા શું છે ? તેનો આનદ કેટલા વિસ્તારમા છે ? તેનો સહજ પણ ખ્યાલ ક્યાથી હોઈ શકે ? પરતુ જેના પુણ્યયોગે મન પ્રાપ્ત થયેલુ હોય તેવા તિર્યંચ પંચેદ્રિય જેવા કે હસ્તી, અશ્વ વિગેરે, તેઓને મનરૂપ અમૂલ્ય ખજાનો પ્રાપ્ત હોવા છતા તેનો યોગ્ય રીતે ઉપયોગ કરવામા પ્રબળ આવરણ કારણભૂત છે

મનુષ્યને અમૂલ્ય ખજાનાનો ઉપયોગ

મનને જેવું સમૃદ્ધ બનાવવું ધારી શકાય તેવુ બની શકે તેવું છે મનુષ્ય જીદગી પામીને જે મનુષ્યો તે ખજાનાનો દુરુપયોગ કરે છે અથવા તેને નિરુપયોગીપણે રહેવા દઈ કાટ ખાવા દે છે, તેઓ કાકચચુમા આવી પડનાર રત્નને ગુમાવનાર કાઇવાહુની પેઠે હસ્તામલકવત્ પ્રાપ્ત થયેલ કોહિનૂરને ક્ષણવારમા ખોઈનાખે છે, એમ કહેવું એ પરિપૂર્ણ સત્ય છે

ખીલવણીનો સામાન્ય ક્રમ

આ મનરૂપ કોહિનૂર કે જેનું અલૌકિક તેજ છે, તે પચેદ્રિય મનુષ્યને પ્રાપ્ત થયેલું છે એક મનુષ્ય તરીકે જન્મેલા પ્રાણીની સાથે ખાણમા રહેલા સુવર્ણની જેમ તેનું આવરણ થયેલુ છે પૂર્વ સયોગરૂપ માટીથી આવૃત્ત થયેલા આ કોહિનૂરને ધીમે ધીમે સસ્કારો વડે સાફ કરી, કેળવણી વડે કેળવી-પહેલ પાડી, તેની ખીલવણી અથવા તેના સ્વાભાવિક ચળકાટમા પૂરબહારમા કેવી રીતે લાવવો તે આટલુ જાણ્યા પછી દ્વિતીય આવશ્યકતા રૂપ છે

કેળવણી અને ખીલવણીનુ અતર

અત્ર પ્રશ્ન ઉદ્‌ભવે છે કે માનસિક ખીલવણી એ શું છે? કેળવણી અને ખીલવણીમા શું તફાવત છે? તત્સબધી વિચારતા અને રહસ્યનુ તારણ કરતા આ પ્રશ્ન દૃષ્ટિગોચર થાય છે મનને ખીલવવુ તેનુ નામ માનસિક ખીલવણી, પરતુ મન એકદમ ખીલી જતુ નથી. ખાસ

ખીલવુ શબ્દ પુષ્પની અવસ્થા ઉપરથી નીકળેલો છે જેમ એક બીડાયલુ પુષ્પ હોય છે, તેની કળીઓ ધીમે ધીમે ઉઘડે છે, તે સારી રીતે ઉઘડયા પછી તેની કર્ણિકાઓ અને પાખડીઓ પૂર્ણ કમામમા ખુલ્લી જવાથી પુષ્પ ખીલી નીકળે છે–આ અવસ્થા તે પુષ્પની ખીલવણી છે, તેજ પ્રકારે મન એ બીડાયલુ પુષ્પ છે તેની કળીઓને ઉઘાડવાને સૌથી પ્રથમ કેળવણીના સાધનો એકઠા કરવા જોઈએ, તે સાધનો વડે ઉઘડે છે, ઉઘડ્યા પછી અવિરત પણે કેળવણી વડે સિંચન કરવાથી ખીલે છે, અને વિસ્તારવાળુ બને છે મનોબળની આ ખીલેલી અવસ્થા તે માનસિક ખીલવણી તરીકે સબોધિત થયેલી છે પ્રથમ દરેક મન અનાદિ પ્રવાહથી સકલ્પ વિકલ્પાત્મક ધર્મવાળુ હોય છે તેને અશુભ સકલ્પથી નિવારી–સયમન કરી શુભ સકલ્પમા જોડવુ તે તેની કેળવણી છે, પરતુ અમુક થયા પછી શુભ સકલ્પાત્મક ધર્મ તજીને મનને નિર્વિકલ્પમય શાત સરોવર જેવુ બનાવવું તે ખીલવણી છે શાત સરોવરમા જેમ પ્રતિબિંબો સ્પષ્ટપણે દેખાય છે, જરાપણ કલ્લોલ વગરનુ પાણી હોવાથી તાદશ ભાન થાય છે, તેમ સકલ્પ વિકલ્પ રહિત મન થવાથી તેમા દરેક વસ્તુનુ પ્રતિબિબ પડે છે, તે હલ્યા ચાલ્યા વિના પડે છે તેની અસર મનને દર્પણની જેમ થાય છે મનની આ અવસ્થા તેજ માનસિક ખીલવણી છે શુદ્ધ માનસિક ખીલવણી પ્રાપ્ત થયા પછી કદિ માનસ સકોચ થતો નથી, કેમકે માનસિક ખીલવણી વાસ્તવિક રીતે તેજ છે કે જે દ્વારા સહજ રીતે આત્મા

નુભવમા મહાને માટે રમણુતા થઈ શકે

ખીલવણીને એક બીજો પ્રકાર છે કે જેને સરવાળો પ્રથમના સરવાળાની સાથે જ આવે છે, પરતુ સમજવાની કોટિભિન્ન છે એક દાખલા (Example) મા Highest Common Factor અને Lowest Common Factor હોય છે એટલે કે બેઉમા Common Factor સામાન્ય છે પરતુ તેની શોધવાની જુદી જુદી રીત છે, એ બીજ ગણિતના અભ્યાસીઓ સારી રીતે જાણતા હશે, તેમ ઘણા પ્રમાણવાળા દુધને, માવો તેમજ ઘી અલ્પ પ્રમાણમા વજનવાળા બને છે, સેંકડો ખાડી શેરડીનો ગોળ અમુક પ્રમાણવાળો બને છે–તેમ મનને અસખ્ય પદાર્થોના વિચારોમાથી દૂર કરી એક બે પાચ પદાર્થો કે જે સમગ્ર પદાર્થોનુ તાત્વિક જીવન છે, તેમા લઈ જવુ એ ખીલવણીને બીજો પ્રકાર છે પુષ્પની વિકસિત અવસ્થા અને દુધની સકુચિત પણ પણ અત્યત સ્નિગ્ધપણાને પ્રાપ્ત થયેલી અવસ્થાઓને સરવાળો–સકલ્પ વિકલ્પવાળા મનોબળને શુભ આશય વાળુ બનાવવુ તે માનસિક ખીલવણી છે–એમ સરવપણે સૂચવે છે

ખીલવણીનુ પ્રકારાતર સ્વરૂપ

માનસિક કેળવણીના મુખ્ય અગો

સાધ્ય અને સાધન ઉભયના દૃષ્ટિબિંદુઓ જાણવાથી સાધ્ય વસ્તુ અનાયાસે પ્રાપ્ત થઈ શકે છે અત્ર માનસિક

ખીલવણી એ સાધ્યબિંદુ છે તેનું સાધન માનસિક કેળવણી છે આ કેળવણીના જે જે અંગો છે તે પ્રાપ્ત કર્યા પછી મનોબળમા વેગ આવે છે અને તે વેગને વારવાર ગતિમાન રાખવાથી મનોબળનું તેજ અપૂર્વ ખીલી નીકળે છે, તે સાધ્ય છે તેને જ પ્રાપ્ત કરવા દરેક પ્રાણીનુ લક્ષ્યબિંદુ હોવુ જોઈએ તેમજ તેના સાધનોના પ્રયાસમા તત્પર રહી તદનુસાર તત્કાળ અનુષ્ઠાનમા થવુ જોઈએ તે માનસિક કેળવણીના અંગો આ પ્રકારે છે

(૧) ગૃહ સસ્કાર, (૨) સત્સગ, (૩) પુસ્તકોનો પરિચય, (૪) શ્રદ્ધા, (૫) મન સયમ, (૬) સદ્વિચારોનુ પરિશીલન

ખીલવણી બે પ્રકારે

આટલા અંગો નિર્દોષપણે પ્રાપ્ત કરવા પછી કેળવણી વડે મનરૂપ કોહીનૂરની અચ્છી પહેલ પાડી શકાય છે આ અંગોનુ સ્વરૂપ અત્ર સંક્ષેપમા કહેવામાં આવશે, પરતુ તે પહેલા કહેવાની જરૂર જણાય છે કે માનસિક ખીલવણી બે પ્રકારે બને છે વ્યવહારોપયોગી કે જેનુ બીજુ નામ બુદ્ધિની ખીલવણી છે, બીજી આત્મજ્ઞાનોપયોગી કે જે શુદ્ધ માનસિક ખીલવણી છે

આ દ્વિતીય ખીલવણી વાસ્તવિક ખીલવણી છે અનાદિ કાળથી અનેક આત્માઓએ વ્યવહારોપયોગી

કરવામા ઓછાશ રાખી નથી પરતુ આત્મજ્ઞાનોપયોગી ખીલવણીમા વિરલા મનુષ્યો પ્રયત્ન કરી શકે છે એક દૃષ્ટાત તપાસીએ આ શરીરનુ આપણે સુદર ખાદ્ય પદાર્થોથી પોષણુ કરીએ છીએ–તેને સારો સારો ખોરાક આપી તેજસ્વી બનાવીએ છીએ, તેના ઉપર શુભ ગધનુ વિલેપન વિગેરે સ્પર્શ વડે સૌદર્યતામા વધારો કરીએ છીએ, પરતુ આ પૌદ્ગલિક પદાર્થની ખીલવણી આપણે વિચારશું તો જણાશે કે તે આપણે કરતા જ આવ્યા છીએ પરતુ આત્મા શું છે? તે શરીર અને જગતના અન્ય સ્થાવર જગમ પદાર્થો ઉપર કેવી અનિયત્રિત સત્તા ધરાવે છે? તેને કોણુ દેખી શકે છે? વિગેરે બાબતો ઉપર વિચાર ચલાવવો અને તેમાથી આત્માને જાણવાનુ સામર્થ્ય મેળવવું—તે વિશુદ્ધ માનસિક ખીલવણી વડે જ થઈ શકે જડવાદના એકાત અધકારને દૂર કરી નાખનાર જૈનદર્શન વિશુદ્ધ માનસિક ખીલવણીના સ્વરૂપને પુરતો પ્રકાશ આપી શકે છે તદનુસાર સ્વરૂપનુ વિવેચન કરવામા આવતા પૂર્વ નિવેદિત કેળવણીના અગો કે જે બને પ્રકારની ખીલવણીના સામાન્ય સાધનો છે તે ઉપર સક્ષિપ્ત પર્યાલોચના કરવામા અનુચિત નહિ ગણાય

ગૃહસ્કાર

ગ્રામોફોનની પ્લેટમા જેમ જેવું બોલવામા આવે છે તેવા જ શબ્દોના પરમાણુઓ કોતરાઈ પુન તેવાજ અક્ષરો પ્લેટ મારફતે ઉચ્ચારાય છે, તેમ દરેક બાળકમા ગૃહ સસ્કારોનુ બીજ જેવું અને જેટલા સત્ત્વવાળુ હોય તેવું

અને તેટલા સત્ત્વવાળુ લક્ષ થવુ સભવિત છે બાલવયમાં માનસિક બધારણ બહુ જ કુમળુ હોય છે જેમ વાળીએ તેમ વળે એવું હોય છે તેથી વ્યવસ્થાપુરસર જેમ સસ્કારો પાડવા હોય તેમ પાડી શકાય છે, જન્મથી સસ્કારો પાડવા એ માનસમદિરને ચણવાની પીઠિકા છે જે ઘરમા બાળકો ઊછરતા હોય છે તે ઉપર ભવિષ્યનો આધાર લટકી રહેલો હોય છે ગૃહવ્યવસ્થા જો ન્યાયપુરસર નીતિમય, પ્રેમમય અને આનદમય હોય તો તેવી જ બુદ્ધિ અને સસ્કારોનુ પ્રતિબિબ બાળકના સ્થિતિસ્થાપક મન ઉપર પડે છે જે ગૃહમા બોલાતા વચનો પ્રતિક્ષણે બાળવામા આવતા હોય તે બાળકોની માનસિક સ્થિતિ શરૂઆતમા જ છિન્નભિન્ન અવસ્થામા મુકાય છે બાળકના નાનપણમા સૌથી નિકટ સબધ ધરાવનાર માતા જો તે માતા, સુબુદ્ધિ અને સુશીલ હોય તો બાળકમા તેવા જ પ્રકારના પરિણામ ઉત્પન્ન કરી શકે છે કેમકે વાણીગત ઉપદેશ સમજવાનુ સામર્થ્ય બહુ જ પાકટવય થાય પછી આવે છે પરતુ પ્રત્યક્ષ આચારને જોઈ સમજી લેવાની શકિત બાલ્યવયથી જ થયેલી હોય છે દષ્ટાત તરીકે પ્રાચીન ઇતિહાસો તરફ દૃષ્ટિપાત કરતા જણાશે કે પાશ્ચાત્ય અને પૌરસ્ત્ય બને દેશોમા જે જે કવિઓ, વિજ્ઞાનવાદીઓ, જડવાદીઓ અને અધ્યાત્મવાદીઓ છે, તેઓમા તેમની મોટી ઉમરમા થયેલા કાર્યવૃક્ષોના સસ્કારરૂપ બીજો 'ગૃહસસ્કાર' અવસ્થામા ગૂઢપણે વપન થયેલા હતા આ ઉપરથી

એવુ સિદ્ધ થાય કે જે મનુષ્યો બાળકો ઉત્પન્ન કરી તેના માતપિતા તરીકે પોતાને કહેવડાવા માગતા હોય, અને તે દાવો ધરાવવા તત્પર હોય તેઓ ખરેખરા માતપિતા ત્યારે જ થઈ શકે કે જ્યારે ગર્ભમાથી જ બાળકમા શુભ સસ્કારો દાખલ કરવા પ્રયત્નશીલ બને અને જન્મ આપ્યા પછી તેને સુમાર્ગગામી અને બળવર્ધક શિક્ષણ મળે તેવી યોજનામા મૂકે અન્યથા પચતત્ર આખ્યાયિકામા કહેલુ છે કે—

माता शत्रु पिता वैरी येन बालो न पाठित

—અર્થાત્ જો કે દુનિયાની નજરમા તે માતપિતા તરીકે વ્યવહારાય છે પરતુ વાસ્તવિક રીતે તેઓ તેના શત્રુ તરીકે નિર્દેશ પામેલા છે—એમ નીતિકાર ડિમડિમ વગાડીને કહે છે આથી ગૃહસસ્કારરૂપ પીઠિકા વગરનુ માનસમદિર રેતીકણોમાં ઊભુ થતુ નજરે પડશે

સત્સગ

માનસિક મદિરની ગૃહસસ્કારરૂપ પીઠિકા તૈયાર થયા પછી તેના ઉપર બાંધકામની શરૂઆત કરવાનો વખત આવી પહોચે છે ગૃહસસ્કાર મજબૂત અને નિબિડ હોય તો સત્સગની અસર શીઘ્ર ફલવાહી થઈ શકે છે ખાનદાન કુટુબમાં જન્મેલા અને ઉછરેલા બાળકો, અન્ય કુસગનુ સેવન કરતા બાળકોના પરિચયમા આવ્યા પછી તેમની સોબતથી દુરાચારી બની પોતાના મનોબળને નિર્વીર્ય કરી

નાખે છે અને તદનુસાર તેમનું શરીરબળ પણ નિઃસત્ત્વ બને છે વીર્યહીન થયેલું શરીરબળ અને મનોબળ શુભ વિચારોનો સંગ્રહ કરવાને તથા ઇંદ્રિયસંયમ કરવાને નાલાયક બને છે આ રીતે અનેક દૃષ્ટાન્તો બનેલાં અને હજી બનતાં જાય છે, કેમકે ખાનદાન કુટુંબમાં ઉછરેલાં બાળકોના સંસ્કારો યદ્યપિ સારા અને સુદૃઢ હોય છે, છતાં તેને વ્યવસ્થામાં નહિ મૂકવાના કારણે તે ઢીલા અને નરમ બની જાય છે પુષ્પને સમીપસ્થ હિંગની વાસ બેસતાં જેમ વાર લાગતી નથી તેમ કુસંગવડે ક્ષણવારમાં સંસ્કારો વિખરાઈ જાય છે અને ગૃહસંસ્કારની પીઠિકાને જડમૂળથી ઉખેડી નાખે છે આથી સત્સંગની આવશ્યકતાની અનેક પ્રમાણોથી જરૂરિયાત રહેલી છે દૃષ્ટાંત તરીકે જિનમંદિરમાં જિન પ્રતિમાનું સ્થાપન કરવું અને મોટા ખરચથી જિનમંદિર બંધાવી ત્યાં આપણે જવું અને જિનપ્રતિમાની અર્ચના વગેરે નિરંતર કરવી એ શું સૂચવે છે? તે એમ સૂચવે છે છે કે, તમે દરરોજ આ પરિચય રાખો અને પરિચય રાખ વાથી તમારા માનસ સંસ્કારી, સુદૃઢ અને સ્થિતિસ્થાપક બનશે, જે ચિરકાળ ટકી રહેશે આ ઉપરથી દરેક મનુષ્યે સત્સંગતિ સદા રાખવી જોઈએ અને તેને નિભાવી રાખવી જોઈએ

આ પ્રમાણે કુસંગી મનુષ્યોથી સાવધપણું રાખવું એ ઓછું અગત્યનું નથી જો તે ન રાખવામાં આવે તો તેના દુર્ગુણો તેનામાં પ્રવેશ પા ? વિજય મેળવી શકે છે

સત્સંગ મેળવવાના અનેક દ્વારો છે એકાદ મંડળ સ્થાપી તેમાં ગુણાધિક મનુષ્યોને આમંત્રી તેમના વિચારોની આપ લે કરી સત્સંગની મીઠાશ અનુભવાય છે, જેથી તે ગુણાધિક મનુષ્યોદ્વારા સત્સંગના લાભ પણ જાણી શકાય છે આ પ્રકારે સત્સંગથી સુદૃઢ થયેલા માનસસંસ્કારોમાં સદાચાર ઉત્પન્ન કરે છે નીતિકાર કહે છે કે, समानशीलव्यसनेषु सख्यम्—પણ આ સત્સંગનો શરૂઆતનો પાઠ શીખનારને માટે કદાચ હોય પરંતુ તેથી આગળ ચાલનાર તો ' उत्तमशीलव्यसनेषु संगम् ' એ વાકયનું અનુસરણ તેને સત્સંગમાં પ્રગતિ કરાવનાર થઈ પડે છે કેમકે ઉત્તમ જનો વડે અનુકૂળ પ્રસંગે થયેલી સૂચના કે બોધ વચનો આખા જીવનના ક્રમને સુધારી નાખે છે એક જ સદુપદેશરૂપ વચનબાણથી સેંકડો મહાપુરુષો ઘર તજી વૈરાગ્યરંગથી રંગિત થયેલા છે સત્સંગ આચરણ શુદ્ધ કરનાર હોવાથી તે દ્વારા માનસિક કેળવણીનું બાહ્ય અંગ અથવા પ્રતિભા કે જે આચાર છે તે સુદૃઢ અને બીજાને અનુકરણીય બને છે સત્સંગી મનુષ્યોનો સંબંધ સંગ કરનારના હૃદયમાં ઉત્સાહ પ્રેરે છે, સાહસિક અનુયાયીને સાહસ માર્ગમાં દોરી જાય છે, અને વીરપુરુષને વીરતારસમાં અને અન્યમાં શૌર્ય ઉત્પન્ન કરી મનોબળને સમૃદ્ધ બનાવી શકે છે તે ઉપરથી કહેવામાં આવે છે કે —

सतप्तायसि संस्थितस्य पयसो नामाऽपि न ज्ञायते
मुक्ताकारतया तदेव नलिनीपत्रस्थितं राजते ।

स्वात्या सागरशुक्तिसंपुटगते तज्जायते मौक्तिकं ।
प्रायेणाधममध्यमोत्तमगुणाः संसर्गतो जायते ॥

'તપાવેલા લોઢા ઉપર પાણીનું બિંદુ પડે તો તેનું નામ પણુ રહેતું નથી, બીજી તરફ પાણીનું બિંદુ કમલ પત્ર ઉપર મોતીના આકારે શોભે છે, પરંતુ સ્વાતિ નક્ષત્રમાં સમુદ્રની છીપના સંપુટમાં જે પાણી પડે છે તે મોતી બને છે, પ્રાય: સંસર્ગથી જ અધમ, મધ્યમ અને ઉત્તમ ગુણો પ્રકટે છે'—આમ હોવાથી દરેક પ્રાણીમાં જેવો સંસર્ગ તેવા ગુણોનું દઢીકરણુ થાય છે

પુસ્તકોનો પરિચય

સત્સંગ ચોવીસ કલાકોની બધી મિનિટોમાં પ્રાપ્ત રહે એ લગભગ અશક્ય છે, તેથી ત્યાર પછી તરત જ પુસ્તકો વાંચવાની જરૂરિયાત ઊભી થાય છે, માનસિક ક્ષેત્રને ફળદ્રુપ થતા અટકાવનારા ખરાબ પુસ્તકો કે જે મલિન વાસનાઓનું પોષણુ કરનારા છે તેથી સાવધ રહેવાની અનિવાર્ય આવશ્યકતા છે ઇતિહાસ, જીવનચરિત્રો, વૈરાગ્ય માર્ગ દર્શક કથાઓ અને અનુભવપૂર્ણ કવિતાઓ એવી હોય છે કે જેમાં વ્યક્તિના આચાર, વિચાર, રહેણી વિગેરે બાબતો મુખ્ય બીનાની સાથે આવી કથાના નાયકનું ચરિત્ર કેવી રીતે ઘડાણું છે તે જાણી શકાય છે જે જે પુસ્તકો વડે મન ઉન્નત દશાને પામે તેવા પુસ્તકોને ચૂંટી કાઢી તે વાંચવા તત્પર થવું જોઇએ, પુસ્તકોના વાચન વગર અનુભવજ્ઞાન પ્રાપ્ત થતું

નથી અને અનુભવજ્ઞાન વગર માનસિક બળનો વેગ પામી શકાતો નથી આથી વિષય અને કષાય કે જે મનોબળને સામર્થ્યહીન કરવાના સાધનો છે, તેનુ જે વડે ઉત્તેજન થાય તેવા પુસ્તકોને પોતાના લિસ્ટમાથી બાતલ કરી જે પુસ્તકો મનને વીર્યવાન બનાવે તેવા પુસ્તકો અનુભવીની સલાહ અનુસાર વાચવા આવશ્યક છે

શ્રદ્ધા

પુસ્તકોના વાચન વડે શ્રદ્ધા નામનો અદ્ભુત ગુણ ઉત્પન્ન થાય છે માનસિક પ્રદેશમા તે દાખલ થયા પછી તે પ્રદેશ રસાળ થતો જાય છે કોઈ પણ પ્રકારની આધિ અથવા વ્યાધિમાથી પસાર થવાને શ્રદ્ધા એ માનસિક બળરૂપે કામ લાગે છે આ શ્રદ્ધા વડે ભયની વૃત્તિ મનમાં દાખલ થવા પામતી નથી, કેમકે ભય એ મનને સકુચિત કરી નાખે છે મન એ સરોવરના પાણી જેવુ છે જગ વિપત્તિ કે વ્યાધિનો ઝપાટો લાગે કે તરત જ હાલવા માંડે છે, પરતુ શ્રદ્ધામા તેને સ્થિર કરી રાખવાનો સ્વભાવ છે શ્રદ્ધા વડે દરેક કાર્યના પરિણામની ચિંતા તજી દેવાય છે, વહેમ દૂર થાય છે અને ગમે તેવા માનસિક કલ્લોલોથી નીડરપણુ પ્રાપ્ત થાય છે

મન સયમ

અનુક્રમે મન સયમ કે જે માનસિક કેળવણીનુ મધ્યબિંદુ છે તેને પ્રાપ્ત કરવાની આવશ્યકતા પ્રકટે છે

આ સ્થિતિમાં મનને અશુભ માર્ગથી નિયંત્રી શુભ માર્ગમા જોડી રાખવાનુ સામર્થ્ય પ્રાપ્ત કરવું જોઈએ. સત્સગ વડે અને પુસ્તકોના વાચનથી આપણને હેય-ઉપાદેયોના વિવેકની સમજણ થયેલી હોવાને અંગે ગ્રાહ્ય વસ્તુને ગ્રહણ કરી ત્યાજ્ય પદાર્થનો ત્યાગ કરવાનુ મનસયમદ્વારા બની આવે છે કેમકે જો મન ઉપર આપણી સત્તા હોય તો તે આપણા જ દોર ઉપર ચાલે છે, નહિ તો–હેય ઉપાદેય પદાર્થોને સમજવા છતા તેને તજી શકાતી નથી, અથવા ગ્રહણ કરી શકાતી નથી દુનિયામા રહેલા અન્ય પુદ્ગલ પરમાણુઓને પોતાના બુદ્ધિબળ પ્રમાણે જુદી જુદી અવસ્થામા મુકવા એ કઠિન છે, તેના કરતા મનને વશ કરવુ—સયમન કરવું એ અનેક ગુણુ વધારે કઠિન છે જેમ કે, મિ એડિસને વીજળીક બળના પરમાણુઓનો તાર, ટેલીફોન અને વાયરલેસ ટેલીગ્રાફી વિગેરે પ્રકારોમા ઉપયોગ કરી જનસમૂહને આશ્ચર્ય સિદ્ધ કાર્ય ઉત્પન્ન કર્યું પરતુ મન સયમ કરનાર મનુષ્યોનું કાર્ય તેથી પણ અસખ્યગણુ સાતર્ય બતાવે છે કેમકે વીજળીક બળવાળા પરમાણુઓ એક સેકડમા અમુક પ્રમાણોવાળા માઈલો સુધી પહોચી શકે છે, પરતુ મનોવર્ગણાના પરમાણુઓ કે જે અતિ સૂક્ષ્મ છે, તે દેહ ક્ષેત્રના સપર્કમાથી ચૌદરાજ લોકમા ફરી વળે છે જેથી મન.સયમને માટે પ્રબળ પુરુષાર્થની આવશ્યકતા સ્પષ્ટ થાય છે આત્માની મરજી મુજબ મદારીના વાનર રૂપે મન વિચાર કરી શકે તેવ અદ્ભુત સામર્થ્ય પ્રાપ્ત કરવુ એજ

માનસિક ખીલવણીનુ અગ છે મન સયમ પ્રાપ્ત થયા પછી પ્રાણી અયોગ્ય અને અનીતિમાન આચરણમાં પ્રવૃત્ત થતો નથી, આમ હોઈને મન સયમવડે સદાચરણ ઉપર કાબુ આવે છે અને તે ચિરસ્થાયી બને છે

ઉત્તમ વિચારોનુ પરિશીલન

માનસિક સયમ પ્રાપ્ત થયા પછી, મન સરિતાનો પ્રવાહ જે અવ્યવસ્થિત પણે વહન થતો હતો, તે હવે શુભ વિચારો તરફ વહે છે, અને તેની જ દિશા તરફ વિસ્તૃત થતો જાય છે હવે ઉત્તમ વિચારો ટકી રહેવાનો અવકાશ પ્રાપ્ત થાય છે જેમ મોટી નદીમા સ્ટીમર અને વહાણો નિર્ભયપણે ચાલ્યા જાય છે, તેમ મન સયમ વડે વિકારોરૂપ ખરાબાઓ ઘસાઈ ગયેલા હોવાથી ઉત્તમ વિચારો સપાટી પર સરવા માડે છે–ઉત્તમ વિચારોનો વેગ યથાર્થ પણે વધારી શકાય છે આ ઉત્તમ વિચારોવડે અનેક ઉત્તમ કાર્યો જન્મ પામે છે, કેમકે "વિચાર એ આચારનો પિતા છે," એમ એક વિદ્વાને કહ્યુ છે આથી જનસમૂહને હિતકારી અનેક કાર્યો બહાર આવે છે ઉત્તમ વિચારોના પોષણવડે મન અધિકાધિક પુષ્ટ થતુ જાય છે અને જ્યારે તે પલોટાઈ જાય છે ત્યારે તે ક્રિયા પૂર્ણ અવસ્થામા સમાપ્ત થાય છે તે જ શુદ્ધ ખીલવણીનુ નામ માનસિક ખીલવણી છે

ઇંદ્રિય સયમ

માનસિક ખી~ ' જેને બુદ્ધિની ખીલવણી કહેવામાં

આવે છે, તે વડે વ્યવહાર સરળ અને સુસાધ્ય બને છે, અન્ય પ્રાણીઓનું વ્યાવહારિક હિત કરી શકાય છે, અને અનેક પ્રકારના પૌદ્ગલિક ચમત્કારો ઉત્પન્ન કરી શકાય છે પૂર્વોક્ત જે માનસિક કેળવણીના અંગો નિવેદિત થયેલા છે, તે બંને પ્રકારની પ્રકારની ખીલવણીના સામાન્ય સાધનો છે પૂર્વોક્ત રીતે ઉપર્યુક્ત અધ્યાત્મ કેળવણીમય વિશુદ્ધ ખીલવણીનું સ્થાન પ્રાપ્ત થાય છે દૃષ્ટાંત કરીકે એક મનુષ્યને વિશુદ્ધ ખીલવણી પ્રાપ્ત કરવી છે તો મન સયમના અધિકાર પરત્વે સૌથી પ્રથમ ઇન્દ્રિયસયમ કરવો જોઈએ કેમકે તે વગર મન સયમ આધ્યાત્મિક અનુભવ આપી શકતો નથી ઇન્દ્રિયોરૂપી ઘોડાઓને ખોરાક ન આપીએ તો શરીરરૂપી રથ ચાલી ન શકે કેમકે ઘોડાઓમા ખોરાક વગર બળ ક્યાથી હોય ? પરંતુ તે ઘોડાઓને બહુ ખવરાવી ઉચ્છૃંખલ કરી નાખીએ તો શરીરરૂપી રથના ચૂરેચૂરા કરી નાખે છે ત્યારે હવે કરવુ શુ ? ઇંદ્રિયોરૂપ ઘોડાઓને જીવતા રાખવા માટે સાત્ત્વિકરૂપ ખોરાક આપવો પડે પણ વિશેષ માદક (વિષયો વૃદ્ધિ કરનાર) આપવો નહિ જેથી ઇંદ્રિયોરૂપ અશ્વો વશીભૂત થશે સપ્રસંગ સ્મરણ કરવા યોગ્ય છે કે ઇંદ્રિયોરૂપ અશ્વો વશ થયા પછી મનોજય થઈ શકે છે ઇંદ્રિય વિકારોરૂપ હામાડોળ બંધ થવાથી જે વિચારો મન સરમા ઉછાળા મારતા હતા તે હવે શાંત થાય છે, અને આત્મસ્વરૂપની ઝાંખી કરવાની શક્તિવાળા બને છે શાસ્ત્રકાર કહે છે કે, ઇંદ્રિયોના પ્રત્યાહાર પછી મન છૂટા હાથી કરતા હજારગણુ

બળવાન બને છે" અને આ રીતે મનસંયમ થવાથી બાહ્ય સૃષ્ટિમાં ઓછા અનુભવો જોવા છતાં તેમાંથી વિશેષ પ્રકારનું જ્ઞાન ઉદ્‌ભવે છે

વ્યાવહારિક ખીલવણીની અવાસ્તવિકતા

પૂર્વોક્ત પ્રકારે મનસંયમ થયા પછી શુદ્ધ ખીલવણી પ્રાપ્ત થઈ શકે છે, પાશ્ચિમાત્યો કે જેમાંના કેટલાઓ માનસશાસ્ત્રનું પૃથક્કરણ કરી માનસિક સ્થિતિસ્થાપકતા, મનોબળ અને માનસિકસ્વભાવની વિચિત્રતાનું દિગ્દર્શન કરાવે છે તેઓ માત્ર માનસિક વ્યવહારને સાધી તેમાં વિજયી નીવડે છે, પરંતુ માત્ર સ્થૂળ પદાર્થોને અને પરમાણુઓને જાણનાર ઇન્દ્રિયો અને તેથી અનેકગણા સામર્થ્યવાળું મન-તેને અને તેવાજ પ્રકારની અન્યની ઇન્દ્રિયો અને અન્યના મનને જાણનાર એક આત્મા તદ્દન જુદો છે, એવા સુવર્ણ કુંચી તેમને પ્રાપ્ત થયેલી નહિ હોવાથી આધ્યાત્મિક કેળવણીથી તેઓ વિમુખ હોઈ શુદ્ધ કેળવણીની મર્યાદાઓથી તેઓ બહાર છે—એમ જરા પણ અવાસ્તવિક હોય તેમ લાગતું નથી વ્યાવહારિક કેળવણીવડે અન્યના હૃદયમાં શૌર્ય, ઉત્સાહ, હાર્દિકભાવ તથા રસજ્ઞતા ઉત્પન્ન કરી શકાય છે, પરંતુ તેથી અનેકગણું વિશુદ્ધ કેળવણી બળવત્તર કાર્ય કરે છે તે મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ ભાવનાઓ વડે મનને વિસ્તૃત બનાવે છે મૈત્રી ભાવનાવડે સૃષ્ટિમાં રહેલા સૂક્ષ્મ જીવોથી માંડીને અતિ સ્થૂળ જીવો પર્યંત

સર્વને મિત્રભાવે આત્મસરખા માન્ય કરતા હોય છે, ક્રોધ કષાયવડે થતો માનસ સ ક્ષોચ દૂર થયેલો હોય છે, ક્ષમા ગુણનો અદ્ભુત વિસ્તાર તેમનામા વૃદ્ધિ પામતો હોય છે જ્યારે વ્યાવહારિક કેળવણી પામેલા મનુષ્યનો ક્ષણવારમા ક્રોધ પરાભવ કરી જાય છે, અર્થાત્ ક્રોધાદિ કષાયો વડે તેઓ જીતાએલા હોય છે પ્રમોદ ભાવનાવાન પ્રાણીઓ અધિક ગુણવાળા સર્વ મનુષ્યોને નિહાળી હૃદયમા સતુષ્ટ થાય છે ત્રીજી ભાવનાવાળા મનુષ્યો દુ ખી પ્રાણીઓ તરફ અનુક પા દૃષ્ટિથી નિહાળે છે, અને નિદામા તત્પર થયેલા જગતના પ્રાણીઓને મધ્યસ્થ દૃષ્ટિમાન મનુષ્યો તટસ્થપણે અવલોકન કરે છે શુદ્ધ માનસિક ખીલવણીની આ પરાકાષ્ઠા છે આવા પ્રકારની ખીલવણી વડે મનુષ્ય જન્મનુ અતિમ સાધ્ય—આત્મજ્ઞાન સર્વાગે પ્રાપ્ત કરી શકાય છે

ખીલવણી પરત્વે પૂર્વપક્ષ

પ્રસ ગોપાત્ત માનસિક ખીલવણીના વિષય પરત્વે કેટલાએક વિદ્વાનોના મતભેદ જુદી જુદી અપેક્ષાએ ઉપ સ્થિત થયેલા છે તેને અત્રે દર્શાવવા પ્રયત્ન કરીએ

(૧) જૈન દર્શનમાં મનોગુપ્તિ કહેલી છે તેમા મનને ગોપવવાનુ છે, પરતુ મનને ખીલવવાનુ હોય તેમ લાગતુ નથી , અને ગોપન કરવુ એ પરસ્પર વિરુ

શબ્દો છે માટે જેઓ મનને ખીલવવાનુ કહે છે, તેથી જાણે જૈન દર્શન ઉલટી જ રીતે કહેતુ હોય તેમ લાગે છે

(૨) ગૌતમ બુદ્ધ જે વખતે કુમાર અવસ્થામા હતા તે વખતે રાજનૈત્રક સાથે બહાર ફરવા નીકળી પડતા નગરની બહાર ચારે દિશાએ ચાર દેખાવો જોયા A ભિક્ષુક B વ્યાધિમાન મનુષ્ય C નિર્ધન મનુષ્ય D શબ, એ દેખાવો જોઈ પોતાની સાથે આવેલ સેવકને તેનુ કારણ પુછતા તે સેવકે પૂર્વકૃત પાપકર્મનો ઉદય છે એવા શબ્દોથી કુમારના મનનુ સમાધાન કર્યું આ સાંભળી બુદ્ધકુમારને વૈરાગ્ય વાસના ઉત્પન્ન થઈ આ વાસનાને માનસિક ખીલવણીની કોટિમા મૂકી શકાય કે કેમ?

(૩) શેકસપીઅર, વર્ડ્ઝવર્થ અને સ્કોટ આદિ કવિ વગેરેએ પોતાની કલ્પના દ્વારા કવિતાઓ રચી પોતાના માનસબળને અનેક રીતે ખીલાવી જનસમૂહમા કાવ્યરસનો છટકાવ કર્યો છે, રવિવર્મા વિગેરે ચિત્રકારોએ એ ચિત્ર કળા વડે ઉન્નરભાવના જાગૃત કરી છે, આ કાવ્યો અને ચિત્રોના રચયિતાઓમા માનસિક ખીલવણી હતી તેમ કહેવાય કે કેમ?

ખીલવણી પરત્વે ઉત્તર પક્ષ

(૧) માનસિક ખીલવણીનુ વાસ્તવિક અને વિસ્તૃત સ્વરૂપ કોઈએ બતાવ્યું હોય તો તે બતાવનાર જૈન દર્શનને

આમ પદે માન ઘટે છે—એમ અનુભવ વડે અવલોકન કરતા અવશ્ય જાણી શકાશે મનોગુપ્તિ જે શાસ્ત્રમા કહેવામા આવેલી છે તેનો અર્થ એવો નથી કે મનને સાંકડું કરવુ અર્થાત્ મનનો વ્યાપાર મૂકી દેવો અથવા મનને વિચારણા માત્રથી મોકુફ કરવુ, પરંતુ તેનો અર્થ એ છે કે મનને અશુભ વિચારોમાથી મુક્ત કરી શુભ સંકલ્પોમા જેમ બને તેમ વિશાળ મર્યાદામા જોડવુ આ મનોગુપ્તિ અથવા મન-સંયમ મનને ખીલાવવાનુ અપૂર્વ સાધન છે મૈત્રી ભાવના એોમા મનની વિશાળતા વૃદ્ધિ પામે છે તે પૂર્વ અભ્યાસથી કરેલી મનોગુપ્તિને આભારી છે, ઉપરાંત જે વખતે આત્મા શુક્લ ધ્યાનની શરૂઆત કરે છે કે જે ધ્યાનના પ્રથમના બે પદો મનદ્વારા સક્રિય બને છે તેના પ્રથમ વિભાગમા પોતાના મનને જગતમા રહેલા દ્રવ્ય ગુણ અને પર્યાયોની ચિંતવના કરવી પડે છે આ વખતે મનોબળ કેટલું સમૃદ્ધ બનતુ હશે? શુક્લધ્યાનની શરૂઆત કરવા પહેલા પિંડસ્થ અને રૂપસ્થ ધ્યાનમા મનને પ્રથમ કેવા કેવા અભ્યાસથી કેળવવાનુ છે તેનો ખ્યાલ શાસ્ત્ર અચ્છી રીતે આપે છે તેમજ શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય ચિત્તને ચાર પ્રકારનુ કહે છે વિક્ષિપ્ત, યાતાયાત, શ્લિષ્ટ અને સુલીન જે ચિત્ત વારંવાર ચલાયમાન હોય તે વિક્ષિપ્ત બહુ જ ઓછા પ્રમાણમા સ્થિર રહેતું હોય તો તે યાતાયાત, સ્થિરતાનુ પ્રમાણ વૃદ્ધિ પામે ત્યારે શ્લિષ્ટ નિશ્ચલ અને ઉત્કૃષ્ટ આનંદમય થયું હોય ત્યારે સુલીન ચિત્ત કહેવાય

અન્વય મનની વિશાળતાને પુરવાર કરી બતાવે છે

(૨) બુદ્ધને પ્રાપ્ત થયેલો તે અવસ્થામા રહેલો વૈરાગ્ય હજી માનસિક ખીલવણીના એક સાધન પુરતો છે તેને જો કેળવવામા આવે તો તે વિશુદ્ધ ખીલવણીની કોટિમા આવી શકે શુદ્ધ ખીલવણીને માટે વૈરાગ્ય અથવા ભેદજ્ઞાન એ કેળવણીના સાધનો અને ખીલવણી બનેના બંધને સાધનાર શૃંખલા છે વૈરાગ્ય વડે વારવાર ઉહાપોહ કરવાથી મન ખીલી શકે છે વૈરાગ્ય એ મનોબળને પલટાવવાનુ અમ્રૂ સાધન છે વૈરાગ્યવડે મૈત્રી આદિ ભાવનાઓની સિદ્ધિ થાય તો તે આત્મજ્ઞાનોપયોગી ખીલવણીને જન્મ આપી શકે છે જ્ઞાનગર્ભિત વૈરાગ્યની આ અલૌકિક ખૂબી છે

(૩) કાવ્યકળા, ચિત્રકળા, વિદ્યુતકળા વગેરે અનેકવ કળાઓ ઉત્પન્ન કરનાર મનુષ્યે અલબત માનસિક ખીલવણી કરી છે કેમકે તેઓએ પોતાના કાવ્યોમા, ચિત્રોમા અને વૈજ્ઞાનિક કાર્યોમા એવી નિપુણતા દર્શાવી છે, કે જેથી જનસમૂહના હૃદય અને મન તેની અંદર રસ લઈ ક્ષણભર નૈસર્ગિક આનંદ અનુભવે છે, પરતુ આ અને આવા જ પ્રકારની બીજી ખીલવણીઓ ભૌતિક વસ્તુઓની ખીલવણી માટે ઉપયોગી હોવાથી તેના કિંમત આધ્યાત્મિક દૃષ્ટિએ સ્વલ્પ પ્રમાણમા આવી શકે છે કુદરતને સમૃદ્ધ બનાવનારી સૃષ્ટિ–સૌંદર્યની મનોહરતા ખડી કરનારી, જનસ્વભાવના ચિત્રોનુ આલેખન કરનારી અને નાટ્યાદિ રસોમા નિમગ્ન કરાવનારી, માનસિક ખીલવણી આળસુ અને નિરુદ્યમી

જનોથી બેનમૂન રહેલી છે તથાપિ આધ્યાત્મિક ખીલવણીના રહસ્યથી શૂન્ય હોઈ વિશુદ્ધતાથી રહિત છે આ જડવસ્તુઓ અને પોતાને ઓળખનાર આત્મા તેને ઓળખવો—એજ મુશ્કેલી છે મન સંયમ અને વૈરાગ્ય વડે તે ઓળખી શકાય છે શેક્સપીઅર આદિ કવિઓએ કાવ્ય વડે જે સુંદરતા ઉત્પન્ન કરી છે તે જડ વસ્તુને ખીલવવા પુરતી છે કેન્ટ્લાએક માનસશાસ્ત્રીઓ કે જેઓ મનના વિભાગોનું વર્ગીકરણ કરવા સમર્થ હોય છે, તેઓ પણ માનસિક ખીલવણીના શુદ્ધ માર્ગ ઉપર–પૂર્વોક્ત અનુસંધાન રહિત હોવાથી–નથી જ, કેમકે ભેદજ્ઞાનથી રહિત માનસિક ખીલવણીનો શુદ્ધ માર્ગ કદાપિ હોતો જ નથી

આત્મિક ભાવનાઓનું પ્રકટન

જડ વસ્તુઓને ખીલવવાની અનેક પ્રકારની [illegible] જુદા જુદા સ્વરૂપમાં દુનિયા ઉપર દૃષ્ટિગોચર [illegible] પરંતુ આત્મિક ભાવનાને પહોંચી વળવું એ [illegible] પ્રકારની દિશા છે, એવા જ આશયવાળું [illegible] દેવચંદ્રજી આ પ્રકારે વદે છે

ચરમ જલધિ જલમિણે [illegible]
ગતિ જીપે અતિ[illegible]
સર્વાકાશ ઉલ્લંઘે [illegible]
પણ [illegible]

અર્થાત્ ભેદજ્ઞાન પ્રાપ્ત કરેલા મનુષ્યોએ આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત થાય તેવા ચિત્રો, કવિતાઓ અને નાટકોની રૂપ રેખાઓ જગતના વિસ્તૃત પટ ઉપર રગબેરગી પણ અકિત કરેલી હોય છે તે તે મનુષ્યોની ખીલવણી સત્ય છે અને શુદ્ધ હોવાથી ઉપાસ્ય છે

જૈન દૃષ્ટિએ સમગ્ર અવલોકન

શુદ્ધ માનસિક ખીલવણીની વિશાળ મર્યાદા જૈન દૃષ્ટિએ તપાસતા ખુલ્લી રીતે દેખાય છે ષડ્દ્રવ્યોનુ જ્ઞાન તે સપૂર્ણ જ્ઞાન છે તેમાથી માત્ર એક પુદ્ગલાસ્તિકાય દ્રવ્યનુ, અમુક પ્રમાણમા, પરમાણુઓની સ્થિતિ અને વ્યવસ્થા અથવા જેને કુદરત કહેવામા આવે છે, તેનુ જ્ઞાન પશ્ચિમાત્યોમાના કેટલાએક ધરાવે છે પરતુ ષડ્દ્રવ્યોને જણાવનાર અને તેનુ યથાર્થ જ્ઞાન વિસ્તારનાર વાસ્તવિક માનસિક ખીલવણી છે જૈન દર્શનમા અષ્ટ કર્મો છે જેને ક્ષય કરવા પછી મુક્તિ પામી શકાય છે તેમા પ્રથમ જ્ઞાનાવરણીયનો પેટા વિભાગ મતિજ્ઞાનાવરણીય છે ઇદ્રિયો અને મનોબળ વડે જેમ જેમ જ્ઞાન થતુ જાય તેમ તેમ તેનો ક્ષયોપશમ થાય છે વ્યવહારપયોગી માનસિક ખીલવણી કરનારાઓની સ્થિતિ મતિજ્ઞાનાવરણીય ક્ષયોપશમ છે આટલેથી જ આ સ્થિતિ કુઠિત થવાથી આ ખીલવણી અન્ય શબ્દોમા બુદ્ધિની ખીલવણી વિદ્વાનો કહે છે, પરતુ મોહનીય કર્મના ક્રોધાદિકષાયો વિગેરે

અન્ય કર્મોનો ક્ષયોપશમ તે ખીલવણીમા હેતો જ નથી, કેમકે ઇદ્રિયજય, મનોજય અને ભેદજ્ઞાન વડે શુદ્ધ માનસિક ખીલવણી પ્રાપ્ત થઈ શકે છે બહિરાત્મભાવ તજી અતરાત્મભાવ ગ્રહણ કરે અને મનોબળ વડે જગતના સર્વ પદાર્થોનો સાક્ષીરૂપ પોતે રહે તેવી સ્થિતિ જેમ જેમ અધિક પ્રમાણમા ટકી રહે તેમ તેમ માનસિક ખીલવણીની પરાકાષ્ટા પ્રાપ્ત થાય છે તેને માટે કમળનુ દૃષ્ટાત છે જેમ કમળનુ પુષ્પ જળમા અને કાદવમા ઉત્પન્ન થયેલુ હોવા છતા ઉપર આવી પોતાની દૃષ્ટિ સૂર્ય કે ચદ્ર સન્મુખ રાખી સદા વિકસિત અને ખીલેલુ રહે છે, તેમ આધિ વ્યાધિ અને ઉપાધિઓથી ઉત્પન્ન થયેલુ મન જો આત્મજ્ઞાનની પ્રપ્તિ તરફ ઊર્ધ્વમુખ રહે છે, તો તે એકદમ વિકાસ પામે છે કમળની કર્ણિકા અને પાખડીઓ જેમ જળના કલ્લોલથી નિર્લેપ રહે છે તેમ આ માનસિક પુષ્પ ખીલેલું હોવાથી નિર્વિકાર રહે છે

આધ્યાત્મિક ખીલવણીની અમૂલ્યતા

મનને આત્માએ સ્થિર કર્યું હોય તો મનને ઉચ્ચ પ્રદેશોમા ધારણાદ્વારા લઈ જઈએ તો ધારણાબળ અધિક પ્રમાણમા વિસ્તૃત થતુ જાય છે મન ઠર્યા પછી અનુભવની ઝાખી ' ? છે આ ધારણાબળ વડે અભ્યાસકાર્યમા ... થઈ શકે, છે સૂક્ષ્મ,શંક

ઘણી સૂક્ષ્મ વસ્તુને પકડશે કે ર્જારગણી મોટી દેખાડવામા આવે છે, પરંતુ આ શોધ અનુમાન પ્રમાણ વડે શોધ કરેલી હોવાથી અપૂર્ણ છે, આ શોધ કરતા વિલક્ષણ શોધ કે જે આત્મબોધ બણી માનસિક યોજનારૂપે છે, તેમા અનુમાનની જરૂર રહેતી નથી તેથી જડ અને ચૈતન્ય માનની કળાઓ ને પ્રત્યક્ષ કરનાર વિશુદ્ધ માનસિક ખોલ વણી છે શ્રીયુત ઉપાધ્યાયજી પ્રબોધે છે કે,

या विना निष्फला सर्वा कलागुणकलाश्रिता ।
आत्मधामगतं सेवा ता वय समुपास्महे ॥

'ગુણો અને પ્રભવમા શ્રેષ્ઠ એવી સર્વે કળાઓ જે એક કળા વગર નિષ્ફળ છે, તે આત્મધામમા રહેનારી એક અદ્વિતીય કળાની અમે ઉપાસના કરીએ છીએ'

કલ્પનાગ્રસ્ત આત્મવાદ અને ભ્રાંતિજ્ઞાન

આ પ્રકારે વસ્તુસ્થિતિ હઈ પાશ્ચિમાત્યોમા જડવાદ અતિ વિસ્તૃત પ્રમાણમા પ્રસરેલો હોવા છતા મિ એમર્સન જેવા આત્મવાદિઓ પણ અનેક છે મી **એમર્સન** આત્માને અનુભવગમ્ય કરતા કહે છે કે ——

'I am owner of the sphere of seven stars & solar years, & Plato s brain, of lord Christ's heart & shakespear s shrine'

આમ હોવા છતા આત્મવાદ અનુભવગમ્ય કરવો એ અહોળે ભાગે શાસ્ત્રના શાસનથી જ પ્રાપ્ત થઈ શકે છે આત્મવાદને અનુકૂળ માર્ગે સિંચન કરી તેને વૃક્ષરૂપે

બનાવવો એ કાંઈ પોતાની મરજી મુજબ કલ્પના કરવાથી મળી શકતો નથી પરંતુ તદનુકૂળ શાસ્ત્રાભ્યાસ વડે પ્રયાસ કરવા પછીથી જ અનુભવગમ્ય થઈ શકે છે—અન્ય શબ્દમાં પાશ્ચિમાત્યો જડવાદને વિશાળ બનાવવાની કળાઓમાં ગુંચવાયા હોવાથી આત્મવાદની કળાઓ શોધી શક્યા નથી

ઉપસંહાર

આ પરિસ્થિતિના દિગ્દર્શન પછી માનસિક ખીલવણી માટે આ પ્રકારે અનુક્રમ પ્રાપ્ત થાય છે સૌથી પ્રથમ કેળવણીના સાધનો ગૃહસંસ્કારાદિ, તે સાધનોને સેન્દ્રિયજ્ઞાન તથા અધ્યાત્મવિષયક જ્ઞાન સાથે જોડવા, તેને વારંવાર સુ ઉદ્ધૃત કરવા—આટલું કરવા પછી જે પ્રાપ્ત થાય તે વિશુદ્ધ માનસિક ખીલવણી છે સંકલ્પ વિકલ્પાત્મક મનનો ધર્મ દૂર થઈ છેવટે શાંતિ થાય છે શાંત મન આત્મજ્ઞાનને શીઘ્ર પ્રાપ્ત કરાવે છે, આ સ્થિતિમાં કોઈ પણ ભયવૃત્તિ મનનો સંકોચ કરી શકતી નથી

આટલી હકીકતના નિવેદન પછી માનસિક ખીલવણી એ શું છે તેનો સહજ ખ્યાલ આવ્યો હશે માનસિક ખીલવણી એ લોટના ખાખરા, રોટલા અગર ભાટી નથી પરંતુ લોટના કેળવાઈને થયેલા ખાજાં અથવા ચુરમુ છે અથવા દૂધનો માવો અન્ય અપેક્ષાથી છે મનોબળ જેમ જેમ અધિક કેળવાય તેમ તેમ તેની ખીલવણી થતી હોય

છે શ્રીયુત બનારસીદાસ આ સબંધમા કહે છે તે દર્શાવતા આ વિષય પૂર્ણ કરવામા આવે છે તેઓશ્રી કહે છે કે—

> જો મન વિષયકષાય મે વરતે ચચલ સોઈ,
> જો મન ધ્યાન વિચારમે રૂકે સો અવિચળ હોઈ,
> તા તે વિષય કષાયસો ફીર સુમન કી બાની,
> શુદ્ધાતમ અનુભૌ વિષે કીજે અવિચળ આનિ
>
> આ પ્ર વિ સ ૧૯૭૧

૫ પ્રભુ પૂજન જેવા ઉત્તમ પ્રસગે એકાગ્રતાની શૂન્યતા હોવામા ફળપ્રાપ્તિ સભવિત છે?

જગતમા સર્વ જીવો સુખને ઈચ્છે છે જ્ઞાનીઓએ સર્વ સુખોમા મોક્ષ સુખ ઉત્તમ ગણેલુ છે તેની પ્રાપ્તિને માટે બે પ્રકારના માર્ગ દર્શાવેલા છે જેમકે જ્ઞાનમાર્ગ અને ક્રિયામાર્ગ નિશ્ચય અને વ્યવહાર સાધ્ય અને સાધન હેતુ અને કાર્ય લક્ષ્ય અને લક્ષણ—આવી રીતે બે પ્રકારના ચક્રથી ચાલતા ભાવનારૂપ રથપર આરૂઢ થયેલા આત્માઓ ઈચ્છિતસ્થાન મુક્તિપુરી પામે છે જેઓ જ્ઞાનમાર્ગ [illegible] ક્રિયામાર્ગનો ઉચ્છેદ કરનારા છે નિશ્ચય મ[illegible] નાર છે તેઓ ભવ સમુદ્રને એક હાથ [illegible] છે એક પ્રાણી જળમા તરવાનુ સ[illegible] પછી તે તે હાથ પગ વિગેર [illegible] તુરત જ ડુબવા માડે છે તેમ કરતો નથી અને નિષ્ક્રિય રહે

દુષમકાળમાં પ્રાયોગ્યતા

સદશ ક્રિયા વગરનું જ્ઞાન માત્ર ભારરૂપ છે—તેમ મનાય છે કોઈ પણ કાર્ય પછી તે ગમે તેવું ઉત્તમ હોય અથવા કનિષ્ટ હોય તો પણ તેને યોગ્ય સાધનોને પ્રવૃત્તિમાં મુક્યા સિવાય તે સાધ્ય સ્વરૂપ બની જતું નથી કોઈ પણ લક્ષ્યસ્થાન તેના સાધનોને જાણીને તદનુકૂળ વર્તન કર્યા વગર લક્ષ્યકોટિમાં આવી શકતું નથી કોઈપણ ઈષ્ટસિદ્ધિ તેના હેતુઓને જાણીને અમલમાં મુક્યા પછી જ સંમુખ આવવા લાગે છે

જિનેશ્વર પ્રભુની પૂજા તે એક શુભ અનુષ્ઠાન વાળી ક્રિયા છે તે ક્રિયા પરમાત્મપદની પ્રાપ્તિરૂપ સાધ્યનું સાધન છે મોક્ષરૂપ કાર્યનો હેતુ છે, અને આત્મિક આનંદરૂપ લક્ષ્યનું લક્ષણ છે આમ હોવાથી પ્રભુપૂજન કેવા પ્રકારે કેટલા પ્રકારે કેવી શાન્તિથી સ્વચિત્તસ્થૈર્યથી અને આત્મબળની કેવી પૂર્ણતાથી થઈ શકે તે સમજવાની સંપૂર્ણ આવશ્યકતા છે

પ્રભુપૂજન દ્રવ્ય અને ભાવથી બે પ્રકારે કરી શકાય છે અવિચ્છિન્ન આત્મસ્વરૂપ અરૂપી પરમાત્માને ઓળખવાના સાધનરૂપ બનાવેલી મૂર્તિ—રૂપી પ્રતિમાની જળ ચંદન પુષ્પ ધૂપ દીપ અક્ષત ફળ અને નૈવેદ્ય વિગેરેથી તથા વાસક્ષેપ વિલેપન વિગેરે સુગંધી દ્રવ્યોથી અર્ચના તે દ્રવ્યપૂજા અને પરમાત્માની મૂર્તિ સંમુખ વંદન, ગુણોત્કીર્તન સ્તુતિ વિગેરેથી પ્રભુગુણને ઓળખવા તે ભાવપૂજા

પ્રભુ પૂજનની રુચિ પ્રાણીઓને આમ શા માટે થતી નથી ? [illegible]ત ચિત્ત રહેવાથી જ તેમ બને છે જુઓ તત્ત્વાર્થ સૂત્રકાર [illegible]વાચક કહે છે કે — भावित भावा भवेच्छने [illegible]તના જેવા જેવા સંસ્કારો પૂર્વ જન્મમાં પડેલા [illegible]ગે આ જન્મમાં દષ્ટિએ ટકી રહે છે ભગવાન "सवी जीव करुं शासनरसी" ના,

દઢ સંસ્કારો વડે તેઓ ભવ સમુદ્રમાથી ઇષ્ટિસ્થાને પહોચાડનાર નિર્યામક પણે પ્રગટ થયા

પ્રભુની દ્રવ્યપૂજામા પ્રાણીને સસ્કારટ થયેલા હોય છે તો તેનો પ્રભુપ્રતિ ભક્તિ વધતો જાય છે તે ભક્તિમાર્ગમા તલ્લીનતા પ્રાપ્ત થાય છે અને વાજિત્રરૂપ દ્રવ્યપૂજન કરતાં રાવણની જેમ તીર્થંકર પ આત્મિક સંદ્ધિ આગળ રમણ કરે છે

પૂજનક્રિયામા અસસ્કારી ચિત્ત ડામાડોળ થાય છે એ વાસ્તવિક સત્ય છે પ્રથમ પૂજનક્રિયા ભણી સંપૂર્ણ રુચિ ઉત્પન્ન કરવી જોઈએ અને તે ક્રિયા કરતા આત્મારૂપ સવારે મન રૂપ અશ્વને લગામના દોર ઉપર રાખવો જોઈએ

અમર્યાદ પ્રવૃત્તિવાળા હાલના જમાનામા ઘણેભાગે પ્રાણીઓનુ ચિત્ત સ્થિર હોતુ નથી એક તરફ અર્થ પ્રાપ્તિની વિચાર પરંપરા મનરૂપી પર્વતની ટોચથી દડતી હોય છે, બીજી તરફ કપટજાળ પાથરી મુગ્ધ જનોને ફસાવવાની વિચાર માળાના મણકા મુકાતા જાય છે એક તરફ સાબ્ધ વ્યક્તિઓની ચિંતામા નિરંતર વિચાર પ્રવાહ જોસભર વહેતો હોય છે બીજી તરફ કામવાસનાના અતૃપ્તિરૂપ મેદાનમા મનરૂપ અશ્વને ખેલાવવા છુટી મુકી દેવામા આવે છે મનની આવીસ્થિતિમા પ્રભુ પૂજન જેવી શુભ ક્રિયામાં મનની એકાગ્રતા કરી અન્ય વ્યવહારોની ગડમથલ અટકાવી દેવી—એ ઓછું મુશ્કેલ નથી

પ્રભુની ચંદન પૂજન કરવાને તૈયાર થયેલા એક પ્રાણીને જુઓ ! તે ચંદન પૂજાનુ પદ બોલતો જાય છે તેવામા તેની વિચાર શ્રેણી તેની આરીસા જેવા નીકળી પડે છે, એરીસામા રહેલા પોતાને લાયક કામકાજ સર્વાંશે તપાસી લે છે તેવામા જો કોઈ તેના પહેલા પૂજન કરવા માંડે છે કે તુરત કપાળે રક્ત થઈ જાય છે અને મુખદ્વારે

થોડાક અપોગ્ય શબ્દો અન્યના કાનમાં કહે છે જુઓ તે પ્રાણીના ચિત્તનું ચંચળપણું !

પ્રભુની અષ્ટપૂજા કરતા એક મનુષ્યને જુઓ ! નૂપુરના રણઝણાટ કરતી એક નવોઢા સ્ત્રી પ્રભુના ગભદ્વાર આગળ દર્શન કરવા માટે આવે છે આ સમયે તે પ્રાણીનો હાથ તો પ્રભુસેવનમાં રોકાએલો હોય હોય છે પરંતુ તેજ વખતે મન આંખો સામુ જુએ છે એટલે આંખો તે તરફ દૃષ્ટિપાત કરે છે અને વિચારોને વિકારમય કરી મૂકે છે જુઓ તે પ્રાણીનું એકતાનપણું !

પ્રભુની સન્મુખ ચૈત્યવંદન કરતા એક પ્રાણીને નિરખો ! તે પોતે પુત્રપ્રાપ્તિ રહિત હોવાથી ઈષ્ટવિયોગના જે વિચારો અન્ય પ્રસંગે ખ્યાલ ન હતા તે પણ અત્યારે આવીને ખડા થઈ જાય છે અને ચૈત્યવંદનની કડીઓ તો વળી પુરી થઈ જાય છે હતા તે વિચારો વરાળની પેઠે ગતિગત થતા જાય છે જુઓ તે પ્રાણીનું સમ્યક્ત્વીપણું !

પ્રભુ સન્મુખ સ્તવન ઉચ્ચારતા એક મનુષ્યની દૃષ્ટિ ફેરો ! જે વખતે સ્તવનના પદો મુખાકૃતિને કંઠમાંથી વહેતા જાય છે તેજ વખતે વ્યવહારમાં ઉપાયો વડે ધન કમાણી કીર્તિની અભિલાષા પ્રગટ નીકળે છે તેથી વિચાર છે કે મારી માનસિક ઈચ્છાની મર્યાદાનુસાર કીર્તિને પ્રાપ્ત કરવાના ક્યા ઉપાયો સમગ્ર થઈ પાડે ! જુઓ આવી અભિલાષાના સરમાનવાળા પ્રાણીની એકાગ્રતા !

મુક્તાશુક્તિ મુદ્રા સહિત જયવીયરાય કરતા એક પ્રાણીને નિરખો ! મુદ્રા તો તેમની તેમ બની રહે છે પણ હમણાં તાજેતર થયેલું પુત્ર મરણનું સ્મરણ ખડું થાય છે અને મન શોક અને ખેદથી વ્યાપ્ત બની જાય છે વળી જો પોતાને વ્યાધિ થયેલો હોય તો,

તેજ વખતે અનિષ્ટસયોગ આર્તધ્યાન ચાલે છે, જુઓ, તે સંસ્કાર હીન પ્રાણીનું Concentration of Mind!

જે વખતે પૂજન ક્રિયા ચાલતી હોય છે, પ્રભુ ગુણોત્કીર્તનનો ધ્વનિ નીકળતો હોય છે, બીજી તરફ વ્યવહારની પ્રવૃત્તિઓની વિચાર પરંપરા અને આર્તધ્યાનનું અવ્યક્ત ગાન ચાલતું હોય છે—તે વખતે હે પ્રાણિન્! એવી સમયે એ કાર્યો બજાવવાની કુશળતાને માટે મોહ રાજા તને વારંવાર ધન્યવાદ આપે છે!

આ સર્વ સ્થિતિનું કારણ માત્ર પૂજન ક્રિયામાં સંસ્કારશૂન્યપણું છે આમ હોઈને મનને કેળવવાની મુખ્ય જરૂર છે જે જે કાર્યમાં મનને કેળવવામાં આવે છે તે તે કાર્ય પ્રસંગે મન સ્થિરતા ધારણ કરે છે મનની સ્થિરતા વગરની ક્રિયા માત્ર એક અવ્યવસ્થિત વ્યાપાર છે દુનિયાના પ્રત્યેક વ્યવહારમાં મન જોડાયેલું નહી હોય તો તે વ્યવહાર અવશ્ય અપૂર્ણ રહે છે તેમ જ ધાર્મિક ક્રિયામાં પણ મનની એકાગ્રતા વગર ફલની શૂન્યતા જ રહેલી છે મન એ એક છે, અને ક્રિયા તે શૂન્ય છે એક વગરની શૂન્ય નકામી છે પરંતુ એક સાથે જોડવાથી શૂન્ય દશ ગણી કિંમત ઉત્પન્ન કરતી જાય છે

મહાત્મા નાગકેતુ પ્રભુ પૂજન કરતાં કૈવલ્ય પામ્યા, જુઓ! એકાગ્રતાની અમૂલ્ય કિંમત! જેમ એક પ્રવીણ નિશાનબાજ પોતાનું નિશાન બરાબર તાકીને કામ પાર પાડે છે, તેમ પરમાત્મપદ પ્રાપ્ત કરવાને માટે એકાગ્રતા વગર નિશાન તાકી શકવાનું બનતું નથી. એકાગ્રતા જામ્યા વગર ફળનું પર્યંત-પરિણામ આવનાર નથી જ—એ સ્વતઃ સિદ્ધ છે

એકાગ્રતા વગરનું વાચન જેમ દૃષ્ટિનો વ્યાપાર માત્ર છે પણ તેથી જ્ઞાન પરિણામ પામી શકતું નથી તેમ એકાગ્રતા વગર આત્મિક શક્તિનો વિકાસ થઈ શકતો નથી એકાગ્રતા વડે શ્રીમદ્ દેવચંદ્રજી

કહે છે કે, "જિનવર પૂજા રે તે નિજ પૂજનારે"—આવી સ્થિતિ પ્રાપ્ત થાય છે અર્થાત્ આ આત્મા જિનસ્વરૂપ બની જાય છે આ સ્થિતિ એકાગ્રતાના સંપૂર્ણ અનુભવીઓએ પ્રાપ્ત કરેલી છે—તે મહાત્માઓને વારંવાર નમસ્કાર !

આ રીતે પૂજન ક્રિયાની સફળતા ત્યારે જ થશે કે જ્યારે વિધિ પુરસ્સર અનુષ્ઠાન થતું હશે અને તે સાથે એકાગ્રતારૂપ અગ્નિથી આત્મારૂપ સુવર્ણ જ્યોતિર્મય થતું જશે સહજ સ્પષ્ટ છે કે પ્રભુ પૂજન જેવા ઉત્તમ પ્રસંગો એકાગ્રતા વગર ફળપ્રાપ્તિ સંભવિત નથી જ

આ પ્ર વિ સં ૧૯૬૭

૬ વ્યવહાર વિશુદ્ધિમાં જીવન પ્રવાહ

જીવનની પ્રત્યેક ભાવનામાં જીવનના પ્રત્યેક અંગોમાં, જીવનની પ્રત્યેક રૂપરેખામાં તેમજ જીવનની પ્રત્યેક પળમાં વ્યવહાર વિશુદ્ધિ એ અગ્રપદ ધરાવે છે વ્યવહારના સર્વ નિયમોનું પૃથક્કરણ કરતાં તેને સમજતાં અને તદનુસાર પ્રવૃત્તિમાન થતાં તેમજ અનુભવની શાળામાંથી બહાર આવી નિષ્પક્ષપણે અને પ્રામાણિકપણે પ્રતિરોધીની ટક્કર ઝીલતાં ક્રમશઃ પ્રત્યેક નિયમો વિશદ અને નિર્મળતર બનતા જાય છે વ્યવહાર એ મનુષ્ય પ્રાણી માત્રને સંસારની પરિસ્થિતિને ચોક્કસ આકારમાં મૂકવાને માટે અને જે પ્રસંગોમાં, જે સ્થિતિઓમાં મનુષ્ય મૂકાયેલો હોય તેની મર્યાદા જાળવી રાખવા માટે અચૂક વર્તન છે પરંતુ વ્યવહાર કોને કહેવાય તેની પરિસ્થિતિ મનુષ્ય ઉપર કેવી સચોટ અસર કરે છે તેમજ તેનો અનુભવ મનુષ્યોને પ્રત્યેક પ્રસંગોમાં કેવો અમૂલ્ય થઈ પડે છે, તે જાણ્યા પછી તેની હેયોપાદેયતા અથવા શુદ્ધાશુદ્ધતા જાણી શકાય છે પછીથી શુદ્ધ વ્યવહારને અવગણી અશુદ્ધ

વ્યવહારના અંગોનો ઉચ્છેદ કરી આંતર જીવનની ઉન્નતિનું કારણ ઉત્પન્ન કરે છે અને તેવા પ્રબળ સાધનવડે આત્મહિતમાં હમેશાં તૈયાર રહી શકે છે

જેમ સાંસારિક કાર્યક્ષેત્રો વ્યવહારની વિશાળ કોટિમાં અંતર્ગત થાય છે તેમ આંતર જીવનને ઉન્નત કરનારા પ્રત્યેક સાધનો તેજ વિસ્તીર્ણ કોટિમાં સમાય છે ઉભયનો સંબંધ ભિન્ન ભિન્ન દિશાએ લઇ જાતો હોય છે કેમકે પ્રવૃત્તિમાં તીવ્રપણે રચીપચી રહેલા મનુષ્યો આંતર જીવનને શોધવા જાય–એ દુર્ભાગ્ય છે છતાં પણ સાંસારિક અપેક્ષાએ ગોહ પણ પ્રકારના વ્યસન અગર એમ વગનું જીવન ગમે તેવી પ્રવૃત્તિવાળું હોય છતાં પ્રશસ્ય છે એટલું જ નહિ પરંતુ જીવન પ્રવાહને વેગવાન બનાવવાના સાધનો તૈયાર કરાવી આપે છે અને આ રીતે ધાર્મિક ક્ષેત્રોમાં મીના અને અનુકૂળ ભાગ ભજવે છે

વિશુદ્ધ વ્યવહાર અને કર્તવ્ય એ સિદ્ધાંતનું નિરાકરણ કરતા પહેલા તેમજ સાંસારિક માર્ગક્ષેત્રમાં જીવન વ્યવહારની કેવી સંકલના છે તે વિચારવા પહેલાં વ્યવહારશુદ્ધિઓ આંતર જીવનને શું મળે છે તે વિચારવાની પરમ આવશ્યકતા છે અને તેવાજ ખાસ કારણથી પ્રત્યેક પુરુષાર્થનું સાફલ્ય છે સ્વકલ્પિત નિશ્ચયથી આંતરજીવનના સ્વાદનો અનુભવ લેવા ઇચ્છનાર અધ્યાત્મવાદીઓ કહે છે કે વ્યવહારનું શું કામ છે ? પ્રથમથીજ આત્માનો આત્મ નિરીક્ષણ કરાવવું કે જેથી બીજા વ્યવહારનું શું પ્રયોજન છે ? આ સ્થિતિ એક અપેક્ષાએ જેટલી અપૂર્ણ છે તેટલી જ બીજી રીતે હસનીય છે આ વિચારો આત્માને તેના જીવનવ્યવહારમાંથી અવળે માર્ગે લઈ જનાર હોવાથી સાર્થક નથી જ વ્યવહાર શુદ્ધિ વડે આત્માનું બહિરંગ પોષાતું જાય છે આત્માને જીવનના બાહ્ય પ્રસંગોમાં પ્રેરતા સંયોગો વડે આત્મ બળ વૃદ્ધિ પામતું જાય છે જેમ શરીરમાં ખોરાક પુરવા માટે અન્ન જળની જરૂરીઆત પડે છે તેમ જીવનમાં અથવા આત્મજીવનને

મજબૂત કરવા માટે શુદ્ધ વ્યવહારની અગત્ય પડે છે આંતરજીવન વિચાર માત્રથી શુદ્ધ થતુ નથી પરંતુ બાહ્ય વર્તનની મુખ્ય જરૂરીઆત પડે છે વ્યવહારશુદ્ધિ અને આતરજીવનને આ રીતે કારણ કાર્યનો સંબંધ છે વ્યવહારશુદ્ધિ એ બીજા શબ્દોમા શુદ્ધ વર્તન છે અને એ વર્તન વગરનુ આતરબળ વીર્યહીન નીવડે છે આ ઉપરથી અમૂલ્ય માનવ દેહ પામીને આતરજીવનની ઉત્કટતા કરવા ઇચ્છાવાળા હોય તેમણે વ્યવહાર શુદ્ધિને પ્રથમ સમજે ઉચ્ચ કોટિમા મુકવાની જરૂર છે અન્યથા પ્રમાદને વશ થઈ અથવા ઉગ્ર વિચારોના વમળમા ગુંચવાઈ જઈ તેને તજી દેવામા આવે છે અગર તેની ઉપેક્ષા થાય છે, જેથી પરિણામ અથવા જેને ઇચ્છિતફળ કહેવામા આવે છે, તે થતું નથી કેમકે આતરજીવનબળ પ્રાપ્ત થયા પછી મનુષ્ય પોતાના બળ ઉપર ઝુઝે છે અને અન્યને તેવા કરવાની શક્તિ પ્રાપ્ત કરે છે બાહ્ય બળ એ કાંઈ જીવવાની ભાવનામા કેડારેનુ બળ નથી અંતરંગબળ એજ વિશુદ્ધ અને આત્માને ઉન્નત કરનાર બળ છે અને તે વડે આત્માને પોષણ મળે છે તેથી અંતરંગ જીવનમા જાગૃતિ પ્રાપ્ત થયા પછી આધ્યાત્મિક ભાવનાઓ સહેજે થતાં ક્રમશ અનુભવની નિર્મળતા વૃદ્ધિ પામતી જાય છે આમ હોઈ વ્યવહાર શુદ્ધિ અને આતરજીવન-ભાવને ઘણોજ નિકટ સબંધ છે

વ્યવહાર શુદ્ધિ કરવા માટે તૈયાર થયેલા મનુષ્યોમા સૌથી પહેલાં માર્ગાનુસારીપણાના ઉત્તમ ગુણો દાખલ થવા જોઈએ આ ગુણો મનુષ્યોના પ્રાકૃત વ્યવહારમા કેટલા બધા ઉપયોગી છે એ દરેક ગુણોનુ પૃથક્કરણ વિચારી મનન કરી જુઓ તો જ જાણી શકાય તેમ છે ન્યાય માર્ગમા અડગપણું, તેમજ સરલપ્રકૃતિપણું એ મુખ્ય ગુણો અનેક ગુણોનો સંગ્રહ કરાવી આપે છે વેપારમા તેમજ અન્યધધામા પણ પ્રમાણિકપણું તેમજ લેવડદેવડના વ્યવહારમા અસત્યથી વેગળા રહેવાપણું— ઉભય સદ્‌ગુણોની ધરી ઉપર વ્યવહારની કમાનો અવલબી

રહેલી છે માર્ગાનુસારીપણાના ગુણોની શ્રેણી સંસાર પ્રવૃત્તિ-વ્યવહારો શુદ્ધ કરી શકે છે તો મોક્ષ પુરૂષાર્થની પ્રવૃત્તિમાં કટિબદ્ધ થયેલા પ્રાણીઓના વ્યવહારને વિશુદ્ધ બનાવે તેમાં નુ આશ્ચર્ય ?

મુખ્યત્વે કરીને વ્યવહારમાં સત્વર ફળનો અનુભવ કરવાની ઈચ્છાવાળા સાધકે પોતાનું મન કેવા વ્યવહારમાં પરોવાય છે, તેમજ કેવા વિભાગે સેવે છે તે સાવધાનતાથી જોવું જોઈએ અને મન જો જરા પણ આડે માર્ગે વહીને ન સેવવાના વિચારો સેવતું હોય તો તત્કાળ તેને સીધે માર્ગે લાવવું જોઈએ આટલું કરવાને માટે જેઓ કમર બાંધીને તૈયાર થયા નથી તેઓને તદ્દનુકૂળ સાધનો સાધવાનો વેગ પ્રગટ્યો જ નથી અને સાધનોના ફળની તેમને ઈચ્છા જ નથી—એ સિદ્ધ થાય છે વ્યવહાર એ મુખ્યત્વે કરીને આચાર હોઈ તેના કારણ રૂપે વિચાર હોવાથી માનસિક બળની વ્યવહાર શુદ્ધિને માટે અત્યંત અગત્ય છે

વ્યવહારના અનેક પ્રસંગોમાં આવતી અડચણોને નિર્મૂળ કરવા માટે આ બળ પોતાની શક્તિ યથાર્થ ફોરવી શકે છે અને સાધ્ય સંમુખ પ્રાણીને લાવી મૂકે છે કેટલાએક પ્રસંગો કે જ્યાં એક તરફ લોક ચર્ચાનો ભય સંમુખ રહેલો છે, તેવી સ્થિતિમાં માનસિક બળની પ્રબળતા એકાએક ઉદ્વર્તન (Revolution) કરી મૂકે છે અને જો તે બળ ન્યાયી, વિચારપૂર્વક પ્રાપ્ત કરેલું અને પરિણામદર્શી હોય તો વિજયી નીવડે છે અને જગતની દૃષ્ટિએ ઉદ્વર્તન સમયે જે વિરોધનો રાહુ જોવાતો હોય છે તે કાળાંતરે દૂર થાય છે પૂર્વોક્ત બળ વડે મેળવાયની વિશુદ્ધતા સંપાદન થાય છે ત્યારે ગતાનુગતિકપણાનું પ્રવૃત્તિ ચક્ર એકમ ફરી જાય છે, પરંતુ આ માનસિકબળ કોઈ પણ પ્રકારે આડા માર્ગમાં વહન થનારું કદાપિ હોવું ન જ જોઈએ અને તેટલા માટે તેને યોગ્ય પ્રમાણમાં કેળવવાની ખાસ જરૂર છે

સાંસારિક મર્યાદામાં વર્તન થતો કહેવાતો વ્યવહાર તેની સર્વ પ્રવૃત્તિ માત્રને આવરી લે છે ખાનપાન, લેવડ-દેવડ, સ્વજન સેવા, શરીર શુશ્રૂષા વગેરે અનેક પ્રવૃત્તિમય છે જ્યારે ચતુર્થ પુરુષાર્થની મર્યાદાના કેન્દ્રસ્થાને રહેતો વ્યવહાર જૈન દર્શન વડે પ્રરૂપાતું 'વિરતિપણું' છે આમાં અહિંસા, સત્ય, પ્રમાણિકપણું બ્રહ્મચર્ય અને અપરિગ્રહ મુખ્ય છે બાકીના બીજા સામાયિકાદિ વ્યવહારો વિશુદ્ધ ક્રિયારૂપ છે આ વ્યવહાર મોક્ષ અથવા આત્માની આત્યંતિક મુક્તિ કરવા માટે મહાન સાધન છે અને તેથી જ આત્મજીવનમાં જાગૃતિ આણનાર ઉત્તમ રસાયન છે

વ્યવહારને મનુષ્ય જુદા જુદા સ્વરૂપમાં ઓળખે છે કેટલાક એક આચારને વ્યવહાર ગણે છે કેટલાક શુભ અથવા અશુભ પ્રસંગોમાં સગાં-વહાલાંને ત્યાં જવું તેને વ્યવહાર ગણે છે પરંતુ વ્યવહાર નય અને નિશ્ચય નયનું વિવેચન કરતું જૈન દર્શન પ્રવૃત્તિ માત્રને વ્યવહાર કહે છે અને તેને શુભ અને અશુભ એ બે પ્રકારમાં વહેંચે છે તેમાં શુભ પ્રવૃત્તિમાં વહન થતું જીવન એ વ્યવહાર વિશુદ્ધિ તરીકે ઓળખાય છે જ્યારે અશુભ પ્રવૃત્તિમાં વહન થતું જીવન અવિશુદ્ધ વ્યવહાર તરીકે સંબોધાય છે એ નય ઉપયોગથી અલગ અને વ્યવહારની પરિપાલનાથી- જેના ક્રમથી આત્મગુણ પ્રગટે છે તેમ પ્રગટ થયેલા ગુણોની સાથે સંયોગ પામતા જીવની શુદ્ધ પ્રવૃત્તિ-એ નિશ્ચય નયના અનુસંધાનવાળી છે બંનેની સંગતિ આવી નિકટ હોવાથી આત્મપ્રબોધમાં કહ્યું છે તેમ—

ववहारनउच्छेए तित्थुच्छेओ जओऽवस्सं

વ્યવહાર નયનો ઉચ્છેદ કરવામાં આવે તો શાસનનો જ ઉચ્છેદ અવશ્ય સમજવો તેમ શાસ્ત્રકાર કહે છે તો વ્યવહાર વગર કોઈ પણ કાર્ય થઈ શક્યું નથી, થઈ શકવાનું નથી તેમજ થઈ શકશે નહિ પરંતુ તેની જુદા જુદા તપાસવામાં જ ખરેખરી આત્મપરીક્ષા

છે અનેક મનુષ્યો તેમાં જબરી ભૂલથાપ ખાઈ જાય છે કેટલાક ભાન સમજણ વગરની અનર્ગલ આવશ્યક ક્રિયાઓનું ભાન કરી આંતરજીવનને મેળવવા ફાંફાં મારે છે પરંતુ પ્રત્યેક વ્યવહાર અર્થાત્ પ્રત્યેક ક્રિયાઓ તેના શુદ્ધ સ્વરૂપમાં આદરવી જોઈએ સાંસારિક પ્રવૃત્તિગત ક્રિયાઓને અત્યારે બાજુએ મૂકી માત્ર મોક્ષ પર્યંતની અનુકૂળ ક્રિયાઓમાં શૂન્યતાપણું અથવા વિગેરે દોષો ન હોવા જોઈએ પ્રત્યેક ક્રિયામાં પ્રમાદ વગર જિજ્ઞાસાપણું અને આદરવૃત્તિતા—એ બે તત્ત્વનું પરિણમન થવું જોઈએ આ ઉપરથી જગતના પ્રત્યેક અંગમાં વ્યવહાર સમાયલો છે આપણે ખાનપાન અગર ખેલ-કૂદનો વ્યવહાર શુદ્ધ ન રાખીએ તો જેમ શરીરને અને આત્માને હાનિ પહોંચે છે તેમ મુક્તિના સાધનરૂપ વ્યવહાર અવિશુદ્ધ હોય તો આધ્યાત્મિક હાનિ પ્રગટ કરે છે આ ઉપરથી વાચિક અને કાયિક વ્યવહાર ઉભયને શુદ્ધતાના પંથમાં વાળી દેવા જોઈએ કેમકે શ્રીમદ્ આનંદઘનજી કહે છે કે—

વચન નિરપેક્ષ વ્યવહાર જૂઠો કહ્યો,
વચન સાપેક્ષ વ્યવહાર સાચો
વચન નિરપેક્ષ વ્યવહાર સંસાર ફળ,
સાંભળી આદરી કાંઈ રાચો

—આમ હોવાથી વચન વ્યવહારને પ્રત્યેક પ્રસંગે કેળવવાની જરૂર છે આથી પ્રત્યેક પ્રવૃત્તિનો ક્રમ પ્રથમ માનસિક વ્યવહારને કેળવતા વાચિક વ્યવહારને ક્રમશઃ શુદ્ધ કરાવે છે અને પછીથી શરીર વડે પ્રાપ્ત કરાતી પ્રવૃત્તિ માનમાં કાયિક વ્યવહાર વિશુદ્ધ બનતો જાય છે જેવો વિચાર તેવું વર્તન—એ વિચારબળનું સામર્થ્ય દર્શાવે છે સદ્વિચારોનું સેવન અને તદનુસાર વર્તન એ વિશુદ્ધ વ્યવહારને જન સમાજ આગળ પ્રકટ કરે છે અનેક મનુષ્યો તેનું અનુકરણ કરે છે સાંસારિક

મર્યાદામાં પ્રાપ્ત કરાતો વિશુદ્ધ વ્યવહાર જેવો કે વશ્ય પુત્ર અથ કરી વિદ્યા અનુકૂળ ભાર્યા વિગેરે જેને નીતિમાર્ગે જીવનોના જ સુખ દર્શાવેલા છે તેવા અને નમારોમાં સદર્શિત થાય છે તે સાંસારિક શાંતિ ને અર્થે નિરુપયોગી નથી એટલું જ નહિ પરંતુ તેવા પ્રકારની શાંતિ ધાર્મિક સંયોગોને અનુકૂળ કાર્ય બનાવી શકે છે અને તેથી જ તે વ્યવહાર પ્રાપ્ય છે પરંતુ વાસ્તવિક રીતે મુક્તિને અનુકૂળ વ્યવહારમાં જેની પ્રવૃત્તિ તન્મય થઈ રહેલી છે તેઓને જ ધન્ય છે અને તેઓ કૃતાર્થ છે પૂર્વોક્ત સાંસારિક પરિસ્થિતિવાળી વ્યવહાર શુદ્ધિ જો દ્વિતીય પ્રકારની વ્યવહાર શુદ્ધિને ઉત્પન્ન કરવાનું સામર્થ્ય ધારણ કરે અને તે રીતે ઉત્પન્ન કરાવી આપે તોજ ઉપયોગી છે અન્યથા નિરર્થક છે આથી પ્રથમથી જ પ્રત્યેક ક્રિયા પછી તે સાંસારિક મર્યાદાવાળી હોય અથવા મુક્તિના કેન્દ્રસ્થાન રૂપ હોય તો પણ તેની શુદ્ધતા ઉપર ખાસ ધ્યાન આપવાથી જ મનુષ્ય નો ઉત્ક્રાંતિક્રમ વિકાસ પામતો જાય છે

બુદ્ધિમત્તા પામેલા મનુષ્ય વર્ગમાં જીવનના બે પ્રદેશ છે એક પ્રદેશનું નામ કારણ પ્રદેશ છે અને બીજા પ્રદેશનું નામ કાર્ય પ્રદેશ છે વ્યવહારવડે અનુભવની શાળામાંથી પ્રાપ્ત થતું શિક્ષણ એ કારણ પ્રદેશ છે અને તેનો જીવન સાથે યથાર્થ ઉપયોગ—એ કાર્ય પ્રદેશ છે આથી મનુષ્યોએ કાર્ય પ્રદેશ પ્રાપ્તિ માટે પોતાની દ્રષ્ટિ ફેરવીને કારણ પ્રદેશ પ્રતિ મૂકવાની છે અને તેમ કરતાં વ્યવહાર સંબંધી પ્રત્યેક ક્રિયાને શુદ્ધ કરવા અથવા શુદ્ધક્રિયામાં પોતાનો વ્યવહાર ચલાવવાની પ્રેરણા થાય છે, અને શ્રદ્ધા તેમજ વિશ્વાસથી આગળ વધાય છે

જિનેંદ્રપૂજા ગુરુ સેવા અને પ્રાણી અનુકંપા—વિગેરે વ્યવહારમાં મનુષ્યે સરખી રીતે થવું જોઈએ વ્યવહારની સત ક્રિયાઓ પછી તે શુભ હોય કે અશુભ હોય પણ બાહ્ય જગતમાં અંતઃકરણ ઉપર સારી અથવા ખરાબ છાપ પાડે છે તેથી જ વ્યવહાર આંતર જીવનને

ઘણી અચ્છી રીતે કેળવે છે, તેમજ સંસ્કારી બનાવે છે આમ હોવાથી ફળ પ્રકટાવવાના પ્રયત્નો જોઈએ જે જે ક્રિયાઓ કરવામાં આવે તેના પરિણામદર્શી થવું જોઈએ ગતાનુગતિક લોકદૃષ્ટિ અને તપાસવાની બીનજરૂર જરૂર નથી પરંતુ જે વર્તન અંગીકાર કરવામાં આવે તે નિર્દોષપણે થયું છે કે કેમ તેવા પ્રકારની સાધ્યદૃષ્ટિ જરાપણ ભૂલવાની નથી અને પણથી જગત્ પોતે જ પરિણામદર્શી થઈ જોશે ત્યારે એ વર્તનને યોગ્ય ન્યાય મળતો કહેવાશે ના પણ વર્તનથી અમુક ફળ ચોક્કસ નીપજશે તેની ખાતરી શી રીતે હોઈ શકે? કિંતુ સ્વબુદ્ધિ અનુસાર તુલના કરી ઉદ્યમને પ્રધાનપદ આપી પ્રગતિ કરવી જોઈએ એમ વ્યવહારને ઉન્નત કરનાર જૈનશાસ્ત્ર કહે છે પ્રયત્ન કરતાં કરતાં વ્યવહારની પુષ્ટિ પ્રાપ્ત થશે જ જેથી આંતરજીવનને પોષણ આપી અધિકાધિક બળવત્તર કરી કાર્યપ્રદેશ પ્રાપ્ત કરાવી આત્મિક ઉન્નતિમાં જીવનપ્રવાહ વિસ્તારશે

આ પ્ર વિ સ ૧૯૭૨

૭ વિવેક બુદ્ધિનો વિનિપાત

આપણા જીવનમાં નિવૃત્તિનો ગતિક્રમ એવો વ્યાપી થયો છે, દરેક જાતની હરિફાઈ એટલી બધી વધી ગઈ છે અને જીવન એવું તીવ્ર થયું છે થાક એનો બધો લાગે છે શાંતતુઓને એનો બધો નમ પડે છે કે પરિણામે જીવનનું સમતોલ પણ ખરી ગયું છે જેમ આપણું શરીર અમુક વર્ષ પછી વૃદ્ધિ પામતું નથી, તેમ આપણું મન નવા વિચાર કે સ્વભાવ ગ્રહણ કરવા અશક્ત બને છે અનેક મનુષ્યને અમુક દૃષ્ટિબિંદુથી વિચાર કરવાની જે ટેવ પડી ગઈ હોઈ છે તે જ વિચાર પ્રમાણે જુદી જુદી ભાવનાનું અવલોકન કરે છે

આ અવલોકનમાં વિવેકબુદ્ધિ પૂર્વ સંયોગોથી પ્રાપ્ત થઈ

વધી શકતું નથી કેમકે બુદ્ધિની જાગૃતિ હોવાથી મનુષ્યો પોતાના લક્ષ્યબિંદુઓને ચુક્તા નથી કર્મની ક્રિયા (Theory of action) એવી તો ગૂઢ છે કે તે જાણવાને માટે મનુષ્યને અપાર મહેનત, અને સૂક્ષ્મ બુદ્ધિની જરૂર છે જ્યારે તેની કોઈ ક્રિયાનું આપણને જ્ઞાન થાય છે ત્યારે તે એવું તો એકદેશી હોય છે કે થોડા વખતમા તે જ્ઞાન નિરૂપયોગી થાય છે અને તેને બદલે કોઈ નવી કલ્પનાનો આશ્રય લેવાય છે क्षण क्षणे यन्नवतामुपैति तदेव रूपं रमणीयतायाः —એ સિદ્ધાન્ત દરેક સામાન્ય મનુષ્યને લાગુ પડે છે તેને અનુસરી દરેક મનુષ્યની ભાવનાઓ, જેમ જેમ સયોગો નવા નવા પ્રાપ્ત થતા જાય છે તેમ તેમ નવા આવેગો ઉત્પન્ન કરાવે છે તેને અંગે મનુષ્યોની વિવેક દૃષ્ટિની આસપાસ રંગબેરંગી કુંડાળાઓ ઉત્પન્ન થાય છે પરંતુ તેમાથી વિવેક બુદ્ધિની નિર્મળ જ્યોતિ પ્રગટ કરવામા મનુષ્યની મહત્તા છે

મનુષ્ય જીવનમા આ રીતે પૂર્વ સમગ્ર વર્તમાન સયોગો અને શ્રમિત મન વિવેક દૃષ્ટિને જાગૃત થવા દેતા નથી જે દૃષ્ટિ પ્રત્યેક મનુષ્યને પોતાના જીવનને નાયક હોવી જોઈએ તે જો તે જીવનમાં અપ્રગટ હોય તો તેનું જીવન ઘણે અંશે પુરુષાર્થહીન રહે છે અને જીવનનું તત્ત્વ પ્રાપ્ત થઇ શકતુ નથી આપણા આચારો, આપણા ધર્મના પ્રયોગો આપણી વ્યવહારની સર્વ ક્રિયાઓ એ સર્વમાં વિવેક દૃષ્ટિનું અસ્તિત્વ હોય તો જ સહુના ગણાય છે

જો વિવેક દૃષ્ટિ માટે પૂર્વોક્ત પરિસ્થિતિ કહેવામા આવી તે વિવેક દૃષ્ટિ સમજવી જેટલી કઠિન છે તે કરતા તે પ્રાપ્ત કરવા પ્રયાસ કરવો અનેકગણો કઠિન છે વિચાર વાણી અને વર્તનના પ્રત્યેક પ્રસંગોમા વિવેકની સંપૂર્ણ જરૂર છે એ ન હોય તો એ નગેવાના અવ્યવસ્થિત ટોળાને અંગે મનુષ્યજીવન પશુતુલ્ય થઈ જવામાં

જરા પણ વાંરો રહેતો નથી અને મનુષ્યનો મોટો વિભાગ તે પરિસ્થિતિમા જ સડયા કરે છે જ્ઞાનીજનો વારવાર પ્રબોધી ગયા છે કે "પ્રત્યેક પ્રસગોમા વિવેકદૃષ્ટિ રાખીને કાર્ય કરો"

આપણા ભોજનના પ્રસગોમા આપણી વિવેકદૃષ્ટિ રહી નથી આપણાથી વયોવૃધ્ધ જ્ઞાનવૃધ્ધ મનુષ્યો સાથેના પ્રસગોમા આપણી વિવેક બુધ્ધિનો વિનાશ થયો છે ધનવાનો ગરીબોની સાથે અને ગરીબો ધનવાનોની સાથે ઉચિત કર્તવ્યો સમજી શકતા નથી અને વિવેકબુધ્ધિની ખામી જણાઈ આવે છે, આપણી જ્ઞાતિમા અને કુટુબમાં જ્યા વિવેકબુધ્ધિની ખામી પ્રસગે પ્રસગે આપસ આપસમા જોવામાં આવે છે ત્યા આપણે સ્વરાજ્ય અને દેશોધ્ધાર કેવી ઉચ્ચ રીતે સાધી શકીએ ?—એ મહાત્મા ગાધીનુ કથન અયથાર્થ નથી ઉચિત કર્તવ્ય પ્રથમ સમજવાની જરૂર છે અને તે પછી પ્રત્યેક વ્યવહાર અથવા ધર્મને લગતા પ્રસગોમા વિવેકદૃષ્ટિથી કાર્ય કરી તેનાથી ઉત્પન્ન થતા સારા ફળોની આશા રાખવી યોગ્ય છે

જૈન દર્શન જેને અતરાત્મપણુ કહે છે તે જ આ વિવેકબુધ્ધિ છે અતરાત્મપણુ પ્રાપ્ત થયા પછી મનુષ્ય પ્રત્યેક પ્રસગોમા ઉચિત કર્તવ્યના લક્ષ્યબિંદુને ગ્રહણ કરી તે તે પ્રસગોના પ્રકરણો પૂર્ણ કરે છે અને તે પ્રસગોની વચ્ચે આવેના વિઘ્નોને અથવા આનદને જુદી જ રીતે સકેલી લેતો હોય છે

પૂર્વ અને પશ્ચિમના ગાઢ સમાગમ પછી આપણી પ્રાચીન વિવેકબુદ્ધિનુ સૌંદર્ય પૂર્ણપણે ખોવાઈ ગયુ છે આપણુ ઉદાત્ત અને સંયમ જીવન અત્યારે વ્યાપાર મોજશોખો અને ભૌતિક અપેક્ષાઓ (Material needs) તૃપ્ત કરવામા આરોપ થઈ ગયુ છે એ સૌંદર્યને પુનઃ પ્રાપ્ત કરવા સત્સગો અને શાસ્ત્ર મૌજૂદ છે તેનુ વારવાર મનન કરવું – કરાવવુ તેને અનુકૂળપણે જમાનાના મનુષ્યોની

રુચિ અનુસાર ગોઠવવું—એ પ્રાચીન વિવેકબુદ્ધિને જાગૃત કરવા – જગાવવા માટે અત્યંત આવશ્યક છે

વિવેક બુદ્ધિને કયે સ્થાને કેટલા પુરતી રાખવી એ મનુષ્યોનો આત્મા જ પોતે જ પ્રાપ્ત કરેલા અનુભવ ઉપરથી નક્કી કરી શકે છે પરંતુ એ અનુભવ પ્રાપ્ત કરવામાં મોટો તફાવત રહેલો છે અને એ તફાવત અનુસાર તેની વિવેકબુદ્ધિની યોજનામાં પણ તફાવત રહે છે આથી એ અનુભવ પ્રાપ્ત કરવા માટે પૂર્વપુરુષોના ચરિત વાંચી વિચારી પૃથક્કરણ કરવું જોઈએ મનુષ્યને દુ ખદાયક અવસ્થામાંથી બચાવનાર વિવેક-ઉચિત કર્તવ્યની પરિભાષા છે શાસ્ત્રોમા પદે પદે જે જ્ઞાન અનુભવનો સમૂહ દેખાય છે તે વિવેકદ્રષ્ટિનું ફળ છે, જે મનુષ્યમાં એ દ્રષ્ટિનો પ્રભાવ માલુમ પડે છે તે જુદી રીતે પોતાના પ્રત્યેક વિષયમાંથી રસ અનુભવી શકે છે

માનસિક શક્તિ ટકાવી રાખવાને માટે વિવેકબુદ્ધિ સંપૂર્ણ રીતે કામ કરે છે—આત્માને વિશાળ સામર્થ્યમાં ગતિમાન કરવા માટે વિદ્યુત્ કરતાં વધારે ઝડપથી કામ કરે છે જે રાત્રિ સર્વ પ્રાણીઓની ઉપમા હોય છે તે સમયમાં મનુષ્યની જાગૃતિવાળી શી રીતે રહી ? એ વિચાર કરતા વિવેકનું માહાત્મ્ય જ માલુમ પડે છે આ ઉપરથી એ પરિણામ ઉપર આપણે આવવું પડે છે કે વિવેકબુદ્ધિ જે સહજ રીતે અપ્રગટ છે તે પ્રગટ કરવી જોઈએ તેને માટે શાસ્ત્રોક્ત વચનો પ્રમાણે આત્માને ઉચ્ચ પરિસ્થિતિમાં મૂકવો જોઈએ જે જે જીવન રહનદો આપણી સમક્ષ સંયોગો અનુસાર આવી પડેલા છે—તેનું યથાર્થ નિરીક્ષણ કરી જગાવવા જોઈએ એ વિવેક દ્રષ્ટિનું ખાસ આ કર્તવ્ય છે તે કર્તવ્યનું અસ્તિત્વ પૂર્વ કાળ કરતાં આ કાળે ખાસ કરીને નષ્ટ થયેલું છે અને એક

પગથીયું ઉતરતા જેમ મનુષ્ય લપસી જાય છે અર્થાત્ **विवेकभ्रष्टानां भवति विनिपातः शतमुखः** —એ સિદ્ધાંતને અનુસરી મનુષ્ય જીવન એ પશુજીવન થઈ ગયેલું છે, તેનો પુનરુદ્ધાર આ કાળે જે જે રીતે થાય તે તે રીતે કરવા શક્તિસંપન્ન મનુષ્યોએ તૈયાર થવું જોઈએ છે તેમાં જ આત્માના, કુટુંબના, જ્ઞાતિના, દેશના હિતના પ્રશ્નો પણ સર્વ રીતે સમાઈ જાય છે

વ્યવહારના અનેક પ્રસંગોમાં વિવેકદૃષ્ટિ ક્યાં રાખવી તેનો નિર્ણય પોતાનો અનુભવ અને પ્રસંગો કરી આપે છે ઘણા પ્રસંગો એવા હોય છે કે જેમાં પ્રતિકૂળ થવાથી કશો લાભ હોય નહિ છતાં મનુષ્યો પ્રતિકૂળ પક્ષને સ્વીકારી લે છે, પકડી રાખે છે એક કહે છે કાલ કરતાં આજે ગરમી વિશેષ છે બીજો કહે છે ના, કાલ જેટલી જ છે મારવાડી લોકો પોતાની પસંદગીવાળી પાઘડીને વખાણશે ત્યારે ગુજરાતીઓ પોતાની પસંદગીવાળી પાઘડીને શ્રેષ્ઠ ગણશે આ બન્નેના અનુમાનો કલ્પિત છે કાલે કેટલી ગરમી હતી તેનું માપ કોઈએ કાઢ્યું નહોતું તેમજ કઈ પાઘડી સુંદર છે, તેનો નિર્ણય કર્યો નહતો, પરંતુ બન્નેએ પોતાના પૂર્વ સંસ્કારો અને અનુમાન પર તર્કો ચલાવેલા છે, પરંતુ તેઓ એકબીજાને અનુકૂળ થવા વિચારતા નથી એમાંથી એકબીજાને અનુકૂળ થાય તો કાંઈ હાનિ નથી પરંતુ વિવેકદૃષ્ટિનો ઉપયોગ જે સ્થાને થવો જોઈએ ત્યાં નહીં થતો હોવાથી લઈને પૂર્વોક્ત દૃષ્ટાંતો મુજબ પ્રતિકૂળતા પ્રાપ્ત થાય છે

આ પણ એક જનસમુદાયનો સ્વભાવ થઈ ગયો છે કે જેવી કોઈની આરંભમાં મિત્રતા થતાં તેના ગુણો તરફ દૃષ્ટિ જાય છે પરંતુ જ્યાં થોડો કાળ તેની સંગતિ થઈ કે પછી દોષો જણાવા માંડે છે અને ક્રમે કરીને જે ગુણ વિચારકતરીને મિત્રતા બાંધી હોય છે તેજ

ગુણુ મિત્રના મધ્યનારને દોષરૂપ જણાય છે, તેવી જ રીતે ખાસ કરીને દોષો શોધવાની એની બધી વૃત્તિઓ પ્રત્યેક પ્રસંગે બહેળી થઈ હોય છે કે સામાન્ય કાર્યને અંગે તેઓ પ્રગટ થઈ જાય છે અને વિવેક દૃષ્ટિની ગેરહાજરીમાં દોષો દશ ગણા વારવાર કરે છે જેથી જે ગુણોની વૃદ્ધિ, વિવેકદૃષ્ટિ બહુ જ થોડા વખતમાં કરી આપે છે તે રોકાઈ જાય છે

વિવેક દૃષ્ટિ આધ્યાત્મિક વિભાગમાં ઘણો જ અગત્યનો ભાગ ભજવે છે વિવેકદૃષ્ટિ સંપન્ન આત્માનું અંતઃકરણ સર્વત્ર ગુણુ જોઈ સામાન્ય એ પારખી શકે છે ખરું જોતાં જગતમાં એવું એક પણ પ્રાણીપદાર્થ નથી કે જેમાં ગુણ ન હોય। તેમાં પણ જેની દૃષ્ટિ ગુણગ્રાહી થઈ હોય છે તેને સર્વમાં ગુણ જ જણાય છે તેથીજ આપણા શાસ્ત્રકારોએ સુગંધ-દુર્ગંધ અથવા સ્નિગ્ધ ખર સ્પર્શ વગેરે પરસ્પર વિરોધી પદાર્થને-ઉભયને-ગુણ-તરીકે સંબોધેલા છે પરંતુ જ્યાં સુધી આપણને અમુક પદાર્થમાં ગુણ ન જણાય ત્યાં સુધી તેનો વિચાર કરવાની જરૂર નથી પરંતુ તે પદાર્થના દોષનો વિચાર કરવો એ પ્રતિદિન આપણી વિવેક દૃષ્ટિ ખોવા સિવાય અન્ય લાભ નથી જ ગુણદૃષ્ટિ પ્રસારનાર ગુણસ્વરૂપ થઈ શકે છે

પોતાના લક્ષ્યમાંથી ખસી બીજામાં ન વળી જનાર બળને ઉત્પન્ન કરનાર ખાસ કામ વિવેકબુદ્ધિ કરે છે આ માંનો એક જ ગુણ જ્યાં અનવધિ સામર્થ્યને પ્રકટ કરાવી જગતમાં અલૌકિકતાનું દર્શન કરાવે છે, તો બીજા અનેક સદ્ગુણોથી આત્માનું સ્વાભાવિક જીવન કેવું [illegible] અને ઉત્તમ બને-એ કલ્પનાની ઝાંખી પ્રત્યેક મનુષ્ય પોતાના [illegible] પ્રમાણે કરી શકે છે પ્રયત્નના અભાવે મનુષ્ય સ્વભાવ [illegible] દુર્લભ છે તેમજ સારામારની વહેંચણી સમજવી [illegible] મુશ્કેલીવાળું કાર્ય છે ઉત્સાહને પ્રગટ કરી તે સહજ [illegible] જવાનો પ્રસંગ પ્રાપ્ત ન થાય-એ વિવેકદૃષ્ટિનું [illegible]

છે સ્વતંત્રતાના કરવાની ટેવ આ કાળે ઘણે અંશે નષ્ટ થઈ છે તે પુનઃસજીવન કરવાના પ્રયત્નો પ્રકટ કરવાના કર્તવ્યનું ભાન થાય તોજ એ વિવેક દૃષ્ટિનો સદ્ભાવ પ્રકટ થાય

આ પ્ર વિ સ ૧૯૯.

૮. નિ સ્વાર્થ વૃત્તિ કેવી હોઇ શકે?

દશ દૃષ્ટાંતો વડે દુર્લભ ગણાવેલો આ મનુષ્ય જન્મ પામ્યા છતાં જે પ્રાણીઓ હેય-ઉપાદેયના સ્વરૂપથી વિમુખ રહી અન્ય પ્રાણીઓના લાભને તિલાંજલિ આપી માન પોતે માની લીધેલા પૌદ્ગલિક અર્થસાધક હિતને મુખ્ય કરી પ્રવૃત્ત થયેલા હોય છે તેમની તે પ્રવૃત્તિઓ સ્વાર્થલીન હોઈ જે પ્રવૃત્તિઓથી તે પ્રાણીઓ પોતાને ઇષ્ટ સિદ્ધિ પ્રાપ્ત થયેલી માન્યા કરે છે તે જ પ્રવૃત્તિઓ વાસ્તવિક રીતે તેમના અંતરંગને મલિન કરતી હોય છે—એમ શાસ્ત્રો ડિંડિમ વગાડીને કહે છે આમ હોવાથી વસ્તુતઃ પોતાનું અને પરનું હિત શું છે તો વિવેક જાણવાની પૂર્ણ આવશ્યકતા છે આ વિવેક અમનમા મૂલ્યા વડે નિસ્વાર્થ વૃત્તિનું પોષણ થઈ પારમાર્થિક બળ પ્રાપ્ત કરે છે અને આપ્ત પુરુષો વડે નિર્મિત થયેલી અમોઘ સિદ્ધિને સંપાદન કરે છે

સ્વાર્થ અને પરમાર્થ ઉભય વૃત્તિઓ પ્રાણીઓની પૂર્વ સંસ્કારથી ઘડાયેલી અનંત તથા ઉન્નત અવસ્થાઓ છે જે માનસ-મંદિરમાં સ્વાર્થના આવેગોએ પોતાનું સ્થાન કર્યું છે તેવા પ્રાણીઓનું મન વ્યવહારમાં દરેક પ્રાણીઓ સાથેના પ્રસંગમાં પોતાની ઇચ્છાઓ કેમ તૃપ્ત થાય તેની ધૂનમાં ભટક્તું હોય છ અથવા અન્યના દ્રવ્યના કીર્તિના તથા હિતના ભોગે પણ કેવી રીતે સ્વાર્થ સંપન્ન થવું તેના મણકા મૂકયા કરતું હોય છે બીજી તરફ નિસ્વાર્થ વૃત્તિમાં સંસ્કાર પામેલું મન પોતાના કબજામાં રહેતા સ્થાવર અને જંગમ

સર્વ પદાર્થની આસક્તિ જાનની દરકાર રાખ્યા સિવાય માત્ર પરહિતને જ ખુણામાં પણ મેળવતું હોય છે અને તે માટે પ્રાપ્ત થાય તેટલી જ પ્રતીક્ષા કર્યું કરે છે

દુનીઆમાં ત્રણ પ્રકારના મનુષ્યો હોય છે કેટલાએક પોતાનું હિત અમુકી રીતે જાળવી રાખી તેમાં બાધ ન આવતો હોય ત્યાં સુધી અન્ય હિતને સાચવવા પ્રયત્ન કરે છે પરંતુ પોતાના હિતનો ભોગ આપવાનો સમય આવતા અન્યના હિતથી પોતાનો સબંધ છોડી દે છે આ મધ્યમ પંક્તિના મનુષ્યો છે જેઓ માત્ર પોતાની સ્વાર્થ વૃત્તિને જ અનુસરી પોતાની સ્વાર્થ સાધનામાં જ તત્પર રહે છે અને તેઓ બીજાઓને નુકસાન કરતાં જરા પણ અચકાતા નથી તેઓ કનિષ્ઠ પંક્તિના મનુષ્યો છે પરંતુ એ ઉત્તમ પંક્તિના મનુષ્યો વિરલ છે કે જેઓ પોતાનું સ્વાર્થીપણું દૂર કરી નિવૃત્તિ વડે પરમાર્થનું સ્વરૂપ વિચારી નિઃસ્વાર્થપણે પ્રવૃત્તિ માર્ગના નિયમો પ્રગટ હોય છે સ્વપરબુદ્ધિ ત્યાગી એ કાર્ય એટલી મુશ્કેલ બાબત નથી કેમકે તે અનાદિ સંસ્કાર શમે ના ત્યારથી જ દુનીયાના ચાલુ વ્યવહારોમાં પણ સ્વાર્થ રચના પ્રવૃત્તિઓ બહુ જ જુદા પ્રમાણમાં દષ્ટિગોચર થાય છે

અનેક મિત્રો પરસ્પર મૈત્રીબંધન કરે છે અને પીવું ખાવું ફરવું વિગેરે ક્રિયાઓ સમજણથી કરતા હોય છે પરંતુ તેમાંના કેટલાએક પૌદ્ગલિક માટે પોતાને સ્વાર્થ સ્વાર્થ સમાપ્ત થાય તેના ઉપાયો ગોઠવતા હોય છે સ્વાર્થ પ્રાપ્તિ સુધી એ મૈત્રી બંધન ટકાવી રાખી પછીથી શિથિલ કરી દે છે કેટલાએક મિત્ર અંતઃકરણ વાળાઓ પોતાના મિત્રનું અહિત કરી સંતૃપ્તિમાં મનોરથ માને છે, કેટલાએક અન્યના સંકટ સમયે તેને તજી અલગ થઈ જાય છે, કેટલાએક પોતાનો સ્વાર્થ જેટલા કાળ સિદ્ધમાં હોય છે તેટલી મર્યાદા સુધી મિત્રભાવ ધારણ કરનાર હોય છે, પરંતુ પોતાની અંગ

પ્રસંગના સંયોગો અથવા પોતાનું નુકસાન ખમવું પડે તો તે આનંદ સાથે સ્વીકારી અન્યના હિતમાં જ અવિરતપણે તત્પર રહે છે અને મિત્રભાવને વૃદ્ધિ કરતા જાય છે તેવા વિરલ મિત્રો દૃષ્ટિગોચર થાય છે

ધંધાને અંગે તપાસનાં વકીલાતમાં, અધિકારીપણામાં, વૈદ્યપણામાં તથા વ્યાપાર વિગેરે ક્ષેત્રોમાં સ્વાર્થબુદ્ધિરૂપી ગણિકા નિર્લજ્જપણે નૃત્ય કરતી હોય છે કેમકે એક મોટા મુકદ્દમામાં વાદીના પક્ષમાં ઊભા રહેવાને નિમાયેલ થયેલો અપ્રમાણિક વકીલ દ્રવ્યની લાલચથી લોભાઈ પ્રતિવાદીની લાંચ વડે વાદીના લાભને લૂંટો કરી મૂકે છે, ન્યાયાસન ઉપર બેઠેલો હોઈ તેવો જ ન્યાયાધીશ દ્રવ્યરૂપ દીપકમાં પતંગ સદૃશ ઝંપલાઈ અપ્રમાણિકપણે ચુકાદો આપતાં લાંચ આપનારના લાભમાં તે જાહેર કરે છે, વૈદ્યો પણ પૈસાના લોભની ખાતર દર્દીઓના વ્યાધિ તરફ ઉપેક્ષા ભાવ રાખી દર્દીઓના હિતકારી માર્ગની દરકાર મૂકી દઈ માત્ર લાલચના વમળોમાં તણાય છે, તેમ જ કેટલાક વ્યાપારીઓ પણ હરેક કોઈ માર્ગે દ્રવ્ય પ્રાપ્તિ કરવી એવો જ ઉદ્દેશ રાખનારાઓ અન્યને છેતરી ઇષ્ટ પ્રાપ્તિ કરી એ તેમને સાહજિક થઈ રહેલું હોય છે કીર્તિના અને સ્વપ્રશંસાના ભૂખ્યા મનુષ્યો તેની ખાતર જો તેઓ મંડળના નાયક થવાના હોય છે તો સમગ્ર મંડળને કોઈ પણ સ્વાર્થી તૃપ્તિને ખાતર ક્ષણવારમાં કફોડી સ્થિતિમાં મૂકી દે છે આમ હોવા છતાં એવા પણ કેટલાક વૈદ્યો, વકીલો જજો ને વ્યાપારીઓ અને કીર્તિવાંછકો હોય છે કે જેઓ પ્રમાણિકપણાનો મુકુટ પહેરી પોતાની મર્યાદામાં ઉરપૂર્ણ જેટલો ધંધાને અંગે રાખવો ઘટે તેટલો લોભ રાખી બીજાને છેતરવાથી મનાતી પોતાની સ્વાર્થસિદ્ધિને ધુતકારી કાઢે છે અને સત્યમાર્ગ ઉપર ચિરકાળ ટકી રહે છે

પિતા અને પુત્રનો સંબંધ ધારણ કરનાર પ્રાણીઓમાં પણ સ્વાર્થબુદ્ધિ નિરંકુશપણે વિચરે છે એક પિતાને અમુક પુત્ર ઉપર રાગ

હોઈ બીજા પુત્રને હાંકી કાઢી પોતાની મિલ્કતનો મોટો ભાગ તેને આપવા ઈચ્છે છે બીજી તરફ અમુક પુત્ર પોતે જ મિલ્કતનો સ્વામી થવા અનેક માર્ગો શોધતો હોય છે પરંતુ વિરલ પિતાઓ અને વિરલ પુત્રો ન્યાયદૃષ્ટિએ વર્તન કરી એક બીજાની યોગ્યતા જાળવી રાખી સ્વાર્થવૃત્તિથી વિદૂર રહી ધાર્મિક વર્તન બનાવતા હોય છે

સ્વાર્થના કૂપમાં મગ્ન થયેલા સગાવહાલાઓ પણ અમુક પ્રાણીઓને મધમાખીની પેઠે મધની લાલસા માટે વળગી રહે છે જ્યાં સુધી ધન રૂપી મધ રહેતું હોય છે ત્યાં સુધી તે પ્રાણીઓની સેવા કર્યે જાય છે પરંતુ જ્યારે તે પૂરી જાય છે ત્યારે પોતાનું સ્વાર્થીપણું જગતની દૃષ્ટિએ ઉઘાડું પાડે છે અને સ્વાર્થીપણામાં કૃતઘ્નપણાનો એક વધુ દુર્ગુણ ઉમેરાય છે, જેથી તે મનુષ્યો ઉભય લોકોના પ્રાણીઓની નિંદાને પાત્ર બને છે સ્વાર્થી નોકરોની પણ તેમના શેઠ પ્રત્યેની આવી જ સ્થિતિ હોય છે

પોતાના અંગત અને નિકટના સ્નેહીનું મૃત્યુ થતાં વિયોગ વડે પ્રાણીઓ શોકમગ્ન બને છે તેનું પણ મુખ્ય કારણ આંતર દૃષ્ટિથી તપાસતાં સ્વાર્થ જ નીકળે છે કેમકે કાંતો તે સ્નેહીથી પોતાને થતા વર્તમાન લાભની હાનિ થયેલી હોય છે અથવા તે સ્નેહીથી ભવિષ્યમાં થનાર લાભને ગુમાવ્યો હોય છે અને તેને અંગે દુઃખપૂર્ણ સ્થિતિ જીવનમાં ઓતપ્રોત થઈ રહેલી હોય છે પરંતુ આ પ્રસંગે સ્વાર્થીપણાના અભાવથી વિદૂર રહેનાર મનુષ્યોની માનસિક સ્થિતિ તદ્દન વિપરીત હોય છે તેઓ વિવેકસંપન્ન હોઈ વૈરાગ્ય ભાવનાને સન્મુખ કરી વિચારે છે કે પરમાર્થ દૃષ્ટિએ તપાસતા મારામાં સ્વાર્થબુદ્ધિ હોઈને તેના મૃત્યુથી મને અપાર શોક થાય છે અર્થાત્ વાસ્તવિક રીતે હું તેને રોતો નથી પરંતુ મારા સ્વાર્થને રડું છું પરંતુ આ મારું રુદન કેવળ અસત્ય ... બહિરાત્મ ભાવનું મૂળ કારણ

એટલુ જ નહિ પરતુ સ્વાર્થને દૂર કરી અંતપ્રવેશ કરતા નીચેના વિચારો પ્રકટે છે

यथ यभ्याजाताश्चिरपरिगतापघखलुन ।
सम यै समृद्धा स्मृतिविषयता तऽपिगमिता ॥
इदानीमत स्म प्रति दिवससमासन्न पतनाद् ।
गत स्तुल्यावस्था सिकतिलनदीतीरतरुभि ॥

આપણે જેમનાથી ઉત્પન્ન થયા છીએ તે તો ઘણો લાંબા કાળ થયા, ચાલ્યા ગયા, જેમની સાથે ઉછરીને મોટા થયા તે પણ સ્મૃતિમાન થઈ ગયા, અને હાલ તો આપણે નદી કિનારા ઉપરના તરુ જેવી પ્રતિદિન પાસે આવતી મરણ સ્થિતિને પ્રાપ્ત થતા જઈએ છીએ —આ રીતે સર્વનો માર્ગ એક વખત ગમે તે અવસ્થામા એક જ સ્થિતિવાળો હોવા છતા તેઓ સ્વાર્થને અગે જ રુદન કરતા હોય છે

પૂર્વોક્ત દૃષ્ટાતો અને તેને જ લગતા દુનિયામા પ્રતિક્ષણે બનતા અનેક દૃષ્ટાતો વ્યવહારને અગે નિઃસ્વાર્થવૃત્તિની ભૂમિકાને માત્ર હજુ સ્પર્શનારા છે પરતુ પરમાર્થ વૃત્તિનુ તલસ્પર્શીપણુ અલૌકિકપણે જુદા જ પ્રદેશોમા વર્તે છે તે પ્રદેશો અતરાત્મપણાનો અભ્યાસ કરી અનુભવ કરવા વડે અનુભવી શકાય તેમ છે ખરેખરી રીતે જ્યારે જ્યારે પ્રાણીઓ જેટલા જેટલા પ્રમાણમા બહિરાત્મભાવ જેમ જેમ તજતા જશે ત્યારે ત્યારે તેટલા તેટલા પ્રમાણમા પરમાર્થના દિવ્ય પ્રદેશમા તેમતેમ પ્રવેશ કરતા જશે આ દિવ્ય પ્રદેશનો આનદ અનુભવવાને માટે દિવ્ય ચક્ષુની મદદ લેવી પડે છે અને તે દિવ્ય ચક્ષુ તે અતરાત્મપણુ છે આ ચક્ષુ વડે શરીર અને તેને વળગેલા ઉપાધિરૂપ અન્ય પદાર્થો પુત્ર સ્ત્રી, ધન કીર્તિ અલકાર પ્રાસાદ વિગેરે પોતાથી તદ્દન જુદા દેખાય છે તેથી તેના લોભમા તણાવુ તે સર્પ અને દોરડીનો

વિવેક નહી સમજનાર બાળકનું લક્ષણ છે એમ સમજે છે આમ હોઈ 'स्वार्थ भ्रशाहि मूर्खता'—એ સૂત્રને તેના અક્ષરશ Literal અર્થમા વળગી રહી પરમાર્થ એ જ સ્વાર્થ — આત્માર્થ છે—એમ માન્ય કરે છે અને તદનુકૂળ આચરણ કરવા પ્રવૃત્તિશીલ બને છે તેની સ્થિતિ નીતિ શાસ્ત્રમા કહેલા "मध्य कृच्छ्रगतोऽपि याहतिमत मत्यानुरूप फल" સૂત્રાનુસારી થાય છે

સ્વાર્થવૃત્તિના સસ્કારો આત્માની ભાવના વડે દૂર કરી શકાય છે અને તે જ ભાવના માનસિક જગના કચરાના પ્રત્યુપાયરૂપ કતકચૂર્ણ છે નિસ્વાર્થ વૃત્તિ વડે હૃદય સકોચ દૂર થાય છે અને આત્માને વિશાળ પ્રદેશમા ફરવાનો અવકાશ મળતો જાય છે પૂર્વોક્ત વૃત્તિ વડે અનુભવજ્ઞાનની વૃદ્ધિ થતી જાય છે અને જેમજેમ આ વૃત્તિનો આસ્વાદ લઈ પ્રાણીઓના હિતમા પ્રવૃત્ત થવાય છે તેમતેમ 'જેમ પ્રાણીઓની હિંસા ન કરવાથી પોતાનુ આયુષ્ય દીર્ઘતર થાય છે'—તેમ પોતાનુ હિત અધિકતર થતુ જાય છે અને ઉત્તરોત્તર પોતાનુ જ સર્વાશે હિત થઈ રહે છે સ્વાર્થી મનુષ્ય સ્વાર્થ પૂરતો જ સબધ રાખનાર હોઈ કદાપિ સત્ય માર્ગનુ અવલબન લેવા ભાગ્યશાળી થતો નથી એટલુ જ નહિ પરતુ તેનુ લોભ વગેરે કષાયો અને દુર્ધ્યાનથી આવૃત્ત હોઈ ભયથી કપતુ હોય છે અને કદાચ સ્વાર્થ સિદ્ધ નહી બનતા તે નિરાશાથી કટાળી અતે થાકી જાય છે

જૈન દર્શનમાં સોનેરી અક્ષરે કોતરાયેલો વીશમોગુણ જેનુ નામ 'परहितार्थकारित्व' છે તે છઠ્ઠા પાચમા ગુણસ્થાનક ઉપર રહેલો શ્રાવક તે ગુણના વિદ્યમાનપણામાં ભાવશ્રાવક કહેવાય છે આ ગુણ ખાસ કરીને નિસ્વાર્થ વૃત્તિનુ દર્શન કરાવતો હોય તેમ લાગે છે અર્થાત્ એક શ્રાવકમા પણ નિસ્વાર્થ વૃત્તિ એ તેનુ આદ્ય લક્ષણ છે, અને તેથી જ તે શ્રાવકની ગણનાને પાત્ર થઇ શકે છે તો મુનિઓ કે જેઓ પરહિતને માટે તે દ્વારા સ્વહિતને ઉત્પન્ન કરવા સસામર્થ્

જ જાગો તજી પરમાર્થક્ષેત્રમાં વસે છે તેઓ **'પરઅહિતકારી'** કેવી રીતે હોઈ શકે ? પરંતુ જો પારકાના અહિતમાં પ્રવૃત્તિ પરાયણ થઈ જાય તો ભાવઆરંભથી પણ ઉતરતે દરજ્જે છે—એમ ન્યાયદૃષ્ટિ જણાવે છે પારમાર્થિક પ્રયોજનને માટે જ ચારિત્ર ધારણ કરનારા મુનિજનોના દૃષ્ટાંતો સ્થળે સ્થળે દૃષ્ટિગોચર થાય છે જે મહામુનિઓ આપણા તરફ ઉપકાર દૃષ્ટિથી ગ્રંથસમૃદ્ધિદ્વારા જ્ઞાનનો વારસો મૂકી ગયેલા છે તેઓ અવશ્ય નિઃસ્વાર્થી હતા અને સ્વપર ઉપકારી હતા જો તેઓએ તેવા કાર્યોમાં ગોંધાઈ પોતાના પારમાર્થિક વીર્યનો અન્ય રસ્તે નકામી રીતે વ્યય કર્યો હોત તો ગ્રંથોની અંદર આવેલા તેમના વિચાર બળનું આપણે દર્શન કરવા ભાગ્યશાળી થાત નહિ—એ ચોક્કસ છે આ ઉપરથી દુનિયાના કેટલાક મનુષ્યો સ્વાર્થ પરમાર્થનો વિવેક સમજતા નથી કેટલાએક સમજવા છતાં સ્વાર્થ વૃત્તિનું પ્રબળ સામર્થ્ય હોવાથી પોતે હારી જઈ તે તજી શકતા નથી કેટલાએક મનુષ્યોએ સ્વાર્થ તજી દીધેલો હોવા છતાં પુનઃ તેના સામર્થ્ય (Force) બળનો ધક્કો વાગવાથી પડી જાય છે અને તામસે થઈ જાય છે પરંતુ આસન્નસિદ્ધિ બહુજ થોડા મનુષ્યો તેને યથાર્થ સમજી પોતાથી સંતર દૂર કરવા પ્રયત્ન કરી તેમાં સફળતા મેળવે છે

ખાસ કરીને વ્યવહારમાં પણ નિઃસ્વાર્થીપણાનો જેમ બને તેમ વિકાસ કરી આત્મોન્નતિ કરવા દરેક પ્રાણીનું લક્ષ્ય બિંદુ હોવું જોઈએ આમ થવાથી પોતાનો વ્યવહાર ઘણોજ સુન્દર—આચાર સંપન્ન બને છે બીજા પ્રાણીઓ કે જેઓ હમેશાં પોતાના સમાગમમાં આવતા હોય છે તેમનામાં પોતાના નિર્મળ ઉપદેશવડે શુદ્ધ સંસ્કારો દાખલ કરે પોતાના શરીરવડે બનતી રીતે તેમને નીતિ અને ધર્મમાર્ગમાં યથાસ્થિતપણે સહાય કરે અને પોતાની માનસિક અવસ્થામાં તેમનું સંહિત-ચિંતવન કરે અને ત્યાર પછી પ્રાણી માત્રને માટે ત્રિકરણ યોગવડે હિતબુદ્ધિમાં ઓતપ્રોત થાય—એવો અંતરાત્મ વેગ દરેક પ્રાણીએ

પ્રાપ્ત કરવા તૈયારી કરવી જોઈએ, અને તેની ભાવના સદા જાગૃત રાખી તદ્નુકૂળ આચારને મૂર્તિમાન્ કરવો જોઈએ

'परोपकारायमता विभूतय '—એ સૂત્ર સજ્જનો અને દુર્જનોના વિભાગ પાડી નાખે છે આથી પરમાર્થ દૃષ્ટિવાન્ મનુષ્યોની ગણના સજ્જનોની કોટિમા આવી શકે છે તેમની પરિસ્થિતિ આ આ પ્રકારે હોઈ તેઓનો જે જે પ્રાણીઓ સગ કરે તે સત્સગી કહેવાય છે તેમના સગથી તેમની હાર્દિક ભાવનાઓ સગ કરનારના હૃદયમા ગુણામૃતનો છટકાવ કરે છે તેનુ હૃદય વિશુદ્ધતર બનાવે છે અને વૈજ્ઞાનિક શબ્દોમા કહીએ તો 'જેવો આઘાત તેવો પ્રત્યાઘાત' ઉપજાવે છે એમ વિદ્વાને કહ્યુ છે કે—

જેમનુ મુખકમલ પ્રસન્નતાને વમવાનુ ગૃહ હોય છે હૃદય દયામય હોય છે વાણી અમૃતતુલ્ય હોય છે અને પરોપકાર એજ જેની ક્રિયા છે તેઓ જગત્મા કોને નમસ્કરણીય નથી?

આવા મનુષ્યોમાથી સ્વાર્થનો મેલ ધોવાઈ ગયેલો હોય છે તેથી આર્ત અને રૌદ્ર ધ્યાનની મલિન વાસનાઓનુ ઉચ્છેદન કરી મૈત્રી, પ્રમોદ કારુણ્ય અને માધ્યસ્થ ભાવનાઓમા રમણ કરતા હોય છે મૈત્રી ભાવનાના વિચાર પ્રવાહમા તેઓ સર્વ જીવને મિત્રભાવે નિહાળતા હોય છે, પ્રમોદ ભાવના વડે ગુણી જનોના ગુણો તરફ નિષ્કારણ યોગે પ્રીતિ યુક્ત થયેલા હોય છે, કારુણ્ય ભાવના વડે સસારમા કર્મ જનિત દુખથી પીડાયેલા પ્રાણીઓ તરફ તેમનો દયાર્દ્રપણાનો ઝરો હૃદયમાથી છુટે છે અને માધ્યસ્થ દૃષ્ટિવડે ક્રૂર અધ્યવસાયવાળા પ્રાણીઓ ભણી ઉપેક્ષા ભાવ ધારણ કરે છે આ પ્રાણીઓ પરમાર્થ વૃત્તિની સપાટી ઉપર નહી પરતુ તેની તલસ્પર્શી ગહનતાને અનુભવવડે પ્રાપ્ત થયેલા કહેવાય છે નિસ્વાર્થ વૃત્તિના અગાધ તળીયાને પહોચી વળનાર આ મનુષ્યો [illegible] જીવતા કહેવાય છે તેઓએ સ્વ

વૃત્તિના અંતરપટના ચૂરેચૂરા કરી નાખેલા હોવાથી બીજાના કહ્યા વગર જ તેમને ધર્મ પમાડવાના ઉપકારવાળા હોય છે. પરમાર્થ સાધના એજ પોતાનું અગ્ર કર્તવ્ય સ્વીકારેલું હોય છે. આમ હોઈને પોતાની આસપાસના વાતાવરણમાં પણ તેવાજ સંસ્કારો ઉત્પન્ન કરી-એક બીજ એક વૃક્ષ ઉપર અનેક ફળો ઉપજાવે તેમ-વિસ્તૃત માત્રામાં અન્યને પણ પોતાની સ્થિતિ સધાતે જોડી દે છે. અંતરાત્મ સ્થિતિમાં નિઃસ્વાર્થ વૃત્તિની ઉંચી હદે પહોંચ્યા પછી પરમાત્મપણાના અધિકારી થતા વિલંબ લાગતો નથી. વાસ્તવિક પરમાર્થ કોને કહેવાય તેને માટે શ્રીમદ્ ઉમાસ્વાતિવાચક વદે છે કે—

" जन्मनि कर्मक्लेशैरनुबद्धेऽस्मिस्तथा प्रयतितव्य ।
कर्मक्लेशाभावो यथा भवत्येष परमार्थ " ॥

' અનંત જન્મથી કર્મ ક્લેશવડે ગાઢ થયેલા આ આત્માનો તે કર્મ ક્લેશથી જે રીતે છુટકારો થાય તેવા પ્રકારનો પ્રયત્ન તે પરમાર્થ છે અર્થાત્ તે જ સ્વાર્થ-આત્માર્થ છે "

ઉક્ત નિવેદન વડે સ્વતઃ સિદ્ધ થઈ શકે છે કે નિઃસ્વાર્થ વૃત્તિ ઉંચામાં ઉંચી હદમાં ત્યારે જ અસ્તિત્વ ધરાવે છે કે જ્યારે એક પ્રાણી પોતાના પૌદ્‌ગલિક સર્વ લાભોની પરહિતયજ્ઞની વેદિકા ઉપર આહુતિ આપી જગતનું કલ્યાણ ઇચ્છે છે અને તેના પ્રયત્નોમાં સદા જાગૃત રહી અનેક પ્રકારે પોતાની શક્તિ પ્રમાણે હિતવર્ત્તી નીવડે છે. આવી સ્થિતિ પામવા માટે માનસિક સંસ્કારો બહુ જ સુદૃઢ કરવા કરવા જોઈએ. કેમકે કેટલાએકને સ્વાર્થવૃત્તિ વારસામાં મળેલી હોય છે તેમને પ્રયત્ન વડે પરિપાક પાડવાથી મળી શકે છે, પરંતુ જેમને સ્વાભાવિક રીતે સ્વાર્થ વૃત્તિનો વિશેષ પ્રમાણમાં અભાવ હોય છે તેઓને થોડો પણ ગુરુ ઉપદેશ અથવા સચ્છાસ્ત્ર શ્રવણ બસ થઈ પડે છે. નીતિકાર કહે છે કે—

क्षुद्राः सन्ति सहस्रशः स्वभरण व्यापार मात्रोद्यताः ।
स्वार्थो यस्य परार्थ एव स पुमानेकः सतामग्रणीः ॥

પોતાની અન્નપૂર્ણા કરવાને ઉદ્યમવંત રહેનારા ક્ષુદ્રજનો [illegible] પાકે પરંતુ પરાર્થનો અર્થ એ જ પોતાનો સ્વાર્થ માનનારા બહુ જ જવલ્લે જ મળી આવશે. આ રીતે પરમાર્થ વૃત્તિ વડે સ્વાર્થ—આત્માર્થ ઉત્પન્ન કરનારી નિઃસ્વાર્થ વૃત્તિનું સ્વરૂપ કેવું અદ્ભુત છે તેનો સહજ ખ્યાલ આવી શકે—એવી માન્યતા સાથે વિરમવામાં આવે છે.

આ. પ્ર. વિ. સં. ૧૯૯૭

૯ समयोचित सेवा

જે અનેક મંતવ્યો માનવજાતિને માટે નિર્માણ થયેલ છે અને જે તેની ઉન્નતિને માટે નિશ્ચય સાધનભૂત છે—એ મંતવ્યો [illegible] સ્વશાસ્ત્રાનુસાર બુદ્ધિને સમયમાં સ્થાન આપી શોધવાં જોઈએ. અને એ રસ્તે પ્રયાણ કરી ઇષ્ટ સ્થાનકે પહોંચવા પ્રયત્ન કરવાનો [illegible] જે જેમ લાભો કાળે પ્રાપ્ત થવાનું હોય છે તે [illegible] કરી શકાય. પ્રત્યેક વિચારક મનુષ્ય સુખને ચાહે છે એ દે[illegible] છે પરંતુ એ સુખને પ્રાપ્ત કરવાના માર્ગમાં પોતે [illegible] સ્થિતિઓ ઉત્પન્ન કરેલી હોય છે જેથી એ સુખ તો [illegible] વર્તમાન સ્થિતિની સપાટી પરથી પણ ઉતરી જાય છે [illegible] સ્વરૂપમાં વિચાર કરી અનુકૂળ પ્રસંગોમાં યોજવામાં આવે તો [illegible] ફળ ઉત્પન્ન કરાવી આપે છે. અન્યથા પ્રાપ્ત [illegible] નિષ્ફળ નિવડતાં આવેલી બાજી હારી જાય છે [illegible] ઉન્નતિ નહીં થતાં અવનતિ સ્થાય છે અને [illegible] ગળે છે.

મનુષ્યના આચારો તેના વિચારો ઉપર મુખ્યત્વે કરીને આધાર રાખે છે આમ હોઈ વિચારની સદોષતા કે નિર્દોષતા ઉપર આચારની યોગ્યતા લટકી રહેલી છે વિચારક મનુષ્યે જે કર્તવ્યક્ષેત્ર પોતાને માટે આ જન્મમા નિર્માણ કરેલુ હોય તેટલા દૃષ્ટિબિંદુમા તે કર્તવ્યની વિચારણા-ઉહાપોહ કરી ચોક્કસ પ્રકારના સિદ્ધાંત ઉપર આવવુ જોઈએ, અને પછીથી તે કર્તવ્યક્ષેત્રમાં મુકાવુ જોઈએ આમ કરવાનુ ખાસ કારણ એ છે કે પોતાની આત્મશક્તિ તપાસી તે પ્રમાણે કર્તવ્યોની મર્યાદા નક્કી કરી જોઈએ જો શક્તિ ઉપરાંત કરવામા આવે તો નિરાશા અને ખેદ ઉત્પન્ન થઈ પ્રતિકૂળ સંયોગોને અવકાશ મળે છે અને સ્વશક્તિથી ન્યૂન મર્યાદામા જ રહેવાય તો ફળની અપૂર્ણતા રહે છે આથી વિચારો એ આચારનુ અનંતર—ઘણુ જ નજીકનુ કારણ છે, અને તે સત્સંગ, ઉત્તમ વાતાવરણવાળુ ક્ષેત્ર અને ધર્મ વિષયક પુસ્તકો વિગેરે દ્વારા ઉત્પન્ન થવા યોગ્ય છે

અત્ર પ્રશ્ન ઉપસ્થિત થવા યોગ્ય છે કે કર્તવ્યક્ષેત્ર મનુષ્ય માટે કેટલુ છે? આનો ઉત્તર સત્શાસ્ત્ર આપતા કહે છે કે મનુષ્યોને માટે અસંખ્ય કર્તવ્યો રહેલા છે પોતપોતાની શ્રદ્ધા, સ્થિતિ સંયોગો અને સાનુકૂળતા તપાસી જેટલા બની શકે તેટલા ગ્રહણ કરવા અને તેને દરરોજ ઉંચા સ્વરૂપમા મુકતા જવા એ તેની આવશ્યક ફરજ છે પ્રતિકૂળ પ્રસંગો-વિઘ્નો સામે તૈયાર જ છે, છતા આરંભેલી પરિસ્થિતિને વચ્ચેથી ત્રુટિત કરી દેવી અથવા ઓછા વેગવાળી કરવી એ કોઈ પણ રીતે ઉચિત નથી છેવટ મોક્ષની પ્રાપ્તિ પર્યંત એ કર્તવ્યોની શ્રેણી વિસ્તૃત કરવાની છે આથી જ શ્રી જિનેશ્વરે અસંખ્ય યોગો નિવેદન કર્યા છે, તેનો જો સૂક્ષ્મ દૃષ્ટિએ વિચાર કરવામા આવે તો—જે મનુષ્યને સર્વજ્ઞ શાસન જોઈ તત્ત્વનુ પરિણમન થયેલુ હોય છે અને તેથી મુક્તિની અભિલાષા હૃદયમા જાગૃત હોય છે—તે એક ક્ષણ માત્ર પણ એ

કર્તવ્યથી વિમુખ થાય નહિ પરંતુ એ કર્તવ્યનું આનંદથી પાલન કરી તે ક્ષેત્રનું પ્રમાણ નિત્ય વધારતો જાય

અનેક કર્તવ્યો અનેક દૃષ્ટિએ વિચારી શકાય છે અને તેને આચારમાં પણ અનેક પ્રકારે મૂકી શકાય છે અનેક કર્તવ્યનો સમાવેશ એક કર્તવ્યમાં પણ થઈ શકે છે એવાં અનેક કર્તવ્યો પૈકી ‘ સેવા’ એ એવું કર્તવ્ય છે કે તેને બરાબર વિચારી તેનું શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કરી શકાય તો એ સેવા—એક જ માત્ર મનુષ્યોને મુક્તિની સમીપમાં લાવી મૂકે આ સેવામાં શું સ્વાર્થના કિંચિત અંશો સમાયેલા છે? શું કીર્તિની અભિલાષાનો વેગ એ સેવામાં વહે છે? શું એ સેવા અભિમાનના ઉચ્ચ શિખર ઉપર દેખાય છે? અથવા એ સેવાને કર્તવ્યરૂપે આચારમાં મૂકનાર મનુષ્ય સાધારણ મનુષ્યોના જેવો પામર અને નિર્બળ હોય છે? નહિ નહિ એ સેવા અને તેના અંગોને યથાશક્તિ વિચારી તેનો અમલ કઈ રીતે વિસ્તાર પામતો જાય તેના જ સાધ્યમાં તેનું દૃષ્ટિબિંદુ હોય છે અને એ દૃષ્ટિને હૃદયમાં સ્થાન આપી નાની નાની સેવાઓથી પોતાનું જીવન આરંભી પછીથી વિશ્વસેવામાં તેનું પરિણમન કરે છે સેવા એ આભ્યંતર તપ છે

મનુષ્યના શરીર, મન અને આત્મા પ્રાયઃ અન્ય નિમિત્તોને પ્રાપ્ત કરીને વિકાસ પામે છે જેમ જેમ પોતાનું આત્મસમર્પણ બીજા સંયોગો તરફ થતું જાય છે તેમ તેમ એ મનુષ્ય સેવાના માર્ગમાં આગળ વધે છે વડીલ જનો તરફ પૂજ્ય બુદ્ધિ સમોવડીઆ તરફ સમાન ભાવ ગુણીજનો તરફ પક્ષપાત અને દુઃખી જનો તરફ અનુકંપા—એ આ વિશ્વના પ્રાણીઓની સેવા છે અધિકારી, અધિકાર અને પાત્રતા પ્રમાણે જુદી જુદી રીતે સેવા બજાવી આત્મધર્મની પુષ્ટિ કરવી એ સેવાનું વાસ્તવિક રહસ્ય છે

સેવા શબ્દનો તાત્પર્યથી અર્થ ‘ ત્યાગ ’ છે, જેમ જેમ આપણે આત્મસમર્પણ પ્રત્યેક વ્યક્તિના સંબંધમાં બની શકે તેવી રીતે કરતા

જાઈએ તેમ તેમ તેમની વિશિષ્ટ પ્રમાણે આપણે સેવા કરેલી છે એમ કહેવાય એમ કુટુંબના પોષણ માટે દ્રવ્ય ઉપાર્જન કરવું એ કોઈ પણ પ્રકારના ઉપકારના બદલા સિવાય માત્ર હિતવૃત્તિથી જ પ્રવૃત્તિ કરવી એ જ વાસ્તવિક ત્યાગ છે—એજ ખરેખરી સેવા છે

સેવાના અનેક અંગોમાં પિતૃજનસેવા અગ્રપદ ધરાવે છે આ સેવામાં માતા પિતા અને વડીલોનો સમાવેશ થાય છે સૌથી પ્રથમ માતા-પિતા, પૂજ્ય પણ-એ-યપણું ઉત્પન્ન થવાના નિમિત્તભૂત છે સેવા એ શું છે, તેનું પ્રાથમિક શિક્ષણ મળવાના તેઓ નિમિત્તભૂત છે—વ્યવહારમાં સૌથી પહેલાં તેમની સેવા કરવાનો વખત આવી પહોંચે છે એઓજ દુનિયામાં આ નવા આવેલા પ્રાણીને ગુરુની પાસે અધ્યયન માટે મોકલે છે અને એ રીતે આડકતરી રીતે ગુરુસેવાનો પ્રસંગ પ્રાપ્ત કરાવી આપે છે 'પોતાની આસપાસના કુટુંબની સેવામાંથી બીજા પ્રાણીઓની સેવા વિસ્તૃત થતી જાય છે' એમ એક વિદ્વાન કહે છે—તે એક ઉમદા પ્રકારનું સત્ય લેખી શકાશે કોઈ પણ સ્વજન, સંબંધી કે મિત્રની શારીરિક, માનસિક, કે આર્થિક સ્થિતિ સારી ન હોય તેમનો તે તે સ્થિતિમાં ઉદ્ધાર કરી તેમને ઉન્નત કરવા એ તેમની સેવાનું શું સાત્ત્વિક સ્વરૂપ નથી?

ગુરુસેવા સેવાનું દ્વિતીય અંગ છે નિઃસ્વાર્થપણે ધર્મોપદેશ દેનારા અને આધ્યાત્મિક અમૂલ્ય રહસ્યો સમજાવી આપણો ઉદ્ધાર કરનારા ગુરુઓ વાસ્તવિક ગુરુપદને યોગ્ય છે તેમની સેવા એ તેમના ઉપકારની એક પ્રકારની કદર છે **गुरुचरणपूजा**—એ પદ વારંવાર મનન કરવા યોગ્ય એટલા માટે છે કે ગુરુ સર્વ તત્વોને હસ્તામલકવત્ બતાવે છે જેથી તેમના પ્રસંગમાં આવનારા પ્રાણીઓ હું કોણ છું? મારે શું કરવા યોગ્ય છે? વિગેરે વિચારે છે અને તેમનો નિર્દિષ્ટ [illegible] પકડે છે આમ હોઈ આ ગુરુ સેવાથી આત્મગુણનો નિરંતર

જીવન સતત કરી મૈત્રીભાવના રૂપ શક્તિ વડે સમાજસેવાના જીવનમાં દાખલ થવાય છે દરેક ખટપટ અસૂયા વિરોધ તિરસ્કરણીય પરિસ્થિતિઓથી સમાજનો હ્રાસ થતો કેવી રીતે અટકે અને તે કર્તવ્ય નહીં બનતા પારમાર્થિક વૃદ્ધિમાં કેવી રીતે આગળ વધે તેને માટે તેમનો સદા પ્રયાસ હોય છે કોઈપણ પ્રકારના અહિં કીર્તિ કે આભિમાનિકી ભાવનાને અવકાશ હોતો જ નથી આવા પ્રયાસો બની શકે તેવી રીતે ઉપદેશદ્વારા અથવા પત્રદ્વારા, માસિક કે વર્તમાનપત્રદ્વારા પ્રવાહિત થાય છે અને સમાજને અજ્ઞાનાંધકારમાંથી છોડાવી વિલક્ષણ અનુભવનું દર્શન કરાવી સ્વરૂપનું ભાન કરાવે છે કુટુંબસેવા ગુરુસેવા તેમજ શાસ્ત્રસેવાથી પવિત્ર મનુષ્ય સમાજ સેવાનો દાવો કરતો તે ધૂમાડાના બાચકા જેવું છે ક્રમશઃ સેવાને હૃદયમાં સ્થાન આપી વસ્તુસ્વરૂપને ઓળખી અભ્યાસ વડે સમાજ સેવાના શુભ પરિણામ-ફળને અનુભવે છે અને કર્તવ્ય સિદ્ધ થાય છે

સેવા સેવા એ શબ્દનુ રટણ પ્રત્યેક પ્રકૃતિ થઈ રહ્યું છે—એવી સ્થિતિ પ્રાપ્ત થતાં આત્મસેવારૂપ પંચમ પરિસ્થિતિ અનુભવાય છે સેવાના પૂર્વ અંગો તપાસતા આ સેવાની પ્રાપ્તિ ઉપર મનુષ્યસુખની સફળતાનો આધાર છે આ આત્મસેવા થી પરમાત્માની ભક્તિરૂપ છે મનુષ્યનો આત્મા મોટેભાગે ભાવુક દ્રવ્ય હોય છે તેને પરમાત્માની ભક્તિ અસર કરે છે અને ભેદ દૃષ્ટિ દૂર થતા સેવ્ય સેવક ભાવ દૂર કરાવી "નિજ રંગ પૂજતે તે નિજ પૂજનાર" એ વાક્યને યથાર્થ કરે છે આ આત્મસેવા પ્રગટ થયા પછી સર્વ દૃશ્યોમાં તે એક એવું અદ્ભુત તત્વ જુએ છે કે જે આત્માને કાંઈ ને કાંઈ જાગૃતિ સમર્પતું હોય શુભ કે અશુભ સુગંધિ કે દુર્ગંધમય શબ્દ કે અશબ્દ—સર્વ વસ્તુમાં આત્મસેવાના અધિકારી આત્માઓ વિલક્ષણ તત્વ અવબોધાય છે અને તે એક એવી વિચિત્ર કળા સંપાદન કરે છે કે જેથી આત્મ સ્વતંત્રતાવડે તેની મનનશક્તિ બળવતી બને છે અને પામર મનુષ્યો

ની માફક ક્ષણિક આવેગોને વશ કદાપિ થતો નથી વસ્તુસ્થિતિ સમજતા દેષના તત્ત્વો દૂર થઈ અંતરાત્મપણું પ્રાપ્ત કરે છે આ રીતે સેવાના ગાઢ સસ્કારોનો પરિચય આત્મામા સ્થૈર્ય ગુણને ટકાવી રાખે છે

સેવાધર્મઃ પરમગહનો યોગિનામપ્યગમ્યઃ—એ શુ સૂચવે છે? સેવાધર્મની પ્રાપ્તિની કઠિનતા સૂચવે છે જે આત્માઓ ભક્તિ-પરાયણ બન્યા હોય છે તેવા આત્માઓમા જેવા પ્રકારની નમ્રતા, વિનય અને આજ્ઞાકિંતપણું વિગેરે ગુણોનું પ્રામ્ટય હોય છે તેવું યોગસાધનામા તત્પર થયેલા યોગીઓને પણ અપ્રાપ્ત હોય છે કેમકે તેઓ ભક્તિના રહસ્યનો અનુભવ કરતા હોતા નથી માત્ર પ્રાણાયામાદિની કષ્ટક્રિયા કરતા હોય છે ત્યાગ કરવો—આત્મ સમર્પણ કરવુ એ માઈ સટેનુ કામ નથી તેથી ભર્તૃહરિએ ઠીક જ કહ્યું છે કે—

સ્વાર્થો યસ્ય પરાર્થ એવ સ પુમાનેકઃ સતામગ્રણી

આમ હોઈ ત્યાગ અથવા પરહિત ચિંતા એ સેવા છે—આ નિશ્ચયાત્મક સિદ્ધાન્ત છે તેમા પણ સમયને અનુસરી પ્રસંગો સભાળી, સયોગોને સાચવી કાર્ય કરવામા આવે તો જ ઈષ્ટ ફળ સંપાદન કરી શકાય છે સમસ્ત વર્ગની સેવા એ અંધ ઉપાસના છે સ્વાશ્રય અને નીતિથી આ સેવા જીવન—વ્યતીત કરવુ એ સરલ માર્ગ છે વારવાર ગભીર તત્વોનુ ચિંતવન કરવુ પ્રત્યેક શુભવિચારને આચારમા મૂકવા C ા ર િત મનુષ્યોનો સમાગમ કરવો અને કથાનુયોગના ઉત્તમચરિત્રોનુ વાચન—એ સર્વ માર્ગો સેવાના હૃદયગમ તત્વને ઠીક ઠીક પુષ્ટિ આપે છે સેવાનો પ્રધાન ઉદ્દેશ ૮ યમા રસ પૂરી આત્માનુ અખડ જીવન બનાવવાનો છ

મનુષ્યનુ સર્વોત્તમહિત આત્મબળ ઉપર સપૂર્ણ શ્રદ્ધાવાળા થવાથી જેવુ સધાય છે તેવુ કશાથી સધાતું નથી પોતાનુ સઘળુ કામ કરવા

અને પોતાની સઘળી જરૂરીઆતો પૂરી પાડવા સર્વ પ્રકારે સમર્થ એવી એક સત્તા મનુષ્યના પોતાનામા જ રહેલી છે એ જાણવાથી જ મનુષ્યનુ મોટામા મોટુ કલ્યાણ થાય છે મેવાથી મીઠા મેવા મળે છે—એ પ્રચલિત વાક્ય અક્ષરશ સત્ય છે

સેવાનુ સ્વરૂપ—જેમણે અખડપણે સેવા બજાવી આત્માર્થ માટે—પરમાર્થની પ્રાપ્તિ કરી છે તેવી કૃતકૃત્ય થયેલી વ્યક્તિઓની તુલના—સેવાના અભગ દ્વાર ખુલ્લા કરે છે અને કઈક નવીન પ્રકાશ પાડે છે, જગતમા રહેલા પ્રત્યેક પદાર્થને શુદ્ધ સ્વરૂપમા જાણવુ એ તેની ખરેખરી સેવા છે

આ પ્રસગે સ્મરણ કરવાની જરૂર જણાય છે કે સેવાધર્મનુ અદ્વિતીયપણે પાલન કરનાર ધર્મ પ્રચારક વ્યક્તિઓના કાર્ય તરફ ઉહાપોહ કરતા પ્રોફેસર આનદશકર બાપુભાઈ ધ્રુવ જેવા વિદ્વાન પુરુષ વસત પુસ્તક ૧૩ ના અક ૯ મા લખે છે કે બોધિસત્ત્વ 'નુ જીવન અર્હન્ કરતા વિશેષ સ્પૃહણીય અને વદનીય છે' વિશિષ્ટ પ્રકારના અનુભવના અભાવથી આમ લખનારા તેમના જેવા વિદ્વાન ભૂલે તેમા નવાઈ નથી અર્હન્ મહાવીરે મેઘ કુમારાદિ રાજકુમારોને, ગૌતમાદિ આચાર્યોને તેમજ ચડકૌશિક સર્પ આદિ અનેક વ્યક્તિઓને આ સસાર સમુદ્રથી તારી નિર્વાણ પર્યંત ઉદ્ધર્યા છે એમની કલ્યાણ-ભાવના એમના જન્મ પૂર્વેના ત્રીજા ભવમા ઉછળતી હતી જે કુળીફાલીને તીર્થંકરના જન્મમા વૃક્ષરૂપે પ્રાદુર્ભૂત થઈ હતી ખાસ કરીને તીર્થંકર નામકર્મનો સ્વભાવ જ એવો છે કે પ્રાણીઓને ઉપદેશ આપી આ સસાર સમુદ્રથી તારવા અને એ દ્વારા એ કર્મની નિર્જરા કરવી—આમ હોઈ બુદ્ધ અને અર્હન્ વચ્ચે ઉભય સત્ત્વોની સેવા-ભાવનાના અનેક પ્રસગો છે તે એમના ચરિત્રો અચ્છી સમીક્ષા આપી શકે છે તેથી બોધિસત્વની કલ્યાણ ભાવના અર્હન્ કરતા

સવિશેષ હતી એવો નિર્ણય નોકરીના અનુભવ પછી જ મૂકેલો વાસ્તવિક હોય છે

સેવાનું સત્ય સ્વરૂપ સમજતાં વૃત્તિઓ વિશાળ બને છે અને શ્રીયુત Wesley કહે છે તેમ

Do all the good you can as long as ever you can—સર્વ પ્રાણીઓ તરફ તેમના હિતમાં શુભદૃષ્ટિ દોરાય છે, આથી દરેક પ્રકારે સ્વાર્થીપણા દૂર કરી વિશ્વના વિશાળ તત્ત્વનું સૂક્ષ્મ અવલોકન કરી યથાશક્તિ લોકકલ્યાણ ભાવનામાં અનુક્રમે પરાયણ બની ભક્તિ અથવા સેવાના અવિનાશ સ્વરૂપને પ્રાપ્ત કરવા અભિલાષા સેવવી—એ આ ઉચિત પ્રસંગે સૂચવી અત્ર વિરમવામાં આવે છે

આ. પ્ર. વિ. સં. ૧૯૭૦

૧૦ દિવ્ય માર્ગદર્શન

જન્મ પછી પ્રત્યેક વ્યક્તિને એક એવી આંતર પ્રેરણાનું બળ પ્રાપ્ત થાય છે કે માનવ! આ જગતમાં તારો જન્મ શાને માટે છે? આનો ઉત્તર તે વ્યક્તિના આખા જીવન પર્યંતના કાર્યોમાંના નિર્ણય ઉપર અવલંબે છે. જન્મતાં વેંત માતાપિતા સ્વજનવર્ગ હર્ષ પામે છે, પરંતુ એક નીતિકારે કહ્યું છે કે, હે બાળક! તારા જન્મ વખતે તું રડે અને લોકો હસે, અને મૃત્યુ વખતે તું હસે અને લોકો રડે એવી પરિસ્થિતિ જીવન પર્યંત તૈયાર કરજે. આ શિક્ષાનું રહસ્ય જો મનુષ્ય પોતાના હૃદયમાં પ્રગટાવે અને કાર્યાકાર્યનો નિર્ણય મનની વિશુદ્ધિ દ્વારા કરતો રહે તો એ નીતિકારના અમૂલ્ય વચન સત્યકારી બતાવવાનો પ્રસંગ ઉપસ્થિત થયા વગર રહે નહિ

જીવનમા સારા સસ્કારોએ ઉપચિત કર્યાપછી ભૂતમાત્રમા આત્મવત્ બુદ્ધિ થાય, તેઓનું સુખદુ ખ એ મારૂ સુખ દુ ખ છે—એવી વિશ્વ વ્યાપી વિશાળ ભાવના ઉત્પન્ન થાય ત્યારે મનુષ્યમા અપૂર્વ દિવ્યતા પ્રગટ થાય છે, જે દિવ્યતા વડે બીજા આત્માઓને અધકારના માર્ગમાથી પ્રકાશના માર્ગમા તે મનુષ્ય મુકી શકે છ હૃદયનું સાકડાપણુ અને મિથ્યાભિમાન આદિ મનુષ્યના દુર્ગુણોને આ સસારના અગ્નિથી ભસ્મીભૂત કરવા અને એજ તાપની ધગધગતી ભઠ્ઠીમા આત્માના તુચ્છ અહ તત્વને મૈત્રીભાવનાની દિવ્યતામા ઓગાળી નાખવુ—એ આ જન્મના મનુષ્ય જીવન તરીકેની વાસ્તવિક સાર્થકતા છે જે વડે દેહતત્ત્વનો વિલય થાય તેના ધર્મો પોતાના ધર્મો ન લેખતા પુદ્ગલના ધર્મો તરીકે લેખાય તેવી આ ધારણા તે ભાવના—ગતનું ફલિત પરિણામ છે

અન્યના હિત અર્થે આપણા નાના મોટા સ્વાર્થોની અવગણના કરવી, તેમના સુખ અને તૃપ્તિમા આપણું સુખ અને તૃપ્તિ ઉપજાવી લેવી વિશ્વના જીવો સાથે આપણી એકાગ્રતા થવા સુધીની બુદ્ધિ અનુભવવી એ જૈન દર્શન અનુસાર ભાવના બળનો રાજમાર્ગ છે વિશ્વસેવાની વેદિમા પોતાના સુખ અને સાધનોની આહુતિ આપનાર વીરપરમાત્માનુ જીવન આપણને પરાક્ષ રીતે અપૂર્વ આત્મબળ પ્રેરી રહ્યુ છે

નાની નાની સગવડોનો ભોગ આપતા ક્રમે ક્રમે અતરાત્મપણું પ્રગટે છે અને મૈત્રીભાવના વૃદ્ધિ (progress) પામે છે 'મારા' પણું અને 'હું' પણ ભુલાવવા માટેજ શાસ્ત્રકારોની પ્રવૃત્તિ હમેશાં સૂચના આપતી રહી છે પ્રત્યેક વ્યક્તિ જ્યારે પોતાનુ સુખ સાચવવા તૈયાર હોય છે ત્યાર તે એક નાના દૃષ્ટિબિંદુ-(Point of view) માં સકોચાઈ જાય છે અને તેની મર્યાદા બહુ ટુકી હદ માં આવી જાય છે પરતુ જ્યારે વિશ્વના સુખ ભણી દૃષ્ટિ કરે છે અને તેમનુ સુખ સાચવવા પ્રયત્નશીલ બને છે ત્યારે તે તેની ભાવનાના પ્રમાણમા વિક-

સિત થાય છે મનનમ જે પ્રમાણમા મનુષ્ય સુખનો ભોગ આપી શકે તે પ્રમાણમા તેની મહત્ત્વતા છે

'ભાવના ભવનાશિની' એ શબ્દો આવી ઉચ્ચ ભાવના માટે યોજાયેલા છે દાન શીલ, તપ અને ભાવનારૂપ ધર્મના મુખ્ય અંગોમા ભાવનાની મુખ્યતા હમેશા ગવાઈ રહી છે તેમજ 'યાદ્રશી ભાવના યસ્ય સિદ્ધિર્ભવતિ તાદ્રશી —એ મહાન્ વાક્યનો વિજય ઘોષ ઉચ્ચ સ્વરે પ્રત્યેક દર્શનકાર કરી રહેલા છે જેમ ઉચ્ચ આચાર ઉચ્ચ ભાવનાને પ્રગટાવે છે તેમ ઉચ્ચ ભાવના ઉચ્ચ આચારને ટકાવી રાખે છે પરસ્પરનો સબંધ અવિચ્છિન્ન છે, હું કુદરતનુ એક હથીયાર છુ કાર્યસફલતાઓ મારા મારફત ફલવતી થાય છે—એવી ભાવના આત્મમગ્નતાની પોષક છે અને એ ભાવના પ્રકાશિત કરવા માટે જ અનેક બીજા શબ્દોમા અતર્ગતપણુ પ્રગટ કરવા માટે જ સત્સગ અને સદ્ગુરુના ઉપદેશો છે

આત્માનુ સાચુ સ્વાતન્ત્ર્ય સ્વચ્છદ પ્રવૃત્તિમા નથી એમર્સન વિગેરે પાશ્ચાત્ય તત્ત્વનો કહે છે કે—અત કરણ જે પ્રમાણે વર્તવાનુ કહે તે પ્રમાણે દરેક મનુષ્યે વર્તવુ પરતુ જૈન દષ્ટિએ આ એક અપેક્ષાએ સત્ય છે કેમકે અ તકરણ પ્રમાણે વર્તવા જતા તે અ ત કરણનુ વિચાર સામર્થ્ય જ્યાસુધી બળવત્તર અને હમેશા શુભ પરિણામ ઉત્પન્ન કરવા લાયક થયુ હોતુ નથી ત્યા સુધીમા અમુક ભૂમિકા પ્રાપ્ત કર્યા વગરના અત.કરણના અવાજ અનુસાર ચાલવુ તે સાહસ છે માટે જ શ્રદ્ધા શાસ્ત્રમર્યાદા અને સત્સગ તેમજ જીવન કાળના આજુબાજુના પ્રસગો તરફ દષ્ટિપાત કરવાની જરૂર હોય છે અને એ પ્રસગો ઉપરથી થયેલી કાર્યાકાર્યની પદ્ધતિનો અ ત કરણ નિર્ણય કરે, તદનુસાર વર્તવુ એ પ્રત્યેક મનુષ્યનુ કર્તવ્ય છે

ગમે તેવા હર્ષ શોક સુખદુ ખના પ્રસગોમા પોતાને નિર્બળતા ન સ્પર્શ થવા દેવામા ખરેખર આત્મમગ્ન પ્રકટ

કરવાની શરૂઆત થાય છે 'હું મારા સ્વરૂપનો માલીક છું કર્મજન્ય નિમિત્તોને વશ થઈ તેની પ્રકૃતિ અનુસાર મારે તેના પ્રવાહમાં તણાવું કે નહિ તે મારી ઇચ્છાનો વિષય છે—એમ દૃઢતાથી વિચારવામાં જ આત્માનું સાચું સ્વાતંત્ર્ય છે

ભાવનામાર્ગનું મૂળ તત્ત્વ શ્રદ્ધા છે આ શ્રદ્ધા જ્ઞાનપૂર્વક હોવી એ અનેક જન્મોની સર્વજ્ઞ શાસનસેવાના પરિણામે પ્રગટ થાય છે સર્વજ્ઞ શાસનનું ખરું રહસ્ય સમજનાર આત્મા કર્મના પ્રહારોને સારી રીતે તેના મર્મસ્પર્શી પ્રહારોના પરિણામ પૂર્વક જાણે છે બાહ્ય સામગ્રીથી નિર્બળ આત્માઓ જલ્દી રંગાઈ જાય છે, પરંતુ વીર્યવાન અને મુક્તિપથની તીવ્ર જિજ્ઞાસાવાળા મનુષ્યોને સુખ દુઃખાદિ ઉત્પન્ન કરનારું બાહ્ય સામગ્રીનું સાધન ખાસ કરીને અસર કરી શકતું નથી વેદનીય કર્મના ઉદયકાળે ઉન્નત આત્માઓ ક્ષુદ્ર સુખદુઃખના અનુભવો માટે બેદરકાર રહે છે જ્યારે નિર્બળ આત્માઓ અલ્પ સુખદુઃખને પણ તીવ્રપણે વેદે છે ભાવનાના પ્રદેશમાં સંયોગ અનુસાર આ રીતે બન્નેનું તારતમ્ય હોય છે

બળવાન આત્માઓને આ ભાવનાબળ હમેશા તેઓ દૃષ્ટિ સમક્ષ રાખતા હોવાથી ક્લેશમય વાતાવરણ કદીપણ તેને અસર કરી શકતું નથી પરંતુ જ્યારે આ ભાવનાની દિવ્યતા ભૂલી જવામાં આવે છે ત્યારે નજીવા કારણોમાં શક્તિનો વ્યય કરવામાં આવે છે અને પોતાના તેમજ પરના આત્મામાં જે ઉન્નત ભાવના પ્રગટ થવી જોઈએ તે નહિ થતા પરસ્પર ક્લેશનું નિમિત્તકારણ બને છે કેમકે 'अहं मम' નો મંત્ર ત્યાં ભૂલી જવામાં આવતો નથી

જૈન દર્શનનું સમગ્ર રહસ્ય પ્રાણીસેવા—મૈત્રીભાવના અર્થે જે આત્માઓનું સતત પ્રયાણ હોય છે—તેમને પ્રાપ્ત થયેલું હોય છે તેઓ પોતાની આસપાસ એવું સુંદર વાતાવરણ ઉત્પન્ન કરે છે કે

જેથી આખુ વિશ્વ તેની સ્તુતિ કરવા લાગી પડે છે મૈત્રી ભાવનાના પ્રયોગ (action) મા જ ઉગ્ર ચમત્કાર છે વિશ્વ-કલ્યાણની પ્રગાઢ ભાવના અને એ અર્થે જ જેમનુ જીવન ગતિમાન થઇ રહેલુ છે તેઓ મનુષ્ય જીવનમા મહાન્ વ્યક્તિ તરીકે પૂજાય છે

આ પ્ર વિ સ ૧૯[illegible]

११ समाज जीवननु अवपतन

પૂર્વકાળના જૈન જીવનનો જે આદર્શ ઇતિહાસ પે[illegible] પોથીમા આલેખી રહ્યો છે તે અને વર્તમાન જીવનની [illegible] અવલોકન કરતા પ્રત્યેક સુજ્ઞ મનુષ્યને ખાતરી થયા વિના [illegible] કે હાલનુ સમાજ જીવન દિવસાનુદિવસ અવપતનને [illegible] 'કાળ પડતો છે' ભારી આગળ નિરુપાય છીએ [illegible] પ્રસંગે નિર્બળતાના ખોગ આશ્વાસન લેવા [illegible] વગરના છે કેમકે જૈન દર્શન હમેશા ઉદ્યમપ્રધાન [illegible] વગાડીને બહાલી આપે છે પરમાત્માએ પણ [illegible] ઉપર સ્વાત્મગત ઉદ્યમ વડે વિસ્તારી-સ્વામીની [illegible] પ્રાણીએ સતત ઉદ્યમ કરતા રહેવાનુ જ છે તેનુ [illegible] મનુષ્યોને પ્રગટ રીતે આપેલ છે શાસ્ત્રમા [illegible] દૃષ્ટાંતો નિરાશાને છોડી ઉદ્યમનો સ્વી[illegible]

ખાસ કરીને વર્તમાન કાળે [illegible] જવાથી તેમજ પરસ્પર કલેશનુ વાતાવરણ [illegible] થતુ આવે છે અત્યારે મનુષ્યો [illegible] વિગેરે બાલાડંબરનો ચમત્કાર બનાવી [illegible] છે આથી શ્રીમંતો અને શ્રીમંતોમાં [illegible]

વિરોધો ધુપી રીતે ઉભા થાય છે પરિણામ એ આવે છે કે શ્રીમંતોમાં ભોગની બહુલતા વધી જવાની સાથે જેઓ અશક્ત હોય છે તેઓને પણ પોતાની કીર્તિની રક્ષા માટે તેમની પાછળ પાછળ તણાવું પડે છે મૂળ કારણ એ છે કે આપણા સમાજનું બંધારણ દેશકાળ પરિસ્થિતિને અનુસરીને રચી બનવા પામ્યું નથી સાધારણ જન સમૂહના મોજશોખો અને જરૂરીઆતો વધી પડી છે

જે સમાજમાં વિનાસપ્રિયતા પ્રવેશ કરે છે તે સમાજનું કલ્યાણ દૂર જતું જાય છે જીવનયાત્રા સરલ બનાવવાને પૂર્વપુરુષો જેવું જીવન ગાળતા હતા તે નષ્ટ પ્રાય થઈ ગયું છે, જરૂરીઆતોને ઓછી કરી મોજશોખના આડંબરો તજવાનું જે સમાજ પોતાની આસપાસના મનુષ્યોને શિક્ષણ આપ્યા કરે છે તે સમાજ હમેશા ઉચ્ચ દશાને પામતો જાય છે મુસલમાન રાજાઓના વખતમાં "નવાબી વિનાશો" જે અત્યારે પણ મોજશોખના જીવડાઓને દૃષ્ટાંત તરીકે યાદ આપવામાં આવે છે તે સમયે પણ જૈન સમાજને કાંઈપણ ધક્કો લાગ્યો નથી—અસર થઈ ન હોતી તેનું કારણ દેશનું ધન દેશમાં જ રહેતું તેથી આર્થિક સ્થિતિમાં કાંઈ બગાડો થતો નહિ સમાજ વ્યવહાર અત્યારની પરિસ્થિતિ કરતાં બહુ વિશાળ હોવા છતાં ખંડિત થતો નહિ તેમજ ધન ઉપાર્જનની ચિંતાઓએ અત્યારના જેવી મનુષ્યોમાં વ્યાકુળતા વધારી મૂકી નહોતી ધનને અત્યાર જેમ એક પ્રમુખ સાધન ગણવામાં આવે છે તેમ તે કાળે ધર્મની સર્વોત્તમ સાધનોમાં ગણના થતી હતી

વિનાશો, મોજશોખ અને અયોગ્ય ઉડાઉપણાને લીધે સામાજિક દુ ખો ઘણા ઉપરાંત વધી ગયા છે પૂર્વ કાળે જે દ્રવ્ય સામાન્ય જનસમાજના હિત અર્થે વપરાતું તે દ્રવ્ય આજે વ્યક્તિગત ભોગ તૃષ્ણાને ઉત્તેજન આપવા પાછળ ખરચાય છે આનું પરિણામ એ આવ્યું છે કે ભોગ વિલાસના જે સ્થાનો છે તે બહારથી સમૃદ્ધિશાળી બન્યા છે સમાજ વધારે શ્રીમંત થવાની ગર્જના થઇ રહી છે પણ વાસ્તવિક રીતે તપાસ

વામાં આવશે તો અનેકની ચિંતાઓ અગ્નિની માફક બળતી રહેલી જોવામાં આવશે કેમકે એક તરફ દેવું ચુકવવાની ચિંતાઓ કીર્તિ અને આબરૂની આ પાછળ ધમાલ વિગેરે અનેક ઉપાધિઓથી તેઓ પરાધીન જીવનના અનુતાપો સહન કરતાં છતાં આનંદ માણ્યાનો ડોળ કરે છે આ રીતે ધનનો દુરુપયોગ વર્તમાનમાં સમાજ જીવન નષ્ટ થવાના મુખ્ય હેતુ ભૂત છે

ધનમાં અન્યનું હિત કરવાની શક્તિ છે પણ જ્યારે તેનો ઉપયોગ સ્વાર્થ કે આડંબરમાં થાય છે ત્યારે તે સમાજ કલ્યાણ નહિ કરતાં દુઃખ ઉત્પન્ન કરે છે સ્પૃહાઓ વધતી જતી હોવાને લીધે આધ્યાત્મિક જીવન ભૂલાઈ ગયું છે જે જે ધાર્મિક ક્રિયાઓ પર્વ દિવસે કરવામાં આવે છે તેની માત્ર આચાર તરીકે–રૂઢિ તરીકે–કિંમત આંકવામાં આવે છે એટલું જ નહિ પરંતુ તે ઉચ્ચ અને કાર્યસાધક હોવા છતાં જનસમાજને તેમાં સમય રાખવા દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવને અનુસારે સમાજના નેતાઓ કરી શકતા નથી આથી સમાજ ક્રિયાઓમાંથી એ મૂળનો આશય લગભગ ભૂલી જવા પામ્યો છે આથી સમાજના ખાસ કરીને નવયુવકોમાં પ્રતિદિન ક્રિયા ઉપરથી શ્રદ્ધા કમી થતી આવે છે એટલું જ નહિ પણ તે તે ક્રિયાઓને દંભ્યા રૂપ બનાવવા સુધીનો પણ પ્રસંગ આવી ચૂક્યો છે

સ્વાર્થ તત્પરતા અને વિલાસ પ્રિયતાને લીધે જે જે ધાર્મિક ક્રિયાઓ આચાર' તરીકે પણ માત્ર પર્વ દિવસે જેઓ કરતા હોય તે તે પછીના દિવસોમાં વર્તનને વિશુદ્ધ બનાવવા માટેના વિચારો પણ મનન કરતા નથી કેમકે તેમની ક્રિયા માત્ર તે જ દિવસે હોય છે જે ક્રિયા જીવનનો એક ભાગ તરીકે હમેશાં [illegible] તેમ નહિ બનતા માત્ર દેખાવમાત્રની ચાલી જતી થઈ [illegible] સમાજ સ્વાર્થમાં જ્યારે સંપૂર્ણ રીતે ઓતપ્રોત [illegible] ઉન્નતિ [illegible] કલ્પના ક્યારે થાય?

બીજી તરફ સમાજમાં વ્યક્તિગત દ્વેષ અને વૈરનું પ્રમાણ શબ્દની પરંપરા દ્વારા વધતું જાય છે નવયુવકો અને વૃદ્ધોની વિચારભૂમિનું અંતર પ્રતિદિન વધતું રહ્યું છે તેનું કારણ નવયુવકોના વિચારોને વૃદ્ધજન ગંભીર રીતસર દલીલથી નહિ તોડતાં શબ્દપ્રહાર અને કટુ વાણીથી તેનો તિરસ્કાર કરવામાં આવે છે યુવકો પણ નિઃસ્પૃહ ઉપકારી સજ્જનોના વાત્સલ્યની, માન તર્કવાદને આગળ કરી એકદમ અવગણના કરી મૂકી સમાજમાં નાહક શોરબકોર કરી મૂકે છે તે પણ સમાજનું દુર્ભાગ્ય છે પોતાના વિચારોને પોતાના અંતઃકરણના આનંદરૂપે માની શાસ્ત્રવચનને બાજુએ રાખી વિદ્વત્તા અને વક્તૃત્વની પરીક્ષા પસાર કરવામાં મહાદુરી માની છે। વિચાર સ્વતંત્રતા અને વિચાર સ્વચ્છંદતાની લડાઈ શરૂ થઈ ચૂકી છે આ મનનું અંતર કેમ ઘટે અને તેમની વિચારભૂમિકાની રેખા સરખી દૃષ્ટિબિંદુમાં કેમ મળી જાય તેની યોજના કરવાની જવાબદારી સુજ્ઞ મનુષ્યો તરફ આવી પહોંચી છે નહિ કે તે અંતર પ્રતિદિન વધતું જતાં સમાજજીવન છિન્નભિન્ન સ્થિતિમાં અસાધ્ય થઈ પડે. જ્યારે સમાજ જીવનમાંથી વિતાસનિતા અને કલેશમય વાતાવરણ દૂર કરવાની વૃત્તિ સમાજના નેતાઓમાં જાગ્રત થશે અને તેને માટે ડહાપણથી પ્રયત્ન કરવામાં આવશે ત્યારે જ સમાજનું પતન થતું અટકશે

આ પ્ર વિ સ ૧૯૭૨

૧૭ પવિત્ર આશ્વાસન

માનવ જાતિથી લઈને ક્ષુદ્ર જંતુ પર્યંત સુખ દુઃખની જે લાગણીઓ જોવામાં આવે છે તેનો સૂક્ષ્મ દૃષ્ટીએ વિચાર કરતાં વિલક્ષણ સ્વરૂપમાં ઓતપ્રોત થયેલી લાગે છે, એટલું જ નહિ પણ શાસ્ત્રકારો અને જ્ઞાનીઓના અપૂર્વ રહસ્યમાં વધારે વધારે તલસ્પર્શી દૃષ્ટીગોચર થાય છે આ ઉભય લાગણીઓના અનુભવ કરનારાઓ

સજ્ઞાનપણે કે અજ્ઞાનપણે તે તે લાગણીઓને વેદે છે અને તેના સુખ દુખ વિગેરે નામો આપી હર્ષ કે શોકમા નિમગ્ન થઈ વિચિત્ર પ્રકારે આ સસારમા સ્થૂળ નિમિત્તોને ગુણ દોષમય માની પોતાની જીંદગી પૂરી કરે છે પરતુ વાસ્તવિક સ્વરૂપને જોવાની દ્રષ્ટિ નહી પ્રાપ્ત થયેલી હોવાને અગે માનવજન્મની અમૂલ્યતા નહી ઓળખતા અન્ય જન્મોમા પ્રાપ્ત થતી સુખ દુખની લાગણીઓની જેમ જ પ્રસ્તુત ઉત્તમ જન્મમાં વેદે છે અને માત્ર ફેરો પૂર્ણ કરી એકની એક જ સપાટી ઉપર રહે છે અથવા અધપતન પણ પામે છે

ત્યારે સુખ અને દુખ એ શુ છે? એ ઉહાપોહ તરફ આવતા પહેલા મનુષ્યોના હૃદયોને ઓળખી લઈ તેમની લાગણીઓ અને સ્વભાવનુ નિરીક્ષણ કરી અનુભવ ગોચર કરવા જોઈએ, અને તે દ્વારા પછીથી નિર્ણય કરી સુખ દુખની વાસ્તવિકતા સમજી તદનુકૂળ વર્તન કરવુ જોઈએ આથી સુખ અને દુખ એ શુભ અને અશુભ કર્મનો ઉદય સમજાશે અને પછીથી તેની લાગણીઓ આત્મા ઉપર બહુ જ સ્વલ્પપણે અસર કરતી જોવામાં આવશે સુખ દુખના ઉભય પ્રસગો પર સ્વામિત્વ ત્યારે જ પ્રાપ્ત થશે જ્યારે એ સુખ અને દુખનો સૂક્ષ્મ વિચાર કરી શાસ્ત્ર વચનોની સાથે તેની સિકતા થશે અને પછી તે સહજપણે આત્માને સ્પદન રૂપ થશે

આત્માને ક્ષણે ક્ષણે સુખવડે ગવિષ્ટ કરનાર અથવા દુખ વડે દીન કરનાર એ સુખ દુખના નિમિત્તો એવા પ્રબળ હોય છે કે તેના હ્રાસ માટે આત્માએ ઉચ્ચ કોટિથી તૈયારી કરવી જોઈએ આ તૈયારીઓ કરતા અનેક વિઘ્નો આવીને સન્મુખ ઉભા રહે છે આ પ્રસગે સ્નેહીજનનો સ્નેહ કે જેનુ પરિચિતપણુ નિવિડતાને પામેલુ હોય છે, તે આત્માએ એક વખત મ્રવા ધારેલી તૈયારીને ક્ષણવારમા કૈનરાની પેઠે ઉડાડી મૂકે જે. તેમના દ્વારા થયેલો સ્વાર્થનો ઉત્કર્ષ

આત્માને દુ ખમય લાગણી ઘડીભર દૂર કરી સુખમય કહેવાતી લાગણીનો સ્પર્શ કરાવે છે, તેજ લાગણી સ્વાર્થનો અપકર્ષ થતા દુ ખમયપણામા ફેરવાઈ જાય છે

સુખ અને દુ ખના ઉભય પ્રસગોમા લાગણીઓ આત્માની સમજ અનુસાર અધિકાર પ્રમાણે નિયમિત રીતે સ્ફુરે છે એક નિર્ધન મનુષ્યને પુષ્કળ ધન પ્રાપ્ત થતા 'હુ સુખી થયો" એમ માને છે તેવી જ રીતે એક અપુત્રીઆને પુત્ર પ્રાપ્તિ થતા એવીજ અવસ્થા અનુભવે છે આ અને આવાજ ઇષ્ટિ પ્રસગો મનુષ્યોને પ્રાપ્ત થતાં સુખપર પગ વેદે છે—માને છે પરતુ તેની દૃષ્ટિ સત્ય જ્ઞાનથી એનસીબ હોવાથી એક પગલુ પણ મનુષ્યત્વમા આગળ વધી શકતો નથી અને માનવ જ મરૂપ ઉચ્ચતર સપાટીપર આવ્યા છતા દિવ્ય આકાશની નજીક રહેલા સુદર દ્યોને જોવાને માટે પ્રયત્ન નહી કરવા તેણે આખો મીચી દીધી છે આવા સુખને વાસ્તવિક સુખ શાસ્ત્રકારોએ કહ્યુ જ નથી

દુ ખના એક પ્રસગમા પૂર્વકાળના પોતાના અયોગ્ય વર્તનથી અથવા વર્તમાનકાલીન મિતાહારપણાના નિયમોનુ ઉલ્લઘન થવાથી જ્યાર વ્યાધિ શરીરમા પ્રવેશ કરી પ્રબળતા મચાવી મૂકે છે તે વખતે દુ ખને આધીન થઈ શોકાદિ લાગણીઓથી નિશ્વાસ મૂકે છે પરતુ એ કાર્યફળ કોનુ છે ? તે સમજવામા નહી આવેલુ હોવાથી આત્માની વૃત્તિઓની ઉથલપાથલ થઈ જાય છે પોતાની ઇષ્ટ વસ્તુઓમા સુખ માનવુ અને પોતાને અનિષ્ટ વસ્તુઓમા દુ ખ માનવુ એ માનવ જાતિની ઉચ્ચ પ્રકૃતિ હોઈ શકે જ નહિ, કેમકે ઇષ્ટ વસ્તુઓમા મનાતુ સુખ જેમ ક્ષણિક છે, તેમજ અનિષ્ટ સયોગથી થયેલુ દુ ખ પણ ક્ષણિક છે

વસ્તુસ્થિતિ આમ હોવાથી પ્રત્યેક મનુષ્યે સુખ દુ ખને વેદવાનુ સામર્થ્ય પ્રાપ્ત કરવાને માટે પ્રથમ મનનો સયમન કરવાની ટેવ

પાડવી જોઈએ સુખદુઃખના પ્રસંગો તેમની દષ્ટિએ સહજ—સામાન્ય ગણવા જોઈએ શ્રી મયરોવિજયજી કહે છે તેમ दुःखं प्राप्य न दीनः स्यात् सुखं प्राप्य न विस्मितः—

'દુઃખ પામીને દીન ન થવું તેમજ સુખ પામીને વિસ્મિત ન થવું આ સ્થિતિ સુખ દુઃખની વાસ્તવિક સ્થિતિ જાણ્યા પછી જ બની શકે તેમ છે ઉભય પરિસ્થિતિનું નિરીક્ષણ અને પૃથક્કરણ કરનામાં આવ્યા પછી પણ જો મન તે વિષયોમાં યોગ્ય રીતે કેળવાયનું હોતું નથી આત્મા જો લાગણીઓથી બહિર્મુખ રહેતો નથી તો મહાપંડિત કહેવાતા પુરુષોમાં પણ સુખ દુઃખ રૂપ પવનથી લાગતા ઝપાટાઓ પોતાની પાછળ તેમની લાગણીઓને દોરે છે અને હર્ષઘેલા કે શોકનિમગ્ન બનાવે છે

સુખદુઃખના આ ઉભય પ્રસંગોમાં એક એવા પવિત્ર આશ્વાસનની જરૂર છે કે જેથી માનવહૃદયમાં કઠિનતા આવી વાસ કરે હૃદયની નમનતાઈ દૂર થઈ અહંકાર અને રોમાગાદમાં પ્રવેશ નહિ કરતાં ગગનવિહારી ગતિ અનુભવે હૃદયની કોમળતા માત્ર અનુકંપા બુદ્ધિ વખતે જ પ્રકટ હોય અને પરિણામે સંગ્રહ કરેના બળથી જીંદગીના ગમે તેવા પ્રબળ પ્રસંગો કે જે પ્રાકૃત પ્રાણીઓને સુખ દુઃખને તીવ્રપણે વેદવાના પ્રબળ નિમિત્તો હોય છે તેમને સાક્ષીરૂપે માનીને નિઃસત્વ કરી લે

દુઃખના સંયોગથી તેનો ભોગ થઈ પડેના મનુષ્યને એમ કહેવામાં આવે કે 'ભાઈ! શોક કર નહિ થવાનું હતું તે થઈ ગયું સૌ સારા વાના થશે એટલું કહેવા માત્રથી તેને થતું આશ્વાસન—એ યથાર્થ ફળવાનું નથી પરંતુ સુખ અને દુઃખ ઉભયનું નિરીક્ષણ કરાવી, તેના અનેક પ્રસંગોને સ્મરણ કરાવી માનવ હૃદયની નમ્રતાઈ શુદ્ધ સ્વરૂપમાં સમજવવા રૂપે—આ પવિત્ર આશ્વાસનનું કાર્ય હોય છે એમ સત્શાસ્ત્ર

કહે છે આ આશ્વાસનથી વિવેકદૃષ્ટિ ખુલે છે, અને વિકટ પ્રસંગોમાં (analytical-eye) અંતઃકરણ—કદી પણ પૂર્વ પરિચિત નબળાઈનો અનુભવ કરતું નથી

જે પ્રમાણે જૈન દર્શન નિવેદન કરે છે તે પ્રમાણે વિચારના પૂર્વોક્ત સ્વરૂપ વાળુ પવિત્ર આશ્વાસન પ્રાપ્ત થાય છે કેમકે પુણ્ય કર્મનો ઉદય અને પાપકર્મનો ઉદય એ ઉભય પૂર્વે બાંધેલી પ્રકૃતિઓનુ સ્વભાવદર્શન છે એ સ્વભાવદર્શન સાથે આત્માને કાંઈ પણ લાગતું વળગતું નથી, એમ જો આધ્યાત્મિક દૃષ્ટિએ વિચાર કરવામાં આવે તો તેને કશી જ અસર ન થવી જોઈએ અથવા કદાચ થાય તો સ્વલ્પ અને અસ્થિર રહેવી જોઈએ

દુ:ખ જેમ સુખનો બોધ થવાને માટે છે, અને સુખ જેમ દુ:ખનો બોધ અત્યન્તપણે આપે છે તેમ વિવેક દૃષ્ટિને વિકસ્વર કરનાર આશ્વાસન એ ઉભયનો બોધ થવા માટે છે આ આશ્વાસન શાસ્ત્રમાર્ગે વારવાર આપ્યા કર્યું છે છતાં આપણી દૃષ્ટિ તેને ઝીલવામાં નિર્બળ બની ગઈ છે સત્સમાગમ અને શાસ્ત્રપરિચય એ નિર્બળ દૃષ્ટિને વીર્યવતી કરવામાં પ્રબળ નિમિત્તો છે

સુખ દુ:ખના નિમિત્તો સ્વલ્પ કરવા અથવા તેને અટકાવવાં તે કાંઈ ખાસ કરીને મનુષ્યના હાથની બાજી નથી તે તો કાળ સ્વભાવાદિ પાચ કારણોને આધીન છે માત્ર ફળરૂપે પરિણમન થતાં આત્માને વિશિષ્ટ પ્રકારની અસર ન થવા દેવી એ પોતાના સ્વાધીનમાં છે મન કે જેનો સંકલ્પ વિકલ્પ ધર્મ છે તેમાથી આત્માને જો ઉન્મુખ કરવામાં આવે તો મન ક્ષણે ક્ષણે પરાધીન બને નહિ અને એ રીતે આત્માને ઉચ્ચ કોટિમાં રહી, ઉત્ક્રાંતિક્રમનું પોષણ કરે અને જે માનસ અણુઓ એક વખતે આત્માને અધઃપતનમાં સાધનભૂત થતા હતા તેનું પરિવર્તન થઈ આત્માને માટે ઉત્તમ યોગોના દ્વારો ખુલ્લાં

કરી આપે સુખ દુ ખના પ્રસગોને નિ સત્વ ગણીને રહેવાની આ
આ અવિચનના પ્રાપ્ત થાય તે આત્માને એક એવુ નિર્દોષ આશ્વાસન
મળ્યુ છે કે જેથી તેના સકલ્પ વિક પના નિ શ્વાસો બધ પડે છે
હ ય શાતિનો અનુભવ કરે છે અને કોઈ અપૂર્વ ભાવનાની જ્યોતિ
સ તને માટે પ્રકાશિત રહે છે

આશ્વાસનની આ પવિત્ર (Chaste) સ્થિતિએ પહોચવા માટે
અસખ્ય પગથીઆઓ ચડવાના છે જે સ્થિતિમા હાલ આપણે છીએ
તે સ્થિતિમા સુખ દુ ખના પ્રસગો પ્રાપ્ત થતા કર્મોગીના પ્રમાણમા
તેના પગથીઆઓ ઉચે ચડાય છે અહી શાતિ અને ધર્યથી
ચડવાનુ છ પ્રાપ્ત સયોગોમા સ્થૂળ નિમિત્તોને દોષ નહીં દેવો એ
પ્રથમ પગથીયું ચઢવારૂપ છે કર્મગતિ અને તેનું બળ વિચારી દષ્ટિની
સમાનતા રાખવી એ બીજુ પગથીયું છે હૃદય કઠિન કરી
આત્મબળમા વિજળીનો ઝણઝણાટ લાવવો એ ત્રીજુ પગથીયું ચઢવા
રૂપ છે શાસ્ત્રની ઉક્તિ ભણી દષ્ટિ સ્થાપી શ્રદ્ધાથી પ્રસગોને ઓળખી
લેવારૂપ ચોથુ પગથીયુ છે એવી રીતે અનેક પગથીઆઓ પ્રત્યેક
સ્થળે વિવિધ પ્રકારે નિવે ન કરેલા છે

ખાસ કરીને જન્મથી મેળવાતુ સુખ અને મૃત્યુથી થતુ દુ ખ
એ સુખ દુ ખની તીવ્ર લાગણીઓને ઉત્પન્ન કરનાર (constructive)
આથી અ તપર્ય તના સયોગો છે જેણે મૃત્યુને સ્વાભાવિક ધર્મ–
આયુચક્રની એક વખતની પૂર્ણ સ્થિતિ જાણી છે તેમજ જ મેનો
પ્રાણી ક્ષણે ક્ષણે આયુષ્યને ઓછુ કરતો અને જન્મ મરણ તરફ
દિનનિ પ્રતિ પ્રયાણ કરતો અનુભ યો છે તેઓમાં સુખદુ ખની
લાગણીઓને કબજે કરી લેવાનુ સામર્થ્ય પ્રાપ્ત થાય છે દુનિયાના
પ્રસગોમા સુખ પ્રાપ્ત થતા પૂર્વે અનુભવેલી દુ ખ સ્થિતિ અથવા

કઠણ દિવસોનો જો અનુભવ યાદ કરવામાં આવે તો સુખનો ઊભરો દુઃખના ઉભરામાં જલબિંદુ પડવાથી જેમ તે શમી જાય, તેમ શમી જાય છે અને એ પણ આડકતરી રીતે સુખદુઃખની સમાનતા કરવામાં સાધનાભૂત બને છે. આમ કોઈ એક વિદ્વાને ઠીક જ કહ્યું છે કે —

परस्पृहा महादुःखं निःस्पृहत्वं महासुखम् ।
एतदुक्तं समासेन लक्षणं सुखदुःखयोः ॥

સુખદુઃખનું લક્ષણ પરવસ્તુને આધીન એ રીતે હોવાથી વિપત્તિ આવે અથવા આવવાનો સંભવ જણાય ત્યારે ભયથી પ્રજવ્યા કરનારાઓએ વિચારવાનું છે કે તેવા વિચારોના સેવનથી તે કંઈ અટકી જવાનું નથી. માત્ર આત્મબળનો નિરર્થક વ્યય કરી તેની મૂળ સ્થિતિને પરત લાવવામાં શા માટે જકડવી જોઈએ? ભલે ગમે તેવી વિપત્તિ આવે, ખાવાને અન્ન મળે નહિ, પહેરવાને ફાટ્યું તૂટ્યું વસ્ત્ર મળે નહિ, તો પણ જે મનુષ્ય દુઃખમાં આશ્વાસનની શાંતિ અનુભવતો હોય છે, તે આત્મબળ ટકાવી રાખી બુદ્ધિને વિસ્ફુરિત કરે છે.

પ્રત્યેક પ્રસંગે શું કરવું યોગ્ય છે તેને જોઈ શકવા સમર્થ થયેલ મનુષ્યનો આત્મા ઉન્નત થયેલો હોય છે. તે સામાન્ય મનુષ્યોની જેમ અનુચિત પ્રવૃત્તિઓમાં યોજાતો નથી, પરંતુ શ્રદ્ધા અને વિશ્વાસના પ્રકાશમાં (revelation) હોવાથી આત્મબળ દૃઢ કરતો હોય છે અને પ્રત્યેક પ્રવૃત્તિમાં તેના હૃદયરૂપ રસને ખેંચી વિનમ્રપણે સુખાસ્વાદ કરે છે. આથી સુખ અને દુઃખના પ્રસંગોમાં આત્માની ઉન્નતિ કરવી કે અવનતિ કરવી એ પોતાના જ આત્મબળનું કર્તવ્ય છે.

આથી અંતિમ પૃથક્કરણમાં એ સ્પષ્ટ થાય છે કે મનુષ્યના બાહ્ય જીવનમાં જે જે સંયોગો પ્રાપ્ત થાય અને તેને આધીન થઈ સુખથી થતો આનંદ કે દુઃખથી થતી દીનતા એ પૂર્વપરિચિત વિચારોની પ્રબળતા છે. તેથી તે વિચારોને પ્રયત્ન વડે દૂર કરી પોતાનું ભાવિ

પોતાને હસ્તગત કરી પ્રતિદિન ઉત્કર્ષ પ્રાપ્ત કરવું એ [illegible] પદ
જે મહત્‌-સ્વાધીન કરી લેવામાં આ જ મના [illegible]
એક મંત્ર છે તેવું માની વર્તમાનમાં મુખ્ય [illegible]
છે દુઃખમાં પ્રસન્નતાનો અનુભવ કરવો અને સુખમાં [illegible]
મધ્યસ્થપણે વેદવું, એ જ જ્ઞાનીઓનો અમોઘ મંત્ર છે [illegible]
એમનો પવિત્ર આશ્વાસનમય સંદેશો છે

કાળ, સ્વભાવ, નિયતિ, ઉદ્યમ અને કર્મ

જેમ પ્રાણીને પોતાના ક્ષેત્રમાં ઘણા પ્રકારના ધાન્ય ઉત્પન્ન કરવાની ઈચ્છા થાય છે તો જે જાતનું ધાન્ય ઉત્પન્ન કરવાનું હોય તે તે પ્રકારના સર્વ બીજોને એકઠાં કરે છે, પરંતુ વર્ષાઋતુ પ્રાપ્ત થયા વગર અકાળે બીજોનું વપન થવાથી ફળ પ્રાપ્તિનો સંભવ બની શકતો નથી

વર્ષાઋતુ પ્રાપ્ત થવા પછી એક પ્રાણી બીજોને વાવે છે પરંતુ કોહાઈ ગયેલા અથવા અન્ય રીતે સદોષ હોય તો ફળ નિષ્પત્તિ કરવાને માટે નાલાયક છે ઉદ્યમ આદિ અન્ય કારણો મોજુદ છતા ઊગવાના સ્વભાવને માટે અયોગ્ય બનેલા બીજોથી ફળ સંપત્તિ પ્રાપ્ત થવી એ આકાશકુસુમવત્ છે

એક પ્રાણી યોગ્ય-ફળ ઉત્પન્ન કરવાને લાયક બીજોને એકઠાં કરી સમાજે વર્ષાઋતુમા વપન કરે છે અમુક વખતના જવા પછી વરસાદ એવો સખત પડે છે કે તે બીજો જડમૂળથી ઉખડી જાય છે અને ફળસિદ્ધિ નહી પામવામા નિયતિ (ભવિતવ્યતા) પ્રબળ કારણ બને છે એ આ દૃષ્ટાંતથી સિદ્ધ થાય છે

એક મનુષ્ય યોગ્ય બીજોને એકઠા કરી વર્ષાઋતુ પ્રાપ્ત થવા પછી વાવે છે પરંતુ ત્યાર પછી તેને ઊગવાને માટે યોગ્ય સગવડો કરવાનો શ્રમ લેતો નથી વારવાર પાણીનું સિંચન કરવું, પ્રકાશનો રોધ નહીં થવા દેવો વાડોથી મર્યાદા બાંધી લેવી, માટી યથાર્થ રીતે પૂર્ણ કરવી વિગેરે વિગેરે ઉદ્યમ કરવાથી આળસુ રહે છે તો ફળ પ્રાપ્તિથી બે નસીબ રહે તેમા આશ્ચર્ય જેવું કશું જ નથી

એક મનુષ્ય સકાળે બીજ વાવે છે, ઉદ્યમ વડે ધીમે ધીમે તે બીજના ફળ રૂપે ધાન્ય ઉત્પન્ન થયું છે તૈયાર થઈ ગયેલું ક્ષેત્ર હવે

લણવાને માટે બાકી છે, તેવામાં અચાનક એક લેણદાર પોતાની પાસે આવે છે તે લેણું આપવા કહે છે, તે પ્રાણી પાસે પોતાના તૈયાર થયેના ધાન્ય સિવાય બીજી મુડી નથી જેથી તે ધાન્યપૂર્ણક્ષેત્ર જપ્ત થાય છે, આ રીતે પૂર્વ જનિત કર્મના ઉદયથી ફળોપભોગ રહિત બને છે

આ ઉપરથી સ્વતઃ સિદ્ધ થઈ શકે કે પાંચ કારણો સાનુકૂળ થયા વગર કાર્ય સિદ્ધ થઈ શકતું નથી કાર્ય પ્રાપ્તિને માટે આ પાંચ કારણોમાંથી અમુક અથવા અપૂર્ણ કારણ માનનારાઓ વસ્તુ સ્થિતિ સમજવામાં ગંભીર ભુલ કરે છે કેટલાક પ્રાણીઓ આ પાંચ કારણોથી માત્ર કાળને કેટલાક માત્ર સ્વભાવને, કેટલાક ફક્ત નિયતિને કેટલાક ઇતર કારણો રહિત માત્ર ઉદ્યમને અને કેટલાક કર્મને જ માત્ર કાર્ય ઉત્પત્તિને માટે કારણ માની લીએ છે

કર્મવાદી, કાળવાદી સ્વભાવવાદી વિગેરેને માટે અત્ર કાંઈ પણ ન લખતા પ્રસ્તુત લેખને અંગે ઉદ્યમવાદીઓના સિદ્ધાન્તનું અવલોકન કરીએ

અન્ય કારણોને લક્ષમાં નહીં રાખીને ઉદ્યમને જ ફળ પ્રાપ્તિના કર્તા માનનારાઓ કહે છે કે ઉદ્યમથી જ સર્વ કાર્યની સિદ્ધિ સન્મુખ આવીને ખડી થાય છે, જો સિદ્ધિ પ્રાપ્ત થતી નથી તો ઉદ્યમમાં ખામી રહેલી છે ઉદ્યમવડે ઉત્તમ શારીરિક માનસિક અને આધ્યાત્મિક સંપત્તિ પ્રાપ્ત થાય છે ઉદ્યમવડે મનુષ્ય અન્ય પ્રાણીઓને વશ કરી શકે છે ઉદ્યમ વડે દરેક ભુવનમાંથી પોતાના આત્માને બચાવી લેવો અને ઉદ્યમવડે મનુષ્ય પ્રાણી મૃત્યુને પણ જીતી લે છે તેઓ પ્રારબ્ધવાદી કર્મવાદી વિગેરે મનુષ્યોને આળસુ અને અશક્ત માને છે

માત્ર ઉદ્યમવાદીઓને પૂછવા માગીએ છીએ કે આ સંસારમાં અનેક પ્રાણીઓ શારીરિક, માનસિક અને આધ્યાત્મિક પ્રબળ સામર્થ્ય વાળા થઈ ગયા, પરંતુ કોઈ પણ પ્રાણીએ મૃત્યુ ઉપર જય મેળવી અનંત

જીવનપણું દેહધારીપણે પ્રાપ્ત કર્યું બતાવવા સમર્થ છો ? પ્રબળ પુરુષાર્થવાળા પુરુષો ચિરજીવ પણે દુનિયામાં કેમ દૃષ્ટિગોચર થતા નથી ? અનંતજીવન દેહધારી મહાત્મા આ દુનિયાની કઈ સપાટી ઉપર રહે છે ? જો દેહધારીપણે ચિરજીવપણું ઉદ્યમવડે પ્રાપ્ત કર્યું હોય તો અવશ્ય તે મૂર્તિમાન હોવાથી આપણા અથવા આપણાથી ઉચ્ચકોટિમાં આવેલા મનુષ્યોને દેખાય જ પરંતુ ઐતિહાસિક દૃષ્ટિએ તપાસતા પણ તેવા દેહધારી મહાત્માના નામો જડતા નથી

મૃત્યુ એ સર્વ પ્રાણીઓને માટે નિયત છે, ગમે તેવી ઉચ્ચ સ્થિતિને પ્રાપ્ત થયેલા પ્રાણીને પણ અવશ્ય મૃત્યુનો ભોગ થવું પડે છે કેમકે જ્યાં સુધી શરીર અને પ્રાણ છે ત્યાં સુધી મૃત્યુ વગર રહેવું એ બની શકતું જ નથી પ્રબળ પુરુષાર્થવડે આધ્યાત્મિક સંપત્તિ પ્રાપ્ત થયા પછી પણ શરીરરૂપી કારાગૃહથી મુક્ત કરાવનાર મૃત્યુ છે શરીર ગરિનપણું પ્રાપ્ત થયા પછી મૃત્યુનો ભય રહેતો નથી એ નિર્વિવાદ સત્ય છે પરંતુ માન ઉદ્યમવાદી કહે છે તેમ એવા ઉદ્યમથી શરીરધારીપણે પણ મૃત્યુનો જય થઈ શકે છે—એ કેવળ અસંભવિત છે જૈન દર્શનમાં કહે છે કે, પ્રબળ પુરુષાર્થ વડે કેવળ જ્ઞાન પ્રાપ્ત કરનાર તીર્થંકરોએ પણ મૃત્યુ દ્વારા દેહવાસિત્વ દૂર કરી પછી જ અમરત્વ પ્રાપ્ત કરેલું છે આથી ગમે તેવા પ્રબળ ઉદ્યમથી દેહધારીપણું કાયમ રાખી મૃત્યુનો જય કદાપિ થઈ શકતો નથી

જો નિયતિ—ભવિતવ્યતાનું કાર્ય મનુષ્યો ન સમજતા હોય તો અનેક ઉદ્યમો કરતા નિષ્ફળતા જ્યારે જ્યારે પ્રાપ્ત થાય છે ત્યારે ત્યારે તેમની માનસિક સ્થિતિ નિરાશાવાળી થાય છે તે વખતે મનનું વલણ સ્વાભાવિક સ્થિતિમાંથી અચ્યુત બને છે અને પરિણામે અવ્યવસ્થિતપણું થઈ જાય છે, અને આશ્રય રહિત બની ગયા છે તેમ નિસાસા નાખી આત્મઘાત પણ કરવા તત્પર બને છે—આમ બનવું અસંભવિત

નથી ઉદ્યમ રૂપી નિમિત્તના ભવિતવ્યતાના યોગે પ્રાપ્ત થવાની જ તે વખતે પ્રાણીઓનો મુખ્ય આધાર ભવિતવ્યતા ઉપર જ છે પ્રબળ પુરુષાર્થ કરતા પણ ભવિતવ્યતાના યોગે પગે પગે સ્ખલના થઈ જાય છે આથી સિદ્ધ થાય છે કે એકલા ઉદ્યમના જ હાથમાં કોઈ પણ કાર્ય નથી દરેક કાર્ય પાંચ કારણોને તાબે રહેલું છે

આ લેખથી એમ સમજવાનું નથી કે ઉદ્યમને દૂર રાખી અન્ય કારણોમાં નાસ્તિ રાખવાની જરૂર છે ઉદ્યમ એ ચાર કારણો રૂપ ચતુરંગ સેનાનો નાયક છે તેને આગળ કરીને જ દરેક કાર્ય કરવાની જરૂર છે ઉદ્યમ સાથે પ્રધાનપણે આગળ વધ્યા વગર કોઈપણ કાર્ય બનવાનો સંભવ જ નથી ઉદ્યમવડે જ કર્મોનું આવરણ દૂર થઈ આત્મિક ઉન્નતિ થાય છે પરંતુ સ્થિતિની પરિપક્વતા સ્વભાવની યોગ્યતા વિગેરે તરફ દૃષ્ટિ રાખીને ઉદ્યમને આગળ ધકેલવાની જરૂર છે જેમ સેનાધિપતિ સૈન્યની મદદ વગર જીતી શકતો નથી તેમ ઉદ્યમ અન્ય કારણોની મદદ વગર આત્મ સામર્થ્ય પ્રગટાવવા જતા પાછી પડી જાય છે આત્મ સામર્થ્ય પ્રગટાવવા જતા પોતાનામાં તેવી શક્તિ રૂપ સ્વભાવ ઉત્પન્ન થયો છે કે નહિ તે વિચારી ઉદ્યમ કરતા જતા કોઈ પણ વિઘ્ન પ્રાપ્ત થતું હોય તો અમુક વખત સ્થિરતા ધારણ કરી પુનઃ ઉદ્યમને આગળ કરી પ્રવૃત્તિ કરવી જોઈએ—એ આ લેખ લખવાનું તાત્પર્ય છે

આ ઉપરથી દરેક કાર્યની ઉત્પત્તિ તે તે વસ્તુના કાળ સ્વભાવે, નિયતિ ઉદ્યમ અને કર્મને આભારી છે વસ્તુમાં યોગ્ય સ્વભાવ ન હોય તો ઉદ્યમ એ એક જાતની નિષ્ફળ મહેનત છે વસ્તુ પ્રાપ્તિને માટે કાળ દશા હોય તો જરા પણ વિલંબ સિવાય તે પ્રાપ્ત થશે ઉદ્યમને ચાલુ કરવો એ વાસ્તવિક છે આ રીતે વિચારતા સ્પષ્ટ થશે કે ઉદ્યમનેજ નિયામક માનનારાઓ પોતાની માન્યતામાં એક ગંભીર પ્રકારની ભૂલ કરે છે

આ પ્ર વિ સં ૧૯૭૧

૬ સુખદુ ખની ઘટનાથી ઘટાતુ જીવન

જૈન દૃષ્ટિએ જેને 'ભાવમન' કહેવામા આવે છે તે વાસ્તવિક રીતે સુખદુ ખની ભાવનાનુ મૂળ કારણ છે આત્મા મનને યોગ્ય આણુઓ ગ્રહણ કરી તેને પોતાના સસ્કાર અનુસાર જે જે વિષયોમા પ્રવર્તાવે છે તે મનનો એક પ્રકારનો વ્યાપાર છે અને તે સુખદુ ખની ભાવનાને પ્રકટાવે છે ઉચ્ચ મનોબળવાળા પ્રાણીઓ સુખદુ ખની આ ભાવનાનુ પોતાની શક્તિ-ક્ષયોપશમ શક્તિ અનુસાર પરિવર્તન કરી શકે છે દુ ખ ઉત્પન્ન થાય તેવા નિમિત્ત કારણો પોતાની સમુખ આવવા છતા તેથી થતી ભાવના-દુ ખરૂપ ભાવના પ્રકટવા નહિ દેતા સુખરૂપ ભાવના ઉત્પન્ન કરે છે અને એ રીતે પોતાના આત્મબળની ઉન્નતિ સાધવાની કળાને અભ્યાસ વડે વધારી શકે છે

દુ ખને સુખમા પરિવર્તન કરાવનારી આ કળા આત્માના વિકાસ ક્રમ। અગત્યનો હિસ્સો આપે છે જૈન શાસ્ત્રમાં ઠેકાણે ઠેકાણે કહેવામા આવ્યુ છે કે—મન एव मनुष्याणा कारण बन्ध मोक्षयो— એ સૂત્રને અનુસાર મનોબળને કેળવવાનો ઉપદેશ આપવામા આવ્યો છે મનુષ્યને બાહ્ય ઇન્દ્રિયના વિકાસથી જે કાર્ય સધાતુ નથી તે મન અવશ્ય સાધી આપે છે, એટલુ જ નહિ પરતુ તે પાચે ઇન્દ્રિઓના વિકાસ ઉપર અપ્રતિમ કાબુ ધરાવનાર મન જ છે આત્માને કયે રસ્તે દોરી જવો એ મનરૂપ અશ્વનુ જ કર્તવ્ય છે

નિમિત્ત કારણો હમેશા મન ઉપર જુદી જુદી અસરો પ્રગટાવે છે આ મન આત્માના કાબુમા ન રહેતા ઉલટુ આત્માને પોતાના અણુઓના બળને અનુસારે પરાધીન કરી મૂકે છે મનના અણુઓમા સ્પર્શ-રસ ગધની શક્તિઓ વિવિધ પ્રકારની છે તે અણુઓના વર્ણો આધુનિક વિજ્ઞાન વડે (Science) સાબીત થઈ ચૂક્યા છે ઉ૦ શ્રીમદ્ વિનય વિજયજીએ લોકપ્રકાશમા મનની સ્પર્શાદિની હકીકત સક્ષિપ્ત સુદર

રીતે દર્શાવેલી છે આથી આ અણુઓનુ આત્મા ઉપર સ્વામિત્વ થયા પછી નિમિત્ત કારણોની અસર કરી દેવી શકાતી નથી જેથી વારવાર ઈષ્ટાનિષ્ટ સંયોગોથી પ્રાપ્ત થયેલા સુખદુ ખના નિમિત્ત કારણો વડે મન તે તે સુખદુ ખની ભાવના પ્રગટાવી વ્યર્થ કાળક્ષેપ કરી નાખે છે, અને આત્માનો વિકાસ કરવાને સહાયભૂત થવાને બદલે આત્માને અધોગતિનુ ભાજન બનાવે છે

આ રીતે મન અને આત્માનો સબધ પરસ્પર સેવ્યસેવક ભાવનાઓ વાળો મટી સવક-સેવ્ય ભાવનાવાળો બનાવવાથી સુખદુ ખને સમજવે તેવાની આ કળાથી—મનુષ્યનુ બાહ્ય અને આતર જીવન સુદર રીતે સુઘટિત થાય છે આ કળા પ્રાપ્ત થયા પછી પ્રસગોપાત્ત પ્રાપ્ત થતા નિમિત્ત કારણોની અસર દૈરવાઈ જાય છે એટલુ જ નહિ પરતુ બીજાઓ ઉપર થતી દુ ખની અસગ—તેમને દુ ખી થયેલા—જોઈ ને તેમની માનસિક નિર્બળતાને લીધે જે અફસોસ તેમને પ્રગટ થતો હોય છે, તે નહિ થવા દેતા તેમનુ વાસ્તવિક હિત સાધી શકે છે આવા મનુષ્યો પોતાના અથવા બીજાના દુ ખથી પોતાના અત કરણને દુ ખી બનાવી શોકમગ્ન બેસી રહેવામા ઈતિકર્તવ્યતા માનતા નથી પરતુ જીવનમા સગ્રહ કરેલા સામર્થ્યથી પોતાનુ અને તેમનુ સર્વોત્તમ હિત સાધે છે

અન્ય મનુષ્યની દુર્બળતા અને દુ ખને જોઈ ગ્લાનિ ન ધરતા તેના આત્માની સ્વચ્છતામા મનને જોડવાથી તેની નિર્બળતા અને દુ ખના ઉપાયો જલ્દી જડે છે, અને પરિણામે તેનુ દુ ખ દૂર કરી શકાય છે વિવેક સપન્ન થયેલુ મન પોતાના અને બીજાના બધનો વધારતુ જતુ નથી પરતુ પડેલી ગાઠોને છોડી દુ ખ—ભાવના દૂર કરાવે છે

આવા મનુષ્યોને દુ ખથી જ ઉન્નતિ અને વિકાસ સધાય છે'—એવી માન્યતા દૃઢ થયેલી હોય છે ઘણા પ્રસગોમા દુ ખ એ મનુષ્યોને

સુખ કરતાં વધારે કલ્યાણકાર બને છે દુઃખને શાંતિના રૂપમાં ગણાવનારી શક્તિ, શ્રદ્ધા અને ધૈર્યરૂપ અદ્‌ભુત સદ્‌ગુણોને પ્રકટ કરાવે છે દુઃખમાં સુખબુદ્ધિ ધરનારને અર્થાત્‌ દુઃખ મારું હિત જ કરે છે–એવા નિશ્ચયથી–દુઃખના સમયમાં પ્રસન્ન રહેનારને દુઃખની સામે આત્મબળની કસોટી પૂર્ણ થવાના પરિણામે ચિરસ્થાયી શાંતિ પ્રકટ થાય છે

નિમિત્ત અને ઉપાદાન કારણની સફળના તપાસતાં તેમજ પરમાણુવાદ (Materialism) ની અંતિમ દૃષ્ટિ (Last point) સુધી ઘટાવતા અર્થાત્‌–તેનું મૂળ સ્વરૂપ લક્ષ્ય કરતાં સુખ અને દુઃખ એ વેદનીય કર્મના અણુઓના બે જુદાં જુદાં સ્વરૂપો છે મનના વલણ અનુસાર તે પોતપોતાનું કાર્ય બજાવતા આત્મા ઉપર આનંદ કે દુઃખની અસર પ્રકટાવે છે આ અસરથી બચવાનો અભ્યાસ પાડતા પૂર્વોક્ત રીતે સિદ્ધ થઈ મનુષ્યનું જીવન–અંતરંગ જીવન ઘડાય છે

જેમના હૃદયમાં સ્વપરનું નિર્મળ ભાન જાગૃત થયેલું છે, જેમનું જીવન નિરંતર મન સંયમના અભ્યાસથી ઘડાઈ ઉન્નતિક્રમમાં આગળ વધતું હોય છે, તેવા મનુષ્યનું કાર્ય પ્રાકૃતદૃષ્ટિએ ગમે તેવું જણાતું હોય તો પણ તેમનું આત્મ સામર્થ્ય સદા બળવત્તર થતું જતું હોય છે તેમનું હૃદય હર્ષ કે શોકના પ્રસંગોમાં રંગાતું નથી કેમકે નિમિત્ત કારણો શરીર મન આધિ વ્યાધિ અને ઉપાધિઓ એ 'હું' નથી–આ પ્રકારે સ્વરૂપજ્ઞાનના તીક્ષ્ણ શસ્ત્રથી તેમણે હર્ષ શોકની ધાર બુઠ્ઠી કરી નાખેલ હોય છે અજ્ઞાનથી પ્રકટતી નિર્મળના જ્ઞાનથી પ્રકટતી વિવેક શક્તિ આગળ ટકી શકતી નથી જગત્‌ જેને મહાદુઃખનો પ્રસંગ માનતું હોય છે તેવો પ્રસંગ પણ તેના આત્માને સ્પર્શી શકતો નથી તેમની તીવ્રદૃષ્ટિ આગળ તેવા પ્રસંગોના વિકટપણાનો કડવો રસ મધુર બની જાય છે, અને દુઃખ આપવાનું તે પ્રસંગનું બળ હરાઈ જાય છે

આપણી સન્મુખ રહેલા પરમાત્મા મહાવીર, ગજસુકુમાર મુનિ, સ્કંધકાચાર્ય, મેતાર્ય, આનંદ, કામદેવ—વિગેરે મહાન આત્માઓની પ્રેરકશક્તિ (Motive Power) આપણને સુખદુઃખની ભાવનાઓ ઉપરના પ્રચંડ સંયમનો બોધ આપી રહી છે પરમાત્મા મહાવીરે સુખના તમામ રસ્તાઓ તપાસી તેમાં નિસ્સારપણું અનુભવ્યા પછી જ પોતાનામાં સુખ પ્રગટાવ્યું હતું તેમનો પરમ નિશ્ચય એજ હતો કે જ્યાં સુધી સુખનો આધાર મનુષ્યો પોતાના ઉપર રાખતા નથી શીખતા, ત્યાં સુધી તેમનું નિર્બળપણું નિવારી શકાતું નથી જેટલે અંશે મનુષ્ય પોતાના સુખનો આધાર અન્ય પદાર્થ ઉપર રાખે છે તેટલે અંશે તે રંક અને દીન બની જાય છે સુખ અને દુઃખ આવ્યા વગર રહેતા જ નથી કર્મ વિગેરે પાંચ સમવાયો પોતાનું કાર્ય કર્યે જ જાય છે પરંતુ તેથી ઉત્પન્ન થતી લાગણીઓની સામે જે ધૈર્ય રાખવું જોઈએ તે નિમિત્તકારણોને સાક્ષી તરીકે માનવાથી પ્રગટ થાય છે અને સાત્વિક વૃત્તિ અધિકાધિક પ્રાપ્ત થાય છે

જ્યારે મન પોતાના વ્યાપારમાં અમુકને સુખ અને અમુકને દુઃખરૂપે રજુ કરે છે ત્યારે તેને દૂરથી જ જોયા કરવાનો અભ્યાસ—એ જ સુખદુઃખના પ્રસંગો ઉપર સ્વામિત્વની કુંચી છે આત્મા પોતે વિવેક દૃષ્ટિથી જાગૃત થઈ પોતાની મધ્યસ્થ વૃત્તિ નિભાવી રાખે તો સુખ દુઃખ એવું આત્મસૃષ્ટિમાં કશું જ નથી માત્ર કર્મના ઉદય વડે માનસિક વિકલ્પોમાં તે સર્જાય છે અને તે વિકલ્પનો વિલય થયથી સમાઈ જાય છે તેથી જ શ્રીમદ્ દેવચંદ્રજી વદે છે કે —

દુઃખ સુખરૂપ કરમફળ જાણો નિશ્ચય એક આનંદો રે,

ચેતનતા પરિણામ ન ચૂકે ચેતન કહે જિન ચંદો રે

અર્થાત્ —વિશ્વના નિયમોની સત્તા દરેક પ્રાણી પદાર્થ ઉપર પ્રવર્તે છે પદાર્થના સંયોગ-વિયોગ એ કર્મફળની સામગ્રીઓની ઘટના છે

તેમાં હર્ષ અને શોકને વશ થવાથી જગતનો ક્રમ વશ થનાર આત્મા ઉપર વધવાનો અથવા ઘટવાનો નથી ' અહંકાર ' કે 'મમકાર-' નું વિકારીપણું ચૈતન્ય-સ્વરૂપમાં ઓતપ્રોત ન થતાં પ્રબળ સામર્થ્યવાન આત્માઓ સમ દૃષ્ટિને અનુભવે છે

એજ મનુષ્યો સમર્થ છે કે જેઓનું હૃદય જ્ઞાનનું આત્મજ્ઞાનનું, અને શુદ્ધવૃત્તિનું નિવાસસ્થાન છે અને વસ્તુતઃ તે જ મનુષ્યો નિર્બળ છે, કે જેમનાં અંતઃકરણમાં અહોનિશ ક્રોધ, ઈર્ષ્યા અને વેરના વિચારો સેવાતા હોય આવા નિર્બળ મનુષ્યોનું મન હંમેશાં જીવનના અનેક સારા નરસા પ્રસંગોની અસર ઝીલવા તૈયાર હોય છે કેમકે નિમાલ્ય દૃષ્ટિઓથી દુઃખનું ભાન જલદી ગ્રહણ કરતા હોય છે અને તે લાગણીનો સંસાર સર્વદા ખુલ્લો હોય છે જ્યારે સમર્થ આત્માઓ એમ માને છે કે સમ્યગ્ દૃષ્ટિ પ્રાપ્તિનું ધ્યેય એ હોય છે કે બાહ્ય સંયોગોની અસરથી મુક્ત રહેવું ' ત્યારે તેઓ નિમિત્ત કારણો વડે પ્રવર્તતી ઘટનાઓની અસર ઝીલતા નથી

સબળ અને નિર્બળમાં, તેમજ જ્ઞાની અને અજ્ઞાનીમાં તફાવત એટલો જ છે કે, જ્યારે જ્ઞાની જનો નિમિત્ત કારણોથી રંગાતા નથી અને કદાચ પૂર્વકર્મની પરાધીનતાથી લેવાય છે તો પણ પોતાની ભૂલ તરત જ સુધારી લે છે ત્યારે અજ્ઞાની નિર્બળ આત્માઓ પ્રત્યેક ક્ષુદ્ર નિમિત્તોને વશ બની અનંત સામર્થ્યવાળા પોતાના આત્માને ભૂલી જાય છે-સત્ત્વ ગુમાવે છે આત્માના ચતુર્થ પુરુષાર્થ-મોક્ષને માટે અવકાશ મુખ્યત્વે કરીને સમ્યગ્જ્ઞાન ઉપર રહેલો છે સમ્યગ્જ્ઞાન વડે વિવેક દૃષ્ટિ સંપન્ન થયા પછી આત્મા સક્રિય બની પ્રસ્તુત અંતિમ લક્ષ્યસ્થાને પહોંચી શકે છે સુખદુઃખની ભાવનાઓનો કાર્યપ્રદેશ સ્થૂલ સૃષ્ટિ ઉપર જ હોય છે આત્માનું અંતરંગ જીવન અને ઉપરના યથાર્થ સંયમ વડે જ ઘડાય છે અને એ સમતોલપણું હંમેશાં આત્મસૃષ્ટિ ઉપર પોતાનો કાર્યપ્રદેશ વિસ્તારે છે

અનિત્યાદિ બાર ભાવનાઓનું જૈનશાસ્ત્રકારોએ સુખદુઃખના પ્રસંગો ઉપર સ્વામિત્વ મેળવવા માટે સૂચન કર્યું છે આ મનગની વૃદ્ધિ આ ભાવનાઓ વડે નિરંતર થાય છે આત્મસામર્થ્યનું ખરું મૂલ્ય કેના પ્રતિકૂળ લાગતા નિમિત્તો સામે ગતિ (Motion) કરી જય મેળવ્યો ? તે ઉપર છે

સુખદુઃખનું સુકાન મનુષ્ય માત્રને પોતપોતાના હાથમાં જ સોંપાયેલું છે ઇચ્છામાં આવે તો સ્વબળથી અથવા સત્સંગાદિ નિમિત્તકો જોથી સુખી થાય અથવા ઇચ્છામાં આવે તો પ્રતિકૂળ નિમિત્તકારણોને પર્વત જેવા માની લઈ દુઃખમાં જાય જેવી ભાવના તેવી સિદ્ધિ —એ સૂત્ર સર્વત્ર અવગણ્યે કુદરતના નિયમ પ્રમાણે પ્રવર્તે છે

અસામાન્ય શાંતિનો અનુભવ કરાવનાર શાસ્ત્રમાં શ્રીમદ્ ઉપાધ્યાયજી મધુર વચનથી વદે છે—

दुःखं प्राप्य न दीनः स्यात् सुखं प्राप्य न विस्मितः ।

અર્થાત્—પરમાત્મજીવન પ્રાપ્ત કરવાના સાધનરૂપ આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા માટે પૂર્વોક્ત સમ્યગ્દૃષ્ટિ વડે સુખદુઃખથી હર્ષ શોકની અસર નહિ થવા દઈ મનુષ્ય જીવનનું લક્ષ્યબિંદુ સદા દૃષ્ટિ સમીપ રાખવું જોઈએ—એ રીતે આત્મજ્ઞાન ધરી સંસ્કારોને સમૃદ્ધ કરવા જોઈએ પ્રસ્તુત સંસ્કારો અન્ય જન્મમાં આત્માનો વિકાસક્રમ સૃષ્ટિના કાર્યકારણના (Law of Causation) નિયમને અનુસરી આપથી કરશે અને સુખદુઃખની અસરોને નિર્માલ્ય ગણી તે તરફ મધ્યસ્થ દૃષ્ટિ રખાવી આત્માને પોતાનું લક્ષ્ય સ્થાન પ્રાપ્ત કરાવશે

આ. પ્ર. વિ. સં. ૧૯૭૫

૭. વિશ્વની વિચિત્ર ઘટનાઓ

આ વિશ્વના વિવિધ દેખાવોનુ બારીક નિરીક્ષણ કરતા આપણને દરેક વસ્તુ અને દરેક બનાવમા ચમત્કાર ભાસ્યા વિના રહેશે નહિ કાળ અને પ્રકૃતિ પોતાના સ્વરૂપો આપણી સમક્ષ જુદી જુદી રીતે વિસ્તાર કરી રહ્યા છે એક સૂક્ષ્મ બીજના કણમાથી મહાન વિસ્તાર વાળુ વૃક્ષ પ્રગટ થાય છે—એ શુ વિચિત્રતા નથી? છતા તેમા આપણને કોઈ પ્રકારનુ આશ્ચર્ય થતુ નથી તેનુ કારણ માત્ર એ છે કે, તે આપણા નિત્યના પરિચયનો વિષય થઈ પડ્યો છે પરતુ આપણે એક બાળકને જ્યારે બીજમાથી આવુ વૃક્ષ ઉત્પન્ન થાય તેનુ ભાન કરાવીએ ત્યારે તેના આશ્ચર્યનો પાર રહેશે નહિ આપણા નિત્યના અનુભવના વિષયોમાથી આપણી વિચિત્રતા જતી રહે છે વિવિધરંગી મયૂરનુ ઈંડામાંથી પ્રગટ થવુ સૂર્ય અને ચદ્રનુ જગત ઉપર નિયમસર પરિવર્તન તેમજ ઋતુઓનુ અદ્ભુત ગમનાગમન—એ સર્વ સૃષ્ટિની વિચિત્ર ઘટનાઓ છે

આમ હોઈને સહુ કોઈ ચોક્કસ નિયમોને આધીન છે અને તે નિયમો સર્વકાળ એક સરખા છે-અચળ છે પુદ્ગળ અને ચૈતન્ય શક્તિનો જ આ સર્વ વિલાસ છે સ્થૂળભૂમિકા ઉપર વળી આપણે સૂક્ષ્મ દૃષ્ટિથી તપાસ કરતા વિશેષ વિચિત્રતા અનુભવીએ છીએ પરતુ તે પણ આપણા નિત્ય સહવાસના ટેવાથી તેમા વિસ્મય જેવુ કાંઈ જોઈ શકતા નથી માનસિક વલણમા ફેરફાર થવાથી ખાસ કરીને અસાધારણ-વિચિત્રપ્રકારનુ કાર્ય બને છે એક ડાહ્યો મનુષ્ય ક્રોધની લાગણી ઉત્પન્ન થતા પોતે કે પોતાની આસપાસના મનુષ્યોએ ન ધાર્યું હોય તેવુ કાર્ય કરી બેસે છે તે શાનુ પરીણામ છે? ક્રોધ નામની લાગણીએ તેની વિચારશક્તિ ઉપર અસર કરી તેને વિકારવશ

સ્થિતિમાં મુકી વિચિત્ર પ્રકારના કાર્ય કરવા પ્રેરે છે

જૈનદર્શન કાર્યકારણની સંકલના ન્યાયપુરઃસર એવી રીતે ગોઠવે છે કે દરેક કાર્યો તેના ચોક્કસ નિયમોને જ આધીન છે—એ સત્ય કર્મીનનું આપણે જ્યારે બારીક અવલોકન કરી શકીએ છીએ ત્યારે જ જોઈ શકીએ છીએ બાહ્ય સંયોગોના નિમિત્તવડે માનસિક બંધારણમાં ફેરફાર થાય છે બે મનુષ્ય વચ્ચે સામાન્ય મૈત્રીનો સંબંધ હોય છે તેમાંથી એક જણ શબ્દદ્વારા અન્યનું અપમાન કરે તો અન્યનું માનસિક વર્તન એકદમ બદલાઈ જશે અને તેના અપમાન કરનાર તરફ પ્રથમ કરતાં જુદા જ પ્રકારે વર્તન આ વર્તન એ માનસિક બંધારણમાં પેદા થયેલા વિકારનું જ પરિણામ છે વળી તેજ માનસિક બંધારણ જ્યારે ઉત્તમ સંયોગો નજરે આવે છે ત્યારે ત્યાંથી સુંદર વિચારો ઉત્પન્ન થાય છે માટે જ સશાસ્ત્રો સત્સંગતિ અને નિર્દોષ સાધનોનો પરિચય કરવાનું આપણને વારંવાર પ્રબોધે છે

ક્ષણે ક્ષણે થતો માનસિક બંધારણનો ફેરફાર એ કાંઈ ઓછા આશ્ચર્યનો વિષય નથી છતાં તે આપણા નિત્યના અનુભવનો વિષય થઈ પડવાથી તેમાં આપણને કશું જ આશ્ચર્યથી ભરપુર નથી લાગતું એમ વિચાર કરતાં માલુમ પડશે એક શબ્દ માત્ર માણસના માનસિક બંધારણ કેવી રીતે ચલિત થતું હશે તેમજ શરીર ચેષ્ટામાં તેનું પ્રવર્તન કેવી રીતે થાય છે—એ વિચિત્ર ઘટના એમ દર્શાવે છે કે દરેક પદાર્થ કાર્ય-કારણના મહાનિયમને આધીન છે

માનસિક બંધારણથી વિશેષ ચડીઆતું બળ હૃદયબળ છે ત્રણે બળ અને આપણા વર્તનનો પરસ્પર ગાઢ સંબંધ છે શારીરિક બળ માનસિકબળ, અને હૃદયબળ એ ઉત્તરોત્તર એક એકથી અધિક ચડીઆતી શક્તિઓ છે એ ત્રણે આત્મશક્તિની સ્થૂલ અને સૂક્ષ્મ કળાઓ છે હૃદયબળનો પ્રભાવ મનુષ્યોના હૃદય ઉપર પડે છે વીરપ્રભુનો જગત્

૭. विश्वनी विचित्र घटनाओ

આ વિશ્વના વિવિધ દેખાવોનું બારીક નિરીક્ષણ કરતાં આપણને દરેક વસ્તુ અને દરેક બનાવમાં ચમત્કાર ભાસ્યા વિના રહેશે નહિ. કાળ અને પ્રકૃતિ પોતાનાં સ્વરૂપો આપણી સમક્ષ જુદી જુદી રીતે વિસ્તાર કરી રહ્યાં છે. એક સૂક્ષ્મ બીજના કણમાંથી મહાન વિસ્તારવાળું વૃક્ષ પ્રગટ થાય છે—એ શું વિચિત્રતા નથી? છતાં તેમાં આપણને કોઈ પ્રકારનું આશ્ચર્ય થતું નથી તેનું કારણ માત્ર એ છે કે તે આપણા નિત્યના પરિચયનો વિષય થઈ પડ્યો છે. પરંતુ આપણે એક બાળકને જ્યારે બીજમાંથી આવું વૃક્ષ ઉત્પન્ન થાય તેનું ભાન કરાવીએ ત્યારે તેના આશ્ચર્યનો પાર રહેશે નહિ. આપણા નિત્યના અનુભવના વિષયોમાંથી આપણી વિચિત્રતા જતી રહે છે. વિવિધરંગી મયૂરનું ઈંડામાંથી પ્રગટ થવું, સૂર્ય અને ચંદ્રનું જગત ઉપર નિયમસર પરિવર્તન, તેમજ ઋતુઓનું અદ્ભુત ગમનાગમન—એ સર્વ સૃષ્ટિની વિચિત્રવિચિત્ર ઘટનાઓ છે.

આમ હોઈને સહુ કોઈ ચોક્કસ નિયમોને આધીન છે અને તે નિયમો સનાતન એક સરખા છે—અચળ છે. પુદ્ગળ અને ચૈતન્ય શક્તિનો જ આ સર્વ પરિણામ છે. સ્થૂળભૂમિકા ઉપર વળી આપણે સૂક્ષ્મ દૃષ્ટિથી તપાસ કરતાં વિશેષ વિચિત્રતા અનુભવીએ છીએ. પરંતુ તે પણ આપણા નિત્ય સહવાસના હોવાથી તેમાં વિસ્મય જેવું કાંઈ જોઈ શકતા નથી. માનસિક વર્તનમાં ફેરફાર થવાથી ખાસ કરીને અસાધારણ—વિચિત્રપ્રકારનું કાર્ય બને છે. એક ડાહ્યો મનુષ્ય ક્રોધની લાગણી ઉત્પન્ન થતાં પોતે કે પોતાની આસપાસના મનુષ્યોએ ન ધાર્યું હોય તેવું કાર્ય કરી બેસે છે. તે શાનું પરિણામ છે? ક્રોધ નામની લાગણીએ તેની વિચારવૃત્તિ ઉપર અસર કરી તેને વિમાસ્વશ

સ્થિતિમાં મુકી વિચિત્ર પ્રકારના કાર્ય કરવા પ્રેરે છે

જૈન દર્શન કાર્યકારણની સમસ્યાના ન્યાયપુરસર એવી રીતે ગોઠવે છે કે દરેક કાર્યો તેના ખાકસ નિયમોને જ આધીન છે—એ સત્ય દષ્ટિમાં આપણે જ્યારે બારીક અવલોકન કરી શકીએ છીએ ત્યારે જ જોઈ શકીએ છીએ બાહ્ય સંયોગોના નિમિત્તવડે માનસિક બંધારણમાં ફેરફાર થાય છે બે મનુષ્ય વચ્ચે સામાન્ય મૈત્રીનો સબંધ હોય છે તેમાંથી એક જણ શબ્દદ્વારા અન્યનું અપમાન કરે તો અન્યનું માનસિક વલણ એકદમ બદલાઈ જશે અને તેના અપમાન કરનાર તરફ પ્રથમ કરતા જુદા જ પ્રકારે વર્તશે આ વર્તન એ માનસિક બંધારણમાં પેદા થતા વિકારનું જ પરિણામ છે વળી તેજ માનસિક બંધારણમાં જ્યારે ઉત્તમ સંયોગો તરફ આવે છે ત્યારે ત્યાંથી સુંદર વિચારો ઉત્પન્ન થાય છે માટે જ સત્શાસ્ત્રો સત્સંગતિ અને નિર્દોષ સાધનોનો પરિચય કરવાનું આપણને વારંવાર પ્રબોધે છે

ક્ષણે ક્ષણે થતો માનસિક બંધારણનો ફેરફાર એ કાંઈ ઓછા આશ્ચર્યનો વિષય નથી છતાં તે આપણા નિત્યના અનુભવનો વિષય થઈ પડવાથી તેમાં આપણને કશું જ આશ્ચર્યથી ભરપુર નથી લાગતું એમ વિચાર કરતાં માલુમ પડશે એક શબ્દ માત્ર સાંભળતાં માનસિક બંધારણ કેવી રીતે ચલિત થતું હશે તેમજ શરીર ચેષ્ટામાં તેનું પ્રવર્તન કેવી રીતે થાય છે—એ વિચિત્ર ઘટના એમ દર્શાવે છે કે દરેક પદાર્થ કાર્યકારણના મહાનિયમને આધીન છે

માનસિક બંધારણથી વિશેષ ચઢીઆતું બળ હૃદયબળ છે હૃદય બળ અને આપણા વર્તનને પરસ્પર ગાઢ સબંધ છે શારીરિક બળ, માનસિકબળ અને હૃદયબળ એ ઉત્તરોત્તર એક એકથી અધિક ચઢી આતી શક્તિઓ છે એ બધે આત્મશક્તિની સ્થૂળ અને સૂક્ષ્મ કળાઓ છે હૃદયબળનો પ્રભાવ મનુષ્યોના હૃદય ઉપર પડે છે વીરપ્રભુનો જગત્

ઉપર પ્રભાવ પાડવામા તેમનુ શરીરબળ થોડુ જ હેતુરૂપ હતુ ! તેમનું હૃદયબળ–ચારિત્રજ હતું

શરીરબળ મનોબળ અને ચારિત્રબળ એ ઉત્તરોત્તર ચડીઆતા છે મનોબળ વિનાનું એકનુ શરીરબળ માત્ર જંગલી પ્રજાઓમા જ જોવામા આવે છે મનોબળ વિનાનુ શરીરબળ એ ગાંડાના હાથમા તલવાર સોંપવા તુલ્ય છે શારીરિક સુખોનો ભોગ આપ્યા વગર મનોબળ મેળવી શકાતુ નથી તેજ પ્રમાણે મનમા ઉઠતા અસંખ્ય વિકલ્પોનું દમન કર્યા વિના હૃદયબળની પ્રાપ્તિ નથી ખાસ કરીને જૈન સમાજમા આ ત્રણે બળો દિનપ્રતિદિન લુપ્ત થતા જાય–છે મતલબ કે આ કાળે આપણે આ ત્રણે બળના સબંધમા અવનતિએ પહોચ્યા છીએ

જેઓ ક્રોધ મોહ કે લોભના બળવાન નિમિત્તો છતા મનમા વિકારી અસર ઉપજાવવા દેતા નથી, પ્રિયાપ્રિય પદાર્થોના જવા છતા શોકને હૃદયમા સ્થાન આપતા નથી હલકટનુ અપમાન થવા છતા ક્રોધનો લેશમાત્ર પણ સચાર થવા દેતા નથી અને હૃદયના અનેક આવેગોને સુખદુઃખના પ્રસગોમા દબાવી શકે છે તેઓની શક્તિનુ નામ હૃદયબળ છે શાંતિ એકસરખી સાચવી રાખવી તેમજ ઉત્કટ ઉપાધિના પ્રસંગોમા પણ વ્યાકુળતા ન અનુભવવી એ હૃદયબળના સગ્રહનુ પરિણામ છે, તેજ આ હૃદયબળ છે શારીરિક બળવાળા સેંડો જેવી વ્યક્તિઓ જે આશ્ચર્યકારક ઘટના બળભૂમિકા ઉપર વિશ્વમાં દર્શાવી શકે છે તેથી અસખ્ય ગણી આશ્ચર્યજનક ઘટના હૃદયબળવાળા મનુષ્યો સૂક્ષ્મ ભૂમિકા ઉપર અનુભવે છે ... ક્ષણસ્થાયી છે પરતુ હૃદયબળનો પ્રભાવ હમેશને ... રમી રહે છે

હાઈસ્કૂલમાં દાખલ
એકતા (...)

કેમકે આત્મા એ ત્રણે બળનો નિયામક છે જેમ વનસ્પતિનુ પોષણ ખનિજમાંથી છે અને મનુષ્યનુ પોષણ વનસ્પતિમાંથી છે તેમજ માનસ શક્તિનુ પોષણ સ્થૂળ ભૂમિકાના સંસ્કારોમાથી છે અને હૃદયબળનુ પોષણ માનસશક્તિમાંથી છે મતલબ કે આ ઘટનાઓ **अघटित घटना पटीयसी माय**—એ લોકોક્તિને અનુસરીને નિરંતર પ્રચાર પામેલી છે

કાળ, સ્વભાવ નિયતિ ઉદ્યમ અને કર્મ—એ પાંચ કારણોએ વાસ્તવિક રીતે ઘટનાઓ ઘડેલી હોય છે મનુષ્ય આત્માની સ્થિતિ એક બાળક જેવી છે જેમ પડી અનુભવના પરિણામોને પોતાના ઉપર અંકિત કરતો મોટો થાય છે જેમાંથી જે કેટલાક વિષયો અને પદાર્થો તરફ તો મોહ જતો રહેલો છે અને કેટલાક વિષયો અને પદાર્થો પ્રત્યે બહુ જ ખેંચાણ અનુભવાય છે—આનુ કારણ એ જ છે કે કાળ અને સ્વભાવાદિ પોતપોતાની અસર કરે જાય છે અને તે અસર મનુષ્યાત્માના સબળ પણા કે નિર્બળપણાના પ્રમાણ અનુસાર બળવાન બને છે—એ રીતે અનુભવજ્ઞાનમા ધણીક પડતાં પડતો અથવા કોઈ સારા સંયોગોને પ્રાપ્ત કરી ધડીકમા આગળ વધતો આત્મા પોતાનો વિકાસ કરતો અનુભવમા આવે છે એ રીતે મનુષ્ય આત્મા પાપ કાર્ય કરતા અચકાતો ખાય છે તેનુ કારણ તેવા જ અધમ માર્ગના અનુભવની સ્મૃતિ તેને તેમ કરતા રોકે છે આજે જે જે મનુષ્યો શરીરબળ, મનોબળ અથવા હૃદયબળને માટે વિખ્યાત થયેલા છે તે માત્ર આ વર્તમાન અનુભવનું પરિણામ નથી પરંતુ સંસ્કારોથી પરિપાક થયેલી આત્મ ભૂમિકામા પૂર્વે મેળવેલા અનુભવના પરિણામ રૂપ છે

મનુષ્ય જીવનના વર્તમાન ભવના જ ગતમાન તરફ દિગ્દર્શન કરશુ તો જણાશે કે પ્રત્યેકના જીવનની જુદી જુદી અવસ્થાઓ જે વર્તમાન કાળે આશ્ચર્ય જનક ભાસે છે તે છેક માન વિનાની પરિસ્થિતિમાંથી પ્રગટ થયેલી હોય છે જીવનની દિશા બદલી નાખનારા

બિંદુઓ (Turnin_ points of life) કોઈ સ્હેજ ખીના કે બનાવમાંથી ઉદ્ભવેના હોય છે જે વખતે તે "સ્હેજ" હોય છે તે વખતે તેના ઉપયોગીપણાનો ખ્યાન હોતો નથી પરંતુ ક્રમે ક્રમે તે 'સ્હેજ' મહાન' ઉપર લાવી મૂકે છે

જગતની બાહ્ય અને આંતર સર્વ ઘટનાઓ વિચિત્રપણે લાગવા છતાં જે આત્માઓ એ ઘટનાને સ્વાભાવિક માને છે તે આત્માએ ખરેખરી રીતે મનોબળ કેળવ્યું છે—એમ કહેવામાં બીનકુલ અડચણ નથી વિરલ મનુષ્યો અથાગ Cdમથી તે પ્રાપ્ત કરી શકે છે જૈનદર્શન જે આત્માની ચોક્કસ પરિસ્થિતિને "અંતરાત્મત" કહે છે તે પ્રાપ્ત કરનાર પૂર્વોક્ત પરિસ્થિતિને યથાર્થ જાણી તદનુસાર વર્તી શકે છે

ક્ષણે ક્ષણે યન્નવતામુપૈતિ તદેવ રૂપં રમણીયતાયા:— એ સૂત્ર પૂર્વોક્ત અનુભવથી દૃ૮ થયેના આત્માને માટે નિરુપયોગી નિવડે છે કેમકે તેને મન વિચિત્રતા જેવું કશું રહેતું નથી પ્રવૃત્તિની કાર્ય કારણની સંકલના જાણેલી હોય છે 'ઈશ્વર' જેવી અમુક વ્યક્તિ જ પોતાનું ધાર્યું પ્રાપ્ત કરાવી શકે અથવા ફેરવાવી શકે એ હકીકતને સં તર પોતાના માનસિક વિચારોની બહાર મૂકેની હોય છે

સ્થૂળ ભૂમિકા અને સૂક્ષ્મ ભૂમિકા ઉપર સંચય થતા શારીરિક અને માનસિક બળો આ રીતે પ્રાકૃત દૃષ્ટિએ અનેક પ્રકારની નવીનતા રજૂ કરે છે તેને કાળ સ્વાભાવાદિ સામગ્રીઓ સહાય કરે છે પરંતુ એ બળોનો નિયામક આત્મા જ્યારે અનુભવની પરંપરાથી બળવાન બને છે તેમજ શાસ્ત્ર અને સત્સમાગમના પરિચય રૂપ ટાંકણાથી ઘડાઈ ગએનો હોય છે ત્યારે વિચિત્ર ઘટનાને સ્વભાવિક ઘટના ગણી શકે છે.

આ પ્ર વિ સ ૧૯૭૫

૮ જડ અને આત્માનુ બળાબળ

આધુનિક વિજ્ઞાનશાસ્ત્ર જેને પાશ્ચાત્ય લોકો બુદ્ધિવાદની પરાકાષ્ઠા કહે છે તેના અને જૈન દર્શનના પરમાણુવાદ (Materialism) ના સિદ્ધાંતો લગભગ એક જ દષ્ટિબિંદુ (Point of view) મા સમાય છે, એમ કહેવુ જરા પણ અતિશયોક્તિ ભરેલ નથી વિજ્ઞાને એમ સાબિત કરી આપેલુ છે કે જ્યા હાલમા મોટા પહાડો દશ્યમાન થાય છે ત્યાં એક વખતે સમુદ્ર ગભીર ગર્જના કરી રહ્યો હતો તેમજ જ્યા હાલમા મહાસાગર વિદ્યમાન છે ત્યાં એક વખતે પર્વતો ઉભા હતા અગ્નિ પાણી વડે સોસાઈ જાય અથવા પાણી અગ્નિને બૂઝાવી નાખે છતા વિજ્ઞાને સિદ્ધ કરેલુ છે કે પાણી અને અગ્નિના એક પણ કારણ પરમાણુનો વિનાશ થયેલો નથી સમુદ્ર અને પર્વતોનુ રૂપાતર થવા છતા તેનાં કારણો–પરમાણુઓ કાયમ રહેલા છે ફૂલો ખરી પડે ફળો પાકી જાય અસખ્ય વૃક્ષો દાવાનળથી ભસ્મ થઈ જાય અને અમુલ્ય હીરાઓના કોલસા થઈ જાય તો પણ વિજ્ઞાન ફૂલ, ફળ ઝાડ અથવા હીરાઓનું રૂપાતર થયું છે તેમજ કહે છે કારણ કે જે પરમાણુઓ ફૂલ ફળ, ઝાડ અથવા હીરાઓના ઔદારિક દેહમા ગુંથાઈ સૌંદર્યરૂપે ખીલી નીકળ્યા હતા તેમાના એક પણ પરમાણુનો નાશ નથી થતો માત્ર આકૃતિઓ વિવિધ રૂપે બદલાતી ચાલે છે उत्पाद–व्यय અને ध्रव्ययुक्त सत्—એ સિદ્ધાતથી રચાયેલ જૈન દર્શન પણ પ્રત્યેક પદાર્થ એ જ હકીકત પ્રકાશમા મૂકે છે અને તેથી જ જગત અને પદાર્થોને જૈન દર્શન અનાદિસિદ્ધ માને છે

આ અનાદિપણુ પરમાણુથી માંડીને મહાસ્કંધો પર્યંત મુખ્યત્વે કરીને પાચ સમવાય–કાળ, સ્વભાવ નિયતિ ઉદ્યમ અને કર્મ–ઉપર

બિંદુઓ (Turning points of life) કોઈ સ્હેજ બીના કે બનાવમાંથી ઉદ્ભવેલા હોય છે જે વખતે તે "સ્હેજ" હોય છે તે વખતે તેના ઉપયોગીપણાનો ખ્યાલ હોતો નથી પરંતુ ક્રમે ક્રમે તે 'સ્હેજ' મહાન' ઉપર લાવી મૂકે છે

જગતની બાહ્ય અને આંતર સર્વ ઘટનાઓ વિચિત્રપણે લાગવા છતાં જે આત્માઓ એ ઘટનાને સ્વાભાવિક માને છે તે આત્માએ ખરેખરી રીતે મનોબળ કેળવ્યું છે—એમ કહેવામાં બીલકુલ અડચણ નથી વિરલ મનુષ્યો અથાગ ઉદ્યમથી તે પ્રાપ્ત કરી શકે છે જૈનદર્શન જે આત્માની ચોક્કસ પરિસ્થિતિને "અંતરાત્મત્વ" કહે છે તે પ્રાપ્ત કરનાર પૂર્વોક્ત પરિસ્થિતિને યથાર્થ જાણી તદનુસાર વર્તી શકે છે

क्षणे क्षणे यन्नवतामुपैति तदेव रूप रमणीयतायाः— એ સૂત્ર પૂર્વોક્ત અનુભવથી દૃઢ થયેલા આત્માને માટે નિરુપયોગી નિવડે છે કેમકે તેને મન વિચિત્રતા જેવું કશું રહેતું નથી પ્રકૃતિની કાર્ય કારણની સંકલના જાણેલી હોય છે "ઈશ્વર" જેવી અમુક વ્યક્તિ જ પોતાનું વારેનુ પ્રાપ્ત કરાવી શકે અથવા ફેરવાવી શકે એ હકીકતો અંતર પોતાના માનસિક વિચારોની બહાર મૂકેલી હોય છે

સ્થૂળ ભૂમિકા અને સૂક્ષ્મ ભૂમિકા ઉપર સંચય થતા શારીરિક અને માનસિક બળો આ રીતે પ્રાકૃત દૃષ્ટિએ અનેક પ્રકારની નવીનતા રજૂ કરે છે તેને કાળ સ્વાભાવાદિ સામગ્રીઓ સહાય કરે છે પરંતુ એ બળોનો નિયામક આત્મા જ્યારે અનુભવની પરંપરાથી બળવાન બને છે તેમજ શાસ્ત્ર અને સત્સમાગમના પરિચય રૂપ ટાંકણાથી ઘડાઈ ગયેલો હોય છે, ત્યારે વિચિત્ર ઘટનાને સ્વાભાવિક ઘટના ગણી શકે છે.

આ ન વિ સ ૧૯૭૫

૮ કાળ અને આત્માનું વજ્રબળ

આધુનિક વિજ્ઞાનશાસ્ત્ર જેને પાશ્ચાત્ય લોકો બુદ્ધિવાદની પરાકાષ્ઠા કહે છે તેના અને જૈન દર્શનના પરમાણુવાદ (Materialism)ના સિદ્ધાંતો લગભગ એક જ દૃષ્ટિબિંદુ (Point of view)માં સમાય છે એમ કહેવું જરા પણ અતિશયોક્તિ ભરેલું નથી વિજ્ઞાને એમ સાબિત કરી આપેલું છે કે જ્યાં હાલમાં મોટા પહાડો દૃશ્યમાન થાય છે ત્યાં એક વખતે સમુદ્ર ગંભીર ગર્જના કરી રહ્યો હતો તેમ જ જ્યાં હાલમાં મહાસાગર વિદ્યમાન છે ત્યાં એક વખતે પર્વતો ઊભા હતા અગ્નિ પાણી વડે બોલાઈ જાય અથવા પાણી અગ્નિને બુઝાવી નાખે છતાં વિજ્ઞાને સિદ્ધ કરેલું છે કે પાણી અને અગ્નિના એક પણ કારણ પરમાણુનો વિનાશ થયેલો નથી સમુદ્ર અને પર્વતોનું રૂપાંતર થવા છતાં તેનાં કારણો—પરમાણુઓ કાયમ રહેલાં છે ફૂલો ખરી પડે, ફળો પાકી જાય અસંખ્ય વૃક્ષો દાવાનળથી ભસ્મ થઈ જાય અને અમૂલ્ય હીરાઓના કોલસા થઈ જાય તો પણ વિજ્ઞાન ફૂલ ફળ ઝાડ અથવા હીરાઓનું રૂપાંતર થયું છે તેમ જ કહે છે કારણ કે જે પરમાણુઓ ફૂલ, ફળ ઝાડ અથવા હીરાઓના ભૌતિક દેહમાં ગુંથાઈ સૌંદર્યરૂપે ખીલી નીકળ્યા હતા તેમાંના એક પણ પરમાણુનો નાશ નથી થતો માત્ર આકૃતિઓ વિવિધ રૂપે બનતી ચાલે છે ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્યયુક્ત સત્—એ સિદ્ધાંતથી રચાયેલું જૈન દર્શન પગ પ્રત્યેક પદે એ જ હકીકત પ્રકાશમાં મૂકે છે અને તેથી જ જગત અને પદાર્થોને જૈન દર્શન અનાદિસિદ્ધ માને છે

આ અનાદિપણું પરમાણુથી માંડીને મહાસ્કંધો પર્યંત મુખ્યત્વે કરીને પાંચ સમવાય—કાળ સ્વભાવ નિયતિ, ઉદ્યમ અને કર્મ—ઉપર

બિંદુઓ (Turning points of life) કોઈ સ્હેજ બીના કે બનાવમાંથી ઉદ્ભવેલા હોય છે જે વખતે તે "સ્હેજ" હોય છે તે વખતે તેના ઉપયોગીપણાનો ખ્યાલ હોતો નથી પરંતુ ક્રમે ક્રમે તે 'સ્હેજ' 'મહાન' ઉપર લાવી મૂકે છે

જગતની બાહ્ય અને આંતર સર્વ ઘટનાઓ વિચિત્રપણે લાગતાં છતાં જે આત્માઓ એ ઘટનાને સ્વાભાવિક માને છે તે આત્માએ ખરેખરી રીતે મનોબળ કેળવ્યું છે—એમ કહેવામાં બીનકુદરતી અડચણ નથી વિરલ મનુષ્યો અથાગ ઉદ્યમથી તે પ્રાપ્ત કરી શકે છે જૈન દર્શન જે આત્માની ચોક્કસ પરિસ્થિતિને "અંતરાત્મત્વ" કહે છે તે પ્રાપ્ત કરનાર પૂર્વોક્ત પરિસ્થિતિને યથાર્થ જાણી તદનુસાર વર્તી શકે છે

ક્ષણે ક્ષણે યન્નવતામુપૈતિ તદેવ રૂપં રમણીયતાયાઃ—
એ સૂત્ર પૂર્વોક્ત અનુભવથી દૃઢ થયેલા આત્માને માટે નિરુપયોગી નિવડે છે કેમકે તેને મન વિચિત્રતા જેવું કશું રહેતું નથી પ્રવૃત્તિની કાર્ય કારણની સંકલના જાણેલી હોય છે "ઈશ્વર" જેવી અમુક વ્યક્તિ જ પોતાનું ધાર્યું પ્રાપ્ત કરાવી શકે અથવા ફેરવાવી શકે એ હકીકતને સતત પોતાના માનસિક વિચારોની બહાર મૂકેલી હોય છે

સ્થૂળ ભૂમિકા અને સૂક્ષ્મ ભૂમિકા ઉપર સંચય થતાં શારીરિક અને માનસિક બનાવો આ રીતે પ્રાકૃત દૃષ્ટિએ અનેક પ્રકારની નવીનતા રજૂ કરે છે તેને કાળ સ્વભાવાદિ સામગ્રીઓ સહાય કરે છે પરંતુ એ બનાવોનો નિયામક આત્મા જ્યારે અનુભવની પરંપરાથી બળવાન બને છે તેમજ શાસ્ત્ર અને સત્સમાગમના પરિચય રૂપ ટાંકણાથી ઘડાઈ ગયેલો હોય છે ત્યારે વિચિત્ર ઘટનાને સ્વાભાવિક ઘટના ગણી શકે છે.

આ. પ્ર. વિ. સં. ૧૯૭૫

૮ કાળ અને આત્માનુ બળાબળ

આધુનિક વિજ્ઞાનશાસ્ત્ર જેને પાશ્ચાત્ય લોકો બુદ્ધિવાદની પરમાણુ કહે છે તેના અને જૈન દર્શનના પરમાણુવાદ (Materialism) ના સિદ્ધાંતો લગભગ એક જ દૃષ્ટિબિંદુ (Point of view) માં સમાય છે, એમ કહેવુ જરા પણ અતિશયોક્તિ ભરેલુ નથી વિજ્ઞાને એમ સાબિત કરી આપેલુ છે કે જ્યા હાલમા મોટા પહાડો દૃશ્યમાન થાય છે ત્યા એક વખતે સમુદ્ર ગભીર ગર્જના કરી રહ્યો હતો તેમજ જ્યા હાલમા મહાસાગર વિદ્યમાન છે ત્યાં એક વખતે પર્વતો ઉભા હતા અગ્નિ પાણી વડે સમાઈ જાય અથવા પાણી અગ્નિને બૂઝાવી નાંખે છતા વિજ્ઞાને સિદ્ધ કરેલુ છે કે પાણી અને અગ્નિના એક પણ કારણુ પરમાણુનો વિનાશ થયેલો નથી સમુદ્ર અને પર્વત તેનુ રૂપાતર થવા છતા તેનાં કારણો-પરમાણુઓ કાયમ રહેલા છે ફૂલો ખરી પડે ફળો પાકી જાય અસખ્ય વૃક્ષો દાવાનળથી ભસ્મ થઈ જાય અને અમૂલ્ય હીરાઓના કોલસા થઈ જાય તો પણ વિજ્ઞાન ફૂલ ફળ ઝાડ અથવા હીરાઓનું રૂપાતર થયું છે તેમજ કહે છે કારણ કે જે પરમાણુઓ ફૂલ, ફળ ઝાડ અથવા હીરાઓનાં ઔદારિક દેહમા ગુથાઈ સૌંદર્યરૂપે ખીલી નીકળ્યા હતા તેમાના એક પણ પરમાણુનો નાશ નથી થતો માત્ર આકૃતિઓ વિવિધ રૂપે બદલાતી રહે છે ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્યયુક્ત સત્—એ સિદ્ધાંતથી રચાયેલુ જૈન દર્શન પણ પ્રત્યેક પદે એ જ હકીકન પ્રકાશમાં મૂકે છે અને તેથી જ જગત અને પદાર્થોને જૈન દર્શન અનાદિસિદ્ધ માને છે

આ અનાદિપણુ પરમાણુથી માંડીને મહાસ્કંધો પર્યંત મુખ્યત્વે કરીને પાચ સમવાય-કાળ, સ્વભાવ નિયતિ ઉદ્યમ અને કર્મ-ઉપર

સ્વાયત્ત છે પદાર્થોનું સઘન વિઘન કાળના નિયમને અનુસાર-પર્યાયોના ફેરફાર અનુસાર થયા કરે છે કાળના પરિવર્તન વડે અનેક ફેરફારો થવા છતા પદાર્થોનુ મૂળ સ્વરૂપ કાયમ રહે છે જેમ કાળની અસર જડ વસ્તુઓ ઉપર થાય છે તેમજ ચેતન્ય-આત્મા ઉપર પણ તે તેવી જ અસરો પ્રગટાવે છે પરંતુ જડ અને ચૈતન્યની કોટિઓ જુદા જુદા સ્વભાવવાળી હોવાથી આત્મા ઉપર જ્યારે કાળની અસર પોતાનું કાર્ય બજાવે છે ત્યારે તે આત્માની સમતા તે કાળની સામે પોતાના સામર્થ્યનુ વાતાવરણ ઉત્પન કરી શકે છે

મનુષ્યપ્રાણીના સબધમા તેમજ તેથી નીચી કોટિના આત્માઓના સબધમા કાળથી પ્રત્યેક ક્ષણે આયુષ્ય ઘટવા છતા-એક શરીરમાંથી અન્ય શરીરમાં પ્રવેશ થવારૂપ-રૂપાંતર પામવારૂપ-આયુષ્યનો ક્ષય થતા કાળનુ સામર્થ્ય વ્યક્ત સ્વરૂપમા દૃષ્ટિગોચર થાય છે આ જગતમાં મુખ્યત્વે કરીને દરેક મનુષ્યના હૃદયમાં હર્ષ અને શોકરૂપ બે પરસ્પર વિરોધી દ્વંદ્વો પ્રગટ અથવા અપ્રકટપણે રહેલા છે આ બંને દ્વંદ્વોની ઉત્પત્તિનુ સ્થાન જન્મગૃહ અને સ્મશાનના દૃશ્યોથી સમજી શકાય છે જે કાળે જન્મગૃહ તરફ મનુષ્યોની નજર જાય છે, તે કાળે આનંદમા તેઓ ઉન્મત્ત બની જાય છે, પરંતુ સ્મશાન ભણી જેમની નજર પહોંચેલી છે અને સ્મશાનને જેઓ છેવટનુ સ્થાન માને છે તેઓ મૃત્યુના સબધમા ઉપેક્ષા રાખવાનુ કેમ પસદ કરે? આ સસારમા એવો કોઈ પણ પ્રાણી નથી જે અહીથી જવુ નજ પડ્યું હોય! આખા જીવનમા ખાવુ પીવુ અને એશઆરામ સિવાય બીજુ કાંઇ પણ નહી કરનારાઓ અનેક પ્રકારની ધમધમ અને ભાંજગડ કરનારાઓ તેમજ પારમાર્થિક જીવન ગાળનારાઓ-સર્વેની છેવટની શય્યા સ્મશાન જ છે

ત્યારે આ સ્મશાનની પેલી પાર કોઈ આધ્યાત્મિક વિચારણા

રહેલી છે? જો બીજી કોઈ વિચારણા ન રહેતી હોય તો પાશ્ચાત્ય જડવાદથી જૈનદર્શન અધ્યાત્મવાદમાં જુદું ન જ પડી શકે અને જડવાદનો જ વાવટો વિજયવંત થાય! પરંતુ પુનર્જન્મ છે, આત્માને કૃતકર્મનું અવશ્ય ફળ ભોગવવું પડે તેમ છે સદાચાર અને દુરાચાર વડે મુક્તિ અને નરકના અધિકારી થવાય છે—વિગેરે ગૂઢ આધ્યાત્મિક તત્ત્વો જ્યારે મનુષ્ય સમજવા લાગે છે ત્યારે જો મૃત્યુ કે જે કાળનું વ્યક્ત સ્વરૂપ છે તેથી હાયવિલાપ નહિ કરતા, તે તેના અંતર સત્યની તપાસ કરવા લલચાય છે અને તે સત્ય સમજાવવાની ખાતર જ્ઞાની પુરુષોએ સત્શાસ્ત્રો રચેલા છે

કાળની અમર જડ અને આધ્યાત્મિક બંને તત્વો ઉપર વ્યાપક હોય છે કેમકે કાળધર્મ હમેશા નવું જુનું કરવાનો હોય છે પરંતુ દુર્જન અને સજ્જન બંનેનો હિસાબ સગૃહી રાખવાનો તેનો સ્વભાવ છે અને આ બંનેના ઇતિહાસથી મનુષ્યપ્રાણીઓને હેયોપાદેયતાનો વિવેક પ્રગટ થાય છે સજ્જનોના વર્તનની શુભ અસર જ્યારે કાળનો ઇતિહાસ નોંધી રાખે છે ત્યારે મનુષ્યોને તે સુંદર લાગે કાળ અને આત્માનું બળાબળ સમજવાનું પ્રાપ્ત થાય છે પરમાત્મા મહાવીરનું નામ લગભગ ચોવીશ સૈકાઓ વીતવા છતાં અમર રહી ઉત્સાહી મનુષ્યોને સ્વાર્થત્યાગ અને સુખદુખના સંયમનનું કેવું અપૂર્વ શિક્ષણ આપી રહ્યું છે! કાળ ઉપર સ્વામિત્વ મેળવી અમર થવા ઇચ્છનાર એ મહાત્માની ઓળખાણ થવા માટે કેવા ઉન્નતહૃદયની જરૂર છે! જેમની દેશનામાં મૃગ અને સિંહાદિ પરસ્પર જન્મ વિરોધી પ્રાણીઓ ચિત્રની મૂર્તિની જેવા સહયોગી બની તેમનું વાક્યામૃત ઝીલવા બેઠા હશે તે વખતે તે કાળના મનુષ્યોને તેમની અપૂર્વ સમતાનું ભાન કેવું થયું હશે! આપણે તેની કલ્પના કરી શકીએ તેમ નથી તે વખતનો કાળ જ તે તે મનુષ્યોના મન ઉપર અસર કરી શકે છે

તેથી જગતના પ્રાણીપદાર્થોની વ્યવસ્થા સમજવાને માટે કાળની કલ્પના થયેલી છે. ધર્માસ્તિકાયાદિ દ્રવ્યનું જેમ અસ્તિત્વ પ્રતીત થાય છે તેમ વસ્તુરૂપે અણુ અથવા સ્કંધરૂપે કાળ વિદ્યમાન નથી, પરંતુ તેની સત્તા સર્વ પ્રાણીપદાર્થોમાં વ્યાપક રૂપે છે.

નિર્બળ આત્માઓ—જેમને કાળની કશી કિંમત નથી છતાં કાળ તો પોતાનું સામર્થ્ય તેમના ઉપર ચલાવતો જ હોય છે—આલસ્યમાં અથવા ભોગતૃષ્ણાને જીવન પર્યંત વશ કરવામાં પોતાનું જીવન સમાપ્ત કરી દે છે. અમૂલ્ય માનવજન્મની—અવિતથના વડે પ્રાપ્ત કરાવેલ મનુષ્યપણાની—કિંમત તેમને હોતી નથી. તેઓ નિરંતર ડિંમ વાળીને કાળનો જ દોષ કાઢતા હોય છે. "ભાઈ! શું કરીએ? હજી વખત આવ્યો નથી"—આવા આવા અર્થસૂચક શબ્દો હંમેશા તેમના મુખમાંથી નીકળતા હોય છે.

"સમય સમય બળવાન હૈ નહિ પુરુષ બળવાન"—એ વાક્ય કાળની મહત્તા દર્શાવનાર છે. એક ગર્ભશ્રીમંત મનુષ્યને એકદમ પૂર્વકર્મ યોગે નિર્ધન થતો જોઈને આવું વાક્ય ઉચ્ચારાય છે, પરંતુ વસ્તુતઃ તેની રૂપાંતર પામેલી પરિસ્થિતિ પૂર્વકૃત કર્મ અને તદનુસાર થયેલી તેની બુદ્ધિને આભારી છે.

વિવેકશક્તિસંપન્ન સબળ આત્માઓ કાળ ઉપર દોષારોપ મૂકી ઉદ્યમને તજી દેતા નથી. તેઓ આમ કરવાને ઉત્સાહી હોવાથી અમુક અંશે કાળ ઉપર પોતાના આત્માનું સામર્થ્ય ચલાવે છે એમ કહેવામાં જરા પણ ખોટું નથી. શાસ્ત્રમાં સ્થળે સ્થળે આશ્ચર્યજનક રીતે જોવામાં આવે છે કે મહાત્માઓએ બહુ કાળે ભોગવવા યોગ્ય કર્મને અલ્પ કાળભોગ્ય બનાવી દીધું. કર્મની અપવર્તનાઓ આત્માના પ્રબળ ઉત્સાહ અને વેગને આભારી હોય છે. છેવટે આયુષ્ય કર્મને

જીતી અમર થનાર મહાત્માઓએ કાળ ઉપર વિજય મેળવ્યો છે એમ કહી શકાય છે કાળનું અવ્યક્ત સ્વરૂપ સિદ્ધના જીવો સાથેનો સંબંધ પણ મુળ શકતુ નથી અને તે જડચેતનના જેના પર્યાયોના હીસાબે—અપેક્ષાએ-સબધ ગણાય છે તેથી જ સમગ્ર પ્રાણી પદાર્થ સાથે સબધ ધરાવતા કાળના સ્વરૂપને દેખાડતા શ્રીમદ્ દેવચદ્રજી વદે છે કે —

દ્રવ્ય ક્ષેત્ર ને કાળ ભાવગુણ રાજનીતિ એ ચારજી
ત્રાસ વિના જડ ચેતન પ્રભુની કોઈ ન લોપે કારજી

અર્થાત્ – કાળના નિયમને સર્વ પ્રાણીપદાર્થોને આધીન રહેવુ પડે છે કાળ દ્રવ્યની સત્તા ભૂત ભવિષ્ય અને વર્તમાનમા છુપા યેલી છે કાર્યકારણના નિયમને આધીન રહેતા જગતની પ્રત્યેક ગણત્રી કાળથી જ મપાય છે

કાળના નિયમને અનુસરીને વિચાર અને કર્તવ્યના સ્વરૂપમા અનેક ફેરફાર થતા જાય છે કેટલાક જૂના વિચારોનુ સ્થાન નવા વિચારો લે છે આવી સ્થિતિમા જમાનાને ઉપયોગી જીવનવિભાસમા જરૂરી સહાય થાય અને પૂર્વકાળનુ લક્ષ્યસ્થાન એમને એમ રાખી યોગ્ય પ્રતિબિબ ઝીલે—એવુ વિચારવાતાવરણ ઉત્પન્ન કરવાની ખાસ જરૂર છે પૂર્વકાળના દૃષ્ટિબિંદુને હાનિ ન પહોચવી જોઈએ-એ હકીકત લક્ષમા રાખીને પણ આચરનારા બાહ્ય સ્વરૂપો જે કાર્યક્રમ રૂપાંતર પામ્યો જાય છે—તેને અનુકૂળ શુદ્ધ સ્વરૂપમા મુકવાની આવશ્યકતા આવી પહોચી છે-એ પ્રત્યેક અનુભવી મનુષ્ય સમજી શકે તેમ છે નહિ તો પૂર્વ અને પશ્ચિમના બુદ્ધિ અને હૃદયના આન્તર (Subjective) અને બાહ્ય (Objective) સ્વરૂપોના સંઘર્ષણથી કાળક્રમે કઈ કઈ નવીન બજો કાર્ય કરશે-તે ભવિષ્યકાળને સોપવુ પડશે

આ પ્ર વિ સ ૧૯૭૫

९ जीवन अने मृत्यु

ખાસ કરીને આ વિલાસપ્રિય જમાનામા પ્રવૃત્તિની એટલી બધી પરંપરાઓ વધી પડી છે કે ત્યા આદર્શ જીવન કેવુ હોવુ જોઈએ, તત્સંબંધી વિચાર કરવાનો પણ અવકાશ રહેતો નથી આપણે પોતેજ એ વિચારના પ્રતિબંધક સયોગો ઊભા કરેલા છે અને એ સયોગોને આપણી નિર્બળ માનસિક સ્થિતિઓ આધીન થતા સત્ય સ્વરૂપ તપાસવાની દરકાર નહી હોવાથી જીવનનુ અમૂલ્ય રહસ્ય પામવાનુ સદ્‌ભાગ્ય પ્રાપ્ત થતુ નથી જીવનનુ રહસ્ય વિચારવાને માટે આપણે આત્માને તેની નિર્બળતા અને ઉપાધિઓથી થોડો વખત મુક્ત કરી એને અનેક દૃષ્ટિબિંદુઓથી તપાસવો જોઈએ આ ક્રિયાવડે માનવ જન્મનુ અમૂલ્ય તત્ત્વ પ્રકટ થતા આત્મામા એવી અનિવાર્ય જાગૃતિ પ્રકટ થાય છે કે જે દ્વારા તે નિરંતર ઉચ્ચ—ઉચ્ચતર દૃષ્ટિબિંદુઓનું લક્ષ્ય કરી પ્રગતિ કરતો જાય છે અને સ્વહિત અને પરહિતનુ પારમાર્થિક તત્ત્વ સમજતા તે કૃતકૃત્ય થાય છે

આજે જે વિષય સબંધી અત્ર વિચારવા ઈષ્ટ ગણ્યું છે તે એવો સબળ વિષય છે કે જેમા ભૂત ભવિષ્ય અને વર્તમાનની સર્વે ભાવના એોનુ સપૂર્ણ રીતે સક્રમણ થઈ શકે તેમ છે શ્રીમદ્ વીરપરમાત્માએ ગણાધિપ ગૌતમને उप्पन्नेइ वा विगमइ वा–धुवेइ वा–એ ત્રણ શબ્દોથી જગતના વાસ્તવિક સ્વરૂપનો બોધ આપ્યો તે શી રીતે ? તેમા જગતનું સર્વ સ્વરૂપ સમાઈ જાય છે ઉપજવુ અને વિનાશ પામવો એ પ્રત્યેક પ્રાણી પદાર્થને માટે નિશ્ચિત છે અન્યરથગે જડ વસ્તુઓના પ્રસગમા ઉત્પત્તિ અને લય એ શબ્દો વપરાય છે વસ્તુત જીવન એ ઉત્પત્તિ છે અને મૃત્યુ એ વિનાશ છે વસ્તુસ્થિતિ આમ હોઈ આ વિષય પરત્વે યથા

શક્તિશાળી વિચારીએ અને એ દ્વારા આત્મજાગૃતિનો પ્રસંગ પ્રાપ્ત થાય તો એના જેવું જગતમાં બીજું કયું સુભાગ્ય છે?

પ્રત્યક્ષપણે આ પૃથ્વી ઉપર બે દૃશ્યો છે એક તો સૂતિકાગૃહ અને બીજું સ્મશાન જોકે કુદરતની લીલાઓમાં હિમાલયાદિ પર્વતો ગંગા વગેરે નદીઓનું સમુદ્ર સાથે સંગમસ્થાન આંબા વિગેરે વૃક્ષોની મંજરીઓ તેમજ પુષ્પરચનાઓ ગણતરી વગરની છે તેમજ મનુષ્યના બનાવેલા કેટલાક ભાગના કૃત્રિમ નમુનાઓ જેમકે વિમાનો તાજમહેલો કિલ્લાઓ મોટરકારો તારયંત્રો વિગેરે પણ દર્શનીય સ્થાનો છે પરંતુ આ બે દૃશ્યો સર્વ સ્થાનોનું કેન્દ્ર છે પાણીમાં જેમ પરપોટાઓ ઉત્પન્ન થાય છે અને તે વળી પાછી તેમાંજ સમાઈ જાય છે તેમ આ પૃથ્વીના વિશાળ ક્ષેત્રમાં સૂતિકા અને સ્મશાનરૂપ-સ્થાનોમાં ક્ષણે ક્ષણે અને ઘડી મુહૂર્તે કેટલા પ્રાણીઓનો ઉદય અને અસ્ત થયા કરે છે? જે પૂર્વે હતું તે ચાલ્યું જાય છે અને જેની ગણના સ્વપ્નમાં પણ ન હોય, તે આપણી સમક્ષ આવી આપણા હૃદય ઉપર સ્થાન લે છે

જન્મ-મૃત્યુ-ઉત્પત્તિ-લયનો આ પ્રમાણે ગતિ આગતિથી સંકલાયનો વિષય આપણને બે ગંભીર પ્રશ્નો ઉદ્ભવાવે છે એક તો એ જેઓ આ જગતમાં અસ્તિત્વમાં આવ્યા અને જેમણે અનેક પ્રાણીઓના સમાગમમાં આવી પૃથ્વી ઉપર પોતાનું જીવન ચિરકાળ પર્યંત અંકિત કર્યું, તેઓમાં ખરું જીવન કોનું હતું? અને બીજું મૃત્યુ પછીની તેમની સ્થિતિ કેવી હોઈ શકે? આ બે પ્રશ્નોમાં જીવન અને મૃત્યુના વિષય પરત્વેની આપણી ભાવના સંકલિત થયેલી છે

જનસમાજમાં સાક્ષર તરીકે પ્રસિદ્ધ થયેલા પ્રોફેસર મણિલાલ નભુભાઈ કહે છે કે પુરુષાર્થહીન જીવન મૃત્યુ કરતાં પણ અધિક દુઃખકારક છે —આ ઉપરથી એમ ફલિત થાય છે કે એક મનુષ્ય

મનુષ્ય જીંદગીને અંતે તેને મળેલી પંચેંદ્રિયની સંપૂર્ણતાથી જ એ મનુષ્ય તરીકે ગણાવવા લાયક નથી, પરંતુ બુદ્ધિના વિકાસ પ્રમાણે યોગ્યતા અનુસાર વિવેક કરી જેઓ આ જગતમાં પોતાના વર્તનને સુંદર અને સ્વાર્થત્યાગની ભાવનાવાળું બનાવે છે—તેમનું જીવન એજ ખરેખરું જીવન છે.

મનુષ્ય સૂતિકા ગૃહનો આનંદ કોલાહળ સાંભળી અધીર અને ઉન્મત્ત બની જાય છે અને તેથી જન્મ મૃત્યુના તત્ત્વો વિષે વિચાર કરવાનો અવકાશ ન મળે એ સ્વભાવિક છે તેમજ જેઓનો જીવનપ્રવાહ યુવાનીમાં નદીના નવાપુરની માફક ખળખળ કરતો વહી જતો હોય છે, એવા પુરુષો પણ જીવનના ઉપરોક્ત ઉદ્દેશની પરવા ન રાખે એ પણ બનવા જોગ છે. પરંતુ શિયાળો, ઉનાળો અને ચોમાસું—બાળ, યુવાન વૃદ્ધાવસ્થા તેમજ મનના અનેક પ્રકારના સ્થિતિભંગો તરફ નજર કરતાં સ્મશાનના ભીષણ દેખાવને પણ ધ્યાનમાં લેવો, જેઓ સ્મશાનને છેવટનું સ્થાન માને છે, તેઓ મૃત્યુના સંબંધમાં ઉદાસીનતા બતાવવાનું પસંદ કરેજ નહિ.

गृहीत इव केशेषु मृत्युना धर्ममाचरेत्

—એ વાક્યનો યથાર્થ નિર્દેશ કરનારનું લક્ષ્યબિંદુ જ એવા પ્રાણીઓના છેવટના સ્થાન ઉપર ટકી રહે છે અને એ લક્ષ્ય બિંદુ તેનામાં નવીન ભાવના ઉત્પન્ન કરાવી પુરુષાર્થ પ્રેમી-સ્વધર્મ પરિપાલનામાં નિરંતર જાગૃતિ ઉત્પન્ન કરે છે.

જન્મ ધરી જેમણે ખાવું, પીવું અને એશઆરામ ભોગવવો એવો નિર્ણય કરી લીધો હોય તેમને મનુષ્યના સુખદુઃખમાં ભાગ લઈ માનવ જન્મને સાર્થક કર્યો છે તેમને, મયૂર સિંહાસન ઉપર બેસનારા કોમળ

સમુદ્ર હતો, તે સ્થાને પર્વત થઈ ગયો છે સ્થૂલ દૃષ્ટિથી એમ કહેવાય કે પહાડ અને સમુદ્રનો ધ્વંસ થઈ ગયો છે પરંતુ વિજ્ઞાન કહે છે કે પહાડ અને સમુદ્રના જે અણુઓ હતા તે અનેક પરિવર્તનો છતાં કાયમ છે મતલબ જે જે આપણે નાશ પામેલું માનીએ છીએ, તેનું એક પણ અણુ વિનષ્ટ થતું નથી

ત્યારે શું પ્રત્યેક મનુષ્ય સ્મશાનની સ્થિતિ પ્રાપ્ત થયા પછી વિનાશી છે? વિજ્ઞાન આ પ્રશ્નનો ઉત્તર નકારમાં આપે છે, કેમકે જો કે મનુષ્ય તરીકેનું અસ્તિત્વ જગત ઉપર મોજુદ નથી રહ્યું પણ જે ગુણોનો આવિર્ભાવ જગતની દૃષ્ટિએ સન્મુખ પડ્યો છે તે ગુણોને અંગે તે મનુષ્યનો વિનાશ નથી કિંતુ અસ્તિત્વ છે કાવ્યમાં, સાહિત્યમાં શિલ્પમાં, સંગીતમાં દાનમાં, શીલમાં તપમાં કે ભાવનામાં અનુરક્ત થયેલો મનુષ્ય તે તે પરિસ્થિતિઓને સિદ્ધ કરી એવી અપૂર્વ કળા પ્રકટાવે છે જે અનેક જમાનાઓ સુધી મનુષ્યહૃદયને હચમચાવે છે અને નવજીવન પ્રકટાવે છે

શ્રીમદ્ આનંદઘનજી અને સિદ્ધર્ષિગણિની પદ્ય ગદ્ય રચનાઓ શું આ દૃષ્ટિમાં તેઓ જીવતા છે એવું ભાન આપતા નથી? મહાત્મા વીરપ્રભુનો અચળ સંદેશો શ્રવણ કરતા પહેલાં આપણે ચોવીશસો વર્ષ પહેલાના પડદાને ઉંચકવો જોઈએ અને તેઓ આપણી સમક્ષ હોય તેમ ભક્તિભાવથી પ્રણતિ પરંપરા કરવી જોઈએ

નિરપરાધી પશુઓનો ઉદ્ધાર કરનાર અને નિર્વિકારી બાલબ્રહ્મચારી નેમિનાથજી અત્યાર સુધીના યુગો વીતવા છતાં મનુષ્યોના હૃદયમંદિરમાં બિરાજે છે સુદર્શન શેઠ, જંબુકુમાર અને મેઘકુમારાદિ અનેક પુરુષો સાથે આપણો આત્મા વિનિમય કરવા ઇચ્છે છે તેનું કારણ તેમના જુદી જુદી દિશામાં પ્રકટેલા ગુણોને જ આભારી છે આ અવસર્પિણીમાં અનેક મહાસત્ત્વો જન્મ અને મૃત્યુની ચીલાવાળી

પદનિને પ્રાપ્ત કરી ગયા હતા જીવનને જાગૃતિ અર્પનાર જે ગુણો વડે આ ભૂમિને ઉજ્જ્વળ કરી ગયા છે અને જેમણે પોતાના વ્યક્તિમય જીવનને સમષ્ટિમય બનાવ્યું છે, તેઓ અત્યારે ભલે આપણી મધ્યમા મોજુદ ન હોય તો પણ અંતઃકરણમાં તેઓ ઉપસ્થિત છે ખરી પરમાર્થવિદ્યાનુ (Theology) રહસ્ય એ છે કે મૃત્યુ તેમને સ્પર્શ કરી શક્યું નથી ગુણોવડે તેઓ જીવંત છે માત્ર મગની ચેષ્ટાને તેમનો ભૌતિક દેહ આધીન થયેલો છે હવે આપણે જીવનમાં વિવિધ પુરુષાર્થોનુ ક્યા કયા દૃષ્ટિબિંદુઓમાં સ્થાન છે તે વિચારીશું

જીવનમા પુરુષાર્થનું સ્થાન વિચારવાની સાથે જે ભૌતિક ભાવના-જડતા મનુષ્ય બંધારણમા મૂળ ઘાલીને પેઠેલો છે તે તરફ પ્રથમ દૃષ્ટિક્ષેપ કરવાની જરૂર છે એ તો ચોક્કસ સિદ્ધ છે અને શાસ્ત્ર પણ પુનઃ પુનઃ એજ નિવેદન કરે છે કે જીવ-જડનો વિવેક સમજ્યા વગરની જ આ મળે આપણા આત્માની સ્થિતિનુ નિયમન હોઈ, આપણી ભાવના જડતાના રંગથી ઓતપ્રોત છે ચાની આવની પૂર્વ જન્મની વાસનાઓ તેમજ જે વાસનાઓ આ જન્મમા દૂર થવા યોગ્ય છે અને જે સહજ યત્નથી દૂર કરી શકીએ તેવા વિકાસવાળી સ્થિતિમા છીએ-એ વાસનાઓ આવીને એવા સંયોગોમા વસવા દીધી છે કે તે વાસનાઓ દૂર કરવાને બદલે આપણે તેમને પોષણ આપતા આવ્યા છીએ પણ જે ભૌતિક ભાવના આત્મા ઉપર અવિરતપણે સત્તા જમાવી રહી છે તેનુ કેન્દ્રસ્થાન અંતઃકરણ વગર જાણી શકાય તેવું નથી

પુરુષાર્થમય જીવનવાળી વ્યક્તિઓના વૃત્તાંતથી ભરપૂર ઈતિહાસ જનસમાજને કહે છે કે તું ભલે આ જગતમાથી ચાલ્યો જઈશ પરંતુ હું તને ભૂલી જઈશ નહિ જ્યારે ઈતિહાસનો આ મધુર સ્વર વિકાસ પામેલા મનુષ્યના હૃદયમા નવજીવન પ્રેરે છે, ત્યારે મનુષ્ય જડ ઘાની બેઠેલી જડતા ની ભાવનામાથી દૂર થાય છે અને સમજી શકે

છે કે જગત્ મને ભૂલી જશે પરંતુ મારા પુરુષાર્થમય જીવનને અમર ઇતિહાસના પૃષ્ઠો તો સાચવી રાખશે પરંતુ આ ઉપરથી એ સિદ્ધ થતું નથી કે એ મનુષ્ય ભવિષ્યના ઇતિહાસો માટે અથવા અમર યાદગીરીની ખાતર સ્વકર્તવ્ય સિદ્ધ કરવા પ્રેરાય છે મતલબ કે તેને પોતાને તે પરિસ્થિતિ સાથે કાંઈપણ લાગતું વળગતું નથી પરંતુ કાળના સ્વભાવ અનુસાર એ જીવન અને તેની ભાવના જળવાઈ રહે છે એ અહીં સત્ય સમજવાની ખાતર કુદરતનો એક વિશિષ્ટ પ્રકારનો નિયમ અંકિત કરી પુરુષાર્થમય જીવન વાસ્તવિક જીવન તરીકે દર્શાવવામાં આવેલું છે જીવનના દૃષ્ટિબિંદુઓનો વિવેક પુરઃસર નિર્ણય કરી લઈ પૃથ્વીમાં ગમે તે સ્થાને રહી મનુષ્યપણાનો ઉચ્ચ આદર્શ (Ideal) જગત્ સમક્ષ રજુ કરવો, માનુષી શક્તિનો વિકાસ કરવો અને જનસમાજની ઉન્નતિમાં પ્રતિપળ હાજર રહેવું—એ પુરુષાર્થની ઉત્તમ ભાવનાનું અને તેને નીભાવવાનું રહસ્ય છે

ધર્મ અર્થ કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થો નીતિશાસ્ત્રકારે આપણી સમક્ષ ચોક્કસ પ્રકારના નિર્ણય પછી રજુ કરેલા છે પરંતુ એ પુરુષાર્થો વિવેકદૃષ્ટિ (analytical eye) માં જેટલે અંગે સમાય તેટલે અંગે ચરિતાર્થવાળા છે દૃષ્ટાંત તરીકે અર્થનું ઉપાર્જન હિંસા અને અસત્યના કાર્યોને જન્મ આપતું હોય, ધર્મને નામે જીવનકલહો ઉત્પન્ન થવાની સાથે સમાજ ભાવના છિન્નભિન્ન થતી હોય, વિષય સેવન મર્યાદાને ઉલ્લંઘી મનુષ્ય જીવનને મૃત્યુની છાયાથી છાઈ દેતું હોય—તો નીતિશાસ્ત્રકાર એ સ્થિતિમાં પુરુષાર્થ કદી કહેતા નથી આ ઉપરથી એ સિદ્ધ થાય છે કે જીવનનું પ્રત્યેક કૃત્ય નીતિ અથવા ધર્મની પુષ્ટિ કરનારું હોય તોજ પુરુષાર્થ નામને સુઘટિત છે

મનુષ્યોનો મોટો વિભાગ પ્રાપ્ત થયેલા દશ પ્રાણો તે જ જીવવાનું સાધન અને એ દશ પ્રાણોનું અસ્તિત્વ હોય ત્યાં સુધી

જ જીવન અને તેની સમાપ્તિમા જ જીવનની સમાપ્તિ માને છે અને એ સ્થૂલદૃષ્ટિએ એમને માટે યોગ્ય છે, પરતુ બુદ્ધિના પ્રદેશ ઉપર વિહરવાથી—એ દશ પ્રાણોમા જીવનની માન્યતા માત્ર આરોપિત માન્યતા જણાશે—એમ શાસ્ત્રના અભ્યાસના સૂક્ષ્મ અવલોકનથી સિદ્ધ થવુ જોઈ એ

જીવનના પ્રત્યેક વિભાગમા ઇદ્રિય અને મન—જે વડે જીવનની હયાતી અત્યાર સુધી માનેલી છે તે ઇદ્રિયો અને મન આત્માને શુભાશુભ ફળની પ્રાપ્તિ માટેના સાધનો માત્ર છે શરીરશક્તિ જગત્મા રહેલા સ્વયોગ્ય પદાર્થોના સ્પર્શદ્વારા અનુભવ કર્યે જાય છે, જીહ્વા સ્વાદથી વસ્તુઓમા સુખદુખની ભાવના સ્થાપે છે, નાસિકા ગંધદ્વારા સ્વશક્તિની મર્યાદા સિદ્ધ કર્યે જાય છે આખ નિરીક્ષ્ય વસ્તુઓને સમીપ રાખી હર્ષ શોકમા તલ્લીન બનાવે છે, અને મન પણ પ્રત્યેક પળે કાઈ ને કાઈ ચિંતનમા મગ્ન થયેલુ હોય છે આ રીતે નિરકુશપણે આત્મા એ સાધનોને કામે લગાડતો હોવાથી, જો કે તે શક્તિ વિશેષ હોવાથી—સ્થૂલદૃષ્ટિએ કેટલાક પુરુષાર્થ માની લીએ છે પરતુ એ ભાવનાની પાર જઈ વિચારવાની આવશ્યકતા છે કે પુરુષાર્થ હમેશા વિવેકદૃષ્ટિના વર્તુળમા જ રહે છે પૂર્વોક્ત ઇદ્રિયો અને મનની પરિસ્થિતિઓ ચોક્કસ આકારમા મર્યાદામાં સુશ્લિષ્ટ થાય અને એવી પરિસ્થિતિમા નાનામા નાના પુરુષાર્થને જન્મ આપે તો પણ—એ પુરુષાર્થમય જીવન વાસ્તવિક જીવન ગણાવા યોગ્ય છે

અમુક મંતવ્ય તરફ જવાના ઉદ્દેશ પુરતી વિવેકદૃષ્ટિ શાસ્ત્રના સૂક્ષ્મ અવલોકનદ્વારા જાણી શકાય છે અને જો તે અમુક પદ્ધતિથી શરૂ થાય તો બહુ અસરકારક અને ફળપ્રદ નીવડે છે કેટલાએક મનુષ્યો વિજ્ઞાનવિદ્યાની સિદ્ધિમાં જ પુરુષાર્થ માની લે છે કેટલાએક ક્રિયાકાંડોમા જ મશગુલતાને જીવનકર્તવ્ય માની લે છે, અને અભિમાન,

મશ્કરીઓ અને એવી જ બીજી વાસનાઓને આધીન થઈ પુરુષાર્થમય જીવન માનતાં કેટલાએક કેવી ગંભીર ભૂલ કરતા હોય છે—એ આથી હવે સ્પષ્ટ થશે જેમના હૃદયની ભાવનાઓ અને કાર્યો ઈતિહાસના અમર પૃષ્ઠો ઉપર જ્યોતિર્મય અક્ષરે કોતરાઈ રહેલાં છે અને રહે છે, તેઓ જ વાસ્તવિક-પુરુષાર્થમય જીવનવાળા છે તેઓ મરી જવા છતાં આ મૃત્યુલોકમાં અમર રહી જાય છે અનેક જાતની આસમાની સુલતાનીઓ આ જગત્ ઉપર ઉથલપાથલ કરે છતાં તે મહાત્માઓના નામને કોઈ પણ જાતનો ફેરફાર ભુંસી શકશે નહિ અનિત્યતાના પ્રબળ તોફાનમાં પણ એ પ્રભાવશાળી મનુષ્યો હમેશાં નવયુવક રૂપે અમર રહેશે

આ ઉપરથી આપણે જીવન બે પ્રકારના છે, એવા નિર્ણય ઉપર આવીએ છીએ પશુ જીવન અને માનવ જીવન પશુ જેવું વર્તન જ્યાં સુધી આપણું હોય છે, ત્યાં સુધીમાં આપણે મનુષ્ય છતાં પશુ જીવન ગણાવા યોગ્ય છીએ એવી જ રીતે મૃત્યુના પણ બે પ્રકારો શાસ્ત્રમાં કહ્યા છે એ આપણી દૃષ્ટિ સમીપ વિચારણાના વિષમાં આવી શકે છે અને તે બાળમૃત્યુ અને પંડિતમૃત્યુ પશુ જીવન વાળી દશ પ્રાણથી વિમુક્ત થવું—એ બાળમૃત્યુની ગણનામાં આવે છે, જ્યારે આધ્યાત્મિક પુરુષાર્થમય જીવનવાળાનો બાહ્ય પ્રાણોનો ત્યાગ એ પંડિત મૃત્યુની કોટીમાં આવે છે

આવી સ્થિતિમાં જીવન-મૃત્યુની ભાવના સિદ્ધ કરી, પુખ્ત વિચાર કરી જીવનના દૃષ્ટિબિંદુઓની ગ્રંથિઓ જુદા જુદા અનુભવથી આપણે ઉકેલવાની છે અને એ ઉકેલવા ઉપર આપણા બાળ અને પંડિત મૃત્યુનો આધાર રહેલો છે વિશ્વધર્મની સાથે આપણી ઈચ્છા જ્યારે મેળ ખાય ત્યારે જ આપણે ખરેખરા પુરુષાર્થ પ્રેમી બની શકીએ વિવિધ પ્રકારના પૂર્વ પરિચિત આસક્તિઓના બળથી આપણી પ્રકૃતિ

જડભરત પથ્થર જેવી કઠોર થઈ ગઈ છે એ પાષાણ ફાટવાને માટે આપણા મનોબળને તીવ્ર કરવું જોઈએ એ ફાટવાની સાથે જીવનનું સર્વવ્યાપી આમાશ પ્રગટ થશે અને સત્ય સ્વરૂપ દેખાતાં પુરુષાર્થમય જીવનની કિંમત સમજાશે મૃત્યુનો ભય પણ લગાર રહેશે નહિ તે વખતે મૃત્યુને આપણો 'સત્કાર કરવા લાયક અતિથિ' ગણશું પણ તે ક્યારે ? સ્વાર્થ ભોગની ભાવનાથી પુરુષાર્થમય જીવન વ્યતીત કર્યું હશે અને એ ભાવનાનું સતત પોષણ કરી જીવનમાં તે ઓતપ્રોત થઈ હશે ત્યારેજ સમજાશે કે પ્રાણ વિયોગે મૃત્યુ છતાં અમરપણું છે એક વિદ્વાન કહે છે કે —

"Aim of Civilization is to tame the beast in man" 'ઉન્નતિક્રમનું લક્ષ્યબિંદુ પશુજીવનને માનવજીવનમાં કેળવવાનું છે'

આ પ્ર વિ સ ૧૯૭૩

૧૦ સાધનો અને આદર્શ

આપણી આર્યભાવનાનું લક્ષ્ય કેવળ આ લોક કે આ જીવનને ઉદ્દેશીને રચાયું નથી આપણું જીવન પરમાર્થના પાયા ઉપર ચણાયલું છે તેથી માત્ર આ જીવનના ક્ષણિક અને શરૂઆતમાં રમણીય લાગતા સુખને આર્યભાવના અકિંચિત્કર માને છે ભૂત ભવિષ્ય અને વર્તમાનમાં આત્મા એ અવિનાશી અને શાશ્વત તત્ત્વ છે તેથી કોઈ પણ પ્રબુદ્ધ આત્મા ભાવિમાં પ્રાપ્ત થતા શ્રેય કરતાં વર્તમાન સુખ ઉપર વધારે ભાર મુકતો નથી કેમકે આત્માના અનાદિ કાળના જીવનના મુકાબને વર્તમાન જીવન એ સકરાના રજને મુકાબને રેતીના એક

કણની માફક કઈજ ગણતીમા નથી, તેમાં પણ જ્યારે આ ક્ષણસ્થાયી વર્તમાન જીવન ભાવિની શુભાશુભતાના નિર્ણયરાણુ હોય ત્યારે તે વર્તમાનને ભાવિના શુભ માટે છેગ્જ જતુ કરવામાં મનુષ્યો સકોચ પામતા નથી

પરન્તુ જૈન દર્શનના તત્ત્વજ્ઞાન અનુસાર આ એકજ દષ્ટિબિંદુને વિચાર સુઘટિત નથી ભાવિના શુભના વિચારની સાથે એ વિચાર મેળવવાની જરૂર છે કે જે જીવન રેતીના કણની માફક અલ્પસ્થાયી છે તે જીવનને જો વર્તમાન કાળને ઉપયોગી કરી નાખવામાં આવે તો ભાવિ કલ્યાણમા મદરૂપ થઈ પડે આપણો શુદ્ધ વ્યવહાર, આપણા આચારો આપણાં સદ્વર્તન-વિનય, વિવેક, મૃદુતા નિરભિમાનતા વિગેરેને તિલાંજલી આપી માત્ર ભાવિના શુભ માટે આપણે પ્રભુ પૂજન, સામાયિક, પ્રતિક્રમણાદિ ક્રિયાઓ કર્યે જઈએ તો જે હેતુ માટે પ્રસ્તુત સુદર ક્રિયાઓ કરીએ છીએ તે હેતુ વર્તમાન કાળના આપણા વર્તનથી વિમુખ હોવાથી, ભાવિમા કલ્યાણ સાધવાને બદલે માત્ર કરોડની કિંમત કોડીમા ખરચી નાખીએ છીએ સામાયિકાદિ ક્રિયાઓ તેનુ ફળ ભાવીમા આપે છે ખરા પણ તે અગાધ જળમા લીસોટાથી વધારે હોતુ નથી

વર્તમાન શુભ પળને જલ્દી સાર્થક કરવામાં દરેક મનુષ્યે તત્પર રહેવાની આવસ્યકતા છે વર્તમાન સ્થિતિનુ જીવન, વ્યાપારની ધમાલ, અર્થ ઉપાર્જન પાછળ લસણનોટ થવામાં અથવા ટાયલાઓમા સમાપ્ત કરી નાખવામા આવે તો ભવિષ્ય ક્યાંથી સુંદર હોઈ શકે? ક્યા સુંદર બીજે આત્મા લઈને અન્ય જન્મમા પ્રયાણ કરી શકે? મહા સાગરના અસખ્ય મોજાઓમાં એક મોજુ જગ સપાટી ઉપર ખીલનારા ઉપર આવ્યું ન આવ્યું કે તરતજ અગાધ જળમા લીન થઈ જવાનું

એટલા માટે સર્વપ્રકારના વિશુદ્ધ વ્યવહારને પરમાર્થના સાધન તરીકે લેખવા સતત ઉપદેશ શાસ્ત્રમાં અપાયેલો છે સ્ત્રી, પુત્ર દ્રવ્ય ગૃહ વિગેરે સાધનો આત્માના શાશ્વત કલ્યાણ માટે પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે ઉપયોગી ન હોય તો તેઓ આત્માના મિત્ર નહિ પરન્તુ શત્રુઓ છે જ્યારે જ્યારે શાસ્ત્રમા ઉપરોક્ત સાધનોની નિંદા કરવામા આવી છે ત્યારે ત્યારે એ હેતુ સમજવાનો હોય છે કે સાધનો પ્રતિ તેમનો તિરસ્કાર નહોતો પરન્તુ મનુષ્યની રાગી દૃષ્ટિ તે ઉત્તમ સાધનોને કેવી રીતે બંધનના કારણોમા ઉતારી નાખે છે તેને ઉદ્દેશી ને જ તેમનો ઉપદેશ હોય છે કેમકે નિર્મળ આત્માઓ સમાજમા મોટી સંખ્યામા હોય છે અને વારંવાર એ સાધનોને પોતાના જ માની લઈ રાગમા વિશેષ બંધાતાં મુશ્કેલીથી છુટી શકાય એવી જાળમાં પોતાને બાંધી લે છે અને અધઃપતન પામે છે તત્ત્વત સાધનો જડ હોવાથી તેમનામા બુરાઈ હોતી નથી ગમે તેવા સાધનોને મનુષ્યની લાલસાઓ જીવનનો અધઃપાત કરવામા ઉપયોગી બને છે તેથી ઉલટુ મનુષ્યોની વિવેકી દૃષ્ટિ જે નિમિત્તોને આશ્રવરૂપ સામાન્ય મનુષ્યો જાણે છે તે જ નિમિત્તોને સંવરની કોટિમાં ગણી પોતાના આત્માને અનુગ્રહ-ઉપયોગી બનાવે છે

મનુષ્ય પોતાના અંતઃકરણમા જેવી ભાવનાઓને ઉત્પન્ન કરે છે તેવો તેનો બાહ્ય આચાર બંધાય છે તેની પ્રત્યેક પ્રવૃત્તિ એ આન્તરભાવનાનો બાહ્ય પરિપાક માત્ર છે સર્વવિરતિપણું ગ્રહણ કરવુ અથવા ગૃહાવાસમા સુશીલ જીવન વ્યતીત કરવુ, તુચ્છ વ્યવહાર પર પરામા આયુષ્યનો વ્યય કરવો અથવા પોતાનો પિંડ સાચવી બેસી રહેવુ-એ સર્વનુ કારણ તેના હૃદયમાં મુખ્ય સ્થાન ભોગવતી કોઈ ભાવના સિવાય અન્ય હોતું નથી

પરન્તુ જ્યારે ચાર પુરુષાર્થોમાના એકાદની ભાવનાનો નિર્ણય

કણની માફક કઈજ મહત્તામાં નથી તેમ પણ જ્યારે આ ક્ષણસ્થાયી વર્તમાન જીવન ભાવિની શુભાશુભતાના નિર્ણયવાળુ હોય ત્યારે તે વર્તમાનને ભાવિના શુભ માટે છેકજ જતુ કરવામાં મનુષ્યો સ કોચ પામતા નથી

પરન્તુ જૈન દર્શનના તત્વજ્ઞાન અનુસાર આ એકજ દૃષ્ટિબિંદુનો વિચાર સુઘટિત નથી ભાવિના શુભના વિચારની સાથે એ વિચાર મેળવવાની જરૂર છે કે જે જીવન રેતીના કણની માફક અલ્પસ્થાયી છે તે જીવનને જો વર્તમાન કાળને ઉપયોગી કરી નાખવામા આવે તો ભાવિ કલ્યાણમા મદદરૂપ થઈ પડે આપણો શુદ્ધ વ્યવહાર આપણા આચારો આપણા સદ્વર્તન-વિનય, વિવેક, મૃદુતા નિરભિમાનતા વિગેરેને તિલાજલી આપી માત્ર ભાવિના શુભ માટે આપણે પ્રભુ પૂજન, સામાયિક, પ્રતિક્રમણાદિ ક્રિયાઓ કર્યે જઈએ તો જે હેતુ માટે પ્રસ્તુત સુદર ક્રિયાઓ કરીએ છીએ તે હેતુ વર્તમાન કાળના આપણા વર્તનથી વિમુખ હોવાથી, ભાવિમા કલ્યાણ સાધવાને બદલે માત્ર કરોડની કિમત કોડીમા ખરચી નાખીએ છીએ સામાયિકાદિ ક્રિયાઓ તેનુ ફળ ભાવીમા આપે છે ખરા, પણ તે અગાધ જળમા લીસોટાથી વધારે હોતુ નથી

વર્તમાન શુભ પળને જલ્દી સાર્થક કરવામા દરેક મનુષ્યે તત્પર રહેવાની આવશ્યકતા છે વર્તમાન સ્થિતિનુ જીવન, વ્યાપારની ધમાલ અર્થ ઉપાર્જન પાછળ લસણનોટ થવામાં અથવા ટાયલાઓમાં સમાપ્ત કરી નાખવામા આવે તો ભવિષ્ય ક્યાથી સુંદર હોઈ શકે? ક્યા સુ ર બીજો આત્મા લઈને અન્ય જન્મમાં પ્રયાણ કરી શકે? મહા સાગરના અસખ્ય મોજાઓમા એક મોજુ જરા સપાટી ઉપર ફીનારા ઉપર આવ્યું ન આ યુ કે તરતજ અગાધ જળમા લીન થઈ જવાનુ

પૌષધ, પ્રતિક્રમણ, જ્ઞાનપ્રાપ્તિ વિગેરે મુખ્ય છે પરન્તુ આ સાધનોમા મુક્તિનો આરોપ કરી તેની સિદ્ધિને સર્વસ્વ માની લેવાની નથી પ્રસ્તુત–નિર્મળ સાધનોદ્વારા આપણો આત્મા સામાયિકદ્વારા સમભાવમા ક્રોધાદિ અંતરંગ શત્રુઓને જીતવામા કેટલો આગળ વધતો જાય છે? પ્રતિક્રમણદ્વારા પાપથી કેટલો પાછો હટેલો છે? પૌષધદ્વારા આત્મધર્મ કેટલો પુષ્ટ થતો જાય છે? જિનપૂજાદ્વારા ભક્તિયોગમાં કેટલો રસ-તરબોળ થાય છે? તેમજ જ્ઞાનાભ્યાસથી તર્કજાળમા પડવામાં જ કે–જિનવચનો મુખપાઠ કરવામાં જ મહત્ત્વતા માને છે કે જિનાજ્ઞાનુ પાલન કરી વર્તનમા મૂકતો જાય છે? આ તમામ સાધનોદ્વારા પ્રથમ નજરના આ સાધ્યફળને તપાસી લેવાની દરરોજ જરૂર છે

કારણ કે જુદાજુદા વિચારવાળા મનુષ્યો પુરુષાર્થ સિદ્ધ કરી શકતા નથી જેમ અર્થ–ઉપાર્જન અને ભોગોની યુક્તિમા એકતાનતા થાય છે તો જ તે તે પુરુષાર્થની ઇષ્ટ સિદ્ધિ થાય છે તેમ ધાર્મિક વિચારો પણ અસ્તવ્યસ્ત હોય તો આત્મસ્થિરતા પ્રાપ્ત થઈ શકતી નથી પોતાના વર્તમાન જીવનનો ઉદ્દેશ ત્યાં સુધી નક્કી થતો નથી ત્યાં સુધી મનુષ્યની ગતિ પવનમાં ફરતા તણખલા જેવી છે આ મનુષ્ય જન્મની નાવને સ્થિર દષ્ટિબિંદુએ પહોંચાડવા માટે ઉદ્દેશ નક્કી કરવાની મુખ્ય જરૂર છે દરરોજ એ ઉદ્દેશ સિદ્ધ કરવાનાં સાધનો ઉપયોગમા લેવાની જરૂર છે, પણ તે માત્ર ક્રિયાઓની રેઢ રૂપે નહિ પણ પોતાના આત્માની વિશેષ પ્રમાણમા તૈયારીપૂર્વક થવું જોઈએ. કર્તવ્યની દિશા નક્કી કરવી અને તે દિશામા ગતિ કરતાં બીજા વિકારોની છાપ મન ઉપર ન પડવા દેવી અને અવિશ્રાંતપણે આગળ વધવુ એ ઉદ્દેશ–આદર્શસિદ્ધિનો મુખ્ય રસ્તો છે

પ્રસ્તુત સાધનોની તપાસ બરાબર રાખીને જે તે સાધનો સ્વીકારવામાં આવે, પછી ભલે તે યથાશક્તિ ઓછા પ્રમાણમાં અથવા ઓછ

ન થયો હોય ત્યાં સુધી આચારનું સ્વરૂપ બંધાતું નથી આપણી જિનપૂજા સામાયિક, પ્રતિક્રમણાદિ, મોક્ષ પુરુષાર્થને માટે હોય છે

જેમના હૃદયમાં દ્રવ્યસમૃદ્ધિ એકઠી કરવાનો અને કુટુંબમાં, સમાજમાં કે દેશમાં કીર્તિ મેળવવાનો આવેશ પ્રકટે છે અને બીજી જ ક્ષણે આ સંસારમાં કાંઈ નથી, કોઈ કોઈનું નથી, સહુ ક્ષણિક છે તમામ મુકીને ચાલ્યા જવાનું છે–વિગેરે વૈરાગ્ય ભાવનાનો વેગ સ્ફુરે છે તેવા મનુષ્યો પુરુષાર્થ સાધી શકતા નથી તેથી જ પુરુષાર્થની પ્રાપ્તિ શીખવનાર નીતિ શાસ્ત્રકાર કહે છે કે —

अजरामरवत् प्राज्ञो विद्यामर्थं च चिन्तयेत्
गृहीत इव केशेषु मृत्युनाधर्ममाचरेत्

અર્થાત્ — વિદ્યા અને અર્થોપાર્જન અજર અમર છીએ તેમ ધારીને કરવું અને મૃત્યુ એ હમેશને માટે ચોટલી પકડેલી છે એમ ધારીને ધર્મપુરુષાર્થ કરવો ''

વસ્તુસ્થિતિ આમ હોઈ અર્થોપાર્જન ધર્મપૂર્વક ન થતું હોય અને કામ-વાસનાની તૃપ્તિ અધર્મપણે થતી હોય તો તે પાશવ જીવન છે, એટલું જ નહિ પણ પુરુષાર્થહીન જીવન હોવાથી અધોગતિમાં નીચી કોટીનું જીવન પ્રાપ્ત કરવું પડે છે

ત્યારે હવે મનુષ્યજન્મ આર્યકુળ પંચેન્દ્રિય પટુતા, સદ્‌ગુરુ અને શાસ્ત્રયોગ વિગેરે સુંદર સાધનો પામી ધર્મપુરુષાર્થ કેમ સધાય અથવા અર્થ અને કામ પુરુષાર્થ ધર્મપૂર્વક કેમ સધાય તે વિચારી લઈ તદ્દનુકૂળ વર્તન રાખવાની ખાસ આવશ્યકતા છે વર્તમાન કાળમાં આપણું લક્ષ્ય–આપણો આ શં વમ ' હોવો જોઈએ ધર્મપુરુષાર્થની સાચી પ્રાપ્તિ પછી મોક્ષ આદર્શ હોવો જોઈએ શાસ્ત્રકારે સાધનો–યોગનાં સ્થાનકો અસંખ્ય કહેલા છે જિનપૂજા, સામાયિક,

છે અને તેવા પ્રબળ સાધન વડે આત્મહિતમાં હમેશા તૈયાર રહી શકે છે

જેમ સાંસારિક કાર્યક્ષેત્રો વ્યવહારની વિશાળ કોટીમાં અન્તર્ગત થાય છે તેમ આંતર જીવનને ઉન્નત કરનારા પ્રત્યેક સાધનો તેજ વિસ્તીર્ણ કોટીમાં સમાય છે ઉભયનો સબંધ ભિન્ન ભિન્ન દિશાએ લંબાતો હોય છે કેમ પ્રવૃત્તિમાં તીવ્રપણે રચી પચી રહેતા મનુષ્યો આંતર જીવનને શોધવા જાય એ દુર્ઘટ વૈરાગ્ય છે છતાં પણ સાંસારિક અપેક્ષાએ કોઈ પણ પ્રકારના વ્યસન અગર એબ વગરનું જીવન ગમે તેવી પ્રવૃત્તિવાળુ હોય છતાં પ્રશસ્ય છે, એટલું જ નહિ પરંતુ જીવન પ્રવાહને વેગવાન બનાવવાના સાધનો તયાર કરાવી આપે છે અને આ રીતે ધાર્મિક ક્ષેત્રમાં સીધો અને અનુકૂળ ભાગ ભજવે છે

વિશુદ્ધ વ્યવહાર કોને કહેવાય ? એ સિદ્ધાંતનું નિરાકરણ કરવા પહેલા તેમજ સાંસારિક કાર્યક્ષેત્રમાં જીવન વ્યવહારની કેવી સંકલના છે તે વિચારવા પહેલા વ્યવહાર શુદ્ધિ અને અને આંતર જીવનને શું સબંધ છે તે વિચારવાની પ્રથમ આવશ્યકતા છે અને તેવા જ ખાસ કારણથી પ્રત્યેક પુરુષાર્થનું સાફલ્ય છે સ્વકપિત નિશ્ચય બળથી આંતર જીવનના સ્વાદનો અનુભવ લેવા ઇચ્છનારા શુષ્ક અધ્યાત્મવાદીઓ કહે છે કે વ્યવહારનું શું કામ છે ? પ્રથમથી જ આત્માને આત્મનિરીક્ષણ કરાવવું જેથી બીજા વ્યવહારોનું શું પ્રયોજન છે ? આ સ્થિતિ એક અપેક્ષાએ જેટલી ખેદકારક છે, તેટલી જ બીજી રીતે હસનીય છે આ વિચારો આત્માને તેના જીવન વ્યવહારમાથી અવળે માર્ગે લઈ જનાર હોવાથી સાર્થક નથી જ વ્યવહારશુદ્ધિ વડે આત્માનું બહિરંગ પોષાતું જાય છે આત્માને જીવનના બાહ્ય પ્રસંગોમાં પ્રેરતા સંયોગો વડે આત્મબળ વૃદ્ધિ પામતું

સમય સુધી સીંચાય તદનુસાર આત્મા ધર્મપુરુષાર્થને સુધારી સ્વરૂપમા પ્રાપ્ત કરી તમામ પાશવ બધનોથી છૂટતો જણાશે અને એ શુભપળ અન્ય જન્મમા આવી પહોચશે કે જેથી ઘણાજ ઉત્તમ સસ્કારો સાથે જન્મ લઈ ‘ચારિત્ર એજ આત્મા’ રૂપે ઓતપ્રોત થઈ સર્વ દશા। મુક્તિ—જે શારીરિક બધનોથી અને તમામ માનસિક ક્લેશોના જાળમાથી મુક્તિ છે—તે સ્વયમેવ પ્રાપ્ત થશે

આ પ્ર વિ સ ૧૯૮

૧૧ વ્યવહાર વિશુદ્ધિમા જીવન પ્રવાહ

જીવનની પ્રત્યેક ભાવનામા, જીવનના પ્રત્યેક અંગોમાં જીવનની પ્રત્યેક રૂપરેખામા તેમજ જીવનની પ્રત્યેક પગમા વ્યવહાર વિશુદ્ધિ એ સ્વરૂપ ધરાવે છે વ્યવહારના સર્વ નિયમોનુ પૃથક્કરણ કરતા, તેને સમજતા અને તદનુસાર પ્રવૃત્તિમાન થતા તેમજ અનુભવની શાળામાથી બહાર આવી પ્રત્યક્ષપણે અનેક પ્રતિરોધોની સામે ટક્કર ઝીલતા ક્રમશ પ્રત્યેક નિયમો વિશુદ્ધ અને નિર્મળતર બનતા જાય છે વ્યવહાર એ મનુષ્ય પ્રાણી માત્રને સસારની પરિસ્થિતિને ચોક્કસ આકારમા મૂકવાને માટે અને જે પ્રસગોમા જે સ્થિતિઓમાં મનુષ્ય મૂકાયેલો હોય તેની મર્યાદા જાળવી રાખવા માટે અચૂક વર્તન છે પરતુ વ્યવહાર કોને કહેવાય તેની પરિસ્થિતિ મનુષ્ય ઉપર કેવી અસર કરે છે ? તેમજ તેનો અનુભવ મનુષ્યને પ્રત્યેક પ્રસગમા કેવો અમૂલ્ય થઈ પડે છે તે જાણવા પછી તેની હેયોપાદેયતા અથવા શુદ્ધાશુદ્ધતા જાણી શકાય છે, શુદ્ધ વ્યવહારને અવલબી। અશુદ્ધ વ્યવહારના અંગોનો ઉચ્છેદ કરી આન્તર જીવનની ઉન્નતિનુ કારણ ઉત્પન્ન કરે

અન્ય ધંધામાં પણ પ્રમાણિકપણું તેમજ લેવડદેવડના વ્યવહારમાં અસત્યથી વેગળા રહેવાપણું-એ અમુક પ્રકારની ચોક્કસ દૃષ્ટિએ કોઈ વ્યવહાર શુદ્ધિનું અપૂર્ણ અંગ નથી પરંતુ ઉભય સદ્ગુણોની ધરી ઉપર વ્યવહારની ક્રમાનો અવલંબી રહેલી છે માર્ગાનુસારીપણાના ગુણોની શ્રેણિ સંસારની પ્રવૃત્તિવાળા વ્યવહારને શુદ્ધ કરી શકે છે, તો મોક્ષ પુરુષાર્થની પ્રવૃત્તિમાં કટિબદ્ધ થયેના પ્રાણીઓના વ્યવહારને વિશુદ્ધ બનાવે તેમાં શું આશ્ચર્ય !

મુખ્યત્વે કરીને વ્યવહારમાં સત્વર ફળનો અનુભવ કરવાની ઈચ્છા વાળા સાધકે પોતાનું મન કેવા વ્યવહારમાં પરોવાય છે તેમજ કેવા વિચારો સેવે છે તે સાવધાનતાથી જોવું જોઈએ અને તે મન જો જરા પણ આડે માર્ગે વહીને ન સેવવાના વિચારો સેવતું હોય તો તત્કાળ તેને સીધે માર્ગે લાવવું જોઈએ આટલું કરવાને માટે જેઓ કમર બાંધીને તૈયાર થયા નથી તેઓને તદનુકૂળ સાધનો સાધવાનો વેગ પ્રકટયો જ નથી અને સાધનોના ફળની તેમને ઈચ્છા નથી એ સિદ્ધ થાય છે વ્યવહાર એ મુખ્યત્વે કરીને આચાર હોઈ તેના કારણ રૂપે વિચાર હોવાથી માનસિક બળની વ્યવહાર શુદ્ધિને માટે અનંતર અગત્ય છે

વ્યવહારના અનેક પ્રસંગોમાં આવતી અડચણોને નિર્મૂળ કરવા માટે આ બળ પોતાની શક્તિ યથાર્થ રીતે ફોરવી શકે છે અને સાધ્ય સંમુખ પ્રાણીને લાવી મૂકે છે કેટલાએક પ્રસંગો કે જ્યાં એક તરફ વ્યાવહારિક સ્થિતિને ચ્યુત થવા પણું છે બીજી તરફ લોકચર્ચાનો ભય સંમુખ રહેલો છે તેવી સ્થિતિમાં માનસિક બળની પ્રબળતા એકાએક ઉદ્વર્તન (Revolution) કરી મૂકે છે અને જો તે બળ ન્યાયી, વિચારપૂર્વક પ્રાપ્ત કરેલું અને પરિણામદર્શી હોય તો પ્રાંતિ વિજયી નિવડે છે, અને જગતની દૃષ્ટિએ ઉદ્વર્તન સમયે જે

જાય છે જેમ શરીરમા ખોરાક પુરવા માટે અન ન જળની જરૂરીઆત પડે છે તેમ જીવનબળ અથવા આત્મજીવનને મજબૂત કરવા માટે શુદ્ધ વ્યવહારની અગત્ય પડે છે આંતરજીવન વિચાર માત્રથી શુદ્ધ થતુ નથી પરતુ બાહ્ય વર્તનની પણ તેને મુખ્ય જરૂરીઆત પડે છે વ્યવહાર શુદ્ધિ અને આંતરજીવનને આ રીતે કારણ કાર્યનો સબધ છે વ્યવહાર શુદ્ધિ એ બીજા શબ્દોમા શુદ્ધ વર્તન છે અને એ વર્તન વગર પોતાનુ આંતરબળ વીર્યહીન નીવડે છે આ ઉપર જો દરેક મનુષ્ય અમૂલ્ય માનવ દેહ પામીને આંતરજીવનની ઉત્કર્ષતા કરવા ઇચ્છાવાળા હોય તેમણે વ્યવહાર શુદ્ધિને પ્રત્યેક સમયે ઉચ્ચકોટિમાં મુખ્વાની જરૂર છે અન્યથા પ્રમા ને વશ થઈ અથવા ઉલટા વિચારોના વમળમા ગુચવાઈ જઈ તેને તજી દેવામા આવે છે અગર તેની ઉપેક્ષા થાય છે તો પરિણામ અથવા જેને ઇષ્ટ ફળ કહેવામાં આવે છે તે પ્રાપ્ત થતુ નથી, કેમકે આંતરજીવનનુ બળ પ્રાપ્ત થયા પછી મનુષ્ય પોતાના બળ ઉપર ઝુઝે છે અને અન્યને તેવા કરવાની શક્તિ પ્રાપ્ત કરે છે બાહ્ય બળ એ કાંઈ જીવનની ભાવનામા રેડાયનુ બળ નથી, અતરગ બળ એજ વિશુદ્ધિ અને આત્માને ઉન્નત કરનારુ બળ છે અને તે વડે આત્માને પોષણ મળે છે તેથી અતરગ જીવનમા જાગૃતિ પ્રાપ્ત થયા પછી આધ્યાત્મિક ભાવનાઓ સતેજ થતાં ક્રમશ અનુભવની નિર્મળતા વૃદ્ધિ પામતી જાય છે-આમ હોઈ વ્યવહાર શુદ્ધિ અને અનુભવને ઘણો જ નિકટ સબધ છે

વ્યવહાર શુદ્ધિ કરવા માટે તૈયાર થયેલા મનુષ્યોમાં સૌથી પ્રથમ માર્ગાનુસારિપણાના ઉત્તમ ગુણો દાખલ થવા જોઈએ એ ગુણો મનુષ્યના પ્રાકૃત વ્યવહારમા પણ કેટલા બધા ઉપયોગી છે—તે દરેક ગુણોનુ પૃથક્કરણ વિચારી-મનન કરી જુએ તો જ જાણી શકાય તેમ છે ન્યાય માર્ગમા અગ્રગ રહેવુ તેમજ સરલ પ્રકૃતિપણુ એ બે મુખ્ય ગુણો અનેક ગુણોનો સગ્રહ કરાવી આપે છે વ્યાપારમાં તેમજ

જીવનની પ્રવૃત્તિ એ નિશ્ચય નયના અનુસંધાનવાળી છે બંનેની સંગતિ આવી નિકટ હોવાથી આત્મપ્રબોધમાં કહ્યું છે તેમ —

ववहार नउच्छेए तित्थुच्छेओ जओवस्समम् ।

વ્યવહાર નયનો ઉચ્છેદ કરવામાં આવે તો શાસનનો જ ઉચ્છેદ સમજવો—તેમ શાસ્ત્રકાર કહે છે વ્યવહાર વગર કોઈ પણ કાર્ય થઈ શક્યું નથી, થઈ શકવાનું નથી તેમજ થઈ શકશે નહિ પરંતુ તેની શુદ્ધાશુદ્ધતા તપાસવામાં જ ખરેખરી આત્મપરીક્ષા છે અનેક મનુષ્યો તેમાં જબરી ભૂલથાપ ખાઈ જાય છે કેટલાએક માત્ર સમજ વગરની, અથવા શૂન્ય આવશ્યક ક્રિયાઓનું સેવન કરી આંતર જીવનને મેળવવા ફાંફા મારે છે પરંતુ પ્રત્યેક વ્યવહાર અર્થાત્ પ્રત્યેક ક્રિયાઓ તેના શુદ્ધ સ્વરૂપમાં આચરવી જોઈએ. સાંસારિક પ્રવૃત્તિમય ક્રિયાઓને અત્યારે બાજુએ મૂકી માત્ર મોક્ષ પ્રાપ્તિને અનુકૂળ ક્રિયાઓમાં પણ શૂન્યતા, દંભના વિગેરે દોષો ન હોવા જોઈએ પ્રત્યેક ક્રિયામાં પ્રમાદ વગર જિજ્ઞાસુપણું અને આદરણીયતા—એ બે તત્વોનું પરિણમન થવું જોઈએ આ ઉપરથી જગતના પ્રત્યેક અંગમાં વ્યવહાર સમાયેલો છે આપણું ખાનપાન અથવા લેવડ દેવડ વ્યવહાર શુદ્ધ ન રાખીએ તો જેમ શરીરને અને આત્માને હાનિ પહોંચે છે, તેમ મુક્તિના સાધનરૂપ વ્યવહાર અવિશુદ્ધ હોય તો આધ્યાત્મિક હાનિ પ્રગટે છે આ ઉપરથી વાચિક અને કાયિક વ્યવહાર ઉભયને શુદ્ધતાના પટમાં વણી દેવા જોઈએ કેમકે શ્રીમદ્ આનંદઘનજી કહે છે કે—

> વચન નિરપેક્ષ વ્યવહાર જૂઠો કહ્યો,
> વચન સાપેક્ષ વ્યવહાર સાચો
> વચન નિરપેક્ષ વ્યવહાર સંસાર ફળ
> સાંભળી આદરી કાંઈ રાચો

વિરાધનો રાગ જોવાતો હોય છે તે કાળાંતરે દૂર થઈ, પૂર્વોક્ત બળ વડે મેળવાયની વિશુદ્ધતાને જ્યારે જોઈએ છીએ ત્યારે મતાનુગતિક પશ્ચાત્ પ્રવૃત્તિચક્ર એટલે ફરી જાય છે પરંતુ આ આ માનસિક બળ કોઈ પણ પ્રકારે આડામાર્ગમા વહન થનારું કદાપિ હોવું ન જ જોઈએ અને તેટલા માટે તેને યોગ્ય પ્રમાણમા કેળવવાની ખાસ જરૂર છે

સાંસારિક મર્યાદામા વહન થતો કહેવાતો વ્યવહાર તેની સર્વ પ્રવૃત્તિ માત્રને અવલબે છે ખાનપાન લેવડદેવડ સ્વજન સેવા શરીર શુશ્રૂષા, વિગેરે અનેક પ્રવૃત્તિમય છે જ્યારે ચતુર્થ પુરુષાર્થની મર્યાદાના કેન્દ્રસ્થાને રહેલો વ્યવહાર જૈન દર્શન વડે પ્રશસ્ય 'વિરતિપણું" છે આમા અહિંસા સત્ય પ્રમાણિકપણુ, બ્રહ્મચર્ય, અને નિર્લોભિતા મુખ્ય છે બાકીના બીજા સામાયિકાદિ વ્યવહારો આત્મ વિશુદ્ધિની ક્રિયારૂપ છે આ વ્યવહાર મોક્ષ અથવા આત્માની આત્યંતિક મુક્તિ કરવાને માટે સબળ સાધન છે અને તેથી જ આંતરજીવનમા જાગૃતિ આણનાર ઉત્તમ રસાયન છે

'વ્યવહાર 'ને મનુષ્યો જુદા જૂદા સ્વરૂપમા ઓળખે છે કેટલાએક વ્યાપારને વ્યવહાર ગણે છે કેટલાએક શુભ અથવા અશુભ પ્રસંગમાં સગાવહાલાંને ત્યાં જવું તેને વ્યવહાર ગણે છે, પરંતુ વ્યવહારનય અને નિશ્ચયનું વિવેચન કરતું જૈન દર્શન પ્રવૃત્તિ માત્રને વ્યવહાર કહે છે અને તેને શુભ અને અશુભ એ બે પ્રકારે વહેંચે છે તેમા શુભ પ્રવૃત્તિમાં વહન થતુ જીવન એ વ્યવહાર વિશુદ્ધિ તરીકે ઓળખાય છે જ્યારે અશુભ પ્રવૃતિમા વહન થતું જીવન અવિશુદ્ધ વ્યવહાર તરીકે સબોધાય છે એ સર્વ વ્યવહારોથી અલગ જિનપ્રતિમા દર્શન વિગેરે વ્યવહારની પરિપાલનાથી-રૂપીના દર્શનથી—અરૂપી આત્મગુણ પ્રગટે છે, પ્રગટ થયેલા અરૂપી આત્મગુણની સાથે સયોગ પામના

પ્રદેશ છે અને તેનો જીવન સાથે યથાર્થ ઉપયોગ એ કાર્ય પ્રદેશ છે આથી મનુષ્યોએ કાર્ય પ્રદેશ પ્રાપ્તિની પોતાની દ્રષ્ટિ ફેરવીને કારણ પ્રદેશ પ્રતિ નાખવાની છે અને તેમ કરતા વ્યવહાર સબંધી પ્રત્યેક ક્રિયાને શુદ્ધ કરવા અથવા શુદ્ધ ક્રિયામા પોતાનો વ્યવહાર ચલાવવાની પ્રેરણા થાય છે, અને શ્રદ્ધા તેમજ વિશ્વાસથી આગળ વધે છે

જિનેન્દ્ર પૂજા, ગુરુ સેવા અને પ્રાણી અનુકંપા વિગેરે વ્યવહારમાં મનુષ્યે વારવાર સરકારી થવુ જોઈએ વ્યવહારની સર્વ ક્રિયાઓ ભલે તે શુભ હોય કે અશુભ હોય તો પણ બાહ્ય જગતમા અંત કરણ ઉપર સારી અથવા નરસી છાપ પાડે છે અને તેથી જ પૂજા વગેરે વ્યવહાર આતર જીવનને ઘણી જ અચ્છી રીતે કેળવે છે, તેમજ સરકારી બનાવે છે આમ હોવાથી ફળ પ્રગટાવવાના પ્રયત્નને જોઈ જે જે ક્રિયાઓ કરવામા આવે તેના પરિણામ ર્શી થવુ જોઈએ ગતાનુગતિક લોકદ્દષ્ટિ અને તપાસવાની બીનકુલ જરૂર નથી પરતુ જે વર્તન અગીકાર કરવામાં આવે તે નિર્દોષપણે થયુ છે કે કેમ ? તેવા પ્રકારની સાધ્ય દૃષ્ટિ જરા પણ ભુલવાની નથી અને પછીથી જગત્ પોતે જ પરિણામદર્શી થઈ જ્યારે જોશે ત્યારે એ વર્તનને યોગ્ય ન્યાય મળેનો કહેવાશે છતાં પણ વર્તનથી અમુક ફળ ચોક્કસ નીપજશે તેવી ખાતરી શી રીતે હોઈ શકે ? કિંતુ સ્વબુદ્ધિ અનુસાર તુલના કરી ઉદ્યમને પ્રધાનપદ આપી પ્રગતિ કરવી જોઈએ—એમ વ્યવહારને ઉન્નત કરનાર નીતિશાસ્ત્ર કહે છે પ્રયત્ન કરતા કરતા વ્યવહારની શુદ્ધ કોટિ પ્રાપ્ત થશે જ અને આતર જીવનને પોષણ આપી–અધિકાધિક બળવત્તર કરી કાર્ય પ્રદેશ પ્રાપ્ત કરાવી આત્મિક ઉન્નતિમા જીવન પ્રવાહને વિસ્તારશે

આ પ્ર વિ સ ૧૯૬૯

/

આમ હોવાથી વચન વ્યવહારને પ્રત્યેક પ્રસંગે કેળવવાની જરૂર છે આથી પ્રત્યેક પ્રવૃત્તિનો ક્રમ પ્રથમ માનસિક વ્યવહારને કેળવતો વાચિક વ્યવહારને ક્રમશ શુદ્ધ કરાવે છે અને પછીથી શરીર વડે પ્રાપ્ત કરાતી પ્રવૃત્તિમાત્રમા કાયિક વ્યવહાર વિશુદ્ધ બનતો જાય છે જેવા વિચાર તેવું વર્તન એ વિચારબળનુ સામર્થ્ય દર્શાવે છે પરંતુ સદ્ વિચારોનુ સેવન અને તદનુસાર વર્તન એ વિશુદ્ધ વ્યવહારને જનસમાજ આગળ પ્રકટ કરે છે અનેક મનુષ્યો તેનુ અનુકરણ કરે છે સાંસારિક મર્યાદામાં પ્રાપ્ત કરાતો વિશુદ્ધ વ્યવહાર જેવા કે વસ્ત્ર પુત્ર, અર્થકરી વિદ્યા, અનુકૂલ ભાર્યા વિગેરે જેને નીતિકારે જીવનો ફર્નો છ સુખ દર્શાવેલા છે, તેવા અનેક પ્રકારોમા સદર્શિત થાય છે અને તે સાંસારિક શાંતિને અર્થે નિરુપયોગી નથી એટલુ જ નહિ પરંતુ તેવા પ્રકારની શાંતિ ધાર્મિક સંયોગોને અનુકૂળ બનાવી શકે છે અને તેથી જ તે વ્યવહાર પ્રશસ્ય છે, પરંતુ વાસ્તવિક રીતે મુક્તિને અનુકૂળ વ્યવહારમા જેની પ્રવૃત્તિ તન્મય થઈ રહેલી છે તેઓને જ ધન્ય છે અને તેઓ કૃતાર્થ છે

પૂર્વોક્ત સાંસારિક પરિસ્થિતિવાળી વ્યવહારશુદ્ધિ જો દ્વિતીય પ્રકારની વ્યવહાર શુદ્ધિને ઉત્પન્ન કરાવવાનુ સામર્થ્ય ધારણ કરે અને તે મુજબ ઉત્પન્ન કરાવી આપે તો જ ઉપયોગી છે, અન્યથા નિરર્થક છે આથી પ્રથમથી જ પ્રત્યેક ક્રિયા પછી તે સાંસારિક મર્યાદાવાળી હોય અથવા મુક્તિના કેન્દ્રસ્થાન રૂપ હોય તો પણ તેની શુદ્ધતા ઉપર ખાસ ધ્યાન આપવાથી જ મનુષ્યનો ઉત્ક્રાંતિ ક્રમ વિકાસ પામતો જાય છે

બુદ્ધિબળને પામેલા મનુષ્ય વર્ગમા જીવનના બે પ્રદેશ છે એક પ્રદેશનુ નામ કારણપ્રદેશ છે, અને બીજા પ્રદેશનું નામ કાર્યપ્રદેશ છે વ્યવહાર વડે અનુભવની શાળામાંથી પ્રાપ્ત થતુ શિક્ષણ એ કારણ

થવી એ આત્મપ્રકાશની વૃદ્ધિના નિમિત્તભૂત છે વિકાસની ઉત્ક્રાંતિ વડે આત્મા ઉચ્ચતર સ્થિતિ પ્રાપ્ત કરતો જાય છે ક્રમશ બે ઈંદ્રિયનો ક્ષયોપશમ ત્રણ ઈંદ્રિયનો ક્ષયોપશમ તેમજ ચાર ઈંદ્રિયજન્ય ક્ષયોપશમ—એ આત્મપ્રકાશની ઉચ્ચતર સ્થિતિઓ છે તે કરતા અધિક ઉચ્ચતર સ્થિતિવાળા મનોબળયુક્ત પંચેન્દ્રિય તિર્યંચો જેવાકે સર્પ અશ્વ હાથી શ્વાન વિગેરેની છે આ પ્રાણીઓ પોતાની નજરમાં રહેતા અને થતા દ્રશ્યોના નિમિત્ત કારણ વડે રાગદ્વેષની શૃંખલામાં વીંટાતા જાય છે અને ઘણે ભાગે તે દશ્યો તેમને સાનુકૂળ પ્રવૃત્તિ માર્ગમા જોડી શક્તા નથી—એ વિશેષ કરીને પાપકર્મ વડે ઉત્પન્ન થયેલી તેમની ગતિને આભારી છે! છતા પણ અશ્વ શ્વાન વિગેરે પોતાના સ્વામીને માટે સંપૂર્ણ રીતે જીવ જતા સુધી પ્રાણની આહુતિ આપનાર હોય છે—એ તેમની સાનુકૂળ પ્રવૃત્તિ જોઈ મનુષ્યે વિચારવાનું છે! અને પોતાની ભૂલ થતી હોય તો દૃષ્ટાંત દ્વારા જાગૃત થવાનું છે

મનુષ્ય પ્રાણીને માટે જડ દશ્યો રાગ અને દ્વેષની સ્થિતિની પરંપરા ઉત્પન્ન કરતા રહે એ કોઈપણ રીતે યોગ્ય નથી તો મનુષ્યોનો મોટો ભાગ ખાસ કરીને નજીકમા આવતા દશ્યો ઉપરથી ઉલટા પરિણામવાળી સ્થિતિને પ્રાપ્ત કરે છે આને માટે કહેવાય છે કે

पत्थरेणाहओ कीवो पत्थरं डक्कुमिच्छइ

શ્વાનને પથ્થર માર્યો હોય ત્યારે તે પત્થરને કરડવાને ઇચ્છે છે" આ સ્થિતિ પામેલા દશ્યો વડે હર્ષ શોકમા ઝપાટાતા મનુષ્ય વર્ગની છે વાસ્તવિક રીતે નજીકનાં દશ્યો ઉપરથી હર્ષ શોક જેવુ કશું હોતું નથી માન તે એો આત્મોદ્બોધન કરનાર નીવડે અને તેમાંજ પ્રયાસ કરવામાં આવે તો જ સફળતા છે

એક મનુષ્ય તદ્દન નિર્ધન છે તેવામા એકાએક પૂર્વ પુણ્યના પ્રકર્ષથી ધધામા તે સારૂ કમાયો અને થોડા વખતમા તે શ્રીમતની

૧૨ "સૃષ્ટિના જીવન્ત દશ્યો"

પ્રાણી માનના વિકાસક્રમને અનુકૂળ તેમજ પ્રતિકૂળ, રૂપાંતર અને વિરૂપાંતર ભાવને પ્રાપ્ત થતા, સહજ અને કૃત્રિમ સ્વરૂપનો આવિર્ભાવ કરતા, અને વસ્તુની મૂળ સ્થિતિને જાણવાની પ્રેરણા કરતા જગતના સર્વ પદાર્થો ખાસ કરીને મનુષ્ય પ્રાણીઓને વિશેષ પ્રકારે ઉદ્બોધન કરી રહ્યા છે જો કે મનુષ્યથી નિમ્ન કોટિવાળા તિર્યંચ પંચેન્દ્રિય પ્રાણીને સૃષ્ટિના પ્રત્યેક પદાર્થ તેમના ક્ષયોપશમ પ્રમાણે જાગૃતિ કરે છે, પરંતુ માનસિક બળને વિશેષ પ્રકારે સ્થૂળ સ્વરૂપમાં મૂકનારા મનુષ્ય વર્ગને તે અનેક ગણી જાગૃતિ અર્પે છે, અને તે જાગૃતિ વડે ઉદ્યમદ્વારા પ્રગતિ કરનારા અનેક મનુષ્યો સ્વકર્તવ્ય સાધી ગયા છે અને હજી પણ તદનુકૂળ માર્ગને અનુસરનારા સાધે છે, અને સાધશે—એ કારણ કાર્યની વિચાર પરંપરા વિચારતા સુઘટિત છે પરંતુ વિચારણાની માર્ગ પ્રતીક્ષા કરતા સારભૂત તત્ત્વ એ નીકળે છે કે મનુષ્ય પ્રાણીએ તે દશ્યોથી પ્રબુદ્ધ થવું કે તે તરફ બેદરકારી રાખી તેને પ્રતિકૂળ દષ્ટિએ અવલોકવા—એ તેણે હેય કર્તવ્યોનું જ્ઞાનતુલા વડે તોલન કરવું જોઈએ મનુષ્યની દરેક દશ્યને પ્રતિકૂળપણે ગ્રહણ કરવાની દષ્ટિ એ જડ દશ્યોને જડરૂપે પ્રતીત કરવાની છે જ્યારે તે પદાર્થોને અને તેમજ તેના નિમિત્ત કારણથી મનુષ્યોનું ઉદ્બોધન થવું—સ્વાત્મ જાગૃતિ થવી—એ એકસો રૂપીઆની નોટના કાગળના કકડાના સો રૂપિયા રોકડા પ્રતીત કરીએ છીએ તેમ જડ દશ્યોને જીવંત તરીકે પ્રતીત કરવાની છે આ એક અપૂર્વ કળા છે અને તે કળા પરત્વે આજે આપણે સંક્ષિપ્તમાં વિચાર કરવાનો હોઈ શાસ્ત્રીય દષ્ટિએ દષ્ટિ ગણવામાં આપણે જરા પણ ચુકતા નથી

એક નિગોદના જીવ કરતાં બાદર એકેન્દ્રિયનો ક્ષયોપશમ—આત્મ પ્રકાશ વિશેષ પ્રમાણમાં થયો હોય છે કેમકે ઉચ્ચતર સ્થિતિ પ્રાપ્ત

સુધીની ક્ષણિક શાંતિ અનુભવે છે જે ચિરસ્થાયી ન હોવાથી તે અને તેવાજ પ્રકારના દૃશ્યોથી થતા આત્માનુભવની કળા પ્રાપ્ત કરવાની અનિવાર્ય આવશ્યકતા છે કે જે ચિરકાળ સુધી શાંતિ સમર્પે છે અને શાશ્વતપણે આત્મસ્વરૂપનું અદ્‌ભુત દર્શન કરાવે છે જગતના સર્વ દૃશ્યો જે જે આત્માઓને સંસાર વૃદ્ધિના કારણભૂત જ્યાં સુધી બને તે સર્વ દૃશ્યો સ્થૂળરૂપે પ્રતીત થતા ગણાય છે જ્યારે તેના તેજ દૃશ્યો આત્મોદ્‌બોધન કરાવે તો જીવંત રૂપે પ્રતીત થતા ગણાય છે વસ્તુ સ્વરૂપને યથાર્થ સમજવાને ઇચ્છનાર રમ્ય ઉપવનમાં વૃક્ષ ઉપરથી ખરી પડતા ફુલો ઉપરથી જીવનની ક્ષણિક્તા વિચારે સરોવરના જળની ચંચળતા ઉપરથી પોતાના આયુષ્યની ચંચળતાનું અનુમાન કરે વિદ્યુત્ વિગેરેની શક્તિઓ કરતાં આત્મશક્તિ અનેકગણું સામર્થ્યવાળી છે તેવું પ્રતીત કરે એવી રીતે પ્રત્યેક દૃશ્ય ઉપરથી જીવનની મહત્વતાની કોટિ ઉપર આરૂઢ થાય અને પ્રત્યેક દૃશ્યના સ્વરૂપને આત્માના લાભાલાભ સાથે ઘટના કરે આવા પ્રકારની અપૂર્વ કળા મનુષ્ય પ્રાણીએ પ્રાપ્ત કરવી એ કાંઈ નાની સૂની વાત નથી પરંતુ દીર્ઘ વિચારણા દીર્ઘકાલીન સંસ્કાર અને શાસ્ત્રીય રીતે મનનું દીર્ઘ મર્યાદામાં ખેડાણ પછી જ પ્રાપ્ત થાય છે જેઓએ આ દિશામાં જઈ આ કળા પ્રાપ્ત કરી લીધેલી છે તેઓએ દૃશ્યોને જીવંત બનાવેલા છે—એમ કહેવું જરા પણ અતિશયોક્તિ ભરેલું નથી જ

એક અત્યંત દુર્ગંધથી પરિપૂર્ણ સ્થાનમાં એક મનુષ્ય જઈ ચડયો પછીથી તે દૃશ્ય જોઈ વિચારે કે આ ધારણ કરેલું શરીર તેવાજ દુર્ગંધથી ભરેલું હોઈ અશુચિ ભાવનાને પુષ્ટિકર આ સ્થાન નિમિત્તભૂત થયું છે તેવી ભાવનાવાળા તેમજ પરમ સ્વજનનું મૃત્યુ થતા આત્માનો આયુષ્ય-કર્મ પ્રકૃતિ સાથે સંબંધ હોય ત્યાં સુધી પ્રત્યેક પ્રાણીને મૃત્યુ છે જ—એવું ભાન લાવી આત્માને તે સંજોગોને શોકમય રીતે આધીન નહી થવા દેવાવાળા તે તે દૃશ્યોને જીવન્ત બનાવવાની

કોટિમાં આવતા તેવા સંજોગો પ્રાપ્ત થતા તેને " ધનમદ " થાય છે અને તુરત જ તેને ધનસંયોગના નિમિત્તથી એક પ્રકારનો મૂઢ ગર્ભિત હર્ષ થાય છે તેવી જ રીતે એક શ્રીમંત ક્ષણવારમાં નિર્ધન બની જાય છે ત્યારે તે દશ્ય શોક કરાવે છે આ ઉપરથી જે જે દશ્યો પોતાના સબંધમાં આવે તે ઉપર સંસાર વૃદ્ધિના નિમિત્તભૂત હર્ષ કે શોક થાય એ પૂર્વોક્ત શ્વાન તુલ્ય સ્થિતિ છે પરંતુ આત્મવિકાસને અનુકૂળ હર્ષ થાય તો તેમાં તે દશ્યોએ યથાર્થ કાર્ય-ફળ ઉત્પન્ન કર્યું છે એમ કહેવું જરા પણ અવાસ્તવિક નથી

વસ્તુ સ્થિતિ આ પ્રમાણે હોવાથી સ્ત્રી ને દેખી ભોગલાલસામાં, મિત્રને દેખી સ્વાર્થસાધનામાં ધન દેખી તેને પોતાનું કરી લેવાની ઇચ્છામાં, શત્રુને દેખી તેનો પ્રાણ હરણ કરવાની તૈયારી કરવામાં— આ અને આવા અનેક દશ્યોના પ્રસંગોમાં મનુષ્ય તે તે નિમિત્તથી સ્વવૃત્તિને પ્રતિરૂપ માર્ગમાં યોજે છે આની કોટિમાં મનુષ્યોનો મોટો ભાગ છે અને તેઓ દશ્યોને માત્ર સ્થૂળ દૃષ્ટિએ જુએ છે અને તેમાથી કોઈ પણ નવીનતા-આત્મપ્રકાશ અધિકપણે પ્રાપ્ત કરી શકતા નથી ઉલટું પ્રાપ્ત થયેલી સ્થિતિનો પણ અપકર્ષ કરે છે આમ હોઈ ને દશ્યોને જીવન્ત રૂપે પ્રતીત કરવાની કળાથી તેઓ બેનસીબ હોવાથી ઇષ્ટ સંમાર્ગથી દૂરના દૂર રહે છે

એક રમ્ય ઉપવન જોઈ ને ત્યાં સંસર્ગ વડે એક મનુષ્ય આનંદિત થાય છે પર્વતની ઉંડી ખીણ જોઈ ને કુદરતની ગહનતા નિહાળે છે, સરોવરનું શાંત અને નિર્મળ જળ જોઈ હૃદયજન્ય થાકને ઉતારે છે, પક્ષિઓનું ઉડ્ડયન જોઈ નિસર્ગની ચમત્કૃતિના વિચારમાં પડે છે, ઘડિયાળ વગેરે આગબોટ વિદ્યુત્ વગેરેનું સામર્થ્ય જોઈ આશ્ચર્ય ચકિત બને છે આ અને તેવાજ બીજા દશ્યોથી પ્રાણી જો કે પ્રતિકૂળ પ્રવાહમાં તણાતો નથી પરંતુ માત્ર અમુક વખત

તેને હરણી કોટિમા ઉતારી પાડે છે આ ઉપરથી શુભ અને અશુભ સ્થિતિઓમા ઓતપ્રોત કરવા એ દશ્યોનુ સામર્થ્ય છે સક્ષિપ્તમાં જો તે દશ્યો પ્રાણીઓને આત્માની જાગૃતિ કરાવી આપે તો તે વાસ્ત વિક રીતે જીવન્ત દશ્યો છે, અન્યથા તે જડ હતા અને છે

પ્રત્યેક દશ્ય મનુષ્યને ગુણદૃષ્ટિ અને દોષ દૃષ્ટિ ઉદ્ભવાવે છે એ આ ઉપરથી સ્વત સિદ્ધ થાય છે સનત્કુમાર ચક્રવર્તીને પોતાનુ જે સુદર રૂપ અહકાર કરાવનાર બન્યું હતું તે દશ્ય કાળક્રમે વિરૂપાતર ભાવને પામતા તેમને પોતાને જ ક્ષયવિનાશી તરીકે ભાગ્યું હતુ. આ દશ્ય અને તેથી થતાં પરિણામોના દશ્યોનો પ્રભાવભિન્ન છે એટને પાછળથી તેમને વસ્તુ સ્વરૂપને ઓળખવાની દશા પ્રાપ્ત થઈ ગઈ હતી અને દશ્યને શુભયોગમાં પરિણામ પમાડવાની તે દશા વૃદ્ધિ પામી હતી મહાપુરૂષોના જીવનચરિત્રો અને ઈતિહાસ એ માનવ જીવન ઉપર પ્રબળ અસર કરનાર દશ્ય છે ઇતિહાસ વડે આપણે આત્મપ્રબોધન કરી સત્પુરુષોની સ્મૃતિ કરવા તત્પર બનીએ છીએ આપણે સસ્થાઓ સ્થાપી તે દ્વારા જનહિતના કાર્યો હાથ ધરવા તત્પર બનીએ છીએ અને મહાપુરૂષોના જીવનનુ અનુસરણ કરવા પ્રગતિમાન થઇએ છીએ આ સર્વ તે દશ્યને અને તેથી પ્રાપ્ત થયેલી વેગવતી દશાને આધીન છે

પૂર્વોક્ત સર્વ પરિસ્થિતિઓ કલ્પના શક્તિને કેળવવાની દશાના પરિણામ રૂપે છ એ નિર્વિવાદ સત્ય છે કારણ કે જ્યારે કલ્પના શક્તિ શુભમાર્ગ ભણી સચરતી હોય છે ત્યારે અપૂર્વતા પ્રકટે છે અને અપૂર્વતા પ્રકટવાથી આપણી ઇચ્છામાં આવે તે સમયે આપણા પરિવેષ્ટનો (Invironments) અને આપણી અમાનુષી વનશેનો કબજે કરવાને આપણે સમર્થ થઈએ છીએ જીવનમાં સામર્થ્યના અને સિદ્ધિના નવા અને અનુકૂળતાવાળા ક્ષેત્રમાં પ્રવેશવાની ઇચ્છા પ્રાપ્ત

કળાવાન કહેવાય છે અને તેઓજ આ ક્ષણિક ઉપભોગવાળા સંસારમાં સ્વકર્તવ્ય પૂર્ણપણે સાધી જાય છે

અનુભવીઓના કહેવા પ્રમાણે દરેક મનુષ્યે શુભ દૃશ્યો તરફ જોતાં શીખવું જોઈએ—અભ્યાસ પાડવો જોઈએ કેમકે અનાદિ કાળથી આ પ્રાણીને અશુભ દૃશ્યો તરફ જોવાની ટેવ પડી ગઈ છે તેથી અશુભ દૃશ્યોના સંસ્કારથી શુભ દૃશ્યોમાં પ્રતિકૂળપણાનું આવરણ કરે છે આથી શુભ દૃશ્યોનો સંસર્ગ એ અનાદિ ટેવવાળી નિબિડ શૃંખલાને ક્રમશ તોડે છે અને પછીથી માનસિક બળ વિસ્તીર્ણ અને ઉદાર થવાથી શુભાશુભ દૃશ્ય ગમે તે પોતાની સમીપ દેખાય તો પણ સ્વમાર્ગથી તે પ્રાણી ચ્યુત થતો નથી આ સ્થિતિ તે અશુભ કે શુભ દૃશ્યોને જીવન્ત કરવાની અમોઘ કળા છે

સદ્ગુરૂઓનો ઉપદેશ એ પણ વચન પરમાણુઓનું દૃશ્ય છે જે વડે આત્મોદ્બોધન સત્વર થઈ શકે છે જિનપ્રતિમા પણ એક દૃશ્ય છે જેના આલંબનથી સંસ્કારી મનુષ્યો તે પ્રતિમામાં સાક્ષાત્ જિનેશ્વરને જુએ છે અને તે દ્વારા પોતાના આત્માને આલંબનના સતત સંસ્કારો પડી અભેદ અવસ્થામાં મૂકે છે અનેક પ્રાકૃત મનુષ્યોને તે જડ પાષાણની પ્રતિમા રૂપે દૃષ્ટિગોચર થાય છે પરંતુ સંસ્કારી જનોને તે દૃશ્યની જીવન્તતા પુરવાર થાય છે કેમકે તે વસ્તુદ્વારા તેનો આત્મા શુદ્ધ કોટિમાં દાખલ થયો હોય છેઅને પૌદ્ગલિક—જડ સંસ્કારોનો ભોગ થઈ પડેલા આત્માને ચૈતન્યના શુદ્ધ સંસ્કારો પ્રકટ કરાવી આપે છે શાસ્ત્ર પછી તે લખાયેલું કે છપાયેલું ગમે તે પ્રશસ્ત હોય તે પણ એક દૃશ્ય છે તે પ્રાણીઓને ઉત્તમ માર્ગમાં ગમન કરાવે છે મહાપુરૂષના ગુણગાનને અનુકૂળ સંગીત અથવા વિષયવાસનાને ઉત્તેજક સંગીત ઉભય પ્રકારે મનુષ્યોના હૃદયને હચમચાવે છે સંગીતનું પ્રથમ દૃશ્ય આત્માને મહાપુરૂષની કોટીમાં મૂકે છે જ્યારે અન્ય દૃશ્ય

તેને હલકી કોટિમા ઉતારી પાડે છે આ ઉપરથી શુભ અને અશુભ સ્થિતિઓમાં ઓતપ્રોત કરવા એ દશ્યોનુ સામર્થ્ય છે સંક્ષિપ્તમાં જો તે દશ્યો પ્રાણીઓને આત્માની જાગૃતિ કરાવી આપે તો તે વાસ્તવિક રીતે જીવન્ત દશ્યો છે અન્યથા તે જડ હતા અને છે

પ્રત્યેક દશ્ય મનુષ્યને ગુણદૃષ્ટિ અને દોષદૃષ્ટિ ઉદ્ભવાવે છે એ આ ઉપરથી સ્વત સિદ્ધ થાય છે સનત્કુમાર ચક્રવતીને પોતાનુ જે સુંદર રૂપ અહંકાર કરાવનાર નીવડ્યું હતું તે દશ્ય ક્રમક્રમે વિરૂપાતર ભાવને પામતાં તેમને પોતાને જ ક્ષણવિનાશી તરીકે ભાસ્યું હતું. આ દશ્ય અને તેથી થતા પરિણામોના દશ્યોનો પ્રભાવભિન્ન છે અને પાછળથી તેમને વસ્તુ સ્વરૂપને ઓળખવાની કળા પ્રાપ્ત થઈ ગઈ હતી અને દશ્યને શુભયોગમા પરિણામ પમાડવાની તે કળા વૃદ્ધિ પામી હતી મહાપુરુષોના જીવનચરિત્રો અને ઈતિહાસ એ માનવ જીવન ઉપર પ્રબળ અસર કરનાર દશ્ય છે ઈતિહાસ વડે આપણે આત્મપ્રબોધન કરી સત્પુરુષોની સ્મૃતિ કરવા તત્પર બનીએ છીએ આપણે સંસ્થાઓ સ્થાપી તે દ્વારા જનહિતના કાર્યો હાથ ધરવા તત્પર બનીએ છીએ અને મહાપુરુષોના જીવનનુ અનુકરણ કરવા પ્રગતિમાન થઈએ છીએ આ સર્વ તે દશ્યને અને તેથી પ્રાપ્ત થયેલી બેધવતી કળાને આધીન છે

પૂર્વોક્ત સર્વ પરિસ્થિતિઓ કલ્પના શક્તિને કેળવવાની કળાના પરિણામ રૂપે છે એ નિર્વિવાદ સત્ય છે કારણ કે જ્યારે કલ્પના શક્તિ શુભમાર્ગે ભણી સંચરતી હોય છે, ત્યારે અપૂર્વતા પ્રકટે છે, અને અપૂર્વતા પ્રકટવાથી આપણી ઈચ્છામાં આવે તે સમયે આપણા પરિવેષ્ટનો (Environments) અને આપણી અમાનુષી વલણોને કબજે કરવાને આપણે સમર્થ થઈએ છીએ જીવનમા સામર્થ્યના અને સિદ્ધિના નવા અને અનુકૂળતાવાળા ક્ષેત્રમા પ્રવેશવાની ઇચ્છા પ્રાપ્ત

કરી શક્તિ અને અનુકૂળતા પ્રમાણે પ્રત્યેક દૃશ્યમાં આત્માને લાભકારી જીવન્તપણું પ્રતીત કરવા ઉત્સુક રહેવું જોઈએ શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય વદે છે કે –

યેન યમહુપાયેન યુજ્યતે યન્ત્રવાહક ।
તેન તન્મયતા યાતિ વિશ્વરૂપામણિર્યથા ॥ ૨ ॥

" જે જે ક્રિયામાં ચાલક ઉપાયને જોડે છે, તે તે ક્રિયા તેવાજ રૂપની બને છે જેમ સ્ફટિક રત્ન પાસે ગમે તે રંગનો પદાર્થ રાખવાથી તે તેવા જ રંગથી રંગિત દેખાય છે" પરંતુ આ સ્ફટિક મણિનો સ્વભાવ ચાનકે તજી સ્વરૂપનો આવિર્ભાવ જગત તરફ વિસ્તારવાની જરૂર છે, અને તે જ યન્ત્રવાહકની ખૂબી છે શ્રી ભરત ચક્રવર્તી આરીસાભુવનમાં કરકંડુજી વૃષભની જરાકુલ કાયા જોવાના નિમિત્તથી અને નમિરાજા સ્ત્રીઓના કંકણના ધ્વનિદ્વારા પ્રતિબોધ પામ્યા છે–તે સુપ્રસિદ્ધ છે, એઓએ અનુક્રમે આરીસાભુવનમાં વૃષભમાં અને કંકણમાં જુદું સ્વરૂપ અવલોક્યું છે અને તે ઉપરથી આત્માને જાગૃત કરી સ્વમંતવ્ય સન્મુખ થયા છે–તે જ બતાવી આપે છે કે તેમનામાં દૃશ્યોને જીવંત કરવાની અપૂર્વ કળા હતી અંતરાત્મપણું પ્રાપ્ત કર્યા સિવાય આ સ્થિતિ પ્રાપ્ત કરી શકાતી નથી સર્વ દૃશ્યોને સાક્ષીરૂપે અનુભવતો પ્રાણી આવા પ્રકારની સ્થિતિ (........)માંથી 'अमारात्मारमुद्धरेत –એ સૂત્રાનુસાર શુભાશુભ સ્થેને, આત્મગુણને ઉપકારક બનાવે છે બહિરાત્મભાવ યુક્ત પ્રાણીઓ પોતાની આસપાસના દૃશ્યોથી ઉત્પન્ન થતા સંજોગોને આધીન થાય છે જ્યારે અંતરઆત્માઓ તે સંજોગોને પોતાને સ્વાધીન કરે છે, જેથી સૃષ્ટિના પ્રત્યેક સ્થેને જીવન્ત કરવાની કળા પ્રાપ્ત કરવાની ચોક્કસ જરૂરીઆત છે અને સત્શાસ્ત્ર અનેક હિતપ્રદ દૃષ્ટાંતો દ્વારા ડિમડિમ વગાડીને તેમજ ઉપદેશે છે.

આ પ્ર વિ સ ૧૯૬૯

१३ मनुष्यनी बाल्यावस्था

જે પ્રસંગે પ્રસૂતિગૃહમાં બાળક જન્મે છે અને તરત જ રુદન કરે છે તે વખતે તેને શું કદી ભાન હોય છે કે વિશ્વમાં તેનો જન્મ શાને માટે છે? જીવનના હેતુઓની સંકલનાઓ વિશ્વના પ્રત્યેક પ્રાણીઓની સાથે સદા જોડાયેલી જ હોય છે—એ ભાનની ખબર જેમ જેમ વિકાસક્રમમાં તે પ્રાણી આગળ વધતો જાય છે તેમ તેમ તેને પડતી જાય છે જે જે સંસ્કારો પોતાની સાથે બાળક લેતું આવેલું હોય છે તે સાથે નવા સંસ્કારો પ્રસ્તુત જન્મમાં પ્રાપ્ત થતા જાય છે તે જૂના સંસ્કારો સાથે ભળી જઈ નવું રૂપ ધારણ કરે છે આથી બાળકના મન ઉપર તેની કોમળ અવસ્થામાં પડેલા સંસ્કારો, જો તે યોગ્ય હોય છે તો પૂર્વના અયોગ્ય સંસ્કારોને દૂર કરી તેનું વર્તન ઉચ્ચ બનાવે છે પરંતુ જો અયોગ્ય સંસ્કારોને પ્રયત્નથી કાઢી નાખવામાં આવતા નથી તો તેના મરણ પર્યંત અથવા જન્માંતર સુધી રહે છે

આપણે 'આ મનુષ્યનો આવો સ્વભાવ છે' એમ કહીયે છીએ તે બીજું કાંઈ જ નથી પણ પૂર્વજન્મ તથા વર્તમાન જન્મમાં પડેલા સંસ્કારોનો સમૂહ તથા તે ઉપરથી મનુષ્યના સ્વભાવમાં ઓતપ્રોત થઈ ગયેલી વૃત્તિઓ છે જો આ વૃત્તિઓ પ્રતિકૂળ હોય છે તો મનુષ્યની ઉન્નતિમાં ડગલે ડગલે આડી આવે છે કેમકે નાનપણમાં મન ઉપર પડેલા ખરાબ સંસ્કારો તેના આખા જીવનને દુઃખમય કરી મૂકે છે અગર મોટપણે તેને નિરાશા અથવા નિરુત્સાહપણામાં મૂકે છે પરંતુ નાનપણમાં શુભ સંસ્કારો પડેલા હોય તો આખા જીવનને સુખમય કરી શકે છે આ ઉપરથી સમાજરૂપ શરીરને પોષણ આપી ટકાવવા માટે તેના અંગોપાંગ રૂપ બાળકોને તેમનું જીવન

ઉચ્ચ કેમ બને તેને માટે નિરંતર પ્રયાસ કરવાની નેતાઓને માટે જોખમદારી રહે છે

જો બાળકોનું ભવિષ્ય માબાપ અથવા શિક્ષકના હાથમાં મુકાય છે તો તેમણે પોતપોતાની જોખમદારી સમજવાની પુરેપુરી આવશ્યકતા છે જો તેઓ ન સમજતા હોય તો તે બાળકોનો જીવનપ્રવાહ ભિન્ન ભિન્ન દિશામાં ફરી વળે છે અને તેને માટે તેમજ સમાજને માટે ઉત્તમ ફળની આશા વ્યર્થ જાય છે

બાલ્યાવસ્થામાં ઉત્તમ સંસ્કાર પાડવાને માટે સૌથી પ્રથમ એ કરવાનું હોય છે કે બાળકોને બુદ્ધિમાન મનુષ્યોના સંગમાં જ નિરંતર રાખવા જોઈએ એક ક્ષણ પણ અજ્ઞાન અને બુદ્ધિ વિનાના મનુષ્યોના સહવાસમાં નહિ રાખવા જોઈએ બાળકોનું મન સ્વચ્છ કોરા કાગળ જેવું હોય છે તેના ઉપર ગમે તે લખી શકાય છે તેથી અજ્ઞાન મનુષ્યની સોબતમાં તેના ઉપર જેવું લખવા ધારતા હોઈએ તેવું નહિ લખાતાં ભવિષ્યમાં તેને ગેરલાભ થાય તેવું લખાય છે

માબાપ અથવા શિક્ષકની બેદરકારીથી શરૂઆતથી એવી કુટેવોનો પ્રસંગ બાળકને પ્રાપ્ત થાય છે કે જે ટેવ પછીથી તે દૂર કરી શકતું નથી મા બાપ અથવા શિક્ષકને એક બાળકને કેવી રીતે સમયાનુસાર કેળવવું તેનું જ્ઞાન હોવાની પ્રથમ જરૂરીઆત છે તેના માનસિક બંધારણને ધ્યાનમાં રાખી તેની સાથે જુદી જુદી પદ્ધતિથી કામ લેવાની આવડત સંપાદન કરેલી હોય તોજ મા બાપ અથવા શિક્ષકો એ ફરજ બજાવી શકી શકાય જો કે બાળકને કેળવવાના બંનેના સેના જુદા જુદા છે પરંતુ સાધ્યબિંદુ (Point of View) એકજ છે કે તેનામાં કુટેવ દાખલ થવા ન પામે તેમજ બાળક કંઈ સમજતું નથી, પણ જેવો હલકો છે—વિગેરે શબ્દોથી વારંવાર ટકોર કરવી—એવા વિચારથી દૂર રહેવું જોઈએ

શિશુના જે બીજો બાલ્યાવસ્થામાં નખાયેલા હોય છે તે પોતાને અનુરૂપ ફળોથી ભરપુર યુવાવસ્થામાં વૃક્ષ બને છે ઝાડના મૂળમાં પાયેલું પાણી જેમ સર્વાંગે પોષણ આપે છે તેમ, બાળમનુ જીવન શુભ સંસ્કારોથી ભર્યું હોય તો એક મનુષ્ય તરીકે તેની કારકીર્દી ઉચ્ચ નિવડે છે અને સ્વપર હિત અનેક પ્રકારે સાધી શકે છે

બાળક અને બહિરાત્મા મને જડ-અજ્ઞાન છ એક વ્યવહારથી અજ્ઞાન છે, બીજો પરમાર્થથી અજ્ઞાન છ, બહિરાત્માની ઉંચી સ્થિતિ કરાવે માટે અંતરાત્માઓએ-જ્ઞાનીઓએ શાસ્ત્રદ્વારા અનેક દૃષ્ટાંતોથી જુદા જુદા દૃષ્ટિબિંદુથી શિખામણ આપી સન્માર્ગે વર્તાવવા પ્રયત્ન કર્યો છે તેમ બાળકો માટે તેમના મા બાપો અને શિક્ષકોએ તેમ નાના ભય ક્રોધ અહંકાર-હઠીલાઈ વિગેરે દુર્ગુણોથી તેઓ બચવા પામે અને હિમ્મત-સહનશીલતા-સત્યપ્રિયતા-ઉદારતા વિગેરે સદ્ગુણો ખીલવા પામે તેવા પ્રયાસોની આવશ્યકતા છે જેવો થવાની તું ઉચ્ચ અભિલાષા ધરીશ તેવોજ તું થઈ શકે તેમ છુ તા શાથી થઈ શકે તે તેને સમજાવવાની જરૂરીઆત છે

જે જે ટેવો બાળકોમાં પાડવાની અગત્યતા જણાય તે તે જેમ તેમ વારંવાર આચારમાં મૂકવી જોઈએ જિનપૂજા સામાયિક આદિ શ્રાવક તરીકેના આચારને પ્રથમથી જ ગ્રહણ કરાવવો જોઈએ તે બોજારૂપે તેને પડે તેમ નહિ પરંતુ સમ્મત સાથે તે તે આચારોને પ્રેમથી પાળે તેવી રીતે તેવા સંયોગોમાં પાલન કરાવવું જોઈએ

બાળકો સંબંધી ઉચ્ચ ભાવના જ્યાં સુધી આપણને પ્રકટી હોતી નથી ત્યાં સુધી સમાજ અને ધર્મના સ્તંભો બનાવવાની આશા વ્યર્થ છે એક અંગ્રેજ લેખક કહે છે કે 'પ્રભુએ પ્રથમ પુરુષને ઉત્પન્ન કર્યો, પછી એથી ચઢીઆતી સ્ત્રી ઉત્પન્ન કરી અને છેવટે સૌથી ઉત્તમ બાળકો ઉત્પન્ન કર્યાં ' અને કવિ ભવભૂતિ પણ બાળકને

પતિ-પત્નીના સ્નેહની આનંદગાંઠ કહે છે પણ બાળક સંબંધી આ ઉચ્ચ ભાવનાને અનુકૂળ આપણું તેઓ પ્રત્યે વર્તન છે? આ પ્રશ્નનો ઉત્તર નકારમાં જ આપણે આપવો પડશે એક માળી આંબાનું ઝાડ ઉછેરવા પાછળ જેટલી કાળજી લે છે, તેની અડધી કાળજી પણ આપણે દેશની ભવિષ્યની પ્રજાને કેળવવા તરફ રાખતા નથી

મુખ્યત્વે કરીને મા-બાપો બાળકોને નિશાળમાં મોકલવા તે કરતાં પોતાનું અધિક કર્તવ્ય સમજતા નથી બાળકો શું અભ્યાસ કરે છે, આખા દિવસમાં તે પ્રથમ કરતાં કેટલો આગળ વધ્યો—તે તપાસવાની ફુરસદ પણ હોતી નથી આથી પરિણામ એ આવે છે કે તેનામાં કુટેવો વીજળીના ઝડપે દાખલ થતી જતી હોય છે અને પરિણામે તે અનિવાર્ય નીવડે છે પછીથી આપણે આનામાં કુટેવો કેમ પડી તેનો તેને ઠપકો આપીએ છીએ દિલગીર થઈએ છીએ અને સરવાળે દેશ અને ધર્મને હાનિમાં મૂકીએ છીએ

પાંચથી દશ વર્ષ બાલ્યાવસ્થામાં કેળવણી કેવી આપવી જોઈએ અને કેવી પદ્ધતિથી હોવી જોઈએ તે સંબંધી માતાઓમાં શું પણ પિતાઓમાં સંપૂર્ણ અજ્ઞાન હોય છે બાળકના તન મન અને આત્મા ખીલવવા માટેના પુસ્તકો વાંચી પિતા અને માતાએ તૈયારી કરવાની આવશ્યકતા ઉપર જ બાળકનો ભવિષ્યનો આધાર છે—એ વાત પુનરુક્તિનો દોષ વહોરી લઈને પણ કહેવું પડે છે

વીર પરમાત્માને માટે શ્રીમદ્ ઉમાસ્વાતિવાચક "ભાવિત ભાવા ભવેષ્વનેકેષુ" કહેતા સાથે એમ દર્શાવે છે કે પરમાત્માના સદ્‌ગુણોનો અભ્યાસ અનેક જન્મોથી દૃઢ થતો ચાલ્યો આવતો હતો મતલબ કે સંસ્કાર એ એક જાતનું બળ છે તેનું મૂળ વહેતું મોટું પુરુષાર્થ અને ભાવિના નિયમાનુસાર આત્માને મળી જાય છે જ્યાં

સુધી અમુક સસ્કાર દૃઢ થતો નથી ત્યાં સુધી તે ક્રિયારૂપે દેખાવ દેતો નથી ત્યારે મહત્વની એ બાબત છે કે બાળકને પ્રથમથી જ સારા સસ્કાર મળવા જોઈએ

બાલ્યાવસ્થામા આપણને સ્થૂળદૃષ્ટિએ ખબર ન પડે તેમ બાળકમાં મોટા મનુષ્ય જેવા મનના વિકારો બીજરૂપે માલમ પડે છે ઈર્ષ્યા, સ્વાર્થ, લોભ ક્રૂરતા વિગેરે મનના સ્વભાવો બાળકોમા પણ જોવામા આવે છે આ સર્વ જન્માતરપણુ સાબીત કરે છે, એટલુ જ નહિ પણ જન્માતરમા પ્રાપ્ત કરેલી ટેવોના એ સર્વ બીજો છે એ બીજોનુ પોષણ મોટી ઉમ્મરે શાખા પ્રશાખાથી ભરચક વૃક્ષ રૂપે જોવામા આવે છે

મગજને યાદ રાખવાનો શ્રમ ન પડે અને સ્મરણશક્તિ વધે એવી યોજના પ્રત્યેક નૈતિક અથવા ધાર્મિક શિક્ષણમા થવી જોઈએ શારીરિક કેળવણીને માટે કસરતને પણ બીલકુલ ભૂલી જવાની નથી. શરીર અને મનનો તેની સાથે સબધ ઘણો જ નિકટ સબધ છે આહાર—નિદ્રા—સ્થાન—હવા—પર્યટનના નિયમોનુ પાલન કરાવવામા સુન્દર યોજનાઓ—પ્રાચીન ગુરુકુળ જેવી સસ્થાઓ ખોલી બરાબર કરાવવી જોઈએ તેમજ બાલોપયોગી પુસ્તકો પણ વિદ્વાનોની પ્રૌઢ કલમોથી લખાવી સૃષ્ટિના મનોહર દેખાવો કલ્પના શક્તિને જગાડે તેવા ચિત્રો, અને ગમ્મત સાથે જ્ઞાન થાય તેવા પૂર્વના તેમજ અર્વાચીન મહાત્માઓના દૃષ્ટાતો—વાર્તાઓથી સમૃદ્ધ કરી યોજવાની જરૂર હોવા છતા સમાજ અને ધર્મને ઉપયોગી થઈ પડે તેવા બાળકો તરફ જે દુર્લક્ષ્ય જોવામા આવે છે તે સપૂર્ણ રીતે ખેદજનક છે

દ્રવ્યનો વ્યય બાળકોને કેળવવા પાછળ જો કે તેમના ભવિષ્યના જીવનના ઉપયોગીપણા તરફ દૃષ્ટિપાત કરતાં નજીવો છે છતાં જો

થાય છે તેનો પણ ઉપયોગ તેમની મગજશક્તિ કેળવવામાં નહિ પણ તેના ઉપર બોજો લાદવારૂપ થાય છે

જૈન દર્શનના સિદ્ધાંતો એવા સુંદર પાયા ઉપર રચાયેલા છે કે જેને માટે યુરોપીય તત્ત્વજ્ઞોને પણ તારીફ કરવી પડી છે તેમજ દુનિયાના દરેક પ્રાણી-પદાર્થ ઉપર જે સિદ્ધાંતો પ્રકાશ નાખે છે તે સિદ્ધાંતોને નિયમસર સમજાવી બાલ્યજીવનકાળથી શુભ સંસ્કારો પાડવામાં આવે તેમજ તે બાળકોના તન, મન, અને આત્માને ઓછામાં ઓછાં વીશ વર્ષ નિયમાનુસાર કેળવવામાં આવે તો જૈનદર્શનની મહત્ત્વતા અત્યારની સમયાનુકૂળ દૃષ્ટિએ પ્રકાશમાં લાવી શકાય

આ રીતે સમાજ અને ધર્મ-ઉભયની ઉન્નતિ માટે બાલ્યાવસ્થા એ ઉત્તમોત્તમ મૂળભૂત સાધન છે તે તરફ જ્યાં સુધી ઉચ્ચ દૃષ્ટિબિંદુથી જોવામાં નહિ આવે અથવા તેને ઉચ્ચ સ્વરૂપમાં કેળવીને સુંદર ભૂમિકા તૈયાર કરવામાં નહિ આવે ત્યાં સુધી *વસુંધરા*—એ પદની સાર્થકતા કદાપિ થવાની નથી એ નિર્વિવાદ છે

આ પ્ર વિ સં ૧૯૭૪

૧૪ વિશ્વમાં આત્માનું સ્થાન

આ જગત્ અનેક મનુષ્યોને જરા મરણ કષ્ટ વ્યાધિ અને સર્વ પ્રકારના દુઃખોથી ભરેલું જણાય છે સંસાર તેમને દાવાનળ જેવો ભાસે છે અને તેમના અંતઃકરણની સ્થિતિ ફાંસીની સજા પામેલા કેદી જેવી હોય છે તેઓ દીન અને નિરાશાથી ભરપૂર રહ્યા કરે છે

પરંતુ જે આત્માઓ 'અમે' કોણ છીએ? કઈ કોટિના છીએ? અમારું અસ્તિત્વ (existence) આ જગતમાં ક્યા હેતુઓ સિદ્ધ કરવાને માટે છે? અમારું જીવનસૂત્ર શું હોવું જોઈએ? સ્વાર્થત્યાગ (Self-sacrifice)—અમારા જીવનમાં-ઉત્તમોત્તમ સદ્‌ગુણ કેટલે અંશે પ્રાપ્ત કર્યો છે? આ અને આવા અનેક પ્રશ્નો પોતાના વિચાર દ્વારા ઉત્પન્ન કરી અંતઃકરણને જાગૃત કરી શક્યા છે તેઓને એજ જગત દુઃખમાત્રથી રહિત તેમજ સુખ અને આનંદથી ભરેલું પ્રતિબિંબિત થાય છે.

આ રીતે સમજણના ભેદથી એક મનુષ્ય અનંત દુઃખપૂર્ણ જગતમાં વસે છે ત્યારે બીજો મનુષ્ય દૃષ્ટિભેદ હોવાથી સુખપૂર્ણ જગતમાં વસેલો હોય છે. બંનેની ભૂમિકા જુદી હોવાથી—જ્ઞાન દૃષ્ટિમાં તફાવત હોવાથી દુઃખ સુખનો અનુભવ કરવામાં પણ તફાવત પડેલો હોય છે.

જ્ઞાનની વિકાસવાળી સ્થિતિમાં કોઈ સ્થાને દુઃખ દેખાતું નહિ હોવાથી તે ભાન સ્થાયી રહે છે. દુઃખવાળો મનુષ્ય દુઃખ જ્ઞાનની ભૂમિકામાં પ્રવેશ થતાં જતું રહે છે આથી જે દુઃખ અસ્થિર છે અને જ્ઞાનના પ્રકાશમાં લુપ્ત થઈ જાય તેવું છે તે ખરેખર સત્ય નથી પરંતુ તે દુઃખનું સંશમન કરવાની આત્મશક્તિ જે આનંદથી તે દુઃખને વેદે છે, તે આનંદ સત્ય છે.

સુખવાળી અવસ્થા પ્રગટ કરવા માટે સ્થાન (Place) અને સંયોગો (Circumstances) બદલવાની આવશ્યકતા છે પરંતુ ખરેખરી અગત્યતા સ્થિતિ વિશેષ (Self-Change) ની છે. સ્થિતિ બદલાતાં સંયોગો અને સ્થાનનો પ્રભાવ પણ બદલાઈ જાય છે. મનની સ્થિતિ બદલતા મરુભૂમિ નંદનવન બની જાય છે. પરંતુ આ સ્થિતિનું

રૂપાંતર કોણ કરી શકે? એના ઉત્તરમા કહેવુ જોઈએ કે—
"આત્મબળ પ્રાપ્ત કરનાર મનુષ્ય"

આ વિષયમા મુખ્યત્વે કરીને ત્રણ પ્રકારની કોટિવાળા મનુષ્યો રંગભૂમિ ઉપર દેખાવ દેતા જોવામા આવે છે પ્રથમ પ્રકારના મનુષ્યો નો બુદ્ધિ વિકાસ બહુ જ અલ્પ પ્રમાણમા થયેલો હોવાથી તેમની પ્રત્યેક ક્રિયાઓ ગતાનુગતિક–ફ્રેનોગ્રાફના યંત્ર જેવી હોય છે આવા મનુષ્યોને પોતાના શરીરનુ પોષણ અને પોતાની જરૂરીઆતોને પુરી પાડવા સિવાય બીજી કાંઈ પરવા હોતી નથી એમના વિચારનો વિષય આહાર નિદ્રા અને ઇંદ્રિય તૃપ્તિ સિવાય હોતો નથી જૈનદષ્ટિએ આ આત્માઓ "બહિરાત્માઓ" કહેવાય છે "હું" એટલે આત્મા એવું ભાન તેઓને આ કોટિમાં નથી ભક્ષ્યાભક્ષ્ય અને પેયાપેય વિવેક રાખતા નથી સારા ખોટાંની વહેચણી કરી શકતા નથી સ્વાર્થની ખાતર વારવાર ક્રોધ–અભિમાન અને અસૂયાની લાગણી પ્રદર્શિત કરે છે અથવા માનસિક નબળાઈને લીધે પરનિંદામાં પ્રવૃત્ત થતા જોવામા આવે છે એમની ધાર્મિક ક્રિયાઓ મુખ્યત્વે કરીને ગતાનુગતિક હોય છે પરહિત માટે અથવા આત્માની મુક્તિ મેળવવા માટે તે તે ક્રિયાઓ કરવાની જરૂરીઆત તેઓ સ્વીકારતા નથી ત્યાગનો સિદ્ધાંત ઉપર ઉપરથી સમજતા હોય છે તેમનુ આદરેલુ તપ સકામનિર્જરા માટે હોતું નથી તેમના ઉપવાસો આત્મબળ પ્રાપ્ત કરવા માટે નહિ પરંતુ લંઘન પુરતા હોય છે દરેક સારી અથવા ખોટી ગમે તે હકીકતોમાં "હાજી હા" કરીને વિવેકની વિચાર કર્યા વગર તુરત ભળી જાય છે સ્વતંત્ર વિચારનો તો અહીં અવકાશજ નથી જિનપૂજા આદિ કૃત્યો કુળધર્મના એક આચાર તરીકે માનીને કરતા હોય છે

અમુક 'સારૂં' અથવા અમુક "ખોટુ" એ ભાવના તરફ વિવેકથી જાગૃત થતો મનુષ્ય બીજી કોટિમાં પ્રવેશ કરવાને લાયક

જણાય છે અહીં પ્રશસ્ત રાગની મુખ્યતા હોય છે ક્રોધ અને ધિક્કારની જે લાગણીઓ પતિના ખાતર પ્રગટ થતી હતી તે હવે ઉપયોગી અને અન્યને હિતકારી પરિણામવાળી પરિસ્થિતિમાં પ્રકટે છે સ્વપરનુ હિત આ કોટિના મનુષ્યો યુક્તિથી જુદી જુદી લાગણીઓ પ્રદર્શિત કરી સાધતા હોય છે એમની યુક્તિઓ સ્વાર્થ સાધવા માટે હોતી નથી પરંતુ સ્વપરના હિતની ખાતર જ યોજાય છે પ્રશંસા કીર્તિ વિગેરેની દરકાર કરતા નથી ખાનપાનમાં મિતાહારી હોય છે આ કોટિમાં સ્વાર્થ ત્યાગની ઉમેદવારી મનુષ્યો કરતા હોય છે પ્રત્યેક ક્રિયાઓ સમજણ અને હેતુપૂર્વક કરતા હોય છે આત્માને અહીં તેઓએ ઓળખી લીધેલો હોય છે જીવન કોઈ ઉચ્ચ હેતુ માટે છે એવુ ભાન અહીં નિરંતર તેમને જાગૃત હોય છે ઇંદ્રિયના વિકારો ઉપર સંયમન અને તેનુ રાખવા પ્રયત્નશીલ જણાય છે તેમનો વ્યવહાર એવો સુંદર હોય છે કે બીજાઓ તેનુ અનુકરણ કરવા લલચાય છે આ કોટિના મનુષ્યોને સારા ખોટાની પરીક્ષા હોવાથી એક મનુષ્યના ગેરવ્યાજબી વર્તન સામે તેમનો તિરસ્કાર હોય છે પરંતુ માનસિક નબળાઈ હોવાથી તેઓ તે ગેરવ્યાજબી વર્તન અટકાવી શકતા નથી અથવા નિરુપાયપણુ " જાહેર કરે છે સ્વતંત્ર વિચારક હોય છે, છતા સ્વતંત્ર વાતાવરણ " ઉત્પન્ન કરી શકતા નથી. તેઓ પોતાના વડીલોના ગેરવ્યાજબી અને અન્યાયી વર્તન હોવા છતાં પણ અસાધારણમાન દૃષ્ટિથી જ જુવે છે તાત્પર્ય કે તેઓને અંદરથી જુઠાણા તરફ તિરસ્કાર હોવા છતા તેઓ કામ ચલાવી લેવાની વૃત્તિવાળા હોવાથી મધ્યમકોટિના મનુષ્યો કહેવાય છે આ મનુષ્યો અનેક ધંધાઓ-ખાતાઓ ચલાવે છે અને ગડમથલ પણ તેના પ્રમાણમાં કરતા હોય છે પરંતુ તેમનુ લક્ષ્યબિંદુ (Point of View) નિર્દોષ હોવાથી વિશ્વને આવા મનુષ્યોની ખાસ જરૂર હોય છે શરીરબળ અને મનોબળનો વિકાસ આ કોટિના મનુષ્યોને ખાસ જરૂરી (Necessary) લાગે છે, તર્ક અને વિવાદો આ કોટિના મનુષ્યોને પ્રિય હોય છે જ્ઞાનપ્રાપ્તિ

કરી પ્રશ્નોની ચર્ચાઓ ઉપસ્થિત કરે છે, અને તે દ્વારા અમુક સિદ્ધાંતનો નિર્ણય પ્રાપ્ત કરવા પ્રેરાય છે આ કોટિમા જો મનુષ્યોની માનસિક નિર્મળતા વધારે પ્રમાણમા રહેલી હોય છે તો નિર્મળપણે સર્વ સહન કરી ચલાવી લેવાની ટેવ રાખતાં જણાય છે અને જો સબળતાનુ પ્રમાણ વધારે હોય છે તો ક્રોધાદિ લાગણીનો પ્રવાહ અન્યને નુકશાન કરવા સુધી પહોચી જાય છે જોકે "સમતોલપણુ" એ આ કોટિના આત્માઓનુ જીવન સૂત્ર હોય છે છતા પૂર્વસસ્કારો તેમને તે કોટિમાથી ચ્યુત કરી શકે છે

ત્રીજી કોટિના આત્માઓનો જીવનમત્ર "અભેદતા" હોય છે તેઓ શાત અને ગભીરતાથી દરેક કાર્ય ઉકેલતા હોય છે આત્મશક્તિ સબળ બનવા છતાં શાતિને ચાહનારા હોય છે પ્રથમ કોટિમાં જે શાતિ નિર્બળતાથી નિરુપાયે રાખવી પડતી હતી તે આ કોટિવાળા મનુષ્યો સબળતાથી ઇચ્છાપૂર્વક રાખી શકે છે જ્યારે જ્યારે નિસ્વાર્થ કાર્ય તેમના હાથે બને છે ત્યારે ત્યારે સ્વાભાવિક શાતિ પ્રકટી નીકળે છે પૂર્વાવસ્થાના બાળ ખ્યાનો તરફ હસવુ આવે છે તેમજ અત્યાર સુધીના વર્તન માટે પશ્ચાતાપ પ્રગટે છે મૃત્યુને આફત તુલ્ય નહિ માનતાં વર્તમાન જીવનનો થાક ઉતારવા તુલ્ય માને છે પરમાત્મા પાસે મુક્તિની માગણી નહિ કરતા આ કોટિના આત્માઓ આત્મા અને પરમાત્માનું ઐક્ય સાધવાની અભિલાષાવાળા હોય છે જનસમુદાયના દુખો પોતાના માની લીએ છે સ્વતત્ર વિચારક હોઈ સયોગો તપાસી પોતાનુ વિચારવાતાવરણ મજબૂત કરે છે, મન વચન અને ક્રિયાથી સર્વનુ હિતજ ઇચ્છે છે મૈત્રી પ્રમોદ કારુણ્ય અને માધ્યસ્થ ભાવનાઓનુ બળ નિરતર પોતાના આત્મામાં રેડ્યા જાય છે સુખ દુખને સમભાવથી વેદવાની કળા આ કોટિએ સિદ્ધ થતી હોય છે આ કોટિએ રહેલા આત્મા ઉપરનો જનસમાજનો વિશ્વાસ પ્રચડ હોય છે પ્રેરણા બળ વડે સખ્યાબધ આત્માઓને ઉચી કોટિએ મુમ્વાની

પ્રબળ ઇચ્છાવાળા હોય છે તેમની પ્રત્યેક ક્રિયાઓ આત્મા સાથે ઓત પ્રોત થયેલી હોય છે, દરેક સ્થાનેથી ગુણને જ ગ્રહણ કરે છે દોષ દૃષ્ટિ અહીં હોતી જ નથી, અસત્યની સામે સમગ્રપણે વિરોધ ઉઠાવે કરે છે પરંતુ તેમનું આત્મબળ દૃઢ હોવાથી વિજયવંત નીવડે છે આ અવસ્થા જૈન દૃષ્ટિએ અંતરાત્માની ઉચ્ચ કોટિ ગણાય છે

આ પ્રકાર મનુષ્યો ભિન્ન ભિન્ન કોટિમાં વર્તતા હોય છે, પરંતુ તેથી ઉપરની કોટિવાળા મનુષ્યો નીચેની કોટિવાળા મનુષ્યોને ઉતરતા પ્રકારની નજરથી જોતા નથી પરંતુ તેઓ એમ માને છે કે વિશ્વના અચળ નિયમ પ્રમાણે જે બનવા યોગ્ય હોય છે તેમજ બન્યું હોય છે જે પરિસ્થિતિનું વાતાવરણ વર્તમાન કાળમાં જે કોટિવાળા આત્માઓમાં દેખાય છે તે તેમની પૂર્વ પ્રયોગની ક્રિયાનું ફળ છે એમાં આશ્ચર્ય જેવું કશું હોતું નથી—એમ તેઓ માનતા હોય છે નીચી કોટિવાળા મનુષ્યો લમણે હાથ દઈ બેસી રહેતા નથી પરંતુ આત્માઓની કોટી કેમ ઉચ્ચ થાય તે માટે જીવનપર્યંત પ્રયત્નશીલ રહે છે અને પોતાનાથી બની શકે તેટલું કરી પણ શકે છે તેમનું મુખ સદા પ્રસન્ન હોય છે તેમને બીજા શુભ આત્માઓની અધોગતિનો ખેદ અંતરંગમાં વર્તતો હોય છે પરમાર્થના અચળ માર્ગમાં તેમનું પ્રયાણ હોય છે ગૃહસ્થજીવનમાં રહેતો આવી ઉચ્ચકોટિની પરિપાલના કરે છે અથવા તેથી આગળ વધી નિષ્કામ સાધુજીવન ગાળતો હોય છે પ્રમાદ અને આલસ્યનો ભોગ નહિ થઈ પડતાં ઉત્તરોત્તર એ કોટિમાં આગળ પગલાં ભરતા હોય છે

પ્રત્યેક આત્મા માટે વિશ્વમાં ઉચિત સ્થાન યોજાયેલું છે અવસ્થાના રૂપાંતરને આપણે—આમ કેમ બન્યું ? એમ ઉચ્ચારીએ છીએ દરેક આત્મા વિકાસ વડે જૂદી જૂદી અવસ્થાવાળા સ્થાનમાં નિયત થાય છે જેમ જેમ આત્મસ્ફુરણા-માનસિક બળ વધતા જાય છે તેમ તેમ પશુજીવનમાંથી મનુષ્યજીવન અને મનુષ્ય જીવનમાંથી દિવ્ય જીવનની

કરી પ્રશ્નોની ચર્ચાઓ ઉપસ્થિત કરે છે, અને તે દ્વારા અંતનો નિર્ણય પ્રાપ્ત કરવા પ્રેરાય છે આ કોટિમા જો માનસિક નિર્બળતા વધારે પ્રમાણમા રહેલી હોય છે તો સર્વ સહન કરી ચલાવી લેવાની ટેવ રાખતા જણાય છે સબળતાનુ પ્રમાણ વધારે હોય છે તો ક્રોધાદિ લાગણીનો પ્રવાહ નુકશાન કરવા સુધી પહોચી જાય છે જોકે "સમતોલપણુ" કોટિના આત્માઓનુ જીવન સત હોય છે છતાં પૂર્વસંસ્કાર તે કોટિમાથી ચ્યુત કરી શકે છે

ત્રીજી કોટિના આત્માઓનો જીવનમંત્ર "અભેદતા" હોય તેઓ શાંત અને ગંભીરતાથી દરેક કાર્ય ઉકેલતા હોય છે આત્મ સબળ બનતા છતા શાંતિને ચાહનારા હોય છે પ્રથમ કોટિમાં શાંતિ નિર્બળતાથી નિરુપાયે રાખવી પડતી હતી તે આ કોટિના મનુષ્યો સબળતાથી ઈચ્છાપૂર્વક રાખી શકે છે જ્યાર જ્યારે નિરવા કાર્ય તેમના હાથે બને છે ત્યારે ત્યારે સ્વાભાવિક શાંતિ પ્રગટી નીકળે છે પૂર્વાવસ્થાના બાળ ખ્યાલો તરફ હસવુ આવે છે તેમજ અત્યાર સુધીના વર્તન માટે પશ્ચાત્તાપ પ્રગટે છે મૃત્યુને આફત તુલ્ય નહિ માનતાં વર્તમાન જીવનનો થાક ઉતારવા તુલ્ય માને છે પરમાત્મા પાસે મુક્તિની માગણી નહિ કરતા આ કોટિના આત્માઓ આત્મા અને પરમાત્માનુ ઐક્ય સાધવાની અભિલાષાવાળા હોય છે જનસમુદાયના દુખો પોતાના માની લીએ છે સ્વતંત્ર વિચારક હોઈ, સંયોગો તપાસી પોતાનુ વિચારવાતાવરણ મજબૂત કરે છે, મન, વચન અને ક્રિયાથી સર્વનુ હિતજ ઈચ્છે છે મૈત્રી પ્રમો , કારુણ્ય અને માધ્યસ્થ ભાવનાઓનુ બળ નિરંતર પોતાના આત્મામાં રમ્યા જાય છે સુખ દુખો સમભાવથી વેઠવાની કળા આ કોટિએ સિદ્ધ થતી હોય છે આ કોટિએ રહેલા આત્મા ઉપરનો જનસમાજનો વિશ્વાસ પ્રચંડ હોય છે પ્રેરણા બળ વડે સંખ્યાબંધ આત્માઓને ઉચ્ચ કોટિએ મુકવાની

અમોઘ સિદ્ધિને સંપાદન કરે છે

સ્વાર્થ અને પરમાર્થ ઉભય વૃત્તિઓ પ્રાણીઓની પૂર્વ સંસ્મારથી ઘડાયની અવનત તથા ઉન્નત અવસ્થાઓ છે જે માનસ મંદિરમાં સ્વાર્થના આવેગોએ પોતાનું રહેઠાણ રોકેલુ છે તેવા પ્રાણીઓનુ મન વ્યવહારમા દરેક પ્રાણીઓ સાથેના પ્રસગમાં પોતાની ઇચ્છાઓ કેમ તૃપ્ત થાય તેની ધૂનમાં ભમતું હોય છે અથવા અન્યના દ્રવ્યના, જ્ઞાતિના તથા હિતના ભોગે પણ કેવી રીતે સ્વાર્થસંપન્ન થવુ તેના મણકા મૂક્યા કરતું હોય છે બીજી તરફ નિસ્વાર્થ વૃત્તિમાં સસ્કાર પામેલુ મન પોતાના કબજામાં રહેવા સ્થાવર અને જગમ સર્વ પદાર્થોની આવકજાવકની દરકાર રાખ્યા સિવાય માત્ર પરહિતને જ ખુણામા પણ ખોળતુ હોય છે અને તે જ્યારે પ્રાપ્ત થાય તેની જ પ્રતીક્ષા કરતુ રહે છે

દુનિયામાં ત્રણ પ્રકારના મનુષ્યો હોય છે કેટલાએક પોતાનુ હિત અચ્છી રીતે જાળવી રાખી તેનો ભંગ ન થતો હોય ત્યાસુધી અન્યના હિતને સાચવવા પ્રયત્ન કરે છે પરંતુ પોતાના હિતનો ભોગ આપવાનો સમય આવતા અન્યના હિતથી પોતાનો સબધ મૂકી દે છે આ મધ્યમ પંક્તિના મનુષ્યો છે જેઓ માત્ર પોતાની સ્વાર્થ વૃત્તિનેજ અનુસરી સદા પોતાની સ્વાર્થસાધનામા જ તત્પર રહે છે અને તેને અંગે બીજાઓને નુકશાન કરતા જરા પણ અચકાતા નથી તેઓ કનિષ્ઠ મનુષ્યો છે પરતુ એવા ઉત્તમ પંક્તિના મનુષ્યો વિરલ છે કે જેઓ પોતાનુ સ્વાર્થીપણુ દૂર કરી દિવ્ય દ્રષ્ટિવડે પરમાર્થનુ સ્વરૂપ નિહાળી નિસ્વાર્થપણે પ્રાણી માત્રના હિતમા પ્રવૃત્ત હોય છે સ્વાર્થ બુદ્ધિ તજવી એ કાંઈ ઓછી મુશ્કેલ બાબત નથી કેમકે તે અનાદિ સસ્કાર સાથે ગાઢ થયેલી છે દુનીઆના ચાલુ વ્યવહારમા પણ સ્વાર્થ વગરના પ્રાણીઓ બહુજ જુજ પ્રમાણમાં દ્દષ્ટિગોચર થાય છે

કોટિએ પ્રાપ્ત થાય છે તેથીજ શ્રીમદ્ યશોવિજયજી કહે છે તેમ-

यदा न प्रेयत चित्त, चि मात्र प्रतिबधत ।
अनादि वासनाघातैस्तदा त परम सुख ॥

જ્યારે ચિત્ત અનાદિ સસ્કારરૂપ પવનથી ચલિત થતું નથી તેમજ ઉપગના જ્ઞાનવડે સકુચિત થતું નથી ત્યારેજ વાસ્તવિક સુખની પ્રાપ્તિ થાય છે"

તાત્પર્ય કે-સસારના અનેક સુખદુ ખના પ્રસગો ઉપર આત્મબળનો નિરતર ઉપયોગ અને તે વડે ઉત્પન્ન થતો આનદ એ આ વિશ્વમા આત્માઓનુ ઉચ્ચતમ સ્થાન છે

આ પ્ર વિ સ ૧૯૭૪

૧૫ નિઃસ્વાર્થ વૃત્તિ કયી હોઈ શકે?

દશ દષ્ટાંતો વડે દુર્લભ ગણાયલા આ મનુષ્યજન્મ પામ્યા છતાં જે પ્રાણીઓ હેય-ઉપાદેયના સ્વરૂપથી વિમુખ રહી અન્ય પ્રાણીઓના લાભને તિલાંજલી આપી માત્ર પોતે માની લીધેલા પૌદ્ગલિક અર્થસાધક હિતને મુખ્ય કરી પ્રવૃત્ત થયેલા હોય છે, તેમની તે પ્રવૃત્તિઓ સ્વાર્થવાળી હોઈ, જે પ્રવૃત્તિઓ વડે તે પ્રાણીઓ પોતાને ઈષ્ટ સિદ્ધિ પ્રાપ્ત થયેલી માન્ય કરે છે તેજ પ્રવૃત્તિઓ વાસ્તવિક રીતે તેમના અતરને મલિન કરતી હોય છે-એમ શાસ્ત્રો ડિંડિમ વગાડીને કહે છે આમ હોવાથી વસ્તુત પોતાનું અને પરનું હિત શું છે, તેનો વિવેક જાણવાની પૂર્ણ આવશ્યકતા છે જેથી આ જરૂરિયાતને અમલમાં મૂકવા વડે નિ સ્વાર્થવૃત્તિનુ પોતાનુ યથાર્થ પરમાર્થ-ફળ પ્રાપ્ત કરે છે અને આપ્ત પુરુષોવડે નિર્ણિત થયેલી

મુખ્યા મનુષ્યો તેની ખાતર જો તેઓ મડળના નાયક અથવા નેતા હોય છે તો સમગ્ર મડળને કોઈ પણ સ્વાર્થી તૃપ્તિને ખાતર ઘણુ વારમાં કોઈ સ્થિતિમાં મૂકી દે છે આમ હોવા છતા એવા પણ કેટલાક વૈદો વકીલો, જજો વ્યાપારીઓ અને કીર્તિવાળો હોય છે કે જેઓ પ્રમાણિકપણાનો મુકુટ પહેરી પોતાની મર્યાદામાં ઉન્નત પૂર્ણ જોરનો ધક્કાને અને નાખવો ઘટે તેનો લોભ રાખી બીજાને છેતરવાથી મનાતી પોતાની સ્વાર્થસિદ્ધિને ધુનકારી કાઢે છે અને સત્યમાર્ગ ઉપર ચિરકાળ ટકી રહે છે

પિતા અને પુત્રનો સબધ ધારણ કરનાર પ્રાણીઓમાં પણ સ્વાર્થબુદ્ધિ નિરકુશ પણે વિચરે છે એક પિતા અમુક પુત્ર ઉપર રાગ હોઈ બીજા પુત્રને હાંકી કાઢી પોતાની મીલકતનો મોટો ભાગ તેને આપવા ઇચ્છે છે બીજી તરફ અમુક પુત્ર પોતે જ મલકતનો સ્વામી થવા સ્વતત્ર માર્ગો શોધતો હોય છે પરતુ વિરલ પિતાઓ અને વિરલ પુત્રો ન્યાયદષ્ટિએ વર્તન કરી, એક બીજાની યોગ્યના જાગતી રાખી સ્વાર્થવૃત્તિથી વિદૂર રહી ધાર્મિક વર્તન બનાવતા હોય છે

સ્વાર્થના કેફમાં મગ્ન થયેલા સમાવડાઓ પણ અમુક પ્રાણીઓને મધમાખીની પેઠે મધની લાલસા માટે વળગી રહે છે જ્યાં સુધી ધન રૂપી મધ રહેલુ હોય છે ત્યાં સુધી તે પ્રાણીઓની સેવા કરે જાય છે પરતુ જ્યારે તે ખુટી જાય છે ત્યારે પોતાનુ સ્વાર્થીપણુ જગતની દૃષ્ટિએ ઉઘાડુ પાડે છે અને સ્વાર્થીપણામાં કૃતઘ્નપણાનો એક વધુ દુર્ગુણ ઉમેરાય છે જેથી તે મનુષ્યો નિંદાને પ્રાપ્ત બને છે સ્વાર્થી નોકરોની પણ તેમના શેઠ પ્રત્યેની આવી જ સ્થિતિ હોય છે

પોતાના અગત અને નિકટ સ્નેહીનુ મૃત્યુ થતાં વિયોગવડે

અનેક મિત્રો પરસ્પર મૈત્રીબંધન જોડે છે ખાવુ, પીવુ, હરવુ-ફરવુ વિગેરે ક્રિયાઓ સમભાવીપણે કરતા હોય છે પરતુ તેમાંના કેટલાએક પેટપૂર્ણા માટે પોતાનો સ્વાર્થ ક્યારે સમાપ્ત થાય તેના ઉપાયો બીજી તરફ યોજતા હોય છે સ્વાર્થ પ્રાપ્તિ સુધી એ મૈત્રીબંધન ટમાવી રાખી પછીથી શિથિલ કરી દે છે કેટલાએક મલિન અંતઃકરણવાળાઓ પોતાના મિત્રનુ અહિત કરી સ્વતૃપ્તિમાં સંતોષ માને છે, કેટલાએક અન્યના સંકટ સમયે તેને તજી અળગ થઈ જાય છે કેટલાએક પોતાનો સ્વાર્થ જેટલા લક્ષ્ય બિંદુમાં હોય છે તેટલી મર્યાદા સુધી મિત્રભાવ ધારણ કરનારા હોય છે પરંતુ પોતાની આસપાસ સંયોગો અથવા પદાર્થોનું નુકશાન ખમવુ પડે તો તે આનંદ સાથે સ્વીકારી અન્યના હિતમાં જ અવિરત પણે તત્પર રહે છે અને મિત્રભાવને વૃદ્ધિ કરતા જાય છે—તેવા વિરલ મિત્રો દ્રષ્ટિગોચર થાય છે

ધંધાને અંગે તપાસની વકીલાતમાં અધિકારીપણામાં વૈદ્યપણામાં તથા વ્યાપાર વગેરે ક્ષેત્રોમાં સ્વાર્થબુદ્ધિરૂપી ગણિકા નિર્લજ્જપણે નૃત્ય કરતી હોય છે કેમકે એક મોટા મુકરદમામાં વાદીના પક્ષમાં ઊભા રહેવાને નિર્માણ થયેલો અપ્રમાણિક વકીલ દ્રવ્યની લાલચથી લોભાઈ પ્રતિવાદીની લાંચ વડે વાદીના લાભને લૂંટી કરી મૂકે છે ન્યાયાસન ઉપર બેઠેલો કોઈ તેવો જ ન્યાયાધીશ દ્રવ્યરૂપ દીપકમાં પતન સંશ ઝંપલાઈ અપ્રમાણિકપણે ચુકાદો આપતાં લાંચ આપનારના લાભમાં તે જાહેર કરે છે, વૈદ્યો પણ પૈસાના લોભની ખાતર દરદીઓના વ્યાધિ તરફ ઉપેક્ષા ભાવ રાખી દરદીઓના હિતમરી માર્ગની દરકાર મૂકી દઈ માત્ર લાલચના વમળોમાં તણાય છે, તેમ જ કેટલાએક વ્યાપારીઓ પણ ઠરેક કોઈ માર્ગે દ્રવ્ય પ્રાપ્તિ કરવી એવોજ ઉદ્દેશ રાખનારાઓ અન્યને છેતરી ઇષ્ટ પ્રાપ્તિ કરવી એ તેમને સાહજિક થઈ રહેલુ હોય છે કીર્તિના અને સ્વપ્રશંસાના

માત્ર હજુ દર્શાવનારા છે પરંતુ પરમાર્થવૃત્તિનું તલસ્પર્શી પણ અલૌકિકપણું જુદાજ પ્રદેશોમાં વર્તે છે તે પ્રદેશો અંતરાત્માપણાનો અભ્યાસ કરી અનુભવ કરવા વડે અવલોકી શકાય તેમ છે ખરેખરી રીતે જ્યારે જ્યારે પ્રાણીઓ જેટલા જેટલા પ્રમાણમાં બહિરાત્મભાવ જેમ જેમ તજતા જાય છે ત્યારે ત્યારે તેટલા તેટલા પ્રમાણમાં પરમાર્થના દિવ્ય પ્રદેશનો આનંદ અનુભવવાને માટે દિવ્ય ચક્ષુની મદદ લેવી પડે છે અને તે દિવ્ય ચક્ષુ તે અંતરાત્માપણું છે આ ચક્ષુવડે શરીર અને તેને વળગેલા ઉપાધિરૂપ અન્ય પદાર્થો પુત્ર ધન કીર્તિ, અલંકાર, પ્રસા. વિગેરે પોતાથી તદ્દન જુદા દેખાય છે તેથી તેના લોભમાં તણાવું તે સર્પ અને દોરડીનો વિવેક નહી સમજનાર બાળકનું લક્ષણ છે એમ સમજે છે આમ હોઈ 'સ્વાર્થભ્રષ્ટાહિ મૂર્ખતા" એ સૂત્ર તેના અક્ષરશ (literal) અર્થમાં વળગી રહી પરમાર્થ એજ સ્વાર્થ—આત્માર્થ છે એમ માન્ય કરે છે અને તદનુકૂળ આચરણ કરવા પ્રવૃત્તિશીલ બને છે અને તેની સ્થિતિ નીતિ શાસ્ત્રમાં કહેલાં "મન ઉચ્છ્ઙ્ખલાઽપિ વાછતિજન મસ્થાનુરૂપ ફલ' સૂત્રાનુસારિ થાય છે

સ્વાર્થવૃત્તિના સંસ્કારો અંતરાત્માની ભાવનાવડે દૂર કરી શકાય છે અને તેજ ભાવના માનસિક જગતના કચરાના પ્રત્યુપાયરૂપ કતક ચૂર્ણ છે નિસ્વાર્થ વૃત્તિવડે હૃદય સંકોચ દૂર થાય છે અને આત્માને વિશાળ પ્રદેશમાં ફરવાનો આવકાશ મળતો જાય છે, પૂર્વોક્ત વૃત્તિવડે અનુભવજ્ઞાનની વૃદ્ધિ થતી જાય છે અને જેમ જેમ આ વૃત્તિનો આસ્વાદ લઈ પ્રાણીઓના હિતમાં પ્રવૃત્ત થવાય છે તેમ તેમ જેમ પ્રાણીઓની અહિંસા કરવાથી પોતાનું આયુષ્ય દીર્ઘતર થાય છે તેમ પોતાનું હિત અધિકતર થતું જાય છે અને ઉત્તરોત્તર પોતાનુંજ સર્વાંગી હિત થઈ રહે છે સ્વાર્થી મનુષ્ય સ્વાર્થ પુરતોજ સંબંધ રાખનાર હોઈ કદાપિ સત્ય માર્ગનું અવલંબન લેવા આગ્રહશાળી

પ્રાણીઓ શોકાર્ત બને છે તેનું પણ મુખ્ય કારણ અંતર સામર્થ્યથી તપાસતાં "સ્વાર્થજ" નીકળે છે કેમકે કાંતો તે સ્નેહીથી પોતાને થતા વર્તમાન લાભની હાનિ થયેલી હોય છે અથવા તો સ્નેહીથી ભવિષ્યમાં થનાર લાભને ગુમાવ્યો હોય છે અને તેને અંગે દુઃખ પૂર્ણ સ્થિતિ જીવનમાં ઓતપ્રોત થઈ રહેલી હોય છે, પરંતુ આ પ્રસંગે સ્વાર્થીપણાના અંશોથી વિદૂર રહેનાર મનુષ્યોની માનસિક સ્થિતિ તદ્દન વિપર્યસ્ત હોય છે તેઓ વિવેક સંપન્ન હોઈ વૈરાગ્ય ભાવનાને સન્મુખ કરી વિચારે છે કે "પરમાર્થ દૃષ્ટિએ તપાસતાં, મારામાં સ્વાર્થબુદ્ધિ હોઈને તેના મૃત્યુથી મને અપાર શોક થાય છે- અર્થાત્ વાસ્તવિક રીતે હું તેને રોતો નથી પરંતુ મારા સ્વાર્થને રડું છું પરંતુ આ મારૂં રુદન કેવળ અસત્ય કલ્પનામય બહિરાત્મ ભાવનું મૂળ કારણ છે એટલું જ નહિ પરંતુ સ્વાર્થને દૂર કરી અંતર પ્રવેશ કરતાં નીચેના વિચારો પ્રગટે છે

> " यद येभ्योजाताश्चिरपरिगता यव खलुते ।
> सम यै समृद्धा स्मृतिविषयता तेऽपिगमिता ॥
> इदानीमेते स्म प्रति दिवसमासन्न पतनाद् ।
> गतास्तु त्यायस्थां सिकतिलनदीतीरतरुमि ॥

"આપણે જેમનાથી ઉત્પન્ન થયા છીએ તે તો ઘણા કાળ થયાં ચાલ્યા ગયા જેમની સાથે ઉછરીને મોટા થયા તે પણ સ્મૃતિમાત્ર થઈ ગયા, અને હાલતો આપણે નદી કિનારા ઉપરના તરુ જેવી પ્રતિદિન પાસે આવતી મરણ સ્થિતિને પ્રાપ્ત થતા જઈએ છીએ-આ રીતે સર્વનો માર્ગ એક વખત અમે તે અવસ્થામાં એક જ સ્થિતિવાળો હોવા છતાં તેઓ સ્વાર્થને અંગે જ રુદન કરતા હોય છે"

પૂર્વોક્ત દૃષ્ટાંતો અને તેને જ લગતા દુનિયામાં પ્રતિક્ષણે બનતા અનેક દૃષ્ટાંતો વ્યવહારને અંગે નિ:સ્વાર્થવૃત્તિની ભૂમિકા

તેને યથાર્થ સમજી પોતાનાથી સદતર દૂર કરવા પ્રયત્ન કરી તેમાં સફળતા મેળવે છે

ખાસ કરીને વ્યવહારમાં પણ નિ સ્વાર્થીપણાનો જેમ બને તેમ વિકાસ કરી આત્મોન્નતિ કરવા દરેક પ્રાણીનું લક્ષ્ય બિંદુ હોવુ જોઈએ આમ થવાથી પોતાનો વ્યવહાર ઘણો જ સુદર અને શુદ્ધ આચારસપન્ન બને છે બીજા પ્રાણીઓ કે જેઓ હમેશા પોતાના સમાગમમાં આવતા હોય છે તેમનામાં પોતાના નિર્દોષ ઉપદેશ વડે શુદ્ધ સસ્કારો દાખલ કરે છે પોતાના શરીર વડે બનતી રીતે નીતિ અને ધર્મમાર્ગમાં યથાસ્થિતપણે સહાય કરે છે અને પોતાની માનસિક અવસ્થામાં તેમનુ સદાહિતચિતવન કરે છે પ્રાણી માત્રને માટે ત્રિકરણ બળવડે હિતબુદ્ધિમાં ઓતપ્રોત થાય એવો અત રાત્મ વેગ દરેક પ્રાણીએ પ્રાપ્ત કરવા તૈયારી કરવી જોઈએ અને તેની ભાવના સ૧ જાગૃત રાખી તદનુકૂળ આચારને મૂર્તિમાન કરવો જોઈએ

"परोपकाराय सतांविभूतय " એ સૂત્ર સજ્જનો અને દુર્જનોના વિભાગ પાડી નાખે છે આથી પરમાર્થ દષ્ટિવાન્ મનુષ્યો ની ગણના સજ્જનોની કોટિમાં આવી શકે છે તેમની પરિસ્થતિ આ પ્રકારે હોઈ તેઓનો જે જે પ્રાણીઓ સગ કરે તે સત્સગી કહેવાય છે તેમના સગથી તેમની હાર્દિક ભાવનાઓ સગ કરનારના હૃદયમા ગુણામતનો છટકાવ કરે છે તેનુ હૃદય વિશુદ્ધતર બનાવે છે અને વૈજ્ઞાનિક શબ્દોમાં કહીએ તો "જેવો આઘાત તેવો પ્રત્યાઘાત" ઉદ્ભવાવે છે

એક વિદ્વાને કહ્યુ છે કે —

"वदन प्रसादसदन सदय हृदय सुधामुचोवाच ।
करण परोपकरण येषा येषा नत वद्या ॥"

થતા નથી એટલું જ નહિ પરંતુ તેનુ હૃદય લોભ વિગેરે કષાયો અને દુર્ધ્યાનથી આવૃત હોઈ ભયથી કંપતું હોય છે, અને કદાચ સ્વાર્થસિદ્ધિ નહી બનતાં તે નિરાશાથી કંટાળી અને થાકી જાય છે

જૈન દર્શનમાં સોનેરી અક્ષરે ગતરાયેનો વીશમો ગુણ જેનુ નામ "પરહિતાર્થકારિત્વ" છે તે હજી પાંચમા ગુણસ્થાનક ઉપર રહેનો તેના વિદ્યમાનપણામાં ભાવશ્રાવક કહેવાય છે આ ગુણ ખાસ કરીને નિ સ્વાર્થ વૃત્તિનુ દર્શન કરાવતો હોય તેમ લાગે છે અર્થાત્ એક શ્રાવકમાં પણ નિ સ્વાર્થ વૃત્તિ હોવી એ તેનુ આદ્ય લક્ષણ છે અને તેથી જ તે શ્રાવકની અનુનાને પાત્ર થઈ શકે છે-તો મુનિઓ કે જેઓ પરહિતને માટે જ અને તે દ્વારા સ્વહિતને ઉત્પન્ન કરવા સંસારની જંજાળો તજી પરમાર્થ ક્ષેત્રમાં વસે છે, તેઓ "પર-અહિતકારી" કેવી રીતે હોઈ શકે ? પરંતુ જો તેમાંજ પ્રવૃત્તિપરાયણ થઈ જાય તો ભાવશ્રાવકથી પણ ઉતરતે દરજ્જે છે એમ ન્યાયદૃષ્ટિ જણાવે છે પારમાર્થિક પ્રયોજનને માટે જ ચારિત્ર ધારણ કરનારા મુનિજનોના દૃષ્ટાંતો સ્થળે સ્થળે દૃષ્ટિગોચર થાય છે જે મહામુનિઓ આપણા તરફ ઉપકાર દૃષ્ટિથી ગ્રંથ સમૃદ્ધિદ્વારા જ્ઞાનનો વારસો મૂકી ગયેલા છે તેઓ અવશ્ય નિ સ્વાર્થી હતા અને સ્વપર ઉપકારી હતા જો તેઓએ તેનાં કાર્યોમાં રોકાઈ પોતાના પારમાર્થિક વીર્યનો અન્ય રસ્તે નકામી રીતે વ્યય કર્યો હોત તો ગ્રંથોની અંદર આવેલા તેમના વિચાર બળનુ આપણે દર્શન કરવાં ભાગ્યશાળી થાત નહિ એ ચોક્કસ છે દુનિયાના કેટલાક મનુષ્યો સ્વાર્થ પરમાર્થનો વિવેક સમજતા નથી કેટલાએક સમજવા છતાં સ્વાર્થ વૃત્તિનુ પ્રબળ સામર્થ્ય હોવાથી પોતે હારી જઈને તજી શકતા નથી કેટલાએક મનુષ્યોએ સ્વાર્થ તજી દીધેનો હોવા છતા પુન તેના સામર્થ્ય બળનો ધક્કો વાગવાથી પડી જાય છે અને તાબે થઈ જાય છે પરંતુ આસન્નસિદ્ધિ બહુ જ ઓછા મનુષ્યો

" जन्मनि कर्म क्लेशैरनुबधेऽस्मिंस्तथा प्रयतितव्य ।
कर्मक्लेशाऽभावो यथा भवत्येष परमार्थ " ॥

" અનંત જન્મથી કર્મ કલેશવડે ગાઢ થયેલા આ આત્માનો તે કર્મ ક્લેશથી જે રીતે છુટકારો થાય તેવા પ્રકારનો પ્રયત્ન તે પરમાર્થ છે, અર્થાત્ તેજ સ્વાર્થ-આત્માર્થ છે '

ઉક્ત નિવેદનવડે સ્વત સિદ્ધ થઈ શકે છે કે નિસ્વાર્થ વૃત્તિ ઉંચામાં ઉંચી હદમાં ત્યારે જ અસ્તિત્વ ધરાવે છે કે જ્યારે એક પ્રાણી પોતાના પૌદ્‌ગલિક સર્વ લાભોને પરહિતપક્ષની વેદિકા ઉપર આહુતિ આપી જગત્‌નું કલ્યાણ ઇચ્છે છે અને તેના પ્રયત્નોમાં સદા જાગૃત રહી અનેક પ્રકારે પોતાની શક્તિ નમાવી હિતકર્તા નીવડે છે. આવી સ્થિતિ પામવા માટે માનસિક સંસ્કારો બહુ જ સુદૃઢ કરવા કરવા જોઈએ કેમકે કેટલાએકને સ્વાર્થ વૃત્તિ વારસામાં મળેલી હોય છે તેમને પ્રયત્નવડે પહન પાડવાથી મળી શકે છે પરંતુ જેમને સ્વાભાવિક રીતે સ્વાર્થ વૃત્તિનો વિશેષ પ્રમાણમાં અભાવ હોય છે તેઓને થોડો પણ ગુરુ ઉપદેશ અથવા સચ્છાસ્ત્ર શ્રવણ બસ થઈ પડે છે નીતિમર્ગ કહે છે કે —

" क्षुद्रा सतिसहस्रशः स्वभरण व्यापार मात्राद्यता ।
स्वार्थो यस्य परार्थ एव स पुमानेक सतामग्रणी " ॥

' પોતાની અન્નપૂર્ણા કરવાને ઉદ્યમવંત હજારો ક્ષુદ્રજનો માલૂમ પડશે પરંતુ પારકાનો અર્થ એજ પોતાનો સ્વાર્થ માનનારા બહુ જ જવલ્લે મળી આવશે-આ રીતે પરમાર્થ વૃત્તિવડે સ્વાર્થ-આત્માર્થ ઉત્પન્ન કરનારી નિસ્વાર્થ વૃત્તિનું સ્વરૂપ કેવું અદ્‌ભુત છે-તેનો સહજ ખ્યાલ આવી શકશે એવી માન્યતા સાથે વિરમવામાં આવે છે

આ પ્ર વિ સ ૧૯૧૮

"જેમનુ મુખકમળ પ્રસન્નતાને વસવાનુ ગૃહ છે, હૃદય દયામય હોય છે વાણી અમૃતતુલ્ય હોય છે, અને પરોપકાર એજ જેની ક્રિયા છે, તેઓ જગતમાં કોને નમસ્કરણીય નથી ?"

આવા મનુષ્યોમાંથી સ્વાર્થનો મેલ ધોવાઈ ગયેલો હોય છે, તેથી આર્ત અને રૌદ્રધ્યાનથી ઉત્પન્ન થયેલી મલિન વાસનાઓનુ શોધન કરી મૈત્રી પ્રમોદ કારુણ્ય અને માધ્યસ્થ ભાવનાઓમાં રમણ કરતા હોય છે મૈત્રી ભાવનાના વિચાર પ્રવાહમાં તેઓ સર્વ જીવને મિત્રભાવે નિહાળતા હોય છે પ્રમોદ ભાવના વડે ગુણી જનોના ગુણો તરફ ત્રિકરણ પ્રીતિયુક્ત થયેલા હોય છે કારુણ્ય ભાવના વડે સંસારમાં કર્મ જનિત દુ ખથી પીડાયલા પ્રાણીઓ તરફ તેમનો દયાર્દ્રપણાનો ઝરો હૃદયમાંથી છૂટે છે અને માધ્યસ્થ દૃષ્ટિ વડે ક્રૂર અધ્યવસાયવાળા પ્રાણીઓ ભણી ઉપેક્ષા ભાવ ધારણ કરે છે આ પ્રાણીઓ પરમાર્થ વૃત્તિની સપાટી ઉપર નહી પરંતુ તેની તલસ્પર્શી ગહનતાને અનુભવ વડે પ્રાપ્ત કરેલા કહેવાય છે નિ સ્વાર્થ વૃત્તિના અગાધ તળિયાને પહોચી વળનાર આ મનુષ્યો અંતરાત્મ જીવનવડે જીવતા કહેવાય છે, તેઓએ સ્વાર્થ વૃત્તિના અંતરપગના ચૂરેચૂરા કરી નાખેલા હોવાથી બીજાના કહ્યા વગર જ તેમને ધર્મ પમાડવાના ઉપકારવાળા હોય છે પરમાર્થ સાધનાને જ પોતાનુ અગ્ર કર્તવ્ય સ્વીકારેલુ હોય છે આમ હોઈને પોતાની આસપાસના વાતાવરણમાં પણ તેવા જ સંસ્કારો ઉત્પન્ન કરી એક બીજ એક વૃક્ષ ઉપર અનેક ફળો ઉપજાવે તેમ-વિસ્તૃત મર્યાદામાં અન્યને પણ પોતાની સ્થિતિ સાથે જોડી દે છે અંતરાત્મ સ્થિતિમાં નિસ્વાર્થ વૃત્તિની ઉંચી હદે પહોચ્યા પછી પરમાત્મપણાના અધિકારી થતાં વિલંબ લાગતો નથી વાસ્તવિક પરમાર્થ કોને કહેવાય તેને માટે શ્રીમદ્ ઉમાસ્વાતિવાચક વદે છે કે —

વિચારો કૌચબીજથી મોગરાની ઉત્પત્તિના અસંભવની પેઠે કદાપિ આત્માને ઉપકારક થતા જ નથી, તેમજ તેથી આધ્યાત્મિક આનંદનું બિંદુ પણ ઉદ્ભવતું નથી

શુદ્ધ વિચારો કેવા હોવા જોઈએ, કયા પ્રસંગે કેવા વિચારોને સ્થાન મળવું જોઈએ કયા વિચારથી આત્માની ઉન્નતિ અથવા અવનતિ થાય તેથી અજ્ઞાન હોવાથી મનુષ્યો ગમે તેવા વિચારો કરી તેનું ફળ યોગ્ય રીતે નહીં મેળવી શકતાં ક્ષણિક જીવન પુરૂં કરી મનુષ્ય જીવનની સાર્થકતાથી બેનસીબ રહે છે વિચાર સંકલના બરાબર નહીં હોવાથી માનસમંથના દરેક વિક્ષેપો અને પ્રકંપો અવ્યવસ્થિત હોય તેમાં કાંઈ આશ્ચર્ય નથી માનસમંથના કાળે સંકલના શૂન્ય હોવાથી આત્માકર્ષક વાક્યને તે ઝીલવા જતાં નથી, અથવા કદાચિત્ જડે છે તો હૃદયમાં તેમને અવકાશ મળી શકતો નથી

માનસમંથની વિચારસંકલનામાં રહેલા શુભાશુભ વિચારોનું દોહન કરી પ્રતિદિન સવારથી રાત્રિ સુધીનું પરિણામ દરેકપ્રાણીએ સુઈ જવા પહેલાં તપાસવાની સંપૂર્ણ આવશ્યકતા છે જેથી માનસ ભૂમિમાં શુભ વિચારોને જેટલા પુરતું તેમજ અશુભ વિચારોને જેટલા પૂરતું સ્થાન મળેલું છે તેનો હીસાબ સહેલાઈથી મળી જાય અને ત્યાર પછી નફા અને તોટાનાં સરવૈયું ખુલ્લું રહેવાથી વિશેષ લાભ ઉપાર્જિત કરવાનો સમય નજીક આવી શકે

વિચાર સંકલના કેવી રીતે શુદ્ધ હોવી જોઈએ તેનું જ્ઞાનપ્રાપ્ત કરવાની એવી અનિવાર્ય આવશ્યકતા છે કે તેથી પવિત્ર આચારની શુદ્ધિ થવાનું બની આવે છે શુભાશુભ વિચારોથી વિવેકશૂન્ય પ્રાણીઓની વિચારશ્રેણિનો પ્રવાહ સીધી પ્રણાલિકામાં કદિ પણ વહેતો નથી–એ હકીકત સિદ્ધ થયા પછી જે પ્રાણીઓને શુભાશુભ વિચારોની યથાર્થ પરીક્ષા હોય છે તેઓ માનસિક સંયમ હોવાના અભાવે શુભ

१६ विचार, वाणी अने आचारमा असाधारण अंतर

વિચાર શક્તિ એ મનુષ્ય પ્રાણીનુ ઉત્તમ આભૂષણ છે કે જે વડે મનુષ્યો અન્ય પશુપક્ષી આદિતિર્યંચ વર્ગથી જુદા પડી શ્રેષ્ઠતાનુ ભાન કરાવે છે આહાર નિદ્રા ભય વિગેરેમાં પશુવૃત્તિ અને મનુષ્ય વૃત્તિનો વ્યવહાર એક સરખો હોય છે છતા વિચાર શક્તિ વડે મનુષ્યો અદ્ભુત કાર્ય કરે છે એટલુ જ નહિ પરંતુ પોતાના સબંધમાં આહાર નિદ્રા વગેરે ઉપર અલૌકિક સયમ પ્રાપ્ત કરી શકે છે પાશવ વૃત્તિનો જય કરી માનુષિક અથવા સાત્વિક વૃત્તિનુ પાલન ત્યુ એ વિચાર શક્તિના બળ વગર બની શકતું નથી મનુષ્ય પ્રાણીઓને જે જે વિચાર શક્તિ પ્રાપ્ત થયેલી છે તેમનો મોટો ભાગ વિચાર કરવામા પ્રવૃત્તિ કરતો નથી એટલે કે પ્રમાદ અને આલસ્ય યુક્ત જીવન વ્યતીત કરતો હોય છે કેટલાક પ્રાણીઓને શુદ્ધાશુદ્ધ વિચારોનુ પરિજ્ઞાન નહી હોવાથી પોતાના મગજમાં અનીતિમય વિચારોને દાખલ કરાવે છે કે જે વિચારો પક્ષીઓની માફક પોતાનો માળો બનાવી ને ત્યાં સુખેથી નિરંતર રહે છે કેટલાક પ્રાણીઓ પોતાની વિચાર શક્તિનો ઉપયોગ ગતિશૂન્ય રાખી વ્યાવહારિક પ્રવૃત્તિઓમાં એવા તો આસક્ત રહેતા હોય છે કે તેઓ જીંદગીનો આરો પૂર્ણ થયેથી વિચાર શક્તિ જાણે પ્રાપ્ત થઈજ નથી તેમ એમને એમ અન્યસ્થાને પ્રયાણ કરી જાય છે વિચારોની શુદ્ધતા અને અશુદ્ધતાનુ નિરીક્ષણ કરી અશુદ્ધ વિચારોને રોકવાની શક્તિ પ્રાપ્ત કરી શુદ્ધવિચારોનો દીર્ઘ સમાગમ રાખી તે વિચારોને વચનમાર્ગમા મુકી અન્યજનોને જણાવતા તથા તે વિચારો પ્રમાણે જ આચારનુ પરિશીલન કરતા બહુ જ થોડા વિરલ મનુષ્યો અત્યારે નજરે ગોચર થાય છે

શુદ્ધ વિચારો તે હોઈ શકે કે જે આધ્યાત્મિક આનંદ ઉત્પન્ન કરવાનુ અનંતર કારણ અથવા પરંપર કારણ હોઈ શકે અશુદ્ધ

છે તેમની કવિતા વૈરાગ્ય રસથી છલમાની હોય છે-છતાં તેઓનું ખાનગી જીવનનું પડ ઉચું કરીને તપાસતાં તેઓ શુષ્ક અધ્યાત્મીઓ માલુમ પડે છે જે ક્રિયાએ કરીને ચારગતિ પ્રાપ્ત થાય તેવી ક્રિયાઓનું સેવન કરનારા હોય છે પોતાનું હૃદય ખાની કરીને વૈરાગ્યને કવિતામાં ગોઠવી દીધેલો હોય છે નીતિના ઉપદેશનું ડોળ ઘાલી અનીતિમાન્ આચરણો કરતા જરા પણ અચકાતા નથી

કેટલાક પ્રાણીઓ ક્રોધ અને ક્ષમાની તુલના કરતાં દર્શાવે છે કે ક્રોધ કરવામા આવે તો જે આત્માની અવનતિ થાય છે અને ક્ષમા ધારણ કરવાથી આત્માનો અદ્ભુત ગુણ પ્રકટે છે પરંતુ તેઓ જ્યારે અન્યના પ્રસંગમાં આવતા તેમને જે ઉત્પન્ન થાય તેનું અન્ય તરફથી નુકશાની ભરેનું કાય થતા ક્ષણવારમા શાંતિ ક્રોધના રૂપમાં ફેરવાઈ જાય છે, અને તેથી દુષ્ટ ધ્યાનમાં પ્રવેશ કરતાં બીજા અકાર્યો કરતા ચુકતા નથી

કેટલાક પ્રાણીઓ માનનો માદવવડે જય કરવાનો સદુપદેશ કરે છે અને તે જનમંડળને ઘણો જ ઈષ્ટ લાગે છે તે પ્રાણીઓને જ્યારે જનસમૂહ પોતાના નેતા તરીકે નમે છે તે વખતે જાણે કે હું સર્વોપરી સત્તાવાળો છુ એવા અભિમાન પૂર્વક પોતાને યોગ્ય લાગે તેમ સારાસારની તપાસ વગર અધિકાર ચલાવે જાય છે માન રૂપ હસ્તી ઉપર ચડવાથી દૃષ્ટિ અંધ બની જાય છે કીર્તિની પ્રમાણ અભિલાષા ઉત્પન્ન થાય છે વિદ્યા અથવા મળના કોઈએ વખાણ કરવાથી અભિમાન જ્વર શરીરમાં ચડી આવતાં વાર લાગતી નથી

કેટલાક મનુષ્યો માયાના પ્રતીકાર રૂપે આર્જવને સિદ્ધ કરતાં દંભથી મહાપાપ દર્શાવી સ્વપ્ન પ્રમાણો વડે માયાનું ભયંકર સ્વરૂપ વાણીદ્વારા ખડું કરે છે પરંતુ તેમના પોતાના અંગત જીવનના પ્રસંગોમાં તેઓ જો સંઘ નાયક તરીકે નિર્માણ થયેલા હોય છે તો

વિચારોને ટકાવી રાખવા ઇચ્છતાં છતાં અશુભ વિચારોની પ્રબળતાને ક્ષણવારમાં આધીન થઈ જાય છે અને એક અંગ્રેજ વિદ્વાને કહ્યું છે કે- 'વિચાર એ આચારનો પિતા છે' તેમ અશુભ વિચારોનો પ્રવેશ થતાં જ આચારની ભ્રષ્ટતા તુરત જ તેને પતિત કરે છે મન સંયમનો અદ્ભુત ગુણ પ્રાપ્ત કરવાને માટે વિચારોને સંકલિત અને સ્થિતિ સ્થાપક બનાવવા જોઈએ મન એ શું વસ્તુ છે? તેનું ચલિતપણું કેવા વેગવાળું છે-વિગેરે જ્ઞાન પ્રાપ્ત કરવા પછી નિર્દોષ શિક્ષણ અને સત્સંગથી મન સંયમ પ્રાપ્ત થાય છે અને ચિરકાળ ટકી રહે છે આમ હોવાથી દરેક પ્રાણીએ પોતાનું કર્તવ્યક્ષેત્ર નિર્માણ કરી તેની મર્યાદાના લક્ષ્યપ્રતિ હંમેશા વિચારશીલ રહેવું જોઈએ તે સાધ્ય કરવાને માટે અનુકૂળ વિચારોની પરંપરાનું સેવન કરવું જોઈએ અને મન સંયમ ધૈર્ય અને ખંતથી રાખી કર્તવ્યક્ષેત્રની બહારના વિરોધી વિચારોને તજી દેવા જોઈએ

મનુષ્યોમાંથી જેઓ અશુદ્ધ વિચારોનો અંતરપટ ભેદી શુદ્ધ વિચારોની પર્યાલોચના કરે છે તેઓ તત્વજ્ઞાનીઓ, લેખકો વક્તાઓ નીતિદર્શકો, અને કવિઓ વિગેરે રૂપે જન સમૂહની સમક્ષ ખડા થયા છે પરંતુ જે જે વિચારો તેઓ જનસમૂહની સમક્ષ ગ્રંથોમાં લેખમાં વાણીમાં, નૈતિકશાસ્ત્રમાં અને કવિતામાં રજુ કરે છે તે વિચારો શુદ્ધ અને નિર્દોષ હોવાથી જનમંડળને રૂચે છે અને પ્રશંસા પાત્ર પણ બને છે પરંતુ તે વિચારોને અનુકૂળ તેમનું પોતાનું વર્તન છે કે નહિ તે તપાસ કરતાં જુજ મનુષ્યો સિવાય મોટા વિભાગમાં વિચાર અને વર્તનમાં અસાધારણ અંતર માલુમ પડે છે તેમના ગ્રંથો અધ્યાત્મ રસથી ભરપૂર હોય છે, તેમના લેખો છટાદાર અને ચમકદાર અલંકાર યુક્ત હોય છે તેમની વાણી અસ્ખલિતપણે વહન થતાં શ્રોતાઓના કર્ણોને આરપાર ભેદી નાખી હૃદયમાં ઉતરી જતી હોય છે, તેમનો ઉપદેશ ગમે તેવા મનુષ્યને સદાચરણી બનાવી શકવાને સમર્થ હોય

આપી સમર્થન કરનારા પ્રાણીઓ પોતે જિનાહારી હોતા નથી, મૃદુ અને સ્વાદિષ્ટ પદાર્થો જોઈ તેમના મુખોમાં રસ પ્રગટ થવા માંડે છે કોઈ મિષ્ટ પક્વાન્ન પ્રાપ્ત થતાં ગળાં સુધી ખાય છે ભક્ષ્યાભક્ષ્ય અને પેયાપેયનો વિવેક પોતાના સંબંધમાં રાખવો કઠિન થઈ પડે છે—એવું પણ જોવામાં આવે છે

ઘ્રાણેન્દ્રિયની વિગ્નતા અનુભવનાર ભ્રમરનું દૃષ્ટાંત જાણવા છતાં ઇંદ્રિયોને ચસકાવનાર પુષ્પોમાં તલ્લીન થઈ જાય છે તેમજ ચક્ષુરિંદ્રિયને આધીન પતંગના મૃત્યુને પ્રત્યક્ષ જોવા છતાં નેત્રોનો ઉપયોગ પોતાના પ્રસંગમાં સુંદર સ્ત્રીઓને નિરીક્ષણ કરવામાં મશગુલ રહે છે

શ્રોત્રેન્દ્રિયથી હરિણનું ભયંકર પરિણામ વાંચ્યા અને વિચાર્યા છતાં નાટકના ગાયનો પ્રીતિથી સાંભળે છે જેથી ઉન્મત્ત અવસ્થાના અધિકારી થવાથી આત્માની ઉન્નત અવસ્થા નાશ થવાનો અવકાશ મળી શકતો નથી તેવી જ રીતે હિંસા અસત્ય અને ચોરી વિગેરેમાં કટુક પરિણામો દર્શાવનાર પ્રાણીઓ અંગત જીવનમાં હિંસા કરવાથી સુખ ઉત્પન્ન થતું હોય તો તેમ તત્કાલ કરે છે કીર્તિની રક્ષા હોય તો કોઈ પાસે પોતાના અસત્ય વખાણ જનસમૂહના આગળ કરાવતાં શરમાતા નથી. લેવડ દેવડના વ્યવહારમાં પણ અસત્ય બોલવું તેમને સ્વાભાવિક થઈ ગયેલું હોય છે, અને અન્યથી ગુપ્ત રાખેલું તે અસત્ય ચોરી આદિ અન્ય કુકર્મોમાં પ્રવૃત્તિ કરાવે તેમાં આશ્ચર્ય નથી

રાગથી દૂર રહેવાનો ઉપદેશ કરનાર પ્રાણી પોતે જ કામરાગ સ્નેહરાગ અથવા દૃષ્ટિરાગના પાશમાં વીંટાયેલો હોય છે તેમજ દ્વેષનું નિરૂપણ કરનાર પ્રાણીના મુખમાં મધ અને હૃદયમાં હલાહલ પોતાના શત્રુ તરફ વર્તતું હોય છે

સંઘનું હિત વાસ્તવિક શી રીતે થઈ શકે તેને મતિમાં મુકવાની દરકાર રાખતા નથી, અથવા કીર્તિના લોભને આગળ કરી બાહ્ય દેખાવ વડે મુગ્ધ જનોને છેતરી વાહવાહ કહેવડાવવાથી સંતોષ માને છે અને સંઘના હિત તરફ ઉપેક્ષા ભાવ રાખે છે

કેટલાક રાગથી અભિભૂત થયેલા પ્રાણીઓ પુત્રોને વિત્ત વહેંચણીના પ્રસંગે અમુક અમુક પુત્રોને અન્યાય આપી જુદી ગાંઠ ગુપ્ત રીતે રાખે છે કેટલાએક મિત્રો સાથે એવી ગાઢ મૈત્રી બાંધે છે કે દેખાવમાં અનુકરણીય લાગતા હોય છતાં અંદરના ભાગમાં સ્વાર્થ સાધી લેવા પૂરતા હોય છે અને વ્યાપાર કરતાં દ્રવ્યને સત્વર એકદમ એકઠું કરવામાં પ્રપંચોની જાળ પાથરતા હોય છે

સંતોષવૃત્તિ એ ખરેખર સુખ છે લોભ એ પાપનું મૂળ છે—એવું મનાવતા પ્રાણીઓ પોતાને આવી પ્રાપ્ત થયેલા પ્રસંગોમાં ઇચ્છાઓની લગામ છૂટી જાય છે અને શરાવની પેઠે ઇચ્છાઓનું પરિમંડળ વધતું ચાલે છે ન્યાયાધીશ હોવા છતાં દ્રવ્યની લાલચથી લાંચ ખાવા ઇચ્છે છે, વકીલાત અને વ્યાપારના ધંધામાં પણ ધનાઢ્ય થવાને અપ્રમાણિકપણું—ખાનગી જીવનનો નિયમ નિર્માણ થયેલો હોય છે

સ્પર્શનેન્દ્રિયનું નિર્લજ્જ સ્વરૂપ ખડું કરતાં હસ્તીનું દૃષ્ટાંત આપતા ઇન્દ્રિયજયનો સુંદર રીતે ઉપદેશ કરનારા પ્રાણીઓ સ્વપ્રાપ્ત પ્રસંગોમાં તેઓનું મનોબળ પરસ્ત્રીઓને નિરખવાથી નિર્બળ થતું હોય છે એકાંત પ્રાપ્ત થતાં નિર્લજ્જ પણે પરસ્ત્રીના ઉપભોગમાં તત્પર થાય છે કેટલાએક તો મનોબળ શ્રેષ્ઠ હોવાનો દાવો કરી મિત્રોની સ્ત્રીઓના પ્રસંગોમાં આવે છે તેઓ જ સમય પ્રાપ્ત થયે ક્ષણવારમાં કુસુમાયુધના ઉપકરણથી હણાય છે

રસનેન્દ્રિયની વિષમતાને માટે કીડી અથવા મત્સ્યાદિનું દૃષ્ટાંત

આપી સમર્થન કરનારા પ્રાણીઓ પોતે મિતાહારી હોતા નથી, મૃદુ અને સ્વાદિષ્ટ પદાર્થો જોઈ તેમના મુખોમાં રસ પ્રગટ થવા માંડે છે કોઈ મિષ્ટ પક્વાન્ન પ્રાપ્ત થતાં ગળાં સુધી ખાય છે, ભક્ષ્યાભક્ષ્ય અને પેયાપેયનો વિવેક પોતાના સબંધમાં રાખવો કઠિન થઈ પડે છે-એવું પણ જોવામાં આવે છે

ઘ્રાણેંદ્રિયની વિગ્ગતા અનુભવનાર ભ્રમરનું દૃષ્ટાંત જાણવા છતાં ઇંદ્રિયોને ચસકાવનાર ખુશબોમાં તલ્લીન થઈ જાય છે તેમજ ચક્ષુરિંદ્રિયને આધીન પતંગના મૃત્યુને પ્રત્યક્ષ જોવા છતાં નેત્રોનો ઉપયોગ પોતાના પ્રસંગમાં સુંદર સ્ત્રીઓને નિરીક્ષણ કરવામાં મશગુલ રહે છે

શ્રોત્રેંદ્રિયથી હરિણનું ભયંકર પરિણામ વાંચ્યા અને વિચાર્યા છતાં નાટકના ગાયનો પ્રીતિથી સાંભળે છે જેથી ઉન્મત્ત અવસ્થાના અધિકારી થવાથી આત્માની ઉન્નત અવસ્થા પ્રાપ્ત થવાનો અવકાશ મળી શકતો નથી તેવી જ રીતે હિંસા અસત્ય અને ચોરી વિગેરેમાં કડક પરિણામો દર્શાવનાર પ્રાણીઓ અંગત જીવનમાં હિંસા કરવાથી સુખ ઉત્પન્ન થતું હોય તો તેમ તત્કાલ કરે છે કીર્તિની સ્પૃહા હોય તો કોઈ પાસે પોતાના અસત્ય વખાણ જનસમૂહના આગળ કરાવતાં શરમાતા નથી લેવડ દેવડના વ્યવહારમાં પણ અસત્ય બોલવું તેમને સ્વાભાવિક થઈ ગયેલું હોય છે, અને અન્યથી ગુપ્ત રાખેલું તે અસત્ય ચોરી આદિ અન્ય કુકર્મોમાં પ્રવૃત્તિ કરાવે તેમાં આશ્ચર્ય નથી

રાગથી દૂર રહેવાનો ઉપદેશ કરનાર પ્રાણી પોતે જ કામ રાગ, સ્નેહરાગ અથવા દૃષ્ટિરાગના પાશમાં વીંટાયેલો હોય છે તેમજ દ્વેષનું નિરૂપણ કરનાર પ્રાણીના મુખમાં મધ અને હૃદયમાં હલાહલ પોતાના શત્રુ તરફ વર્તતું હોય છે

પૂર્વોક્ત પ્રકારે વિચાર અને વાણી સાથે આચારનું અસાધારણ અંતર મનસંયમનો અભાવ અને યોગ્ય વિચાર સંકલનાની શૂન્યતાને આભારી છે આવા હેતુથી માનસ મંદિરમાં શુદ્ધ વિચારોનો સત્કાર થવો જોઈએ અશુદ્ધ વિચારો રૂપી પિશાચોને આવતાં મંદિરના દ્વાર બંધ કરવા જોઈએ જે જે વિચારો કરવામાં આવે તે તે વિચારોને માનસ સરકાર સાથે મેળવી દઈ વણી દેવા જોઈએ આમ થવાથી ધીમે ધીમે મનોબળ જ્વલંત થાય છે, અને માનસ સરોવરમાં શુદ્ધ વિચારો જીવંતપણે તરવા માંડે છે વિચારોને પ્રતિસમય જીવન્ત રાખવાથી તે વિચારો જળવાઈ રહે છે, અને તેને સદાને માટે જાળવી રાખવાને મનસંયમની પૂર્ણ આવશ્યકતા છે મનસંયમના અભાવે વિચારોની પ્રગતિ કુંઠિત થઈ વક્રગતિમાં ચાલવા માંડે છે એટલું જ નહિ પરંતુ આંતર શરીરને હચમચાવી અવ્યવસ્થાનું સામ્રાજ્ય કરી દે છે

ઉત્તમ પંક્તિમાં ગણાતા કવિઓ કાલીદાસ ભવભૂતિ, ઈ. વિગેરે જનસમૂહની સમક્ષ પોતાના પાંડિત્યને માટે શુભ વિચારો ઉત્પન્ન કરનારા હોવા છતાં તેમના ખાનગી જીવનમાં સદોષ માલુમ પડેલાં છે કવિ સુંદરદાસ કે જેના વૈરાગ્ય રસથી છલકાતી કવિતા વાંચી એક નૃપતિએ સંન્યાસ ગ્રહણ કરી લીધો, તેજ નૃપતિએ જ્યારે તેના આવાસમાં તેને સ્ત્રી સાથે શૃંગાર ગૃહમાં તેને જોયો ત્યારે અમર્યાદ અંતર સમજવામાં આવ્યું છે

સ્વભાવસિદ્ધ નિયમ પ્રમાણે જેવા વિચારો તેવા આચારની પ્રતિમાનું સ્વરૂપ બંધાય છે કોઈ પણ સાકાર સ્વરૂપના અવલંબન વગર કાર્ય સિદ્ધિ નથી એ સિદ્ધાંત વિદ્વજ્જનોએ માન્ય કરેલો છે વિચારો જેટલે અંશે જ્વલંત હોય તેટલે અંશે તેમની પ્રતિમા (આચાર) ઉજ્જલ હોય છે પરંતુ તે વિચારોને સરકારરૂપ પાષાણ

સાથે ઘડાવાની જરૂર છે તો જ પ્રતિમા ઘડાઈને તૈયાર થય છે વિચારોનું સમ્યક્ આચારમાં લીન થવા પછી વિચારોનું વર્ચસ્વ ટળી જાય છે જેમ જ્ઞાન તેના ફળ રૂપે વિરતિમાં લય પામે છે તેમ શુદ્ધ વિચારોનું સતત અવલંબન પછી જ તે વિચારો જનકરૂપે જન્ય આચારને ઉત્પન્ન કરે છે-આ ચિરસ્મરણીય તત્ત્વચિંતન છે

હૃદય જેને અનુમોદન આપે એવા જ વિચારો માત્ર વિચાર અને વાણીના માર્ગમાં મૂકવાની જેમ પ્રથમ આવશ્યકતા છે તેમ તે મૂકયા પછી તેમને જીવન રીતિએ આખું હૃદય અનુભવે એટલે કે તે વિચારો અને વાણીને અનુરૂપ આચારની ઉત્પત્તિ હોય અને તે પુસ્તકોમાં રાખવા માટે અથવા બીજાને ઉપદેશ કરવા માટે ઘડાયા નથી-એમ પોતાના—ખાનગી જીવનમાં ખાતરીબંધ પુરવાર થવું જોઈએ તત્ત્વચિંતકો લેખકો વક્તાઓ કવિઓ અને નીતિમાર્ગોમાં મોટે ભાગે વિચાર વાણી અને આચારમાં મહદ્ અંતર માલૂમ પડે છે તેમનામાં તત્ત્વ ગવેષણાની સૂક્ષ્મતા લેખ લખવાનું સાહસ અને વક્તૃત્વ શક્તિનું દર્શન વિગેરે સામગ્રીપૂર્ણ હોવા છતાં તેમનું મનોબળ નિર્વીર્ય હોય તો સડી ગએલા મૂળની પેઠે આત્મારૂપ વૃક્ષનું અધઃપતન થયા કરે છે સંસ્કાર વડે ઘડ્યું છે શ્રેષ્ઠ મનોબળ જેમણે એવા વિરલ મનુષ્યો દૃષ્ટિગોચર થાય છે તેઓ વિચાર વાણી અને આચારમાં કોઈ પણ પ્રસંગે-જીવનના લઘુ પ્રસંગોમાં પણ ભિન્ન હોતા નથી તેથી જ તેઓ સત્પુરુષો કહેવાય છે માટે જ કહેવામાં આવ્યું છે કે चित्ते वाचि क्रियायां च साधूनाम्-एकरूपता।

આ પ્ર. વિ. સ ૧૯૬૮

१७ सख्यातीत योगो

શ્રી જિનેશ્વરે અસખ્ય યોગો નિવેદન કરેલાં છે, અર્થાત્ પ્રાણીઓને સસાર સાગરથી તરવાના સાધનો અસખ્ય છે સ માગ ભણી વાળે તેવા અસખ્ય સાધનોનુ સેવા કરી તદનુરૂપ અનુષ્ઠાન કરી પ્રાણીઓ સ્વહિત સાધી શકે છે યોગ શબ્દ અનેક અર્થોમા વપરાય છે મન વચન કાયાના યોગો એ પણ યોગ ધ્યાન ધારણા સમાધિરૂપ, પ્રાણાયામરૂપ અષ્ટાંગ યોગ સમ્યક્‌તપણ—ચોગવિરમ્તિ એ પણ યોગ ગણા અને ક્રિયામાં જોડાવુ એ પણ યોગ, અને જે વસ્તુ સ્વરૂપમાં મથાગાના વાક્યમા વપરાયેલો છે તે પણ યોગ—એ સર્વ યોગ શબ્દો શુભ—સુદર અર્થમાં વપરાયેલા છે પૂર્વોક્ત વાક્યમાં વપરાયલો આ શ૦ સ્થાનો—અવસ્થાઓ—સાધનો રૂપે સ્વરૂપ દર્શન કરાવે છે ધ્યાનના સયમના અને દર્શનના અસખ્ય યોગો—સ્થાનકો છે આત્મિક ઉપયોગની પ્રવૃત્તિના તારતમ્ય અનુસાર આ સર્વ યોગો ઉદ્‌ભવે અને જેનુ જેનું આલબન થઈ આત્માને સ માર્ગસ્થિત કરી મૂકે છે તે તેને માટે યોગ કહેવાય છે શત્રુંજ્યતીર્થ, નવપદજી, જિનપ્રતિમા વિગેરે સર્વ યોગોમા મુખ્યતા ધરાવે છે જેમ જેમ નજીકના શુભ યોગોનુ આલબન પ્રાણી કરે છે તેમ તેમ તે યોગો આત્માને અશ્રુતપૂર્વ સુર-નાદ અર્પે છે અને તે શ્રવણ કરી અનુભવ જ્ઞાનના આનદમાં લય થાય છે આ પ્રસગે આત્માને જ્ઞાન દર્શન ચારિત્રરૂપ સ્વતત્ર પુષ્ટિ પ્રાપ્ત થાય છે અને તે સકુચિત સ્થિતિ તજી વિસ્વરપણું પ્રાપ્ત કરે છે શુભ આલબનોનુ પ્રાપ્ત થવુ એ સહજ હોવા છતાં કષ્ટ સાધ્ય છે પરિચિત નિવિડ અશુભ સસ્કારોને તોડી માર્ગ ખુલ્લો કરવો જોઈએ પછીથી શુભ યોગોનુ આલબન ફલદ નીવડે એ મુક્તિની બહાર નથી

એ પણ સમજવાની જરૂર છે કે ગમે તેવા સર્વ યોગો—આલંબનોને સેવવા તત્પર થવું એ એક જાતનું અજ્ઞાનમૂલકપણું—છે કેમકે હેય ઉપાદેયના વિવેક વગરના આત્માની કોટિ સાનુકૂલ પરિણામ ઉપજાવવા અસમર્થ છે આ ઉપરથી એમ ફલિત થાય છે કે અશુભ યોગો—સ્થાનકોનો આશ્રય તજી શુભયોગો—સાધનોનું આલંબન ગ્રહણ કરવું જેથી તે આલંબન વડે આત્મા ઉત્તમ ક્રિયામાં પ્રવૃત્તિ કરી નૂતન ગુણોનું સ્વર્માં પ્રકટીકરણ કરી જ્ઞાન દર્શન અને ચારિત્રના સ્વરૂપનું આત્યંતિક પરિણામ પ્રાપ્ત કરી શકે

આ. પ્ર. વિ સં ૧૯૭૦

૧૮ પ્રાસંગિક સ્ફુરણ

ચૌદ પૂર્વ સુધી જ્ઞાનની ઉત્ક્રાંતિ પામેલા મનુષ્યો નિંદ અને પ્રમાદવશથી નિગોદમાં એક મ અધમ પરિસ્થિતિમાં કેમ ઉતરી જતા હશે ? વિચારતાં જણાય છે કે વ્યવહારમાં પણ શ્રીમંત અને આબરૂદાર ગૃહસ્થ તરફથી થયેલી અનીતિ અને વ્યભિચારની શિક્ષા કાયદાના દૃષ્ટિબિંદુથી સખ્ત જેલની હોય છે ત્યાં જેલના તમામ કાયદાને આધીન વર્તવું પડે છે જેમ કે જેલનો ડ્રેસ, બેડી અને સખત હલકી મજુરી તે પ્રસંગે તે કરોડાધિપતિ શ્રીમંત નથી પરંતુ તે શિક્ષા ભોગવ્યા પછી જેલમાંથી સ્વગૃહે આવ્યા પછી જેમ પૂર્વકાળનો શ્રીમંત બની રહે છે તેમ જ ચૌદ પૂર્વધર જીવાત્માઓ પાછા પોતાની જ્ઞાનકોટિમાં આવી પહોંચે છે દરમ્યાન કુદરતનો સંકેત અન્ય જન્મોમાં મન સંયમ જાણે અજાણ્યે કેળવવાનો હોય છે અને તે કેળવાઈ ગયા પછી મૂળ પરિસ્થિતિ પ્રાપ્ત કરે છે

× × ×

દર્શન જ્ઞાન અને ચારિત્રમાં જ્ઞાન અને ક્રિયા અંતર્ગત થાય છે દર્શન એ શ્રદ્ધા એગને વિશ્વાસ-સામાન્ય જ્ઞાન છે જ્યારે જ્ઞાન

એ 'વિશેષ જ્ઞાન' છે અને ચારિત્ર્ય એટલે તે પ્રમાણે ક્રિયા-વર્તન છે નદીમાં તરવાનુ જ્ઞાન જાણનાર જેમ હાથ-પગ હલાવ્યા વિના તરી શકતો નથી તેમ જ ક્રિયા વગરનું જ્ઞાન વધ્ય અને નિષ્ફળ નીવડે છે પણ જેમ તરનાર મનુષ્યને નદીને પેલે પાર જવાની ઉત્કટ ઇચ્છા છે તેમ રસપૂર્વક ક્રિયા કરવામાં આવે તો જ સફળ થાય છે ક્રિયા વગરનું જ્ઞાન તેમ જ જ્ઞાન વગરની ક્રિયા એ નિષ્ફળતા જ પ્રગટાવે છે આમ હોઈ જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષ એ સૂત્ર સર્વાશે સત્યસિદ્ધ (unfragmentary truth) છે

× × ×

જે જે વાસનાઓને (Temptations) માનવ જન્મમાં પુષ્ટ કરી હોય તેના બીજો સસ્કારરૂપે આત્મા સાથે મળી જાય છે આથી અખિલ જન્મના સત્વાળારૂપે જે સસ્કાર રૂપે પ્રાપ્ત થયેલા હોય તદનુસાર અન્ય જન્મની યોનિ પ્રાપ્ત થાય છે દૃષ્ટાંત તરીકે ક્રોધ અને અભિમાનવાળી પ્રકૃતિનુ અતિશય સેવન થયેનું હોય તો સર્પ, વ્યાઘ્ર વિગેરે યોનિમાં જન્મવુ પડે છે અત્યત કામવાસનાને જીવનમાં ઓતપ્રોત કરેલી હોય તો શ્વાનાદિની યોનિમાં અવતરવુ પડે છે આથી જૈનદૃષ્ટિએ મિ ડાર્વિનનો ઉત્ક્રાતિક્રમ અસત્ય ઠરે છે સર્પ અને શ્વાન અવસ્થામાં તે તે વાસનાઓના દીર્ઘ ભોગવટા પછી જ્યારે તે વાસનાઓથી મન થાકી જાય છે અથવા તે તે વાસનાઓ જ્યારે બળહીન થાય છે અથવા તેમાં અતરાયો ઉત્પન્ન થાય છે ત્યારે આત્મજાગૃતિ સકામ અથવા અકામપણે પ્રાયશ્ચિત્તરૂપે થતી આવે છે અને પછીથી જીવાત્મા ઉચ્ચકોટિએ ઉચ્ચ વાસનામાં મન સયમ પૂર્વક ચડતો આવે છે

× × ×

કુદરત હમેશાં આત્માને ઉન્નત કરવાને માટે જ પ્રેરાયેલી હોય છે જેમ શરીરમાં એક ગુમડુ થયું હોય તો તે રૂઝવવાની

કુદરત તો જલ્દી ગતિ કર્યા કરે છે, પરંતુ મનુષ્ય તેને અટકાવ્યા કરે તો વળી મટી જતાં દિવસો વધારે લાગે છે પરંતુ મનુષ્ય તેનો વિચાર ન કરે તો કુદરત તેમાંથી ખરાબ તત્ત્વો કાઢી નાંખી નવું લોહી આમેજ કરે છે-તેમ જીવાત્મામાં દર્શન જ્ઞાન ચારિત્ર્યાદિ ગુણોરૂપ શુદ્ધ રૂધિર વહન થતું હોય છે તે હમેશાં મનુષ્યને પાપમાં પ્રવૃત્તિવાળા હોય તો પણ આત્મજાગૃતિ કરી ચેતવે જાય છે પરંતુ તે જ્યારે તેની દરકાર કરતો નથી પછીથી આત્મામાં ખરાબ તત્ત્વો-કુટેવો આદ થઈ જાય છે ત્યારે તેને તેની શિક્ષા ભોગવવા તૈયાર થવું જોઈએ છે

× × ×

આત્મા અને શરીર બન્ને પરસ્પર વિરોધી વસ્તુઓ છે પણ શરીર વગર આત્મધર્મ સાધી શકાતો નથી अजरामरवत्प्राज्ञो विद्यामर्थं च चिंतयेत् અથવા शरीरमाद्यं खलु धर्म साधन- એ સૂત્રોને ભૂલી જઈ પ્રા ભમા જ બાલ્યાવસ્થામાં અનિત્ય ભાવનાનું જ્ઞાન અપાવવાની જરૂર નથી જેમકે શરીર કાળવિનાશી છે નકામું છે-એ ભાવનાવાળી દૃષ્ટિ બાળકમાં કેળવાવાથી ન તો શરીરબળ પ્રકટા વવાની તેને દરકાર રહે છે અને તે ન હોવાથી આત્મબળને સમૃદ્ધ થવાનો અવકાશ ક્યાંથી પ્રાપ્ત કરે? આમ હોઈ અનિત્ય ભાવનાનો ઉપદેશ તે તે મનુષ્ય અધિકારી થયા પછી આપવામાં આવે તો સ્થાયી અને આત્માને ઉપકારક બને છે રૂપી વડે અરૂપી અને દ્વૈતવડે અદ્વૈત (monism) નું જ્ઞાન પ્રકટ થાય છે-તે નિયમાનુસાર શરીરબળની ભાવના પ્રથમ કેળવવા પછી મનોબળ મજબૂત બને છે અને તે આત્મબળને પ્રકટાવે છે અને ચિરસ્થાયી બની શકે છે

× × ×

વેદાંતનો પારિભાષિક પ્રારબ્ધ શબ્દ એ જૈનપરિભાષામાં દ્રવ્યને અનુકૂળ થયેલું કર્મ ? અથવા કર્મફળ ચેતના છે કર્મ એ વેદાંતની પરિભાષામાં કર્તવ્ય-કર્મ છે જ્યારે જૈન પરિભાષામાં કર્મચેતના એટલે કે ક્રિયા કરવાને તત્પર આત્મા જો તે ક્રિયા શુભ પુરુષાર્થમય

હોય તો શુભકર્મબંધ થાય અને અશુભ હોય તો અશુભ કર્મબંધ થાય આ રીતે પ્રારબ્ધ તો અવશ્ય ભોગવવું પડે છે એટલે કે આત્મા પરતંત્ર થઈ ગયેલો છે પરંતુ નવું કર્મ કેવું કરવું તેની સત્તા આત્માને સ્વાધીન હોઈ નવાં કર્મો શુભ બાંધવા કે અશુભ ? તે માટે તે સ્વતંત્ર છે

× × ×

ઇતિહાસ એ અનુભવ છે, પૂર્વની હકીકતોનું ભરતીયું અથવા શુષ્ક આનંદ વિગત માત્ર નથી તે અમર યોગી જેવો છે વર્તમાનમાં કેવી રીતે જીવવું તેમજ ભવિષ્યકાળમાં વિશુદ્ધ જીવન માટે કયાં અવલંબનો હસ્તગત કરી લેવાં-એ ભૂતકાળની વિગતોના અનુભવ ઉપરથી રહસ્ય ખેંચવાનું છે તે ઉપર આત્માની ઉત્ક્રાંતિ (evolution) ની તૈયારી થવા માંડે છે, એટલે કે ઇતિહાસ એ ભૂતકાલીન અનેક બનાવોના સારરૂપે છે અને તે પ્રત્યેક જીવને કર્તવ્યક્રિયામાં સંપૂર્ણ રીતે માર્ગદર્શક છે

× × ×

શરીરની ત્રણ અવસ્થાઓ બાલ, યુવાન અને પ્રૌઢાવસ્થા છે તેમ આત્માની પણ ત્રણ અવસ્થાઓ છે, બહિરાત્મા અંતરાત્મા અને પરમાત્મા શરીરનો પલટો તે જન્મ મરણ છે અને આત્માનો પલટો તે કુસંસ્કારોનું પરિવર્તન છે શરીરના અનંત પલટા લીધા છતાં આત્માનો એક જ પલટો સમ્યગ્દર્શન-આત્મજાગૃતિ બરાબર થાય તો જન્મમરણના પલટાઓ અત્યારે બંધ થઈ જાય આમ હોઈ આત્માના પલટાની જરૂર છે બહિરાત્મા તે આત્મિક દૃષ્ટિએ બાલ અવસ્થા અંતરાત્મા તે યુવાન અવસ્થા અને પરમાત્મા તે પ્રૌઢાવસ્થા-સ્થિરાવસ્થા છે માત્ર તફાવત એ છે કે શરીરની પ્રૌઢાવસ્થા પછી દેહને વૃદ્ધાવસ્થા અને મૃત્યુને આધીન થવું પડે છે ત્યારે આત્મિક સ્થિરાવસ્થા હમેશને માટે સ્થિર રહે છે

× × ×

મન વચન કાયાના બળો જબરો પ્રભાવ ધરાવે છે મનોબળ

આત્માને ક્ષણમાં પાતાળમાં તો ક્ષણમાં આકાશમાં—એમ દશે દિશાઓમાં ખેંચી જઈ શકે છે વાણીનું બળ મનુષ્યોને મારી કે જીવાડી શકે છે તેથી જ ઈતિહાસમાં અનેક ગ્રહસંગ્રામો બનવા પામ્યા છે તેમ જ શરીરબળ પણ અનેક ચમત્કૃતિઓ વિખ્યાત સેંડોની જેમ બનાવી આપે છે આ ત્રણે બળો જો આત્મને અનુકૂળ-શુભ માર્ગમાં જોડાયા હોય તો તેને સંપૂર્ણ મુક્તિ અપાવે છે અને અશુભ માર્ગે જોડાયા હોય તો આત્મઘાતક નીવડે જ જેમ વ્યવસ્થિત કરેલી વરાળ આગગાડીમાં મનુષ્યોને ઉદ્દિષ્ટ માર્ગ પહોંચાડે છે તેમજ અવ્યવસ્થિત વરાળશક્તિ મનુષ્યોને બાળી નાખે છે ત્રણે બળો રૂપી હોવા છતાં અરૂપી આત્મા ઉપર અનુગ્રહ કે ઉપઘાત કરી શકે છે આમ હોઈ આ ત્રણે બળોને અધિકાર પ્રમાણે વ્યવસ્થામાં મૂકવા એ મનુષ્ય જીવનનું મુખ્ય કાર્ય છે

આ. પ્ર વિ સં ૧૯૮૧

પ્રાસંગિક સ્ફુરણ (૨)

સુંદર બગીચાને જેટલી વાડની આવશ્યકતા છે તેટલી જ જીવને દુખની આવશ્યકતા છે દુખમાં થતો મનનો અનુભવ એજ જીવન માટે ઉન્નતિનું કારણ છે ભૂખનું દુખ જેમ ભોજનને વહાલું બનાવે છે તેમ દુખોનો આસ્વાદ સાચા સુખની લહેજતને વધારે છે સુખ એ છાતી અને દુખ એ પીઠ છે દરેકને બન્નેની આવશ્યકતા છે દુખ સુખના દહાડો રાત્રિ દિવસના દહાડોની જેમ મનુષ્યને પડતી અને ચડતીના અનુભવો આપી રહ્યાં છે

× × ×

હાથ અન્ન પકાવીને [illegible] ની ખાતાં જઠરને અર્પણ કરી ખુશી થાય છે, અને એ [illegible] રીતે પોતાનું વળતર મેળવી લે છે

તેવી રીતે વિદ્વાન મનુષ્ય અન્ય અજ્ઞાન મનુષ્યોના હિતને માટે થાય, યથાશક્તિ સહુને ઉપયોગી થાય તો તે સૌના હિત સાથે સ્વાભાવિક રીતે પોતાનુ પણ હિત સાધી લે છે

× × × ×

જીવન સનાતન છે જેમ શરીરમાં વિક્રિયા થયેલી હોય તો ઉપર ઉપરની દવાથી મટતી નથી પરતુ વિકારો રેચદ્વારા કાઢી નાંખવાથી મટે છે અને શરીરમાં જીવનશક્તિ આવી હોવાથી લોહી ફરતું ફરતું વિશેષ થવાથી વિક્રિયા નાબુદ થાય છે તેમ આત્મા અન્ય જન્મમાં જાય તો પણ સનાતન જીવનશક્તિનો સ્વભાવ-ઉત્ક્રાંતિ વાળો હોઈ કર્મના વિકારો દૂર થાય ત્યારે પૂર્વ જન્મમાં એકઠા કરેલાં શુભ સસ્કારોનાં બીજોનું વૃક્ષ થતાં આખરે મુક્તિરૂપ ફલ-અખડ જીવન પ્રાપ્ત થાય છે

× × × ×

દુધનું દહી, છાશ માખણ અને ઘી અનુક્રમે થયા પછી ઘીનુ દૂધ ત્રિકાલમાં પણ ન થઈ શકે ઘાસ ગાયના મુખમાં ખવાયા પછી તેનુ દુધ થાય પણ ફરીથી ઘાસ ન થઈ શકે વિજ્ઞાન (Science) ની પણ તેની તાકાત નથી તેમ સિદ્ધાત્મા થયા પછી તે કમબધ સસારી આત્મા ન થઈ શકે

+ × × ×

વ્યતિષજતિપદાર્થાનાન્તર કોઽપિ હેતુ —" અર્થાત્ અતરગ ભાવોને એકઠા થવામાં કોઈ પણ નિમિત્ત હોય છે "—એ રીતે સસારી આત્માની અતરગ ક્રિયા કર્મના બધ ઉદય-કર્મચેતના અને કર્મફળ ચેતના વડે ચાલતી હોય છે બાહ્ય નિમિત્તોને

નજીક લાવવામાં પણ કર્મની અંતરંગ [illegible]
દૃષ્ટાંત તરીકે કેળું ખાવામાં આવ્યું અને [illegible]
વેદનીયનો ઉદય થયો આ કેળું ખાવાની [illegible]
મોહનીય કર્મના ઉદયથી થાય છે—આ રીતે [illegible]
પૂર્વક ભાગ ભજવી રહેલ છે

× × ×

અખંડ વસ્તુ (Cosmos) ને [illegible]
સમજવા માટે તેના ખંડ કરવા પડે છે [illegible]
શબ્દને ધગમગ-પગકાશ વિગેરેથી (૨) [illegible]
છે તેને કવિતાની પરિભાષામાં ઉતારી [illegible]
અને અનંતગુણી તીર્થંકર પરમાત્માની [illegible]
અને અનંતજ્ઞાની આત્માની ઝાંખી મતિ [illegible]
વિગેરે ક્ષાયોપશમિક-ખંડ-જ્ઞાનદ્વારા પ્રદ [illegible]

૧૯ જૈન દૃષ્ટિએ લોકમાન્ય તિલક.

લોકમાન્ય તિલકની દેશસેવાથી કોણ અજાણ્યું છે? એમના અવસાને હિંદને શોકજનક સ્થિતિમાં મુક્યું છે એમનું પૂરેપુરૂં વિશાળ સ્વરૂપ સમજવા માટે અત્યંત દીર્ઘદૃષ્ટિની આવશ્યકતા છે માત્ર હિંદીઓનાં હૃદય જ ખોટ યથાર્થ અનુભવે છે, અને કોઈક ભાગ્યા તુટ્યા શબ્દોમાં જ પોતાની લાગણી પ્રગટ કરી શકે છે

એકવીશમે વર્ષે ગ્રેજ્યુએટ ન્યુ ઈંગ્લીશ સ્કૂલ અને ફર્ગ્યુસન કોલેજના સંસ્થાપક, ધારાસભાના ભૂતપૂર્વ સભાસદ, મરાઠા અને કેશરી પત્રના પચ્ચીસમે વર્ષે તંત્રી, સ્વદેશ સેવાની ખાતર માંડલેના એક કેદી, છ વર્ષની કેદ ભોગવ્યા પછી રાજકીય પ્રવૃત્તિમાં ચાલુ રાખેલો અવિરત પ્રયત્ન હિંદીઓને રાજતંત્રની નીતિ-સર્વાંગે સમજાવીને ઘડી આપનાર લોકમાન્યપણ સર્વવ્યાપક હોવા છતાં સાદું જીવન નિરભિમાનતા અને નીડરતાથી સંયુક્ત અને કોંગ્રેસના સંચાલક, વિગેરે વિગેરે—

આવી ભરચક જીંદગીનું અવલોકન એક દૃષ્ટિપાતમાં કોણ કરી શકે? એમાં પ્રકટ થયેલા વિરલ ગુણો એમાં દર્શાવેલા સમર્થ વિચારો, અને એમાં કરેલી મહાન્ સ્વદેશ સેવાની કાંઈક ઝાંખી કરવા પુરતું જ આપણી બુદ્ધિ કામ કરી શકે

તેમની જે જે પ્રવૃત્તિઓ જનસમૂહમાં જોવામાં આવી છે તે તે બાહ્ય પ્રવૃત્તિઓ તેમના અંતરંગ વિચારને અનુકૂળ હોઈ પ્રશસ્ય અને પૂજવા યોગ્ય ગણાઈ છે જૈન દૃષ્ટિ પણ વિચાર અને વર્તનને સુવર્ણ અને સુગંધના દૃષ્ટાંત વડે વખાણે છે તેથી જ જૈન દર્શનમાં શ્રદ્ધા અને ચારિત્ર ઉપર પ્રત્યેક વ્યક્તિ પરત્વે ખાસ વજન આપવામાં

આ યું છે જ્યારે પ્રાકૃત મનુષ્યો મનુષ્યની બાહ્ય સેવાની કદર કરતા હોય છે ત્યારે જૈન દૃષ્ટિ જો કે હમેશાં ગુણોને જ પૂજતી આવી છે અને અંતરંગ ગુણોને મુખ્ય સન્માન આપતી આવી છે–તે દૃષ્ટિએ લોકમાન્ય તિલકનું જીવન કેવું ઉન્નત હતું તે જરા તપાસીએ.

સંસ્કૃત ભાષાના તથા વેદાંતાદિ ધાર્મિક ગ્રંથોના અભ્યાસી તરીકે સમર્થ વિદ્વાન્ છતાં પોતાની શક્તિનો ઉપયોગ મોટે ભાગે રાજકીય ક્ષેત્રની પ્રવૃત્તિમાં એમણે જીવનભર કર્યો છે–એમ કહેવામાં આપણે જરાપણ ભૂલતા નથી રાજકીય ક્ષેત્રની પ્રવૃત્તિનો હેતુ પ્રજાને સ્વરાજ્યના જ પ્રસિદ્ધ હક્કની પ્રાપ્તિ કરાવવા રૂપ એમના હૃદયમાં જ્વલંત હતો જૈન દૃષ્ટિએ મનુષ્યના અનેક વ્યાપક ગુણોમાંનો એ એક ગુણ છે કેમકે સ્વદેશ સેવામાં દુઃખી મનુષ્યોનો ઉદ્ધાર કરવો એ મહાન સૂત્ર મુખ્યપણે અંતર્ગત રહેલું છે એમનું હૃદય સરકાર તરફ કેવું હતું એ જ્ઞાનીગમ્ય હકીકત હોઈ આપણા બુદ્ધિના વિષયની બહાર છે પરંતુ એમણે લખેલા એક મિત્ર તરફના પત્રમાં પાર [illegible] દેખાઈ આવે છે કે સરકાર તરફ એમનું વલણ દ્વેષ કે તિ[illegible] નહોતું, પરંતુ વફાદાર રહી દૃઢતાથી હિંદના લોકોને [illegible] કરાવી આપવા તરફ અને તે ખાતર સરકાર તરફ હતું [illegible] આત્મબળ વડે પોતાની શક્તિને પૂર્ણ જ મના સ[illegible] કરેલી હતી "વિઘ્ન પુન પુનરપિ પ્રતિહન્યમાન[illegible] મુત્તમજના ન પરિત્યજન્તિ" એ રીતિ વાક્યને [illegible] પોતાના આત્મ ગુણો સાથે વણી દીધું હતું

માંડલેમાં જ્યારે રાજપ્રતિનિધિ તરફ[illegible] આવ્યા ત્યારે તેમના અગાધ આત્મબળે [illegible] ત્યાં ભગવદ્ ગીતાનું રહસ્ય લખવું શરૂ [illegible] વિદ્વાનોના વિચારોનું સંમેલન કરી શ્રીમદ્ [illegible]

અધ્યાત્મવાદ સાથે વિરોધી ઠરાવી, પોતાની વિદ્વત્તાનો પરિચય જ્યારે તેઓ કેદમાથી છુટ્યા ત્યારે લગભગ નવસો પાનાનુ સુંદર સાહિત્ય જન સમાજ સમક્ષ પ્રકટ કરી યથાથ રીતે બતાવી આપ્યો છે.

ભગવદ્ ગીતા રહસ્યમા એમણે કર્મયોગ સિદ્ધ કર્યો છે અને —

"तस्मादसक्त सततकार्य समाचर
असक्ताह्याचरन् धर्म परमाप्नाति पूरुष ।",

અર્થાત્—'તેટલા માટે હે મનુષ્ય! આસક્તિ રહિતપણે પુરુષાર્થ કર! તેથી જ તું પરમપદની પ્રાપ્તિ કરી શકીશ"

—એ સૂત્રને હૃદયમાં સતત ધારણ કરી પોતાનું જીવન કર્મયોગમાં વિતાવ્યુ છે એ કર્મયોગ સાથે જૈનદૃષ્ટિને શું સબધ છે, એમના કર્મયોગ સાથેના વિચારો જૈન દર્શનને તદ્દન સાનુકૂળ છે કે કેમ? એ હકીકતની વિગતમાં અમો અહીં ઉતરવા માગતા નથી પરતુ ગીતા રહસ્યમાં કોઈ કોઈ સ્થાને એમણે જૈન દર્શન ઉપર એવા વિચારો દર્શાવેલ છે કે 'જૈન ધર્મની પેઠે બૌદ્ધધર્મ પણ વૈદિક ધર્મરૂપ પોતાના પિતા પાસેથી જોઈએ તેટનો મીલકતનો હિસ્સો લઈ કોઈ કારણને લીધે જુદા નીકળેલા પુત્રસ્થાને છે" એમના જેવા વિદ્વાનને જૈનદર્શનની સૂક્ષ્મ હકીકતો જાણવાના અભાવે અપૂર્ણ માહીતીવાળી સ્થિતિમાં તેમ લખવુ પડ્યું હશે જેથી દિલગીરી દર્શાવ્યા વગર ચાલતું નથી કે લગભગ ત્રણ વર્ષ પુરાં થયાં ગુર્જર ભાષામાં ગીતા રહસ્ય ભાષાંતર થઈને બહાર પડ્યુ છતાં જૈન દર્શનના કોઈપણ ખાસ અભ્યાસીએ જૈન દર્શન તરફનો આ આક્ષેપ, દલીલ પૂર્વક સમૂળ નિવારણ કરવા પ્રયાસ પણ તેમના કર્ણગોચર કર્યો નથી

જૈન દૃષ્ટિ ડિંડિમ વગાડીને કહે છે તેમ—આપણે ગુણાધિક મનુષ્યો તરફ પ્રેમ રાખતાં રાખતા તેતે ગુણો ભવિષ્યમાં પ્રાપ્ત

કરવાના અધિકારી થઈએ કીએ અને જે કાંઈ તે પુરુષનું અનુકરણ થઈ શકે અને આપણો આત્મા જેટલે અંશે ઝીલી શકે તે પણ શક્તિ જીવનમાં ઉતારવા પ્રયત્ન કરીએ-એ આપણું કર્તવ્ય છે

જૈન દૃષ્ટિએ મૈત્રી પ્રમોદ અને કારુણ્ય-ભાવના અંશો મા નિધકમા સન્નિહિત હતા એમ એમના આખા જીવન ઉપરથી જોઈ શકાય છે એમનું હૃદય ઉત્તમ અને પારદર્શી હતું એમના જીવનો વેશ વિભિન્ન પક્ષ (Moderate) ની દૃષ્ટિએ હદ ઉપરાંત સાત્વિક હતો પરંતુ એમના હૃદયની શુદ્ધતા અને ભાવોનો મોટો ભાગ એમને દેવ તરીકે માનતો હોવા છતાં એમનાના પરિપૂર્ણ સાહાર્ય હતી એ નિર્વિવાદ છે

એમના જવથી હિંદુસ્તાન વિષમ સ્થિતિમાં આવી પડ્યું છે તો પણ કુદરતની શુભકારી ઇચ્છા ઉપર શ્રદ્ધા રાખી મનુષ્યો પોતાના જીવનમાં એમના સદ્ગુણો પ્રકટાવશે તો એ મહાપુરુષ મૃત્યુ પામ્યા છતાં અમર છે એમ પ્રત્યેક હૃદયને આશ્વાસન મળશે

આ પ્ર વિ સં ૧૯૭૮

તા ક—આપણે પ્રત્યક્ષ જોયું છે કે મહાત્મા ગાંધીજીએ લોકમાન્ય તિલકનો 'સ્વરાજ્ય એ મારો જન્મસિદ્ધ હક છે' એ મંત્રોનો વારસો લઈ સત્યાગ્રહની અહિંસક લડતથી ભારતને સ્વરાજ્ય અપાવ્યું છે F /

२० जैन दृष्टिए एक नररत्न

[શ્રીયુત ગોપાલકૃષ્ણ ગોખલે]

ચાલતા વર્ષની તા ૧૯ મી ફેબ્રુઆરીની રાત્રિએ શ્રીયુત ગોપાલકૃષ્ણ ગોખલેનો આત્મા અસાધારણ પરોપકારી જીવનથી ...

અંશે કૃતકૃત્ય થઈ એમના દેહને તજી અન્ય દિશામાં પ્રયાણ કરી ગયો છે-એ હિંદવાસી સહુથી મનુષ્યોને વિદિત છે લગભગ દરેક પત્રકારે એમના આત્માને બની શકે તેવી રીતે સ્મરણ ગોચર કરી, તે તરફ સ્વબુદ્ધિ અનુસાર ગુણ દૃષ્ટિએ પ્રેમની લાગણીઓ વ્યક્ત કરતાં એ નરરત્નના આત્માના ગુણોની સમીક્ષા કરી યથાશક્તિ સંતોષ માન્યો છે ખાસ કરીને મૃત્યુ પછી પ્રત્યેક ગુણવાન મનુષ્યની વાસ્તવિક કિંમત થાય છે એ સ્થિતિ ઘણુ અંશે સત્ય લાગે છે 'ગોપાળરાવ જેવા રાજ્યમાન્ય અને લોકમાન્યની પણ ખરી ઓળખાણ એમની હયાતીમા કોઈને થઈ નથી ' એ પ્રો પટવર્ધનનું કથન પૂર્વોક્ત સત્ય સ્થિતિએ સર્વાંશે મળતું આવે છ શ્રીમદ્ આનંદઘનજીનુ દૃષ્ટાંત જનદર્શનમાં ખાસ કરીને આ સ્થિતિની મજબૂત સાક્ષી આપી શકે છે એમની ઓળખાણ એમના પોતાના જમાના કરતા લગભગ એક સૈકા પછીના જમાનાને પ્રબળપણે કરાવી છે અને એ સત્પુરુષના જીવનની ઘટનાઓ અનેક સ્વરૂપે બહાર મૂકાઈ છે

આટનું નિવેદન કર્યા પછી અમારે કહેવુ જોઈએ કે આજે અમે શ્રીયુત ગોખલેનું જૈન દૃષ્ટિએ કંઈક અવલોકન કરવા ઇચ્છીએ છીએ આ ઉપરથી જૈન દૃષ્ટિને સંકુચિત સ્થિતિમાં યોજનારા વર્ગને આશ્ચર્ય થશે કે શું ગોખલે જૈન ધર્મ પાળતા હતા ? આનો ઉત્તર અમારે નમ્રમાં આપવા સાથે કહેવું પડશે કે જૈન દૃષ્ટિના વ્યાપક અર્થને ધ્યાનમાં લઈને એમના વિકસિત ગુણોને જૈન દૃષ્ટિ સાથે સરખાવી, એ સબંધમાં વિચારી, જેટલા અંશે એમનામાં જૈન દૃષ્ટિની યોગ્યતા હતી એનો ઉહાપોહ કરવો-એ વ્યાપક જૈન દૃષ્ટિને સર્વાંશે આવકાર દાયક છે—એમ માની આ પ્રયત્ન કરવામાં આવ્યો છે

વિશાળ જૈન દૃષ્ટિ પ્રત્યેક મનુષ્યના આત્મગુણને સ્પર્શે છે એ જૈન દૃષ્ટિનું બારીક જ્ઞાન ધરાવનારા પુરુષો સમજી શકે છે શું શ્રીયુત ગોખલે જેવા નિઃસ્પૃહ ઉદાર પ્રતિજ્ઞાધારી અસાધારણ પુરુષને જૈન દૃષ્ટિ પોતાની બહાર રાખી શકે? જૈન દૃષ્ટિ એટલી બધી સંકુચિત નથી કે ગુણીજન તિરસ્કારથી આપી તેના તરફ દુર્લક્ષ રાખી પોતાના અમુક આચારને જ માનનારાને પોતાની કોટિમાં સ્થાન આપે છે। શ્રીયુત ગોખલે જેવા નરરત્નોને જૈનદૃષ્ટિના ધોરણે તેમનું સ્થાન છે અને જૈન દર્શનની માન્યતાનો દાવો ધરાવનારા પણ ગુણહીન વ્યક્તિ હોતાં નિશ્ચય પ્રમાણમાં તેઓ જૈન દૃષ્ટિએ અમુક [illegible] છે હવે આપણે એમના કેટલાક ગુણોનું સિંહાવલોકન કરી જૈનદૃષ્ટિ સાથે સરખાવીએ

સ્વાર્થ ત્યાગ.

મનુષ્યે પોતાનું વ્યક્તિત્વ અહંત્વ-મમત્વ સ્વાર્થત્યાગ ઓગાળી નિઃસ્વાર્થ સેવાની વેદીમાં પોતાના સુખ સાધનો અને સ્વાર્થની આહુતિ આપવી-એ ઓછું દુર્લભ કાર્ય નથી અન્યના હિત અર્થે નાના મોટા સ્વાર્થોની અવગણના કરવી તેમના સુખ અને તૃપ્તિમાં પોતાના સુખ અને તૃપ્તિ ઉપજતી હોય મનુષ્યની ઉદારની વૃત્તિનો સર્વાંગ અનુભવ થવો-એ સ્વાર્થ ત્યાગની દિવ્ય ભાવનાનો રાજમાર્ગ છે અન્ય મનુષ્યોની સરખામણીમાં આવા સ્વાર્થત્યાગી મનુષ્ય અસાધારણ ગણાય છે તે સ્વાર્થથી અલિપ્ત થાય છે હું મારે અર્થે નહિ પણ પરને અર્થે છું-એ ભાવનાની સિદ્ધિમાંજ ([illegible]) સ્વાર્થ ત્યાગનું લક્ષ્યબિંદુ છે આવા લક્ષણવાળા સ્વાર્થ ત્યાગની શરૂઆત તેમને ઈ. સ. ૧૮૮૮માં રા૦ સા૦ રાનડેનો સંબંધ થતાં થઈ હતી તે વખતે સાર્વજનિક સભાનું ત્રિમાસિક ચલાવવાનું કાર્ય તેમને સોંપવામાં આવ્યું હતું પરંતુ એમના મિત્ર આગરકરના દૃષ્ટાંતથી નિષ્કામવૃત્તિથી લોકસેવા કર

વાનુ તેમજ ધનસચય તરફ દષ્ટિ ન રાખતાં ઉચિત કાર્યને પૂર્ણ કરવાનુ તત્વ એમના અતરમાં રમ્યું હતું સપાદક તરીકેની મહેનત બદલ સાર્વજનિક સભા તરફથી આપવાનો ઠરાવેલ પગાર લેવાની એમણે ના પાડી, અને મફત કામ કર્યું એ પછી કોંગ્રેસદ્વારા એમણે બજાવેલી સેવા, હિંદુસ્તાનના લોકોને માટે, રાજ્યકર્તાને શાંતિથી અરજ કરી તેમની પાસેથી વધારે હકો અને સગવડો પ્રાપ્ત કરાવવા એમનુ વિલાયત ગમન, ત્યાં ચોક્કસ સવાલોનો અભ્યાસ કરી હિંદ માટે ઉપયોગિતા સપાદન કરવાનુ એમનુ અચૂક લક્ષ્ય અને છેવટે એજ કાર્યમાં અતપર્યંત દૃઢતાથી એમની અથાગ પ્રવૃત્તિ-એ સર્વમાં સ્વાર્થત્યાગ ઓતપ્રોત હતો એમનુ જીવન અચ્છી રીતે પ્રકાશ આપી આપણને ગુણો તરફ અપૂર્વ માન ઉપજાવે છે

નિરભિમાનતા

એમના ચારિત્ર ઉપરથી સ્પષ્ટપણે ફલિત થાય છે કે એમનામા નિરભિમાનતા ઘણા અશોમા વિરાજિત હતી માનવ પ્રકૃતિમાં અનેક પ્રકારના ભાવો જુદા જુદા પ્રસગોમાં જુદા જુદા નિમિત્તોને આશ્રીને પ્રકટ થતા દેખાય છે કેટલા ભાવો તો કુસુમના જેવા કોમળ હોય છે, જેનુ સ્મરણ કરવાથી તે સ્મરણ કરનારનુ હૃદય પીગળે છે, એટલુ જ નહિ પણ તે સાંભળનારનુ પણ હૃદય દ્રવીભૂત થાય છે કેટલાએક ભાવો વળી એવા હોય છે કે જેનો વિચાર કરતા ભય અને કઠોરતાનો સચાર થાય છે, તેમાં કરુણ રસનો લેશ માત્ર સચાર થતો નથી મહાપુરુષો જેઓમા હમેશા કરુણાના પ્રવાન અશો પ્રકટેલા હોય છે, તેઓના ભાવો, આશ્રિત મનુષ્યો તરફ કોમળ પ્રવાહમાં વહેતા હોય છે જ્યારે કેટલાક મનુષ્યો દુખના ડુગરો આવી પડતાં છતાં સ્હેજ ચલાયમાન થતા નથી બીજાની મદદ માગવાના સેંકડો પ્રસગો પ્રાપ્ત થતા છતા કેટલાક તે પ્રાપ્તિની ભીખ માગવાનો વિચાર કરતા નથી અને પોતાના બળ ઉપર નિર્ભર રહે છે આવા

પુરુષોમાં એક પ્રકારનો પ્રશસ્ત સ્વમાનનો સદ્ભાવ છે શ્રીયુત ગોખલેના એમના ગુણપૂજકો તરફથી અનેકશ પ્રસંશાના પ્રસંગો આવી પડતાં, તેમજ રાજમાન્ય અને લોકમાન્ય હોવાના સબંધે રાજ્યના અધિકારી તરફથી પણ એમની બાહોશી માટે પ્રશંસા થતાં અને સુરતમાં કોંગ્રેસના ભંગાણુ પ્રસંગે કેટલાક યુવકો એમની મુલાકાતે જતાં પોતે અનેક ગુણવણ વાળા કાર્યમાં તલ્લીન છતાં બહુ જ સારી રીતે તે યુવકોની પાસે પોતાના ઉતારાના મકાનમાથી નિરભિમાનપણે નીચે ઉતરી Congress lost reduced todust, destroyed '–એ શબ્દોથી કોંગ્રેસના સ્વરૂપનુ ભાન કરાવી પોતાની આંતર લાગણીઓ પ્રદર્શિત કરતાં–એ અનુભવેના કોમળ સ્વરૂપને ધ્યાનમા લેના–એઓ આવા પ્રકારની વૃત્તિથી જ આગળ પ્રગતિ કરી શકયા છે એ નિ સંશય છે જો એમને પોતે બજાવેલા કાર્યો તરફ ખ્યાતિની લાલસારૂપે અથવા બીજી દિશામા પ્રયત્ન કરતા પોતાની સરખા મનુષ્યો તરફ ઈર્ષ્યાજન્ય પરિણામ થયુ હોત તો તેમની પ્રગતિ એકદમ કુંઠિત થઈ જાત

વિવેકદૃષ્ટિ

એકમાંથી અનેક સામાન્યમાંથી વિશેષ સમમાથી વિષમ, સજાતીયમાથી વિજાતીય–એ વિશ્વના પરિવર્તનનો એક નિયમ છે જો સદા કાળ મનુષ્ય એક જ સૂત્રને અવલંબે તો પ્રગતિનો અવકાશ રહે નહિ આમ હોઈ વિવેક દૃષ્ટિએ ઉપર કહેલુ યથાર્થ તોલન કરી આત્માને સુખ દુખનુ કે સારા નરસાનું ભાન આવે છે શ્રીયુત ગોખલેની વિવેક દૃષ્ટિએ રાજકીય પ્રવૃત્તિ દ્વારા લોકહિત સાધવાની પ્રતિજ્ઞા કરી હતી અને એ જ વિવેક દૃષ્ટિએ હિંદુસ્તાનની ઉન્નતિ અર્થે બ્રિટિશ સબધની આવશ્યકતા છે–એ રાજકીય સૂત્ર દ્વારા મી ગોખલેએ જે બોયકોટ અને સ્વદેશીઝમ વચ્ચેનો તાત્વિક ભેદ સમજાવ્યો હતો–તે મી. વિવેકદૃષ્ટિ એમને મળી હતી

એમ કહીશું તો અયથાર્થ નથી એમણે એ દૃષ્ટિને લીધે જોયું કે પરદેશી તરફ દ્વેષ અથવા શત્રુભાવ ધારણ કરવો એ ખરું સ્વદેશીપણું નથી, પણ સ્વદેશીનો આર્થિક ઉત્કર્ષ થાય તે માર્ગે પ્રવૃત્ત થવું—એ જ ખરેખરી સ્વદેશ વ્રતની ઉપાસના છે આવી દૃષ્ટિથી જ તેઓ રાજા પ્રજા ઉભયનો સબંધ એકત્રિત રાખીને કાર્ય કરી શક્યા હતા રાજકીય ઝીણામાં ઝીણી વસ્તુસ્થિતિમાં ચંચુપાત કરવો અને એમાંથી રહસ્ય ખેંચી તેની વ્યવસ્થા પુર સર સમોચિત મુકવું—એ આવી દૃષ્ટિ સિવાય બની શકે નહિ અને એથી જ તેઓની ગણના લગભગ પ્રત્યેક હિંદવાસીના ગુણપાક્ષિક મગજમાં રમી રહી છે

મનોબળ

મનોદ્રવ્યના આંદોલન એટલા બધા વેગવાળા અને શક્તિ સંપન્ન હોય છે કે જેઓ જ્ઞાનપૂર્વક ઉપયોગ કરી શકે છે, તેઓ તેને અમે તે સ્થળમાં પોતાનું ઇષ્ટ કાર્ય સાધવા માટે યોજી શકે છે મનોબળવાળા મનુષ્યોની ઇચ્છા આપણી ઇચ્છા જેવી દુર્બળ હોતી નથી હજાર મનુષ્યોને તેઓ પોતાની ઇચ્છાનુસાર વર્તાવી એમની ઇચ્છિત પ્રવૃત્તિઓમાં ધમરી જાય છે આમ હોઈ શ્રીયુત ગોખલેના મનોબળે અનેક પ્રાણીઓનું આકર્ષણ કરી લીધું હતું એમનો સતત પ્રચંડ અર્થશાસ્ત્રનો અભ્યાસ એમની 'સર્વન્ટસ ઓફ ઇંડિયા સોસાયટી' દ્વારા લોક સેવા અને વેલ્બીકમીશન આગળ એમણે દૃઢ નિશ્ચય પૂર્વક હિમ્મતથી અને નિખાલસ પણે આપેલી જુબાની—એ સર્વ એમના મનોબળને આભારી છે

સ્વદેશ નિ

ના જે શમાંથી ઉદ્ભવે છે તે અશ
બળો ઉઠાવે છે આત્મ વિસર્જન

પૂર્વક બધુ સેવા–એ વાસ્તવિક ભક્તિ છે [illegible]
માટે પ્રાણીઓમાં આત્મવત્ બુદ્ધિ થાય તેને [illegible]
છે–એવી વિશ્વવ્યાપી વિશાળ ભાવનાઓ [illegible]
ભાગ તરફ એમની વૃત્તિ અનુભવાય–એવા [illegible]
આવે છે. આવા પ્રયાસો [illegible] વિસ્તાર થઈને [illegible]
([illegible]) પ્રકટ થયો હતો અને એથી [illegible]
(activity) ની એકતા સાધી [illegible]
એ ભક્તિ પૂર્ણપણે ખીલી નીકળી હતી જેમ [illegible]
રાજકીય હકો મેળવવાના યત્નો કરતા, તેમ [illegible]
અજ્ઞાન ખાડામાં પડી છે એનું એમને [illegible]
પ્રજાનું આંતર જીવન જાણી એની ઉન્નતિ [illegible]
પોષણે તૈયાર કરવી–એ એમની સ્વદેશ [illegible]

પ્રકારનું ચોક્કસ વાતાવરણ બંધાયું હતું કે જે અનેક અનુભવોની આપને કરતાં છતાં એમના ઉચ્ચ ગુણોને પુષ્ટ કરતું હતું, અને એમના આરંભેલા કાર્યની સિદ્ધિ તરફ પ્રત્યેક પળે દોરતું હતું જે ગુણોનું જવાહિર એમનામાં હતું તે એમના જીવન ઉપર એવો સુંદર પ્રકાશ પાડે છે કે એમનું ચરિત્ર સાંભળવા અને વિચારવા ગુણી મનુષ્યો લલચાય છે અને એ દ્વારા પોતાની ઉન્નતિ કરવા પ્રેરાય છે એમના મુખનું માધુર્ય અને સજ્જનતા છેવટની ઘડી સુધી ટકી રહેલાં હતાં અનેક ઉચ્ચ પાયનવાળી વસ્તુસ્થિતિથી ઘડાઈ તૈયાર થયેલા આત્માને એવી સ્થિતિ ટકી રહે એમાં આશ્ચર્ય પણ નથી જૈનદૃષ્ટિ જ્યાં જ્યાં ગુણો દેખે ત્યાં નમે છે, પ્રાણીઓની ઉદ્ધાર પ્રવૃત્તિ અનેક માર્ગો દ્વારા વિચારી અને કરી શકાય છે પ્રાણીઓના ઉદ્ધારને માટે આધ્યાત્મિક (Spiritual) વૃત્તિ કરનાર જુદી જ દિશામાં કાર્ય કરે છે અને તે ઘણા જ ઉચ્ચ સ્વરૂપવાળી છે પણ ઉદ્ધાર કરવારૂપ ઇચ્છા પ્રગટવી અને એ ગુણોના અમુક અંશોમાં-પ્રાણીઓને ઉપકારક થાય-તે અંશોમાં વિકાસ થવો-એને જૈનદૃષ્ટિ પોતાની કોટિમાં સંગ્રહે છે અને ત્યાં ત્યાં ગુણ સંપત્તિથી આત્મા આશ્ચર્ય વડે નમતો જણાય છે જેથી શ્રીયુત ગોખલે અજૈન છતાં, એમના ગુણોની પરિસ્થિતિએ જૈનદૃષ્ટિ વિચારી એમના આત્માની શાંતિ ઇચ્છીએ છીએ અને એવી ગુણાધિક વ્યક્તિઓ અનેક દિશામાં જુદા જુદા કાર્ય પરત્વે પ્રાણીસેવા દેવસેવા અને ગુરુસેવાદિ કૃત્યોમાં જોડાઈ અસાધારણ 'મનુષ્ય' શબ્દથી અંકિત થઈ પ્રાણી માત્રના ઉપકારક બનો-એવું ઇચ્છી વિરમીએ છીએ

આ પ્ર વિ સં ૧૯૭૫

૨૧ જીવનના વિશુદ્ધિમય વાતાવરણો

જૈન દર્શન ભૌતિક માનસિક અને આધ્યાત્મિક ભૂમિકાઓ ઉપર પ્રકૃતિનુ સત્વ રજસ્ અને તમસ્-એ પ્રમાણે ત્રિગુણાત્મકપણુ સ્વીકારી આગળ વધે છે વિશ્વના દરેક પદાર્થો ત્રણ ગુણવાળા હોવાથી તેના કાર્યોમાં પણ તે ગુણ ઉતરી આવે છે સત્વગુણ શાંતિનો ઉત્તેજક છે રાજસગુણ ભોગલાલસાની પ્રવૃત્તિ-જાગૃતિનો ઉત્તેજક છે અને તમોગુણ પ્રમાદ-અવિચાર અને કષાયને વધારનાર છે મનુષ્યના નિવાસ સ્થાન-સંગતિ-આહાર અને વિહાર ઉપર મુખ્યત્વે કરીને તેના વાતાવરણની વિશુદ્ધિની સ્વચ્છતા કે અસ્વચ્છતાનો આધાર હમેશાં રહેલો છે

પ્રત્યેક પદાર્થ ત્રિગુણાત્મક હોવાને અંગે સ્થાનના પણ સત્વ-રજસ્ અને તમસ એવા ત્રણ ભે૰ પડે છે પરંતુ તે ઉપરથી એમ માનવાનુ નથી કે જ્યાં એક ગુણ હોય ત્યાં બીજા બન્ને ગુણો ન હોય મતલબ કે પ્રત્યેક સ્થળે એક ગુણનુ પ્રધાનપણું અને બાકીના એ ગુણો ગૌણપણે વર્તતા હોય છે કેટલાક સ્થળો સત્ત્વપ્રધાન પ્રકૃતિ વાળા હોય છે તેવા સ્થાનોનો સચેતન પ્રાણીઓ સાથે સબંધ થતાં તે સ્થાનના ગુણો અને ત્યાં આશ્રય લેનાર પ્રાણીઓના ગુણોની [illegible] થવા માંડે છે તે પ્રસંગે સ્થાનગત પ્રકૃતિ મનુષ્યના [illegible] રાજસ-તામસ પ્રકૃતિ મ[illegible] પાડી સંક્રાંત થઇ જાય છે અને [illegible] વૃદ્ધિ કરે છે

રાજસ તામસ પ્રકૃતિવાળું આપણા નિમિત્તોથી ન બનવા પામે એ સાવચેતી તો બહુ જ જરૂર છે જિન મંદિરનું વાતાવરણ સત્ત્વપ્રધાન છતાં વ્યવસ્થાના અભાવે આપણા નિમિત્તોથી રાજસ પ્રધાન બની જાય છે આમાં આપણી બેદરકારી અને અવ્યવસ્થા મુખ્ય હેતુભૂત હોય છે એથી ઉતટ શત્રુંજય ગિરિરાજ ઉપર તીર્થનાયક શ્રી આદીશ્વર પ્રભુની પૂજા પ્રસંગે સ્ત્રી પુરુષોની અથડાઅથડી અને ભીડ એવી જામે છે કે જો તે સ્થાનની સત્ત્વપ્રધાનતા લાંબા કાળથી મજબુત થયેલી ન હોત તો આપણાં નિમિત્તોથી આપણી અવ્યવસ્થાઓથી ક્યારની નાબુદ થઈ હોત અને રાજસ તામસ વાતાવરણવાળી બની ગઈ હોત પરંતુ આપણી અન્યવસ્થાઓ કરતા તે સ્થાનની પવિત્રતાનું બળ અધિક છે જિનમંદિરની અવ્યવસ્થાઓ જેમ જેમ દૂર કરવાની સાવધાની [illegible] વામાં આવે છે તેમ તેમ તે સ્થાન અને વ્યક્તિની પરસ્પર અસર સત્ત્વપ્રધાન છે ઉપાદાન પણ તેને જ લગતું સત્ત્વ પ્રધાન સ્થાન હોય છે પણ ત્યાં જઈને આપણું કર્તવ્ય શું છે? ત્યાં જઈ આવ્યા પછી આપણી આપણી અશુભભાવનાવાળી પ્રકૃતિ ઉપર કે લા પ્રમાણમાં ઉચ્ચ અસર કરી? વ્યાખ્યાનો સાંભળી રાજસ કે તામસ પ્રકૃતિ કેટલી ઘટાડી? તેના વિચારો નજર આવે અને યંત્રવત્ ગમનાગમન થાય તો આપણા રાજસ તામસ પ્રકૃતિ ઉપર તે સ્થાનની કશી અસર થતી નથી [illegible] કેવળ તે સ્થાનનું વાતાવરણ આપણે આપણી મલિન ભાવનાઓ [illegible] કરી મુકીએ છીએ

જે સ્થાને મહાપુરુષો વિચર્યા હોય છે અને તેમની પ્રકૃતિનો રસ [illegible] તેના સ્થાનમાં આવતા મનુષ્યની તાત્ત્વિક દૃષ્ટિ અયાન [illegible] થતી [illegible] છે અને તેના અધિકારના પ્રમાણમાં તેને [illegible] ભાવના સાથે તત્ત્વવિચારનું સામર્થ્ય પ્રકટે છે તે જ પ્રકારે [illegible] સ્થાનનો સંબંધ થતાં સત્ત્વ અને તમોગુણ દબાઈ જાય [illegible] અને વાસનાઓને તૃપ્ત કરવા તૈયાર થાય

છે અને ધાર્મિક ક્રિયાકાંડ તેને શુષ્ક લાગે છે અથવા ઢગ માત્ર ભાસે છે રાજસપ્રધાન પ્રકૃતિવાળા મનુષ્યો ભોગવિલાસની તૃપ્તિમાં દોડધામ કરનારા અર્થ ઉપાર્જન કરવામાં અહોનિશ તત્પર રહેનારા હોય છે આમ હોઈ આત્માના વિશુદ્ધ ગુણોને પ્રગટાવનારી સામાયિક પ્રતિક્રમણાદિ ક્રિયાઓનુ રહસ્ય સમજવા દરકાર કરતા નથી અને એથીજ એમને મન એ વસ્તુઓ કિમત વગરની નિર્માલ્ય થઇ ગયેલી હોય છે આ ઉપરથી એક એવો સિદ્ધાંત ફલિત થાય છે કે સત્વગુણ પ્રધાન જીવન ટકાવી રાખવા ને માટે બાલ્યાવસ્થાથીજ સામાયિકાદિ ક્રિયાઓના ટાંકણાઓ વડે જીવનમાં સરભરો દરરોજ પાડવા જોઈએ જેથી મોટી ઉમ્મરે પણ તે તે ક્રિયાઓનુ બળ આત્માને સવિશેષપણે સત્વપ્રધાન બનાવી ઉચ્ચ વર્તનથી જીવનને અધિક બળ આપી શકે

આમ હોવાથી રાજસ પ્રકૃતિવાળા મનુષ્યો મોટે ભાગે પોતાની પ્રકૃતિને અનુકૂળ સ્થાન શોધી લે છે એટલે કે સાત્વિક સ્થાનમાં જઈ શાંતિ મેળવવાની ઈચ્છા નહિ કરતાં અગે તે પ્રવૃત્તિ તો કરવી જ જોઈએ એવા નિશ્ચયવાળા હોવાથી એ પાંચ સ્થાનોમાં પોતાના જેવી જ પ્રકૃતિવાળા મિત્રવર્ગ પાસે ગપ્પાં સપ્પાં ચલાવી દરકોઈ વ્યક્તિની નિં l કે અતિશયોક્તિવાળી સ્તુતિમાં કલાકોના કલાકો વીતાડે છે અને પોતાની પ્રકૃતિને પુરતો ખોરાક આપી સજીવન રાખે છે

તમોગુણવાળા સ્થનો પણ પ્રત્યેક મનુષ્ય ઉપર પોતાની અસર જમાવે છે પ્રમાદ અવિવેક અભિમાન આલસ્ય અને ક્રોધ ઉત્પન્ન થાય—તેવા સ્થાનનો સબંધ તે પ્રકૃતિવાળાઓ ઈચ્છે છે એટલે કે જ્યાં આળસુ અને વ્યસની મનુષ્યો વસતા હોય ત્યાં તેમની પાસે રહેવુ તેમના પ્રસગમાં આવવુ અને તેમની મિત્રતા વધારવી—એજ તેમની પ્રકૃતિનું લક્ષ્ય મુખ્ય હોય છે

સાકર જેમ સ્વભાવથી જ મિષ્ટ હોય છે તેમ કેટલાક સ્થાનો સ્વભાવથી જ સાત્વિક હોય છે જેમ સાકર સાથે મેળવેલું જળ કાંઈ પણ વિલબ વિના સાકરના ગુણને મેળવી લે છે, તેમ મનુષ્યો પણ સ્થાન સબધી પ્રકૃતિને તત્કાળ મેળવી શકે છે એથી ઉલટું જેમ લોગના કટ્ટાને સાકરનો સયોગ કશી અસર કરી શકતો નથી, તેમ ત્રણે પ્રકૃતિઓના તારતમ્યને સમજનાર મનુષ્ય ઉપર કોઈ પણ અશુભ વાતાવરણ અસર કરી શક્તું નથી

વીર પરમાત્મા ચડકૌશિક સર્પના તામસ પ્રધાન સ્થાનમા ગયા તો પણ પોતાની સત્વપ્રધાન પ્રકૃતિ અવિચળ રાખી શક્યા છે એટલુ જ નહિ પણ પરતુ તે સર્પને પણ સત્ત્વ પ્રધાન બનાવી દીધો છે સ્રોમવિલાસ સમયે પોતાના રાજમહેલમાં આસપાસના તમામ સજોગો રાજસવૃત્તિને પોષનારા હોવાં છતાં સયમબળે ભોગ માનને તજને યોગી થયેલા છે તેમજ સાત્વિક વૃત્તિના પ્રધાનસ્થાન સમવસરણમાં ગોસાળાના તેજોલેશ્યાના ઉપદ્રવ વખતે પણ પોતાની પ્રકૃતિ ત્રણે સ્થાનોમાં અવિચલિત રાખી શક્યા છે ઉલટું તે દરેક સ્થાનોનુ વાતાવરણ વિશુદ્ધ કરી શક્યા છે—એ ઇતિહાસમાં મોજુદ છે

તીર્થંકરોની કલ્યાણક ભૂમિઓ જેમકે **સમેતશિખરજી, પાવાપુરી** વિગેરે સ્થળોમાં સત્ત્વશુદ્ધિનો પ્રભાવ રહેલો છે કેમકે આવા સ્થાનોમાં આવતાં અત ક્રણ ઉચ્ચ કળામાં વર્તવા માંડે છે, અને તીર્થંકર પ્રભુનાં ચરિત્રોની યા આપી આત્માને નૈસર્ગિક શક્તિનું ભાન કરાવે છે તેજ પ્રમાણે મુબઈ અને કલકત્તા જેવા પ્રવૃત્તિવાળા શહેરોમાં શાંતિ અને સાત્વિકી વૃત્તિનો ઘણે અંશે અભાવ દષ્ટિગોચર થાય છે જેથી તે સ્થાનોમાં મનુષ્યોની સ્વભાવિક લાગણીઓ દબાઈ જવાથી ધર્મના સત્વપ્રધાન કાનુનો સાચવી શકાતા નથી

પરતુ પાણીમાં કુદરતી મિષ્ટતા હોવા છતા જેમ તેમાં લુણ નાખવાથી મિષ્ટતાનો પરાભવ થાય છે, તેમ વ્યક્તિ અને સ્થાન

વચ્ચેના સબંધનુ પરિણામ છે એક બીજાનો સ્વભાવ ફરી જાય છે તેથી ઉલટુ ભર્યા સરોવરમાં જેમ મીઠાનો ટોપલો નાંખવાથી કશી પણ અસર દેખાતી નથી તેમ જે સ્થાનમાં સ્વાભાવિક ગુણ ઉચ્ચપણે બધાઈ ગયેલો હોય છે તે સ્થાનનુ વાતાવરણ તેના સબંધમાં આવનાર મનુષ્યથી વિકારી બનતું નથી

શત્રુંજયગિરિ શાશ્વત છે એમ કહેવામાં એવો અર્થ સમાયલો છે કે તે સ્થાનની અસ્તિ કાયમ રહેવા સાથે પવિત્ર અસર એવી મજબુત છે કે તે કદી અનેક વિરોધી વાતાવરણમાં પણ ચલિત થવાની નથી કેમકે ઉત્તરોત્તર વિશુદ્ધિનુ વાતાવરણ પ્રબળપણે પ્રસરતું જતું હોય છે કાળ પ્રભાવે કદાચ ઓછુ વિશુદ્ધિવાળુ થાય પણ તેની અસર એવી પ્રબળ હોય છે કે તે સબંધમાં આવનાર પાપી તામસ પ્રકૃતિવાળા પ્રાણીની પણ પ્રકૃતિનો પલટો કરાવી પોતે અવિચળ રહે છે ખુલ્લી હવા વૃક્ષની કુંજો બગીચાઓ વિગેરે પણ સામાન્યત જોઈએ તો પણ પ્રવૃત્તિમાં રચી પચી રહેલા મનુષ્ય જીવન ઉપર કેવી અસર કરે છે?

જિનમંદિરોમા અને તીર્થ સ્થળોમા સસાર વિષયક વાર્તાની પણ મનાઈ કરવામાં આવી છે-તેનુ કારણ પણ એજ હોવુ ઘટે છે આવા સ્થળોમાં આવીને પણ મનુષ્યો પોતાની હલકી પ્રવૃત્તિને પોષે, બાળચેષ્ટા કરે અથવા વ્યાખ્યાન કે પ્રતિક્રમણમાં ઝોકા ખાય એ રાજસ તામસ પ્રકૃતિઓની સામે પ્રતિરોધ બળ ઉત્પન્ન કરવા માટે છે અને જો ત્યાં પોષવામા આવે તો અંત:કરણને ઉચ્ચ કળાએ મુકવાને બદલે, તે સ્થાનને ક્રમે ક્રમે અધમ પ્રકૃતિના વાતાવરણવાળું કરી મૂકે છે

શાસ્ત્ર ડિંડિમ વગાડીને કહે છે કે મહાત્માઓના નિવાસસ્થાનમાં હિંસક પ્રાણીઓ પણ પોતાનાં વેરો ભૂલી જાય છે તેમજ એક શેરીનુ

નિરપરાધી કૂતરું શિકારી મનુષ્યના સ્થાનમાં બંધાય છે તો તેનામાં ક્રૂરતાનો સંચાર થાય છે આ બંને દૃષ્ટાંતો મનુષ્યને સૂચવે છે કે તેણે સ્થાનની પસંદગી કરતાં અત્યંત સાવધાન રહેવું જોઈએ

જૈનદર્શન વિચાર" ને માનસિક પરમાણુઓ માને છે અને તે 'લેશ્યા ના પ્રકાર હોવાથી તેને જુદા જુદા આકાર (Thought forms) કાળો, નીલ કાબરચિતા, વિગેરે રંગવાળા માને છે પાશ્ચિમાત્ય વિદ્વાનોએ તેના રંગો યંત્રોની મદદથી તપાસ્યા છે, આ ઉપરથી પણ સિદ્ધ થાય છે કે સ્થાનનો સંબંધ આપણા અંતઃકરણમાં સાત્વિક-રાજસ કે તામસ ભાવ ઉપજાવનારી શક્તિ ધરાવે છે.

અશોકવૃક્ષ તીર્થંકર પ્રભુના સમવસરણમાં પ્રાતિહાર્ય તરીકે પ્રકટ થવાનો હેતુ શું છે? ત્યાં આવનાર તમામ પ્રાણીઓ વૈરને ભૂલી જાય અને સંસાર તાપના શોક રહિત થઈ, શાંતિથી તે છાયા વડે જિનોપદેશ સાંભળે છે આમાં જેમ તીર્થંકર પરમાત્માની શાંતિનો પ્રભાવ તેમ તેવા વૃક્ષવાળા રમણીય સ્થાનનો પણ પ્રભાવ છે વડનું વૃક્ષ સામાન્ય પ્રાણી વર્ગને શીતકાળમાં પોતાની છાયા નીચે ગરમી આપે છે તેમજ ઉષ્ણકાળમાં ઠંડક આપે છે સ્થાનનો પ્રભાવ મનુષ્ય જીવન ઉપર અસર કરવા માટે ખાસ અગત્યનું સાધન છે એ નિર્વિવાદ છે મનદ્રવ્ય કે જીવનની વૃત્તિઓ અને સ્થાન સાથે અરસપરસ નિકટ સંબંધ છે એમાં જે બળવાન હોય તે એક બીજાની અસર ગ્રહણ કરી શકે છે

વસ્તુ સ્થિતિ આ પ્રકારે હોઈ દરેક મનુષ્યે આત્માની ઉન્નતિ કરવા માટે જિનમંદિર ઉપાશ્રયે-દેવ ગુરુ અને ધર્મ એ ત્રણે તત્ત્વોની પ્રાપ્તિથી સાત્વિકી વૃત્તિ વધારવા દરરોજ આવશ્યક કાર્ય તરીકે જવાનો સંકલ્પ કરવો જોઈએ તે ઉપરાંત પોતાના ગૃહમાં પણ પૃથક્ સ્થાન રાખી ઓછામાં ઓછો બે ઘડી જેટલો કાળ આત્મગત

તેનું ચિંતવન કરવામાં હમેશાં નિયમ તરીકે ગાળવાને જરૂર છે જેથી ગત અનંત કાળમાં નહી સધાયેલું એવું પરમ કર્તવ્ય-આ ભવમાં સિદ્ધ થઈ–પરિણામે સંસારની સમાપ્તિ બની આવશે જીવનની વિશુદ્ધિના વાતાવરણ ઉપર "સંગતિ' કેવી અસર કરે છે તે પ્રસંગોપાત્ત વિચારશું

આ પ્ર વિ સં ૧૯૭૧

૨૭ આત્મિક ચતુરંગી અવસ્થાઓ

જડવાદીઓ વડે પ્રસાર પામેલા અવિદ્યાના અંધકારમાં [illegible] પ્રતિબિંબ થઈ રહેલા જમાનાના પ્રવાહો કાળના પરિભ્રમણે [illegible] શિથિલતાની પરિસ્થિતિમાં તેમજ જડને અનિષ્ટ [illegible] પ્રયોગોની યોજનામાં ' આત્મા ' જેવી અમૂલ્ય વસ્તુ [illegible] જેથી અનેક અનુભવો અને સંસ્કારો રૂપ કોદાળીઓમાં [illegible] જ જાણી શકે તેમ હોવાથી તે અમૂલ્ય વસ્તુને શોધવા [illegible] પ્રાણીઓ બેદરકાર બને છે અથવા શોધવાની પ્રવૃત્તિ [illegible] તેઓ પોતાની પાસે જ રહેલા અપ્રતિમ ખજાનાને [illegible] શકતા નથી અથવા તેનું મૂલ્ય આંકી શકતા [illegible] નિર્વિવાદ સિદ્ધ છે, અને શાસ્ત્ર તે ખુલ્લી રીતે [illegible] સત્શાસ્ત્રો પ્રાણીઓને એની શોધ અને સગવડે [illegible] અને પ્રબોધે છે કે આત્માની શોધ કરો, [illegible] પ્રશસ્ત માર્ગમાં જોડવા પ્રગતિ કરો અને [illegible] સાર્થક્ય છે' વસ્તુ સ્થિતિ આ પ્રકારે હોવા [illegible] જાગૃતિ કૃત્રિમ અથવા અકૃત્રિમ આત્મ[illegible] પ્રાણીઓને સન્માર્ગ ભણી વાળે છે

સત્શાસ્ત્ર દ્વારા આત્માના અસ્તિત્વનુ ભાન થવા પછી તેની અવસ્થાઓનુ જ્ઞાન થવુ ઉચિત છે અને તે ન થાય તો અનાદિ મિથ્યાવાસનામાં વાસિત રહેલા આત્માનો કદાપિ ઉદ્ધાર થઈ શકે જ નહિ અને તે ન થાયતો " નદી ગોળ પાષાણ " ન્યાય વડે પ્રાપ્ત થયેલા કષ્ટ સાધ્ય મનુષ્ય જન્મની નિરર્થકતા થાય અને પુણ્ય યોગે પ્રાપ્ત થયેલુ બુદ્ધિબળ અયોગ્ય માર્ગમાં વહી નિરૂપયોગી થાય તેટલા માટે આત્માની અવસ્થા જાણવા પછી વિવેક પુર સર તે સ્થિતિઓને વિચારી, ઉચિત અવસ્થાને ગ્રહણ કરી, અભ્યાસ કરી-આદરી, અનાદિ કાળથી ગાઢ પરિચિત અનુચિત અવસ્થાને શી રીતે તજવી તદર્થે તેના હેતુઓ શોધી કાઢી તે ઉપર આત્મસયમન કરવુ-એ આત્મ દ્રવ્ય તેમજ તેની પર્યાય રૂપ અવસ્થાઓ-દશાઓ જાણવાનો ખાસ અતરગ હેતુ છે અને તેમા જ સુજ્ઞ જનોએ આદર કરવો ઉચિત છે

આત્માને જુદી જુદી કોટિઓમાં ચાર અવસ્થાઓ હોય છે નિદ્રા, સ્વપ્ન જાગૃત અને ઉજ્જાગર-આ અવસ્થાઓમાં પ્રથમની બે અવસ્થા દરેક આત્માને પરાધીન કરી ગુલામ બનાવે છે અને આત્મસત્તાને દબાવી દે છે જ્યારે છેલ્લી બે અવસ્થામાં આત્મા જાગૃત થઈ પોતાની પરાધીન અવસ્થાને ઓળખે છે તેથી વિરમવા પ્રયત્ન કરે છે અને પરિણામે વિરમે છે સૌથી પ્રથમની નિ દ્રદશા આત્માને દર્શનાવરણીય કર્મનો ઉદય છે અને તેના પરાધીનપણામાં આત્મા સ્વશક્તિ ગુમાવી નિદ્રા લે છે પરતુ આ નિદ્રા જો કે અલ્પકાલીન હોય છે છતાં તે જેટલો વખત સામ્રાજ્ય કરે છે તેટલો વખત આત્માને શૂન્ય અવસ્થામાં મૂકે છે કેટલાએક દર્શનકારો મનનુ " પુરિતતિ " નાડીમાં વહન થવુ તેને નિદ્રા કહે છે પરતુ જૈનદર્શન આત્માના પરાધીનપણાની અવસ્થાને નિદ્રા કહે છે તે ઉપરથી સિદ્ધ થાય છે કે આત્માની પરતત્રતાવિશિષ્ટ અવસ્થા સિવાય અન્ય સ્થિતિ નથી સ્વપ્ન દશા એ વળી નિદ્રાની અતર્ગત દશા છે જે

નિદ્રાવડે આત્માની શૂન્ય સ્થિતિ બને છે તેવી શૂન્ય સ્થિતિમાં [illegible] વિકલ્પોમાં પ્રેરવો—એ સ્વપ્ન દશાનું કર્તવ્ય છે અને તે [illegible] સ્વાધીન મર્યાદામાંથી વિચ્છિન્ન નથાતું સ્યુનપણું જ [illegible] ઉભય દશાઓ બહિર જગતમાં આત્માને વશ કરે છે અને [illegible] કર્મયુક્ત તે દશાનો અને તેના ગુણોનો પ્રતિરોધ કરે છે

આ બન્ને દશાથી બહિર જગતમાં આત્માની [illegible] અને છે એટલેથી જ વિરામ થતો નથી, પરંતુ જ [illegible] પરિસ્થિતિમાં આ બને દશાઓ અદ્ભુત કામ કરી [illegible] પ્રતિભેદ કરવાનો સમય આવી પહોંચ્યો નથી, [illegible] આત્મવીર્ય ઉલ્લાસાયમાન થયું નથી જ્યાંસુધી [illegible] પ્રત્યેક પ્રદેશોમાં ગરતી રહી છે, જ્યાંસુધી [illegible] તીવ્રતા પ્રબળપણે પ્રત્યેક પ્રદેશોમાં સ્પર્શી રહી [illegible] ક્રોધાદિ કષાયોની તીવ્રતા પ્રબળપણે [illegible] આત્માના આંતર જગતમાં નિદ્રા જ છે [illegible] જેટલા કુવિકલ્પો પરિસ્પંદનો પ્રલોભનો અને [illegible] પામે છે—તે નિદ્રામાં અંતર્ભૂત થયેલી સ્વપ્ન [illegible] અંતરંગ ભૂમિકા ઉપર વારંવાર દેખાય [illegible] આત્માની બહિર અવસ્થામાં કદમાં રહેલી [illegible] અનુભવેલા પદાર્થો જોવા—તેને સ્વપ્ન દશા [illegible] હોય તેનું અપ્રયોજન નથી પરંતુ [illegible] પરાધીન અવસ્થા સિવાય કોઈપણ [illegible] અનુભવ સિદ્ધ છે

જાગૃતદશા એ જૈન દર્શન [illegible] અંતરાત્મ અવસ્થા કહે છે ત્યાંથી [illegible] વિચારે છે કે હું ' શુદ્ધ ચૈતન્ય [illegible] આવી મનુષ્યને જાગૃતાનું જે છે [illegible]

સત્શાસ્ત્ર દ્વારા આત્માના અસ્તિત્વનુ ભાન થવા પછી તેની અવસ્થાઓનુ જ્ઞાન થવુ ઉચિત છે અને તે ન થાય તો અનાદિ મિથ્યાવાસનામાં વાસિત રહેતા આત્માનો કદાપિ ઉદ્ધાર થઈ શકે જ નહિ અને તે ન થાયતો "નદી ગોળ પાષાણ" ન્યાય વડે પ્રાપ્ત થયેલા કષ્ટ સાધ્ય મનુષ્ય જન્મની નિરર્થકતા થાય અને પુણ્ય યોગે પ્રાપ્ત થયેલુ બુદ્ધિબળ અયોગ્ય માર્ગમાં વહી નિરૂપયોગી થાય તેટલા માટે આત્માની અવસ્થા જાણ્યા પછી વિવેક પુરસ્સર તે સ્થિતિઓને વિચારી, ઉચિત અવસ્થાને ગ્રહણ કરી, અભ્યાસ કરી-આદરી, અનાદિ કાળથી આ પરિચિત અનુચિત અવસ્થાને શી રીતે તજવી, તજ્યેં તેના હેતુઓ શોધી કાઢી તે ઉપર આત્મસયમન કરવુ-એ આત્મ દ્રવ્ય તેમજ તેની પર્યાય રૂપ અવસ્થાઓ-દશાઓ જાણવાનો ખાસ અતરગ હેતુ છે અને તેમા જ મુક્ત જનોએ આદર કરવો ઉચિત છે

આત્માને જુદી જુદી કોટિઓમાં ચાર અવસ્થાઓ હોય છે નિદ્રા, સ્વપ્ન જાગૃત અને ઉજાગર-આ અવસ્થાઓમાં પ્રથમની બે અવસ્થા દરેક આત્માને પરાધીન કરી ગુલામ બનાવે છે અને આત્મસત્તાને દબાવી દે છે જ્યારે છેલ્લી બે અવસ્થામાં આત્મા જાગૃત થઈ પોતાની પરાધીન અવસ્થાને ઓળખે છે, તેથી વિરમવા પ્રયત્ન કરે છે અને પરિણામે વિરમે છે સૌથી પ્રથમની નિદ્રાદશા આત્માને દર્શનાવરણીય કર્મનો ઉદય છે અને તેના પરાધીનપણામાં આત્મા સ્વશક્તિ ગુમાવી નિદ્રા લે છે પરતુ આ નિદ્રા જો કે અલ્પકાલીન હોય છે છતાં તે જેટલો વખત સામ્રાજ્ય કરે છે તેટલો વખત આત્માને શૂન્ય અવસ્થામાં મૂકે છે કેટલાએક દર્શનકારો મનનુ "પુરિતતિ" નાડીમાં વહન થવુ તેને નિદ્રા કહે છે, પરતુ જૈનદર્શન આત્માના પરાધીનપણાની અવસ્થાને નિદ્રા કહે છે, તે ઉપરથી સિદ્ધ થાય છે કે આત્માની પરતત્રતાવિશિષ્ટ અવસ્થા સિવાય અન્ય સ્થિતિ નથી સ્વપ્ન દશા એ વળી નિદ્રાની અતર્ગત દશા છે જે

નિદ્રાવડે આત્માની શૂન્ય સ્થિતિ બને છે તેવી શૂન્ય સ્થિતિમાં આત્માને વિકલ્પોમાં પ્રેરવો—એ સ્વપ્ન દશાનું કર્તવ્ય છે અને તે પણ આત્માની સ્વાધીન મર્યાદામાંથી વિશિષ્ટ પ્રકારનું ચ્યુતપણું જ છે આથી આ ઉભય દશાઓ બહિર જગતમાં આત્માને વશ કરે છે અને અનંત બળયુક્ત તે દ્રવ્યનો અને તેના ગુણોનો પ્રતિરોધ કરે છે

આ બન્ને દશાથી બહિર જગતમાં આત્માની આવી સ્થિતિ બને છે એટલેથી જ વિરામ થતો નથી પરંતુ આત્માની અંતરંગ પરિસ્થિતિમાં આ બન્ને દશાઓ અદ્ભુત કામ કરી રહી છે જ્યાંસુધી ગ્રંથિભેદ કરવાનો સમય આવી પહોંચ્યો નથી જ્યાંસુધી અપૂર્વ આત્મવીર્ય ઉલ્લસાયમાન થયું નથી, જ્યાંસુધી મિથ્યાત્વ વાસના પ્રત્યેક પ્રદેશોમાં વ્યાપી રહી છે, જ્યાંસુધી ક્રોધાદિ કષાયોની તીવ્રતા પ્રબળપણે પ્રત્યેક પ્રદેશોમાં સ્પર્શી રહી છે અને જ્યાં સુધી ક્રોધાદિ કષાયોની તીવ્રતા પ્રબળપણે ઝઝુમતી હોય છે ત્યાં સુધી આત્માના આંતર જગતમાં નિદ્રા જ છે અને એ અઘોર નિદ્રામાં કેટલા કુવિકલ્પો પરિગ્રહનાં પ્રલોભનો અને આશાઓ ઉત્પત્તિ વિલય પામે છે–તે નિદ્રામાં અંતર્ભૂત થયેલી સ્વપ્ન દશા છે અને તે આત્માની અંતરંગ ભૂમિકા ઉપર વારંવાર દેખાવ આપતી હોય છે પ્રત્યેક આત્માની બહિર અવસ્થામાં કદમાં રહેલી અવસ્થા નહીં બહાર અનુભવેલા પદાર્થો જોવા–તેને સ્વપ્ન દશા કહેવે છે તે ગમે તેમ હોય તેનું અત્રપ્રયોજન નથી પરંતુ નિદ્રા અને સ્વપ્ન એ આત્માની પરાધીન અવસ્થા સિવાય કાંઈપણ દષ્ટિગોચર થતું નથી એ સર્વને અનુભવ સિદ્ધ છે

જાગૃતદશા એ જૈન દર્શન જેને સમ્યક દ્રષ્ટિ અથવા અંતરાત્મ અવસ્થા કહે છે ત્યાંથી શરૂ થાય છે અહીં આત્મા વિચારે છે કે હું ' શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છું ' અમૃતસ્વરૂપ ચાળામાં આવી મનુષ્યને જાણવાનું જે છે તે બીજું કોઈ નથી, પણ પોતાની

આત્મ જાગૃતિ કરી તેમાં અભિન્ન થઈ રહેવું જ્યાંસુધી મનુષ્યો આ જગત્ રૂપી શાળામાં આવીને આ જાગૃતિ પ્રાપ્ત નથી કરતા અને તેમાં દૃઢ પણે સ્થિતિ નથી કરતા, ત્યાંસુધી આ શાળામાં તેને રહેવું પડે છે અને વિવિધ નાના ભોગ સુખ દુઃખને ભોગવવાં પડે છે જેઓ આત્માને સાક્ષી તરીકે ગણી અભિન્ન થઈ રહે છે, તેમના ઉપર સુખ દુઃખની સત્તા ચાલી શકતી નથી ઇંદ્રિયો અને મન વિષયોથી મોહાકુળ થાય અથવા દુઃખ અને વિપત્તિથી વૃત્તિઓ ગમે તેટલી દીન થાય છતાં, આત્મ જાગૃતિને પરિણામે આત્મા લેશ પણ દીન થતો નથી, ઉદ્વેગને સેવતો નથી મનને વિકળ નહી કરતા શાંત અને સ્વસ્થ પણે સુખ દુઃખનો અનુભવ કરે છે અહીં આત્માને પોતાની અનાદિ નિષ્પન્ન પરાધીનતાનું યથાર્થ ભાન થાય છે, આત્મસ્વરૂપને ઓળખે છે, સ્વકર્તવ્ય સન્મુખ થાય છે, ઉન્માર્ગનું સેવન કરતાં કંપે છે, દીનજનો ઉપર કરુણાથી આર્દ્ર અંતઃકરણવાન થાય છે અને શાશ્વત સુખતરફ અભિલાષાનું પોષણ કરે છે આ સ્થિતિવાળો પ્રાણી વ્યવહારમાં પણ સાધ્ય દૃષ્ટિ ચુકતો નથી અનેક પ્રવૃત્તિઓમાં હોવા છતાં અકાર્યના ઉત્તેજક પ્રવાહમાં ગબડતો નથી તેમ જ આત્મહિતમાંજ હમેશાં તયાર હોય છે આ જાગૃત અવસ્થા એ બીજા શબ્દોમાં "સાધ્ય દૃષ્ટિ" છે આ દૃષ્ટિ પ્રાપ્ત થવી અને તે બની રહેવી એ ઘણું જ કઠિન છે તેમાં આત્મવીર્યની ખાસ આવશ્યકતા છે

આ જાગૃતદશા પ્રાપ્ત થવા છતાં પણ પૂર્વોક્ત બંને દશાઓ અલ્પકાલીન સામાન્ય કરી શકે છે કેમકે આત્માની બહિરંગ ભૂમિકા પ્રમાદવિશિષ્ટ હોવાથી ષષ્ઠ ગુણ સ્થાનકે રહેલા મુનિ વરોને પણ દર્શનાવરણીય કર્મના આશ્રિતપણાને અંગે આધીન થવું પડે છે પરંતુ સપ્ત ગુણસ્થાનકથી તે જાગૃતદશા—નિરાવરણ બને છે અને ક્રમશ વિશુદ્ધતર બનતાં તેરમે ગુણસ્થાનકે ઉજાગર દશાની

એક એવા વિશિષ્ટ પ્રકારનું સત્ય રજૂ કરે છે કે જેના આલંબન વડે પ્રાણીઓ શીઘ્ર સંસાર સમુદ્રને તરવા પ્રયત્ન કરે તો તરી શકે છે અનેક રહસ્યરત્નો પૈકી ચેતનાનો કર્મફળ રૂપે વિશિષ્ટ સ્વભાવ એ પણ એક જૈનદર્શનની મોંઘા રહસ્યની જ શોધ છે આ આત્મા જુદી જુદી અવસ્થાને પ્રાપ્ત થતો જુદા-જુદા સ્વરૂપને ધારણ કરે છે અને વિચિત્રરૂપે-વર્તન વડે પ્રત્યક્ષ થાય છે આ સ્વરૂપદર્શન બે પ્રકારનું છે એકમાં ફક્ત શુદ્ધતા-નિર્મળતા-નિર્દોષતાને અવકાશ મળે છે, જ્યારે બીજામાં શુદ્ધાશુદ્ધપણું અથવા અશુદ્ધપણું દષ્ટિગોચર થાય છે જેમકે શુદ્ધ ઉપયોગવાળો આત્મા તે વિશેષ ઉપયોગમાં જ્ઞાન ચેતના કહેવાય છે તે જ આત્મા સામાન્ય ઉપયોગમાં પ્રવૃત્તિ કરતાં દર્શન ચેતના કહેવાય છે-આ ઉભય અવસ્થાઓનું કાર્ય શુદ્ધ અને આત્મેતર પદાર્થના સંયોજની પ્રવૃત્તિવાળું હોતું જ નથી તેથી નિર્દોષ છે ઇન્દ્રિયાદિની અપેક્ષા વગરની આ અવસ્થા છે જ્યારે કર્મચેતના, કર્મફળચેતના એ આત્માની કર્મકર્તૃત્વ તરીકેની તેમજ કર્મના ફળના ભોક્તૃત્વની અપેક્ષાએ સદોષ અવસ્થા છે આ કર્મફળ ચેતના આત્માની એક એવા પ્રકારની અવસ્થા છે જેમાં કર્મચેતના વડે કરેલાં-પ્રાપ્ત કરેલાં કર્મનું ફળ ભોગવવા રૂપ આત્મ પ્રવૃત્તિ છે આ ફળ ભોગવતાં સંસ્કારહીન પ્રાણીઓ તન્મય થઈ જઈ નવાં નવાં કર્મોનો વધારો કરી નવું નવું કર્મ ફળ ભોગવવાને પોતાની લાયકાત ઉત્પન્ન કરે છે પરંતુ [illegible] ઓ કાર્યફળ ભોગવતાં, એક વિશિષ્ટ પ્રકારનો આ[illegible] ના જ કરેલા કાર્યના પરિણામ રૂપે જાણી વર્તમાન [illegible] અને તદનરૂપ [illegible]

આવી આભિમાનિકી તૃપ્તિ-સુખરૂપ માની આનંદલહરિકામાં પોતાને લીન કરતો માને છે અથવા અશુભ ફળના સંયોગ વખતે કાયાભિમુખ થઈ આર્તધ્યાનાદિ અપધ્યાનોમાં પ્રવૃત્ત થાય છે અને પોતે જ પ્રથમ કરેલ અષ્ટવિધ કર્મની વૃત્તિને સમજી શકતા નથી-તે સ્થિતિ ખ્યાલમાં પણ આવી શકતી નથી એટલું જ નહિ પણ તેની ઝાંખી પણ થઈ શકતી નથી-આમ હોઈને પ્રાપ્ત થયેલી સ્થિતિમાં હર્ષિત થાય છે કે મુંઝાય છે. જ્ઞાનના પ્રબલ સંસ્મરો, પૂર્વ જન્મના અભ્યાસની પ્રબલ વાસનાઓ તેમજ સદ્‌ગુરુના ઉપદેશામૃતની ચમત્કારિક અસર સિવાય આત્માની પૂર્વોક્ત સ્થિતિમાં અંતર પડતો નથી એ સ્થિતિમાં અંતર પડી જ્ઞાનચેતનારૂપે આત્માને સંબોધાય તેવી સ્થિતિનું સ્વરૂપ પ્રાપ્ત કરવું-એ પ્રસ્તુત જૈનદર્શનનું અંતિમ રહસ્ય પ્રાપ્ત કરવા પૂર્વે ક્રમશ ઉચ્ચપદ ઉપર આરોહણ કરતા પ્રયાસ કરવો જોઈએ કર્મફલ ચેતનાની પ્રવૃત્તિવડે પ્રાપ્ત કર્મને ભોગવી લેવા જેટલું બળ આવે તેમજ નવીન કર્મ ઉપાર્જનશક્તિનો હ્રાસ થાય તેટલા માટે સદનુષ્ઠાનનું સેવન છે અને એ સેવન અંતરંગ સાધ્યનું પરંપર નિમિત્ત છે શ્રીમદ્ આનંદઘનજી તેવાજ સ્વરૂપને મળતું વાક્ય કહે છે કે—

'પરિણામી ચેતન પરિણામો જ્ઞાનકર્મ ફળ ભાવી રે'

—એ ઉપદેશનું ફળ યથાર્થ પાલન કરવા મુમુક્ષુઓ તત્પર બને અને સન્માર્ગગામી થઈ ઉચ્ચ પદ તરફ પ્રયાણ કરે એમ ઇચ્છીએ

આ૦ ન૦ વિ૦ સં૦ ૧૯૬૯

૨૩ "मृत्यु" ए शु माणीओने अवश्य निर्मित छे?

આ જગતના સર્વ પ્રાણીઓ ઉપર મૃત્યુ નિષ્કંટકપણે રાજ્ય ચલાવે છે ઐતિહાસિક દ્રષ્ટિએ ભૂતકાળમાં થઈ ગયેલા સમગ્ર પ્રાણીઓ મૃત્યુનો ભોગ થઈ પડેલા છે, વર્તમાનકાલીન પ્રાણીઓ મૃત્યુનો ભોગ થઈ પડતા પ્રત્યક્ષ પણે દેખાય છે અને ભવિષ્યમાં મૃત્યુ ને જીતી લેનાર કોઈ પ્રાણીનું નામ સુવર્ણાક્ષરે કોતરાયેલું રહેશે નહિ દરેક પ્રાણી જન્મતાંની સાથે જ મૃત્યુના દોર ઉપર ચાલવા માંડે છે, જ્યાં તે આરો પુરો થઈ રહે છે કે તુરત તે દોર ઉપરથી નીચે ઉતરી અન્યદોર ઉપર પુન ગતિમાન થાય છે

હવે પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે મૃત્યુ પ્રાણીને માટે અવશ્ય નિર્માણ થયેલું જ છે? હા, જ્યાં સુધી પ્રાણીઓને કર્મબંધન થયેલું છે અને થાય છે ત્યાં સુધી મૃત્યુ વડે તેઓ મુક્ત થયેલા નથી અને થતા પણ નથી જ્યાં સુધી પ્રાણીઓ શરીરરૂપ પિંજરમાં પૂરાયલા છે ઇંદ્રિયની આસક્તિમાં અહોનિશ પ્રવૃત્તિ કરી રહેલા છે, ઈષ્ટાનિષ્ટ સયોગમા ગમનાગમય જીવન વ્યતીત કરે છે અને આત્મિક સ્વરૂપની પરિપૂર્ણતાએ પહોંચી શક્તા નથી—ત્યાં સુધી મૃત્યુના વિશાળ વિવરમાં અવશ્ય જઈ પડવાના જ

વૈદક શાસ્ત્રમાં ત્રણ પ્રકારના વ્યાધિ દર્શાવેલા છે સુસાધ્ય, દુસાધ્ય અને અસાધ્ય કેટલાક પ્રકારના વ્યાધિમાન જલ્દી સાધ્ય થાય તેવા, કેટલાક કષ્ટસાધ્ય થઈ શકે તેવા અને કેટલાક તે જ ભવને માટે તદ્દન સાધ્ય જ ન થઈ શકે તેવા હોય છે વ્યાધિના આ ત્રણ પ્રકારોમાંથી તપાસતાં મૃત્યુ એ અનાદિકાળથી રહેલો દુસાધ્ય વ્યાધિ છે એક તરફ વ્યાધિના પ્રતીકારવાળા ઔષધોનું સેવન કરવામાં આવે બીજી તરફ વ્યાધિને પુષ્ટ કરનારી વસ્તુનો ઉપયોગ કરવામાં આવે, જેથી વ્યાધિ સાધ્ય થવાને બ ને દુસાધ્ય

ચનો જાય-એમાં જેમ આશ્ચર્ય જેવુ કશું જ નથી, તેમ એક તરફથી કર્મોના ભોગવટો થઈ કર્મભારથી હલકાપણું પ્રાપ્ત થતું જાય, બીજી તરફ કર્મોના અનંત પરમાણુઓનો સંચય થતો જાય તેથી મૃત્યુરૂપ વ્યાધિ દુઃસાધ્ય થાય એ સ્વતઃ સિદ્ધ છે

દુઃસાધ્યપણે મુકરર થયેલો વ્યાધિ પાત્રના અમુક સ્વાભાવિક દોષો દૂર જવા પછી, અમુક કાળની પરિસ્થિતિ પછી, અને તેના વિનાશજનક તીવ્ર ઉપાયોનું અવલંબન કર્યા પછી-જેમ અવશ્ય સુસાધ્ય બની શકે છે તેમ મૃત્યુ રૂપ વ્યાધિ આત્માના દોષો દૂર થયા પછી, કાળની પરિપકવતાએ પૌદ્ગલિક વાસનાઓને તિલાંજલિ આપવા પછી શીઘ્રસાધ્ય થઈ શકે છે

એક ભવ્ય મહાલયમાં એક પુત્રનો જન્મ થાય છે, તે વખતે માતાપિતા અને કુટુંબ પરિવાર સંપૂર્ણપણે હર્ષિત થાય છે પરંતુ તે પુત્રના મૃત્યુ સુધીના વિભાગોમાંથી દરરોજ કેટલો કાળ ઓછો થતો જાય છે, તે અપત્ય મોહને લીધે સમજવામાં આવતું નથી આવા એક પ્રકારના મોહને લીધે મૃત્યુ કે જે પ્રાકૃત જાણીને અનંત શોકોત્પાદક છે, તેને ક્ષણવારમાં ભુલી જવામાં આવે છે !

એક પ્રાણી ધનસંચય નિમિત્તે અનેક દેશાંતરોમાં ભ્રમણ કરે છે, ધનને માટે અનેક પ્રકારનું અપ્રમાણિકપણું ચોરી લોભ, અધમ વૃત્તિ અને નીચ ગુલામગીરીનું પણ સેવન કરે છે પરંતુ મૃત્યુ પછી ઉપાર્જિત ધનનો ટુકડો પણ સાથે આવવાનો નથી અને તેને અંગે ઉત્પન્ન કરેલી આત્માની અધમ સ્થિતિ કાયમ સહેવાની જ-આ સર્વ વાતો ભુલી જવામાં આવે છે !

એક પ્રાણી પોતાની સ્ત્રી સાથે અપાર સ્નેહની સાંકળ જોડે છે, પોતાની સ્ત્રીને પ્રસંગોપાત્ત કંઈ દુઃખ આવી પડયું હોય તો પોતાના અંતરનો છેલ્લો પ્રદેશ પણ દુભાય છે, ક્ષણવાર પણ

વિયોગના સમયે શરીર અર્ધદગ્ધ થઈ જાય છે, રખે તેને ખોટું લાગી તેનું મન ન દુખાય તેવા ઉપાયોનું નિરંતર સ્મરણ કરે છે, તેવામાં અકસ્માત્ મૃત્યુરૂપ પ્રબળ ઘણ પડે છે અને તે પરસ્પરની સ્નેહ સાંકળને તોડી પાડે છે આ વખતે પત્ની તરફ સ્નેહશીલ પતિ અત્યંત શોક નિમગ્ન થાય છે, પરંતુ તે વખતે "મૃત્યુને વશ અમો બંને હોવાથી મારો અને તેનો માર્ગ જુદો જ છે" એ હકીકતનું વિસ્મરણ થાય છે

એક પ્રાણી આ ક્ષણિક દેહને નિરંતર ઉત્તમ પૌદ્‌ગલિક પદાર્થોથી પોષણ આપ્યા કરે છે, જીંદગીભર દેહની શુશ્રૂષા કરવામાં કમી રાખતો નથી, દેહની પુષ્ટિથી સુખ માની દેહ એ જ હું-એમ સમજી આત્માનું સ્વરૂપ સમજવાથી અલગ રહે છે, તેવામાં અચાનક મૃત્યુ આવે છે અને સુંદર પદાર્થોથી પુષ્ટ થયેલા દેહથી જુદો પાડી આત્માને અન્ય સ્થિતિમાં લઈ જાય છે, આ વાત પણ ભૂલી જવામાં આવે છે

એક મનુષ્ય પોતાના પ્રિયમિત્રની સાથે સ્નેહની અદ્‌ભુત ગ્રંથી બાંધે છે પ્રિય મિત્રના થોડા પણ વિયોગે દુઃખી થઈ અશ્રુનું સરોવર બનાવે છે, તેવામાં મૃત્યુરૂપ તરવારની ધાર પડે છે અને ગ્રંથીભેદ કરી નાખે છે, અને મહાસાગરમાં જેમ બે લાકડાના ટુકડા અચાનક ભેગા થઈ ગયા પછી પાણીના એક જ હલેસાથી જુદી જુદી દિશામાં ખેંચાઈ જાય છે તેમ બંનેની જુદી જુદી મર્યાદા કરી નાખે છે-આ હકીકત સ્મરણ પથમાં રહેતી નથી એ આશ્ચર્ય છે!

મોહ એ પ્રાણીઓનો અનેક જન્મનો સહચર છે તેની પ્રબળતાથી પ્રાણીઓ સ્વકર્તવ્ય સાધવામાં પ્રમાદશીલ રહેવાથી પોતે માની લીધેલા સુખને નિરંતર ચાહે છે-તે સુખથી વિખુટા નહી પડવા માટે ઈચ્છા કરે છે પરંતુ મૃત્યુ એ પોતાનો સેવક નહી હોવાને લીધે જ્યારે તે સમીપ આવી ડોકીયાં કરે છે ત્યારે અપાર શોક, ખેદ અને

ગ્લાનિ થાય છે અને તે સર્વની વચ્ચે મૃત્યુના પંજામાં સપડાઇ જવું પડે છે

જે જે પ્રાણીઓ જન્મ પછી અથવા અમુક સમજણ પછી પોતાના સબંધમાં આવતા પ્રાણીઓ સાથે તેમનું હિત કરવાને માટે જ સબંધ જોડે છે, અથવા પોતાના સબંધમાં આવતા પદાર્થોની સાથે યોગ્ય પ્રસંગ પુરતોજ સબંધ રાખે છે, તે તે પ્રાણીઓ ઉપાત્ત કર્તવ્ય હોવાથી અચાનક મૃત્યુ વખતે જરાપણ ખેદ ધારણ કરતા નથી, પરંતુ વિચારે છે કે આયુષ્ય કર્મરૂપ રાજાને અત્યારે જુનો ડગલો રદ કરી નવો ડગલો પહેરાવવાનો વિચાર પ્રગટ થયો હશે !

દરેક પ્રસંગે મૃત્યુનો વિચાર સમજનાર આત્મકર્તવ્ય સાધી શકે છે એક નીતિકાર પણ કહે છે કે "ગૃહીતઇવ કેશેષુ મૃત્યુના ધર્મમાચરેત્" જાણે કે મૃત્યુએ કેશ પકડી રાખ્યા છે, તેમ સર્વકાળ ચિંતન કરીને ધર્માચરણ કરવું ' આ વાસ્તવિક સત્ય છે મૃત્યુના ડરથી હમેશાં સત્કાર્યમાં તત્પર રહેવું અને સત્કાર્યથી આત્મકર્તવ્યની પરિપૂર્ણતાએ પહોંચતાં મૃત્યુ ઉપર જીત મેળવી શકાય છે—આ મૃત્યુંજયની કુંચી છે

પ્રાણી અને પદાર્થમોહમાં નહી લુબ્ધ થયેલા જનો જન્મ સુધી સબંધમાં આવેલા પ્રાણી પદાર્થોને સર્પની કાંચળીની જેમ મૃત્યુ વખતે તજી દે છે કોઈ પણ જાતના વિયોગજનિત દુઃખથી રહિત હોઈને શાંતિથી અન્ય શરીર ગ્રહણ કરે છે, અને પૂર્વરીતેજનિત મોહસંસ્કારો તેને કોઈ પણ જાતનું દુઃખ દેવાને સમર્થ હોતા નથી આથી ધીમે ધીમે મોહના [illegible] મેળવવા સમર્થ થાય છે જેથી ચરમદેહપણામાં [illegible] માટે તજી અપૂર્વ મૃત્યુંજય બને છે

એક પ્રાણીનું મૃત્યુ થાય છે, તે વખત અનેક સ્વજનો સ્મશાન ભૂમિમાં અગ્નિદહન-ક્રિયા કરવા જાય છે, તે વખત મૃત્યુ—એ કેવી ભયંકર સ્થિતિ છે તેનો હૃદયમાં આઘાત થાય છે, પરંતુ ઘેરેગયા પછી, મોહના વમળોમાં ગુંચવાયા પછી, મૃત્યુની બીતિ ભુલી જવામાં આવે છે, અને અનેક અકાર્યો કરવામાં પાછા હઠતા નથી આથી સ્પષ્ટ થાય છે કે તેઓ મૃત્યુ ઉપર જીત મેળવવાની યોગ્યતાને પામેલા નથી

આઘાત પ્રત્યાઘાતના નિયમ પ્રમાણે સર્વ પ્રાણીઓને મન વચન અને કાયાવડે અભયદાન આપનાર પ્રાણીઓ મૃત્યુને જીતી શકે છે કોઈ પણ પ્રાણીનું અહિત ચિંતવવું અથવા કરવું એ પોતાની મૃત્યુ સંખ્યામાં વધારો કરવા જેવું છે સર્વ પ્રાણીઓ પ્રતિ હિતબુદ્ધિ રાખી સ્વ કર્તવ્ય પરાયણતાથી વિમુખ નહી થતાં આત્મોન્નતિ થવાથી મૃત્યુનો જય થઈ શકે જ—એ નિર્વિવાદ સત્ય છે જ્યાંસુધી શરીર અને પ્રાણ છે ત્યાં સુધી અવશ્ય મૃત્યુ થવાનું જ આયુષ્ય કર્મના ક્ષય થયા પછી શરીરનો સંબંધ આત્માને નિરંતરને માટે તૂટે છે અને પછી મૃત્યુના આક્રમણોથી મુક્ત થવાય છે

આમ હોવાથી દરેક પ્રાણીએ મૃત્યુને એક સર્જિત સ્થિતિ સમજીને તેને માટે તૈયારી રાખવી જોઈએ ગમે તેવા ઇષ્ટ અથવા અનિષ્ટ સંયોગોમાં, વિલક્ષણ સંબંધવાળી સ્થિતિમાં કુટુંબપરિવારની સમૃદ્ધિ વચ્ચે, અનેક અપૂર્ણતાવાળા સંજોગોમાં, ગમે ત્યારે મૃત્યુ આવે કે તુરત તેને કાંઈ પણ માનસિક ખેદ વિના વધાવી લેવું—એ મૃત્યુને માટે તૈયાર રહેનાર મનુષ્ય જ કરી શકે અકાર્યોમાં જીવન વ્યતીત કરનાર ઘણા પ્રાણીઓને મૃત્યુ વખતે પશ્ચાત્તાપ થાય છે પણ તે વ્યર્થ છે તેઓની પાસે સત્કાર્યોના સંસ્કારનું ભાતું નહી હોવાને લીધે અન્ય જન્મરૂપ દેશાંતરમાં અવશ્ય જવાની તૈયારી થતાં માટે પારાવાર શોક ઉપજે છે

દરેક પ્રાણીએ આ અસાર દેહ અને અનિત્ય સંયોગોમાંથી સારભૂત આત્મ કર્તવ્ય એવી મૃત્યુની વાટ જોતાં રહેવું જોઈએ શરીર છે ત્યાં સુધી અવશ્ય મૃત્યુ નિશ્ચિત છે જ એ હમેશને માટે સ્મરણમા રાખી મૃત્યુને નજીક આવવાની સાથે સ્નેહ રહિતપણે ભેગી લેવું અને તેના સંજોગોને તાબે થવું એમાં જ વાસ્તવિક શોભા છે જેથી ઉત્તરોત્તર મૃત્યુ પોતે જ તેનાથી અલગ થઈ જશે જ્યાંસુધી જન્મ કહેવાય છે ત્યાંસુધી મૃત્યુ છે જ સંસારી પ્રાણીઓની આ નિશ્ચિત મર્યાદા છે

એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય પર્યંત રંકથી માંડીને ચક્રવર્તિ પર્યંત સામાન્ય દેવથી માંડીને ઇંદ્ર પર્યંત, સંસારમાં રહેતા દરેક દરેક પ્રાણીને મૃત્યુનો સરખો જ ભય છે ઇંદ્રને પોતાનું સર્વોત્કૃષ્ટ ઐશ્વર્ય મૂકીને જતાં અત્યંત દુખ ઉત્પન્ન થાય છે અધિપતિ ચક્રવર્તિને છ ખંડ અને અપૂર્વ સમૃદ્ધિ તજતાં અપાર શોક થાય છે દરેક દરેક દુનિયાના પ્રાણી માનવે અતૃપ્તિના અનાદિ સંસ્કારો લીધે મૃત્યુ સમયે અવશ્ય દુખ ઊપજે છે જ પરંતુ મૃત્યુ એ શું છે? તેને સાધ્ય કરવાને માટે કેવી તૈયારીની જરૂર છે-એ વિચારતા પરજન્મ પ્રતિ પ્રયાણ કરતા પ્રાણીને લેશ માત્ર પણ શોક થતો નથી ઊલટું, મૃત્યુ ઉપર જય મેળવવાના સાધનો પ્રાપ્ત થવાથી એમ પ્રમોદનો હર્ષ થાય છે અને તે સાધનોથી તે પ્રાણી અન્ય જન્મમાં વિશેષ પ્રકારે બળવત્તર બને છે

એકાવતારી દેવો દેવભવનમાંથી ચ્યવન કરતાં તેમજ તીર્થંકર પરમાત્મા મનુષ્ય દેહનો ત્યાગ કરતા જરાપણ શોક કે ગ્લાનિમય હોતા નથી કેમકે તે દેવો મૃત્યુ ઉપરની જીત માટે સાધન-સંપન્ન થએલા છે અને તીર્થંકર કેવળ જ્ઞાનીઓ વિગેરે મૃત્યુ જય માટે સાધનસંપન્ન થએલા છે આમ હોઈને તેઓને રંચમાત્ર ખેદ હોતો નથી આથી દરેક

પ્રાણીઓએ મૃત્યુના વિશાલ માર્ગમાં સન્મુખ રહી સ્વકર્તવ્યને કર્યા જવુ જોઈએ કેમકે કર્મોના અસ્તિત્વ પર્યંત મૃત્યુનુ અસ્તિત્વ છે જ

આ, પ્ર વિ સ ૧૯૬૮

૨૪ શાસ્ત્રીય–નિમંત્રણા

એક બુદ્ધિમાન મનુષ્ય જ્યારે આનન્દની શોધમાં ઇષ્ટ આનંદને શોધવા નીકળી પડે છે ત્યારે સૌથી પ્રથમ તેને આનંદના સાધનો મેળવવાની જરૂર પડે છે આ આનન્દના સાધનોમા રહેલી વાસ્તવિકતા અથવા કલ્પિતપણું એ તેના બુદ્ધિજન્ય ક્ષયોપશમ ઉપર આધાર રાખે છે અતિશય દીર્ઘતર કાલની પરિપક્વતા વડે સંસ્કાર પામેલી બુદ્ધિ જ વાસ્તવિક આનંદ શોધી શકે છે પછી તેમાં પ્રવૃતિ કરી શકે છે પરંતુ સ્થૂલ બુદ્ધિ સ્થૂલ વિષયમા પ્રવેશી શકે છે જ્યારે આનંદની વાસ્તવિક પર્યેષણા સૂક્ષ્મ બુદ્ધિગમ્ય હોવાથી, સૂક્ષ્મ દષ્ટિ-દિવ્યદૃષ્ટિનો વિષય હોય છે

આનંદ કે જેને પ્રાકૃત પ્રાણીઓ અર્થપ્રાપ્તિજન્ય, વિષયજન્ય, કુટુંબસ્નેહજન્ય, કીર્તિજન્ય, ઇચ્છાજન્ય, વિગેરેથી ઉત્પન્ન થયેલો માની સ્વત પ્રાપ્ત થયેલો માને છે, પરંતુ તે કલ્પિત આનંદ હોવાથી યથાર્થ નથી કેમકે જેને ક્ષણભર આનંદ માની તેમાં તે પ્રાણીઓ સંતોષ માને છે તે જ આનંદ અન્ય ક્ષણોમાં દુઃખરૂપે ફેરવાઈ જાય છે-એમ જ્ઞાની જનોએ કહેલુ છે તેમજ સંસારમાં પ્રાણીઓએ અનેકશ અનુભવેલુ છે પરંતુ આત્મા જે વડે પ્રાકૃત ઉપાધિઓથી મુક્ત થવા દ્વારા આનંદ પ્રાપ્ત કરી ઉચ્ચ સંસ્કારો સાથે પોતાનુ જીવન, મરણ પ્રસંગ પર્યંત ચલાવી શકે અને આનંદ

વાતા આત્મ જાગૃતિ વડે નિરંતર આત્માને ઉચ્ચ કોટિમાં મુક્તો જાય તે વાસ્તવિક આનંદ છે આ વાસ્તવિક આનંદ એ એવી અનુભવગમ્ય વસ્તુ છે કે તેને સમજનાર પ્રાણીઓ બહુ જ અલ્પ સંખ્યામાં હોય છે કેમકે બહુધા જનસમૂહ ઉપાધિમય જીવન અને વિશુદ્ધિમય જીવનનો ફેરફાર જાણવાથી સુરત રહે છે અથવા જાણીને પ્રવૃત્ત થતા નથી

સૂક્ષ્મ દૃષ્ટિવાળા પ્રાણીઓ કે જેઓ વાસ્તવિક આનંદની શોધમાં ફરે છે, તેઓને તે પ્રાપ્ત કરવાના પ્રયત્નની સાધના મુખ્યત્વે કરીને સત્શાસ્ત્રને અવલંબી રહેલી છે એક ઉપદેષ્ટા શાસ્ત્રના અમૂલ્ય વચનો પોતાને સંભળાવે છે તે જો અસરકારક નીવડે તો સ્વાત્મ-જાગૃતિ કરાવે છે પરંતુ બહુધા તેના ઉપદેશના સમય જેટલો જ કાળ અથવા તે શ્રવણ કેવું ખ્યાલમાં રહે તેટલા કાળની મર્યાદા પુરતું ટકી રહે છે શાસ્ત્રગત લાભ જ્યારે ત્યારે પ્રાપ્ત કરી શકાતો હોવાથી સ્વાત્મજાગૃતિનું પુષ્ટાલંબન છે—એમ કહેવામાં અન્યોક્તિ નથી

અત્ર સહજ પ્રશ્ન થાય છે કે જડ-રૂપી બનેલા અક્ષરોવાળું શાસ્ત્ર ચૈતન્યમય આત્માને શું ઉપયોગી થઈ શકે ? ઉત્તર એ આવે છે કે પ્રમાણ, ભંગીઓ અને નયોરૂપ કષ છેદ અને તાપરૂપ પ્રયોગો વડે શબ્દ અને અર્થ સંકળનાની શુદ્ધતાવાળું, તેમજ અવ્યાહત વચનો વડે પોતાની ઉત્તમતા જળવાઈ રહેવા માટે સંશય જાળને દૂર કરનારું—સત્શાસ્ત્ર છે, જેની શ્રદ્ધાથી વાંચનાર, વિચારનાર અને તદનુસાર વર્તનાર મનુષ્ય પ્રાણી આત્મ-જાગૃત બને છે અનાદિ વાસનાની ઘોર નિદ્રામાં ઘોરતો પ્રાણી શાસ્ત્ર વચનોના ઘોષો વડે જાગૃત થઈ વિચાર કરવાનો સમય મેળવે છે ઉહાપોહ કરતાં તેને અદ્ભુત જીવનની ઝાંખી થાય છે જેમ જેમ સંસ્કાર દૃઢ થતા જાય છે તેમ

તેમ આંતર જીવન અનુભવવા પ્રયત્ન કરાય છે અને તેની અનુપમતા હૃદયમાં વાસ કરી રહે છે

જૈનેંદ્રશાસ્ત્ર એ પ્રાણીઓને સૂચવનાર-પ્રેરનાર છે શાસ્ત્રના અર્થો સૂક્ષ્મ બુદ્ધિ વડે ગ્રહણ કરાયતા અનેક અર્થવાળા-ભાવાર્થવાળા પરિણામે છે તેજ શાસ્ત્ર દ્વારા સ્થૂળ બુદ્ધિવાળાઓ માત્ર વાચન અથવા શ્રવણની ક્રિયા માત્ર કરી તૃપ્તિ મેળવતા હોય-તેમ માને છે પરંતુ તેમને ખબર નથી કે શાસ્ત્ર તો આત્મારૂપ સુવર્ણને મિથ્યાત્વરૂપ ખાણમાંથી ખોદનાર વજ્રમય કુહાડાઓ છે

સત્શાસ્ત્ર વાસ્તવિક આનંદ પ્રાપ્ત કરાવી આપે છે, તે સર્વજ્ઞ પ્રણીત હોવાથી દોષના સર્વથા અભાવવાળુ હોય છે ગુણ માનવા સચવવાળુ હોઈ અ પને ઉપકારક બને છે મુક્તિ પ્રાપ્ત કરવા ઇચ્છનારને તે ઝળહળતા પ્રકાશની ગરજ સારે છે, પરંતુ કેટલાએક શાસ્ત્રો કે જે વાચવાથી વિચારવાથી પ્રાણીની નીતિમાં વ્યવહારમાં ધર્મમાં અને આત્મવિચારણામાં નિર્વિકપણુ પ્રાપ્ત થાય છે તે શાસ્ત્રો સંસારની વૃદ્ધિ પમાડનારા હોઈ-પંડિત જનો વડે અસત્ વિશેષણથી સંબોધાયેલા છે ઓપચારિક આલંબન સ્થાપી કાર્ય કરી શકાતુ નથી પરંતુ સ્વાભાવિક આલંબન યોગ્ય કાર્ય કરી આપે છે તેમ અસત્ શાસ્ત્ર ઉત્તમ ફળ આપી શકે જ નહિ-એ વ્યવહાર-પ્રત્યક્ષ રહેલી હકીકત છે

જેના સફળ હેતુપણાથી સંસાર તાપથી દગ્ધ થયેલાં પ્રાણીઓ શાંતિ મેળવી શકે છે ઉચ્ચ અને અધ સ્થાનોમાં ભમી ભમીને થાકી ગએલા આત્માઓ જે સાધન વડે થાક ઉતારી વિશ્રામ પામે છે, તેમજ કર્મ પ્રવાહમાં તણાતા પ્રાણીઓ આત્મોદ્ધારની ભૂમિકાને જે વડે પ્રાપ્ત થાય છે તેવા સત્શાસ્ત્રને ખોળી તેને સમજવા ઉત્કંઠિત

મનુષ્યો આત્માનુ હિત કરવા તત્પર બને છે જેમ મનુષ્ય જન્મ તિર્યંચાદિ ભવોના ચક્રાવામાંથી નીકળી પ્રાપ્ત કરવો દુર્લભ છે, છતાં પણ સત્શાસ્ત્રની પ્રાપ્તિ તેથી પણ દુર્લભતર છે જેઓએ પોતાની જીંદગીના મધ્યબિંદુ રૂપે મનુષ્ય જન્મની સાર્થકતા–આત્માનંદ પ્રાપ્ત કરવાનુ પણ લીધેલુ હોય છે તેઓ ક્ષણભર પણ સત્શાસ્ત્રને, તેના ઉપદેશોને તથા તેના અનુકૂળ અને પ્રબળ સાધનોને વીસરતા નથી આ પરિચય વડે બાહ્ય જીવનને ઓળખી આંતર જીવનમાં રમમાણ થવાય છે આત્માને દરેક દિવસ અને રાત્રિરૂપ સમયના દહવાપણા સાથે પ્રગતિમા મુકતા જાય છે કલેશ, ઈર્ષા, ખટપટ, પદવીલોભ, કીર્તિલોભ વિગેરેમાં વ્યર્થ પણ સમય ગાળતા નથી માત્ર તેઓનુ દષ્ટિ બિંદુ આત્મિક પ્રગતિ કરવાનુ હોય છે અને તદનુસાર વર્તન હોવાથી પ્રગતિની મર્યાદા વિસ્તારવાળી થતી જાય છે, અને મુક્તિની વાનગી અત્ર-આત્માનંદમાં–જ્ઞાનાનંદમાં અનુભવાય છે જેટલા વખતના પ્રમાણમાં તે પ્રાણી–જ્ઞાન નિમગ્ન હોય છે તેટલા પ્રમાણમાં આ સંસાર જન્ય સત્ભાવો વિસરાઈ ગયેલા હોવાથી અભિનવ સુખનો અનુભવ કરે છે

બહિરાત્મ જીવન એ માત્ર શ્વાસોશ્વાસ વડે જીવવા જેવુ છે પૌદ્ગલિક જગતના સર્વ પદાર્થોમાંથી એક અંશ પણ પોતાનો નહીં હોવા છતાં, અખિલ વિશ્વને પોતાનુ માની ચર્મદષ્ટિના વિષયવાળો મનુષ્ય માત્ર શ્વાસોશ્વાસ વડે જીવન પુરૂં કરી જગતમાં કૃત્રિમ સ્વરૂપે ગ્રહણ કરેલા સર્વ પદાર્થોને છોડી ક્ષણવારમાં ચાલ્યો જાય છે, પરંતુ શાસ્ત્રો વડે સંસ્કારિત થયેલો મનુષ્ય બહિરાત્મ જીવનને દિવ્ય દષ્ટિરૂપ અંજન વડે, સંસારભ્રમણ રૂપ નિહાળે છે, જગતના સર્વ પદાર્થોથી પોતાની અતિ જુદી અવલોકે છે તેથી માત્ર આત્મ સિદ્ધિમાં જ પ્રયત્ન કરવા તત્પર બને છે આ જીવન વડે શાસ્ત્રના શાસનો પાળવામાં [illegible] થવાય છે આત્માના સાધનોને એકઠા

કરવામાં પુરૂષાર્થ ફેલાય છે, અને ક્રમશઃ શ્રદ્ધા, જિજ્ઞાસા, અને ચિકીર્ષા રૂપ ત્રણ ગુણો વડે આ અંતરાત્મ જીવન અનેક કાળો સુધી, અનેક દિવસ રાત્રિઓ સુધી, અસંખ્ય વર્ષો સુધી, વૃદ્ધિ પામે છે અને વૃદ્ધિ પામતાં પરમાત્મ જીવન અનુભવાય છે આ ઉપ થી આવા ઉત્તમ જીવનને પ્રાપ્ત કરવાને માટે દરેક મનુષ્યને સત્શાસ્ત્રની નિમંત્રણા-એ દરેક રીતે આવશ્યક છે

આ પ્ર વિ સ ૧૯૭૯

૨૫ "શ્રી મહાવીર પ્રભુનુ વ્યાપક જીવન"

[મુબઈ-કોટમાં અપાયેલુ વક્તવ્ય]

શ્રી મહાવીર પરમાત્માનું જીવન વિશાલ સાગર રૂપ છે તેમાંથી યત્કિંચિત્ ગુણોના બિંદુઓ આપણે ગ્રહણ કરી પવિત્ર થઈએ આજે કોટનો શ્રી સંઘ ૨૫૪૭ દીપકો પ્રકટાવી ખરેખર પરમાત્માના જન્મ કલ્યાણકને દીપાવલિરૂપે ઉજવે છે આશું સૂચવે છે ? એક દીપકમાંથી અનેક દીપકો પ્રકટી શકે છે પરમાત્મા મહાવીર પાસે કેવલજ્ઞાનરૂપ દીપક હતો તેમાંથી તેમણે ગણધર મહારાજાઓરૂપ દીપકો પ્રકટાવ્યા, કેવલજ્ઞાનના બિંદુરૂપ દ્વાદશાંગીનુ જ્ઞાન એમણે જગત્ સમક્ષ મૂક્યુ અને તે જ્યોતિ કાલક્રમે ઓછી થતાં થતાં અનિવાર્ય અંશો અને અન્ય ચોરાશી આગમોમાં જળવાઈ શ્રીમાન્ હરિભદ્ર સૂરિ તથા શ્રીમાન્ હેમચંદ્રાચાર્ય વિગેરે આચાર્ય મહારાજો, શ્રીમદ્ યશોવિજયજી વિગેરે સાધુજનો રૂપ અનેક દીપકો પ્રકટ્યાં છે તેમણે એ જ્યોત અનેક પ્રથોદ્વારા જલતી રાખી છે, જેનો લાભ વર્તમાન સમાજ લઈ રહ્યો છે અને યથાશક્તિ અત્યારે પણ પોતાના દીપકની જ્યોતિ પ્રકટાવી રહ્યો છે શ્રી મહાવીર પ્રભુના આચાર્ય મહારાજો મશાલરૂપે આજ સુધી દીપકો જલાવી રહ્યા છે

પ્રશ્ન એ થાય છે કે પરમાત્મા મહાવીર તીર્થંકર કેમ બન્યા ? આ અવસર્પિણી કાળમાં તેવીસ તીર્થંકરો જગતના જીવોના ઉદ્ધાર અર્થે થયા પછી એમનો જન્મ પણ તીર્થંકર રૂપે કેમ થયો ? શ્રી હરિભદ્રસૂરિકૃત યોગબિંદુમાં ખાસ હકીકત છે કે-આ સંસારમાં સર્વ કર્મોથી સર્વ જીવોનો મન વચન કાયાથી યોગાવંચકપણે ઉદ્ધાર ઇચ્છનાર આત્મા તીર્થંકર બને છે જ્ઞાતિ અને સર્વનો ઉદ્ધાર ઇચ્છનાર ગણધર બની શકે છે અને પોતાનો જ ઉદ્ધાર ઇચ્છનાર સામાન્ય કેવળી બને છે શ્રીમદ્ ઉમાસ્વાતિ વાચક પણ તત્ત્વાર્થમાં भावितभावा भवष्वनेकषु, जन्मा ख्यातेषु कुलेषु सिद्धास्यन तेव्र कुलदीप—એ કથનદ્વારા અનેક જ ભવોના શુભ સંસ્કારના પરિપાકરૂપે વિશ્વદીપક શ્રી મહાવીર પ્રભુના જન્મને વર્ણવ્યો છે આ તત્ત્વમાંથી આપણે આ દુર્લભ મનુષ્ય જન્મમાં શુભ સંસ્કારો પાડયા કરવા-એ બોધ લેવાનો છે

આ આત્મા સંયોગવશાત્ કઈ સ્થિતિએ પહોંચે છે, કેવા દુઃખ અનુભવે છે જીવન વિમાસના માર્ગમાં આવ્યા છતાં કેવી રીતે અધઃપતનના ઊંડા ખાડામાં પગ્માઈ જાય છે અને પછી કેગનો પુરુષાર્થ અને કેવું અપૂર્વ વીર્ય ફોરવી સંપૂર્ણ ઉન્નતિના શિખરે પહોંચે છે-એ દૃષ્ટાંત શ્રી મહાવીર પ્રભુનું મુખ્ય અને અદ્ભુત છે નયસારના ભવમાંથી તીર્થંકરપણું પ્રાપ્ત કર્યું ત્યાં સુધીના દરેક મુખ્ય ભવો-જન્મો એમના જીવનમાંથી મનનપૂર્વક સમજવાથી આપણા આત્માને આહ્લાદ ઉત્પન્ન થાય છે સંસારમાં અનેક જીવો જન્મે છે અને મૃત્યુ પામે છે તે તો સામાન્ય ક્રમ છે તેનો ઉહાપોહ હોતો નથી, પરંતુ વિપત્તિના પહાડ તૂટી પડયા હોય અર્થાત્ કષ્ટો-ઉપસર્ગો એક પછી એક આવતા હોય અને એક વખત ઉન્નતિના શિખરે ગયા પછી અધઃપતનના ખાડામાં પડવું પડયું હોય છતાં, હિમ્મતપૂર્વક

અને અડગપણે કોઈની પણ ત્યાની શિક્ષા માગ્યા વગર, દેવ કે ઇંદ્રની સહાયની અપેક્ષા રાખ્યા વગર, આર્તધ્યાન અને રૌદ્રધ્યાન કર્યા વગર ઉપસર્ગ કરનાર પાપી વ્યક્તિઓ ઉપર પણ અનુકંપા ચિંતવીને-પોતે પૂર્વે કરેલા કર્મોનાં ફળ સમજી તેને બહાદુરીથી ભોગવી, ઉન્નતિમય અને દિવ્ય આધ્યાત્મિક જીવન જીવી સંસારના અનેક પ્રાણીઓનું કલ્યાણ કરી મુક્તિસ્થાનમાં પધાર્યા છે આવું મહાન અને પ્રભાવશાળી જીવન વીરપરમાત્માનુ છે આ રીતે પોતાના આત્માનો સંપૂર્ણ વિકાસ સાધી ઉંનતિના શિખરે ચડનાર આત્માઓ જ મહાપુરુષો વિશ્વવંદ્ય બને છે

શ્રી મહાવીરદેવના પ્રત્યેક આત્માઓની જેમ પૂર્વે અનેક જન્મો થઈ ગયા, પરંતુ ગણત્રીવાળા સત્તાવીશ ભવોમાં નયસારના ભવમાં સમ્યક્ત્વપ્રાપ્તિ તેમના આત્માને થાર છે પછી શ્રી આદિનાથ પ્રભુના વખતમાં એમના પુત્ર ભરત ચક્રવર્તીના પુત્ર મરીચિ તરીકે જન્મે છે જ્યાં નિમિત્તપણે નીચ ગોત્રનું ઉપાર્જન કરે છે અહીથી એમના આત્માનું અધઃપતન થાય છે તે પતન ત્યાંથી નહિ અટકતાં સમ્યક્ત્વના વિનાશ સાથે ઘણી સંસારવૃદ્ધિ માટે થાય છે કૌશિક, પુષ્પમિત્ર, અગ્નિદ્યોત અગ્નિભૂતિ ભારદ્વાજ અને સ્થાવર આ મુખ્ય છ ભવોમાં ભિક્ષુ કુળમાં જન્મો દારિદ્રપૂર્ણ છે અને મિથ્યાત્વના ઉદયવાળા છે ઘણા ભવોમા ફરી અજ્ઞાન કષ્ટો, તપો વિગેરે કરે છે વચ્ચે વચ્ચે દેવભવો પ્રાપ્ત કરે છે ઘણા ભવો ભમ્યા પછી પૂર્વ પુણ્ય ઉદયથી રાજગૃહીના યુવરાજ વિશાખાભૂતિના પુત્ર વિશ્વભૂતિ તરીકે મરીચિનો જીવ જન્મ લે છે અહીં રાજપાટ છોડી સંયમ લે છે ત્યાં ચારિત્ર બળે ખૂબ ત્યાગ અને તપશ્ચર્યા આદરે છે વિશુદ્ધ ચારિત્રથી આત્માને સુવાસિત બનાવે છે, પરંતુ ઐહિક સુખની લાલસાએ અહીં નિયાણું બાંધી ચારિત્રને પાણીના મૂલ્યે વેચે છે નિયાણા વડે ત્રિપૃષ્ટ વાસુદેવ થાય છે, શય્યાપાલકના કાનમાં

એનાવી પણ વિરોધ એમના સિદ્ધાંતોમાં સમન્વય રહિત છે અગ્નિ અને પાણી જેવી બે વિરોધી વસ્તુઓનો જ્યારે સમન્વય કરવામાં આવે છે ત્યારે એંજીનમાં એ શક્તિ ઉત્પન્ન થાય છે, જેથી વિશાળ રેલ્વેગાડી વાયુ વેગે દોડી શકે છે મહાવીર ભગવાનનો સમન્વયવાદ એ જ અનેકાંતવાદ ભગવાન મહાવીરના સિદ્ધાંતો એકાંત દુરાગ્રહના વિરોધી છે ઝઘડાઓ તમામ એકાંતવાદના જ હોય છે અને તેથી જ તેને મિથ્યાત્વ કહેવામાં આવે છે

શ્રી મહાવીર ભગવાનનુ મુખ્ય સૂત્ર જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષ'—અર્થાત્ જ્ઞાન એકલુ જો તે ક્રિયા વગરનુ હોય તો ઉપયોગી થઈ શકતુ નથી જેમ નદીમાં તરવાના જ્ઞાનવાળો મનુષ્ય હાથપગ હલાવ્યા વગર તરી શકતો નથી પરંતુ ડૂબી જાય છે તેમ ક્રિયા વગરનુ જ્ઞાન પાંગળુ છે અને જ્ઞાન વગરની ક્રિયા અંધ તુલ્ય છે બન્નેનો સમન્વય સધાય ત્યારે જ મોક્ષમાર્ગ સધાય છે

શ્રીમદ્ ઉમાસ્વાતિવાચકનુ સમ્યગ્દર્શન જ્ઞાનચારિત્રાણિ મોક્ષમાર્ગ -સૂત્ર પરમાત્મા મહાવીરનુ છે જેમ બીજનો ચંદ્રમા ઊગે ને તે પછી અવશ્ય પૂર્ણિમા થવાની તેમ આ માનવજન્મ પામી સમ્યક્ત્વ-શ્રદ્ધારૂપ પરિણામ આ આત્માએ મેળવ્યુ તો અવશ્ય મુક્તિરૂપ ફળનુ બીજ વવાયુ ને સંસ્કારો વધતાં વધતાં-ગુણવિકાસ સધાતાં આત્મામાં અવશ્ય કેવલજ્ઞાન-દર્શનરૂપ પૂર્ણિમા થવાની ક્ષાયોપશમિક સમ્યક્ત્વના અસંખ્ય ભેદો હોવાથી આવે અને જાય તેમ બને પણ છેવટે વધારેમાં વધારે અર્ધ પુદ્ગલ પરાવર્તન કાળમાં આત્મપ્રકાશની પૂર્ણિમા થતાં સંપૂર્ણ પ્રકાશ પ્રકટવાનો શ્રી વીર પરમાત્માના આત્મામાં નયસારના ભવમાં આ બીજ ઊગી ગયું હતું સ્યાદ્વાદપૂર્વક નયનો સિદ્ધાંત પરમાત્માએ અદ્ભુત રીતે સમજાવ્યો કે જે અન્ય દર્શનમાં નથી વસ્તુને જુદા જુદા દૃષ્ટિબિંદુથી જોવું

તે સ્યાદ્વાદ અને ભિન્ન ભિન્ન દૃષ્ટિબિંદુઓ—તે નહીં સ્વીકારી આપણે પરમાત્મા પાસે પ્રાર્થના કરીએ છીએ કે "હે પ્રભુ! અમોને તમારા જેવા બનાવો મુક્તિ આપો શું પ્રભુની પોતાની પાસે મુક્તિ રાખવાની ચીજ છે કે તેઓ આપે! નહિ જ. પરંતુ આ વ્યવહારનયનું વચન છે અને તે નય તરીકે બરાબર છે વાસ્તવિક રીતે એવંભૂત નયથી આત્મા આત્માને આત્માવડે આત્માભાટે આત્મા માંથી આત્માની મુક્તિ પ્રાપ્ત કરી શકે છે પણ તે પરમાત્માના આલંબનથી-અર્થાત્ નિમિત્તથી. નિમિત્ત અને ઉપાદાન બન્ને કારણો મળે ત્યારે જ કાર્ય સિદ્ધ થઈ શકે છે તેથી કહેવું પડે છે કે–જેઓ કેવળ એકલાં નિમિત્તોને જ માને છે ઉપાદાન કારણ ઉપર જ વજન આપી બળપૂર્વક આત્માઓના ક્રિયામાર્ગે ભાર મૂકી રહ્યા છે તેઓ એકાંત નયને માનનારા હોવાથી પરમાત્માના સ્યાદ્વાદ દૃષ્ટિબિંદુના મર્મનો અપલાપ કરે છે

પરંતુ આ મહાવીરે જે સિદ્ધાંતો અહિંસાની જેમ સમજાવ્યા છે તે ૨+૨=૪ જેવા ચોક્કસ છે એમાં નવા મૂકવા નથી. પૂર્વના તીર્થંકરોના પણ એ જ સિદ્ધાંતો છે પાંચ કારણોથી પ્રત્યેક કાર્ય વ્યાવહારિક રીતે કે આધ્યાત્મિક રીતે થઈ શકે છે કાળ સ્વભાવ ભવિતવ્યતા પુરુષાર્થ અને કર્મ—આમાં કોઈની કોઈ વખતે મુખ્યતા હોય છે અને અમુકની ગૌણતા હોય છે માનવ જન્મ પૂર્વના સંચિતથી કે બીજાઓમાં ભવિતવ્યતાની મુખ્યતા હોય છે અને બાકીની ગૌણતા હોય છે માનવ જન્મ પામ્યા પછી તો પુરુષાર્થની મુખ્યતા હોય છે જો કર્મ ઉપર જ મદાર બાંધીને રહે તો પુરુષાર્થ કરી શકે નહિ અને પુરુષાર્થ કર્યા વગર કર્મનો વિનાશ થઈ શકે તેમ નથી. ખરો વિજય આત્માના પુરુષાર્થનો છે કર્મનો વિજય અધ્યાત્મમાં ઉપર નથી જ પરંતુ આપણા આત્માઓમાં કર્મના જબરા સામ્રાજ્યને અને નિર્બળતા છે ત્યાં સુધી–આપણને

કાળનો પરિપાક થયો નથી-કર્મનું બળ છે, ભવિતવ્યતા બળવાન છે -વગેરે વગેરે નિમિત્તોને આગળ કરી આપણી નિર્બળતા છુપાવવી પડે છે

પરમાત્મા મહાવીરે કર્મનો સિદ્ધાંત કેવળજ્ઞાનથી તપાસી જે રીતે રજૂ કર્યો છે તે અન્ય કોઈ દર્શનમાં નથી સર્વજ્ઞ વગર કોણ આવા સૂક્ષ્મ સિદ્ધાંતો રજૂ કરી શકે! આત્મા વિભાવ પરિણતિમાં પડે ત્યાર પછી રાગ દ્વેષ ચાર કષાયો અને પાંચેય ઈન્દ્રિયોના વિકારો વડે શરીર, પુત્ર મકાન, હાટ હવેલીમાં મમત્વો વધતાં જાય અને એ રીતે સંસારમાં આત્મા ગુંચવાઈ ગયો છે અનેક પ્રકારના કર્મો બાંધી રહ્યો છે જ્ઞાન ચેતનાની જાગૃતિ વગર કર્મ ચેતના અને કર્મફળચેતના અનુભવી રહ્યો છે આ કર્મનું વિશાળ અને સૂક્ષ્મ સ્વરૂપ જૈન દર્શનમાં જ છે

શ્રી મહાવીર પરમાત્માએ ગણધરવાદમાં ષડ્દર્શનના સિદ્ધાંતોનો જૈન દર્શનમાં સમન્વય કર્યો, શ્રી આનંદઘનજી મહારાજે કહ્યું છે કે "ષડ દર્શન જિન અંગ ભણીજે ન્યાસ ષડંગ જો સાધે" અર્થાત્ જિનેશ્વર પ્રભુના સિદ્ધાંતોમાં ષડ દર્શનના સિદ્ધાંતો નિરૂપ્યા છે-વિભાગ છે જો અપેક્ષાથી વિચારીએ તો પરંતુ ષડ્દર્શનોમાં શ્રી જિનેશ્વરના સિદ્ધાંતો મિશ્ર હોવા છતાં સ્વતંત્ર રીતે અનેક સ્થળે એકાંત નયની સ્થાપના હોય ત્યાં મિથ્યાત્વ ગણવામાં આવ્યું છે, જ્યારે પરમાત્માનો સ્વતંત્ર સિદ્ધાંત અનેકાંત છે

પરમાત્માએ વિજ્ઞાનવાદ (science) પણ આપ્યો છે ભાષા વર્ગણાના પુદ્ગલોમાં વર્ણ ગંધ, રસ સ્પર્શની-વગેરે હકીકત શ્રી ભગવતીસૂત્રમાં શ્રી ગૌતમસ્વામીજીના પ્રશ્નના ઉત્તરમાં નિવેદન થયેલ છે

શ્રી મહાવીર પ્રભુનું જીવન ઐતિહાસિક દૃષ્ટિથી, વૈજ્ઞાનિક દૃષ્ટિથી, નિશ્ચય વ્યવહાર દૃષ્ટિથી, ગૃહસ્થાશ્રમી તરીકે યોગદૃષ્ટિવાળું

અને આધ્યાત્મિક દૃષ્ટિથી પરિપૂર્ણ રીતે તૈયાર કરવાની ખાસ આવશ્યકતા છે અને તે માટે આપણે પ્રયાસ કરવો જોઈએ. જૈન દર્શન જેવું બંધારણ અન્ય દર્શનમાં નથી. તેનું નૈતિક બંધારણ જેમ નિર્દોષ છે તેમ આધ્યાત્મિક બંધારણ પણ પરિપૂર્ણ છે. દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ અને ચરણકરણાનુયોગ, માર્ગાનુસારીના ગુણ, જિનપૂજા, ગૃહસ્થનાં બારવ્રતો, સાધુના પંચ મહાવ્રતો વગેરે સાથે સમ્યગ્દર્શન, જ્ઞાન ચારિત્ર રૂપ ઉચ્ચ બંધારણ છે. બંધારણ પૂર્વક જો મનુષ્ય વર્તતો જાય તો અવશ્ય ઓછામાં ઓછા ભાવે પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કરી પ્રાંતે નિર્જરા થતાં સર્વ કર્મથી મુક્ત થઈ આત્મા સાચી સ્વતંત્રતા પ્રાપ્ત કરી શકે.

આ ઉચ્ચ સિદ્ધાંતો પરમાત્મા મહાવીરે આપણી સમક્ષ મૂક્યા છે. તેનો પ્રચાર કરવા માટે આપણા સમાજમાં એકસંપીની જરૂર છે. તિથિચર્ચા વિગેરેના ઝગડાઓ બાજુએ મૂકી વહેલી તકે જૈન સમાજે એક વ્યાસપીઠ ઉપર એકત્ર થવાની ખાસ આવશ્યકતા ઉભી થઈ છે.

આ. પ્ર. વિ. સં. ૨૦૦૫

२६ पापनु भान

[એક મુમુક્ષુના આત્મમંથનમાંથી સમુદ્ધૃત]

મારું હૃદય નિરંતર એમજ પુકારી રહ્યું છે કે 'હું પાપી છું—હું પાપી છું.' મધ્યાન્હે સાંજે દિવસના બધાજ સમયે, જ્યાં સુધી હું જાગું છું ત્યાં સુધી, આ પાપનું ભાન હું ત્યજી શકતો નથી. દુનિયાના વ્યવહારમાં ચોરી લુંટ વિગેરેને પાપ કહેવામાં આવે છે

મારા શબ્દકોષમાં પાપનો અર્થ હૃદયનો કટક, દર્દવાળી મન સ્થિતિ અને દુર્બળતા છે પાપી બનવાનો સભવ એ પણ મારા મનથી પાપજ છે પાપયુક્ત વર્તનને જ હું પાપ માની સતુષ્ટ રહ્યો નથી પાપી બનવાની યોગ્યતા હોવી, પાપને પાત્ર હોવુ એ પણ મને ત્રાસદાયક છે જ્યારે અતરાત્માનો પ્રકાશ મારા હૃદય ઉપર પહેલી વારજ રેડાયો ત્યારે મે ત્યાં પ્રમાદ, જડતા, નિર્મળતા, વિવિધ પ્રકારની બોખપણાઓ આદિ-હજારો નાનામોટાં પાપો જોયાં આ બધા અનિષ્ટનાં મૂળો એવાં લપાઈને ગુપ્તપણે ત્યા આા હતાં કે જો અતરાત્માનો (Conscience) પ્રકાશ ત્યાં પડ્યો હોત તો તે જોઈ શકવાનો સભવ પણ નહોતો જ્યાં પર્યંત આ સ્થૂળ શરીર છે ત્યાં પર્યંત ક્રોધાદિ કષાયોનાં કારણો પણ છે મારૂ માનવુ એમ નથી કે મનુષ્ય પાપમાંજ અવતરેલો છે

જ્યારે મનુષ્યનુ વલણ વાસનાની તૃપ્તિ તરફ હોય છે, ત્યારે તે વલણ પાપમાંથી જ ઉદ્ભવતુ હોય છે હું પાપ ક્યારે કરતો હોઉ છુ ? અસત્ય બોલુ ત્યારે, ચોરી કરતો હોઉ ત્યારે, અન્ય મનુષ્યની સપત્તિ દેખીને એક ક્ષણ ભર મારા મનમાં એમ આવી જાય કે આ માણસની દૌલત મારાં હાથમાં આવે તો કેવુ સારૂ ? તે વખતે ખરેજ હું એક ચોર હોઉ છુ જીવન જ્યારે સકટમાં આવી પડયુ હોય અને મન નબળુ પડી ગયું હોય ત્યારે અસત્ય બોલી જવાય છે અથવા કાચ પ્રત્યક્ષ અસત્ય નહી તો પણ સામાના મન ઉપર ખોટી અસર ઉપજાવાનુ બની જાય છે આ પાપ છે તેજ પ્રમાણે હું જે કાંઈ ખરી રીતે છુ તેના કરતાં મારી જાતને હું જરા પણ ઉચ્ચ પ્રકારની કલ્પુ એનુ નામ ગુમાન છે હૃદયમાં હું બીજા આત્માને વધારે ચાહુ અને બીજાઓનાં સુખ કરતા મારા સુખને માટે અધિક પ્રયત્ન કરૂ તો તેમાં સ્વાર્થીપણાનુ પાપ છે આ પ્રકારે મારામાં હું પાપની હજારો નાની મોટી કળાઓ નિરતર જોયા કરૂ છુ નર્ક માંહેના કીડાઓની

માફક મારા હૃદયમાં સતત એ પાપ-ફુગાઓ ગતિ કરી રહેલી હોય છે મારા ઉત્તરાં વર્ષોમાં મે કેટલાં આવાં પાપો કર્યા હશે એની ગણત્રી કરવા બેસુ તો તેની સખ્યા કરોડોની થવા જાય છે મારામાં અંતરાત્માનો પ્રકાશ એવો બળવાનપણે વ્યાપી રહ્યો છે કે સૂક્ષ્મમાં સૂક્ષ્મ પાપ પણ પકડાઈ ગયા વિના રહેતું નથી આ પાપનું ભાન મને અસહ્ય કષ્ટ આપ્યા કરે છે હું મારા મનની સ્થિતિનો એટલો બધો બળવાન સાક્ષી છુ કે જાણે આ પાપોની ગણત્રી કર્યા કરવાને જ મારૂં નિર્માણ ન થયું હોય એમ મને લાગે છે પ્રભાતથી માંડીને હું આખો દિવસ એજ ગણ્યા કરૂં છુ ક્ષણમાં એ પાપ સ્વાર્થરૂપે, તો ક્ષણમાં અભિમાન રૂપે ક્ષણમાં લાલસારૂપે તો ક્ષણમાં અસત્ય તરફની પ્રીતિરૂપે ક્ષણમા ધનસપત્તિના ગુમાનરૂપે તો [illegible] કોઈ તેવાજ બીજા પ્રકારે-એમ પાપ મને દર્શન આપ્યા [illegible] આ ગણત્રી કરવાનુ કામ મારી બુદ્ધિ નહી પણ હૃદય કરે છ [illegible] હૃદય નિરતર જ્વલતશીન રહ્યા કરે છે તેને લાગુ [illegible] કરોળીઆની જાળમાં જેમ માખી ફસાય કે તુરતજ [illegible] પકડવા દોડે છે-તે પ્રકારે મારા આધ્યાત્મિક [illegible] માખી ફસાય તો મારૂ હૃદય તેને પકડી પાડે છે

જીવનના ગમે તે પ્રદેશમાં કોઈ અનિષ્ટ વિચાર [illegible] રીતે બજાવી ન શકાય કોઈ કરવા યોગ્ય સત્કાર્ય ન [illegible] અવજ્ઞા થાય અથવા કોઈ નિર્બળતાને સુધારી [illegible] મારૂ નિરતર જાગૃત-ઉપયોગમાં હૃદય [illegible] છે મારૂ હૃદય અત્યત તીક્ષ્ણ અને [illegible] બનાવવાની એની શક્તિ પ્રચડ છે [illegible] કરૂ છુ તો મને આખો દહાડો અને [illegible] વધારે શું કહું ? દુનીઆ ઊપર એક [illegible] શક આથી જેઓ પવિત્રપણાનુ [illegible]

ઉપર મને શ્રદ્ધા નથી મને કોઈ પાપી કહે તો હું જરાપણ શરમાતો નથી જે મનુષ્ય હૃદયમાં રહેલાં લાખો પાપો ઢાંકેલાં અણુ છે તેને કોઈ પાપી કહીને બોલાવે તો તેણે શા માટે ખોટું લગાડવું જોઈએ! અરે લોકો! ચક્ષુ ખોલીને જુઓ કે જેને તમે આટલુ બધુ માન આપો છો એ આવો પાપી છે! તમે આ પાપીને પાપી રૂપે જોઈ શકતા નથી વિચારી પણ શકતા નથી આથી મારો પશ્ચાત્તાપ, મારૂ વેદન વધારે ઉગ્ર બને છે

પરંતુ પરમાત્માની મારા પર કૃપા છે કે બીજા દૃષ્ટિબિંદુથી જોતાં મારા જેવા સુખી મનુષ્યો થોડાં હશે આ નારકીરૂપ પાપ-કીડાઓ જે ચક્ષુદ્વાર, કર્ણદ્વારા જીહ્વાદ્વારા ઉભરાયા કરે છે તેઓ મારૂ હિત જ કરે છે એક પક્ષે જેમ હું નરકનુ ભાન વેઠ્યાં કરૂ છુ, તેમ બીજા પક્ષે હું સ્વર્ગનુ ભાન અનુભવુ છુ જે શરીર લાંબાકાળથી રોગવશ હોય છે અને વ્યાધિમાં ઘેરાઈ ગયેલુ હોય છે તે શરીરમાં દરદનુ સ્થાન નક્કી કરવુ બહુ મુશ્કેલ છે પરંતુ નિરોગી શરીરમાં વ્યાધિનુ ચિહ્ન તુરત જ પકડી શકાય છે આથી પાપ રૂપી દરદનુ મને સહેજે ભાન થાય છે

તરત જ હું તેના ઉપચાર કરવા માંડુ છુ અને પ્રાર્થના અને યોગમાં જોડાઈ જાઉ છુ જો મને દશ પાપનુ જ ભાન રહ્યાં કરતું હોય અથવા દશ પાપ જ મારા વડે બનવાનો સભવ હું કલ્પતો હોઉ તો તેટલાનુ જ નિવારણ થયે હું મારી જાતને એક પવિત્ર મહાત્મા માની લેવાની ભૂલ કરી બેસું પરંતુ મારો અંતરાત્મા અસખ્ય પાપનુ ભાન મારામાં જાગૃત રાખ્યા જ કરે છે, અને એક પછી એક સર્વને નિવારવા અને આગળ ને આગળ પ્રગતિ કરવા આર માર્યા કરે છે કોઈ લહેરોમાં હું એ પણ બોલી ઉઠુ છુ કે પરમાત્મા હશે? હું પાપી મનુષ્ય પરમાત્મા થઈ શકુ! આ શકા

હાલે મારૂં વદન કેવું ઉત્કટ હોય છે તે હું શું કહું ? અરે પાપી ! હજુ આ વાતની તું ચર્ચા કરે છે ! હું આમ દોડધામ કરી આધ્યાત્મિક શાંતિમાં પ્રવેશું છું મનુષ્ય એક વખત રોગી ન હોય ત્યાં સુધી તંદુરસ્તીની કિંમત ન સમજાય એ જેમ સંતાપ અનુભવ્યો છે, તેમ સંતાપથી મુક્ત થવાનો આનંદ-લ્હાવો પણ અનુભવી છે જેમ ઘડિયાળનો સેકંડ કાંટો નિરંતર કટકટ થયા જ કરે તેમ મારામાંથી પણ નિરંતર સ્વર ઉઠયા જ કરે છે કે 'હજી તારે બહુ મેળવવાનું છે હજી તું કાંઈ જ નથી તારી પ્રગતિ હજી પ્રાથમિક સ્થિતિની છે" ઘોડાને જેમ ચાબુક વાગે તેમ અહોનિશ આ અંતરાત્માના સ્વરનો ચાબૂક વાગ્યા જ કરે છે આ સ્વરમાં નવાઈ જેવું એ છે કે જ્યારે હું રોતો હોઉં છું ત્યારે હસતો પણ હોઉં છું જેમ મારૂં રુદન વધારે તેમ હસવું પણ વધારે. હવે જો તંદુરસ્તી આપી શકે છે તો પછી એવો કોણ હોય છે કે જે દવા ન લે ? હું તો એ જ ઇચ્છા કરૂં છું કે મારૂં પાપનું ભાન વધ્યા જ કરો પાપના ભાનમાંથી ઉદ્ભવતો પશ્ચાત્તાપ અને કષ્ટ સર્વને હો એમ ઇચ્છું છું કુદરતની સત્તા એવી પ્રેમાળ છે કે તે કષ્ટના પ્રમાણમાં પાછળથી આનંદ આપે છે અપરાધનું જે ભાન દુઃખ ઉપજાવે છે તેજ ભાન આનંદ પણ ઉપજાવે છે પાપનો પશ્ચાત્તાપ આપણને પરમાત્મા સાથે સંબંધ લાવે છે પરમાત્માની સત્તા અને વિશાળતા સમજ્યા પછી અને તેમની મહત્તા સાથે અભિમુખતા અનુભવ્યા પછી ખરાં દુઃખો અને સંતાપો શા હિસાબમાં છે ? જેણે પરમાત્માના સ્વરૂપ તરફ લક્ષ આપ્યું છે તેને શી ચિંતા છે ? એ સત્તા આગળ પાપની સત્તા કાંઈ વિસાતમાં નથી બંધુઓ, તમને જીવનની અંધારી તેમજ અજવાળી ઉભય દિશાઓનું જ વર્ણન આપ્યું છે જો તમે કાંઈ પાપ કર્યું હોય તો તમારા આત્માને પશ્ચાત્તાપના તાપમાં ઝબોળી દો શાંતિ સ્વરૂપ પરમાત્મા તમારી સમસ્ત આકાંક્ષાને તમારા હૃદયને પોતાની સ્વરૂપભૂત શાંતિથી

ભરી દેશે અને તમો તેમની જેવા નિરંતર આધ્યાત્મિક શાંતિવાળા ભવિષ્યમાં થશે

આ પ્ર. વિ. સં ૧૯૮૨

૨૬ આધ્યાત્મિક બળ

આ વિશ્વમાં વિવિધ દેખાવોનુ બારીક નિરીક્ષણ કરતાં આપણને દરેક વસ્તુ અને દરેક બનાવમાં ચમત્કાર અલૌકિકતા અને અદ્ભુતતા ભાસ્યા વિના રહેશે નહિ જ્યાં ત્યાં કુદરતનું આશ્ચર્યજનક કાર્ય જણાય છે એક સ.મ બીજનાં કણમાથી મહાન્ વિસ્તારવાળુ વૃક્ષ પ્રકટ થાય છે એ શું અલૌકિક નથી? છતાં તેમાં આપણને કોઈ પ્રકારનુ આશ્ચર્ય નથી થતુ તેનુ કારણ માત્ર એ છે કે તે આપણા નિત્યના પરિચયનો વિષય થઈ પડયો છે પરંતુ આપણે એક એવો મનુષ્ય કલ્પીએ કે જેને બીજમાથી વૃક્ષ પ્રકટ થવાની હકીકતનુ મુદ્દલ ભાન નથી હવે જો તેને પહેલી વાર જ આવો અનુભવ બીજમાંથી વૃક્ષ થવાનો મળે તો તેના આશ્ચર્યનો પાર રહેશે નહિ આપણા નિત્યના અનુભવના વિષયોમાથી આપણી અલૌકિકતા જતી રહે છે જ્યાં ચિત્રમયની પીછી પૂર્યાનુ નિશાન સરખુ પણ નથી તેવા ફૂલોમાંની વિવિધરંગી મનુરંતુ પ્રકટ થવુ ઋતુઓનાં અદ્ભુત પરિવર્તનો, પ્રત્યેક ક્ષણે ફરતી-ચાલતી કુદરતની મનોહર રચના-આદિ ઘટનાઓ શું મનુષ્ય બુદ્ધિનો વિષય છે? આ આપણને તેમાં અલૌકિકતા જણાતી નથી, કેમકે આપણે તે સર્વથી ટેવાઈ ગયા છીએ અને જે બનાવ આપણે પ્રથમ વાર જ આપણા જીવનમાં અનુભવીએ છીએ ત્યા વાસ્તવિક રીતે બહુ આશ્ચર્યનુ કારણ ન હોય છતાં આપણે તેમાં અદ્ભુતતા કલ્પી લઈએ છીએ.

આ સર્વે કુદરતની રચનાઓ ચોક્કસ નિયમોને આધીન હોય છે, તે નિયમો આપણે જાણતા ન હોવાથી આપણને તેમાં વિસ્મય થાય છે પુદ્ગલ અને ચૈતન્ય શક્તિનો જ આ સર્વ વિલાસ છે અને તેના નિયમોનુ જ્ઞાન થતાં આશ્ચર્ય જેવુ કશુ જણાતુ નથી જડ સૃષ્ટિમાં પ્રમાણ, વિદ્યુત આકર્ષણ શક્તિ (Gravity of attraction) વિગેરે રહેલાં છે જેનાં કાર્યો આપણને અલૌકિક સરખાં ભાસે છે હમણા અમેરિકન ડાક્ટરોએ રગમાં પણ આશ્ચર્યકારક શક્તિ તેમજ સૂર્યના કિરણોના રગથી અનેક રોગો મટી જવાની હકીકતો સિદ્ધ કરેલી છે જડ ઔષધિઓમાં અનેક રોગોને મટાડવાનો ગુણ છે આ સર્વ શક્તિઓનુ કાર્ય સ્થૂલ ભૂમિકાનુ છે તેથી આગળ વધીને જ્યારે માનસિક ભૂમિકાનુ દર્શન કરીએ છીએ ત્યારે વળી અધિક વિસ્મયકારક દેખાવો આપણે અનુભવીએ છીએ પરતુ તે પણ આપણા રોજના સહવાસનો વિષય હોવાથી વિસ્મય જેવુ જણાતુ નથી એક મનુષ્ય ક્રોધવશ બને છે અને સામાન્ય સંયોગોમાં તે ન કરે તેવા કાર્યો કરી બેસે છે ખરેખર એક ડાહ્યો [illegible] ક્રોધના આવેશમાં તેણે કે તેની આસપાસના કોઈએ ન ધાર્યું [illegible] તેવુ કાર્ય કરી વાળે છે તે શાનુ પરિણામ છે? એ [illegible] કરતાં જણાય છે કે ક્રોધ નામના કષાયે તેના મનમાં વિકાર [illegible] છે અને તેના સામાન્ય ક્રમમાં તેટલો કાળ બદલાઈ [illegible] સ્થિતિમાં થવા યોગ્ય કાર્ય કરવા પ્રેરાય છે આપણા [illegible] ફેરફારોથી ભારે અસાધારણ કાર્ય બને છે બે મનુષ્ય [illegible] મૈત્રીનો સબધ હોય અને તેમાંથી એક જણ [illegible] અપમાન કરે તો તે અન્યના મનનુ વલણ એકદમ [illegible] અને તેનુ અપમાન કરનાર પ્રતિ એકદમ [illegible] પ્રકારે વર્તશે આ વર્તન એ મનમાં થયેલા [illegible] વળી તે જ મનનુ વલણ જ્યારે તેને ઉત્તમ [illegible] ત્યારે ત્યાંથી સુદર વિચારો ઉત્પન્ન થાય છે [illegible] ...

મનના વલણનો ફેરફાર એ પણ ઓછા આશ્ચર્યનો વિષય નથી

શારીરિક અને માનસિક બળ કરતાં એક ત્રીજા પ્રકારનું બળ છે તે હૃદય બળ અથવા ચારિત્રબળ છે આ સૌથી ચઢીઆતું બળ છે તેના પરિણામો પણ અત્યંત મહાન છે

શારીરિક બળ, માનસિકબળ, અને હૃદયબળ એ ઉત્તરોત્તર એકએકથી અધિક ચઢીયાતી શક્તિઓ છે, અને તે સર્વનું કારણ એક જ આત્મશક્તિ-આત્મપ્રેરણા છે એ ત્રણે શક્તિઓ એક જ શક્તિની સ્થૂલ-સૂક્ષ્મ અને સૂક્ષ્મતર કળાઓ છે અને તે શક્તિ જેમ જેમ વધારે સૂક્ષ્મ થતી જાય છે તેમ તેમ તે અધિક બળવાન થતી જાય છે કોલસા કરતાં તેમાંથી અગ્નિદ્વારા ઉપજાવેલી વરાળ અને તેમાંથી પ્રયોગ વિશેષ વડે ઉત્પન્ન થયેલી વિદ્યુતનું બળ જેમ ઉત્તરોત્તર અધિક સામર્થ્યવંત છે, તેમ શરીર મન અને હૃદયના બળો અનુક્રમે સ્થૂલ સૂક્ષ્મ અને સૂક્ષ્મતર હોઈ અધિક બળવાન છે

શરીરબળ મનોબળ અને ચારિત્રબળ એ ઉત્તરોત્તર ચઢીઆતાં બળો છે મનોબળ વિનાનું એકનું શરીર બળ માત્ર જંગલી પ્રજાઓમાં જોવામાં આવે છે અને તેવી પ્રજા ઉપર ઓછા શરીર બળવાળી પરંતુ તે સાથે મનોબળના સંયોગવાળી પ્રજા આધિપત્ય ભોગવે છે પશુઓ ઉપર મનુષ્યો સત્તા ચલાવી શકે છે-તે મનોબળ-બુદ્ધિબળને અંગે જ હોય છ

શ્રીમદ્ આનંદઘનજી કહે છે તેમ 'તર્ક વિચારે રે વાદ પરંપરારે' એ શબ્દોનું રહસ્ય એમ સૂચવે છે કે બુદ્ધિવાદ કરતાં ચારિત્રબળ એ જ માનવજીવનની સાર્થકતા છે મુખ્યતાએ હાલમાં ચારિત્રબળનો લગભગ અભાવ જોવામાં આવે છે મનુષ્યો વાક્શૂર વિશેષ બની ગએલા હોવાથી વર્તનમાં શૂન્ય બની ગયાં હોય છે મનોબળયુક્ત પુરુષની સત્તા જ્યારે સંસારમાં અને

તેની આસપાસના સમુદાય ઉપર જ ચાલી શકે છે, ત્યારે ચ[illegible] શક્તિસંપન્ન પુરુષની સત્તા દેવો ઉપર પણ પ્રવર્તી શકે છે [illegible] મનમાં ઉઠતાં અસંખ્ય વિચારો ઉપર વિજય મેળવે છે કામ, ક્રે[illegible] લોભ કે મોહના બળવાન્ નિમિત્તો હોવા છતાં, એક રોમનું [illegible] તેની વિમારી અસર ઉપજવા દેતા નથી પ્રિયમાં પ્રિય [illegible] વિયોગ થવા છતાં પણ મુંઝાઈ જતાં નથી અને હૃદય[illegible] આવેગોને દબાવી શકે છે– તે શક્તિનું નામ ચારિત્રબળ છે [illegible] નિત્ય પ્રસંગોમાં અંતઃકરણની શાંતિ એક સરખી સાચવી [illegible] ધન અને સ્વજનોનો વિયોગ થતો હોય તો પણ સત્ય[illegible] જરી પણ ન ચળવું અને ઉત્કટ ઉપાધિઓના પ્રસંગોએ [illegible] કુળતા જરા પણ ન અનુભવવી–એ હૃદયબળ છે [illegible] દશા તે આ છે શ્રુત ચિંતા અને ભાવનાજ્ઞાન એ [illegible] ઉપરની પરિસ્થિતિ તે ભાવનાજ્ઞાન છે ज्ञानस्य फलं [illegible] સાર ચારિત્રબળની પ્રાપ્તિમાં હોઈ સમુદ્રમાં જેમ [illegible] ખાબોચીઆ પર્યવસિત છે–તેમ આ ચારિત્રબળ[illegible] બળનો સમાવેશ થાય છે

ભ્રમિત ચિત્તવાળો થઈ ગયો હોય છે, તે ભૂલાઈ જાય છે અને પાછો ફરતો ત્યાંને ત્યાં ચોરાશીના ફેરામાં અટવાય છે

*   *   *

જીવન એ આધ્યાત્મિક શાળા છે એમ એક વિદ્વાને કહેલું છે તે યથાર્થ છે દરેક મનુષ્ય અપૂર્ણ છે દરેક મનુષ્યોમાં રાગદ્વેષની વાસનાઓની પ્રબળતા પોતપોતાની ભૂમિકા અનુસાર હોય છે

°   °   °

આ રાગદ્વેષ અને વાસનાઓને પોતાના સ્વજનોના સબંધોથી દૂર કરી શકાય છે તેમજ વધારી પણ શકાય છે પુત્ર પિતા, પત્ની બંધુ કે મિત્ર અરસપરસના સબંધમાં જોડાયા પછી મનુષ્ય જો જાગૃત દ્રષ્ટિવાળો હોય તો તેને સહનશક્તિ કેળવવાના કારણભૂત થાય છે પ્રેમ અને મૈત્રી ભાવનામાં વૃદ્ધિ કરી શકાય છે, એક બીજાની સહાયથી ચિત્તની ઉદારતા પ્રકટે છે, પરંતુ તેને બદલે આ તમામ સબંધોમાં જો તે અનિષ્ટ તત્ત્વોને (દોષોને રસપૂર્વક જોયા કરે છે તો પરસ્પર વૈરાનુબંધ પ્રગટતાં આત્માને અધોગતિમાં મુકતો જાય છે, અને આત્મબળ નહિ કેળવાતાં તેનો હ્રાસ થાય છે

°   °   °

મનુષ્યો જે જે ટેવો કેળવે તે તે ટેવો સારી અથવા નરસી ગમે તે હોય અને તેમાંથી અમુક ટેવો ખરાબ જીવનનો એક વિભાગ બની ગઈ હોય તો તે ટેવોનું જ્યાં પોષણ અધિકતાથી થાય તે તે યોનિઓમાં મનુષ્ય ઉત્પન્ન થાય છે એટલા માટે ક્રોધ-અભિમાનાદિ કષાયોમાં આત્માને રમવા નહિ દેવો અને તે ટેવો જીવનના મુખ્ય વિભાગ તરીકે બંધ બેસતી થવા ન દેવી-એ માનવજીવનનું જરૂરીઆતવાળું તત્ત્વ છે માત્ર ગૃહસ્થાશ્રમને અંગે અનેક કષાયજનિત પ્રસંગો પ્રાપ્ત

થતાં તે વટાવી દઈ આત્માને તેમાં રગાવા ન દેવો એ મહત્ત્વની પણ ભૂલવા જેવું નથી

° ° °

કર્મફળ ચેતના જ્યારે ફળ આપવાની સન્મુખ હોય છે ત્યારે જીવાત્માને દુઃખ એ કે શોક થાય છે પરંતુ કર્મનિષ્ઠ જ્યારે કર્મ કરવાની સંમુખ હોય ત્યારે જ જો તે જાગૃત રહી શકે તો ભવિષ્યે ફલાભિમુખ થઈ દુઃખો ભોગવવાનો પ્રસંગ [illegible] પરંતુ મનુષ્યો મોટે ભાગે પરિણામ તરફ દૃષ્ટિ [illegible] રીત પરિણમના કારણનું પ્રથમથી જ [illegible] ફળ ભોગવવાનો પ્રસંગ પ્રાપ્ત ન થાય.

° ° °

મૃત્યુનો પોતાનો નિર્ણીત કાળ [illegible] જ્યારે તે આપણા જેવા અજ્ઞાની જનોને માટે [illegible] કે પોતાના અથવા પોતાના સ્વજનોનાં મરણગ્રસ્તિ [illegible] પછી જાગૃત રહેવાને બદલે તે પ્રથમથી જ [illegible] અને જો કોઈ સમાધિમરણ તેના ભાગ્યમાં [illegible] ન પ્રાપ્ત થતાં સુખો વૈભવો, વહાલાંસ્વજનો [illegible] પડશે તેમ જ પાછળ રહેલાઓનું શું થશે [illegible] ઓથી ઘેરાઈ જશે આર્ત અને રૌદ્ર [illegible] પેસી જાય અને દુર્ગતિના અધિકારી બનાવી [illegible] અધોગતિ [illegible]

શોધી લે છે અત્યંત ઉગ્ર ક્રોધી કે અભિમાની મનુષ્યોમાં પણ ગુણો અનેક પડેલા-સૂતેલા હોય છે જ જો તે તરફ દૃષ્ટિ રાખી જીવન વ્યવહાર ચલાવવામાં આવે તો ક્રોધની સામે આઘાત પ્રત્યાઘાતના નિયમ પ્રમાણે મનુષ્ય હૃદયની નબળાઈ પ્રકટ થતા, અભિમાન-ક્રોધ ઉદ્ભવે છે તેમ ન થાય તો કારણ નહિ મળતાં ક્રોધ કે અભિમાન પ્રેરક મનુષ્યનાં ક્રોધ કે અભિમાન હીનસત્વ થાય છે અને એ રીતે હીનસત્વ થતાં કર્મ માર્ગ આપે છે તે જાગૃત બને છે તેનામાં રહેતી ધાર્મિક પરિણતિ જાગૃત થાય છે તેમ જ બીજા ગુણો જે અપ્રકટપણે રહેલાં હોય તે પ્રકટ થવા માંડે છે, અને એ રીતે તે પોતાની અપૂર્ણતા, ગુણદૃષ્ટિવાળા મનુષ્યોદ્વારા ક્રમે ક્રમે દૂર કરી શકે છે

મનુષ્યો અનેક મનોરથો ઘડે છે ' આદર્યાં અધૂરા રહે ' એ કથનીમાં ઉંડું રહસ્ય સમાયેલું છે જીવન મૃત્યુની સાથે જ સંકલિત છે જન્મ પછીનો દરેક શ્વાસોશ્વાસ મૃત્યુને આમંત્રણ આપી રહ્યો છે–એ રહસ્ય સમજવું ઘણું મુશ્કેલ છે સાધ્યબિંદુ (Stand-Point) ભુલી જનાર મનુષ્યોજ અનેક મનોરથો ઘડવા પછી, વિચાર શક્તિ દ્વારા આત્મબળનો ક્ષય કરે છે પરંતુ તે અજ્ઞાનતાનું જ પરિણામ છે જ્યારે જ્યારે આકસ્મિક મરણ ઘટનાઓ તે નજર સંમુખ જુએ છે ત્યારે ત્યારે તે જાગૃત થાય છે અને વિચારે છે કે આપણે પણ આવી જ રીતે અપૂર્ણ મનોરથો મૂકીને ચાલ્યા જવું પડશે, પરંતુ થોડી જ ક્ષણો પછી મોહવાસનાનું પ્રાબલ્ય થતાં, આત્મા ઉપર આક્રમણ થાય છે ત્યારે સર્વ ભૂલી જવાય છે

° ° °

આકસ્મિક મૃત્યુની ઘટનાના દૃષ્ટાંત દ્વારા મનુષ્યોએ બોધપાઠ લેવાનો હોય છે કે હે આત્મન્—

जकल्हे वायव्य त अज्ज चिय करेह तुरमाणा—અર્થાત્ જે કાર્ય આવતી કાલે કરવાનું હોય તે તું આજે જ કરી લે અને એ વિચારોને ક્ષણે ક્ષણે જાગૃત રાખ! જયવીયરાયમાં દરરોજ પ્રાર્થના કરાતાં "સમાધિમરણું" ની ઇચ્છા પ્રમગપણે રાખ, નિત્યાનિત્ય વિચારોની ધારા વહાવવી ચાલુ રાખ, જીવાત્માના સ્થૂલ શરીરને ભૂલી જઈ અંતરાત્મા તરફ દૃષ્ટિ રાખી આયુષ્યની ક્ષણિકતાનું દૃષ્ટિબિંદુ (Point of view) અહોનિશ સન્મુખ રાખ-જીવનને સત્કાર્યોથી ભરી દે! વાસનાઓ ઉપર જય મેળવવાની સતત ઇચ્છા રાખ! મૃત્યુ કે જે અન્ય જીવન માટેનું રૂપાંતર છે તે માટે આનંદ પૂર્વક તૈયારી રાખ! અને કવિવર કલાપીની નીચેની વૈરાગ્ય સભર કડી ન ભૂલાય તે માટે આત્મ જાગૃતિ પૂર્વક મનન કરતો રહે—

તે માર્ગના પથિક તોય બધાં દીસે છે
છે મૃત્યુ-જન્મ જીવનું સહુ ભાસ માત્ર
તો મૃત્યુથી રુદન જ મથી હારવું શાને?
વૈરાગ્યમગ્ન રહી આયુ ન ગાળ શાને?

• • •

આ૦ ન૦ વિ૦ સં૦ ૧૯૮૩

परिचारी गाउ र, मन परिच रजावै

ॐ [૫૦ બીજુ]

(હરિગીત)

વેરપેશ બાંધી પાઘડી સર્વે જનો શું જાણશે?
વૈરાગ્ય નહિ એ છકડીનો પાઘડી[1] એમ જાણશે!
પરીઆગ શા માટે ભજશે બાહ્યાંતરનરે[2] બનો,
હે બુધ! ધર્મિવાળા! હવે તું બોધ કર ધરિંગ રહો.[3]

૧

કગ-આનંદ[4] જાણુંતો વગેધોરથી[5] તું બતાવતો
એ આત્મ[6]–કરતુત્વ નિ વૃદ્ધિ આક નાપન પીજાણુતો
હૃદિ કરજે આનંદદિશ ક વજેમર અભિનવો[6]
હે ભાઈ! ધરિવાળા! હવે તું બોધ કર ધરિંગ રહો.

૨

ત્યાગુનર રસપૂર્ણ જે છે અન્તે અરમાક નહિ
ત્યાગિગ જાણુના વિ ચા મનુષ્યો અન્ય નહિ
નરદર્શન અવિચલ કરાના યૌવને જે પામવો,
સુધ! ધરિવાળા! હવે તું બોધ કર ધરિંગ વો

[श्री आनदघनजीना आठ पदोनो अनुवाद-हरिगीतमा]

क्या सोवे उठ जाग बाउरे

[પદ પહેલુ]

(હરિગીત)

જલબિંદુઓ ઝરતા યથા કરપુટ[1] થકી તું જાણજે,
આયુષ્ય તેમ ક્ષણે ક્ષણે ઓછુ થતું અવલોકજે,
કાળના વિજ્ઞાપકો[2] એમ સૂચવે ઘડિકા[3] રવે,
તું જાગ સાવધ થઈ હવે હે મુગ્ધ ! શા માટે સૂવે ? ૧

શું ગયરાણા ચક્રવર્તી મૃત્યુના હિસાબમાં
ચાલતા નાગેંદ્ર ચંદ્ર મુનીંદ્ર કાળ પ્રવાહમાં
ભમતાં ભવોદધિ, બેસી લે પ્રભુ ભક્તિ નાવ વિષે હવે,
તું જાગ સાવધ થઈ હવે હે મુગ્ધ ! શા માટે સૂવે ? ૨

ઢીલ શાની ? ભાઈ ભવનો પાર જલદી પામવા,
ચૈતન્ય મૂર્તિ-દેવમાં અધ્યાત્મ રંગ જમાવવા
ધ્યાન ધર આનંદઘન નિર્મલ નિરંજન જે[4] કહે
તું જાગ સાવધ થઈ હવે હે મુગ્ધ ! શા માટે સૂવે ?

આ પ્ર વિ સ ૧૯૭૦

૧ હથેલી ૨ જણાવનાઓ ૩ ઝાલરના અવાજથી ૪ કાવ્યમાં કહે છે

रे घरियारी बाउ रे, मत घरिय बजावे

[પ૦ બીજુ]

(હરિગીત)

શિરપેચ બાંધી પાઘડી સર્વે જનો શું દાખવે ?
વિશ્વાસ નહિ એ જીન્દગીનો પાઘડી[1] એમ સૂચવે !
ઘડીઆળ આ માટે બજાવે જાણીને નશ્વર[2] ભવો
હે મુગ્ધ ! ઘડિયાળી ! હવે તું બંધ કર ઘટિકા રવો[3]

૧

કળ-માનજ[4] જાણતો વગાડી નથી[5] તું બત વતો
એ આત્મ[6]–ષડ્ગુણ હાનિ વૃદ્ધિ અકળતા[7] ન પીછાણતો
ઉદ્દિષ્ટ કરજે આત્મઘટિકા ભાવ જેમાં અભિનવો[8]
હે બાલ ! ઘડિયાળી ! હવે તું બંધ કર ઘટિકા રવો

૨

આત્માનુભવ રસપૂર્ણ જે છે અન્યને અવકાશ નહિ,
આત્મઘટિકા જાણતા વિરલા મનુષ્યો અન્ય નહિ
આનંદઘન અવિચલ કળાના યોગને જો પામવો,
ઓ સુજ્ઞ ! ઘડિયાળી ! હવે તું બંધ કર ઘટિકા રવો

૩

આ પ્ર વિ સ ૧૯૭૦

(૧) ના ઘડી (૨) ક્ષણ વિનાશી (૩) અવાજો (૪) પ્રમાણ (૫) અવાજ (૬) આત્મામાં ષડ્ગુણ હાનિવૃદ્ધિ થયાં કરે છે તેની, (૭) અલૌકિકતા, (૮) નવીન

સુહાગણ જાગી અનુભવ પ્રીત.

[પદ ચોથું]

(હરિગીત)

આદિરહિત એ કાળની અજ્ઞાન પૂર્ણ દશા મળી,
એ કુંભકર્ણ ઘોર નિદ્રામાં અહોનિશ હું રહ્યો
જોતાં સ્વરૂપ સ્વભાવમાં ત્યાં દૂર થઈ તે વિકૃતિ[1],
સૌભાગ્યવતિ હે ! ચેતને ! થઈ પ્રેમ અનુભવ જાગૃતિ ૧

હૃદમંદિરે[2] પ્રકટાવિયો વિવેક દીપક આજ છે,
જાગે સદા નિર્મળ પ્રકાશી સહજ જ્યોતિ-સ્વરૂપ છે
દિવ્યચક્ષુ દેખતાં એ સ્વપર ભાવ તણી કૃતિ,
સૌભાગ્યવતિ હે ! ચેતને ! થઈ પ્રેમ અનુભવ જાગૃતિ ૨

અન્યને હું કેમ દેખાડું વળી એ મૂર્ખને,
સમજાવું શી રીતે અનુભવ ગમ્ય એ પરમાર્થને
પ્રેમનાણું અચૂક જાણું લાગતાં સ્થિર છે સ્થિતિ,
સૌભાગ્યવતિ હે ! ચેતને ! થઈ પ્રેમ અનુભવ જાગૃતિ. ૩

આ પ્ર વિ. સ ૧૯૬૯

(૧) વિકાર-પરપરિણતિ (૨) હૃદયરૂપ મંદિરમાં

बघू नट नागरकी बाजी जाणे न बामण काजी.

[પ. પાથમુ]

(હરિગીત)

દેહરૂપી નગરમાં એ જીવ નટનો વાસ છે,
પર્યાયથી ઉત્પાદ ને વ્યય સમયમાંહિ નાશ છે
સત્તારૂપે નિશ્ચય ધ્રુવે અદ્ભુત રૂપ વિચારતાં,
અવધૂત ! બાજી ન પૌરે નટની કાજી-બ્રાહ્મણ જાણતા 1

દ્રવ્યરૂપે એક બનતો બહુ સ્વરૂપી પણ થતો,
કુંડલાદિ સુવર્ણ રૂપ યથાર્થ રૂપે થઈ જતો,
માટી-ઘટ-રવિ કર-તરંગો ક્ષણ રૂપાંતર પામતા,
અવધૂત ! બાજી ન પૌરે નગ્ની કાજી-બ્રાહ્મણ જાણતા 2

સદ્ભાવ અસ્તિ-ભાવ પરની નાસ્તિ-વચનાતીત છે
સપ્તભંગી નય પ્રમાણોથી કથંચિત્ વ્યક્ત છે
નિષ્પક્ષપાતી વિરલ જાણે અન્ય નહિ એ લક્ષના
અવધૂત ! બાજી ન પૌરે નટની કાજી બ્રાહ્મણ જાણતા 3

સ્યાદ્વાદ ભાવે સર્વ એ ભિન્ન નયથી માનતા
આત્મસત્તા ન્યારી જાણી ભેદજ્ઞાને વર્તતા
આનંદઘન પરમાર્થ-વચનામૃતને એ ચાખતા,
અવધૂત ! બાજી ન પૌરે નગ્ની કાજી બ્રાહ્મણ જાણતા 4

આ પ્ર વિ સ ૧૯૭૫

૧ સંસાર નગરના નટ રૂપ આત્માની બાજી કાંઈ ઓર છે ! જેમાં દ્રવ્ય ગણ પર્યાય સપ્તભંગી અસ્તિ-નાસ્તિ-વિરોધી વ્યક્તાવ્યક્ત છે

अवधू क्या सोवे तन मठमे ?

[પદ સાતમું]

(અનુષ્ટુપ્)

આશા જંજીરમાં[1] પ્રાણી, તણી છે, અતિ ભીનટી.
બાંધ્યો તો ફરતો વિશ્વે, છુટો જો સ્થિર છે સ્થિતિ

(હરિગીત)

આ દેહમઠમાં પૃથિવ્યાદિ પંચભૂતનો વાસ છે,
પલ પલ વિષે જે ધૂર્ત છળતો, ખવીસ શ્વાસોશ્વાસ છે;
એવુ વિચારી કેમ ભોળા ! રતિ[2] નહિ સમજણ વિષે,
અવધૂત ! તનમઠ કેમ સૂતો ! જાગી જો આત્મા વિષે

૧

દેહમઠ વિશ્વાસ નહિ કર માન ક્ષણમાં નાશ છે,
સંભાળ આત્મિકભાવ જ્યાં અતિ રાગદ્વેષ વિનાશ છે,
સમભાવ ઉકે આ મધ્ય[3] જો પૂર્ણ એ લક્ષણ વિષે,
અવધૂત ! તનમઠ કેમ સૂતો ! જાગી જો આત્મા વિષે

૨

ૐ પંચ પરમેષ્ટિ વસે તવ મસ્તકે વળી હૃદયમાં,
છે સૂક્ષ્મ દ્વારજ એકતાને આત્મના અભ્યાસમાં.
વિરલા વિશોધે આત્મ સ્થિરતા [4]ધ્રુવ-તારી ગુણ વિષે,
અવધૂત ! તનમઠ કેમ સૂતો ! જાગી, જો આત્મા વિષે

સંયમ કરી તૃષ્ણા તજો તું [illegible]
વાણી અગોચર સહજ ધ્વનિથી [illegible]
આનંદઘન અનુભવ રંગ [illegible]
અવધૂત ! તનમેં કેમ [illegible]

૪

[illegible]

(૧) બેડી, (૨) પ્રીતિ (૩) આનંદ [illegible]
રૂપ ધ્રુવ તારક

— —

अनुभव नायक [illegible]

[૫. [illegible]]

([illegible])

રીતિ ભગતની કેવી, [illegible]
નાથિમ [illegible] કેવી [illegible]

([illegible]

અનુભવ સ્વનાથી [illegible]
૫ ભાવમાં [illegible]
આનંદના [illegible]
૬ [illegible]

મુજ વચન એ લહીવ ના તું ! સત્ય શીખવે જાણતી,
કહેતાં નિરંતર સ્વામીને હું બહુ બકરી[2] લાનતી
'અગુલી એ સર્પ લાગે' ન્યાય એવો માનીને,
હે મિત્ર ! અનુભવ ! કેમ નહિ તું બોધતો મમ સ્વામીને ! ૨

રાગથકી એ અન્ય સંગે સ્વામી ચેતન રાચવો,
પરભાવરમણ—સ્વભાવમાં પ્રત્યક્ષરૂપ જણાવતો
આનંદઘન થઈ સિદ્ધરૂપે, સંગ સુમતિ પામીને,
હે મિત્ર ! અનુભવ ! કેમ નહિ તું બોધતો મમ સ્વામીને ! ૩

આ પ્ર વિ સ ૧૯૭૪

(૧) બકરીને ગળે રહેતું સ્તન, (૨) અશુભમતી

आशा औरनकी कया कीजे–ज्ञान सुधारस पीजे.

[પદ અઠાવીશમું]

(હરિગીત)

આશા ધરી એ શ્વાન દ્વારે દ્વાર ભટકે લોકના,
આશી[1] મનુષ્યો તેવી રીતે માત્ર હોય જ શોકના,
આત્માનુભવના રસિક થઈ નિશ્ચળ ખુમારી[2] કીજીએ
અવધૂત ! આશા અન્ય શાની ! જ્ઞાન અમૃત પીજીએ
૧

આશા રૂપી દાસી તણા પુત્રો બને તે વિશ્વના,
છે દાસ-કિંતુ પાત્ર તો આત્માનુભવના પાનના
આશા તણા નાયક બને જે એવી રીતે કીજીએ,
અવધૂત ! આશા અન્ય શાની ! જ્ઞાન અમૃત પીજીએ ૨

૨

મન પાત્ર પ્યાલામાં મસાલો પ્રેમ નિર્મલ નાખતાં
ઉગ્ર ધ્યાનાગ્નિ કરી તન ભઠ્ઠીમાં કસ કાઢતા,
આત્માનુભવની રક્તતા પ્રગટે સહજ એમ કીજીએ
અવધૂત ! આશા અન્ય શાની ! જ્ઞાન અમૃત પીજીએ.

૩

દિવ્યસત્વ* સુભોગ્ય રસનું પાન કરતાં શાંતિમાં,
અધ્યાત્મજ્ઞાનોચિત ચિન્હે ખેલતા સુખકાંતિમાં,
આનંદઘન ! એ પાન લ્હેરે વિશ્વ કૌતુક દેખીએ,
અવધૂત ! આશા અન્ય શાની ! જ્ઞાન અમૃત પીજીએ

આ પ્ર. વિ સ ૧૯૭૦

(૧) આશામાં મોહ પામેલા (૨) એગ્માનતા (૩) ધ્યાન રૂપી અગ્નિ (૪) મહાત્માઓ જે રસને અનુભવે છે તેનું

साधोभाइ-समता रंग रमीजे

[પદ ત્રીસમું]

(હરિગીત)

મમતા વિષે તું જાણજે લક્ષ્મી તણો નહિ વાસ છે
પરભાવ મમતા રાખતાં આત્મા ! [illegible]
લક્ષાધિપતિઓ રાખ થાતાં [illegible]
હે ભાઈ ! સમતા સંગ રમીએ [illegible]

રક્ષવા ભૂખ્યો ધૂળે ધન દાટતા ધરણી[1] તળે,
નિજ વદન ધૂળે નાખતાં પરભાવ વાસનના બળે,
જો ! સર્પ ઉદર ત્યાં થતા લક્ષ્મી અલક્ષ્મી તે ઠરી,
હે ભાઈ ! સમતા સંગ રમીએ સંગ મમતા પરિહરી ૨

સદ્ભાવ જ્ઞાન સમુદ્રની સમતા રૂપી દુહિતા[2] તણો,
છે ભાઈ અનુભવ-ચંદ્ર લાવે રત્ન એ અમૃત ગણો
શુભ શ્રેણી ક્ષપક પમાડતી એ મોહવિષને સંહરી,
હે ભાઈ ! સમતા સંગ રમીએ સંગ મમતા પરિહરી ૩

નેત્રો હજારો ચરણ[3] છે વળી ચાર મુખ એ મોહથી,
ભયભ્રાંત સમતા લક્ષ્મી, સ્વામીને તપાસે શોધથી
આનંદઘન પુરુષોત્તમે કંઠે લગાડી હિત ધરી,
હે ભાઈ ! સમતા સંગ રમીએ સંગમમતા પરિહરી ૪

આ પ્ર. વિ સં ૧૯૬૯

(૧) જમીનમાં (૨) પુત્રી (૩) પગો

उत्तम मार्गे सचरवा मभु मार्थना

(શિખરિણી)

તમારા સંપર્કે[1] મન વિષમ આઘાત હરવા,
લહી અંતર્દૃષ્ટિ ગુણગણ વિષે સ્થિર કરવા
સદા આત્મા મેરી, પરમહિત પંથે વિચરવા,
પ્રભો ! અર્પો એવું બળ દુઃખદ સંસાર તરવા

૧ મેળાપથી

गुरुवरनी साधनामां प्रवृत्तिमय उद्गार

(गीति)

સમય બળ એ ચીંધી! પ્રભુના સાધી સમર્થ ગુરુ તત્ત્વે,
દિનમણી–પ્રકૃતિ–કરણે તું વિશ્વ[1] શુભ સત્ત્વે[2]

૧ સર્વ ૨ પ્રાણીઓ તરફ

गुरु वचनामृतनी शोध

(गीति)

સદ્ગુરુ વચનામૃત એ ક્યાંથી મળશે? વિચાર ઉદ્ભવતા
જાણ્યું! ગુરુપ૰ સેવા–સ્થાનેથી નિઝરો સદા દ્રવતા

आत्माना गुणोने विस्तीर्ण करवा अभ्यर्थना

(શિખરિણી)

પ્રભુના સંસારી પ્રતિ હૃદય માધુર્ય ભરીશું
મનોવાક્કાયાથી પરહિત તણી તૃપ્તિ લહીશું
વળી જેની દૃષ્ટિ વિધ વિધ નયોમાં નિરખીશું,
થઈ[1] અંતે આત્મા સહ શુભ ગુણો સ્વામિ બનીશું

આ. પ્ર વિ. સ ૧૯૭૦

૧ તન્મય કરી

अंतरात्मानी परमात्मा प्रति संकटो दूर करवा अभ्यर्थना

(શિખરિણી)

પ્રભો અંતર્યામી ! અમ ઉર સદા વાસ વસજો,
નિવારી કર્મોને જીવન સઘળું શાંત કરજો
વળી ભ્રાંતિ વારી સમકિત વિષે દૃષ્ટિ ધરજો,
જગાડી સદ્જ્ઞાને વિરતિ-શુભ સામર્થ્ય સજજો -૧

નમું ભક્તિ-રંગે જગજીવન ! તેજસ્વી તમને,
અને એ તેજોના વિવિધ જીવમાં રેડી બળને
મહા અંધારેથી પરમપદ સન્માર્ગ-કળ[1]ને,
અમોને એ આપો જીવન ઘડીના ધન્ય પળને -૨

મહાસિંધુમાં જે વિવિધ નદીનાં વહેણ વહતાં,
થઈ જાય એકત્ર જીવન સર[2]માં સંગ મળતાં,
મનુષ્યોની વૃત્તિ વિધવિધ સ્વભાવો નિરખતી,
પ્રભો ! વાળો વૃત્તિ જગ-જીવ-સુધા[3]ને પર[4]ખતી -૩

ફરી શાંતિ સર્વે સકળ જડ ચૈતન્યમયમાં,
જગાડો આત્માના વિધવિધ નયો દૃષ્ટિ[5] પથમાં,
અને એ દૃષ્ટિથી જીવન-કલહો દૂર કરજો,
બહિરાત્મી[6] ભાવો જગત-જીવના દૂર કરજો -૪

આ. પ્ર. વિ. સ. ૧૯૭૬

૧ ચાવીને ૨ સરોવરમાં ૩ જગતના અન્ય જીવોમાં રહેલા ગુણામૃતને ૪ વિવેકપૂર્વક જાણનારી ૫ અનુભવમાં ૬ મિથ્યા દૃષ્ટિ જન્ય

परमात्माने शरणे

ઉદ્ધરજો મુજ-દાસ, નિરંજન ! હવે-ઉદ્ધરજો મુજ-દાસ
મેરી જીવન સુવાસ, વિભો ! હવે-ઉદ્ધરજો તુજ-દાસ.

ગૂઢ તિમિરથી છાયું હૃદય આ,
શોધે તમારી આસ, વિભો ! હવે—
અણુમૂલ રત્નત્રય-કાંતિથી,
પ્રગટાવો સુઉજાસ વિભો ! હવે—
બહિરાતમ[1] ભાવે હું યાચું
અંતરાત્મ સ્થિર વાસ – વિભો ! હવે—
ઉદ્ધરજો મુજ-દાસ નિરંજન ! હવે ઉદ્ધરજો મુજ – દાસ
મેરી જીવન સુવાસ, વિભો ! હવે-ઉદ્ધરજો મુજ દાસ,

આ પ્ર વિ સ ૧૯૭૧

૧ બહિરાત્મભાવમાં રહેલો હું આપની પાસે અંતરાત્મપણામાં મારો સ્થિરવાસ થાઓ-તેમ યાચું છું

आत्मानी त्रण अवस्थाओ

(હરિગીત)

સર્વસ્વ 'હું' 'મારું' બધું એ દેહ બુદ્ધિ જાણતા
હું ખસુખેના સદ્ભાવ સંગે ખેદ હર્ષ પીછાણતા
સ્ત્રી પુત્ર મિત્ર તણા પ્રવાહે આત્મભાવો તાણીઆ,
બહિરાત્મભાવી જાણજો એ દીર્ઘભવના પ્રાણીઆ

૧

હું કોણ? મારું કોણ? એવા પ્રશ્નથી જાગૃત થતા,
સ્વાત્મદર્શન થાય ત્યારે ભિન્ન દશ્યો[2] ભાસતા
સંસારના ત્રણ તાપને પૂરા તપાસી જાણીઆ,
તે મુક્તિયોગી[3] અંતરાત્મા-સ્વત્પભવના પ્રાણીઆ

૨

આત્મિકગુણો વધતાં જતાં શિખરે સ્થિતિ સંપ્રાપ્ત છે,
સમભાવથી આ જગતને જોતાં કદી નહિ થાક છે,
ઉધ્ધાર કરતા વિશ્વનો વાણી વદન સુખરૂપ છે,
પરમાત્મ-અનુભવી પ્રાણીઓ એ, દિવ્ય[4] ચક્ષુ ગમ્ય છે

આ પ્ર વિ સ ૧૯૭૪

(૧) ઘણાં જન્મોવાળાં (૨) જ્ઞાનથી ઉત્પન્ન થતી નવીન દૃષ્ટિઓ (૩) મોક્ષ સન્મુખ થયેલા (૪) કેવલજ્ઞાન

શાંતિમય જીવનની ઘટના

(ગઝલ)

જીવન મંત્રો તણા નાદો સુણી ચૈતન્ય હીંસે છે,
ભુલી જીવન તણા કલહો, હૃદય એ શાંતિ ઝીલે છે —૧
અહા! એ ખેદ જીવનના, કદી દૂરે શું થાવાના!
નિરાશા શું ધરી રાખી, જીવન સઘળું ગુમાવાના? —૨

નિરાશામાં રહી આશા છુપાઈ વિશ્વની [2]જડમાં
હૃદય એ આશથી ધબકે, વિભૂતિના [3]વિભગ પડમાં. —૩

જીવનમાં શાંતિ જો ધરશો અશાંતિ, શું ટકી જાશે?
અશાંતિ શાંતિમાં પલટાઈ, હૃદય શું વૈભવ થાશે? —૪

હજારો વિઘ્નની વચ્ચે પ્રહારો સર્વ એ પડતા
જીવન સ લીન ઝકગવી પ્રભુતામાં સદા નડતા. —૫

વિકટ વિઘ્નો અને કષ્ટો બનાવે શુદ્ધ જીવનને
ઘડી એ આત્મનાં તત્ત્વો, જમાવે સ્નેહ ઉપવનને —૬

પરમ સૌંદર્ય પ્રકટાવી, જીવન સહ્વાસના ગેરી
અમૂલી આત્મ શાંતિના [5]ઝરો જ્યોતિ ચિર વેરી —૭

જીવનની ભવ્યતા પામી સદા આત્મા વિરે તાની
કરો સત્કૃત્ય જીવનમાં, પરમ પદ મોક્ષમાં [6]નામી, —૮

આ પ્ર વિ સ ૧૯૭૬

[1]આનંદ પામે છે [2]મૂળમાં [3]નિર્મળ [4]મજબૂત કરી [5]ઝરણો [6]જનારા.

मनुष्य जीवननु अमृत

(જો કોઈ પ્રેમ અંશ અન્તરે—એ ગીતની ધૂન)

સખે! જ્યાં આત્મજ્યોતિ ઝગઝગે
બને સુખમય જીવન તે પળે!

બહિરાતમ ભાવોથી પરવશ, બની મૃગતૃષ્ણા[1] ધરે,
અંતર્દૃષ્ટિ આરિસામાં, જોતાં દશ્ય જ—ખરે—સખે! જ્યાં—

સંકલ્પોને નિશ્ચય બળથી, નિર્ભય થઈને સાધે
સત્સંગે શાસ્ત્રીય શિખામણ, શુદ્ધ મને આરાધે—સખે ! જ્યાં—

ગુણદૃષ્ટિ લહી સર્વ જનોની મુક્તિના પગભરે,[2]
દાન શીલ, તપ,ભાવ પ્રભાવે, હિત આરામ જ ધરે—સખે ! જ્યાં—

પ્રતપ્ત ક્રોધાદિક પરિણામો, થકી અશાંતિ ન ધરે
પ્રબળ શક્તિથી સમ-સ્વરૂપે, ઉલગાવીને[3] કરે—સખે ! જ્યાં—

સત્કાર્યોથી જીવન-શુદ્ધિ સેવા ભાવે ભરે
મૃત્યુને મહેમાન[1] માનીને આમંત્રણ એ કરે —સખે ! જ્યાં—

આ પ્ર વિ સ ૧૯૭૨

૧ મૃગજળ-ખોટી તૃષ્ણા ૨ પગલાં ૩ ક્રોધાદિ વિભાવ પરિણતિને ઉલગાવતાં સમત્વ પ્રકટે છે

श्रीमद् विजयानन्दसूरिजीने-एमनी जयन्ती प्रसंगे चिरस्मरणीय आवाहन

(રાગવિભાસ - ઝૂલણા છંદની ચાલ)

વિજયઆનંદસૂરિ તણા ગૌરવે[1], ભવ્યભારત ભૂમિ શ્રી વિરાજે
જેમના સદ્ગુણો જગતમાં વિસ્તારી,

જીવન નવ અર્પતા-જડ સમાજે ૧

જીવન જેનું સદા પ્રબળ પુરુષાર્થમય યોજતા અજ્ઞતા દૂર કરવા
વહેંચતા જગતને તત્ત્વરસ વાનીઓ[3] શુદ્ધસૌ[4] હૃદથી પાપ હરવા

ન્યાયની કોટિથી તત્ત્વનિર્ણય કરી અર્પતાયાન[5] ભવ અબ્ધિતરણે[6]
તત્ત્વઆદર્શથી તિમિરઅજ્ઞાનનું જે હરે સૂર્યસમ જ્ઞાનકિરણે ૩

જૈનની જ્યોતિ પશ્ચિમમાં પ્રકટાવા તત્ત્વસ્ફુલિંગ[7] વીચંદ્ર પ્રેર્યા
ક્ષત્રિય-વીર્યના વેગથી સંચરો, સજ્જનોના સન્ત સંઘ વેર્યા ૪

સત્ય સમજાવતા જગતને જૈનના શાસ્ત્રબળથી કરી વિજયવૃદ્ધિ
મૂર્ત જે મોહનું સ્વ પર સદ્જ્ઞાનથી અપહરી અનુભવે આત્મશુદ્ધિ ૫

ઉચિત આચાર્યને ધીરતા રાખીને, તૃતીય પરમેષ્ઠિ પદને દીપાવ્યું
જ્ઞાનક્રિયા-વિરતિના નિયમ અવિચળપણે,
સાધતાં સ્વ-પર દુઃખ ઉપશમાવ્યું ૬

પૂર્વપશ્ચિમના સંક્રમણ કાળમાં જન તણી વૃત્તિને ઉચિત[8] આપ્યું
અન્તઃકરણાનુયોગે સદારત[9] થઈ, વ્યથિત[10] હૃદયોતણું દુઃખ માપ્યું ૭

વિંશતિઅધિક આ વરમાં નમનથી, ભક્તિની અંજલિને સ્વીકારો
સિદ્ધગિરિશૃંગમાં હર્ષના રંગમાં, જય કરો પ્રતિદિન સુપન્યાસો ૮

આ. ન. વિ. સં. ૧૯૭૧

૧ માહાત્મ્યથી ૨ જડ જેવા થઈ ગયેલા ૩ ભાતભાતના ઉપદેશોરૂપ પકવાનો, ૪ બહુમાનથી ૫ નૌકા ૬ સમુદ્ર, ૭ મુખ્ય સિદ્ધાંતો ૮ અન્તઃકરણની પરીક્ષા કરીને ૯ સાવધાન ૧૦ સંશયથી પીડાતા

શ્રી શાન્તિનાથ પ્રભુને શાન્તિ પ્રેરવા અભ્યર્થના

(મોતીદામ ૭૬)

સુધાશીતલા અમીવૃષ્ટિ થકી, જગજીવન આત્મિક તાપહરો
દુઃખ આધિ ઉપાધિ પ્રશાંત કરી, પ્રભુ શાન્તિ સદા સુખશાન્તિ ભરો (૧)

પરમાર્થ તણા શુભપથ વિષે, પ્રગતિ–બળ સંચય સદ્ય કરો
અમ ઉન્નત ભાવ સદા ટકવા, પ્રભુ શાંતિ સદા સુખ શાંતિ ભરો (૨)

ગુણ દૃષ્ટિ વિષે સ્થિરતા કરવા, જડતા અમ બુદ્ધિ તણી જ હરો
તમ–આંતર દૃષ્ટિથી ઓળખવા, પ્રભુ શાંતિ સદા સુખશાંતિ ભરો (૩)

અજ્ઞાન તિમિર વિનાશ કરી, જગદુત્તમ! પાપ વિપાક જરો [1]
સદ્જ્ઞાન પ્રભા સહજે ધરવા, પ્રભુ શાંતિ સદા સુખશાંતિ ભરો (૪)

અતૃપ્ત તૃષામય આત્મ પ્રતિ પ્રવહો રસ શાંત તણો જ ઝરો
શુચિ આંતર શાશ્વત તૃપ્ત થવા, પ્રભુ શાંતિ સદા સુખશાંતિ ભરો (૫)

અનુ[2]પ્રોત થવા અમ આત્મ વિષે ક્રિયા તમ વાણી તણા જ સરો
કરવા નવપલ્લવ જીવનને પ્રભુ શાંતિ સદા સુખશાંતિ ભરો (૬)

નય ભંગ પ્રમાણ થકી તમને સ્મરીએ પ્રભુ તો અમ ના વિસરો
બલ અર્પી સદા કદી ના ભુલવા, પ્રભુ શાંતિ સદા સુખશાંતિ ભરો (૭)

ગત વર્ષ તણા અમ જીવનમાં નવ વર્ષ વિશેષ પ્રમાદ ધરો
ઈશ આત્મિક આનંદ અબ્ધિ[3] થકી જય શાંતિ સદા સુખશાંતિ ભરો (૮)

આ પ્ર વિ સ ૧૯૭૨

૧ જીર્ણ કરો ૨ એકરૂપ થવા ૩ સમુદ્ર

जीवन ज्योति प्रकटाववा विभुने प्रार्थना

[સ્નેહભર્યું હૈયું અમીરસથી ઊછળે—એ રાહમાં]

પ્રકટાવો પ્રભુ અમમાં જીવન જ્યોતિને
જેના જીવન અંધારે અટવાયજો
વિશુદ્ધ જ્ઞાન તણી જ્યોતિ વિભુ હે પ્રભો!
તલસે આપતણો વિશુદ્ધ પ્રકાશ જો—પ્ર ૧

ક્ષણક્ષણમાં અમ હત્યો દીન બની જતાં,
આપતજો ઉદ્યોત અમોને સહાય જો
દ્રષ્ટા સંયમ ધીરજ શુભ ગુણ પ્રેરતા,
અંતરાત્મ તણો શુભ યોગ પમાય જો. પ્ર. ૨

સુખદુઃખનાં નિમિત્ત વિષે સમચિત્તતા,
પ્રેરો જેથી પ્રકટે શુભ મનોયોગ જો
તત્ત્વતણી દૃષ્ટિમાં શાંતિ મેળવી,
અનાદિબંધન વિસરી, સ્મરીએ આપજો પ્ર ૩

ઉચ્ચ જીવનના સંદેશાઓ આવતા
અનુસરીએ તે આદેશો તત્કાળ જો
જ્ઞાન ક્રિયાના સુંદર યોગો મેળવી
સંસતિ[1]-બંધનનાં એ મૂળ જો પ્ર ૪

સ્થળ સ્થળ વિશ્વે ક્યારે તમને ભાળશું ?
જ્ઞાનોપયોગ થકી જે છો અહીં વ્યાપ્ત જો
જ્યારે ટળશે દિલથી ભેદની ભાવના
લોહ મટી પારસમણિ થઈએ, આપ્ત જો પ્ર. ૫

ઉર[2]સાગર ઉલ્લાસો અમ પ્રકટાવજો
જેથી જીવન ઉછળે યોગ-તરંગ જો
દિવ્ય મનોહર મુદ્રા પ્રભુતા પ્રેરતી
પ્રકટાવે શુભ-યોગ જીવનનો રંગ જો પ્ર ૬

અંતર્યામી પરમાત્મન્! અહિં સંચરો,
જેથી અમ જીવન શાંતિ રેલાય જો

દિવ્ય સરોવર જ્ઞાન તણા જલ¹ ઝીલવા,
વિકલ્પ³ જેવી શાંતિમાં લય થાય જો પ્ર ૭

આ પ્ર વિ સં ૧૯૭૬

૧ સંસારના ૨ હંમરૂપ સાગર ૩ સંકલ્પ-વિકલ્પ

ॐ

आत्मानंदमा विहरता मनुष्यनी भावना केवी होय छे?

(ઉદ્ધવજી સંદેશો કહેજો શ્યામને – એ રાહ)

આત્માનંદ તણી શી ઊર્મિ ઊછળે, જ્યારે મીઠી નિદ્રા લેતું વિશ્વ જો
સુખદુઃખ જીવન મરણ તણી જે ભાવના,
તેથી જાગે અંતર જેનું સદૈવ જો આત્મા૦ ૧

વીણાના ઝંકાર સમા એ નાદ છે, સંગીત જેમાં હૃદય-સુરો લય થાય જો
એ ॐ કારતણા ધ્વનિઓ પ્રકટી રહે,
ચિત્ત વૃત્તિમાં અમી રસશું ઉભરાય જો આત્મા૦ ૨

ક્ષણ ક્ષણમાં જે સત્ત્વ જગતનું ચૂસતા, રાગદ્વેષ રૂપી બે દૈત્ય કરાલ જો
બન્ને તેનું નિ¹સત્ત્વ કરી સંગ્રામમાં,
અદ્‌ભુત યોગ વિષે વહતા શુભકાલ જો આત્મા૦ ૩

જીવનની શુભ પુણ્ય ક્ષણો પ્રકટાવતી,
નિર્મલ શાંત સરોવર-લહરી જન્ય જો
શુદ્ધચેતના સ્મરણ પથે જેને થઈ,
જન્માંતરની વિસ્મયરૂ મૂર્તિ ધન્ય જો આત્મા૦ ૪

ક્ષણ[3]જીવી ઝાકળ[4] ઉષા[5]ને ઢાંકતી
તૃષ્ણા તેમજ આવરતી જીવતેજ જો
અનુભવજ્ઞાન પ્રભા ઉદયાચલ આવતાં
અળપાતી એ દેહબુદ્ધિમાં હેજ[6] જો આત્મા ૫

ઝગમગતી સંધ્યા જેમ ક્ષણક્ષણમાં સરે
અંધારી રજનીમાં તેજ વિલાય જો
જીવન-જ્યોતિ જન્મ-મૃત્યુ પર્યાયમાં
જ્ઞાનદૃષ્ટિથી પક્ષ-અખંડ કળાય જો આત્મા ૬

જેમ પલકમાં ચંદ્ર ઉદય પામ્યા પછી,
રાત્રિની નિદ્રા-અંધારું જાય જો,
પૂર્વપરિચિત સંસ્કારો અજ્ઞાનના
દૂર દૂર સદ્[8]જ્ઞાનરશ્મિથી થાય જો આત્મા ૭

આત્માનંદ તું સર્વ છે, પૂર્ણ છે,
સકલ દીનતાનું મહા[9]અવસાન જો
પરમાત્મા શ્રી વીરતણા પગને હવે
સંચરવું સામર્થ્ય વડે જય સ્થિરસ્થાન જો. આત્મા ૮

આ પ્ર વિ સ ૧૯૭૫

૧ શક્તિ વગરનું ૨ વિસ્મય પમાડે તેવું શુદ્ધ ચેતનાદર્શન ૩ થોડા દિવસ રહેનારી ૪ ઝાકળ ૫ પ્રાતઃકાળનો સમય વિશેષ ૬ તરત ૭ મટે ૮ સમ્યગ્જ્ઞાનના કિરણોથી ૯ જગતના સર્વ દ્વંદ્વોના આત્યંતિક [illegible] ૨૫-આત્માનો સંપૂર્ણ આન૦

सद्वर्तननी उच्चता—दर्शन

(હરિગીત)

યુક્તિ પ્રયુક્તિથી વળી પાંડિત્યના ચમકારથી,
જે જગતમાંહિ સત્યશક્તિ ના મળે ઝળકારથી

વર્તન વિષે તેમ બને જો વીર[૧] જીવન જીવવું
સદ્વૃત્તિથી સજવા સુજીવન હૃદય મંદિર મ્હાલવું

૧

આત્મિક યજ્ઞની આહુતિમાં સર્વયોગો[૨] સંવરી,
જ્યાં પાપ જીવનનું થતું સત્કાર્યથી આદર કરી,
સત્કાર્યની કિંમત નહિ એ વાણીથી અંકાય છે
આચારમાં મુક્તા સદા તો જીવન ભવ્ય પકાય છે

૨

ચારિત્ર એજ ઉ[૩]દાત્ત ગુણ–શક્તિ ખરેખર એજ છે,
ચારિત્ર એજ ખરેખરી જીવન તણી ચાવી જ છે
ચારિત્ર એ જ મનુષ્યના અણ[૪]મૂલ રત્નતણી પ્ર[૫]ભા,
વાણીતણું બળ ના કરે–ચારિત્ર કરતું સર્વદા

૩

આ પ્ર૦ વિ૦ સં૦ ૧૯૭૭

૧ વીર પરમાત્મા જેવું આંતર શત્રુઓને જીતવાવાળું જીવન
૨ મન વચન કાયાના સર્વ યોગો આત્મા સાથે શુભ કાર્યોમાં એકત્ર કરી ૩ મહાન્ ૪ અમૂલ્ય ૫ કાંતિ

શ્રી શાન્તિનાથ પ્રભુને અભ્યર્થના.

(શિખરિણી)

મધુરાં એ ધ્યાનો પ્રભુ ગુણતણાં સેવ કરવા,
વળી આ આત્મામાં પરમ સુખદા ભક્તિ [1]રસવા,

મળી ચારે [2]રસ્થાનો પરમ ગુણિથી પ્રીતિ વદવા
પ્રભુ શાન્તિ અર્પો શુભ ભજ સદા કર્મ [3]જરવા

શ્રુતજ્ઞાન સ્તુતિ

(શાર્દૂલ વિક્રીડિત)

જે જ્ઞાને કરી પ્રાણીઓ અવનની ભ્રાંતિ લહે વિશ્વમાં,
અજ્ઞાની હૃદયો તણાં [4]તમ ટળી પુષ્ટિ ભરે [5]ધર્મદા
જેથી આત્મિક તેજ આ નભરતું સદ્ધના [6]નંદમાં,
[7]પરસાવો એ શ્રુતજ્ઞાન પૂર્ણ સરિતા [8]હૃદોદ મહાવેગમાં.

આ. પ્ર. વિ. સ. ૯૨૬

૧ રંગથી રંગિત કરવા ૨ નામ સ્થાપના, દ્રવ્ય અને ભાવ ૩ નિર્જરા કરવા ૪ અંધકાર ૫ આધ્યાત્મિક સુખ આપનારી ૬ સમ્યક્ત્વરૂપ આનંદમાં ૭ પ્રસરાવી દો ૮ [illegible]

(आत्मिक सामर्थ्य प्रकट करवा प्रेरणा)

(ત્રોટક)

ભજી લે પ્રભુ તું, ભજી લે પ્રભુ તું
કંઈ કાળ તણી ગતિ ઓરજ છે
કંઈ માનસ ભાર ફરે ફરતા,
પણ જીવન સાર ન કાં સમજે?

નિરખી અહિ વિશ્વ મહિ વીરના,
શુભ જીવન-રોજ તણી પ્રતિભા,
ડગને પગને પ્રભુ—જીવનને
અનુસારી થવા કયમ ઢીલ કરે?

વળી હાસ્ય વિષે લહી મિષ્ટપણું
રુદનો મહિ કાં અતિ રોષ ધરે?
ધમના અહિં જીવનની નીરખી
સમચિત્તજ થા! મન શાંતિ ધરી

બનતું કદી જીવન જો કડુ એ,
મધુરી સમતા મન મેળવ તું
ન નિરાશ બની ગ્રહી લે દીનતા,
અહિ આત્મતણું બળ ઓર જ છે!

નિરખી જગ! દુઃખ તણા ઉભરા
જડ-ચેતનને તું જગાડ જરી
ચિહ્ને પરવા પર આશ તણી
કંઈ ભાવી તણી ગતિ ઓરજ છે!

ચંદ્ર ઉદયથી રાત્રિતણી જે, યોગનિદ્રા અળપાતી,[7]
તવ મુખચંદ્રની જ્યોતિ ઝગકતાં, કુમતિ જાય લપાતી.
સુમતિ-સંગ સત્કારો નાથ. ૫

જ્ઞાન તણી ગંગા રેલાવો, સર્વ[8] પ્રદેશ સમાવો,
રાગદ્વેષ વળી કર્મ તણું બળ હરવા અમ ઉર આવો,
સંઘ ભવજલધિ તારો નાથ ૬

આત્મિક ગાન આ સહજ રુચિમાં સમ્યગ દર્શન અર્પો
કરણ[9] વિશેષે વીર્ય ઉછળતાં, અવિચલ સુખ સંતર્પો
અમીદષ્ટિ વિસ્તારો નાથ ૭

આ પ્ર વિ સં ૧૯૭૧

૧ નવું સત્ત્વ ૨ અનાહતનાદ ૩ જ્ઞાનરૂપ વરસાદ ૪ અદ્‌ભુત.
૫ સ્યાદ્‌વાદરૂપે ૬ અંતરાત્મ-દર્શનયોગ ૭ વિનાશ પામતી
૮ આત્માના સર્વ પ્રદેશોમાં ૯ અનિવૃત્તિ-કરણ

सत्शास्त्रनु अंतरात्मा प्रति प्रोत्साहन

[હરિગીત]

નિઃસ્ત[1]બ્ધ યામિ[2]ની વિષે બં[3]સી મધુર જેમ લાગતી,
મોહ[4]ન સ્વરે સત્શાસ્ત્ર વાણી આત્મ અંતર વાગતી

હે વ્યક્તિ માનવ! કોણ તું! તે તે તપાસી લે જરી,
ના દેહ! ના તું અવયવી! ચૈતન્ય મૂર્તિ છે ખરી ૧

ભીરુ-કાયર ના બને તું ના નિરાશી થા હવે
 શ્રદ્ધા કરી પરમાત્મ વચને સબળ બનજે આ ભવે
પુરુષાર્થથી મહાવીર જિનવર વંદનીય ત્રિભુવને,
 પુરુષાર્થહીન! તું આ રહ્યો જો તુ[૨]ચ્છભાવે ભવવને. ૨

ક્યારે કરીશું વૃત્તિ એવી જીવને રખડાવતી,
 ત્યાગી પ્રમાદ પ્રયત્નથી સત્સંગ સાધન લાવતી
સંસારના કુરુક્ષેત્ર[૫]માં સમભાવ—વૃત્તિ સમહી
 જીવન તણી સુંદર ક્ષણો આનંદમાં જાઓ વહી. ૩

પ્રિયતમ! સદા તું જાણજે છે નિગોદ[૬]રૂપ જ વહિતુ
 માનુષ્ય જીવન જ્યાં રહેતુ ભા[૭]વિ ઉજ્જ્વળ દહિતુ,
ક્રમશઃ વગાડ્યાં સપ્ત[૮]તાળે અર્ધવાટ રહી હવે,
 જો! જો! ઊગ્યું આજરા નિહાળી મુક્ત બનવા પરભવે ૪

છે સાધનો સમજણ પછી સદસદ્—વિવેક વિશે ગ્રહી,
 તત્ત્વો તણી છે સુલભના આ જૈન સૃષ્ટિમાં લહી
છે શાંતિનાં આ ધર્મચક્રો આપણું રક્ષણ કરે,
 જ્ઞાતવ્ય ને કર્તવ્ય ને પ્રાપ્તવ્યથી શુભ સંચરે. ૫

કા[૧૦]જે હતી તારા વિશે એ ચેતના જે કર્મની
 વળી કર્મફળની ચેતના ભોગો વિશે, ના ધર્મની
પણ હા! હવે એ ચેતના સુવિશુદ્ધ જ્ઞા[૧૧]ન તણી થઈ,
 સંસ્કારથી સમૃદ્ધ બનતાં-શક્તિ અલ્પ હવે ગઈ ૬

વાયુ ઝપાટે જેમ તરણાં ચક્રવત્ ભમતાં રહે,
 તું તેમ આશા-વાસનાથી દીનતાને સંગ્રહે

નિર્વાત-[11][12]સ્થળના દીપ પેઠે હૃદય ચચળતા તજી,
સામર્થ્ય અદ્‌ભુત પ્રેરજે તું, મુક્તિ વધૂ માટે સજી ૭

સાચી કુચી સામ્રાજ્યની તારી કને જો આ રહી,
ઉપયોગ કરતાં શીખ ! કાં એ ભૂલ ના જાઓ વહી
આત્મિક સ્વભાવ-વિભાવ પરિણુતિ-એ તણી જ પસદગી,
કર યત્નથી જલ્દી હવે અવશેષ છે આ જીંદગી ૮

આ પ્ર વિ સ-૧૯૭૫

૧ શાંત, ૨ રાગી, ૩ વાંસળી ૪ સુંદર સ્વરથી ૫ જીવન કલહમાં ૬ મુકુરૂપ ૭ ઉચ્ચતર ગુણસ્થાનકની ભવિષ્યમાં પ્રાપ્તિ ૮ સાત રાજ લોક, ૯ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ ૧૦ એક વખતે ૧૧ વિશુદ્ધ જ્ઞાનચેતના ૧૨ પવન વગરના સ્થળમાં રહેલા દીવાની પેઠે

शाश्वत जीवन मस्टावश अतरात्माने निर्देश

(હરિગીત)

કટોતણું નિર્માણથી અભિભૂત થઈ ગભરાય શું ?
શ્રદ્ધા વડે સસાર ચીના કાપતાં કરમાય શું ?
આવી મળે જે જે પ્રસંગો અશુભ કે શુભને વિશે,
કરી તુલ્યવૃત્તિ શાંતિથી કર ચિત્ત સયમ દઢ દિશે ૧

ના તુચ્છ ! નથી દીન તું ! સામર્થ્ય તારું જો રહ્યું,
સતપ્ત કાં કર ચિત્ત ત્હારુ ! આયુ નિષ્ફળ જો વહ્યું

નિક્ષેપ જનના મોહ જલ—સંપર્કથી [illegible]
શુભ સાધના સાક્ષી બની દુર્લભ [illegible]

એકત્ર કરતા તે જ્યારે જે [illegible]
ઇંદ્રિય તણા વાત્સલ્યથી જે [illegible]
સંયમ કરી તું યોજ તે સન્માર્ગે [illegible]
રોકાય તારા ચરણમાં અધ્યાત્મની સિદ્ધિ [illegible]

વિપરીત મતિમાં ના વહે તું આત્મ [illegible]
વિશ્વાસથી અભિમાન ટાળી આત્મ [illegible]
શાસ્ત્રો અને અનુભવ વડે તે સિદ્ધ-[illegible]
બની યોગી! તું ભગવાન! થા! તું [illegible]

જે જે મનુષ્યો સંયમી છે વચન [illegible]
સંપ્રાપ્ત તો છે તેમને [illegible]
છે પરમપની સિદ્ધિનું જે [illegible]
અધ્યાત્મલક્ષ્મી યુક્ત છે ઐશ્વર્ય [illegible]

જીવો અનંતા જે ક્રમે સિદ્ધિ [illegible]
સાદર કરી અવસાન [illegible]
છે મૂલરૂપ સ્વભાવમાં તે [illegible]
શ્રદ્ધા લહી પરિણામ માટે [illegible]

જાગૃત કરી એ સુપ્ત શક્તિ અનવધિ[3] સામર્થ્યથી,
ઉત્સગમાં[4] અધ્યાત્મ-લક્ષ્મી પ્રાપ્ત કરવા વીર્યથી
ચિરકાળનાં જે બંધનો પ્રિયતમ હવે તું તોડજે,
ઇત્તેહુવી પરમાત્મ—પદની પ્રાપ્તિમાં મન જોડજે ૮

આ પ્ર વિ સ ૧૯૭૬

---

૧ તીવ્ર ૨ વિનાશ ૩ અનંત ૪ (પોતામાં) આત્મામાં

જીવનની જ્યોત જાગે છે

(કવ્વાલી)

જીવનની શાંતિ લેવાને, અહી સન્માર્ગ સેવાને
હૃદયમાં ઉર્મિ ભરવાને જીવનની જ્યોત જાગે છે ૧

મહાત્મા વીરની વાણી, જીવનનુ ધ્યેય એ જાણી
બધા કુવિકલ્પને ટાળી જીવનની જ્યોત જાગે છે ૨

અરે! તું તો હૃદય જોને, હવે અભિમાન કર શાને?
નિરાશા દૂર જો કરતી, જીવનની જ્યોત જાગે છે ૩

પ્રભુની જ્ઞાનની કોટિ, અખિલ બ્રહ્માંડ[1] વ્યાપક છે,
અહી લેવા વિવેકેથી, જીવનની જ્યોત જાગે છે ૪

બધું વિશ્વ સૂતું જ્યારે, નીરવ[2] શાંતિ રહે ત્યારે
રહે તું જાગતો પ્યારે, જીવનની જ્યોત જાગે છે ૫

સદા અધ્યાત્મની છાયા, શીળી છે ઉષ્ણુ જો માયા
અનાહત[3] નાદ જો પામી, જીવનની જ્યોત જાગે છે ૬

ઊઠે રણુકાર ભીણુ જ્યાં જીવન સંગ્રામ ગાજે છે
હૃદય જો શાંતિ ધારે છે, જીવનની જ્યોત જાગે છે ૭

ઝુંપડીમાં જો દરિદ્રોની, મહાલયમાં શ્રીમંતોની
સરે જો શાંતિ આ વિશ્વે, જીવનની જ્યોત જાગે છે ૮

ન ઉત્તપ્ત[5] જો બનતું વળી વ્યાકુળતા ધરતું
પ્રભુની જ્ઞાન જ્યોતિથી જીવનની જ્યોત જાગે છે ૯

સરોવર સ્વચ્છ જળ માંહે કિરણું ચંદ્રનાં લાગે
વિચારે તરના જ્ઞાને જીવનની જ્યોત જાગે છે ૧૦

છુપાયો કર્મ ભસ્મોથી હતો ચૈતન્યનો અગ્નિ
ફૂંકે જો વાસના ત્યાગી જીવનની જ્યોત જાગે છે ૧૧

આ ન વિ સં ૧૯૯૫

૧ વિશ્વ ૨ અવાજ વગરની ૩ ૐકારનો અનાહત નાદ
૪ ઝુંપડીમાં ૫ ક્લેશમય

आत्मिक गुणो प्राप्त करवा प्रभु प्रार्थना

(ભજન-કવ્વાલી)

જીવનના હેતુઓ જાણી, સદા સમભાવથી રહેવા,
ઉચિત કર્તવ્ય દૃષ્ટિથી, વિશુદ્ધિ માર્ગ સંચરવા ૧

કરી નિષ્કામ કર્મોને, અધર્મો દૂર કરવાને,
સ્વાધ્યાય ... વિશુદ્ધિથી, ક્રમથી મુક્તિ સજવાને ૨

અચળ સંકલ્પને ધારી, ધરી સ્થિરતા અડગ બળથી
સદાએ આત્મ ભાવોને સ્મરણ કરવા પ્રતિપળથી ૩

પ્રભુ પ્રીતિતણા રંગો તણી, ઉજ્જવળ પ્રભા ધરવા
અજિનતા કલાતિ[1]ગ્લાનિથી[2] જીવનને સદ[3] ઉધ્ધરવા ૪

અમોને અર્પજો બળ એ, વિભો ! આત્મિક ખજાનાથી
અખૂટ છે ! આપ સાંનિધ્યે,[4] લહો આશિષ બાળકની ૫

આ પ્ર વિ સ ૧૯૭૧

૧ થાક ૨ પીડા ૩ જલદી ૪ પામે

वर्तमान जगत्‌ने केवा मनुष्यो जोइए छे ?

(હરિગીત)

જે વીર મનુજો રંદમાં વ્યક્તિત્વ ના ગુમાવતા,
વળગી રહીને નિશ્ચયોને આત્મભીતિ હઠાવતા
ઉદ્દેશ એક અખંડ રાખી વિશ્વ પાઠ પઢાવતા
માગે જગત્ એવા મનુષ્યો જ્યોતિ[1] જીવન લાવતા

૨

સરકાર સારા સંગ્રહી વૈરાગ્ય કંથથી જે ઠસી,
જીવનતણા વૈરાગ્ય બળમાં જ્ઞાનગર્ભિતતા વસી
સિંહસમ ત્યાગી થઈ વળી સિંહસમ જુએ હસી,
માગે જગત્ એવા મનુષ્યો ભાવના હૃદયે વસી.

૨

નથી પરંતુ એવા મનુષ્યો જગત્ બોજા રૂપ છે,
પુરુષાર્થથી કિંતુ સદા જે જીવન જાગૃતિ રૂપ છે
લોકોપયોગી જે બને ઉપકારમાં વળી રક્ત છે
માગે જગત્ એવા મનુષ્યો પૂર્ણનિર્ભર સત્ત્વ[2] છે

૩

આડંબરો ના રાખતા ગ્રહી સત્ત્વ[3] સ્થિરતા શોભતા,
સંકીર્ણતાને[4] દૂર કરી ઉત્સાહના જે ગલતા
સાદી સમજ શક્તિ વડે ઉપયોગિતા ઉપજાવતા,
માગે જગત્ એવા મનુષ્યો તીક્ષ્ણ શક્તિ પ્રકાશતા

૪

સર્વ દેશી વિકાસથી જે શક્તિઓ સંવર્ધતા[5]
વસ્તુતણી જે એક-બાજુ ના કદી અવલોકતા
સ્વસ્થાન કદી ના ચૂકતા ગંભીર દૃષ્ટિ દેખતા
માગે જગત્ એવા મનુષ્યો વીરહાક વગાડતા

૫

સદ્જ્ઞાનતંતુ જેમના અત્યંત હોય સચેતના
મસ્તક વળી છે ભિન્નભિન્ન વિચારના અભ્યાસમાં
વિજ્ઞાનના ઊંડાણમાં મતિ જેમની અનુરક્ત છે,
માગે જગત્ એવા મનુષ્યો કર્મયોગે સંમત છે

૬

ઝળ્યો વળી મૃદુ જેમના મ્હાતાં કલા સૌંદર્યને,
ધિક્કારતા જે અધમતા અવલોકતા શુભ કાર્યને
સંસ્કરણ કેળવણી અને વ્યાયામમા જે પૂર્ણ છે
માગે જગત્ એવા મનુષ્યો આત્મશ્રદ્ધા પૂર્ણ છે.

૭

ચાલાક હાથો જેમના આંખો વિષે ઉત્સાહ છે,
સદસદ્‌વિવેક વિષે સદા બળ બુદ્ધિમાં નહિ પ્રાસર્ગ છે,
બળવાન બહાદુર કુશળ જીવન જેમનાં છે શાંતિમાં,
માગે જગત્ એવા મનુષ્યો ઝીલતા જળ ક્ષાંતિમાં

૮

આ પ્ર વિ. સ ૧૯૭૭

૧ જીવનમા પ્રકાશવાળુ ૨ સદ્દવીર્યથી ભરપૂર ૩ સાત્વિક પ્રકૃતિમાં ૪ વિચારોની તુચ્છતાને ૫ વૃદ્ધિ કરતા ૬ શુભકર્મ યોગ કરવા માટે તૈયાર ૭ શુભસસ્કારો ૮ ન્યૂનતા ૯ ક્ષમારૂપી જળમાં

निर्विकल्पदशानु सामर्थ्य

(મન્દાક્રાંતા)

જેના સદ્‌ભાવથી આ શુભ્ર સઘળી વસ્તુ સપ્રાપ્ત થાય,
ક્લેશો ચિત્તો તણા જે હૃદય રમતા શક્તિથી દૂર જાય.

એવુ જાણી વિચારી પ્રયત[1] બનવા શાંતિથી કાર્ય સાધી,
ટાળી સર્વે વિકલ્પો પ્રભુ જીવનમાં યોજ [2]સાન્નિધ્ય રાખી

આ પ્ર વિ સ ૧૯૭૭

૧ પ્રયત્ન શીલ ૨ મન વચન કાયાના શુભયોગોમાં આત્માને જોડી.

परमपदना अभिलापीनी व्यक्तिरुपे उक्ति

(મંદાક્રાંતા)

ઇચ્છા સર્વાત્મ[1]ભાને રમણુ કરવા વિશ્વમધુત્વ ભાવે,
સમ્યગ્રત્નત્રય-સુરુચિમાં — ચિત્તયોગો જગાવે

એવી મધ્યસ્થવૃત્તિ દીન હીન જનમાં ભાવ કારુણ્ય લાવી,
પામુ ક્યારે! પરમ પદ જે જ્ઞાન[2] જ્યોતિ પ્રભાવી.

આ પ્ર વિ. સ ૧૯૭૭

૧ આત્માના સર્વ પ્રદેશોની જાગૃતિપૂર્વક ૨ કેવલજ્ઞાનની જ્યોતિના પ્રભાવવાળુ (સિદ્ધપદ)

भिन्न अपेक्षागत ज्ञानत्रय स्वरुप

(હરિગીત)

સર્વે નયો સ્યાદ્વાદમાં આકર્ષતું શ્રુત જાણીએ,
તેની-સુ ચિંતા કરી સુવિવેક જ્ઞાન પીછાણીએ

સદ્ભાવના પરિપાકથી વર્તન વિષે પરિણામ છે,
¹શ્રુત બોધ ચિંતા² ભાવના³ એ જ્ઞાન આત્મિક ભાવ છે

આ પ્ર. વિ સ ૧૯૭૭

૧ શ્રુત જ્ઞાન ૨ ચિંતા-જ્ઞાન-વિચારણારૂપ ૩ ભાવના-જ્ઞાન આચરણરૂપ

અંતરાત્માને સદ્ જ્ઞાન મેળવવા ઉપદેશ

(હરિગીત)

સમય¹ બળને શોધતું વળી વિશ્વ²લીલા વેરતું,
અધ્યાત્મવિદ્યા ઓપતું કાષાય³ બંધન કાપતું
સંવેગરંગ જમાવતું ચારિત્ર ચંદન સિંચતું
સદ્જ્ઞાન સુંદર મેળવી સત્સંગથી થા શુદ્ધ તું

આ પ્ર વિ. સ ૧૯૭૭

૧ શાસ્ત્રરૂપ શક્તિ ૨ જગતના સ્વરૂપને જણાવનાર ૩ ચાર કષાયોનાં

¹ પિતૃ વિશિષ્ટ સ્નેહની અનિત્યતા

(શિખરિણી)

[મંદાક્રાંતાની પાદપૂર્તિયુક્ત]

તમારે માટે અહીં સહુ જન કરે શોક અવિરો,
વિશિષ્ટે પ્રજ્વાળે અમ હૃદયને ખેદ કરતો

પિતા ! તે છે વ્યર્થ સ્મરણપથ આવે સુવચનો
[2]સંસૃતિમાં ક્ષણિક જ રહે સ્નેહ-સંબંધ એવો

આ પ્ર વિ સં ૧૯૬૭

૧ પૂજ્ય પિતાશ્રીના અવસાન પછી પ્રગટેલું કાવ્ય ૨ સંસારમાં

अप्रशस्त अने प्रशस्त चार अवस्थाओ

(મંદાક્રાંતા)

નિદ્રાવસ્થા જગત સહુને ઢાંકતી અંધ સાડી
સ્વપ્નાવસ્થા અથિર[1] કરતી દુર્વિકલ્પાત્મ નાડી

હું ને મારું વિકૃત[2]કૃતિ આ જાગૃતિમાં વિનાશી
વહુ ઉજ્જાગર[3] સ્વરૂપને જ્ઞાન નેત્રી સં[4]કાશી

આ પ્ર વિ. સં ૧૯૬૯

૧ અવ્યવસ્થિત ૨ વિભાવ-પરિણતિ ૩ ચોથી ઉજ્જાગર દશા ૪ કેવળજ્ઞાન રૂપ નેત્રવાળાના ૫ અનુભવવાળી

सम्यग् दर्शनपद-स्तुति

(શાર્દૂલ વિક્રીડિત)

...લથી[1] વિપુલ[2] કરતું સદ્જ્ઞાન પ્રકટાવતું,
... અનેક ગ્રહીને સંવેગ[3]માં લાવતું

જે આજે ભવબીજને સમૂળથી અર્ધાવૃત્તિ[4]-કાળમાં,
તે સમ્યકત્વ થકી મનુષ્ય હૃદયો શાંતિ વહો વિશ્વમાં

આ પ્ર વિ. સ ૧૯૭૨

૧ રસાયણ ૨ વિશેષે કરીને આત્માને પુષ્ટ કરતું ૩ મોક્ષ માર્ગ-મોક્ષાભિલાષ ૪ અર્ધ પુદ્ગલ પરાવર્તન કાળમાં વધારેમાં વધારે.

માંગલિક પદ્ય

(શાર્દૂલ વિક્રીડિત)

આ સંસાર તરુતણા બીજ[1] ગણો બાળ્યાં મહાસૈન્યથી,
રાગદ્વેષતણા અભાવ ધરતા જે ભવ્યના સારથિ
જેને મોહ નથી સદા સ્વપરમાં સદ્જ્ઞાનના સંગથી,
બ્રહ્મા વિષ્ણુ શિવોઽઠ થવા જિનપતિ તેને નમું ભાવથી

સમ્યગ્દર્શન સ્તુતિ (૨)

(શિખરિણી)

પ્રકાશી જે સર્વે સુખદ સમયે આત્મધર્મમાં,
જણાવે સહુ વસ્તુ કુમતિ હરી સંસાર તટમાં,
શમાદિક[4] ક્વાદિ જ્યાં અભિનવ[5] ગુણો છે પ્રવહતા
લહી સમ્યગ્દૃષ્ટિ અવિચલ પદે સ્થૈર્ય ધરતા

આ પ્ર વિ સ ૧૯૭૨

૧ 'બી' નાં સમૂહો ૨ પરાક્રમથી ૩ રથ હાંકનાર
૪ શમ સંવેગ નિર્વેદ અનુકંપા અને આસ્તિક્ય
૫ આત્માએ પૂર્વે કદી નહિ અનુભવેલા

શ્રી જિનેશ્વર સ્તુતિ

(શાર્દૂલ વિક્રીડિત)

જેના સત્ત્વ[1]થી સદા પ્રસરતું અધ્યાત્મ સૃષ્ટિ વિષે
તેજ-જ્ઞાન તણો પ્રકાશ વિલસે જૈનેન્દ્ર દૃષ્ટિ વિષે

જેનું દર્શન શાંતિથી પ્રવહતું સંવેગ[2] આનંદમાં,
તે શ્રી જ્ઞાનજિનેશ્વર નમીએ આત્માર્થના રંગમાં

સમ્યક્ ચારિત્ર પદ્ય

(શિખરિણી)

પ્રકાશી સદ્વસ્તુ વિરતિ સુખથી આત્મધર્મમાં,
જણાવે એ યોગો અવિચલપણે જ્ઞાનપટમાં

યતિ કે આગારી[4] ગ્રહણ કરતા આત્મબળથી,
નમો ચારિત્રી[5] જે કરાર્પણ[6] કરે કર્મ ઉગથી

આ પ્ર વિ સં ૧૯૭૨

૧ પરાક્રમ ૨ મોક્ષની અભિલાષાના ૩ ચારિત્રના અસંખ્ય સ્થાનો ૪ ગૃહસ્થ ૫ સમ્યક્ચારિત્રધારીપુરુષ ૬ ઉખેડી નાંખે

[સંપૂર્ણ]

ॐ

શ્રી શંખેશ્વર—પાર્શ્વનાથાય નમ

આત્મ-નિદર્શન

નિશ્ચયદષ્ટિહૃદય ધરીજી, પાળે જે વ્યવહાર
પુણ્યવંત તે પામશેજી, ભવ સમુદ્રનો પાર.

પૂ ઉ શ્રી યશોવિજયજી.

સુજ્ઞ વાચક બંધુઓ,

પ્રસ્તુત આત્મ-નિદર્શન લખવા પહેલાં 'સમકિત દાયક ગુરુ તણો પચ્ચુવયાર ન થાય -એ શ્રીમદ્ ઉપાધ્યાયજીના કથન મુજબ સૌથી પ્રથમ અમારા સ્વ પૂ પિતાશ્રી કે જેમણે મને ધર્મશ્રદ્ધા પ્રકટાવી લઘુવયમાંથી શાસ્ત્ર વાચનની ભૂખ ઊભી કરી હતી, તેમનો આભાર માનુ છુ દ્વિતીય આભાર સ્વ પૂ ઉ૦ શ્રી વીરવિજયજી, સ્વ૦પૂ આ શ્રી વિજયરત્નસૂરિ પૂ આ શ્રી વિજય પ્રેમસૂરિજીનો જેમણે સ ૧૯૭૧માં અમારા પૂ પિતાજીના સંકલ્પાનુસાર ભાવનગરથી શ્રી સિદ્ધક્ષેત્ર પર્વત છ-રી પાળતા સંઘમા પધારવા કૃપા કરી અને અમોને સદ્ગુરુ ન તીર્થમાળ પહેરાવી અમારુ જીવન ધન્ય કર્યું, તેમનો તથા પ્રસ્તુત પુસ્તકમાં પૂ વિદ્વદ્રત્ન મુ૦ શ્રી ચંદ્રપ્રભસાગરજીએ તથા પૂ૦ મુ૦ શ્રી જબૂવિજય જીએ આશીર્વચન મોકલ્યા તેમનો તૃતીય આભાર સેવામૂર્તિ શ્રી

પ્રાણજીવનદાસ ગાંધી કે જેમની પ્રેરણાથી આત્માનંદ પ્રકાશમાં લગભગ ચાલીશ, પચાસ વર્ષ પહેલા આવેલા મારા લેખો અને કાવ્યોનો સંગ્રહ બે વિભાગમાં પ્રકાશિત કરવાની તૈયારી થઈ તેમનો ચતુર્થ આભાર તથા મારી યત્કિંચિત્ સેવાને ધ્યાનમાં લઈ અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળના સંચાલકો કે જેમણે પ્રસ્તુત લેખો મંડળ દ્વારા પ્રકાશિત કરવાનું ઉચિત ધાર્યું અને મંડળના પ્રમુખ શ્રી મનસુખલાલ તારાચંદ મહેતાએ પ્રસ્તુત પુસ્તકનો આમુખ લખી આપેલો છે—તેમનો તથા સતાવવાનીશ્રી ધીરજલાલ ટોકરશીભાઈએ મારો જીવનપરિચય તટસ્થપણે ગુણ દૃષ્ટિએ લખી મોકલ્યો—તેમનો અંતઃકરણપૂર્વક આભારી છું

મારી જીવનયાત્રામાં અનેક અપૂર્ણતાઓ ક્ષતિઓ અને નબળાઈઓ હતી અને છે છતાં તે તરફ માત્ર ગુણદૃષ્ટિ રાખી જીવન-દર્શનમાર્ગે જાળવી નથી અનેક પ્રકારની અપૂર્ણતાઓમાંથી પસાર થઈ જીવન ઘડાય છે માત્ર સુખીજીવનમાં જીવનનું ઘડતર થઈ શકતું નથી સાક્ષર શ્રી નરસિંહરાવ કહે છે કે—

'છે માનવી જીવનની ઘટમાળ એવી–દુ ખપ્રધાન, સુખ અલ્પ થકી ભરેલી ' એ રીતે અનેક દુ ખો અને ઉપાધિઓ વચ્ચે મારુ જીવન પસાર થયુ છે છતાં પૂર્વપુણ્યનાં ઉદયથી માનસિક સ્થિતિ–સ્થાપકપણુ જાળવાઈ રહ્યુ છે–તે માટે અનેક ગ્રંથોના વાચનનો તથા સદ્ગુરુઓના વ્યાખ્યાનશ્રવણનો પણ હિસ્સો છે મનુષ્યોચિત માનસિક નબળાઈ અંગે ક્ષણભર વિષાદનો પ્રસંગ આવે, છતાં કર્મોદયનું આલંબન લઈને આત્મજાગૃતિ રાખી અનેક વખત તે પ્રસંગો વગાવ્યા છે આ પ્રભાવ સદ્ગુરુઓની કૃપા, જ્ઞાનની ભક્તિ અને ઉપાસનાનો છે. શાસનદેવની કૃપા પણ નિમિત્તકારણ સમજુ છુ

પાંચ સાધનાઓમાં ભૌતિક જીવનમાં કર્મ ભૂમિ અને ભક્તિભાવની નૈયા તો હોય છે તેમ સમજ્યો છું અને "કર્મ બાંધો નિવારો" અમર આત્મા છુપાય છે— એ સાર ની નજીકાત નજીકાતી વાત તથા 'આત્મિક શાંતિનો નાશ ન થાય એટલું માન આપું છું— એ થી નવી દિશા ઉઘાડનારનું સ્મરણ થાય છે આધ્યાત્મિક જીવન તો હંમેશા પૂજ્ય સમાન જ હતું

સં ૨૦૦૮માં વ્યાપારની કર્મ ભૂમિ મુંબઈને ગો જીવનકાળ પ્રતાપસિદ્ધ તથા શેઠ શ્રી રમણલાલ રતનચંદભાઈ અને સૂરજમલ શેઠ (પન્નાલાલ ઘેવરચંદ) તરફથી તન મન અને ધનથી આશ્વાસનની સહાય મળી હતી તે માટે તેમનો આભાર માનવા તક લઉં છું તેમજ હમણાં છેલ્લા છ વર્ષથી પ્રકાશનના કમિટીપ્રમુખ શ્રીયુત મનુભાઈ જુનાગઢ વિદ્ધ ખંત કરવું પૂર્વક સાથ આપ્યો તે માટે તેમનો આભારી છું

હર જીવાની અત્યારની અને અંતિમ સમય પર્યંતની ભાવના એ છે કે— પૂર્વોપાર્જિત આયુષ્ય પ્રમાણ સત્તોતેર વર્ષ કાંઈના અમારા કુટુંબમાં પુરુષવર્ગમાં મારા પોતાની સ્થિતિએ થયેલો જ પરંતુ જેટલાં વર્ષો જીવનમાં સદ્ભાવના-શુભ લાગણીમાં ગયા, તેનું જ સાચું જીવન ગણાય છે—મૃત્યુ એ એ જ મોટા દેહનું નવેસરથી પરિવર્તન છે, અથવા બીજી રીતે અમર આત્માને નવું વેશ-પરિધાન છે આ બાબત 'મૃત્યુ એ શું અવશ્ય નિશ્ચિત છે?' તથા 'જીવન અને મૃત્યુ'—નામના મારા લેખોમાં શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ તરફથી પ્રગટ થયેલી પ્રસ્તુત પુસ્તિકામાં છપાયેલા છે તેથી મૃત્યુથી ભય પામવા જેવું કશું રહેતું નથી, આત્મા અમર છે

આત્માને કાળનો ઝપાટો અનંતકાળથી લાગતો નથી, અને લાગવાનો નથી માત્ર દશપ્રાણોના વિયોગને મૃત્યુ ગણાય છે જેટલી તૈયારી

આ જ ભવમાં શુભયોગો વડે થઈ છે, તે માટે હવે પછીના જ ભવોમાં તે સંસ્કારો સમૃદ્ધ થવાના તેમજ કર્મ અને આત્માની લડાઈમાં ઉપમિતિ ભવ પ્રપંચાકારના કથન પ્રમાણે છેવટે આત્માની જ જીત થશે—તેમ વિશ્વાસ છે

સદ્‌બુદ્ધિ અને સદ્‌વીર્ય—એ કર્મોથી મુક્તિ મેળવવાની ગુરુ-ચાવી છે ચારિત્ર વગર મુક્તિ નથી—તે આ પણ જ ભવમાં પ્રાપ્ત થાઓ તેમ ઈચ્છુ છુ સુદેવ સુગુરુ અને સુધર્મની શ્રદ્ધા બની બની રહી છે—એમ આત્મગત માનુ છુ અને સમ્યગ્ દર્શન-જ્ઞાન ચારિત્રની વૃદ્ધિ ઉત્તરોત્તર જ ભવ ભવાન્તરમાં પ્રાપ્ત થાઓ તેવી ભાવના આત્મસાત્ રાખી છે

શક્તિ-અનુસાર શ્રાવકને યોગ્યનતો-આચારો સાથે લીધેલાં છે યથાશક્તિ સામાયિકો, પ્રતિક્રમણો પૌષધો (ભાવનગરમાં), ઉપવાસો, અલ્પપ્રમાણમાં છટ્ઠ- અઠ્ઠમો લગભગ સાડાનવ લાખ નવકારની ગણના, મંત્ર-જાપો તીર્થ-યાત્રાઓ લગભગ દરરોજ પ્રભુ-પૂજન, પ્રતિષ્ઠાઓ, અષ્ટાહ્નિકમહોત્સવો ઘાતિરનાત્રો નવકારસી જમણો, સુપાત્રદાન, અનેક સંસ્થાઓની સેવા અને અભિનવજ્ઞાન સાહિત્યની-ઉપાસના-વિગેરે જીવનમાં થયા છે તદુપરાંત "છ-રી" પાળતા ભાવનગરથી સિદ્ધગિરિજી તરફ લગભગ તેરમો યાત્રિકો સાથે સંઘપ્રયાણ અને તીર્થમાળા પરિધાન મારા પિતાશ્રીના અવસાન પછી સહકુટુંબ થયા છે જ્ઞાનાવરણીયકર્મના પૂર્વજન્મના ક્ષયોપશમાનુસાર, આ જ ભવમાં જ્ઞાન પ્રાપ્ત કરવાનાં સુંદર નિમિત્તો મળ્યાં છે જેમાં પૂ પં શ્રી ગંભીરવિજયજી, પૂ પં મ. મણિવિજયજી પૂ આ શ્રી વિજયનેમિસૂરિજી પૂ આ શ્રી આનંદસાગરજી, પૂ આ શ્રી પ્રેમસૂરિજી, સન્મિત્ર પૂ મુ શ્રી કર્પૂરવિજયજી, અમારા પૂજ્ય પિતાશ્રી સ્વ. વ૦ શ્રી કુંવરજી આણંદજી વિગેરે [illegible] પરંતુ ચારિત્ર-મોહનીયનો ક્ષયોપશમ જો

બળવાન થવા માટે પુરુષાર્થ થયો નથી—આ સર્વ સમ્યગ્દર્શન-ચારિત્ર તપનાં જે જે કાર્યો જીવનમાં થયાં છે, તેની મન-વચન-કાયાથી અનુમોદના કરું છું અને અઢારે પાપસ્થાનકો, રાત્રિભોજનો, ભક્ષ્યાભક્ષ્ય અને પેયાપેયના ખાનપાનો હિંસકવૃત્તિઓ તથા ઈર્ષા કથનો વિગેરે વિભાવ પરિણતિઓ પંચેન્દ્રિયનો દુરુપયોગ, કષાયના આવેગો અને તજ્જન્ય અહં અને મમત્વ ભાવનાના વળગણો—વિગેરે જે જે જીવનમાં મન વચન કાયાથી આચર્યાં હોય તેની આત્મસાક્ષીએ અંતઃકરણપૂર્વક નિંદા કરું છું

માનવજીવનમાં દીર્ઘઆયુ એટલા માટે ઈષ્ટ છે કે, પૂર્વોપાર્જિત અનેક પાપ કર્મોની સમગ્ર નિર્જરા કરવા, તથા આત્મામાં વિશેષ પ્રકાશ જીવન પર્યંત મેળવવા આવા રત્ન-ત્રયની પ્રાપ્તિવાળા અનેક સંયોગો અન્યજન્મમાં મળવા મુશ્કેલ હોય છે વળી જે તૈયારી જ્ઞાન અને અનુભવપૂર્વકની આ જન્મમાં થયેલી હોય છે, તેવી તૈયારી બીજા જન્મમાં ક્યારે મળશે તે અચોક્કસ છે જેથી આ જ મનુ દીર્ઘ આયુષ્ય તે રીતે પણ ઉપયોગી છે એટલું જ નહિ પરંતુ શુભ ભાવનાઓ અને ધર્મસેવા કરવા માટે પણ આયુષ્યનું દીર્ઘપણું ઈષ્ટ છે—એમ મારી અંગત માન્યતા છે

આખું જીવન અંતે તો પરિમિત છે જીવનના સમયો જલકલ્લોલોની જેમ અવિરતપણે ચાલ્યા જાય છે અને ગયેલાં સમયો પાછાં આવતાં નથી એક દિવસ તમામ છોડીને અપર સૃષ્ટિમાં જવાનું છે ખાસ કરીને જીવનમાં પાપના સંસ્કારોની બાળપણની શરૂઆત પછી, મોટે ભાગે જીવનપર્યંત તેનું પાપચક્ર ચાલુ રહે છે, તેવી જ રીતે ધર્મના સંસ્કારોની શરૂઆત પછી પુણ્યચક્ર ચાલુ રહે છે પાપ સંસ્કારો માટેની આત્માની નબળાઈ ચાલુ રહે તો, તેનું-વર્તુળ વધતું જાય છે સદ્જ્ઞાન-દ્વારા પ્રબળ પુરુષાર્થ (Will Power)

ની આવશ્યકતા છે છ કર્મચેતના અને કર્મફળ ચેતના—એ બેનુ સર્વ પ્રસ્તુત જ તેમાં આવતુ હોય તે વખતે જે કાંઈ મેળવેલા આધ્યાત્મિક અનુભવના નિચોડરૂપ હોય—તેનો ઉપયોગ જ્ઞાનચેતના કરી શકે છે, જેથી અનેક ભવ—ભ્રમણાઓની નિર્જરા થઈ શકે છે

પ્રસંગોપાત નિવેદન કરું છું કે શ્રી સિદ્ધગિરિજીની નવાણું યાત્રાની અભિલાષા હજી સુધી અપૂર્ણ રહી છે પણ સમતાયોગ જ્યારે સાનુકૂળ થશે ત્યારે મનોસિદ્ધિ થશે—તેમ આશા રાખી રહ્યો છું

અંતિમ આરાધના સં ૨૦૦૮ માં દેવકરણમેન્શનમાં પ. પૂ. શ્રી ભાનુવિજયજીએ કરાવી હતી ત્યાર પછી લાલબાગમાં કરાવી હતી તાજેતરમાં ભાદરવા વદી ૮ પૂ૦ આ૦ શ્રી વિજયધર્મસૂરિજીએ શ્રી ગોડીજી ઉપાશ્રયના બહોળાના ખમતખામણા કરાવ્યાં હતા—જેથી બંને ભવની આરાધનાનો પૂર્વના પાપોના પશ્ચાત્તાપ પૂર્વકનો લાભ મળ્યો હતો સં ૨૦૦૮ના બહોળાના મિચ્છામિદુક્કડ મારેનો જે એક નવકાર રોજ વાચન માટે સઘળસંઘને પૂ પં શ્રી ભાનુવિજયજીએ આપ્યું હતુ—તે આજદિન સુધી નિરંતર લગભગ રહ્યું છે જેથી આત્મસાક્ષીએ અંતરાત્માની નમ્રતા અનુભવું છું પ્રસ્તુત લેખોમાં જો કાંઈ જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તે માટે 'મિચ્છામિ દુક્કડં' દઉં છું

ઉપસંહારમાં—ખામેમિ સવ્વ જીવે—એ સૂત્રથી ચોરાસી લાખ જીવયોનિના સમસ્ત જીવોને ખમતા-ખમાવતા કુટુંબીજનો તથા સ્નેહી સંબંધી જનોને ખમાવુ છું અને નીચેની માગણીઓ શ્રી પરમાત્મા પાસે મન-વચન-કાયાના ત્રિકરણ યોગપૂર્વક સાદર કરું છું,
(૧) મનોહર ચરણની સેવા—તું તો મારું છે દેવાધિદેવ

(શ્રી ઉદયરત્નજી)

(२) तन्मे त्वदेकशरणस्य शरण्य भूया -स्वामी त्वमेव भुवनेऽत्र भवान्तरेऽपि

(શ્રી સિદ્ધસેન દિવાકરજી)

(३) जिनधर्म विमुक्ताऽपि-माभूवचक्रवर्त्यपि, स्याचेटोऽपि, -दरिद्रोऽपि-जिनधर्माधिवासित ।

(શ્રીમદ્ હેમચંદ્રાચાર્યજી)

(४) इच्छाम्यहं जन्मनि जिनमतराग परत्रापि

(ઉ શ્રી યશોવિજયજી)

(५) शास्त्राभ्यासो जिनपदनति सङ्गति सर्वदार्यै ।
सत्प्रवृत्तानां गुणगणकथा दोषवादे च मौन ॥
सर्वत्रापि प्रियहितवचा भावना चात्मतत्त्वे ।
सम्पद्यन्तां मम भवभवे यावदाप्तोऽपवर्ग ॥

(મંત્રીશ્વર શ્રી વસ્તુપાળ)

(६) ता देव दिज्ज बोहिं, भवे भवे पास जिणचंद

(શ્રી ભદ્રબાહુસ્વામી)

(૭) આતમવસ્તુ સદા મુજ સાંભરો, ભાસન વાસન એહ, ચરણ ધ્યાને ધરો

(શ્રીમદ્ દેવચંદ્રજી)

(८) दुक्खक्खओ कम्मक्खओ, समाहि मरणं च बोहिलाभो अ।
संपज्जउ मह एअं, तुह नाह पणाम करणेणं

(જય વીયરાય)

(૯) મુજ હોજો ચિત્ત શુભ ભાવથી, ભવભવ તાહરી સેવ રે
યાચીએ કોડિ યત્ને કરી, એહ તુજ આગળ દેવ રે—
સ્વામી સીમંધર તું જયો

(ઉ. શ્રી. યશોવિજયજી)

—આ માગણીઓના શુભસંસ્કારો લઈ, પ્રતિ આજીવન પર્યંત અવિસ્મરણ– સંબંધો અને સ્નેહસંબંધોથી મુક્ત થવાની–અભિલાષા સાથે, મૈત્રીઆદિ ચાર–ભાવના પૂર્વક ચાર શરણો અંગીકાર કરવા સાથે મહામાંગલિક નમસ્કાર મંત્રના ધ્યાનમય સમાધિમૃત્યુ પૂર્વક–આ જન્મનું આયુષ્ય પૂરું થયે અન્ય જન્મમાં પ્રયાણ કરવાની તૈયારી સહિત—શુભભાવના રાખેલી છે—એ ભાવના શાસનદેવ સફળ કરો—એ જ અંતિમ અભ્યર્થના

મુંબઈ વિ. સં. ૨૦૧૭
વિજયાદશમી ગુરુવાર
તા. ૧૯–૧૦–૧૯૬૧

ફતેહચંદ ઝવેરભાઈ

परिशिष्ट नं १

श्री फतेहचंदभाईना संस्कृत प्राकृत पुस्तकोनो अभ्यास

(१)	पंच प्रतिक्रमण	सार्थ	पू. पिताश्री पासे
(२)	नव स्मरण तथा रत्नाकरपच्चीशी	,,	,,
(३)	जीवविचार	,,	,,
(४)	नवतत्त्व	,	,,
(५)	दंडक	,	,,
(६)	लघु संग्रहणी	,,	,,
(७)	त्रण भाष्यो	,	,,
(८)	संस्कृत मार्गोपदेशिका		हाईस्कूलमां
(९)	संस्कृत मंदिरांत प्रवेशिका	,	,,
(१०)	सिंदूरप्रकर	सार्थ	पू. पिताश्री पासे
(११)	योगशास्त्र	,,	,,
(१२)	अध्यात्मकल्पद्रुम	,	,,
(१३)	ज्ञानसार	,,	,,
(१४)	अध्यात्मसार	,	,,
(१५)	उपमितिभव प्रपंचा कथा	अपूर्ण	,,

(૧૬) શત્રુંજય માહાત્મ્ય ,
(૧૭) વંદિત્તા સૂત્રની ટીકા (અર્થદીપિકા) સાર્થ
(૧૮) ગુણવર્મા ચરિત્ર ,,
(૧૯) વર્ધમાન દેશના ,,
(૨૦) ચૈત્યવંદન ચોવીશી ,
(શોભાકલ્યાણકજી)
(૨૧) લોકનાલિકા
દ્વાત્રિંશિકા ,, મુ. કુંવરજીભાઈ પાસે
(૨૨) યોનિસ્તવ ,,
(૨૩) ભાવસપ્તતિકા ,,
(૨૪) દેહસ્થિતિ ,,
(૨૫) સિદ્ધ દંડિકા
(૨૬) ભાવ પ્રકરણ ,,
(૨૭) વિચાર પંચાશિકા ,,
(૨૮) બંધષટ્ત્રિંશિકા ,,
(૨૯) પરમાણુ-પુદ્ગલ સાર્થ
નિગોદષટ્ત્રિંશિકા
(૩૦) સિદ્ધપંચાશિકા ,,
(૩૧) અન્નાય ઉંછકુલકમ્ ,,
(૩૨) વિચાર સપ્તતિકા ,,
(૩૩) ગુરુગુણષટ્ત્રિંશિકા ,,
(૩૪) લોકપ્રકાશ ,, (લગભગ ૨૮ હજાર
[દ્રવ્ય-ક્ષેત્ર-કાળ ભાવ] ,, શ્લોકનો ગ્રંથ)

(૩૫) તત્ત્વાર્થટીકા (અપૂર્ણ) પૂ. આ. શ્રી લાવણ્યસૂરિ પાસે
(૩૬) લોકતત્ત્વનિર્ણય સાર્થ પૂ. શ્રી હંસવિજયજી પાસે
(૩૭) યોગબિંદુ „ પૂ. સન્મિત્રશ્રી કર્પૂરવિજયજી પાસે
(૩૮) પ્રથમ બે કર્મગ્રંથ „ પૂ. પં. મણિવિજયજી પાસે (ભાવનગરમાં)
(૩૯) ત્રીજો ચોથો કર્મગ્રંથ „ પૂ. આ. શ્રી વિજય પ્રેમસૂરિ પાસે (ભાવનગરમાં)
(૪૦) તર્કસંગ્રહ (અપૂર્ણ) ઓઝાજીશાસ્ત્રી પાસે
(૪૧) પાતંજલયોગદર્શન „ પૂ. મુ. પુણ્યવિજયજી પાસે
(૪૨) પુરુષાર્થસિદ્ધિઉપાય સાર્થ સ્વયમેવ
(૪૩) જ્ઞાનાર્ણવ સાર્થ સ્વયમેવ
(૪૪) દશકુમારચરિત (અમુક ભાગ) હાઇસ્કૂલમાં
(૪૫) શાકુંતલ („) શાસ્ત્રી પાસે
(૪૬) શ્રીહરિભદ્રસૂરિ અષ્ટક સાર્થ પૂ. પિતાશ્રી પાસે
(૪૭) યોગ વિંશિકા „ સ્વયમેવ
(૪૮) તત્ત્વાર્થ (અમુક ભાગ) પૂ. સાગરાનંદસૂરિ પાસે
(૪૯) યોગ પ્રદીપ સાર્થ સ્વયમેવ
(૫૦) યોગ શતક સાર્થ સ્વયમેવ
(૫૧) સમયસાર નિયમસાર, અપૂર્ણ સ્વયમેવ
(૫૨) કમ્મપયડી અપૂર્ણ પૂ. આ. શ્રી વિજયધર્મસૂરિજી પાસે
(૫૩) સમરાઇચ્ચ કહા અપૂર્ણ પૂ. આ. શ્રી વિજયકસ્તૂરસૂરિ પાસે

(૫૪) પરિશિષ્ટ પર્વ અપૂર્ણ પૂ. પિતાશ્રી પાસે
(૫૫) અધ્યાત્મગીતા (શ્રી બુદ્ધિસાગર સૂરિ) સ્વયમેવ
(૫૬) આત્મપ્રબોધ (શ્રી જિનલાભસૂરિ) પૂ. પિતાશ્રી પાસે
(૫૭) નયકર્ણિકા (ઉ. વિનયવિજયજી) સ્વયં

परिशिष्ट नं. २

ધાર્મિક ગૂજરાતી-હિંદી ગ્રંથોનું-વાચન

(૧) શ્રી આનંદઘન પદ અર્થો સાથે (અપૂર્ણ)-પૂ. પં. ગંભીર વિજયજી પાસે
(૨) સવાસો દેઢસો સાડાત્રણસો ગાથાનાં સ્તવનો
(૩) તત્ત્વાર્થ ભા. ૧-૨ પં. સુખલાલજીવાળાં
(૪) શ્રી આનંદઘનજી દેવચંદ્રજી અને શ્રી યશોવિજયજી ચોવીશી સાર્થ
(૫) જૈનદર્શન (મુ. ન્યાયવિજયજી)
(૬) ઉપમિતિભવ પ્રપંચા કથા ભાષાંતર ત્રણ ભાગો
(૭) શ્રી સિદ્ધર્ષિ
(૮) અધ્યાત્મ કલ્પદ્રુમ ભાષાંતર
(૯) વસ્તવ્યનો સ્તવનો સઝાયો પદો-પૂજાઓ વિગેરે
(૧૦) અન્ય અનેક ધાર્મિક, સામાજિક ઇતિહાસ ગૂજરાતી હિંદી વિગેરે ગ્રંથો
(૧૧) જૈન દૃષ્ટિએ યોગ

(૧૨) ચિદ્દવિલાસ, (હિંદી)
(૧૩) આનંદઘન પદસંગ્રહ ભાવાર્થ–(શ્રી બુદ્ધિસાગરજી સૂરિકૃત)
(૧૪) કર્મયોગ (,,)
(૧૫) આત્મપ્રકાશ ( )
(૧૬) યોગદીપક (,,)
(૧૭) આત્મપ્રબોધ ભાષાંતર
(૧૮) સાંવત્સરિક ક્ષમાપના
(૧૯) સમ્યક્ત્વસુધા (હિંદી)
(૨૦) શાંત સુધારસ ભા ૧–૨
(૨૧) અંતરજ્યોતિ ભા ૧–૨–૩
(૨૨) પ્રશમ રતિ–પ્રકરણ વિગેરે–વિગેરે

પરિશિષ્ટ નં ૩

શ્રી ફતેહચંદભાઈએ લખેલી પ્રસ્તાવનાઓ, આમુખો, પુરોવચન અને સમુલ્લાસ.

(૧) આત્મપ્રબોધ ભાષાંતર (પૂ પિતાશ્રીકૃત) વિ સં ૧૯૬૮
(૨) બારવ્રતની પૂજા (સાર્થ) ,, ૧૯૬૮
(૩) નવાણું પ્રકારી પૂજા (સાર્થ) ,, ૧૯૭૧
(૪) નવપદજી પૂજા (સાર્થ) ૧૯૮૧
(૫) આદર્શ જૈન ,, ૧૯૮૪

(૬) વીશસ્થાનક પૂજા (સાર્થ) „ ૧૯૯૧

(૭) કપૂર લેખસંગ્રહ ભા ૩ જો „ ૧૯૯૬

(૮) અમર આત્મમંથન „ ૨૦૦૧

(૯) દુર્લભ કાવ્ય કલ્લોલ ભા ૨ જો ૨૦૦૫

(૧૦) તત્ત્વાર્થ પ્રશ્નોત્તર દીપિકા (ચકરનાલ ડાહ્યાભાઈ) ૨૦૦૮

(૧૧) સાંવત્સરિક ક્ષમાપના (આ શ્રી બુદ્ધિસાગરજી) „ ૨૦૦૮

(૧૨) શેઠ મોતીશા (શ્રી ગોડીજી જ્ઞાન સમિતિ) „ ૨૦૦૯

(૧૩) અધ્યાત્મ કલ્પદ્રુમ (કાવ્યમય) „ ૨૦૦૯

(૧૪) પંચ પ્રતિક્રમણ (સાથ) શ્રી ગોડીજી જ્ઞાનસમિતિ „ [illegible]

(૧૫) દ્વિતીયાવૃત્તિ „ [illegible]

(૧૬) આંતરજ્યોતિ ભા ૧ લો „ [illegible]

(૧૭) ભા ૨ જો [illegible]

(૧૮) શ્રી ભગવતી સૂત્રનાં વ્યાખ્યાનો (પૂ આ શ્રી વિજયધર્મસૂરિજી [illegible]

(૧૯) જ્ઞાનામૃત [illegible]

(૨૦) કર્મગ્રંથ-વિવેચન સાથે (પૂ ઉ શ્રી [illegible]

(૨૧) આત્મજ્ઞાન (પૂ આ શ્રી બુદ્ધિસાગર[illegible]

(૨૨) જૈન ગુર્જર સાહિત્ય રત્નો (શ્રી ભા[illegible]

(૨૩) કર્મવીર દેવકરણ મૂળજી [illegible]

(૨૪) ભજનપદ સંગ્રહ ભાવાર્થ (પૂ [illegible]

(૨૫) આનંદઘન પદસંગ્રહ (ભાવાર્થ) (પૂ આ શ્રી બુદ્ધિસાગરજી) ,, ૨૦૦૯
(૨૬) કર્મયોગ ,, , , ૨૦૦૭

પરિશિષ્ટ નં ૪

શ્રી ફતેહચંદભાઈના આત્માનંદ પ્રકાશ ઉપરાંત અન્ય સ્થળે આવેલા લેખોની યાદી

(૧) શ્રી વલ્લભસ્મારક અંક
(૨) દેવાનંદ અંક (હવે પછી પ્રકાશિત થશે)
(૩) શ્રી યતીન્દ્રસૂરિ સ્મારક અંક
(૪) શ્રી યશોવિજય સ્મૃતિ ગ્રંથ
(૫) શ્રી વિદ્યાનંદ અંક ૪ થો—જયંતીપ્રકાશન અંક
(૬) પં લાલન સ્મૃતિ ગ્રંથ
(૭) શ્રી આત્મારામજી શતાબ્દિ અંક
(૮) ભગવાન નેમિનાથ (કથા)
(૯) સ્વ પૂ આ શ્રી વિજયલબ્ધિસૂરિની સાહિત્યોપાસના
(૧૦) જૈન જ્યોતિ શિક્ષણાંક વિગેરે

પૂરક-નોંધ—

આત્માનંદ પ્રકાશમાં દરેક વર્ષે 'નૂતન વર્ષનું મંગલમય વિધાન' એ હેડીંગથી લગભગ ત્રીસ વર્ષ સુધી વિશાળ લેખો આવેલા છે

परिशिष्ट नं ५

શ્રી ફતેહચંદ ઝવેરભાઈના સેવાકાર્યો

(૧) શ્રી જૈન આત્માનંદ સભા (ભાવનગર) મેનેજીંગ કમીટીના સભ્ય તરીકે સં. ૧૯૫૮ થી તથા ઉપપ્રમુખ તરીકે સં. ૧૯૯૨ થી

(૨) શ્રી યશોવિજયજી જૈન ગુરુકુલ (પાલીતાણા) સં. ૧૯૭૧ થી ભાવનગર સ્થાનિક કમિટિના મેમ્બર તરીકે
મુંબઈ જનરલ કમીટીના બે વર્ષ પર્યંત મંત્રી તરીકે તથા
મુંબઈ મેનેજીંગ કમીટીના સભ્ય તરીકે અનેક વર્ષોથી

(૩) ભાવનગર તપાગચ્છ જ્ઞાતિના મંત્રી તરીકે બે વર્ષ

(૪) શ્રી આત્માનંદ જૈન સભા-મુંબઈના ઉપપ્રમુખ તરીકે એક વર્ષ

(૫) ગોઘારી જૈન મિત્રમંડળના પ્રમુખ તરીકે પાંચ વર્ષ

(૬) સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમના તથા એજ્યુકેશન સોસાયટીના મેનેજીંગ કમીટીના સભ્ય તરીકે

(૭) સિદ્ધક્ષેત્ર જૈન શ્રાવિકાશ્રમના મેનેજીંગ કમીટીના સભ્ય તરીકે

(૮) જૈન ધાર્મિક શિક્ષણ સંઘમાં બે વર્ષ મંત્રી તરીકે બે વર્ષ ઉપપ્રમુખ તરીકે અને મેનેજીંગ કમીટીના સભ્ય તરીકે

(૯) જૈન કોન્ફરન્સની કમીટીના સભ્ય તરીકે

(૧૦) અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળના ઉપપ્રમુખ તરીકે બે વર્ષ અને પ્રમુખ તરીકે બે વર્ષ

(૧૧) વારૈયા ધરમશી ઝવેરભાઈના તથા મણિબ્હેન નાનાલાલ ફંડના ટ્રસ્ટી તરીકે

(૧૨) જૈન સાહિત્ય સભા મુંબઈના મેનેજીંગ કમીટીના સભ્ય તરીકે
(૧૩) શ્રી ગોડીજી જ્ઞાન સમિતિના સભ્ય તરીકે
(૧૪) શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડના સભ્ય તરીકે
(૧૫) નાસિક ગુજરાતી હાઈસ્કૂલના સભ્ય તરીકે
(૧૬) કડી વિદ્યાર્થી ભવનના ,,
(૧૭) શ્રી વિજયદેવસૂરસંઘ અને ગોધારી જૈનજ્ઞાતિના સભ્ય તરીકે
(૧૮) શ્રી મહેસાણા જૈન પાઠશાળા (સભ્ય તરીકે)
(૧૯) જૈન સાહિત્ય વિકાસ મંડળના મેનેજીંગ કમીટીના સભ્ય તરીકે
(૨૦) જસુમહેન પાઠશાળાના સંચાલક તરીકે ૫૮ વર્ષ પર્યંત
(૨૧) પ્રિ'મેસ સ્ટ્રીટ લુહાર ચાલ જૈન સંઘના ઉપપ્રમુખ તરીકે પાંચ વર્ષ પર્યંત

પરિશિષ્ટ નં ૬

શ્રી ફતેહચંદભાઈ તરફથી તથા એમના કુટુંબ તરફથી થયેલા મંગલમય કાર્યોની યાદી

(૧) એમના પૂ. પિતાશ્રીના અવસાન પછી સં. ૧૯૬૮ માં અષ્ટાહ્નિક મહોત્સવ તથા સંઘ સ્વામિવાત્સલ્ય
(૨) સં ૧૯૬૯ માં શ્રી કેશરીઆજી તીર્થ વિગેરેની યાત્રા
(૩) સં ૧૯૫૯ માં શ્રી નાનાસાહેબમાં શ્રી **મહાવીર સ્વામી** (નાના પ્રભુજી)ની પ્રતિષ્ઠા-પૂ. પિતાશ્રીની હયાતીમાં (માતાજી-પ્રેમબાની સ્મૃતિમાં)

(૪) સં ૨૦૦૭ માં શ્રી કદંબગિરિજી ઉપર શ્રી વીતનાથજીની પ્રતિષ્ઠા (ફતેહચંદ ભાઈની સ્મૃતિમાં)

(૫) સં ૧૯૮૬ માં શ્રી તાલધ્વજગિરિ ઉપર બે પ્રભુની પ્રતિષ્ઠા (સ્વ કસ્તૂરમા તથા હરકોરમાની સ્મૃતિમાં)

(૬) સં ૧૯૮૧ માં અઠ્ઠાઈ મહોત્સવ અને શાંતિસ્નાત્ર તથા મેરુ પર્વતની રચના (ભાઈ ચમનલાલના લગ્ન પ્રસંગે)

(૭) સં ૧૯૯૨ માં અઠ્ઠાઈ મહોત્સવ તથા શાંતિ સ્નાત્ર (ભાઈ હિમ્મતલાલના લગ્ન પ્રસંગે)

(૮) સં ૧૯૮૬ માં તળાજા સંઘનું નવકારશી જમણ

(૯) સં ૧૯૭૧ માં પૂ ઉ શ્રી વીરવિજયજીની નિશ્રામાં લગભગ ૭૫ સાધુસાધ્વીઓ તથા લગભગ તેરસો યાત્રિકો સાથે છ'રી' પાળતા ભાવનગરથી સિદ્ધક્ષેત્ર પર ત સંઘપ્રયાણ, અને તીર્થમાળ પરિધાન

(૧૦ સં ૧૯૭૭ માં સહકુટુંબ શ્રી પાવાપુરીજી સમેતશિખરજી આદિ તીર્થોની યાત્રા

(૧૧) સં ૨૦૧૬-૧૭ માં શ્રી પાવાપુરીજી સમેતશિખરજી આદિ તીર્થોની શ્રી ગોધારી મિત્રમંડળ સંચાલિત પાંચસો યાત્રિકોના સંઘ સાથે પુન યાત્રા

(૧૨) શેઠ જીવતલાલ પ્રતાપશી તથા શેઠ રમણભાઈ દલસુખ સાથે સં ૨૦૦૮ માં શ્રી રાણકપુરજીની યાત્રા

(૧૩) જૈન આત્માનંદ સભા જૈન ગુરુકુલ સિદ્ધક્ષેત્ર બાલાશ્રમ, ભાવનગર પાંજરાપોળ, કડી વિદ્યાર્થીભવન એજ્યુકેશન બોર્ડ આત્માનંદ જૈન સભા, અધ્યાત્મજ્ઞાન પ્રસારકમંડળ ગોડીજી જૈન ઉપાશ્રય ગોધારી જૈન મિત્રમંડળ, જૈન

ધાર્મિક શિક્ષણ સંઘ, પ્રીન્સેસસ્ટ્રીટ લુહાર ચાલ જૈન સંઘ, જૈન દવાખાના હરકીસન હોસ્પીટલ, નાસિક ગુજરાતી હાઈસ્કૂલ, મોહનલાલજી સેંટ્રલ લાયબ્રેરી, સાધર્મિક ફંડ, ભાવનગર સામાયિકશાળા, આયંબિલ ખાતું—વિગેરે સંસ્થાઓમાં ઉચિત-દ્રવ્ય-વ્યય



(૪) વિદ્વદ્‌રત્ન સૌજન્યમૂર્તિ શ્રી ફતેહચંદ ઝવેરભાઈનું શ્રી આનંદઘન પદ સંગ્રહ ભાવાર્થના આમુખ રૂપનું જ્ઞાનપ્રચુર પ્રકથન પ્રસ્તુત પુસ્તકને વધારે સમૃદ્ધ કરે છે
વિ સં ૨૦૧૯ — શ્રી મણિલાલ મોહનલાલ પાદરાકર

(૫) મુરબ્બી શ્રી ફતેહચંદ ઝવેરભાઈ જૈન સમાજના એક જાણીતા કાર્યકર્તા છે એમના ધર્મ પરાયણ અને સેવા પરાયણ જીવને એમની પાસે ધર્મ અને જીવનનાં વિવિધ પાસાંઓને લગતું ચિંતન કરાવ્યું છે અને અનુભવનો નિચોડ અપાવ્યો છે જે એમના ઘણા લેખો દ્વારા આપણને મળેલ છે એમની લેખન પ્રવૃત્તિ પચાનેક વર્ષના સુદીર્ઘ કાળપટ પર વિસ્તરેલી છે એ લેખામાં આપણને એમના વિચારોની ઉચ્ચતા અને સુસંગતતાનું સતત દર્શન થાય છે એમની પાસે આપણા જૈનધર્મના ઘણા મહત્ત્વના ગ્રંથોનું પરિશીલન છે કેટલીએ ઉત્તમ સાહિત્ય કૃતિઓની પણ તેઓ સુપરિચિત છે અને પોતાના વિચારોને વ્યક્ત કરવા માટે સરળ અને પ્રાસાદિક ભાષા વાળી શૈલી પણ છે આથી જ એમના લેખો સૌ કોઈને વાચવા ગમે તેવા છે એમના લેખોના પ્રગટ થતા (ભાવનગરમાં અને મુંબઈમાં) બન્ને સંગ્રહો આવકાર પાત્ર લેખાશે એમાં શંકા નથી

પ્રો રમણલાલ ચી શાહ
પ્રો સેંટ ઝેવિયર્સ કૉલેજ મુંબઈ (P H D)

(૧) 'સ્વાનુભવ ચિંતન' શીર્ષક પુસ્તકને જોતાં જ તેમાં કઈ કઈ વાતો રજૂ કરવામાં આવી હશે એવો પ્રશ્ન પ્રત્યેક વાચકને સહેજે સ્ફુરે તેમ છે લેખકને રોજ-બ-રોજની વિચારણામાં જે પ્રશ્નો ઊઠ્યા તે સઘળા પર તેમની વિચારણાની મહોર મારીને તેમણે સ્વાનુભવચિંતનરૂપે કેટલાંક ઉપયોગી પ્રશ્નોની છણાવટ આ પુસ્તકમાં કરી છે તેની શરૂઆત પવિત્ર જીવન જીવવાની સાચી પ્રતિજ્ઞાઓની સમજણ આપીને કરી છે અને તેની સાથે મનુષ્ય જીવનનો દૃષ્ટિકોણ કેવો હોવો જોઈએ—એ તરફ અંગુલિનિર્દેશ કર્યો છે તેમાંથી સંન્નિવાસી જીવનનું ઝરણું કેવી રીતે વહી રહે છે તેની વાત કરતાં કરતાં માનસિક કેળવણીનો ઠીક ઠીક ખ્યાલ આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે, એ માનસિક કેળવણીમાં ગૃહસંસ્કાર, સત્સંગ પુસ્તકોનો સંગ, શ્રદ્ધા, મન સંયમ અને સદ્‌વિચારોનું પરિશીલન કેવો ઉપયોગી ભાગ ભજવી રહે છે તે સમજાવતા સમજાવતાં આત્મિક વિકાસ તથા આધ્યાત્મિક ખીલવણીની અમૂલ્યતાનો નિર્દેશ પણ કરવામાં આવ્યો છે વ્યાવહારિક જીવનના પ્રવાહમાં ખેંચાતી વખતે કોઈ કોઈ વાર વિવેકબુદ્ધિનો જે વિનિપાત થવા પામે છે તે તરફ લાલબત્તી ધરી બતાવી છે સેવા ધર્મના ગહન સૂત્રોનો પણ ઉલેખ તેમાં મળી રહે છે સમાજજીવનનું અવપતન થાય ત્યારે દિવ્ય ભાવનાબળ કેવું મ રૂપ થઈ રહે છે તે સમજાવ્યું છે ઉદ્યમ અને કર્મના જુગજુના વિરોધનો અછડતો આલેખ કરી બતાવીને વિશ્વની વિચિત્ર ઘટનાઓને સમજાવવા પ્રયત્ન કર્યો છે-અને એ રીતે જીવન અને મૃત્યુ વચ્ચે ઉપસ્થિત થતી વિવિધ વાતોને રજૂ કરી બતાવીને પ્રાસંગિક સ્ફુરણાઓ નોંધી છે, અને છેવટે બાળ ગંગાધર, તિલક મહારાજ તથા દેશભક્ત ગોપાળ કૃષ્ણ ગોખલેના જીવનને જૈન દૃષ્ટિએ અવલોકી બતાવેલ છે ટૂંકમાં વિવિધ દૃષ્ટિએ સ્વાનુભવચિંતન કરી લહીને છેલ્લા ચાર દાયકા દરમિયાન જુદે જુદે

સમરે વિવિધ દૃષ્ટિબિંદુઓને છેડનારાં વિવેચનો આ પુસ્તકમાં રજૂ કરવા બદલ તેના લેખક શ્રી ફતેહચંદભાઈને ખરેખર અભિનંદન ઘટે છે

મુંબઈ

તા ૮-૩-૧૯૬૨ શ્રી અમૃતલાલ કાલીદાસ દોશી
B A
પ્રમુખ
શ્રી જૈન સાહિત્ય વિકાસ મંડળ

(૭) શ્રી ફતેહચંદભાઈ જૈનસમાજના એક પીઢ સેવક તરીકે જાણીતા છે અને તેમનો પરિચય આજથી ૨૦ વર્ષ પહેલાં થયો અને તેમણે પોતાના વિનમ્ર, માયાળુ સ્વભાવની મારા ઉપર ન ભૂંસાય તેવી છાપ પાડી જૈન ધર્મનું તેમનું ઊંડું જ્ઞાન જોઈને હું મુગ્ધ બની ગયો તેમને મે મારા મુરબ્બી માન્યા અને આજ પર્યંત માનતો રહ્યો છુ નતિક વિશેષ પરંતુ તેમનું જેવું ઊંડું જ્ઞાન છે તેટલું જ નૈતિક દૃષ્ટિએ તેમનું જીવન ઊંચુ છે એમ હું મારા અંગત અનુભવ ઉપરથી કહી શકુ તેમ છુ

તેઓ જૈન આત્માનંદ સભા-ભાવનગર અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ મુંબઈ જૈન ધાર્મિક શિક્ષણ સંઘ-મુંબઈ, જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ-મુંબઈ, શ્રી ગોધારી જૈન મિત્ર મંડળ-મુંબઈ શ્રી યશોવિજયજી જૈન ગુરુકુળ પાલીતાણા, શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમ પાલીતાણા, સિદ્ધક્ષેત્ર જૈન શ્રાવિકાશ્રમ વિગેરે અનેક નાની મોટી સંસ્થાઓ સાથે જોડાયેલા છે, અને વિનમ્રભાવે યથાશક્તિ સેવા કરી રહેલા છે ધામધૂમ અને પ્રસિદ્ધિથી દૂર રહેવું એ એમની ખાસીયત છે

કોઈપણ શુભ પ્રવૃત્તિ હાથમાં લીધી એટલે તે પાર પાડવા માટે સતત પ્રયત્નશીલ રહેવું એ શ્રીયુત ફતેહચંદ દલાઈનો મુખ્ય સ્વભાવ

માનવ જીવનમાં જ્યારે આવા ગુણો સહજભાવે અંકિત થાય છે ત્યારે તો વ્યક્તિનો વિકાસ પણ સહજ ભાવે દિન પ્રતિદિન થતો જ આવ્યો છે

શ્રીયુત ફતેહચંદ દલાઈની જીવન રેખાનો જ્યારે આપણે વિચાર કરીએ છીએ ત્યારે ઉપરનો સદ્‌ગુણ એમના જીવનમાં સહજભાવે વણાયો હોય તેમ આપણને સહજભાવે દેખાઈ આવે છે

તત્ત્વચિંતન અને નમ્ર સેવાભાવ—એમના જીવનમાં ભર્યો જ હતો તેઓશ્રીનાં પિતાશ્રી ઝવેરચંદ દલાઈચંદનાં તત્ત્વજ્ઞાન અને ધર્મપરાયણ સંસ્કારજીવનની છાયા તેમનામાં પડી અને લઘુવયથી જ દર્શનશાસ્ત્રનો અભ્યાસ કરવાની શુભ પ્રવૃત્તિ તેઓશ્રીમાં જાગી તેનાં પરિણામે દર્શનશાસ્ત્ર જેવા કઠણ વિષય ઉપર ઉચ્ચ તલસ્પર્શી સાહિત્ય આલેખી શક્યા છે આ ગ્રંથમાં રજુ થયેલ તેઓશ્રીનાં લેખો અને એ ઉપરાંત તેઓશ્રીએ બીજા જે અનેક લેખો, પ્રસ્તાવના, વિવેચનો વગેરે લખ્યા છે તેમાં તત્ત્વજ્ઞાનનું ઊંડું ચિંતન, તુલનાત્મક દૃષ્ટિ અને અધ્યાત્મનું વહેતું ઝરણું આપણે જોઈ શકીએ છીએ

જીવનની ઉગમણથી જ તેઓશ્રીએ જ્યારે જ્યારે જ્યાં જ્યાં તત્ત્વજ્ઞાનના અભ્યાસની તક મળી ત્યારે ત્યારે ઉત્સાહપૂર્વક તે ઝડપી લીધી છે અને વધુ ને વધુ જ્ઞાન સંપાદન કરી જીવનમાં તે પચાવ્યું પણ છે

એક અભ્યાસી તરીકે તેઓશ્રીને મહત્તા મળી છે તેમ સાધક તરીકે પણ તેઓશ્રી એટલા જ સફળ

નિવડ્યા છે. ભાવનગરમાં તેઓશ્રીના જાહેર જીવનની શરૂઆત થઈ, શ્રી આત્માનંદ સભા-સામયિક-જૈન કન્યાશાળા -આદિ સંસ્થાઓમાં સતત સેવા, અને મહત્ત્વના હિસ્સાઓ સુંદર ફાળો નોંધાવ્યો અને વ્યાપાર અર્થે મુંબઈ આવ્યા પણ તેઓશ્રીએ ભાવનગરને દીપાવ્યું આત્માનંદ સભાના ઉપ-પ્રમુખ તરીકે રહીને સભાના સાહિત્ય પ્રકાશન અને પ્રવૃત્તિ આદિ-સર્વેની વૃદ્ધિ કરવામાં તેઓશ્રીનો ફાળો મોખરે રહ્યો છે, તેમજ મુંબઈની ઘણી સંસ્થાઓમાં સભ્ય તરીકે તેઓ સુંદર સેવા આપી રહ્યા છે

જ્યાં જ્યાં તત્ત્વજ્ઞાન મેળવવાની તક હોય ત્યાં ત્યાં મારા-તારાના ભેદભાવ વિના એ જિજ્ઞાસુને પ્રાપ્ત કરી તેમ પહોંચી જવું અને અને તેવું મેળવી લેવું, તેમ જ્યાં જ્યાં સેવાની તક હોય ત્યાં ત્યાં પોતાથી બને તેટલી સેવા આપવી એ એમનો તટસ્થ ભાવનાનો ઉજ્જ્વળ નમૂનો જ નોંધપાત્ર છે

આચાર વિચાર અને વર્તન આમ ત્રિવિધ તેઓશ્રી પોતાનું જીવન સફળ કરી રહ્યા છે

આજે સત્યોતેર વર્ષની વયે એ વૃદ્ધત્વને પણ શરમાવે તેટલી સતત જાગૃતિ અને નિઃસ્વાર્થપણાની વૃત્તિથી તેઓ જે ચેતનપૂર્વક, સેવાના ક્ષેત્રે કાર્ય કરી રહ્યા છે તે જોઈએ છીએ ત્યારે સહજભાવે બોલી જવાય છે કે—

(૯) શ્રીયુત ફતેહચંદ દલાઇ સાથેનો મારો પરિચય થોડાં વર્ષો થયાં છે તેમની ઉમર સીતોતેર વર્ષની છે તેમણે લગભગ ચાલીશ પચાસ વર્ષ પહેલાં લખેલા પાંચ લેખો ભાવનગર જૈન આત્માનં૦ સભા તરફથી તથા અન્ય લેખો અને કાવ્યો મુંબઈ અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ તરફથી થોડા વખતમાં પ્રકાશિત થશે જૈન દર્શન મીમાંસા તથા તુલનાત્મક દૃષ્ટિએ જૈન દર્શન-એ બન્ને લેખો તેમનો જૈન દર્શન પરત્વેનો ઊંડો અભ્યાસ દર્શાવે છે તેમના પિતાશ્રી તરફથી વીલમાં લખેલ સૂચના અનુસાર સં ૧૯૭૧ માં એમના કુટુંબે છ-રી પાળતા સિદ્ધગિરિજીનો સંઘ કાઢયો તે પ્રસંગને અનુસરતો લેખ છે તેમાં શ્રી આત્મારામજી મહારાજ કૃત સમ્યગ્દર્શન પૂજાનું સુંદર વિવેચન છે ઉપરાંત શ્રી મહાવીર સ્વામીનું આંતરજીવન તથા પૂ ઉ શ્રી યશોવિજયજી સબંધીનો લેખ પણ છે અન્ય પાંત્રીસ લેખો વિવિધ રીતે સામાજિક ધાર્મિક અને આધ્યાત્મિક છે, તેમજ કાવ્યો પણ વિવિધ છંદોનાં બનાવેલાં છે ચાલી પણ સુંદર છે અને વાંચકો તે તે લેખોના વાચનથી સૂક્ષ્મ આધ્યાત્મિક ભૂમિકામાં જઈ શકે તેમ છે શ્રી ફતેહચંદ દલાઇને અભિનંદન આપું છું તેઓ અનેક અનેક સંસ્થાઓની અને સેવા કરી રહ્યા છે તેમજ લગભગ પચીશ પુસ્તકોની પ્રસ્તાવનાઓ લખી છે—તે સવિશેષપણે કરવા દીર્ઘાયુ થાઓ તેમ શાસનદેવને પ્રાર્થના કરું છું

મુંબઈ
વિ સં ૨૦૧૮
ચૈત્ર સુદ ૧૧ રવિવાર
તા ૧૫-૪-૬૨

આર સી. શાહ [B-Com]
મેંબર (કુસુમબર) ડેવલેપમેંટ કાઉંસીલ
(B S & I)

(૧૦) મુરબ્બી શ્રી ફતેહચંદ દભાઇએ લગભગ આધી સદી પં
ભાવનગર "આત્માનંદ પ્રકાશ" માસિકમાં લખેલા લેખ
માંથી ચાર લેખો ભાવનગર જૈન આત્માનંદ સભા જૈ
દર્શન મીમાંસાના નામથી પ્રકાશિત કરે છે તથા બાકી
લગભગ સાડત્રીસ લેખો અને પચીસ કાવ્યો સમ જને ઉપયો
હોઈ મુંબઈ અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ તેઓશ્રીની અને
વર્ષોની સેવાના પ્રતીકરૂપે "સ્વાનુભવચિંતન" નામથી પ્રકાશિત
કરે છે, તે જૈન સમાજ માટે ગૌરવરૂપ છે

જૈન દર્શન મીમાંસાનો તેમનો લેખ સરકારી ઉંડું
જૈન દર્શનનું વ્યાપક સ્વરૂપ અને જૈન દર્શન વિશ્વધર્મ કેવી
રીતે હોઈ શકે તેનું સવિસ્તર વર્ણન નય, નિક્ષેપ, અનુયોગ,
સપ્તભંગી અને પૂર્વના મહાપુરુષોની સહાયથી કરેલ છે

બીજો લેખ તુલનાત્મક દૃષ્ટિએ જૈન દર્શન અને વિવિધ
દર્શનની તુલના સ્યાદ્વાદ દૃષ્ટિએ જૈનદર્શન સાથે કરી દર્
દર્શનોનું અવતરણ પ્રાતે જૈન દર્શનમાં સમાઈ જાય છે તે
વિસ્તાર પૂર્વક દર્શાવેલી છે

ત્રીજો લેખ "શ્રી મહાવીર પ્રભુનું આંતર જીવન"
અને ચોથો લેખ એમના ૮૮ વર્ષની વયે સં. ૧૯૩૯ન
ભાવનગરથી સિદ્ધાચલ તીર્થે છ'રી પાળતા સંઘની પ્રતિષ્ઠા
રૂપે દાણા મુકામે સ્વ. પૂ. શ્રી વીરવિજયજી મહારાજે રચાવેલ
સમ્યગ્દર્શનની પૂજાના વિવેચન રૂપે છે

પાંચમો લેખ, "મહાન જ્યોતિર્ધર પૂ. શ્રી યશોવિજયજી
સંબંધમાં સં. ૨૦૧૩માં લખાયેલો લેખ છે

બીજા અન્ય લેખોમાં "દિવ્ય ભાવના મર્મ" "સમયોચિત સેવા" "વિવેક બુદ્ધિનો વિનિપાત" "વિશ્વની વિચિત્ર ઘટનાઓ" "વિશ્વમાં આત્માનું સ્થાન" "જીવન અને મૃત્યુ" 'માનસિક ખીલવણી" વગેરેમાં સામાજીક, ધાર્મિક અને આધ્યાત્મિક તત્ત્વોનું સૂક્ષ્મ અવલોકન છે, અને વાચકોને ઉચ્ચ પ્રકાશ સમર્પે છે

કાવ્યોમાં શ્રી આનંદઘનજીના આઠ પદોનો હરિગીતમાં અનુવાદ, તથા "મનુષ્ય જીવનનું, અમૃત," "આત્મિક સામર્થ્ય પ્રકટાવવા અભ્યર્થના ' "પરમાત્મા પ્રતિ હૃદય નિમંત્રણા" વગેરે ભિન્નભિન્ન છંદોવાળા કાવ્યોમાં આત્માની ઉચ્ચ ભાવનાઓ દૃષ્ટિગોચર થાય છે જે તેમના આત્માને તથા વાચકોના આત્માને ઊર્ધ્વગામી બનાવે છે ટુંકમાં તેઓ શ્રીના લેખો અને કાવ્યો વિદ્વત્તાથી ભરપુર છે જૈન સમાજને ગૌરવરૂપ આવા વિદ્વાન અને શાસ્ત્રના અભ્યાસી મુરબ્બી પાસેથી એમનો આ વિદ્યાનો વારસો લઈ થોડા વિદ્વાનો અને અભ્યાસીઓ તૈયાર થાય એ ખુબ જ ઇચ્છનીય છે

મુ શ્રી ફતેહચંદભાઇ જૈન સમાજની અનેક સંસ્થાઓમાં વર્ષોથી પોતાની સેવાઓ આપતા રહ્યાનું આજે ઘણા જાણે છે પોણી સદી ઉપર વીતી ગયેલી ઉમરે પણ તેઓશ્રી ખુબજ ખગશપૂર્વક સમાજના ધાર્મિક શૈક્ષણિક અને સાહિત્યિક ક્ષેત્રે તન મન ધનથી પોતાની સેવાઓ આપતાં રહ્યા છે, એ અનેકોને પ્રેરણારૂપ છે

મુંબઈ, ભાવનગર, પાલીતાણા વિ શહેરોની જૈન સમાજની આગેવાન કાર્યપ્રિય સંસ્થા એવી ભાગ્યેજ હશે કે જેમને

મુરબ્બી શ્રી ફતેહચંદભાઈની સેવાનો લાભ નહિ મળ્યો હોય.

આવા એક સેવામૂર્તિ અને પીઢ લેખકના પ્રકાશનનો લાભ જૈન સમાજને મળે તે પણ સમાજનું એક સદ્‌ભાગ્ય છે—એમ કહું તો અતિશયોક્તિ નહી મનાય

અંતમાં મુ. શ્રી ફતેહચંદભાઈ સમાજ સેવા અને સાહિત્યસેવા વધુ ને વધુ કરે તે માટે તેઓશ્રીને તંદુરસ્તીભર્યું દીર્ઘાયુ બક્ષે એમ શ્રી શાસન દેવને પ્રાર્થના કરું છું

સં. ૨૦૧૮ — હીરાલાલ જુઠાભાઈ શાહ

ચૈત્ર સુદી ૧ — ઉપપ્રમુખ

ગુરુવાર — શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ

મુંબઈ — ટ્રસ્ટી

શ્રી અગાસી જૈન દેરાસર

(૧૧) શ્રી ફતેહચંદભાઈના અતિ નિકટ પરિચયમાં આવવાનું સદ્‌ભાગ્ય મને મળ્યું નેમ છતાં આ સૌજન્યમૂર્તિએ મારા મન ઉપર ઘણી ઉંડી છાપ પાડી છે—એમ કહું તો તેમાં અતિશયોક્તિ નથી તેમની આજીવન સેવાપરાયણતા, તેમનો અધ્યાત્મ રંગ અને તેમની કર્તવ્ય બુદ્ધિએ મારા હૃદયમાં તેમને માટે સભર સન્માનની ભાવના ઉભી કરેલી છે એમના જૈનદર્શન મીમાંસા વિગેરે પાંચ લેખો ભાવનગર શ્રી જૈન આત્માનંદ સભા પ્રકાશિત કરે છે અને આત્માનંદ પ્રકાશમાં આવેલા અન્ય લેખો મુંબઈ શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ પ્રકાશિત કરે છે

જૈન સમાજમાં જે થોડાએક સજ્જન કાર્યકર્તાઓ તેમાં શ્રી ફતેહચંદભાઈનું સ્થાન મોખરે છે સ્વ. …

ભાઇ કરમચંદ દલાલ અને શ્રી ફતેહચંદભાઈ બન્નેને અધ્યાત્મજ્ઞાનના રસિયાઓ તરીકે અને જૈન સમાજના ધુરંધર કાર્યકર્તાઓ તરીકે મારા અભ્યાસકાળથી હું પિછાનતો આવ્યો છું જૈન સમાજની ઉત્ક્રાન્તિમાં બન્નેનો ફાળો વિશેષ છે

શ્રી ફતેહચંદભાઇની મુખ-છબિ જ એવી છે કે તેને જોતાં હરકોઈને તેમના પ્રત્યે માન ઉપજે તેમના હૃદયની ઉર્મિઓનો પડઘો તેમની પ્રસન્ન અને સૌમ્ય મુખ-મુદ્રામાં પડે છે તેમના દિલની સાત્વિકતાનુ સ્પષ્ટ ચિન્હ તેમની મુખ-આરસીમાં અંકિત થાય છે સેવા અને આડંબર ઘણી જગ્યાએ નિકટનાં સાથી હોય છે શ્રી ફતેહચંદભાઇમાં સેવા અને નિરાડંબરીપણાનો અજબ સુમેળ થયેલો છે

"Do all the good you can as long as ever you can' તમારાથી બની શકે તેટલો લાંબો સમય બને તેટલુ સારૂ કરો—આ સૂત્ર શ્રી ફતેહચંદભાઇના દીર્ઘજીવનની દીવાદાંડીરૂપ બનેલુ છે એમ તેમને જાણનાર સૌ કોઈને લાગે છે તેમની ધાર્મિક અને સામાજીક વિવિધ સમાજ કલ્યાણકારી પ્રવૃત્તિઓ આ મહાન ધ્યેયથી સુવાસિત થયેલી છે

શ્રી ફતેહચંદભાઇ એક શ્રદ્ધાવિચારક, સૂક્ષ્મ ચિંતક, તત્ત્વજ્ઞ અને સુંદર લેખક છે તેમના વિચારોમાં ઉંડાઈ અને ગહનતાનાં દર્શન થાય છે તેમના લખાણો આત્મતત્ત્વના અતિવિશદ ચિંતનથી ભરેલાં છે

એક વેપારી તરીકે વ્યવહારમાં ડૂબેલા છતાં તેમનો આત્મા જાણે તેનાથી જળકમળવાળો ન્યારો દેખાય છે એમ લાગે છે કે તેઓ આ દુનિયાથી ભાગી છુટવા માગે છે પણ

સંજોગવશાત્ તેમ કરી શકતા નથી. તેમનું ... અંતર ... અનુભવ જાણે ધાવમાતા જેવું છે. તેમના ... નીચેની પંક્તિઓ ઉપરથી આપણને આ ... ખ્યાલ આવે છે

"ગૂઢ તિમિરથી છાયું હૃદય આ,
શોધે તમારી આશ, ...
અણમૂલ રત્નત્રય કાંતિથી,
પ્રકટાવો સુઉજાસ ...
બહિરાતમ ભાવે હું ...,
અંતરાતમ સ્થિર વાસ ..."

તેમના હૃદયમાંથી નીકળેલ ... સ્ફુરણો પણ આ ભાવનાની ... છે
અતૃપ્ત તૃષામય આત્મપ્રતિ ...
શુચિ આંતર શાશ્વત તૃપ્ત થવા, ...

જીવનના યૌવનકાળથી ... અને આધ્યાત્મિક ભાવનાનો ... એક જુના કાવ્યના તેમના ...

સુખદુઃખના નિમિત્ત ...
પ્રેરી જેથી ...
તત્ત્વ તણી ... શાંતિ ...
અનાદિબંધન ... આપ ...

જાણે કોઈ પરમ ... હૃદયના ઉદ્‌ગારો ...
તે ભૂલતા નથી કે પોતે ... આત્મા છે ...

શ્રદ્ધાના અપૂર્વ બળથી તેઓ પોતાનું નાવ હંકારી રહ્યા છે
કષ્ટો તણી નિર્માણથી અભિભૂત થઈ ગભરાય શું ?
શ્રદ્ધા વડે સંસાર ચીનો કાપતાં ! કરમાય શું ?

આત્મા તુચ્છ નથી અને દીન પણ નથી સામર્થ્યવાન છે
ના તુચ્છ ! ના નથી દીન તું ! સામર્થ્ય તારું જો રહ્યું,
સંતપ્ત કાં કર ચિત્ત તારું ! આયુ નિષ્ફળ જો વહ્યું

શ્રી ફતેહચંદભાઈએ પોતાના દીર્ઘજીવનમાં જે અનેક વિધ સેવાપ્રવૃત્તિઓ આદરી છે તે ઉપરથી જ તેમના આત્માના સામર્થ્યનો આપણને પરચો મળે છે તેમનો આત્મા બળવાન છે नाऽयम आत्मा बलहीनेन लभ्यते–એ સૂત્ર તેમણે જીવનમાં બરાબર વણી લીધું છે

શ્રી ફતેહચંદભાઈને શૈશવકાળથી કુટુંબગત સુસંસ્કારો વારસામાં મળેલા છે અને જે વારસામાં મળ્યું તેને કેવળ જતનપૂર્વક જાળવી રાખ્યું નથી પણ ઉત્તરોત્તર તેમાં વૃદ્ધિ કરી છે તેમનો ગૃહસ્થાવાસમાં રહેતો આત્મા જ્ઞાનગર્ભિત વૈરાગ્યથી વાસિત થયેલો છે તેમના હૃદયમાં જાણે એક જ ઈચ્છા બાકી રહેલ છે–

"ઇચ્છા સર્વાત્મભાને રમણ કરવા વિશ્વમંધુત્વભાવે"
તેમની આ ભાવના પૂર્ણ થાય અને તેઓ આત્માના વિકાસ ક્રમની એક પછી એક કેડીઓ સર કરવા આરોગ્યમય દીર્ઘ સુખ પ્રાપ્ત કરો—એ જ અભ્યર્થના

વડોદરા ફાલ્ગુન વદી ૧
તા ૨૨-૩-૬૨

શ્રી. નાગકુમાર મકાતી
B A LL B

(૧૨) દર્શનશાસ્ત્રનુ જ્ઞાન ધરાવનાર વ્યક્તિ હજારોમાં માંડ એકાદ મ નવી નજરે પડે છે જેમ એક વિદ્વાને કહ્યુ છે કે દસહજાર માણસે એકાદ વક્તા હોય છે તેમ દસહજાર કરતાં પણ વધુ માણસે એકા૦ દર્શનશાસ્ત્રી નજરે પડે છે દર્શનશાસ્ત્રનો વિષય ઘણો જ કઠિન કે જ્ઞાનના ક્ષયોપશમ વગર એ પ્રાપ્ત થતો નથી

શ્રીયુત ફતેહચંદ દશાઈએ ભાવનગર- આત્માનંદ પ્રકાશમાં માત્ર પચીસ વર્ષની લઘુ વયમાં "જૈન દર્શન મીમાંસા" તથા સ્વાનુભવ ચિંતનરૂપે અન્ય લેખો તથા કાવ્યો ઉપર લખેલા વિશાળ લેખો પુસ્તક રૂપે પ્રગટ થતા જોઈને અત્યંત આહ્‌લાદ અનુભવાય છે તેઓએ રજુ કરેલ સચોટ પૂરાવા સાથેની દલીલો તેમની પ્રતિપાદન શૈલીપૂર્વક સરલ ભાષામાં કરેલી રજુઆતે વિદ્વાનો તથા સામાન્ય માનવી માટે પણ અત્યંત ઉપયોગી થઈ પડશે તે નિશ્ચક વાત છે તેઓનુ ભાષા ઉપરનુ વર્ચસ્વ અને જ્ઞાનની ગંભીરતા જોતાં તેમની બુદ્ધિ અને અભ્યાસ માટે માન ઉપજે છે

જેમ મહાસાગરના તળીએ પહોંચી શોધકો મોતી મેળવે તેમ શાસ્ત્રો રૂપ મહાસાગરના તળીએ પહોંચી શ્રી ફતેહચંદ ભાઈ છએ દર્શનના તત્ત્વોના ઊંડાણમાં ઉતરી શુદ્ધતત્ત્વો રૂપી મોતીને બહાર લાવ્યા છે અને તેના શુદ્ધ સ્વરૂપને ન્યાયપૂર્વક તેમણે રજુ કરેલ છે તેઓએ જુદા જુદા શાસ્ત્રોનુ અધ્યયન, અભ્યાસ અવલોકન ઉપરાંત પરદેશી વિદ્વાનોના મતવ્યો રજુ કરી તે સર્વનુ ન્યાય પુરઃસર તટસ્થ દષ્ટિએ જે પ્રતિપાદન કર્યું છે તે તેમની તીવ્ર બુદ્ધિ અને અંતરના ઊંડાણમાં [illegible]નાનો પૂરાવો છે આ પુસ્તકમાં પ્રત્યેક વિષય

ઉપર રજુ કરેલ દર્શનશાસ્ત્રનુ ઉંડુ રહસ્ય જોતાં શ્રી ફતેહચંદ ભાઇએ મહાન પુરુષાર્થ સેવ્યો હોવો જોઈએ એટલુ જ નહિ પણ એક દર્શનશાસ્ત્રીનુ સ્થાન શોભાવે તેવુ આ કાર્ય જોતાં એમજ લાગે છે કે પૂર્વે કેટલાએ ભવોમાં જ્ઞાનની આરાધના કરી હશે ત્યારે જ આવુ ઉત્તમ પ્રકારનુ જ્ઞાન પ્રાપ્ત થયુ હશે.

એમના પિતાશ્રી શ્રીયુત ઝવેરભાઈ આધ્યાત્મિક જ્ઞાનના ઝવેરી હતા જ્ઞાન લેવાનો અને દેવાનો તેમનો વ્યવસાય જ થઈ પડયો હતો એના રોમે રોમમાં જ્ઞાનની ઉપાસના ભરી હતી મળસ્કે ચાર વાગ્યે ઉઠીને હમેશા જ્ઞાનની આરાધના કરતા ત્યાર પછી પોતે ભણતા અને બીજાઓને સામાયિકમાં ભણાવતા શ્રી ફતેહચંદભાઈ ને વારસામા આ મૂકી તેઓ સુપ્રત કરતા ગયા તેઓનો વ્યાવહારિક વ્યવસાય તો જો કે કાપડનો હતો છતાં પણ જળકમળવત્ અલિપ્ત રહીને હરહમેશ તેઓ જ્ઞાનની આરાધના કરતા જ રહ્યા છે શ્રીયુત ફતેહચંદભાઈ દુકાને જતા હોય કે દુકાનેથી આવતા હોય ગમે ત્યાં જતા જુઓ પણ તેમના હાથમાં સરસ્વતી દેવીના પ્રતીક સમા એક બે પુસ્તકો તો અવશ્ય હોય જ

ની ફતેહચંદભાઇ અત્યારે સીતાતેર વર્ષની વયના હોવા છતાં આટલી ઉમ્મરે પણ શીર્ષાસન વિગેરે યોગના આસનો નિયમિત રીતે કરે છે જુદી જુદી કસરતો કરે છે અને ચાલે છે ત્યારે યુવાનોની પણ આગળ નીકળી જાય છે તેમના મુખ ઉપર પુણ્યની પ્રતિભા પડે છે તેમના દેહની કાંતિ મુખારવિંદની માયાળુતા, અમીઝરેલી આંખો સરલ સ્વભાવ, નાના મોટાના ભેદભાવ વિના સર્વની સાથે એકમેક થઈ જઈ સહુને પોતાના કરી લેવાની કળા, સમય આ યે સત્ય કહેવા છતાં

મિષ્ટ વચન અને અને પ્રેમથી સામાના દિલને જીતી લેવુ પરોપકાર કરવાની તેમની તમન્ના, બીજાના કલ્યાણમાં પોતાનુ કલ્યાણ સમજવુ, આવા અનેક ગુણોથી અનકૃત એમનો સ્વભાવ તેમના સંસર્ગમાં આવેલ સહુ કોઈને પરિચિત છે

તેઓએ જિનેશ્વર ભગવતની પ્રતિમાઓની પ્રતિષ્ઠાઓ કરી છે શ્રી શત્રુંજય ગિરિરાજનો સઘ કાઢ્યો છે અઠ્ઠાઈ મહોત્સવો, શાંતિસ્નાત્રો નવકારસીઓ વિગેરે ધર્મનાં ઘણાં કાર્યો કર્યા છે સ્વામિભાઈઓને સહકાર આપવો, સમાજની સેવા કરવી, કેળવણીને ઉત્તેજન આપવુ તથા પ્રત્યેક ધર્મ કાર્યમાં તનમન અને ધનથી સદાય તત્પર રહેવુ—આ બધુ તેમના જીવનના રોમેરોમમા રમી રહ્યુ છે

કુટુંબિક રીતે પણ પૂર્વના પુણ્યયોગે તેઓ પુણ્યશાળી છે અમારૂ કુટુબ ' લખાણી ' કુટુબ કહેવાય છે—લક્ષબિંદુ નક્કી કરીને કાર્ય કરવુ એ કુટુંબિક ગુણ તેઓના ખાસ અંકાએનો છે ' ભાવનગર ' અમારૂ મૂળ વતન છે ભાવના ગૃહ–ભાવનાનુ ઘર હોય તેમ વિશ્વકલ્યાણની ભાવના તેમના અતરમાં વસી રહી છે એમના નામે દરેક ઠેકાણે ફેતેહ જ થાય છે તેમના ઉત્કર્ષમા તેમના પિતાશ્રીનો અને મુનિ મહારાજાઓનો અનન્ય ફાળો છે એવી જ રીતે કુટુંબિક કાર્યમાં તેમના પુત્ર સસ્કારમૂર્તિ શ્રીયુત હિમ્મતભાઈ તથા તેમના ધર્મપત્ની વસતબેન, તેમના પુત્રી જસુમતીબેન તેમજ પૌત્ર અજિતભાઈ કે જે B L માં અભ્યાસ કરે છે તથા જેમને પૂ વિજયલબ્ધિસૂરિજી કથાપ્રેમી કહેતા હતા—વિગેરે તરફથી સર્વ પ્રકારનો સહકાર યોગ તેમને પ્રાપ્ત થયો છે આખુ

કુટુંબ માયાળુ અને સપીલા સ્વભાવ સાથે બાપાજીની સેવામાં સદાય તત્પર રહે છે તે માટે તેઓ ખરેખર ભાગ્યશાળી છે

શ્રીયુત ફતેહચંદભાઈ મારા કાકા છે અમારા કુટુંબના ગૌરવરૂપ છે તેમનું "જૈનદર્શન મીમાંસા" તથા સ્વાનુભવ-ચિંતન બન્ને પુસ્તકો સેંકડો વર્ષ સુધી અમર રહો ! અને સર્વનું કલ્યાણ કરો—એજ અભ્યર્થના !

શ્રી રાઈચંદ મગનલાલ

મુંબઈ સં. ૨૦૧૮ — મંત્રી

ચૈત્ર સુદ ૧ રવિવાર — શ્રી ગોઘારી વિશા શ્રીમાળી જ્ઞાતિ

શ્રી ગોડીજી જૈન પાઠશાળા

(૧૩) પોણોસો થી વધુ વર્ષની ઉંમરે પણ એક યુવાન જેવી શક્તિવાળા, દરેક જૈન સભામાં જેનું અગ્રસ્થાન હોય છે, તેવા શ્રી ફતેહચંદભાઈને મુંબાઈનો જૈન સમાજ સારી રીતે ઓળખે છે એમના છુટા છવાયા છપાયેલા લેખોનો સંગ્રહ બે પુસ્તકોમાં કરવામાં આવ્યો છે જે વાંચવાથી તેઓ જૈન ફીલોસોફીના કેટલા સૂક્ષ્મ અને ઊંડા અભ્યાસી છે તેનો ખ્યાલ આવશે

મુંબાઇ, ભાવનગર વગેરે સ્થળોની ઘણી જૈન ધાર્મિક સંસ્થાઓમાં તેઓ અગ્રગણ્ય કાર્યકર છે, જેમાં શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સંઘ મુખ્ય છે

આ પ્રસંગે મ્હારા એક સ્વ મિત્ર શ્રી મોતીચંદભાઈ સોલીસિટર મ્હારા સ્મરણમાં આવે છે માત્ર રોજની એક સામાયિકના

ધર્મમાં લખવાની ટેવથી તેમણે ઘણુ જ ઉચુ અને મોટુ સાહિત્ય સર્જન કર્યુ છે

મ્હારા વડીલ મિત્ર શ્રી ફતેહચંદભાઇને હું વિનતી કરુ છુ કે જ્યારે તેઓ ઘણી જ ઉપાધિથી મુક્ત થયા છે ત્યારે તેઓ પણ એક સાપ્તાહિકનો નિયમ લઈ જૈન તત્વજ્ઞાન વગેરે ઉપર યુવક વર્ગની જૈન ધર્મ તથા જૈન તત્વજ્ઞાન તરફ અભિરુચિ વધે તેવી શૈલીથી એક પુસ્તિકા લખે તો જૈન તથા તત્વઅભિરુચિવાળા જૈનેતર સમાજ ઉપર કાયમનો અને મોટો ઉપકાર થશે

લી

વસત પચમી	કેશવલાલ નગીનદાસ શાહ (B com)
સવત ૨૦૧૮	માન કોષાધ્યક્ષ શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સઘ
તા ૯-૨-૧૯૬૨	માન૦ મત્રી શ્રી જૈન સાહિત્ય સભા

(૧૪) સૌજન્યમૂર્તિ શ્રી ફતેહચંદભાઇનુ યશસ્વી નામ સમસ્ત જૈન સમાજમાં મશહુર છે જૈનતત્વજ્ઞાનમાં પારગત સદ્‌ગત શેઠ ઝવેરભાઇ ભાઇચદ જૈન સમાજના ખરા ઝવેરાત હતા ભલાભલા મુનિરાજો પણ આ ઝવેરભાઈના જૈન ધર્મના અદ્વિતીય જ્ઞાનની અનુમોદના કરતા હતા શ્રી ફતેહચંદભાઈ આવા પિતાશ્રીના સુપુત્ર છે પિતાની અનન્ય ભક્તિ દ્વારા તેઓ આ પિતાશ્રીના તત્વજ્ઞાનનો મહામૂલો વારસો મેળવી શક્યા છે કહેવુ જોઈએ કે, તેમણે મેળવેલા આ વારસામાં આજે તો અનેક ગણો વધારો કરેલો જણાશે શ્રી ફતેહચંદભાઇ સાથે મારો પરિચય લગભગ અર્ધી સદી ઉપરનો છે હું તો જ્યારે બનારસ પાઠશાળામાં મારો અભ્યાસ પૂરો કરીને સ ૧૯૬૬માં હું ભાવનગર

આ-ગો, ત્યારથી મને તેમનો પરિચય થયો છે જે આજ સુધી નીચેના સુભાષિતમાં નિર્દિષ્ટ કર્યા મુજબ વૃદ્ધિ પામતો રહ્યો છે

" ઁનિસ્ય પૂર્વાર્ધ પરાર્ધભિ ના છાયવ મત્રી ખલમજ્જનાનામ "

અહીં તેમની એકાદ વાત કહુ તો તે ઉચિત ગણાશે જનતા જાણીને આશ્ચર્ય પામશે કે તેમનાં શરીરનુ સહનન તેમજ સસ્થાન લગભગ અર્ધી સદી પૂર્વે જેવુ દેખાતુ હતું-લગભગ આજેપણ જોનારને તેવુ જ જણાશે શ્રી ફતેહચદભાઈ લગભગ અનેક શાસ્ત્રના જાણકાર છે યોગશાસ્ત્રનુ જ્ઞાન તો તેમણે એવુ સુન્દર રીતે પચાવ્યુ છે કે શીર્ષાસન, મયૂરાસન, પદ્માસન, જેવાં આસનો દ્વારા અગુરુ-લઘુપણે પોતાની કાયાને સમધારણ રાખી શક્યા છે વયમાં તેઓ સાતેક દશકા વટાવી ચૂકયા છે આયુષ્યની પૂર્ણાહુતિ નજીકમાં છે છતાં આજે તેઓ હાથમાં લાકડી વગર એક યુવાનને શરમાવે તેવી સ્ફૂર્તિથી ચપળતાથી જમીન ઉપર ચાલ્યા જતા હોય છે શુમારે ત્રણેક દશકા પૂર્વે તેમનો વસવાટ જ્યારે ભાવનગર મુકામે હતો ત્યારે ભાવનગરની શ્રી જૈન આત્માનદ સભા જેવી નાની મોટી અનેક સસ્થાઓને જરા પણ વિસર્યા નથી વ્યાપાર અર્થે આજે તેઓ મુબઈ ખાતે વસે છે ત્યારે મુબઈના શ્રી મહાવીર જૈન વિદ્યાલય, શ્રી શ્વેતાબર એજ્યુકેશન બોર્ડ, શ્રી જૈન ધાર્મિક શિક્ષણસઘ અને શ્રી જાસુ બેન જૈન પાઠશાળા વગેરે અનેક સસ્થાઓમાં સક્રિય સેવા આપી રહ્યા છે શ્રી ફતેહચદભાઈ આજે તેમની સત્યોતેરવર્ષની ઉમરે નિવૃત્તિપરાયણ જીવન જીવી રહ્યા છે અહીં પ્રસગોપાત્ત ભ્રમ દૂર કરવો જરૂરી જણાય છે કે આજે નિવૃત્તિ શબ્દના અર્થના હસ્પતે લોકો વગર સમજે કે-હાથ પગ જોડીને ઘરમાં કે ચોરા ઉપર બગાસાં ખાધા કરવાં-" કહેતો હતો કહેતી થી કર્યા કરવું " એવો સમજી બેઠા જણાય છે તે અર્થ જીવનને આડે માર્ગે દોરનારબને છે શ્રી ફતેહચદભાઈ ને આવી અર્થશૂન્ય, નિર્માલ્ય

અને નિષ્ઠુર નિવૃત્તિ મંજૂર નથી તેથી તો તેઓ આજે નિવૃત્ત હોવા છતાં પ્રવૃત્તિશીલ જીવન જીવી રહ્યા છે શ્રી ફતેહચંદભાઈ વ્યવહાર ધર્મ હોઈ ભૂલેલાને જીવનનો ખરો રાહ બતાવનાર છે વધુ શું કહું ? તેમણે નીચેની સુબોધક પણ અર્થગંભીર પંક્તિઓને તાણાવાણા રૂપે જીવનમાં વણી લીધી છે

> दृष्टिपूतं न्यसेत पादं वस्त्रपूतं पिबेज्जलम ।
> शास्त्रपूतां वदेद वाचं मनःपूतं समाचरेत ।

મતલબ કે તેઓ જે પગલું ભરે છે તે જોઈ વિચારીને ભરે છે. એમ તેવા પીશુનિ તેમના જીવનમાં [ઘરમાં પણ] સ્થાન નથી શાસ્ત્રાનુસાર તેમનો વચન વ્યવહાર હોય છે અને મનની નિર્મળતાને જાળવી રહ્યા છે આમ શ્રી ફતેહચંદભાઈએ જ્ઞાતિ સમાજ સાહિત્ય અને વેપાર વગેરે ભિન્ન ભિન્ન ક્ષેત્રોમાં આજ સુધીમાં પોતાના સામર્થ્યનો ઠીક ઠીક પરિચય આપ્યો છે તેમણે સાહિત્ય નિર્માણ કર્યું છે પૂજાના ગ્રંથો પર વિવેચનો કર્યાં છે અને અગ્રલેખો તથા આમુખો પણ પુષ્કળ લખ્યા છે તેથી એમને સાહિત્યકાર તરીકે ઓળખવા કે પત્રકાર તરીકે પિછાણવા ? વિવેચનકાર તરીકે માનવા કે ભાષ્યકાર તરીકે સમજવા ? એ તો એક સમસ્યા જ રહેશે. આટલું નિવેદન કરી તેમનો આ આછો પરિચય પૂરો કરું તે પહેલાં તેમણે કરેલી સેવાઓને હું હાર્દિક અંજલિ આપું છું અને ઈશ્વરને પ્રાર્થના કરું છું કે જનતાની વધુને વધુ સેવા બજાવવા તેમને શતાયુ કરો

માનજી દામજી શાહ
ભૂતપૂર્વ ધાર્મિક શિક્ષક–
બાબુ પન્નાલાલ જૈન હાઈસ્કૂલ.

મુંબઈ,
તા ૧–૨–૬૨ ગુરુવાર

વિદ્વાન પિતાના વિદ્વાન પુત્ર

(૧૫) ભાવનગરના સુશ્રાવક ધર્મનિષ્ઠ શ્રી ઝવેરચંદ ભાઇચંદનાં સુપુત્ર વયોવૃદ્ધ અને જ્ઞાનવૃદ્ધ શ્રી ફતેહચંદભાઈ એક જાણીતા લેખક અને વક્તા છે પોતાની નાની ઉમરમાં તેઓએ પોતાના પિતાશ્રી પાસે ધાર્મિક સૂત્રો પ્રકરણો, ભાષ્યો, સિંદૂરપ્રકર, અધ્યાત્મ કલ્પદ્રુમ, જ્ઞાનસાર શ્રી હરિભદ્રસૂરિ અષ્ટક, ઉપમિતિ ભવપ્રપંચા કથા આદિ ઉત્તમ ગ્રંથોનો અભ્યાસ કર્યો હતો અને ત્યારપછી મુ કુંવરજીભાઇ પાસે તેમ અન્ય મુનિરાજો પાસે અનેક સંસ્કૃત ગ્રંથો વાંચ્યા હતા સંસ્કૃત ભાષામા પણ પોતે પ્રવીણતા મેળવી છે

લગભગ ત્રીસ વર્ષની ઉમ્મરે તેઓએ ભાવનગરથી પ્રસિદ્ધ થતા શ્રી આત્માનંદપ્રકાશ માસિકમાં લખેલા ચાર મોટા લેખો તથા એક ત્યાર પછીનો લેખ શ્રી જૈન આત્માનંદ સભા તરફથી પ્રકટ થાય છે તે તેમનુ વિશાળ વાંચન તથા ચિંતન દશ્યમાન થાય છે

તેમના બીજા લગભગ પાંત્રીસ લેખો તથા લગભગ ત્રીસ કાવ્યોનુ પ્રકાશન પુસ્તક રૂપે મુંબઈ શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ તરફથી થય છે તે પ્રકાશન જૈન સમાજ માટે ઉપયોગી થશે

મુંબઈમાં તેઓની સમાજ સેવા જાણીતી છે મુંબઈ શ્રી વિજયદેવસૂર સંઘની જ્ઞાનસમિતિના સભ્ય તરીકે ૃ તેમના નિકટ પરિચયમાં છેલ્લાં પાંચ વર્ષ થયાં આવ્યો છુ શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમની મેનેજીંગ કમીટીના સભ્ય તરીકે, તથા જૈનધાર્મિક શિક્ષણ સંઘના અગ્ર પ્ય કાર્યકર્તા તરીકે તેમની સેવા અમૂલ્ય છે

તેઓશ્રીએ મુંબઈ અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળના પ્રમુખ તરીકે જે સુંદર સલાહ સૂચના મંડળને આપી છે તે ભૂલી શકાય તેમ નથી આ સિવાય ઘણી સંસ્થાઓમાં તેઓ સભ્ય તરીકે સેવા આપી રહ્યા છે ભાવનગર આત્માનંદ સભાના ઉપપ્રમુખ તરીકેના તેમની સેવા અનેક વર્ષોથી છે સમાજ તેમનો ઋણી છે તેઓના લેખો અને કાવ્યો મૌલિક તથા અર્થગાંભીર્યથી ભરપૂર છે તેમાં અધ્યાત્મજ્ઞાન ઝળકી રહે છે

મારા પૂજ્ય પિતાશ્રીના ફંડ (શ્રી નગીનભાઇ મંછુભાઈ જૈન સાહિત્યોદ્ધારક ફંડ) તરફથી પ્રકટ થયેલ શ્રી જૈન ગુર્જર સાહિત્ય રત્નો તથા તેની કાવ્ય પ્રસાદી ભા ૧ લો-માટે લખી આપેલ પુરોવચન માટે હું તેમનો ઋણી છુ

શાસનદેવ તેઓને આવી સમાજ સેવા અને સાહિત્ય સેવા કરવા માટે દીર્ઘાયુષ્ય બક્ષે એવી પ્રાર્થના સાથે વિરમુ છુ

લી
ભાઇચંદભાઈ નગીનભાઇ ઝવેરી
(ટ્રસ્ટી શ્રી ગોડીજી દેવસૂરસંઘ)

(૧૬) ટુંક સમયમાં પ્રકટ થનાર 'સ્વાનુભવ-ચિંતન'ના ફર્મા ખૂબ રસપૂર્વક વાંચી ગયો મ્હારી દૃષ્ટિએ શ્રી ફતેહચંદભાઇએ એક સામાન્ય માણસને આ સંસારમાં રહ્યા છતાં અને આ જીવનમાં આત્મસાક્ષાત્કારની પ્રાપ્તિ માટે પોતાના તન, મન ઇંદ્રિયો, બુદ્ધિ અને હૃદયને કેવી રીતે દોષમુક્ત રાખી શકાય, તેમને કેવી કેળવણી

ખીલવણી વડે સરકારી બનાવાય અને માનવસહજ હર્ષ શોક, સુખદુઃખ, માન અપમાન, લાભ હાનિ, અને જીવન, મરણના પ્રસંગોમાં કેવી રીતે પોતાના મનને અડગ, અડોલ, અને અક્ષુબ્ધ રાખી શકાય અને પોતાના ધ્યેયને કદી વિસરાય નહિ, પણ તેને સદાય વળગી રહેવાય બલ્કે દિનપ્રતિદિન વધારે વધારે નજીક જવાય તેને માટે જૈન દર્શનમાં સહાયભૂત થાય તેવા કેવા કેવા સિદ્ધાંતો અને ઉપદેશો છે–તે શ્રી ફતેહચંદભાઈએ પુસ્તકના ભિન્ન ભિન્ન પ્રકરણોમાં સુંદર અને વિશદ રીતે બતાવવાનો સ્તુત્ય પ્રયત્ન ચાલીસ પચાસ વર્ષો પહેલાં કરેલો હતો—તે પ્રકાશિત થાય છે એ પ્રકરણનો ગદ્ય વિભાગ પૂરો થતાં તેટલી જ સંખ્યાના સુંદર પ્રાર્થનાઓનાં પદ્યો મુકેલાં છે તે તમામ પ્રકરણોનું જાણે કવિતામય ભાષ્ય હોય તેમ લાગે છે અને પ્રકરણો કાવ્યોનું વિવેચનરૂપ બની ગયાં છે મ્હારે કહેવું જોઈએ કે પ્રકરણો કરતાં પણ તેમનાં તે પ્રાર્થના-કાવ્યો વિશેષ રોચક અને પ્રેરક છે, શ્રી ફતેહચંદભાઈને વિનતી કરું છું કે ભવિષ્યમાં વિશેષ કાવ્યો લખવાનો પ્રયત્ન કરશો તેમના પ્રસ્તુત પુસ્તકનો 'જૈનદર્શન મીમાંસા'ની પેઠે સમાજમાં ફેલાવો થાય એવી મ્હારી હાર્દિક કામના છે

મુંબઈ, તા ૧૮-૩-૧૨

અંબાલાલ ચતુરભાઈ શાહ
B A (ઓનર્સ)

(૧૭) ભાવનગર નિવાસી સુપ્રસિદ્ધ શ્રીમાન ધીમાન શ્રી ફતેહચંદ ઝવેરભાઈ કે જે વર્ષોથી મુંબઈમાં નિવાસ કરે છે તેઓ માત્ર આર્દસીદ કે દેશી કાપડના વેપારી નથી પરંતુ જૈન તત્ત્વજ્ઞાનના અસાધારણ ઊંડા અભ્યાસી છે ધર્મશ્રદ્ધાળુ સચ્ચરિત્ર, સેવાભાવી સદ્‌ગૃહસ્થ છે તેઓ સાચા અધ્યાત્મજ્ઞાનના પ્રેમી, પ્રચારક, પ્રસારક

શ્રી શકાય. જેમણે પોતાના ૭૭ વર્ષોના ઉજ્જવળ જીવનમા ચિંતન, મનન, પરિશીલન દ્વારા મેળવેલા વિશિષ્ટ અધ્યાત્મજ્ઞાનનો લાભ જનસમાજને છેલ્લા પચાસ વર્ષોથી-અર્ધા સૈકાથી આપ્યો છે

ભાવનગરની જૈન આત્માનંદ સભા દ્વારા પ્રકાશિત થતા માસિક આત્માનંદ પ્રકાશમા સં ૧૯૬૭થી વર્તમાન સમય સુધી વિવિધ લેખો, કાવ્યો દ્વારા પ્રકાશિત છે અધ્યાત્મજ્ઞાન આપનારા એમના એ લેખોના બે સંગ્રહો જૈન દર્શન મીમાંસા શ્રી જૈન આત્માનંદ સભા તરફથી અને સ્વાનુભવ ચિંતન અધ્યાત્મજ્ઞાન પ્રચારક મંડળ-મુંબઈ તરફથી પ્રકાશિત થાય છે-એથી જિજ્ઞાસુ વાચકોને વિશેષ આનંદ થશે

એ લેખોમાં જૈન ધર્મની તુલનાત્મક વિચારણા સાથે દયાનુ યોગ આદિચાર અનુયોગો ચારનિક્ષેપા પાંચ સમવાયીકારણો સ્યાદ્વાદ સાતનયો અને કર્મશાસ્ત્ર સંબંધી વિચારણા છે તેમા વાચક મુખ્ય શ્રી ઉમાસ્વાતિજીનું તત્ત્વાર્થ સૂત્ર શ્રી સિદ્ધર્ષિની ઉપમિતિ ભવપ્રપંચા કથા તથા અધ્યાત્મ યોગનિષ્ઠ મહાત્માઓ શ્રી હેમચંદ્રાચાર્ય, ઉ શ્રી યશોવિજયજી, ઉ શ્રી વિનયવિજયજી, શ્રી આનંદઘનજી, શ્રી દેવચંદ્રજી આદિના મહત્ત્વનાં વચનો પણ ઉધૃત કરેલા જણાશે પવિત્ર જીવન અને તેની પ્રતિજ્ઞાઓ સાત્વિકીવૃત્તિનું ગ્રહણ વિગેરે અનેક લેખો મનન કરવા યોગ્ય અને જીવનમાં ઉતારવા યોગ્ય જણાશે

વિશેષમાં ધર્મનિષ્ઠ પિતાશ્રીના શુભ સંકલ્પો પૂર્ણ કરનાર પિતૃભક્ત શ્રી ફત્તેહચંદભાઈએ ભાવનગર પાલીતાણા મુંબઈ જૈન સમાજની અનેક સંસ્થા-સભા-સમિતિઓને પ્રેરણી અમૂલ્ય સેવાઓ આપી પોતાના જીવનને ધન્યકૃતાર્થ બનાવ્યું છે. એટલું જ

નહિ, શ્રી વીશાશ્રીમાળી વણિક જ્ઞાતિને દીપાવી છે, જૈન સમાજને ઉજ્જવલ યશસ્વી બનાવ્યો છે-એમ કહેવામા અતિશયોક્તિ નહિ જણાય

આપણે પરમાત્માને પ્રાર્થના કરીએ કે, તેઓ દીર્ઘ આયુષ્માન થઈ જૈન શાસન-સમાજની વિશિષ્ટ સેવા બજાવવા શક્તિશાળી થાઓ

વડોદરા,
વિ સ ૨૦૧૮
ફા સુદી ૧૪

—લાલચંદ ભગવાનદાસ
નિવૃત્ત જૈન પંડિત

(૭) જ્ઞાન, અનુભવ અને વ્યક્તિત્વ એ ત્રણેનો જીવંત સમન્વય થવો જોઈએ આ સમન્વયના પાયામાં માનસ શાસ્ત્ર નહિ પણ માનવતા હોવી જોઈએ.

(Ends & Means)

(૮) Lack of wealth is easily repaired but poverty of soul is irreparable.

(Times of India) Montague

(૯) દુનિયા મહીં વાતો ઘણી ભૂલી જવી મુશ્કેલ છે,
લાગ્યો હૃદયમાં ડંખ તો, વિસરી જવો મુશ્કેલ છે
ભૂલી જવો મુશ્કેલ છે, અન્યના અપકારને,
ભૂલી જવુ મુશ્કેલ છે, આપણા અપમાનને,
ભૂલી જવાં મુશ્કેલ છે, વિરોધીઓનાં વેરને,
ભૂલી જવાં મુશ્કેલ છે, વચન કડવાં ઝેરને
ચાહો તમારા જીવનમાં શાંતિ અને આનંદને,
દુનિયા મહીં તો એ બધુ, ભૂલી જવામાં માલ છે,
ભૂલી જતાં તો શીખવુ-એ એક આશીર્વાદ છે

આ પ્ર વિ સ ૨૦૦૩ અનંતરાય જાદવજી ઝવેરભાઈ

(૪) કોઈને ખાતર મરીને, મોતને મારી જશું,
પ્રેમવર્ષણથી અવરનાં દગ્ધદિલ ઠારી જશું
નિજ હૃદયની આગને અંતર મહીં ભારી જશું,
ડુબતું મઝધારમાં પણ નાવને તારી જશું
મોત જેવું કોઈ મંગલ નથી આ વિશ્વમાં,
એટલે એનો અમો જયકાર લલકારી જશું

વિશ્વસ્થ

(૫) સમગ્ર રીતે વિચાર કરતાં વૃદ્ધાવસ્થા દુઃખમય કે શાપરૂપ નથી જીવનના કળશરૂપ છે જીવનની પરાકાષ્ઠાએ વૃદ્ધાવસ્થામાં જ પહોંચાય છે ચારિત્રમાં શુદ્ધતા અને ડહાપણમાં વિશાળતા વૃદ્ધાવસ્થામાં આવે છે જીવનની પરિપાક દશા લાંબા જીવન પછી જ પામી શકાય છે

જીવનકાળનું માપ ગણિત પ્રમાણે કરવાનું નથી, પણ આધ્યાત્મિક ગુણોના ઉત્તરોત્તર વિકાસની દૃષ્ટિએ કરવાનું છે, અર્થાત્ અમુક વર્ષ માણસ જીવ્યો એ એના જીવનનું ખરું માપ નથી પણ કેટલા આધ્યાત્મિક ગુણો તેનામાં વિકાસ પામ્યા તે તેના જીવનનું માપ છે

વૃદ્ધત્વમીમાંસા – સં ૧૯૬૮ જૈન ધર્મપ્રકાશ

(૬) નિત્યકાલ વ્યાપી સર્વાનુભવની એક અનવચ્છિન્ન ધારા અને પ્રાણીઓની વિવિધ લીલાઓમાં મળેલી એક અખંડ લીલા મારી નજરે પડી પ્રત્યેક નટ પોતાનો અભિનય કરી રહ્યો છે, તેમની દરેકની જીવન યાત્રામાં સુખદુઃખનો અનેક ખંડિત પ્રકાશ થઈ રહ્યો છે પરંતુ તે સમસ્ત દ્વારા એક નાટ્યરસ પ્રકાશ પામી રહ્યો છે

શ્રી રવીન્દ્રનાથ ટાગોર

(૭) જ્ઞાન, અનુભવ અને વ્યક્તિત્વ એ ત્રણેનો જીવંત સમન્વય થવો જોઈએ, આ સમન્વયના પાયામાં માનસ શાસ્ત્ર નહિ પણ માનવતા હોવી જોઈએ

(Ends & Means)

(૮) Lack of wealth is easily repaired but poverty of soul is irreparable

(Times of India) Montaigue.

(૯) દુનિયા મહી વાતો ઘણી ભૂલી જવી મુશ્કેલ છે,
લાગ્યો હૃદયમાં ડંખ તો, વિસરી જવો મુશ્કેલ છે
ભૂલી જવો મુશ્કેલ છે, અન્યના અપકારને,
ભૂલી જવું મુશ્કેલ છે આપણા અપમાનને,
ભૂલી જવાં મુશ્કેલ છે, વિરોધીઓનાં વેરને,
ભૂલી જવાં મુશ્કેલ છે વચન કડવાં ઝેરને
ચાહો તમારા જીવનમાં શાંતિ અને આનંદને
દુનિયા મહી તો એ બધું, ભૂલી જવામાં માલ છે,
ભૂલી જતાં તો શીખવું-એ એક આશીર્વાદ છે

આ પ્ર વિ સ ૨૦૦૩ અનંતરાય જા.વજી ઝવેરી ભાઠ

(૧૦) વાતાવરણની નિર્જનતાથી મન ક્ષુબ્ધ ન થવું જોઈએ એકલતાથી આઘાત ન પહોંચવો જોઈએ ગમે તેવા અપરિચિત વાતાવરણ સાથે પે તન્મય થતાં આવડવું જોઈએ જગતમાં વિપ્લવ થાય અને હું એકલો પડુ તોયે હું એકલો નથી. કુદરતનાં બળો મારી સાથે જ છે-એ ભાન સતત રહેવુ જોઈએ—તોજ ચેતનશક્તિની અનુભૂતિ થઈ શકે એની આળોટવાનુ મળે. નમ્રપણે મૃત્યુનો ભય

રાખ્યા વિના એની શક્તિમાં ઝંપલાવવાની તૈયારી હોવી જોઈએ

અજ્ઞાત

(૧૧) આ પૃથ્વી ઉપર માણસનુ જીવન એ સતત ચાલતો સંગ્રામ છે પ્રલોભનો આપણે ભાગે અચૂક આવે છે પણ ગમે તેટલા ખતરનાક અને કષ્ટદાયક હોવા છતાંયે-એ આપણે માટે ખૂબજ લાભદાયક છે કેમકે એમની તાવણીમાંથી પસાર થઈને જ આપણે નમ્ર બનીએ છીએ, પવિત્ર બનીએ છીએ, જ્ઞાન પામીએ છીએ

મધુસંચય

(૧૬) તમે તો વાસનાનું પોષણ કર્યા કરો, સાધનાના ફળ માટે અધીર બની જાઓ તો પછી શાંત અને નીરવ કેવી રીતે રહી શકશો? મનુષ્યના સ્વભાવનું રૂપાન્તર એ તો ઘણું મોટું કામ છે—એ શું એક દિવસમાં થઈ જવાનું છે? સ્થિર રહીને આત્મશક્તિને કામ કરવા દો—એમ કરશો તો યથા સમયે બધુ બની આવશે

— શ્રી અરવિંદ

(૧૭) જ્ઞાનવિનાની ક્રિયા જડ બનશે અને ક્રિયા વગરનું જ્ઞાન નિષ્ક્રિય-નિર્જીવ બનશે ખૂબ વાંચ વાંચ કરવાથી એ જ્ઞાન સંપાદન થતું નથી ખરી રીતે વાચન એક ગણું, ચિંતન બે ગણું અને આચરણ ચાર ગણું થવું જોઈએ બહુ ઝાઝું વાંચીએ છીએ તો ભુલીએ પણ છીએ એટલે વાંચીએ ઓછું અને ચિંતન વધુ કરીએ વળી ક્રિયાની સાથે જે જ્ઞાન આપવામાં આવે છે તે ભુલાતું નથી

— વિનોબા

(૧૮) જ્યાં શબ્દશક્તિ નબળી બનશે ત્યાં શસ્ત્રશક્તિ જોર કરશે અને ત્યાં સાહિત્યિક ફીક્કા પડી જશે કેમકે સાહિત્યિકનો બધો મદાર શબ્દ પર જ હોય છે શબ્દ જ શાસ્ત્ર છે અને શબ્દ જ રત્ન છે શબ્દશક્તિ કઠિન થશે તો સાહિત્યિક નિસ્તેજ બનશે સાહિત્યિકનું લક્ષણ શું? જેનું સંપૂર્ણ ચિંતન યથાવત્ શબ્દોમાં પ્રકટ થાય છે અને એનો એકેક શબ્દ પ્રાણ હોય છે

— વિનોબા ભાવે

(૧૯) रागो य दोसो वि य कम्मबीयं,
कम्मं च मोहप्पभवं वयन्ति।
कम्मं च जाईमरणस्स मूलं,
दुक्खं च जाई मरणं वयन्ति॥

"કુસંસ્કારનું બીજ રાગ અને દ્વેષ છે, કુસંસ્કાર મોહને લીધે પેદા થાય છે. જન્મ અને મરણનું મૂળ પણ કુસંસ્કાર છે, જન્મ અને મરણ દુઃખરૂપ છે એમ આપ્ત પુરુષો કહે છે"

— શ્રી મહાવીર વાણી

(૨૦) भद्दं मिच्छादंसणसमूहमइअस्स अमयसारस्स।
जिणवयणस्स भगवओ संविग्गसुहाहिगम्मस्स॥

"મિથ્યાદર્શનોના સમૂહરૂપ અમૃતપૂર્ણ સાગર, અને મુમુક્ષુઓ વડે અનાયાસથી સમજી શકાય—એવા પૂજ્ય જિનવચનનું ભ હો'

— સન્મતિ પ્રકરણ

(૨૧) अयमात्मैव संसारः कषायेन्द्रियनिर्जितः।
तमेव तद्विजेतारं मोक्षमाहुर्मनीषिणः॥

'કષાયો અને ઇન્દ્રિયોથી જીતાયેલો આત્મા તેજ સંસાર છે અને કષાય અને ઇન્દ્રિયોને જીતનાર આત્મા તેજ મોક્ષ છે એમ પંડિત પુરુષો કહે છે"

(૨૨) લોઢાનો એક ટુકડો વેચો તો તેનો એક રૂપિયો ઉપજે

પણ તેમાંથી ઘોડાની નાલ બનાવીને વેચો તો અઢી રૂપિયા ઉપજે

જો તેમાંથી બધી સોય બનાવી નાખો તો ૧૦૦ રૂપિયા ઉપજે

નાલ કે સોયને બદલે ઘડીયાળની ઝીણી કમાનો બનાવી નાખો, તો હજારો રૂપિયા ઉપજે

લોઢુ તો એનુ એ અને એનું જ છે, પણ તેનુ જેવુ ઘડતર કરો તેવુ તેનુ મૂલ્ય ઉપજે

માણસ વિશે પણ એવુ જ છે

— પરમાર્થ

(૨૩) મને તો કયારેક એમ લાગે જે કે આપણે સસ્કૃત' શબ્દનો અર્થ જ ભુલી ગયા છીએ આજે તો સાંસ્કૃતિક ઉત્સવના કાયક્રમો જ સસ્કૃતિના મૂળ સ્વરૂપ બની ગયા છ ગીત ગાન, સગીત, વાદન અભિનય અને નૃત્ય, જલપાન ને અલ્પાહાર એ સસ્કૃતિ મનુષ્યના સામાજિક જીવન-વ્યવહારમાં ભલે વ્યક્ત થતી હોય પણ સસ્કૃતિનુ નિવાસસ્થાન તો મનુષ્યનુ અત કરણ છે સસ્કૃતિ આપણી ચેતનાને પરિષ્કૃત થાય છે, સુદર બને છે

આપણુ સામાજિક જીવન, પાડોશિયો આ... સબ આપણા સાંસ્કૃતિક ઉત્સવો સમારભો—એ ...

સંસ્કૃતિની બાહ્ય વસ્તુઓ છે. અંદરની વસ્તુઓ એ છે કે આપણે ખરેખર સંસ્કૃત થયા છીએ કે નહિ? આપણે આપણી જંગલી અને પાશવી વૃત્તિઓનો ત્યાગ કરીને આપણા સંસ્કારોને સુંદર બનાવ્યા છે કે નહિ? આપણી જીવનચર્યા આપણા દેશ અને જાતિની પરંપરાઓને આગળ લઈ જાય છે કે નહિ? આપણા શરીર અને ઘરને કઈ રીતે સજાવીએ છીએ, એ તો ફેશનનો વિષય છે પરંતુ આપણા સમગ્ર જીવનને કઈ રીતે સજાવીએ છીએ એ સંસ્કૃતિનો વિષય છે.

—આચાર્ય શ્રી ક્ષિતિમોહન સેન

1

(૨૮) હૃદયની બારી ખોલી બહાર જોઉં છું તો મને સુલસા અને રેવતી દેખાય છે. પ્રભુ મહાવીરે પાઠવેલ ધર્મસંદેશની રૂપી અંબડ પરિવ્રાજકે જ્યારે સુલસાને સંભળાવી હશે ત્યારે કેવા ભાવ અને કેવી ભક્તિથી સુલસાએ તે ઝીલી હશે અને કેવી સ્તુતિ કરી હશે? રેવતીએ પ્રભુમહાવીરને ઔષધિદાન કરી તીર્થંકરનામ કર્મ બાંધ્યું. ઔષધિના બહાના હેઠળ ભક્તિદાન અને જીવનદાન કરનાર એ મહાસતીની ચાલાકી કેટલી! ભક્તિનાં દૂરને મેરુના પહાડને રૂપાની નદીઓ નડતાં નથી સોનાના ડુંગર નડે? એ પવિત્ર મનના ગુપ્ત ભાવો જોખતો હું વિચારમાં ગરક થઈ જાઉં છું.

—શ્રી વસંતલાલ કાંતિલાલ ઇશ્વરલાલ

परिशिष्ट न ९

अजलि

પોણી સદી પૂર્ણ કરી, ફરોહ પામ્યા જીવનમા,
ચદન સમી સુવાસ પ્રસરી, આજ જૈન સમાજમાં
ઝવેરાતની ખીમત ખરી, અકાય ભારત વૈવમાં,
ઈચ્છે 'અમર' મગળ દિને, દીર્ઘાયુ સસારમાં

જૈન સાહિત્યને જેમના હૈયે અવિહડ રગ છે, છેક બાલ્ય કાળથી આજ પોણી સદી સુધી જેમણે જ્ઞાન-ઉપાસનામાં જીવન વિતાવ્યું છે, જૈન દર્શનનાં યોગ-અધ્યાત્મમા જેઓ ખુબ ઉડા ઉતરી તેના હાર્દનુ તલસ્પર્શી આલેખન જેમની કલમમાં નીતરી રહ્યુ છે જેઓ ધાર્મિક શિક્ષણ સઘ મુબઈ અધ્યાત્મજ્ઞાન પ્રસારક મડળ મુબઈ આત્માનદ સભા-ભાવનગર વિ સસ્થાઓમાં પોતાની માનદ અમૂલ્ય સેવા અર્પી સાહિત્ય પ્રકાશનની પ્રવૃત્તિનો પોતાનો રસ આ સસ્થાઓ દ્વારા સમાજને પીરસી રહ્યા છે

ગૃહસ્થ યોગમાં વ્યાપારાદિની પ્રવૃત્તિ સાથે તેઓશ્રીનુ સાહિત્ય જીવન મ્હોરી રહ્યુ છે અને વિકસી રહ્યું છે તેઓશ્રી ખુબજ સરળ સ્વભાવી, માયાળુ અને લાગણીવાળા છે જૈન સમાજનાં વિહગાવલોકનપૂર્વક જેમની ડાયરીમા જૈન સમાજના વાર્ષિક સરવૈયાઓની નોંધ છે

જેમનાં મગળમય વિધાનો આત્માનદ પ્રકાશ માસિક દ્વારા પ્રસિદ્ધ થતા રહ્યાં છે, તેમજ અન્ય લેખસામગ્રીનો સગ્રહ તેઓશ્રીના પોણી સદીના મગળ અવસર પછી-એ સગ્રહ પુસ્તકરૂપે સમાજમાં પ્રકાશિત થાય છે તે પ્રસગે મારી ભાવભરી અજલિ આપુ છુ

મારા "અમર આત્મ મંથન" મણકામાં તથા ત્રીજા 'અમર યોગવાણિની ઝાંખી' મણકામાં તેઓશ્રીએ તલસ્પર્શી વિદ્વત્તાપૂર્ણ ભાવી જે પ્રસ્તાવના તથા પુરોવચન લખી આપ્યાં છે તે મારા મણકાની ઋદ્ધિની શોભારૂપ બન્યા છે-તે માટે હાર્દિક આભાર સહ અભિનંદન આપું છું.

શ્રી સ્નેહરશ્મિ(?) જ્ઞાન ધ્યાન સાથે જૈન ધર્મનાં શુભ ક્રિયાનુષ્ઠાનો પણ એટલા રસથી આચરે છે અને એ રીતે જ્ઞાન ક્રિયાનો સુમેળ સાધી, સાધ્ય સિદ્ધિ કરવામાં બાકીનું તેમનું જીવન આનંદમય, ક્ષેમમય, શાંતિમય, આરોગ્યમય પસાર થાઓ એજ શુભેચ્છા

શુભેચ્છક

શ્રી અમરચંદ માવજી શાહ

તળાજા

ભાદ્ર૦ શુકલ અષ્ટમી

વિ૦ સં૦ ૨૦૧૩